

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**
(Gujarati Edition)

## :: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.
website : www.jainagam.com

# SHRI SURYAPRAGNAPTI SUTRA



## PART : 01

## શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર : ભાગ-૦૧

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज
विरचितया सूर्यज्ञप्तिप्रकाशिकाख्यया व्याख्यया समलङ्कृतं
हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्

# ॥ श्री-सूर्यप्रज्ञप्तिसूत्रम् ॥

(प्रथमो भागः)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

श्री अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखःश्रेष्ठि-
श्रीबलदेवभाई डोसाभाई पटेल-महोदयः
मु० अहमदाबाद-१.

| प्रथम-आवृत्तिः | वीर-संवत् | विक्रम-संवत् | ईसवीसन् |
|---|---|---|---|
| प्रत १२०० | २५०८ | २०३८ | १९८१ |

मूल्यम्-रू० ४०-००

**Published by:**
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Sthanakvasi Jain Upasraya,
Outside Nikoli gate,
Sarashpur, AHMEDABAD-18.

卐

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी॥ १॥

卐

हरिगीतच्छन्दः

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये॥
जनमेगा मुझसा व्यक्ति कोइ तत्त्व इससे पायगा।
है काल निरवधि विपुलपृथ्वी ध्यान में यह लायगा॥ १॥

卐

મૂલ્ય રૂ. ૪૦-૦૦

મુદ્રક : જયંતિલાલ મણિલાલ શાહ,
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૦૦૧૯

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઇંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્‌ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઇચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

# સૂર્યપ્રજ્ઞપ્તિ ભાગ ૧
## કી
## અનુક્રમણિકા


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | મંગલા ચરણ | ૩ |
| ૨ | પ્રાસ્તાવિક કથન | ૩ |
| ૩ | વીસ પ્રાભૃત કા અધિકાર કથન | ૭ |
| | **પહલા પ્રાભૃત** | |
| ૪ | પ્રથમ પ્રાભૃત કા પ્રથમ પ્રાભૃતપ્રાભૃત | ૧૦ |
| ૫ | પ્રથમ પ્રાભૃત કા દૂસરા પ્રાભૃતપ્રાભૃત | ૨૩ |
| ૬ | પ્રથમ પ્રાભૃત કા તીસરા પ્રાભૃતપ્રાભૃત | ૨૮ |
| ૭ | પ્રથમ પ્રાભૃત કા ચતુર્થ પ્રાભૃતપ્રાભૃત | ૩૪ |
| ૮ | પ્રથમ પ્રાભૃત કા પાંચવા પ્રાભૃતપ્રાભૃત | ૪૫ |
| ૯ | પ્રથમ પ્રાભૃત કા છઠા પ્રાભૃતપ્રાભૃત | ૫૬ |
| ૧૦ | પ્રથમ પ્રાભૃત કા સાતવાં પ્રાભૃતપ્રાભૃત | ૭૧ |
| ૧૧ | પ્રથમ પ્રાભૃત કા આઠવા પ્રાભૃતપ્રાભૃત | ૭૬ |
| | **દૂસરા પ્રાભૃત** | |
| ૧૨ | દૂસરે પ્રાભૃતમેં પહલા પ્રાભૃતપ્રાભૃત | ૯૬ |
| ૧૩ | દૂસરે પ્રાભૃતમેં દૂસરા પ્રાભૃતપ્રાભૃત | ૧૦૮ |
| ૧૪ | દૂસરે પ્રાભૃતમેં તીસરા પ્રાભૃતપ્રાભૃત | ૧૧૪ |
| ૧૫ | તીસરા પ્રાભૃત | ૧૪૮ |
| ૧૬ | ચૌથા પ્રાભૃત | ૧૬૨ |
| ૧૭ | પાંચવાં પ્રાભૃત | ૧૯૦ |
| ૧૮ | છઠા પ્રાભૃત | ૧૯૯ |

१૯ સાંતવાં પ્રાભૃત ૨૧૭
૨૦ આઠવાં પ્રાભૃત ૨૨૨
૨૧ નવવાં પ્રાભૃત ૨૩૮

## દસવાં પ્રાભૃત

૨૨ દસવેં પ્રાભૃત કા પહલા પ્રાભૃતપ્રાભૃત ૨૫૬
૨૩ દસવેં પ્રાભૃત કા દૂસરા પ્રાભૃતપ્રાભૃત ૨૫૯
૨૪ દસવેં પ્રાભૃત કા તીસરા પ્રાભૃતપ્રાભૃત ૨૬૬
૨૫ દસવેં પ્રાભૃત કા ચૌથા પ્રાભૃતપ્રાભૃત ૨૬૯
૨૬ દસવેં પ્રાભૃત કા પાંચવાં પ્રાભૃતપ્રાભૃત ૨૮૭
૨૭ દસવેં પ્રાભૃત કા છઠા પ્રાભૃતપ્રાભૃત ૨૯૦
૨૮ દસવેં પ્રાભૃત કા સાંતવાં પ્રાભૃતપ્રાભૃત ૩૨૯
૨૯ દસવેં પ્રાભૃત કા આંઠવાં પ્રાભૃતપ્રાભૃત ૩૩૫
૩૦ દસવેં પ્રાભૃત કા નવવાં પ્રાભૃતપ્રાભૃત ૩૪૧
૩૧ દસવેં પ્રાભૃત કા દસવાં પ્રાભૃતપ્રાભૃત ૩૪૫
૩૨ દસવેં પ્રાભૃત કા ગ્યારહવાં પ્રાભૃતપ્રાભૃત ૩૬૧
૩૩ દસવેં પ્રાભૃત કા બારહવાં પ્રાભૃતપ્રાભૃત ૩૭૮
૩૪ દસવેં પ્રાભૃત કા તેરહવાં પ્રાભૃતપ્રાભૃત ૩૮૨
૩૫ દસવેં પ્રાભૃત કા ચૌદહવાં પ્રાભૃતપ્રાભૃત ૩૮૩
૩૬ દસવેં પ્રાભૃત કા પંદ્રહવાં પ્રાભૃતપ્રાભૃત ૩૮૭
૩૭ દસવેં પ્રાભૃત કા સોલહવાં પ્રાભૃતપ્રાભૃત ૩૯૨
૩૮ દસવેં પ્રાભૃત કા સતરવાં પ્રાભૃતપ્રાભૃત ૩૯૪
૩૯ દસવેં પ્રાભૃત કા અઠારહવાં પ્રાભૃતપ્રાભૃત ૩૯૬
૪૦ દસવેં પ્રાભૃત કા ઉન્નીસવાં પ્રાભૃતપ્રાભૃત ૩૯૯

# ॥ સમાપ્ત ॥

## મંગલા ચરણ

મંગલાચરણ

નમસ્કાર કરવાવાળા પુરંદરારિ–ઇન્દ્રના મુગટમાંથી ખરેલા ચમકદાર મણીયોની છાયાથી શોભાયમાન એવા જીન ભગવાનના ચરણોમાં પરાલક્ષ્મી ચિત્ર વિચિત્ર પ્રકારથી મંગલકારક થાય છે, જેના વિજ્ઞાનરૂપી અપાર સમુદ્રોની લહેરોમાં નિમગ્નજનો પોતાના કર્મોનો ક્ષય કરીને ભવીયજન આનંદના સુખધામરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે, એવા જીન ભગવાનનું શરણું સ્વીકારૂં છું. ।।૧।।

નીર્મળ એવી કેવળજ્ઞાનની પ્રભા સંપૂર્ણ જગત્‌ને પ્રકાશિત કરે છે, તથા ત્રણે લોકના મુગુટરૂપ તથા ધૈર્યને ધારણ કરવાવાળા વીર ભગવાનનો સદાસર્વદા વિજય થાવ ।।૨।।

મહાવીર ભગવાન્ પાસેથી રત્નત્રયને પ્રાપ્ત કરીને ગણિવર્ય શ્રીસુધર્માસ્વામીએ મહાવીર ભગવાને કહેલા અર્થનો સંગ્રહ કરવાવાળા તથા દયાળુ એવા સુધર્માસ્વામીને નમસ્કાર કરૂં છું. ।।૩।।

## પ્રાસ્તાવિક કથન

તેમની દયાથી પ્રાપ્ત કરેલ વિવેકરૂપી અમૃત બિંદુથી હું ઘાસીલાલ મુની સૂર્ય-પ્રજ્ઞપ્તિ સૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા નામની ટીકાની રચના કરૂં છું. ।।૪।।

ટીકાર્થ–ત્રણે લોકના નાથ રાગદ્વેષથી રહિત એવા શ્રી મહાવીરસ્વામીના શિષ્ય ભગવાન્ ગૌતમસ્વામીએ જે નગરીમાં અને ઉદ્યાનમાં સૂર્ય સંબંધી વિષય જાણવાની ઇચ્છાથી ભગવાન્‌ને પ્રશ્ન પૂછયો અને ભગવાને પણ જે રીતે તેનો ઉપદેશ કર્યો તે પ્રગટ કરવાની

ઈચ્છાથી પહેલાં એ નગરીની સમૃદ્ધિ ઉદ્યાનના નામાભિધાન સાથે સમ્પૂર્ણ કથન પ્રગટ કરવાની ઈચ્છાથી કહે છે-(तेणं कालेणं तेणं समएणं) ઈત્યાદિ.

તે કાળમાં અને તે સમયમાં તે કયો કાળ ? એ જીજ્ઞાસાની નિવૃત્તિ માટે કહે છે-જે કાળમાં ભગવાન્ મહાવીરસ્વામી વિહાર કરતા હતા તે કાળમાં અહીંયાં સપ્તમીના અર્થમાં તૃતીયા વિભક્તિ થયેલ છે, એ સમયમાં અર્થાત્ જીતશત્રુ રાજાના શાસનકાળરૂપમાં અહીંયાં સમય શબ્દ અવસર વાચક છે. આ નગરીનુ વર્ણન ઔપપાતિક સૂત્રમાં કહેવામાં આવેલ ચંપાનગરીના વર્ણન પ્રમાણે સામાન્ય રીતે કહે છે-(रिद्धत्थिमिय समिद्धा) ઋદ્ધસ્તિમિત સમૃદ્ધ અર્થાત્ ઋદ્ધ અર્થાત્ ધનધાન્ય રત્ન સમૂહ તથા પશુ વિગેરેથી એવં પૌરવાસી જન સમૂહથી તથા તેઓના નિવાસરૂપ અનેક પ્રકારના ભવનાદિકથી અત્યંત સમૃદ્ધિયુક્ત સ્તિમિત એટલે કે સ્વચક્રના ચોર લુટારૂ ડમરાદિ વિગેરેના ભય વિનાની સમૃદ્ધ સંપૂર્ણ વૈભવયુક્ત અહીંયા આ ગણિપદમાં કર્મધારય સમાસ સમજવો.

(पमुइय जणजाणवया) પ્રમુદિતજન જાનપદ અર્થાત્ પ્રમુદિત એટલે આનંદકારક એટલે કે આનંદજનક વસ્તુઓનો સદ્ભાવ હોવાથી પ્રમોદવાળા નગરનિવાસીઓ તથા જાનપદ એટલે દેશમાં નિવાસ કરવાવાળા અન્ય બધા જ પ્રાણિયો કે જે પ્રયોજનને લઈને ત્યાં આવેલા હોય તેવા (जाव पासाइया) યાવત્ પ્રસન્નતાને જ ઉત્પન્ન કરવાવાળા હતા, અહીં આવેલ યાવત્ શબ્દથી ઔપપાતિક સૂત્રમાં પ્રતિપાદન કરેલ બધું જ વર્ણન ગ્રહણ કરી લેવું. તે વર્ણન આ રીતે છે-(दर्शनीया अभिरूपा प्रतिरूपा) દર્શનીય અભિરૂપ અને પ્રતિરૂપ. ધનવાનોના અનેક પ્રકારના મહેલોથી તે દર્શનીય હતી, તેને જોવાથી નેત્રને સુખકારક હતી, અભિરૂપ એટલે કે જેનું રૂપ અત્યંત સુંદર છે અર્થાત્ આ નગરીની રચના વિશેષ પ્રકારની હતી, તેથી જ તે પ્રતિરૂપ વિશેષ પ્રકારના રૂપથી શોભાયમાન હતી. અર્થાત્ સૌંદર્યથી ભરપૂર હતી. (तीसेणं मिहिलाए नयरीए) એ મિથિલા નગરીની (बहिया उत्तर-

पुरत्थिमे दिसीभाए) બહાર ઉત્તરપૂર્વ દિગ્ભાગમાં અર્થાત્ ઈશાન ખુણામાં (एत्थणं मणिभद्दे नामं चेइए होत्था वण्णओ) આ સ્થળે મણિભદ્ર નામનું ચૈત્ય હતું તેનું વર્ણન ચિત્તનો જે ભાવ અથવા કર્મ તે ચૈત્ય તેની સંજ્ઞાશબ્દથી ઉદ્યાન વિશેષ અથવા ત્યાંની જ્ઞાનશાળા વિશેષમાં તેની પ્રસિદ્ધિ હતી. તેથી તેના આશ્રયભૂત જે જ્ઞાનગૃહ તે પણ ઉપચારથી ચૈત્ય કહેવાય છે. એ રીતનું અહીંયાં એક વ્યન્તરાયતન હતું તે ચૈત્યનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે સમજી લેવું.

(तीसेणं मिहिलाए जियसत्तू राया धारिणीदेवी वण्णओत्ति) એ મિથિલાનગરીમાં જીતશત્રુ નામનો રાજા હતો અને તેની રાણીનું નામ ધારિણી હતી. તે રાણી રૂપ અને યૌવનથી યુક્ત હતી, અને તે ઉત્તમ કુળમાં જન્મેલી હતી. દેવી પદને યોગ્ય બધી જ અંતઃપુરની રાણિયોમાં તે મુખ્ય હતી, તે બધા જ ગુણોને ધારણ કરવાવાળી હોવાથી ધારિણીએ અન્વર્થ નામવાળી હતી. (वण्णओ) એ જીતશત્રુરાજા અને ધારિણી રાણીનું વર્ણન ઔપપાતિક સૂત્રમાંથી સમજી લેવું.

(तेणं कालेणं तेणं समएणं) તે કાળે અને તે સમયે (तंमि मणिभद्दे चेइए) એ મણિભદ્ર નામના ચૈત્યમાં અર્થાત્ વ્યન્તરાયતનમાં (सामी समोसढे) ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા ભગવાનના સમવસરણનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં વર્ણવેલ પ્રકારથી સમજી લેવું, (परिसा णिग्गया) ભગવાન્‌ને પધારેલા જાણીને સઘળા મિથિલાવાસીઓ પોતપોતાના ઘેરથી નીકળીને સમૂહ રૂપે ભગવાનના દર્શન માટે આવ્યા, (धम्मो कहिओ) ભગવાને તેઓને અર્ધમાગધી ભાષામાં ધર્મનો ઉપદેશ આપ્યો. જેમ કે આલોક (अस्ति) યાને અસ્તિત્વ ધરાવે છે. તેમજ આ જીવાત્મા અસ્તિત્વ ધરાવે છે. ઈત્યાદિ ઉપદેશ સાંભળીને (पडिगया परिसा) સમસ્ત જનસમૂહ પોતપોતાના નિવાસસ્થાનમાં પાછા ગયા. (जाव राया जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए) યાવત્ રાજા જે દિશાએથી આવેલ હતો તેજ દિશા તરફ

પાછો ગયો. અહીંયાં યાવત્ શબ્દથી ઔપપાતિક સૂત્રમાં કહેલ સઘળું આ વિષયનું વર્ણન અહીંયાં સમજી લેવું. અર્થાત્ ધર્મોપદેશને સારી રીતે સાંભળીને પરિષદની સાથે રાજા પોતાના મહેલમાં ગયો ॥ સૂ૦ ૧ ॥

ટીકાર્થ:-(तेणं कालेणं तेणं समएणं) અહીંયા સપ્તમીના અર્થમાં તૃતીયા વિભક્તિ થયેલ છે એટલે કે એ કાળે અને એ સમયે અર્થાત્ ભગવાને કહેલ ધર્મોપદેશને સાંભળ્યા પછી પરિષદની સાથે જીતશત્રુ રાજાના ગયા પછીના સમયમાં (समणस्स भगवओ महावीरस्स) શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીના (जेट्ठे अंतेवासी इंदभूई णामे अणगारे) જ્યેષ્ઠ અર્થાત્ પ્રથમ યાને મુખ્ય શિષ્ય એવા કે જેનું નામ ઈન્દ્રભૂતિ હતું તથા (गोयमगोत्तेण) ગૌતમ ગોત્રમાં જેમનો જન્મ હતો તેવા કદાચ તેઓ લુલા, લંગડા, કુબડા, તથા ન્યૂનાધિક દેહ પરિમાણવાળા પણ હોઈ શકે તે સંદેહની નિવૃત્તિ માટે કહે છે કે (सत्तुस्सेहे) તેઓની ઉંચાઈ સાત હાથ જેટલી હતી અર્થાત્ વિશિષ્ટ પુરૂષોચિત તેમની ઉંચાઈ હતી. ઉંચાઈ-વાળા હોવા છતાં કદાચ શારીરિક ઉચિત લક્ષણોથી રહિત પણ હોઇ શકે આ સંદેહના પરિહાર નિમિત્તે કહે છે. (समचउरंससंठाणसंठिए) સામુદ્રિક શાસ્ત્રમાં કહેવામાં આવેલ સઘળા શારીરિક લક્ષણોથી તેઓ યુક્ત હતા. જેનો અસ્રય એટલે કે ખૂણા સમ નામ સરખા હોય અથવા ન્યૂનાધિક ચારે અસ્રયો જ્યાં ન હોય તે સમચતુસ્ર કહેવાય છે.

અસ્રયનું લક્ષણ આ રીતે છે-પર્યંકાસનથી ગોઠણની અંદરનો ભાગ છે તે પહેલા પ્રકારનું અસ્ર છે, આસનથી લલાટના ઉપરનો ભાગ તે બીજા પ્રકારનું અસ્ર છે. દક્ષિણ ખભાથી અર્થાત્ જમણા ખભાથી જમણાજાનુ પર્યન્તનું અંતર ત્રીજા પ્રકારનું અસ્ર છે. તથા ડાબા ખભાથી દક્ષિણ જાનુ પર્યન્તનું અંતર ચોથા પ્રકારનું અંતર છે. અથવા વિસ્તાર અને ઉંચાઈ સમ હોવાથી સમચતુરસ્ર કહેવાય છે. આવા પ્રકારનું જે સંસ્થાન એટલે કે આકૃતિ કે અવયવની રચના વિશેષ તેનાથી જે સંસ્થિત હોય તે સમચતુરસ્ર

સંસ્થાન સંસ્થિત કહેવાય છે.

આવા પ્રકારના સંસ્થાનવાળા હોવા છતાં પણ હીનસંસ્થાનવાળા હોઈ શકે એ શંકાના પરિહાર માટે કહે છે-(वज्जरिसहनारायसंघयणे) વજ્રઋષભનારાચ સંહનનવાળા હતા. વજ્ર- ખીલાના આકારના અસ્થિ વિશેષને કહે છે. ઋષભ-ખીલાના આકારના અસ્થિની ઉપર વીંટવારૂપ પટ્ટાકૃતિ અસ્થિ વિશેષ છે. નારાચ-બન્ને બાજુ મર્કટ બંધના જેવા ખીલાના આકારના અસ્થિ વિશેષ આવા પ્રકારનું સંહનન જેનું હોય તે વજ્રર્ષભ નારાચ સંહનન- વાળા કહેવાય છે. અર્થાત્ વજ્રાદિના જેવા સંગઠિત શરીરાવયવ દેહધારી હતા એવા તે ઇંદ્રભૂતી અનગારે (जाव एवं वयासी) યાવત્ પ્રભુને આ પ્રમાણે કહ્યું-

અહીંયા પણ યાવત્ શબ્દથી ઔપપાતિક સૂત્રમાંથી અકથિત વિષય અહીં સમજી લેવો. અર્થાત્ સર્વ પ્રકારના શ્રમણ લક્ષણોથી યુક્ત તથા શિષ્યના સમગ્ર ગુણવાળા તથા ભગવાનની સેવા કરતાં કરતાં બન્ને હાથની અંજલી બનાવીને ઇંદ્રિભૂતિ અનગાર ભગવાન મહાવીર સ્વામીને આ પ્રમાણે કહેવા લાગ્યા અર્થાત્ વક્ષ્યમાણ પ્રકારથી સૂર્યાદિ વિષય સંબંધી પ્રશ્ન પૂછવા લાગ્યા. ॥ સૂ૦ ૨ ॥

હવે વીસ પ્રાભૃતોંમાં જે વક્તવ્યતા કહેલ છે તેને લક્ષ્ય કરીને પાંચ ગાથાઓ દ્વારા ગૌતમસ્વામી પ્રભુશ્રીને પ્રશ્ન પૂછે છે-(कइमंडलाइ) ઇત્યાદિ.

## વીસ પ્રાભૃત કા અધિકાર કથન

ટીકાર્થ-ચાર ચાર પ્રાભૃતના પ્રશ્નોની એક એક ગાથા કહીને પાંચ ગાથાઓ દ્વારા ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે-(कइमंडलाइ वच्चइ) ઇત્યાદિ મંડલપદ કહેવાથી તથા સૂર્યપ્રજ્ઞપ્તિ સંબંધી પ્રશ્ન પૂછવાથી સૂર્યમંડળ સમજવું જોઇએ મંડલશબ્દ રૂઢયર્થનો બોધક છે. તે રૂપી અનેક અર્થમાં થાય છે. અહીંયાં સૂર્ય જે સ્થળેથી ઉગે છે. એ સ્થાનને મંડળશબ્દથી જાણવું. બાહ્ય અને આભ્યંતર રીતે બે પ્રકારના હોય છે. એ મંડળને સૂર્ય એક વર્ષમાં કેટલી વાર પૂરે છે? કયાં એક વાર જાય છે? અને કયાં બે વાર જાય છે? એ પ્રમાણેના આ પ્રશ્નો પૂછેલ છે.

આકાશમાં જે સરે છે અર્થાત્ ગમન કરે છે તે સૂર્ય કહેવાય છે. અથવા જગત્‌ને જે પ્રેરણા આપે અને જે પ્રકાશ આપે તે સૂર્ય છે. આકાશ મંડલાધિષ્ઠિત અથવા મંડળના અધિપતિ જ્યોતિષ્ક દેવ વિશેષ અગર આકાશસ્થ ગૃહ વિશેષ સૂર્ય છે તે સૂર્ય એક વર્ષમાં કેટલા મંડળમાં જાય છે? એક વાર અથવા બે વાર કેટલા મંડળોને પૂરે છે? આ રીતે ગૌતમસ્વામીએ પૂછવાથી તેનો ઉત્તર પહેલા પ્રાભૃતમાં કહેવામાં આવે છે. બાકી કથન

બધે આ પ્રમાણે સમજવું તેમ પહેલા પ્રાભૃતનો ભાવ છે.

(तिरिच्छा किं च गच्छइ) તિર્યંક્ તિરશ્ચીન અર્થાત્ વક્રગતિ કેવી રીતે કરે છે? અર્થાત્ સૂર્યચંદ્ર સદા સરળ અર્થાત્ સીધું ગમન કરવાવાળા છે તેઓ કોઈ વાર વક્રગતિ કરતા નથી. તેથી અહીંયાં દોલા રૂપ અયનની ગતી કહેલ છે. ।।૧।।

કર્કરાશીથી મકર રાશીમાં કેવી રીતે ગતિ કરે છે? વસ્તુતસ્તુ પોતાના તેજથી આ તિર્યંક્ લોકને પ્રકાશિત કરતા થકા ઉદયાસ્તના કાળક્રમથી તથા તેજની વૃદ્ધિ ક્ષયથી કેવી રીતે વક્રગતિ કરે છે? આ રીતનો ભાવ આ પ્રશ્નોનો છે. ।।૨।।

(ओभासइ केवइयं३) ચંદ્રસૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે? એ રીતનો આ ત્રીજો પ્રશ્ન છે. ।।૩।।

(सेयाइ किं ते संठिई) શ્વેતતા એટલે કે ચંદ્ર સૂર્યના પ્રકાશની કેવા પકારની મર્યાદા છે? આ ચોથો પ્રશ્ન છે. ।।૪।।

(कहिं पडिहयालेस्सा) ૫ લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે? અર્થાત્ રોકાય છે? કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, પદ્મ અને શુકલ આ રીતે છ લેશ્યાઓ છે. તેમાં સૂર્યની તૈજસ લેશ્યા છે. કારણ કે તે જ્યોતિષ્ક દેવ છે. તે પુદ્ગલોના સશ્લેષણાત્મક રૂપે ક્યાં રોકાય છે? અર્થાત્ તે સૂર્ય લેશ્યાનો ક્યાં પ્રતિઘાત યાને પ્રતિરોધ થાય છે? આ રીતે આ પાંચમા પ્રશ્નનો ભાવ છે. ।।૫।।

(कहिं ते ओयसंठिई) ૬ આપના અભિપ્રાયથી પ્રકાશની સંસ્થિતિ-વ્યવસ્થા કેવી રીતે થાય છે? અર્થાત્ સર્વકાળ એક રૂપે રહે છે? અથવા અન્ય પ્રકારથી રહે છે? આ છટ્ઠા પ્રશ્નનો ભાવ છે. ૬.

(के सूरियं वरयते) ૭ સૂર્યનું વરણ કોણ કરે છે? એટલે કે કયા પુદ્ગલ સમૂહો સૂર્ય લેશ્યાને મળેલા હોય છે? એટલે કે મંડલાકારથી વીંટાયેલા હોય છે? ૨-અને એ બન્ને સમાન હોવાથી વરણ અને વેષ્ટિત એમ બેઉ અર્થ સંગત થાય છે. અર્થાત્ કયા પુદ્ગલોથી વીટળાઇને મંડળની માફક પ્રતિભાસિત થાય છે? આ રીતનો આ

સાતમો પ્રશ્ન છે. ૭.

(**कहं ते उदयसंठिई**) ૮ આપ દેવાનુપ્રિયના અભિપ્રાયથી સૂર્યની ઉદય સંસ્થિતિ એટલે કે ઉદયાવસ્થા કઈ રીતે થાય છે? અથવા કેટલા પ્રકારની છે? હે ભગવન્ ચંદ્રસૂર્યના ઉદયની અને અસ્તની વ્યવસ્થા કઈ રીતની છે? તે મને કહો આ પ્રમાણેનો આ આઠમો પ્રશ્ન છે ૮.

(**कइ कट्ठा पोरिसी छाया**) ૯ પૌરૂષી છાયા કેવા પ્રમાણની છે? આ પ્રમાણેનો આ નવમો પ્રશ્ન છે. ૯.

(**जोगे किं ते व आहिया**) ૧૦ આપના મતથી 'યોગ' એ કઈ વસ્તુને કહે છે? તે મને કહો આ દશમો પ્રશ્ન છે. ૧૦.

(**किं ते संवच्छरेणाई**) ૧૧ આપના મતથી સંવત્સરનો આદિ કાળ કયો છે? અર્થાત્ વર્ષારંભ કાળ કયો છે? તેમને પ્રતિબોધિત કરો. આ રીતે આ અગીયારમો પ્રશ્ન કહેલ છે ૧૧.

(**कइसंवच्छराइया**) ૧૨ સંવત્સરો કેટલા છે? અર્થાત્ સંવત્સરની સંખ્યા કેટલી છે? અને તેના નામ કયા કયા છે? આ રીતનો આ બારમો પ્રશ્ન છે. ૧૨.

(**कहं चंदमसो वुड्ढि**) ૧૩ ચંદ્રમાની વૃદ્ધિ કેવી રીતે થાય છે? અર્થાત્ ચંદ્રમાના તેજની વૃદ્ધિ અને ક્ષય કેવી રીતે થાય છે? વૃદ્ધિપદના ઉપલક્ષણથી શુકલપક્ષ કૃષ્ણપક્ષ વશાત્ ચંદ્રમા ક્ષયવૃદ્ધિને કેવી રીતે પ્રાપ્ત કરે છે? આ રીતે આ તેરમો પ્રશ્ન છે. ૧૩.

(**कया ते दोसिणा बहू**) ૧૪ આપના મતથી ચંદ્રમાનો પ્રકાશ ક્યારે વધારે થાય છે? એટલે કે પૂર્ણચંદ્ર ક્યારે હોય છે? આ ચૌદમા પ્રશ્નનો ભાવ છે. ૧૪.

(**के सिग्घगइ वुत्ते**) ૧૫ શીઘ્રગતિવાળા કોણ છે? અર્થાત્ ચંદ્રાદિ ગ્રહોમાં કયા ગ્રહ ત્વરિતગતિવાળો છે? આ રીતનો આ પંદરમો પ્રશ્ન છે. ૧૫ (**कहं दोसिणलक्खणं**) ૧૬ જ્યોત્સ્ના કહેતાં પ્રકાશનું લક્ષણ શું છે? અર્થાત્ પ્રકાશ કેવી રીતે થાય છે? એટલે કે પ્રકાશમંડળનું લક્ષણ શું છે? આ સોળમો પ્રશ્ન છે. ૧૬.

(**चयणोववाय**) ચ્યવન એટલે કે દેવમરણ ઉપપાત અર્થાત્ ઉત્પત્તિ એટલે કે ચંદ્રાદિનું

ચ્યવન અને ઉત્પત્તિ થાય છે? કે નથી થતી? આ સર્વ વિષય સ્વમત અને પરમતનું અવલંબન કરીને મને કહો આ રીતનો આ સત્તરમો પ્રશ્ન છે. ૧૭. (उच्चत्ते) ઉચ્ચત્વ એટલે કે ચંદ્રાદિ ગ્રહોની સમતલ ભૂભાગથી કેટલી ઉંચાઈ છે? એટલે કે જેટલા દૂરના પ્રદેશમાં ચંદ્રાદિ ગ્રહોની સ્થિતિ છે, તે બધું જ સ્વમત અને પરમતને અનુસરીને કહો આ અઢારમો પ્રશ્ન છે. ૧૮ (सूरिया कइ आहिया) સૂર્યો કેટલા છે? એટલે કે જંબૂદ્વીપ વિગેરેમાં સૂર્યો કેટલા છે? એ પણ આપ અમને કહી જણાવો. એ રીતનો આ ઓગણીસમો પ્રશ્ન છે. ૧૯.

(अणुभावे के व संवुत्त) અનુભાવ કઈ રીતનો છે? એટલે કે પૃથ્વીમાં ચંદ્રાદિના તેજનો પ્રભાવ કેવી રીતે થાય છે? આ વીસમો પ્રશ્ન છે. ૨૦.

(एवमेयाइं वीसइं) આ રીતના આ વીસ પ્રશ્નો છે. એટલે કે પૂર્વોક્ત પ્રકારથી પૂર્વોક્ત અર્થાધિકાર યુક્ત આ વીસ પ્રશ્ન રૂપ વીસ પ્રાભૃતો થાય છે. અર્થાત્ સૂર્યપ્રજ્ઞપ્તિમાં આ રીતનું કથન કરેલ છે. આ ગ્રન્થારંભમાં અર્થાધિકાર કહેલ છે. ॥ સૂ૦ ૩ ॥

## પ્રથમ પ્રાભૃત કા પ્રથમ પ્રાભૃતપ્રાભૃત

ટીકાર્થ :—પૂર્વોક્ત વીસે પ્રાભૃતોની અંદર અન્ય પ્રાભૃત પ્રાભૃતો છે, તેનો અધિકાર હોવાથી હવે સૂત્રકાર તેનું કથન કરતા થકા કહે છે—

(वड्ढोवड्ढी मुहुत्ताणं) મુહૂર્તોની વૃદ્ધિ અને અપવૃદ્ધિ અર્થાત્ રાતદિવસમાં આવતા મુહૂર્તોની વૃદ્ધિ અને ક્ષય-વધઘટ કેવી રીતે થાય છે? તે મને સમજાવો આ રીતે પહેલા પ્રાભૃત પ્રાભૃતનો ભાવ છે. (अद्धमंडल संठिई) ૨ બન્ને સૂર્યોની પ્રત્યેક દિવસરાત્રીમાં અર્ધમંડલ સંસ્થિતિ કેવી રીતે થાય છે? તે આપ મને કહો ૨.

(के ते चिन्नं परियारइ) ૩ આપ દેવાનુપ્રિયના અભિપ્રાયથી કયો સૂર્ય કયા બીજા સૂર્યથી ચીર્ણ-વ્યાપ્ત ક્ષેત્રમાં સંચરણ કરે છે? આ વિષયનું યોગ્ય નિરૂપણ કરીને સમજાવો. ૩. (अंतरं किं चरइ य) ૪ કેટલા પ્રમાણવાળા અંતરથી બેઉ સૂર્ય સંચરણ કરે છે?

આ રીતે ચોથા પ્રાભૃત પ્રાભૃતનો આશય છે. ૪ (उग्गाहइ केवइयं) ૫ કેટલા પ્રમાણુવાળા દ્વીપ અને સમુદ્રમાં અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે ? આ રીતે પાંચમા પ્રાભૃતપ્રાભૃતનો ભાવ છે. (केवइवं च विकंपइ) એક એક સૂર્ય એક એક રાત્રિદિવસમાં કેટલા પ્રમાણુવાળા ક્ષેત્રને છોડીને ગતિ કરે છે ? આ રીતે છટ્ઠા પ્રાભૃતપ્રાભૃતનો ભાવ છે. ૬. (मंडलाणय संठाणे) મંડળોનું સંસ્થાન અર્થાત્ સંસ્થિતિ વ્યવસ્થા કઇ રીતે થાય છે ? એટલે કે કઈ કઈ વ્યવસ્થાથી કયાં કયાં કઇ રીતે મંડળોની વ્યવસ્થા થાય છે ? આ સાતમા પ્રાભૃત પ્રાભૃતનો ભાવ છે. ૭. (विक्खंभो) એ મંડળોનો વિષ્કંભ અર્થાત્ બાહલ્ય એટલે કે મંડળોનો વિસ્તાર કેટલો છે ? એ નમન કરતા એવા મને સમજાવો આ આઠમા પ્રાભૃત-પ્રાભૃતનો ભાવ છે, (अट्ठ पाहुडा) આ રીતે આઠ પ્રાભૃત પ્રાભૃતો પહેલા પ્રાભૃતમાં અર્થાધિ-કાર સહિત થાય છે. પહેલા પ્રશ્નની અંદર બીજા આઠ પ્રશ્નો થાય છે.

હવે પ્રાભૃત કોને કહેવાય છે ? એ જીજ્ઞાસાના શમન નિમિત્તે કહે છે. લોકપ્રસિદ્ધ પ્રાભૃત એટલે ભેટ યાને ઉપાયન દેશકાલોચિત સુંદર પરિણામવાળી અને રમણીય વસ્તુ અપાય છે, તેવી જ રીતે સમસ્ત પ્રકારના ઉત્કર્ષથી ભરાય પુષ્ટ કરાય તેનું નામ પ્રાભૃત છે. પ્રાભૃત એટલે કે ઉપાયનીભૂત જે પ્રાભૃત અર્થાત્ જ્ઞાન કથન રૂપ મોક્ષપથના યાત્રિક શિષ્ય પરંપરાને આ જ્ઞાનરૂપી ઉપાયન ભગવાન્ તીર્થંકરો અને ગણધરોએ આપેલ છે. એવો ભાવ છે.

(प्राभृतं तु प्रदेशनम्) આ રીતે કોષમાં કહે છે. તથા ઉપાયન, ઉપહાર, ઉપગ્રાહ્ય અને ઉપદા આ શબ્દો ભેટ આપવાના અર્થમાં અને દેવ ગુરૂ તથા મિત્રાદિને દીયમાન દેવાતી વસ્તુનું નામ પ્રાભૃત શબ્દ વાચ્ય છે. ।। સૂ૦ ૪ ।।

ટીકાર્થ:-હવે પહેલા પ્રાભૃતમાં ચાર ચાર રૂપથી વહેંચેલા ચાર પ્રાભૃતઆભૃતોમાં ક્રમાનુસાર આ પરમત રૂપ પ્રતિપત્તિયો છે, જેમ કે ચોથા પ્રાભૃતપ્રાભૃતમાં છ પ્રતિ-

પત્તિયો છે. પાંચમામાં પાંચ છઠ્ઠામાં છ સાતમમાં આઠ અને આઠમામાં ત્રણ પ્રતિપત્તીયો થાય છે. આ રીતે પહેલા પ્રાભૃતપ્રાભૃતમાં બધી મળીને ઓગણત્રીસ પ્રતિપત્તીયો થાય છે. આ ફલિતાર્થ છે. ॥ સૂ૦ ૫ ॥

ટીકાર્થ :–હવે અર્દ્ધમંડળ સંસ્થિતિ નામના બીજા ભેદ રૂપ બીજા પ્રાભૃત પ્રાભૃતમાં અર્થાધિકારથી યુક્ત જે ત્રણ પ્રાભૃત પ્રાભૃત છે. તેનું પ્રતિપાદન કરવામાં આવે છે. (पडिवत्तीओ उदए तह अत्थमणेसु य) બીજા પ્રાભૃતના પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં સૂર્યના ઉદયકાળમાં અને અસ્તમન કાળમાં કેટલી પ્રતિપત્તિયો છે? તે મને કહો. અહીંયાં પરમત પ્રતિપાદ્ય અને સ્વમત પ્રતિપત્તી સંબંધી પ્રશ્ન કરેલ છે. (भियवाए कण्णकला मुहुत्ताणं गतीति य) ઘાતરૂપ અર્થાત્ પરમત કથન રૂપ બે જ પ્રતિપત્તિયો થાય છે. પરંતુ ત્રીજા પ્રાભૃત પ્રાભૃતમાં મુહૂર્તગતિમાં ચાર પ્રતિપત્તિયો છે. (चत्तारि) એ પદથી નપુંસક નિર્દેશ પ્રાકૃત હોવાથી થયેલ છે.

હવે દસમા પ્રાભૃત પ્રાભૃતમાં અન્તર્ગત જે બાવીસ પ્રાભૃત પ્રાભૃતો છે. તેનો અર્થાધિકાર કહેવામાં આવે છે–સૂત્રમાં પુલ્લિંગ નિર્દેશ પ્રાકૃત હોવાથી થયેલ છે. તેના અર્થાધિકાર યુક્ત બાવીસ પ્રાભૃત પ્રાભૃત થાય છે. જેમ કે–પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં નક્ષત્રોની આવલિકા–પંક્તિનો ક્રમ કહેવાય છે અભિજીત વિગેરે નક્ષત્રો હોય છે. બીજામાં નક્ષત્ર સંબંધી મુહૂર્તાગ્ર અર્થાત્ સંપૂર્ણ મુહૂર્ત પરિમાણ કહેવું ત્રીજામાં ( वं भागा) પૂર્વ પશ્ચિમાદિ ક્રમથી વિભાગ કહેવો. ચોથામાં (जोगस्स) યોગના આદિ કહેવા પાંચમામાં (कुलानिच) એ પદમાં 'ચ' શબ્દથી ઉપકુળ અને કુલોપકુળ કહેવા. છટ્ઠા પ્રાભૃત પ્રાભૃતમાં પૂર્ણમાસી સંબંધી કથન કરવું.

પ્રશ્ન–ભેદઘાત કોને કહેવાય છે? કર્ણકળા કોને કહેવાય છે? અહિંયાં ઘાત પદનો અર્થ ગમન થાય છે. અર્થાત્ ભેદ એટલે મંડળની અંદરનો ભાગ અંતરાલ તેમાં ઘાત એટલે કે ગમન તે આપના મતથી પ્રતિપાદન કરી સમજાવવું. જેમ કે વિવક્ષિત મંડળ સૂર્યથી પૂર્ણ થવાથી તદનન્તર સૂર્ય બીજા તે પછીના મંડળમાં સંક્રમણ કરે છે. અર્થાત્ જાય છે. તથા કર્ણકોટિ ભાગને અધિકૃત કરીને અન્ય નામ તથા કળા કોને કહે છે? તે કહો તથા પૂર્વ અને પશ્ચિમ એ બેઉ કોટિયોને ઉદ્દેશીને બુદ્ધિથી યથાવસ્થિત વિવક્ષા

કરીને તે પછીના બીજા મંડળના કર્ણકોટિ ભાગની સમીક્ષા કરીને તે પછી માત્રા માત્રાથી બીજા મંડળની નજીક જતાં જતાં ગતિ કરે છે.

ત્રીજા પ્રાભૃત પ્રાભૃતમાં દરેક મંડળમાંની મુહૂર્તગતિનું પરિમાણ કહો.

હવે નિષ્ક્રમણ કરતા કે પ્રવેશ કરતા સૂર્યની જે રીતની ગતિ હોય છે તે કહેવાની ભાવનાથી સૂત્રકાર કહે છે-(णिक्खममाणे सिग्घगई पविसंते मंदगई य) સર્વાભ્યન્તર મંડળથી બહાર ગમન કરતો સૂર્ય યથોત્તર મંડળમાં સંક્રમણ કરતા સૂર્યની ગતિ શીઘ્રતર હોય છે. અને સર્વબાહ્ય મંડળમાંથી આભ્યંતર મંડળના ક્રમથી ગમન કરતો દરેક મંડળના ક્રમથી મંદગતિવાળો હોય છે. તે મંડળોની (चुलसीई सयं पुरिसाणं तेसिं च पडिवत्तीओ) સૂર્યના ૧૮૪ એકસો ચોર્યાશી મંડળો છે, એ મંડળોના સંબંધમાં પ્રતિમુહૂર્તમાં સૂર્યની ગતિના પરિમાણના વિચારથી પુરૂષોની પ્રતિપત્તિયો અર્થાત્ મતાન્તરો હોય છે. અર્થાત્ એકસોચોરાશી મતાન્તર રૂપભેદો છે.

હવે કયા પ્રાભૃત પ્રાભૃતમાં કેટલી પ્રતિપત્તીયો છે ? તે સમજાવવાના આશયથી કહે છે-(उदयम्मि) ઈત્યાદિ બીજા પ્રાભૃતના ત્રણે પ્રાભૃત પ્રાભૃતમાં ક્રમાનુસાર પહેલાના કથનાનુસાર પ્રતિપત્તીયો થાય છે, જેમ કે-પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં (उदयम्मि) સૂર્યોદયના સમયે તીર્થંકર અને ગણધરોએ આઠ પ્રતિપત્તીયો કહેલ છે. બીજા પ્રાભૃત પ્રાભૃતમાં ભેદઘાતના સંબંધમાં પરમતની વક્તવ્યતા રૂપ બે જ પ્રતિપત્તીયો થાય છે. તથા ત્રીજા પ્રાભૃત-પ્રાભૃતમાં મુહૂર્તગતિના સંબંધમાં ચાર પ્રતિપત્તીયો થાય છે. આ રીતે પ્રતિપત્તીયોના ભેદ થાય છે. આ સૂત્રમાં (चत्तारि) પદમાં નપુંસકત્વ પ્રાકૃત હોવાથી થયેલ છે. ।।સૂ૦ ૬।।

ટીકાર્થ -બધાજ પ્રાભૃતોના અવાન્તર ભેદો હોય છે. એવો કોઈ નિયમ નથી અતઃ (जोगे किं ते य आहिए) આ દસમા પ્રશ્નના ભેદનું કથન કરે છે-દસમા પ્રાભૃતની અન્તર્ગત જે બાવીસ પ્રાભૃત પ્રાભૃતો હોય છે. તેનો અર્થાધિકાર બતાવતાં સૂત્રકાર કહે છે-(आवलिया) ઈત્યાદિ આનો અર્થક્રમ આ પ્રમાણે કહેલ છે-

પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં નક્ષત્રોની આવલિકા-પંક્તિનો ક્રમ કહેવો જોઇએ. જેમકે-અભિજીત વિગેરે નક્ષત્રો હોય છે. ।૧। બીજામાં નક્ષત્ર સંબધી મુહૂર્તાગ્ર એટલે કે મુહૂર્તનું પરિમાણ કહેવું જોઇએ. ।૨। ત્રીજામાં (एवं भागा) એ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમાદિ પ્રકારથી વિભાગ કહેવો જોઇએ. ।૩। ચોથામાં યોગની આદિ કહેવી જોઇએ. ।૪। પાંચમામાં કુલ અને ચ શબ્દથી ઉપકુલ તથા કુલોપકુલ કહેવા જોઇએ. ।૫। છઠ્ઠામાં પૂર્ણિમાના

સંબંધમાં કથન કરવું જોઈએ. ।૬। સાતમામાં 'સન્નિપાતા' બેઉ પક્ષની સંધી એટલે કે અમાસ અને પુનમના સંધીકાળનું કથન કહેવું જોઈએ. ।૭। આઠમામાં નક્ષત્રોની સંસ્થિતિ વ્યવસ્થા કેવી હોય છે તે કહેવું જોઈએ ।૮। નવમામાં નક્ષત્રોના તારાગ્ર અર્થાત્ તારાઓનું પરિમાણ એટલે કે દરેક નક્ષત્રનું સ્વરૂપ જાણવામાં તે તે નક્ષત્રોમાં કેટલા તારા હોય છે? એ કહેવું જોઈએ. ।૯। દસમામાં નેતાનું કથન કરવું જોઈએ અર્થાત્ કેટલા નક્ષત્રો પોતાના અસ્તગમનથી અહોરાત્રિની પરિસમાપ્તિથી કયા માસને ચલાવે છે તે કહેવું જોઈએ. ।૧૦। અગીયારમા પ્રાભૃત પ્રાભૃતમાં ચંદ્રમાર્ગ એટલે કે ચંદ્રમંડલ નક્ષત્રાદિનો અધિકાર કહેવો ।૧૧। બારમા પ્રાભૃત પ્રાભતમાં નક્ષત્રોના અધિપતિ દેવતાઓનું કથન કરવામાં આવે છે. અર્થાત્ દેવતાધ્યયન કહેવાય છે. ।૧૨। તેરમામાં મુહૂર્તોનું કથન કહેવું જોઈએ ।૧૩। ચૌદમામાં દિવસ અને રાતનું કથન કહેવું જોઈએ. ।૧૪। પંદરમામાં તિથિયોના નામો કહેવાશે ।૧૫। સોળમામાં નક્ષત્રોની ઉત્પત્તિ સ્થાન રૂપ ગોત્ર કહેવામાં આવશે. ।૧૬। સત્તરમામાં નક્ષત્રોનું ભોજન કહેવામાં આવશે. એટલે કે અમુક નક્ષત્રને અમુક રીતે ભોજન આપવાથી શુભકારી થાય છે તે બતાવાશે. ।૧૭। અઢારમામાં સૂર્યની ચાર ગતિનું કથન કરવામાં આવશે. અહીંયા આદિત્ય એ પદ ઉપલક્ષણ રૂપે પ્રયુક્ત થયેલ છે. તેથી ચંદ્રની ગતિનું પણ કથન કરવામાં આવશે. ।૧૮। ઓગણીસમામાં માસ, માસોના નામો, અને તેમની સંખ્યાનું કથન કરવામાં આવશે. ।૧૯। વીસમામાં સંવત્સર, સંવત્સરોના નામ સંવત્સરોની સંખ્યાનું કથન કરવામાં આવશે. ।૨૦। એકવીસમામાં નક્ષત્રોના દ્વારોનું કથન કરવામાં આવશે. એટલે કે નક્ષત્રચક્રના દ્વાર કહેવામાં આવશે. જેમકે-અમુક નક્ષત્ર પૂર્વદ્વાર વાળા છે. અને અમુક નક્ષત્રો પશ્ચિમદ્વાર વાળા છે. તે ક્રમાનુસાર કહેવામાં આવશે. ।૨૧। બાવીસમામાં નક્ષત્રોનો વિચય-એટલે કે ચંદ્ર સૂર્યના યોગાદિ વિષયક નિર્ણય કહેવામાં આવશે. ।।૨૨।। આ રીતે પ્રાભૃતપ્રાભૃતની સંખ્યા અને તેનો અર્થાધિકાર કહેવામાં આવેલ છે. ।।સૂ૦ ૭।।

ટીકાર્થ :-વીસ પ્રાભૃતોમાં (कतिमंडलं व्रजति) આ નામ વાળા પહેલા પ્રાભૃતમાં વીસ પ્રાભૃત પ્રાભૃત હોય છે. તેમાં મુહૂર્તોની વૃદ્ધિ અપવૃદ્ધિ નામના પહેલા પ્રાભૃતપ્રાભૃતનું સ્વરૂપ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે-(ता कहं ते वड्ढो वड्ढी मुहुत्ताणं आहितेति वदेज्जा) આપના મતથી મુહૂર્તોની વૃદ્ધિ અને અપવૃદ્ધિ એટલે કે વૃદ્ધિ અને ક્ષય કેવી રીતે થાય છે ? તે કૃપા કરીને અમને સમજાવો. આ પ્રમાણે ભગવાન્ ગૌતમસ્વામીના પૂછવાથી શ્રી ભગવાને તેનુ તત્વ જે રીતે કહ્યું એ જ પ્રમાણે બતાવતા થકા કહે છે-(ता कहं ते वड्ढो वड्ढी मुहुत्ताणं आहितेति वदेज्जा) આપના અભિપ્રાયથી મુહૂર્ત્તની ક્ષય અને વૃદ્ધિ કેવી રીતે થાય છે ? તે અમને કહી સમજાવો.

નક્ષત્રમાસમાં જેટલા મુહૂર્તો હોય છે, તેનું નિરૂપણુ કરતા થકા કહે છે-(ता अट्ठ एकूणवीसे मुहुत्तसए सत्तावीसं च सट्ठिभागे मुहुत्तस्स आहिते ति वदेज्जा) અહીંયા (ता) તાવત્ શબ્દ શિષ્યના બહુમાનાર્થે કહેલ છે. અથવા તાવત્ શબ્દનો બીજો અર્થ કહે છે કે-અન્ય ઘણું કહેવાનું છે તે રહેવાદો હાલમાં તમારા પ્રશ્નના ભાવને જ કહું છું એક નક્ષત્ર માસમાં ૮૧૯ આઠસો ઓગણીસ મુહૂર્ત્ત તથા એક મુહૂર્તનો સત્યાવીસિયો સડસઠમો ભાગ ૨૭/૬૭ કહેલ કહેલ છે. આ રીતે શિષ્યોને સમજાવવું.

આ પૂર્વોક્ત મુહૂર્તનું ગણિત આ રીતે થાય છે. અહીંયાં યુગમાં ચંદ્ર ચંદ્રાભિવર્દ્ધિત ૩૫ ચંદ્રપંચકમાં સડસઠ નક્ષત્ર માસ હોય છે. એ સ્વરૂપવાળા યુગમાં ૧૮૩૦ અઢારસોત્રીસ દિવસ રાત હોય છે. તેને સડસઠ ૬૭ થી ભાગવાથી સત્યાવીસ ૨૭ અહોરાત્ર થાય છે. તથા ૨૧ એકવીસ શેષ રહે છે. તેને મુહૂર્ત લાવવા માટે ત્રીસથી ગુણવાથી ૨૧-૩૦-૬૩૦ છસો ત્રીસ થાય છે. તેને સડસઠ ૬૭ થી ભાગવાથી ૯ નવ મુહૂર્ત નીકળી આવે છે. તથા ૨૭ સત્યાવીસ શેષ વધે છે. આ રીતે નક્ષત્ર માસ સત્યાવીસ અહોરાત્ર તથા નવ મુહૂર્ત અને એક મુહૂર્તનો સત્યાવીસિયો સડસઠમો ભાગ નીકળી આવે છે. એ સત્યાવીસ અહોરાત્રીના મુહૂર્ત કરવા માટે જો ત્રીસથી ગુણવામાં આવે તો ૨૭×૩૦=૮૧૦ આઠસોદસ થાય છે, તેમાં ઉપરોક્ત ૯ નવ મુહૂર્તનો પ્રક્ષેપ કરવાથી ૮૧ ૯=૮૧૯ આઠસોઓગણીસ થઈ જાય છે. આ પ્રમાણે નક્ષત્રમાસમાં મુહૂર્તનું પ્રમાણ આઠસોઓગણીસ તથા એક મુહૂર્તનો ૨૭/૬૭ સત્યાવીસ સડસઠિયા ભાગ નીકળી આવે છે. આ રીતે નક્ષત્રગત મુહૂર્ત પરિમાણનું કથન છે, વસ્તુતસ્તુ સૂર્યાદિ માસોની પણ અહોરાત્ર સંખ્યાનો વિચાર કરી આગમ પ્રમાણે મુહૂર્ત પરિણામની પણ ભાવના કરી લેવી. તે આ પ્રમાણે છે એક યુગમાં સૂર્યમાસ ૬૦ સાઈઠ થાય છે. તથા એક યુગમાં ૧૮૩૦ અઢારસોત્રીસ અહોરાત્ર હોય છે તેને સાઈઠથી ભાગવાથી ૧૮૩૦÷૬૦=૩૦ શેષ ૩૦½ સાડીત્રીસ અહોરાત્ર રહે છે. આ સૂર્યમાસનું પ્રમાણ છે. ત્રીસ મુહૂર્તના અહોરાત્રી થાય

છે. એ ત્રીસને ત્રીસથી ગુણવાથી ૩૦ × ૩૦=૯૦૦ નવસો મુહૂર્ત થાય છે અહોરાત્રિના ત્રીસ મુહૂર્તના અર્ધા પંદર મુહૂર્ત થાય છે. તે નવસોમાં ઉમેરવાથી ૯૦૦×૧૫=૯૧૫ નવસો પંદર થાય છે.

એક યુગમાં ચંદ્રમાસ બાસઠ થાય છે. તેનાથી જો ૧૮૩૦ ને ભાગવામાં આવે તો ૧૮૩૦÷૬૨=૨૯ $\frac{૩૨}{૬૨}$ ઓગણત્રીસ અહોરાત્ર અને એક અહોરાત્રના બાસઠીયા બત્રીસ ભાગ થાય છે. એ બાસઠીયા બત્રીસ ભાગના મુહૂર્ત કરવા માટે ત્રીસથી ગુણાકાર કરવામાં આવે તો ૯૬૦ થાય છે. તેને બાસઠથી ભાગવાથી ૯૬૦÷૬૨=૧૫×$\frac{૩૦}{૬૨}$ પંદર મુહૂર્ત આવે છે. અને શેષ ત્રીસ રહે છે. ઓગણત્રીસ અહોરાત્રના મુહૂર્ત કરવા માટે ત્રીસથી ગુણવાથી ૮૭૦ આઠસોસિત્તેર થાય છે. ૨૯–૩૦=૮૭૦ તેમાં પહેલાના પંદર ઉમેરવાથી પંદર માસનું મુહૂર્ત પ્રમાણ ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ આઠસો પંચ્યાસી તથા ત્રીસનો બાસઠીયો ભાગ થાય છે.

કર્મમાસ ત્રીસ અહોરાત્ર પ્રમાણનો થાય છે. તેથી તેનું મુહૂર્ત પરિમાણ પૂરા નવસો થાય છે. આ રીતે માસ સંબંધી મુહૂર્ત પ્રમાણ કહ્યું તે અનુસાર ચંદ્રાદિ સંવત્સરમાં રહેલ અને યુગગત મુહૂર્તનું પ્રમાણ સુગમતાથી સમજાઈ જાય છે. એ રીતે આવેલ અહોરાત્રાદિનું સંકલન કરવાથી આ પ્રમાણે સમજાય છે કે–વ્યવહાર યોગ્ય માસ ચાર પ્રકારના હોય છે. તે આ પ્રમાણે છે. નક્ષત્રમાસ, ચંદ્રમાસ, સૂર્યમાસ અને કર્મમાસ. એક યુગમાં તેની સંખ્યા ક્રમથી આ પ્રમાણે છે–એક યુગમાં નક્ષત્રમાસ ૬૭ સડસઠ થાય છે. નક્ષત્રમાસનું પરિમાણ ૨૭ મુ. ૯ $\frac{૨૭}{૬૭}$ સત્યાવીસ દિવસને નવ મુહૂર્ત ૨૭–૬ થાય છે. તેના મુહૂર્ત ૮૧૯ આઠસોઓગણીસ આવે છે. એ રીતે એક યુગમાં ચંદ્રમાસ ૬૨ બાસઠ થાય છે, માસ પ્રમાણ ૨૯+૧૫–$\frac{૩૦}{૬૨}$ થાય છે. સરળતા માટે છેદ કરવાથી માસ પરિમાણ ૨૯–૧૫ સવા ઓગણત્રીસ દિવસ થાય છે. તેમાં ૮૮૫ આઠસો પંચ્યાસી મુહૂર્ત થાય છે. આ રીતે એક યુગમાં સૂર્યમાસ સંખ્યા ૬૦ થાય છે. માસનું પ્રમાણ ૩૦–૧૫ સવાત્રીસ દિનાત્મક થાય છે. તેના મુહૂર્ત ૯૧૫ નવસોપંદર થાય છે. કર્મમાસમાં (શ્રાવણમાસમાં) ૯૦૦ નવસો મુહૂર્ત થાય છે. આ તમામ ત્રૈરાશિક પદ્ધિતિથી સંવત્સરગત અને યુગગત મુહૂર્તનું પ્રમાણ સ્વયં સમજી લેવું. ॥સૂ૦ ૮॥

ટીકાર્થ :–પૂર્વોક્ત સૂત્રમાં મુહૂર્તોની વૃદ્ધિ અને અપવૃદ્ધિમાં મુહૂર્તોનું પ્રમાણ જાણીને સંદેહ નિવૃત્તિ માટે તથા વિશ્વાસ પ્રાપ્ત થવા માટે સૂર્યમંડળની ચાર ગતિનું કથન કરવામાં આવે છે-(ता जयाणं) ઇત્યાદિ

અહીંયા પણ તાવત્ શબ્દનો અર્થ આઠમા સૂત્રમાં કહ્યા પ્રમાણે સમજવો ગ્રન્થ વિસ્તાર ભયથી અહીં પુનઃ તેનો ઉલ્લેખ કરેલ નથી. (णं) શબ્દ વાક્યાલંકારમાં પ્રયુક્ત થયેલ છે. (ता जयाणं) જે સમયમાં સૂર્ય સર્વાભ્યન્તર મુહૂર્તમાંથી નીકળીને પ્રતિદિન એક એક મંડલચારથી યાવત્ સર્વબાહ્ય મંડળમાં જઈને ગતિ કરે છે. અર્થાત્ પરિભ્રમણ કરે છે. તથા સર્વબાહ્ય મંડળથી અપસરણ કરીને યાવત્ સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. આ રીતની આ શ્રદ્ધા યાને સમય અર્થાત્ કાળ કેટલા રાત-દિવસના પ્રમાણથી કહ્યા છે? હે ભગવન્ એ આપ મને કહો.

આ પ્રશ્નનો ઉત્તર આપતા ભગવાન્ કહે છે-(ता तिन्नि छावट्ठे राइंदियसए) આ કાળ ૩૬૬ ત્રણુસો છાસઠ રાતદિવસનો કહેલ છે. અર્થાત્ બાહ્યાભ્યન્તરના ક્રમથી જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળથી દરેક દિવસમાં જતાં જતાં અર્થાત્ અહોરાત્રિનું પ્રમાણ કરતાં કરતાં સર્વબાહ્ય મંડળમાં જાય છે. પછી એજ ક્રમથી ગમન કરીને ત્યાંથી પાછા ફરીને સર્વા-ભ્યન્તર મંડળમાં આવે છે. એટલા કાળનું અર્થાત્ આરોહાવરોહના ક્રમથી જતાં જતાં સૂર્યનો મંડળપૂર્તિના કાળનું દિવસરાતનું પ્રમાણ ૩૬૬ ત્રણુસોછયાસઠ સંખ્યા રૂપ હોય છે. ॥સૂ૦૯॥

ટીકાર્થ :–ફરીથી પ્રશ્નોત્તરના ક્રમથી પૂછે છે-(ता एयाए अद्धाए) ઈત્યાદિ તો આ અદ્ધા-નામ કાળથી સૂર્ય કેટલા મંડળમાં ગતિ કરે છે? અહીંયા તાવત્ શબ્દનો અર્થ શિષ્યના માનાર્થ બોધક છે. (एयाए) એટલે પ્રમાણ એટલે કે ૩૬૬ ત્રણુસો છાસઠ દિવસરાતના પ્રમાણવાળા કાળપ્રમાણથી સૂર્ય કેટલા મંડળમાં ગતિ કરે છે? કેટલા મંડળમાં બે વાર ગમન કરે છે? આ પ્રમાણે પ્રશ્ન કરવાથી ભગવાન્ તેનો ઉત્તર આપતાં કહે છે-(ता चुलसीयं मंडलसयं चरइ बासीति मंडलसयं दुक्खुत्तो चरइ) સામાન્યપણાથી એટલા કાળથી ૧૮૪ એકસોચોર્યાસી મંડળમાં સૂર્ય ગતિ કરે છે. તેનાથી અધિક મંડળમાં સૂર્યની ગતિનો અભાવ છે. તેમાંથી પણ એટલે કે ૧૮૪ એકસોચોર્યાસી મંડળમાં પણ ૧૮૨ એકસો-બાસી મંડળમાં બે વાર ગતિ કરે છે. તે આ પ્રમાણે મંડળનો ભ્રમણ માર્ગ બન્ને તરફ વર્તુલાકાર હોવાથી સૂર્યબિંબનું કેન્દ્રબિંદુ જ્યારે સર્વાભ્યંતર મંડળ અને સર્વબાહ્ય-મંડળને છોડી દે છે. ત્યારે એકમંડળમાંથી બીજા મંડળમાં ગમન કરતાં સૂર્યબિંબની પરિધિની પૂર્વપાલી ત્રીજા મંડળની પશ્ચિમની પાલીનો સ્પર્શ કરે છે. મધ્યમાં એક મંડળને છોડીને બીજા મંડળમાં બે વાર ગમન કરે છે. અર્થાત્ ૧૮૩ એકસોત્ર્યાસીને છોડીને ૧૮૨ એકસોબાસીમા મંડળમાં બે વાર ગમન કરે છે. (णिक्खममाणे चेव पविसमाणे चेव दुवे य खलु मंडलाइं सइं चरइ तं जहा सव्वब्भंतरं चेव मंडलं सव्वबाहिरं चेव मंडलं) સર્વાભ્યંતર

મંડળથી બહાર નીકળતો અને સર્વબાહ્ય મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય સર્વાભ્યન્તર અને સર્વબાહ્ય એ બે મંડળમાં (सइं चरइ) એક વાર ગમન કરે છે. આરોહાવરોહ થવાથી એક વાર ગતિ કરે છે. ॥ સૂ૦ ૧૦ ॥

ટીકાર્થ :-જંબૂસ્વામી ફરીથી પ્રશ્ન કરતાં કહે છે-(जइ खलु तस्सेव आदिच्चस्स) ઈત્યાદિ જો એ આદિત્યના ૩૬૬ ત્રણસો છાસઠ રાત્રિદિવસના પરિમાણવાળા કાળમાં ૧૮૨ એકસો-બ્યાસી મંડળમાં બે વાર ગમન કરે છે અને બે મંડળમાં એકવાર જ ગમન કરે છે તેવી રીતે ભગવાને પ્રરૂપિત કરેલ છે. તથા એ જ ૩૬૬ ત્રણસો છાસઠ રાત્રિદિવસના પરિમાણ વાળો સૂર્ય સંવત્સરમાં (सइं) એકવાર અઢાર મુહૂર્તપ્રમાણ વાળો દિવસ થાય છે. અને એકવાર અઢારમુહૂર્તવાળી રાત હોય છે. તથા એકવાર બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. તેમજ બાર મુહૂર્ત પ્રમાણવાળી રાત્રીથાય છે. તેમાં પણ પહેલા છ માસમાં અઢાર મુહૂર્તની રાત હોય છે. અઢાર મુહૂર્તવાળો દિવસ હોતો નથી. એ જ રીતે એ જ પ્રથમ છ માસમાં બાર મુહૂર્તનો દિવસ હોય છે. પણ બાર મુહૂર્તની રાત્રી હોતી નથી. તથા બીજા છ માસમાં અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. પણ અઢાર મુહૂર્તની રાત હોતી નથી. એ બીજા છ માસમાં બાર મુહૂર્તની રાત હોય છે. તો પણ બાર મુહૂર્તનો દિવસ હોતો નથી તથા પહેલા કે બીજા છ માસમાં એ રીતે હોતું નથી પરંતુ પંદર મુહૂર્તનો દિવસ હોય છે. તથા પંદર મુહૂર્તની રાત હોય છે. તેમાં એ રીતે વસ્તુતત્વનો બોધ થવામાં શું હેતુ છે? શું કારણ છે? અથવા કઈ યુક્તિથી એ વિશ્વસનીય થાય છે? (इति वएज्जा) એ વંદન કરતા એવા મને સમજાવો.

આ પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રભુશ્રી કહે છે-(ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीवसमुद्दाणं सव्वब्भंतराए जाव विसेसाहियाए परिक्खेवेणं पण्णत्ते) આ જંબૂદ્વીપ નામનો દ્વીપ સર્વદ્વીપ-સમુદ્રોમાં યાવત્ પરિક્ષેપથી વિશેષાધિક કહેલ છે. અર્થાત્ આ પ્રત્યક્ષ દેખાતો જંબૂદ્વીપ મધ્ય જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે બધા જ દ્વીપ સમુદ્રોની મધ્યવર્તી એટલે કે બધા જ શેષદ્વીપ સમુદ્રોનો અહીંયાથી આરંભ કરીને આગમોક્ત ક્રમાનુસાર બમણા વિષ્કંભવાળા સમુદ્રો અને દ્વીપો હોય છે. અર્થાત્ બધા દ્વીપસમુદ્રોના જે વિષ્કંભ પહેલાં કહેલ છે. તેમાં જંબૂદ્વીપની અપેક્ષાથી બીજા દ્વીપસમુદ્રોનો બમણો બમણો વિષ્કંભ હોય છે.

તેથી બાકીના બધા જ દ્વીપસમુદ્રોનો આરંભ જંબૂદ્વીપથી જ થાય છે. અહીંયાં યાવત્ શબ્દનો પ્રયોગ હોવાથી અન્ય ગ્રંથોમાં પ્રસિદ્ધ જંબૂદ્વીપનું વર્ણન જોઈ લેવું વિસ્તાર ભયથી અહીંયા તેનો ઉલ્લેખ કર્યો નથી. એક લાખ યોજન પ્રમાણવાળા બધા દ્વીપસમુદ્રોથી ઓછા આયામ વિષ્કંભવાળો જંબૂદ્વીપ છે. (ता जया णं सूरिए सव्व-ब्भंतर मंडलं उवसंकमित्ता चारं चरइ तयाणं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ) જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ પ્રાપ્ત કરીને ગતિ કરે છે, ત્યારે પરમપ્રકર્ષને પ્રાપ્ત ઉત્કૃષ્ટ—સર્વાધિક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. એ જ સર્વાભ્યન્તર મંડળમાં સૂર્ય ગતિ કરે છે ત્યારે (जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) જઘન્ય ઓછામાં ઓછી બાર મુહૂર્તની રાત્રી હોય છે. આ અહોરાત્ર પાશ્ચાત્ય સૂર્યસંવત્સરની અન્તનો હોય છે. તે પછી એ સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાંથી નીકળીને નવા સૂર્ય સંવત્સરને પ્રવર્તાવીને પહેલાં અહોરાત્રમાં (अब्भिंतराणंतरं) સર્વાભ્યન્તર મંડળની પછીના મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે સૌથી મોટો અઢાર મુહૂર્તનો દિવસ એકસઠીયા બે ભાગ ન્યૂન હોય છે. તથા એકસઠિયા બે મુહૂર્તભાગ વધારે બાર મુહૂર્તની રાત્રિ હોય છે. આ રાત્રિ સૌથી નાની હોય છે. આ કેવી રીતે થાય છે? એના પ્રત્યુત્તર રૂપે કહેવામાં આવે છે કે— અહીંયાં એક મંડળ એક અહોરાત્રિથી બે સૂર્યો દ્વારા સમાપ્ત કરવામાં આવે છે. એક એક સૂર્ય પ્રત્યેક અહોરાત્રિમાં ૧૮૩૦ અઢારસોત્રીસ મંડળના અઢારસોત્રીસ ભાગોની કલ્પના કરીને એક દિવસ ક્ષેત્રના અથવા રાત્રિ ક્ષેત્રના યથાયોગ્ય રીતે કમ ઓછા કરવા-વાળા અથવા વધારવાવાળા હોય છે, તે એક મંડળગત ૧૮૩૦ વાળો ભાગ એકસઠીયા બે ભાગ વાળા મુહૂર્તથી ગમન કરે છે, તથા એ મંડળ ૧૮૩૦ અઢારસોત્રીસ ભાગોને બે સૂર્યોથી અહોરાત્ર દ્વારા ગમન કરાય છે. અહોરાત્રી ત્રીસ મુહૂર્ત પ્રમાણવાળી છે. તેથી બે સૂર્યની અપેક્ષાથી સાઈઠ મુહૂર્ત લભ્ય થાય છે. તેનું ત્રૈરાશિક ગણિત આ પ્રમાણે છે— જો સાઈઠ મુહૂર્તોથી ૧૮૩૦ અઢારસોત્રીસ મંડળ ભાગોમાં ગમન કરવામાં આવે તો એક મુહૂર્તમાં કેટલું ગમન ,કરી શકાય? તેની ત્રણ રાશીની સ્થાપના આ પ્રમાણે છે. (૬૦–૧૮૩૦–૧) અહીંયાં અંતિમ રાશીથી એટલે કે એકવાળી રાશિથી વચલી રાશી જે ૧૮૩૦ છે તેને ગુણવાથી અઢારસોત્રીસ જ આવે છે. તેને પહેલી રાશી જે ૬૦ સાઈઠ છે તેનાથી ભાગવામાં આવે તો ૩૦॥ સાડીત્રીસ ભાગ આવે છે. (૧૮૩૦÷૬–૨૦ $\frac{1}{2}$) આટલા ભાગ એક મુહૂર્તમાં ગમન કરવામાં આવે છે. મુહૂર્તના ૬૧ એકસઠ ભાગ કરે તો અહીંયાં આવેલ એક ભાગ એકસઠિયા બે મુહૂર્ત ભાગથી ગમન .કરવામાં આવે છે. જો ૧૮૩ એકસોત્ર્યાસી અહોરાતથી છ મુહૂર્તની વધ ઘટ થાય તો એક અહોરાત્રિમાં કેટલી વધ ઘટ થાય? તેની ત્રૈરાશિક સ્થાપના આ પ્રમાણે છે. (૧૮૩–૬–૧) તેમાં છેલ્લી જે એક સંખ્યા છે તેનાથી વચલી સંખ્યા છ ૬ ને ગુણવાથી છે જ આવે છે. તેના ૧૮૩ એકસોત્ર્યાસી ભાગ કરવામાં આવે તો ઉપરની રાશી નાની હોવાથી ભાગ ચાલશે

નહીં તેથી છેદ્યછેદક રાશીના ત્રિકથી અપવર્તના કરવાથી ઉપરની રાશી બે અને નીચેની રાશી એકસઠ રૂપ થઈ જાય જેમ કે- ($\frac{૬}{૧૮૩}=\frac{૨}{૬૧}$) આ રીતે એક રાતદિવસમાં વધઘટ થવામાં એક મુહૂર્તનો એકસઠીયા બે ભાગ આવે છે. તથા તે બીજા મંડળમાંથી નીકળતો સૂર્ય બીજા અહોરાત્રમાં સર્વાભ્યન્તર મંડળની અપેક્ષાએ ત્રીજામંડળમાં જવાની ગતિ કરે છે. (ता जया णं सूरिए) ઈત્યાદિ જ્યારે સર્વાભ્યન્તરમંડળની અપેક્ષાથી એ ત્રીજા મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે ત્યાં ચાર મુહૂર્તના એકસઠીયા ભાગ હીન અઢારમુહૂર્ત પ્રમાણનો દિવસ થાય છે. તથા ચાર મુહૂર્તના એકસઠિયા ભાગ વધારે બાર મુહૂર્તની રાત હોય છે. આ કહેલ રીતથી (खलु) નિશ્ચય પૂર્વોક્ત કથિત પ્રકારથી પ્રત્યેક મંડળમાં દિવસ રાત સંબંધી મુહૂર્તના એકસઠિયા બે ભાગ ન્યૂનાધિક રૂપથી નીકળીને મંડળનાપરિભ્રમણ ગતિથી ધીરે ધીરે દક્ષિણ દિશા તરફ ગમન કરતો સૂર્ય (तयाणंतराओ) એ વિવક્ષિત પછીના મંડળથી (तयाणंतरं) એ વિવક્ષિત પછીના મંડળમાં સંક્રમણ કરીને એક એક મંડળમાં મુહૂર્તના બે બે એકસઠિયા ભાગ દિવસ ક્ષેત્રને (णिवुड्ढेमाणे २) ઓછા કરીને તથા રાત્રિક્ષેત્રના પ્રતિમંડળમાં વધતા વધતા એકસોવ્યાશીમાં અહોરાત્રિમાં અથવા પહેલા છ માસની સમાપ્તિરૂપ કાળમાં સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.

(ता जया णं) પશ્ચાત્ જ્યારે અહોરાત્રરૂપ એ કાળમાં સર્વાભ્યન્તર મંડળથી મંડળ પરિભ્રમણગતિથી ધીરે ધીરે નીકળીને સર્વબાહ્ય મંડળમાં જઈને ગતિ કરે છે. ત્યારે સર્વાભ્યન્તર મંડળને (पणिधाय) મર્યાદા કરીને અર્થાત બીજા મંડળથી આરંભ કરીને (एगेणं तेसीएणं) ઈત્યાદિ એકસોવ્યાશી રાતદિવસથી (तिन्नि छावट्ठे एगट्ठिगमुहुत्तसए) મુહૂર્તના એકસો છાસઠ ભાગ રૂપ દિવસક્ષેત્રને કરીને રાત્રિક્ષેત્રના એજ ત્રણ મુહૂર્તના એકસો એકસઠમો ભાગ એકસો છયાસઠ અધિકની વૃદ્ધિ કરીને ગતિ કરે છે ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અર્થાત્ સર્વાધિક પ્રમાણવાળી એટલે કે અઢાર મુહૂર્તની રાત્રી થાય છે. અને જઘન્ય બારમુહૂર્તનો દિવસ થાય છે. આ રીતે પ્રથમ ષટ્માસ થાય છે. આ પ્રથમ છ માસનું કથન છે. સૂત્રમાં પુલ્લિગ કથન આર્ષ હોવાથી કરેલ છે. આ ૧૮૩ એકસો વ્યાશીમો અહોરાત્ર પહેલાં છ માસનો અન્તનો દિવસ હોય છે.

(से पविसमाणे) ઈત્યાદિ સર્વબાહ્યમંડળથી અભ્યંતર મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત થતો બીજા છ માસના પહેલા અહોરાત્રમાં સર્વબાહ્ય મંડળથી પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. (ता जया णं) તેમાં જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળમાંથી બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એકસઠિયા બે ભાગ મુહૂર્ત અધિક બાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ થાય છે. તે પછી તેનાથી પણ બીજા મંડળથી અભ્યંતર મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસના બીજા અહોરાત્રમાં

(बाहिरं तच्चंति) સર્વબાહ્ય મંડળથી પહેલાના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. (ता जया णं) તત્પશ્ચાત્ જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળથી ત્રીજા મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે અઢાર મુહૂર્તની રાત એકસઠિયા ચાર ભાગ ન્યૂન હોય છે, તથા એક- સઠિયા ચાર મુહૂર્ત ભાગ વધારે બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે.

(एवं खलुं एएणं) ઇત્યાદિ એ રીતે આ પૂર્વોક્ત પ્રતિપાદન કરેલ ઉપાયથી દરેક મંડળમાં દિવસ રાત સંબંધી મુહૂર્તના એકસઠિયા બે ભાગ અર્થાત્ ન્યૂનાધિક રૂપે પ્રવેશ કરીને મંડળની પરિભ્રમણ ગતિથી ધીરે ધીરે ઉત્તર દિશા તરફ જતાં જતાં (तयाणंतरा- ओत्ति) એ વિવક્ષિત મંડળથી (तयाणंतरं) એ વિવક્ષિત બીજા મંડળમાં ગમન કરતાં કરતાં એક એક મંડળમાં મુહૂર્તના બબ્બે એકસઠિયા ભાગ વધતા વધતા એકસો ત્યાશીમાં અહોરાત્રમાં કે જે બીજા છ માસનો છેલ્લો દિવસ છે. એ કાળમાં (सव्वब्भंरत्ति) સર્વા- ભ્યન્તર મંડળમાં સંક્રમણ કરીને ગતિ કરે છે.

(ता जया णं) તે પછી જે સમયે સૂર્ય સર્વબાહ્ય મંડળથી પરિભ્રમણ ગતિથી ધીરે ધીરે અભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે સર્વબાહ્ય મંડળને (पणिधाय) મર્યાદા કરીને તેનાથી પહેલાના બીજા મંડળથી આરંભ કરીને (एगेणं तेसीएण राइंदेवसएणं तिन्निछ वट्ठे एगसट्ठिभागमुहुत्तसए दिवसखेत्तस्स णिवु- ड्ढित्ता रयणिखेत्तस्स अभिवुड्ढित्ताति) એકસોત્યાશી રાત્રિ દિવસથી ત્રણસોછાસઠિયા એક- સઠ ભાગ મુહૂર્ત રાત્રિ ક્ષેત્રના કમ કરીને તથા દિવસ ક્ષેત્રમાં વધારીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે અર્વાક્તન બીજા મંડળથી આરંભ કરીને એકસો ત્યાશી રાત દિવસથી એકસોછાસઠ મુહૂર્તના એકસઠિયા ભાગથી રાત્રિ ક્ષેત્રને કરીને અને દિવસ ક્ષેત્રને એ જ ત્રણસો છાસઠ મુહૂર્તના એકસઠિયા ભાગથી વધારીને ગતિ કરે છે. ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત થાય છે. ત્યારે (उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ) ઉત્કૃષ્ટ વધારેમાં વધારે અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા (जहण्णिरा दुवालसमुहुत्ता राई भवइ) જઘન્ય નાનામા નાની બાર મુહૂર્તની રાત્રી હોય છે.

(एस णं दोच्चे छम्मासे एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे) આ રીતે બીજા છ માસ કહેલ છે. અર્થાત્ આ ત્રણસો છાસઠમો અહોરાત્ર બીજા છ માસના પર્યવસાન રૂપ છે. (एस णं आदिच्चे संवत्सरे एस णं आदिच्चस्स संवत्सरस्स पज्जवसाणे) આ પ્રમાણે આદિત્ય સંવત્સર એટલે કે સૌરવર્ષ થાય છે. આજ ત્રણસો છાસઠમો અહોરાત્ર બીજા છ માસના અન્તરૂપ છે. એટલે કે છેલ્લો દિવસ છે. તથા સૂર્ય સંવત્સર સંબંધી અર્થાત્ સૌરવર્ષનો છેલ્લો દિવસ કહેલ છે.

હવે આ વિષયનો ઉપસંહાર કરતાં કહે છે-(इह खलु तस्सेव आदिच्चस्स संवच्छरस्स सई अट्ठारसमुहुत्ते दिवसे भवई) આ પ્રમાણે આ આદિત્ય સંવત્સરમાં એક જ વાર અઢાર

મુહૂર્તનો દિવસ થાય છે. તથા એક જ વાર બાર મુહૂર્તની રાત હોય છે, પહેલા છ માસમાં અઢાર મુહૂર્તની રાત હોય છે. તે પ્રથમ છ માસના અંત રૂપ અહોરાત્રમાં થાય છે. સાયન મકર રાશિમાં રહેલ સૂર્યથી પહેલા છ માસનો પ્રારંભ થાય છે તથા મિથુન રાશીનો સૂર્ય થાય ત્યારે તે સમાપ્ત થાય છે. સાયન કર્ક રાશીમાં સૂર્ય આવે ત્યારે બીજા છ માસનો પ્રારંભ થાય છે. અને ધન રાશીમાં સૂર્યનો પ્રવેશ થતાં તે સમાપ્ત થાય છે. અઢાર મુહૂર્તનો દિવસ હોતો નથી. તથા એજ પહેલા છ માસમાં બાર મુહૂર્તનો દિવસ હોય છે. તે પણ પ્રથમ છ માસના અન્તિમ અહોરાત્રમાં હોય છે. બાર મુહૂર્તની રાત હોતી નથી.

બીજા છ માસમાં એવું થાય છે કે-અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, તે દિવસ બીજા છ માસના અંત રૂપ અહોરાત્રમાં હોય છે. અઢાર મુહૂર્તની રાત હોય છે. તે પણ એજ બીજા છ માસના અંતરૂપ અહોરાત્રમાં હોય છે. એવું નથી કે બાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા પહેલા છ માસમાં એમ નથી થતું કે પંદર મુહૂર્તનો દિવસ હોય છે. અને એવું પણ નથી હોતું કે પંદર મુહૂર્તની રાત્રી હોય તો શું કાયમ જ એમ થતું નથી ? એ પ્રશ્નના સમાધાન માટે કહે છે અન્યત્ર રાતદિવસના વૃદ્ધિ ક્ષય નથી હોતાં તેથી ત્યાં તેમ નથી થતું રાત્રિ દિવસના ક્ષયવૃદ્ધિ થાય ત્યારે જ પંદર મુહૂર્તની રાત અને પંદર મુહૂર્તનો દિવસ હોય છે. તે રાત દિવસના વૃદ્ધી ક્ષય કેવી રીતે થાય છે ? તેના સમાધાન નિમિત્તે કહે છે, (मुहुत्त णं वा चयोवच णं) પંદર મુહૂર્તની વધઘટથી એટલે કે અહીંયાં એવી રીતે સમજવું જોઈએ કે- પરિપૂર્ણ પંદર મુહૂર્ત પ્રમાણવાળા રાતદિવસ હોય છે. એ જ રીતે (णण्णत्थ वा अणुवायगईए) અહીંયાં વાશબ્દ પ્રકારાન્તર સૂચક છે. અન્યત્ર અનુપાતગતિ એટલે ત્રૈરાશિક ગણિતના પ્રમાણાનુસાર ગતિથી પંદર મુહૂર્તનો દિવસ અને પંદર મુહૂર્તની રાત હોતા નથી. પરંતુ અનુપાત ગતિથી તો એ થાય જ છે. તે અનુપાત ગતિ આ રીતે છે-જે એકસો ત્યાશીમાં મંડળમાં વૃદ્ધિ કે હાનીમાં છ મુહૂર્ત લભ્ય હોય તો તેનાથી પહેલાં તેની અર્ધગતિમાં ત્રણ મુહૂર્ત થાય છે. એકસો ત્યાસીના અર્ધા સાડીએકાણુ થાય છે. એ એકાણુ મંડળ પુરા થાય અને બાણુનું મંડળ અર્ધું થાય ત્યારે પંદર મુહૂર્ત થાય છે. તે પછી રાત્રીની કલ્પના કરવાથી પંદર મુહૂર્તનો દિવસ હોય છે અને પંદર મુહૂર્તની રાત હોય છે. બીજી રીતે તેમ થતું નથી (गाहाओ भाणियव्वाओ) આ ઉપરોક્ત અર્થનો સંગ્રહ કરીને બતાવવાવાળી ગાથા આ સૂર્યપ્રજ્ઞપ્તિની ભદ્રબાહુસ્વામીએ જે નિર્યુક્તિ કહેલ છે તેનાથી સંબંધિત છે અથવા અન્ય ગ્રંથોમાં સુપ્રસિદ્ધ ગાથા કહી છે. તે અહીંયા કહીને સમજી લેવી. પરંતુ તે ગાથા આ સમયે કોઈ પણ ગ્રન્થમાં પ્રાપ્ત થતી નથી તેથી તે વિચ્છિન્ન થઈ હોય તેમ સંભાવના થઈ શકે છે. તેથી અહીંયાં તેનું

કથન કે વ્યાખ્યા કરવાનું શક્ય નથી. જો કદાચ કોઈ સંપ્રદાય પરંપરાથી જાણતા હોય તો તેઓ પોતાના શિષ્યોને યથાવસ્થિત રીતે કહી સમજાવે. ॥ સૂ૦ ૧૧ ॥

પહેલા પ્રાભૃતનું પહેલું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત

## प्रथम प्राभृत का दूसरा प्राभृतप्राभृत

પહેલા પ્રાભૃતના બીજા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ :—હવે સૂર્ય કેટલા મંડળમાં ગમન કરે છે એ રીતના પહેલા પ્રાભૃતના જે વીસ પ્રાભૃતપ્રાભૃતો છે તેમાં (अद्धमंडलसंस्थिति) રૂપ વ્યવસ્થા કઈ રીતે કહેવામાં આવેલ છે? તે આપ સમજાવો, આ કથનનો ભાવ એવો છે કે અહીયાં એક એક સૂર્ય એક એક અહોરાત્રિથી એક એક મંડળના અદ્ધભાગમાં પરિભ્રમણ કરીને પૂરે છે. તો અહીં એવી શંકા થાય છે કે એક એક સૂર્યની દરેક અહોરાત્રિમાં એક એક અર્ધમંડળમાં પરિભ્રમણની વ્યવસ્થા કઈ રીતે થાય છે? આ રીતે ગૌતમસ્વામીએ વિનમ્રભાવથી ભગવાનને પૂછ્યું, આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાનશ્રી કહે છે કે-(तत्थ खलु इमे दुवेत्ति) આ અર્ધમંડળની વ્યસ્થાના સંબંધમાં નિશ્ચયથી આ બે અદ્ધમંડળ સંસ્થિતિ—વ્યવસ્થા મેં કહી છે. તે આ પ્રમાણે છે. એક દક્ષિણદિગ્ભાવી સૂર્ય સંબંધી અર્ધમંડળસંસ્થિતિ અને બીજી ઉત્તર દિગ્ભાવી સૂર્ય સંબંધી અર્ધમંડળ સંસ્થિતિ.

ફરીથી શ્રી ગૌતમસ્વામી પૂછે છે-(ता कहं ते) ઈત્યાદિ આપે બે અર્ધમંડળ સંસ્થિતિ કહી છે એ સંબંધમાં આ પ્રશ્ન છે કે—આપે દક્ષિણદિગ્ભાવી સૂર્ય સંબંધી અર્ધમંડળની વ્યવસ્થા કેવી કહી છે? ઉત્તરમાં પ્રભુશ્રી કહે છે-(ता अयण्णं) ઈત્યાદિ આ જંબૂદ્વીપ નામનો દ્વીપ સર્વદ્વીપ અને સમુદ્રોની મધ્યમાં હોવાથી યાવત્ પરિક્ષેપથી અહીંયાં આ જંબૂદ્વીપવાક્ય પૂર્વોક્ત રૂપથી પરિપૂર્ણ રીતે જાણવું જોઈએ (ता जया णं) ઈત્યાદિ તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર દક્ષિણાદ્ધમંડળ વ્યવસ્થામાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે પરમપ્રકર્ષને પ્રાપ્ત કરે છે. તેથી (उक्कोसए) ઉત્કૃષ્ટથી એટલે કે વધારેમાં વધારે અઢાર

મુહૂર્તનો દિવસ હોય છે, અને (जहण्णिया) જઘન્ય અર્થાત્ સૌથી નાની બાર મુહૂર્તની રાત હોય છે. અહીંયા સર્વાભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને પ્રથમ ક્ષણની પછી ધીરે ધીરે સર્વાભ્યન્તર બીજા મંડલાભિમુખ થઈને કોઈ પણ પ્રકારથી મંડળગતિથી પરિભ્રમણ કરે છે, જેથી અહોરાત્ર પર્યન્તમાં સર્વાભ્યન્તર મંડળગત એકસઠિયા અડતાલીસમાં ભાગ અને બીજા બે મંડળને ઓળંગીને સર્વાભ્યન્તર પછીના બીજા ઉત્તરાર્દ્ધ મંડળની સીમામાં પ્રવર્તમાન થાય છે. એ જ સૂત્રકાર કહે છે-(से णिक्खममाणे) ઈત્યાદિ તે નિષ્ક્રમણ કરતો સૂર્ય સંવત્સરને પ્રાપ્ત કરીને પહેલા અહોરાત્રમાં દક્ષિણની પછીના ભાગથી તેના આદિપ્રદેશની અંદર અર્દ્ધમંડળસંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. એવો તે સૂર્ય સર્વાભ્યન્તરગત પ્રથમ ક્ષણ પછી ધીરે ધીરે નિષ્ક્રમણ કરીને અહોરાત્રિ સમાપ્ત થયા પછી નવા સંવત્સરને પ્રાપ્ત કરીને નવા પ્રથમ અહોરાત્રિમાં દક્ષિણ દિગ્ભાવી સર્વાભ્યન્તર મંડળગત અડતાલીશ યોજનના એકસઠિયા ભાગ અધિક બે યોજન પ્રમાણવાળા અપાન્તરાલમાંથી નીકળીને તેના આદિ પ્રદેશનો અર્થાત્ સર્વાભ્યન્તરાનન્તર ઉત્તરાર્દ્ધ મંડળના આદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વાભ્યન્તરાનન્તર ઉત્તરાર્દ્ધમંડળસંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, ત્યારે દિવસ એકસઠિયા બે ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો હોય છે. તથા રાત એકસઠિયા બે ભાગ વધારે બાર મુહૂર્તની નાની હોય છે. તે પછી એ બીજી ઉત્તરાર્દ્ધમંડળસંસ્થિતિમાંથી કહેલ પ્રકારથી નિકળતો એ સૂર્ય નવા સૂર્યસંવત્સરના બીજા અહોરાત્રિમાં ઉત્તર દિગ્ભાવી અંતરથી અર્થાત્ બીજા ઉત્તરાર્ધ મંડળગત એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગથી વધારે બે યોજન પ્રમાણવાળા અંતરાલ ભાગથી નીકળીને (तस्साइपएसाए) ઈત્યાદિ દક્ષિણ દિશાસંબંધી ત્રીજા અર્ધમંડળના આદિ પ્રદેશનો આશ્રય કરીને (अब्भिंतरं तच्चंत्ति) સર્વાભ્યન્તર પ્રદેશની અપેક્ષા કરીને દક્ષિણ દિશાની ત્રીજી અર્ધમંડળ વ્યવસ્થામાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અહીયાં પણ એવી રીતે ગતિ કરે છે, કે આદિ પ્રદેશથી ઉપરમાં ધીરે ધીરે બીજા મંડળાભિમુખ કે જેથી એ અહોરાત્રના અંતના ભાગમાં એ મંડળના એક યોજનના એકસઠિયા અડતાલીસમો ભાગ તથા બીજા બે યોજનને છોડીને ચોથા ઉત્તરાર્દ્ધમંડળની સીમામાં રહે છે. (ता जया णं) ઈત્યાદિ તત્પશ્ચાત્ જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળથી ત્રીજા દક્ષિણ દિશા સંબંધી અર્ધમંડળ સંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એકસઠિયા ચાર મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે તથા એકસઠિયા ચાર મુહૂર્ત અધિક બાર મુહૂર્તની રાત હોય છે. (एवं खलु) ઈત્યાદિ એ કહેલ રીતથી પ્રત્યેક અહોરાત્ર એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ અધિક બે યોજન વિકમ્પ રૂપથી નીકળતો સૂર્ય તદન્તરના અર્ધમંડળથી તદન્તરના એ એ પ્રદેશોમાં દક્ષિણપૂર્વભાગમાં

અથવા ઉત્તરપશ્ચિમ ભાગમાં એ એ અર્દ્ધમંડળસંસ્થિતિને સંક્રમણ કરીને એકસોબાસીમાં અહોરાત્રની નજીક જાય ત્યારે દક્ષિણ દિગ્ભાગના અંતરથી એકસોબ્યાસીમા મંડળમાં જઈને યોજનના એકસઠિયા અડતાલીસમા ભાગથી કંઇક વધારે તે પછીના બે યોજન પ્રમાણ વાળા અપાન્તર રૂપ ભાગથી (तस्साइपएसाए) ઈત્યાદિ એ સર્વબાહ્યમંડળગત ઉત્તર દિશાના અર્ધમંડળાદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વબાહ્ય ઉત્તરાર્દ્ધમંડળની સંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. તે આદિ પ્રદેશની ઉપરમાં ધીરે ધીરે સર્વબાહ્યની પછીના અભ્યન્તર દક્ષિણાર્ધ મંડળની સન્મુખ એ પ્રકારથી કોઈ રીતે વિચરે છે. જેથી એ અહોરાત્રનો અન્ત સર્વબાહ્યની પછીના અભ્યંતર દક્ષિણાર્ધ મંડળની સીમામાં થાય છે. (तओ जया णं) ઈત્યાદિ તે પછી જ્યારે સૂર્ય સર્વબાહ્ય ઉત્તરવર્તી અર્દ્ધમંડળ સંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યાં પરમ પ્રકર્ષપ્રાપ્ત ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્તની રાત હોય છે. તથા જઘન્ય સૌથી નાનો બાર મુહૂર્તનો દિવસ થાય છે. (एस णं) ઈત્યાદિ આનો અર્થ પૂર્વોક્ત રીતે છે. (से पविसमाणे) ઈત્યાદિ તે સૂર્ય સર્વબાહ્ય ઉત્તરાર્ધ મંડળના આદિ પ્રદેશથી ઉપરથી ધીરે ધીરે સર્વબાહ્ય અનંતર બીજા દક્ષિણાર્ધ મંડલાભિમુખ સંક્રમણ કરીને તે અહોરાત્ર સમાપ્ત થાય ત્યારે અભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને બીજા છ માસના પહેલા અહોરાત્રમાં ઉત્તર દિશા સંબંધી સર્વબાહ્ય મંડળાન્તર્ગત સર્વબાહ્ય મંડળના અનન્તરાર્દ્ધ મંડળગત યોજનના એકસઠિયા ભાગ તદન્તરના સમીપવર્તિ બે યોજન પ્રમાણ વાળા અપાન્તરાલ રૂપ ભાગથી (तस्साइपएसाए) ઈત્યાદિ દક્ષિણદિગ્ભાવિ સર્વબાહ્યાભ્યન્તર દક્ષિણાર્ધ મંડળના આદિ પ્રદેશનો આશ્રય કરીને (बाहिराणंतरं) ઈત્યાદિ સર્વબાહ્યમંડળની પછીના આભ્યન્તર દક્ષિણાર્ધ મંડળની સંસ્થિતિમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અહીંયા પણ ગતિમાં આદિપ્રદેશની ઉપરમાં જે કોઈ પ્રકારથી આભ્યન્તરાભિમુખ પ્રવર્ત્તમાન થાય છે. જેથી અહોરાત્રીના પર્યન્તભાગમાં સર્વબાહ્યમંડળના અભ્યન્તર ત્રીજા અર્ધમંડળની સીમામાં થાય છે, (ता जया णं) ઇત્યાદિ તે પછી જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળની પછી દક્ષિણની અર્ધમંડળસંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, ત્યારે બે મુહૂર્તના એકસઠ ભાગ વધારે બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ થાય છે. (से पविसमाणे) ઈત્યાદિ તે પછી એ અહોરાત્ર સમાપ્ત થઇ જાય ત્યારે સૂર્ય અભ્યન્તરમાં પ્રવેશ કરીને બીજા છ માસના બીજા અહોરાત્રમાં દક્ષિણ ભાગથી અર્થાત્ દક્ષિણ દિશા તરફના અંતરથી દક્ષિણદિગ્ભાવી સર્વ-બાહ્યાનન્તર બીજા મંડળગત અડતાલીસ યોજનના એકસઠિયા ભાગથી વધારે તે પછીના સમીપવર્તિ બે યોજન પ્રમાણવાળા અપાન્તરાલ રૂપ ભાગથી નીકળીને જે (तस्साइपएसाए) સર્વબાહ્યાભ્યન્તરના ત્રીજા ઉત્તરાર્ધ મંડળના આદિ પ્રવેશથી અર્થાત્ આદિ પ્રદેશનો આશ્રય કરીને ત્રીજા સર્વબાહ્ય અર્ધમંડળ સંસ્થિતિની ત્રીજી પછીની અર્ધમંડળસંસ્થિતિમાં

ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અહીંયા પણ ગતિમાં આદિપ્રદેશથી પ્રારંભ કરીને ધીરે ધીરે બીજા અર્ધમંડળાભિમુખ કોઈ રીતે પ્રવર્તમાન થતા દેખાય છે. જેથી એ અહોરાત્રની અંતમાં સર્વબાહ્ય અર્ધમંડળથી ત્રીજી પછીની અર્ધમંડળસંસ્થિતિને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે ચાર મુહૂર્ત એકસઠિયા ભાગ ન્યૂન રાત્રી હોય છે. તથા એકસઠિયા, ચાર મુહૂર્ત ભાગ અધિક બાર મુહૂર્તનો દિવસ હોય છે. (एवं) ઈત્યાદિ આ રીતના ઉપાયથી દરેક અહોરાત્રના અભ્યન્તર એકસઠિયા અડતાલીસ ભાગથી બે યોજનના વિકમ્પન રીતે ધીરે ધીરે અભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીનેસૂર્ય તે પછીના અર્ધમંડળથી તે પછીના એ એ દક્ષિણપૂર્વભાગ રૂપ પ્રદેશમાં અથવા ઉત્તરપશ્ચિમ રૂપ ભાગમાં તે તે અર્ધમંડળસંસ્થિતિનું સંક્રમણ કરતાં કરતાં બીજા છ માસના એકસો બાસીમા અહોરાત્રના અંતભાગમાં જાય ત્યારે ઉત્તર દિશાના અંતરથી સર્વબાહ્ય મંડળની અપેક્ષા કરીને જો એકસો બાસીમું મંડળ તેની અંદરના યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ વધારે તદનન્તરના અભ્યન્તર બે યોજન પ્રમાણ અપાન્તરાલ રૂપ ભાગથી (तस्साइपएसाए) ઈત્યાદિ સર્વાભ્યન્તર મંડળની અંદરના દક્ષિણાર્ધ આદિ પ્રદેશનો આશ્રય કરીને સર્વાભ્યન્તર દક્ષિણની અર્ધમંડળની સંસ્થિતિનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. તે આદિ પ્રદેશની ઉપરમાં ધીરે ધીરે સર્વાભ્યન્તરની અંદર બાહ્ય ઉત્તરાર્દ્ધ-મંડળની સન્મુખ જે કોઈ ઉપાયે ગતિ કરે છે. જેનાથી એ અહોરાત્રીના અંતમા સર્વા ભ્યન્તરની પછીના ઉત્તરાર્ધમંડળની સીમામાં થાય છે.

(ता जया णं) ઇત્યાદિ ત્યાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરની દક્ષિણ અર્ધમંડળ સંસ્થિતિનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત કરે છે. તેથી ત્યાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્તની રાત હોય છે. (एवं णं दोच्चे छम्मासे) આ રીતે બીજા છ માસ થાય છે, આ રીતે બીજા છ માસની સમાપ્તિ થાય છે. આ રીતે આદિત્ય સંવત્સર થાય છે. અને આ રીતે આદિત્ય સંવત્સરની સમાપ્તિ થાય છે. ॥ સૂ૦ ૧૨ ॥

ટીકાર્થ :—હવે ઉત્તરાર્દ્ધમંડળની સંસ્થિતિને જાણવાની ઈચ્છાવાળા શ્રી ગૌતમસ્વામી પ્રભુશ્રીને પ્રશ્ન કરે છે (ता कहं ते) ઈત્યાદિ હે ભગવન્! આપના મતથી ઉત્તરદિશા સંબંધી અર્ધમંડળસંસ્થિતિ કઈ રીતે કહી છે તે મને કહો. પ્રત્યુત્તરમાં પ્રભુશ્રી કહે છે—આ જંબૂદ્વીપ નામનોદ્વીપ બધા દ્વીપસમુદ્રોની મધ્યવર્તી યાવત્ પરિક્ષેપ અર્થાત્ પરિધિથી કહેલ છે. એ જંબૂદ્વીપમાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરની અર્ધમંડળ સંસ્થિતિનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત એવો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા બાર મુહૂર્તની જધન્ય રાત્રી હોય છે. (जहा दाहिणा तहचेव त्ति) જે પ્રમાણે દક્ષિણાર્ધમંડળની વ્યવસ્થા પહેલાં કહી છે, એજ પ્રમાણે ઉત્તરાર્ધમંડળની સંસ્થિતિ પણ સમજી લેવી, અહીંયા વિશેષતા એ છે કે, દક્ષિણાર્ધ મંડળના સ્થાને ઉત્તરાર્ધ મંડળ સંસ્થિતિ એમ કહેવું. (अब्भिंतराणंतरं) ઈત્યાદિ કથનથી મંડળગતિની ભાવના આ રીતે છે—સર્વાભ્યન્તરમાં ઉત્તરના અર્ધમંડળમાં રહીને એ અહોરાત્ર સમાપ્ત થાય ત્યારે નવા સંવત્સરને પ્રાપ્ત કરીને પહેલા છ માસની પહેલી અહોરાત્રીમાં સર્વાભ્યન્તર મંડળના પછીની દક્ષિણની અર્ધ મંડળસંસ્થિતિનું ઉપસંક્રમણ કરે છે. તે અહોરાત્ર સમાપ્ત થાય ત્યારે પહેલા છ માસના બીજા અહોરાત્રમાં સર્વાભ્યન્તરમંડળ ત્રીજી અર્ધમંડળસંસ્થિતિમાં ઉપસંક્રમણ કરે છે,

(एवं खलु एएणं उवाएणं) એ પ્રમાણે આ ઉપાયથી યાવત્ સર્વબાહ્ય દક્ષિણાર્ધમંડળની સંસ્થિતિને પ્રાપ્ત કરીને યાવત્ દક્ષિણદિશા સંબંધી સર્વબાહ્યમંડળની પછી ઉત્તરાર્ધમંડળ-સંસ્થિતિને પ્રાપ્ત કરે છે. અને ઉત્તરથી સર્વબાહ્ય ત્રીજી દક્ષિણાર્ધમંડળસંસ્થિતિમાં ગમન કરે છે. તે પછી ત્રીજા મંડળથી દક્ષિણના ક્રમથી જ અર્ધમંડળસંસ્થિતિનુ ઉપસંક્રમણ કરતા કરતા યાવત્ સર્વાભ્યન્તરમંડળને પ્રાપ્ત કરે છે (तहेव) ત્યારે બીજા છ માસ થાય છે.

બીજા છ માસના એકસોવ્યાશી અહોરાત્રમાં કે જે અન્તર્ભૂત સર્વબાહ્ય દક્ષિણાર્ધ-મંડળસંસ્થિતિને પ્રાપ્ત કરે છે. આ પહેલા છ માસના અન્તરૂપ હોય છે. તે પછી બીજા છ માસના પહેલા અહોરાત્રમાં બાહ્યાનન્તર અર્થાત્ સર્વબાહ્યમંડળની નજીકની ઉત્તરાર્ધ-મંડળસંસ્થિતિને પ્રાપ્ત કરે છે પછીથી એ અહોરાત્ર સમાપ્ત થાય ત્યારે બીજા છ માસના અહોરાત્રમાં ઉત્તરની અર્ધમંડળસંસ્થિતિમાંથી નીકળીને સર્વબાહ્યમંડળની પહેલાની ત્રીજી દક્ષિણદિશાની અર્ધમંડળસંસ્થિતિમાં ઉપસંક્રમણ કરે છે. એ ત્રીજી દક્ષિણાર્ધમંડળસંસ્થિતિના એક એક અહોરાત્રિમાંથી અર્ધમંડળસંસ્થિતિમાં સંક્રમણ કરીને ત્યાં સુધી જાય છે યાવત્ બીજા છ માસના છેલ્લા અહોરાત્રમાં સર્વાભ્યન્તરની ઉત્તરની અર્ધમંડળસંસ્થિતિમાં ગમન કરે છે. આ રીતે દક્ષિણ દિશાની અર્ધમંડળસંસ્થિતિથી ઉત્તર દિશાની અર્ધમંડળસંસ્થિતિમાં જુદાપણું કહેવામાં આવેલ છે.

(एस णं दोच्चे छम्मासे) આ પ્રમાણે બીજા છ માસનો અંત થાય છે, અર્થાત્ આરીતે

આદિત્યસંવત્સર કહેલ છે તથા આજ સૂર્યસંવત્સર અર્થાત્ સૌરવર્ષની સમાપ્તિ કહી છે. સાયન મીનાન્ત સંસ્થિતિ હોય છે એમ સમજવું (गाहाओ) અહીં ગાથાઓ સમજી લેવી ।।સૂ૦ ૧૩।।

।। પહેલા પ્રાભૃતનું બીજું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।।

## પ્રથમ પ્રાભૃત કા તીસરા પ્રાભૃતપ્રાભૃત

પહેલાં પ્રાભૃતનું ત્રીજું પ્રાભૃતપ્રાભૃત,

આ ગ્રન્થમાં વીસ પ્રાભૃત થાય છે તેમાં 'સૂર્ય કેટલા મંડળમાં જાય છે' આ પહેલા ભેદના વીસ પ્રાભૃતપ્રાભૃતો થાય છે. તેના બે ભેદોનું કથન આગલા પ્રકરણમાં કહેવામાં આવી ગયું છે, હવે (के ते चिन्नाइं पडिचरइ) આ અધિકાર સૂત્ર પ્રમાણે ચીર્ણ ક્ષેત્રના પ્રતિચરણ અર્થાત્ એકવાર ભોગવેલ ક્ષેત્રનો ફરીથી ઉપભોગ કરવો તે સંબંધનું કથન કરાય છે-

શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન કરતાં પ્રભુશ્રીને કહે છે (के ते चिन्नं पडिचरइ) હે ભગવન્! આપના અભિપ્રાયથી કયો સૂર્ય બીજા સૂર્યે ચીર્ણ કરેલ-ભોગવેલ યાને સંચાર કરેલ ક્ષેત્રનું પ્રતિચરણ અર્થાત્ ફરીથી ઉપભોગ કરે છે?

ભગવાન્ ગૌતમસ્વામીના આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે-(तत्थ खलु इमे दुवे सूरिया पन्नत्ता तं जहा भारहे चेव सूरिए एरवए चेव सूरिए) આ મધ્યજંબૂદ્વીપમાં નિશ્ચિત પણાથી ભારતીય સૂર્ય અને ઐરવતીય સૂર્ય એમ બે સૂર્યો કહ્યા છે, ભારતક્ષેત્રને પ્રકાશ આપનાર ભારતીય સૂર્ય અને ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરે તે ઐરવતીય એ રીતના બે સૂર્યો હોય છે, (ता एएणं दुवे सूरिए पत्तेयं पत्तेयं तीसाए मुहुत्तेहिं एगमेगं अद्धमंडलं चरंति) એ બે સૂર્યો દરેક સૂર્ય અલગ અલગ પોતપોતાના સ્વતંત્ર પણાથી ત્રીસ ત્રીસ મુહૂર્ત પ્રમાણથી એક એક અર્દ્ધ મંડળમાં સંચરણ કરે છે. અર્થાત્ સાઈઠ ઘડિનો એક નાક્ષત્ર અહોરાત્ર થાય છે. બે ઘડિ જેટલા કાળની મુહૂર્ત સંજ્ઞા છે. એકસો ચોર્યાશી સૂર્યના મંડળ હોય છે. એ મંડળોમાં સંચરણ કરતા બે સૂર્ય પૈકી એક એક સૂર્ય નક્ષત્ર સંબંધી

સાઇઠ ઘટિકાત્મક કાળથી એક એક અર્ધા મંડળમાં સંચરણ નામ ગતિ કરે છે. સમગ્ર મંડળમાં ગતિ કરતા નથી, પછીથી (सट्ठिए सट्ठिए मुहुत्तेहिं एगमेगं मंडलं संघायंति) સાઠ ૬૦ સાઠ ૬૦ મુહૂર્તોથી એટલે કે બે અહોરાત્રથી સંપૂર્ણ એક એક મંડળનો સંઘાત કરે છે. અર્થાત્ સાઇઠ ૬૦ સાઇઠ ૬૦ મુહૂર્તોથી પરિપૂર્ણ મંડળનો સ્પર્શ કરે છે (ता णिक्खममाणा एते दुवे सूरिया णो अण्णमण्णस्स चिण्णं पडिचरंति) ભરતક્ષેત્રમાંથી નિષ્ક્રમણ કરતો અર્થાત્ મંડળમાંથી બહાર નિકળતો ભારતીય અને ઐરવતીય એ બેઉ સૂર્ય એક બીજાથી ચીર્ણ ભોગવેલ ક્ષેત્રનું સંચરણ કરતા નથી, અર્થાત્ સ્પૃષ્ટ ક્ષેત્રનો ફરીથી સ્પર્શ કરતા નથી, અર્થાત્ ભારતવર્ષમાં સૂર્યના એક એક સંવત્સરમાં આ બન્ને સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાંથી નિષ્ક્રમણ કરતી વખતે એક બીજાએ ચીર્ણ કરેલ ક્ષેત્રનો સ્પર્શ કરતા નથી. તથા પહેલો સૂર્ય બીજાએ ચીર્ણ કરેલ ક્ષેત્રનો સ્પર્શ કરતો નથી. અને બીજો સૂર્ય પહેલા સૂર્યે ભોગવેલ ક્ષેત્રનો સ્પર્શ કરતો નથી. આ વાત સ્થાપના ક્રમથી સમજાવે છે-(पविसमाणा खलु एते दुवे सूरिया अण्णमण्णस्स चिण्णं पडिचरंति तं सतमेगं चोत्तालं तत्थ के हेउं वदेज्जा) એકસોચોર્યાશી સંખ્યક મંડળોની દક્ષિણ અને ઉત્તર ગોલાર્ધના ક્રમથી જો સ્થાપના કરવામાં આવે તો મકરાદિમંડળ સર્વાભ્યન્તર અને કર્કાદિમંડળ સર્વબાહ્ય થાય છે. કારણ કે જંબૂદ્વીપ ઉત્તરગોળાર્ધમાં આવેલ છે. મેષાદિ અને તુલાદિ મંડળ મધ્ય મંડળ થાય છે. બેઉ સૂર્ય એકાંતરા ઉદય થતા હોવાથી દોલા રૂપ ગમન થાય છે. તથા મંડળોમાં ૧૪૪ એકસોચુંમાળીસના સરખા ભાગ થાય છે, તેથી (पविसमाणा खलु) સર્વબાહ્યમંડળથી અંદરની તરફ પ્રવેશ કરતા આ બન્ને સૂર્ય એટલે ભરતક્ષેત્રનો સૂર્ય અને ઐરવતીય સૂર્ય પરસ્પર એક બીજાએ ભોગવેલ ક્ષેત્રને પુનઃ સ્પૃષ્ટ કરે છે. અર્થાત્ ભોગવે છે. કારણ કે પૃથ્વીમંડળ અને સૂર્યમંડળ બન્ને ગોલાકાર છે. ૧૪૪ એકસોચુંમાળીસ જે અંશોથી મંડળની પૂર્તિ કરે છે. એ ભાગોના બન્ને સૂર્યસમુદાયનો વિચાર કરતાં દરેક મંડળમાં પરસ્પરથી ચીર્ણ અને પ્રતિચીર્ણત્વ પ્રાપ્ત થાય છે, તો તેમ થવામાં શું કારણ છે? શું પ્રમાણ છે? તે વંદન કરતા એવા મને કહી સમજાવો.

ભગવાન્ કહે છે-(ता अयण्णं जंबुद्दीवे दीवे जाव परिक्खेवेणं) આ સૂત્ર કેવળ જંબૂદ્વીપ સંબંધી છે, અહીંયાં જંબૂદ્વીપનું વર્ણન કરવાની જરૂર નથી કારણ કે તેનું વર્ણન તો જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાંથી જ જાણી લેવું જોઇએ.

(तत्थ णं तत्थ णं अयं भारहे चेव सूरिए जंबुद्दीवस्स दीवस्स पाईणपडिणायत उदीण-दाहिणायनाए जीवाए मंडलं चउवीससएणं सएणं छेत्ता दाहिणपुरत्थिमिल्लंसि चउभागमंडलंसि बाणउत्तीय सूरियगताइं जाइं अप्पणा चेव चिण्णाइं पडिचरइ) આ જંબૂદ્વીપમાં ભારતક્ષેત્રનો સૂર્ય મધ્યજંબૂદ્વીપના પૂર્વપશ્ચિમ દિશાથી વિસ્તાર વાળી અને ઉત્તરદક્ષિણ દિશા તરફ

લાંબી જીવા એટલે કે પ્રત્યંચાથી અર્થાત્ દોરીથી પોતાને ભોગવવા માટે નક્કિ કરેલ મંડળોને (૧૨૪) એકસોચોવીસ ભાગોથી ભોગવીને દક્ષિણપૂર્વની મધ્યમાં અર્થાત્ અગ્નિખૂણામાં તે તે મંડળના ચોથા ભાગમાં બાણુ સંખ્યાવાળા મંડળોમાં તે તે ગતિ વિશેષથી પૂર્ણ થયેલ જે મંડળો છે, એ મંડળોમાં એટલે કે પોતે જ સંચરિત મંડળોમાં પોતે ફરીથી સંચાર કરે છે. અર્થાત્ સ્પૃષ્ટ કરે છે. જંબૂદ્વીપની મધ્યમાં સર્વબાહ્યમંડળની દક્ષિણદિશાના અર્ધમંડળમાં જે ગતિ કરવાનો આરંભ કરે છે તે ભરતક્ષેત્રને પ્રકાશિત કરનાર હોવાથી ભારતીય સૂર્ય કહેવાય છે. જે બીજો સૂર્ય એ જ સર્વબાહ્યમંડળના ઉત્તર દિશા તરફના અર્ધમંડળમાં સંચરણ કરે છે તે ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરનાર હોવાથી ઐરવતીય સૂર્ય કહેવાય છે. એ બન્ને સૂર્યોમાં આ પ્રત્યક્ષ દેખતો જંબૂદ્વીપ સંબંધી ભારતીય સૂર્ય જે જે મંડળમાં ભ્રમણ કરે છે, એ એ મંડળનો એકસો ૧૨૪ ચોવીસથી વિભાગ કરીને અર્થાત્ એ એ મંડળોના એકસોચોવીસ ભાગોની કલ્પના કરીને પૂર્વપશ્ચિમ તથા ઉત્તરદક્ષિણમાં લંબાયમાન પ્રત્યંચા માને દોરીથી એ મંડળોના ચાર ભાગ કરીને અગ્નિખૂણામાં એ એ મંડળના ચોથા ભાગમાં સૂર્યસંવત્સરના બીજા છ માસમાં ૯૨ બાણુમંડળોને સ્વયં સૂર્ય વ્યાપ્ત કરે છે, તે આ રીતે-(उत्तरपच्चत्थिमिल्लंसि) ઈત્યાદિ ઉત્તરપશ્ચિમ યાને વાયવ્યખૂણામાં મંડળના ચોથા ભાગમાં જે જે એકાણુ ૯૧ મંડળો છે તે મંડળોને ભારતવર્ષીય સૂર્ય પોતે ચીર્ણ યાને ભુક્ત કરેલને ફરીથી પ્રતિચરણ કરે છે. અર્થાત્ એક મંડળમાંથી બીજા મંડળમાં જાય છે કહેવાનો ભાવ એ છે કે-પહેલાં સર્વાભ્યન્તર મંડળમાંથી નીકળતો સૂર્ય પોતે ચીર્ણ કરેલ મંડળોમાં ફરીથી પ્રતિચરિત નામ ગમન કરે છે. સર્વાભ્યન્તરમંડળમાંથી નીકળતી વખતે જે મંડળોનો ઉપભોગ કર્યો છે, એ ચીર્ણમંડળોનો જ ફરીથી ઉપભોગ કરે છે. આજ કથન વિસ્તારથી કહેવામાં આવે છે-(तत्थ अयं भारहे सूरिए एरवतस्स सूरियस्स) ઈત્યાદિ જંબૂદ્વીપમાં આ પ્રત્યક્ષ રૂપે દેખાતો ભારતવર્ષનો સૂર્ય ઐરવત ક્ષેત્રમાં પ્રકાશ કરવાવાળા સૂર્યના મંડળોને મધ્યજંબૂદ્વીપ પૂર્વ-પશ્ચિમ અને ઉત્તરદક્ષિણવર્તિ પ્રત્યંચા નામ દોરીથી સ્વચારમંડળને ૧૨૪ એકસોચોવીસની સંખ્યાવાળા ભાગથી ૯૨ બાણુમા સૂર્યમંડળોને બીજાએ ભોગવેલને ફરીથી ઉપભુક્ત કરે છે, અર્થાત્ ચતુર્ભાગ રૂપ ૯૨ બાણુ સંખ્યકમંડળોને કે જે પોતે ભોગવેલ છે તેને જ ફરીથી પ્રતિચરિત કરે છે. અર્થાત્ ઉપભુક્ત કરે છે. પોતપોતાની મંડળના એકસોચોવીસ

સત્કે અઢાર ભાગ પ્રમાણ (૧૨૪-૧૮) એ અઢાર અઢાર ભાગ સઘળા દેશમાં કે સઘળા મંડળોમાં નિયતરૂપથી હોતા નથી, પરંતુ પ્રતિનિયત દેશમાં અથવા પ્રતિનિયતમંડળોમાં એ દેશ અને મંડળો નિશ્ચિત છે. એ કયા કયા છે? એ જીજ્ઞાસાના શમન માટે કહે છે કે-(दाहिणपुरत्थिमिल्लंसि) ઈત્યાદિ દક્ષિણપૂર્વ રૂપ ચતુર્ભાગ મધ્યના દેશ અને મંડળોમાં પ્રતિનિયત છે. એજ પ્રમાણે ઉત્તરના ચતુર્ભાગ મંડળમાં પણ અઢાર અઢાર ભાગ પ્રમાણની ભાવના કરી લેવી. એ ભારતીય સૂર્ય જ એ બીજા છ માસમાં પ્રતિનિયતગતિથી મંડળોમાં ભ્રમણ કરે છે. ઉત્તરપશ્ચિમ મંડળના ચતુર્ભાગમાં ૯૧ એકાણુ મંડળોને પોતપોતાના મંડળમાં આવેલ એકસોચોવીસ સત્ક અઢાર અઢાર પ્રમાણવાળા જે મંડળો છે એ મંડળોને સૂર્ય પહેલાં સર્વાભ્યન્તર મંડળમાંથી નિકળતાં ભોગવેલને ફરીથી પ્રતિચરિત નામ ભોગવે છે તથા ભુક્ત પ્રતિભુક્તની પ્રક્રિયાથી જે મંડળ જે જે દેશમાં અઢાર અઢાર ભાગના ક્રમથી અથવા એ છાવત્તા ભાગના ક્રમથી વ્યવસ્થિત હોય છે. એ જ વાતનું પુનઃ કથન કરે છે, (दाहिणपच्चत्थिमिल्लंसि चउभागमंडलंसि) ઈત્યાદિ દક્ષિણ પશ્ચિમ દિગ્ભાગની મધ્યમાં અર્થાત્ નૈઋત્યખૂણામાં મંડળના ચતુર્ભાગમાં ૯૧ ની સંખ્યાવાળા જે જે સૂર્યમંડળો છે. એ મંડળોને ભરતક્ષેત્રનો સૂર્ય ઐરવત ક્ષેત્રના સૂર્યે ચીર્ણનામ ભોગવેલ ક્ષેત્રનો પરિચરિત અર્થાત્ ઉપભોગ કરે છે. અર્થાત્ પરિભ્રમણ કરે છે.

પૂર્વોક્ત કથનને સ્પષ્ટતાથી સમજાવવા માટે કથન કરે છે. (तत्थ एरवए सूरिए जंबुद्दीवस्स दीवस्स) ઈત્યાદિ એ જંબૂદ્વીપમાં આ પ્રત્યક્ષ દેખાતો ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરવાવાળો સૂર્ય મધ્ય જંબૂદ્વીપના પૂર્વપશ્ચિમમાં લાંબી અને ઉત્તરદક્ષિણ તરફ વિસ્તારવાળી પ્રત્યંચા નામ જીવાથી સૂર્યના ભ્રમણ માટે નક્કી કરેલ વૃત્ત નામ ગોળ મંડળને એકસોચોવીસ સંખ્યાવાળા ભાગથી અલગ કરીને ઉત્તરપૂર્વ દિગ્વિભાગની મધ્યમાં અર્થાત્ ઈશાનખૂણાના મંડળના ચોથા ભાગમાં ૯૨ બાણુ સંખ્યક જે સૂર્યમંડળો હોય છે, એ મંડળોને ઐરવત ક્ષેત્રવર્તિ સૂર્ય પોતે ચીર્ણ અર્થાત્ ભુક્ત કરેલને ફરીથી પ્રતિચરણ કરે છે. અર્થાત્ ફરીથી ઉપભુક્ત કરે છે, એ જ પ્રમાણે દક્ષિણપૂર્વ દિશાની મધ્યમાં એટલે કે અગ્નિખૂણામાંના મંડળના ચતુર્થાંશમાં જે એકાણુ સૂર્યના ભ્રમણ મંડળો છે. એ મંડળોને ફરીથી પ્રતિચરિત યાને પરિભુક્ત કરે છે, અર્થાત્ બાહ્યાભ્યન્તર મંડળના ક્રમથી જે એકસોવ્યાશી મંડળો હોય છે એ સર્વબાહ્ય મંડળથી જુદા જુદા મંડળોને બબ્બે સૂર્યો દ્વારા ભોગવાય છે. ત્યાં પણ ઉત્તરદક્ષિણ ગોલાર્ધના ક્રમથી બે છ માસ થાય છે. તેમાં પહેલાના છ માસમાં ઉત્તર-

દક્ષિણાર્ધના મધ્યના મંડળને બે વાર ભોગવે છે અને બીજા છ માસમાં બધી દિશાઓમાં હરેક મંડળોનું એક સૂર્ય પરિભ્રમણ કરે છે. બીજા મંડળનું બીજો સૂર્ય પરિભ્રમણ કરે છે. આ રીતે યાવત્ સર્વાન્તિમ મંડળ પરિપૂર્ણ થાય છે. ત્યાં સુધી આ સર્વ જાણવું જોઇએ. તેમાં પણ દક્ષિણપૂર્વના દિગ્વિભાગમાં બીજા છ માસમાં ભારતીય સૂર્ય ૯૨ બાણુ મંડળોનું પરિભ્રમણ કરે છે, તથા ઐરવતીય સૂર્ય ૯૧ એકાણુ મંડળોનું પરિભ્રમણ કરે છે, તથા ઉત્તરપશ્ચિમના દિગ્વભાગમાં ઐરવતીય સૂર્ય જ ૯૨ બાણુ મંડળોનું પરિભ્રમણ કરે છે. પરંતુ ભારતનો સૂર્ય ૯૧ એકાણુ મંડળોનું જ પરિભ્રમણ કરે છે. આ કથનને સ્પષ્ટ સમજાવવા ફરીથી કહે છે, (तत्थ णं अयं एरवतीए सूरिए) ઇત્યાદિ એ જંબૂદ્વીપમાં નિશ્ચય રૂપથી આ પ્રકારના ક્રમથી ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરવાવાળો સૂર્ય ભરતક્ષેત્રને પ્રકાશિત કરવાવાળા સૂર્યના મંડળને જંબૂદ્રીપની પૂર્વપશ્ચિમમાં લાંબી અને ઉત્તરદક્ષિણ તરફ વિસ્તારવાળી જીવીકા નામ દોરીથી (૧૨૪) એકસોચોવીસ ભાગ કરીને દક્ષિણપશ્ચિમ મધ્યમાં એટલે કે નૈઋત્યકોણમાં મંડળના ચતુર્થ ભાગમાં જે ૯૨ બાણુ સૂર્યમંડળો છે. એ મંડ-ળોને ઐરવત સૂર્ય બીજા અર્થાત્ ભારતવર્ષીય સૂર્યથી ચીર્ણ અર્થાત્ ભોગવેલ મંડળોને પ્રતિ-ચરિત કરે છે. ઉત્તરપૂર્વ દિશાની મધ્યમાં અર્થાત્ ઇશાનખૂણાના મંડળના ચતુર્થાંશમાં ૯૧ એકાણુ જે સૂર્યમંડળો છે, એ મંડળોને ભારતનો સૂર્ય ઐરવત ક્ષેત્રના સૂર્યે ચીર્ણ-નામ વ્યાપ્ત કરેલ ને ફરીથી પ્રતિચરિત નામ ઉપભુક્ત કરે છે. તેથી વિશેષ રૂપે કહેલ છે કે-દક્ષિણપૂર્વ અર્થાત્ અગ્નિખૂણામાં બાણુ ૯૨ મંડળો છે. તથા દક્ષિણપશ્ચિમ યાને નૈઋત્ય ખૂણામાં ૯૧ એકાણુ મંડળો છે અને ઉત્તરપશ્ચિમ અર્થાત વાયવ્ય દિશામાં ૯૨ બાણુ મંડળ તથા પૂર્વ અને ઉત્તર દિશાની મધ્યમાં અર્થાત્ ઇશાન ખુણામાં ૯૨ બાણુ મંડળો છે.

આ પૂર્વોક્ત પ્રકારથી ભારતીય સૂર્યથી પોતે વ્યાપ્ત કરેલ મંડળનું પ્રતિચરણનું પરિમાણ અને ઐરવત સૂર્યે વ્યાપ્ત કરેલના પ્રતિચરણનું પરિમાણ કહીને હવે મંડળમાં પ્રવેશ અને નિષ્ક્રમણના ક્રમથી જે ચીર્ણ પ્રતિચીર્ણ મંડળો હોય છે, તેનું કથન કરવામાં આવે છે-(ता निक्खममाणा खलु एते दुवे सूरिया) ઇત્યાદિ એ ભારતનો સૂર્ય અને ઐરવત ક્ષેત્રનો સૂર્ય એમ બેઉ સૂર્યો સર્વાભ્યન્તર મંડળથી બહાર નીકળતાં પરસ્પર ચીર્ણ ક્ષેત્રનું પ્રતિચરણ કરતા નથી. અર્થાત્ નિષ્ક્રમણ કાળમાં બન્ને સૂર્ય પોતે ભોગવેલ ક્ષેત્રને ફરીથી ભોગવે છે, કારણ કે ગોળાર્ધનો ભેદ હોવાથી તથા મંડળનું જુદાપણું હોવાથી બીજા સૂર્યે ભોગવેલ ક્ષેત્રને બીજો સૂર્ય ભોગવતો નથી, પરંતુ સર્વબાહ્યમંડળથી અનન્તરાભિ

મુખ અર્થાત્ અંદરની તરફ ગમન કરતાં એ બેઉ સૂર્ય પરસ્પરના ચીર્ણ અર્થાત્ ભોગવેલ ક્ષેત્રને પ્રતિચરિત કરે છે. અયનગતિથી હોલારૂપ ગમન કરવાથી પ્રવેશ કાળમાં ગોળનું પરિવર્તન થવાથી પરસ્પરના ક્ષેત્રનું પરિવર્તન પ્રત્યક્ષ રીતે દેખાય છે જ તેથી પરસ્પર ચીર્ણ કરેલ ક્ષેત્રને પ્રતિચરિત કરે છે, આ કથન સકારણ છે, અર્થાત્ જંબૂદ્વીપમાં ભારતવર્ષનો સૂર્ય અભ્યન્તરમંડળમાં પ્રવેશ કરીને દરેક મંડળમાં બે બે ચતુર્ભાગ પોતે ભોગવેલને ફરીથી પોતે પ્રતિચરિત કરે છે તથા બે ચતુર્ભાગ બીજાએ ભોગવેલને ફરીથી પ્રતિચરિત કરે છે. એ જ પ્રમાણે ઐરવતસૂર્ય પણ સર્વબાહ્યમંડળથી અભ્યન્તરમંડળમાં પ્રવેશ કરવાના સમયે દરેક મંડળમાં બે ચતુર્ભાગ પોતે ભોગવેલ ક્ષેત્રને ફરીથી પ્રતિચરિત નામ ઉપભુક્ત કરે છે, અર્થાત્ ફરીથી ભોગવે છે, તથા બે ચતુર્ભાગ બીજાએ ભોગવેલ ને પોતે ભોગવે છે, આ રીતે બધા મળીને દરેક મંડળ એક એક અહોરાત્રીથી બેઉ સૂર્યના ચીર્ણ પ્રતિચીર્ણની વિવક્ષાથી આઠ ચતુર્ભાગ પ્રતિચીર્ણિત થાય છે એ ચતુર્ભાગ પણ એકસોચોવીસ સતક અઢાર ભાગ થાય છે. તેને અઢારથી ગુણવાથી એકસો ચુંમાળીસ અધિક પચીસસોબાણુ ગુણાકાર આવે છે. ૧૪૪+૧૮=૨૫૯૨ અહિયાં (अङ्कानां वामतो गतिः) આ નિયમથી બે સૂર્યના સદ્ભાવથી પહેલાં ૯૨ બાણુનો આંક મંડળબોધક છે. તથા બીજા બે અંક પચીસની સંખ્યાવાળા સંખ્યોક્તપદાર્થસૂચક છે. સૂર્યમંડળોમાંથી જ બધા શાસ્ત્રોની નિષ્પત્તિ થાય છે. આ રીતે પણ ધ્વનિત થાય છે. સર્વ જગતની અને સર્વ શાસ્ત્રોની પ્રવૃત્તિ સૂર્યમંડળમાંથી જ થાય છે. તેથી કહ્યું પણ છે કે–(सयमेगं चोत्तालं) એકસોચુંમાળીસ ઈત્યાદિ

(गाहाओत्ति) આ સંબંધમાં ગાથાઓ છે આમ કહેવાથી જ જણાય છે કે–આ અર્થ બતાવવાવાળી કોઈ સુપ્રસિદ્ધ ગાથા હોવી જોઇએ પરંતુ એ ગાથાઓ સર્વથા વ્યુચ્છિન્ન થઈ ગઈ હોય તેમ જ જણાય છે. તેથી તે કહી નથી. (रत्नगर्भा वसुंधरा) આ કથનથી કોઈ જાણતું જ હશે પણ આ સમયે ઘણો પ્રયત્ન કરવા છતાં પણ એ ગાથાઓ પ્રાપ્ત થઈ શકી નથી. ભગવાને રચેલ સૂત્રોના કોઇ પણ મનુષ્ય પોતપોતાની બુદ્ધિ પ્રમાણે શાસ્ત્રાનુસાર અર્થ કરેછે, અનેક અર્થોનું પ્રતિપાદન કરવાવાળા સૂત્રો અનેક દ્રવ્ય પ્રતિરૂપ કલ્પવૃક્ષ જેવા ભગવાને ગ્રથિત કરેલ છે. તેથી (गच्छत स्खलनं क्वापि) એ નિયમથી વ્યાખ્યાનુદોષ પણ ગુણરૂપ જ હોય છે. તેમ સમજવું. ॥ સૂ૦ ૧૪ ॥

પ્રથમ પ્રાભૃતનું ત્રીજું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત

ચોથું પ્રાભૃતપ્રાભૃત પ્રારંભ

ટીકાર્થ:-પહેલાં પ્રાભૃતપ્રાભૃતના (कति मण्डलं व्रजति) એ પ્રશ્નના સંબંધમાં જે વીસ પ્રાભૃતપ્રાભૃતો થાય છે તે પૈકી ત્રણ ભેદો આ પહેલાં કહેવાઈ ગયા છે. હવે ચોથા પ્રાભૃતપ્રાભૃતના અધિકારથી (द्वौ सूर्यौ कियत्प्रमाणमन्तरं कृत्वा चारं चरतः) આ વિષય વિષયક સૂત્રકાર પ્રશ્ન સૂત્ર કહે છે-

(ता केवइयं एए दुवे सूरिया अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति आहितेति वएज्जा) સુબુદ્ધિમાન્ શિષ્ય ગૌતમસ્વામી ત્રીજા પ્રાભૃતપ્રાભૃતમાં પ્રભુશ્રીએ કહેલ ઉત્તરને સાંભળીને ફરીથી પ્રશ્ન કરતાં કહે છે,-(ता) તો હે ભગવન્ આ ભારતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો એમ આ બે સૂર્ય જ્યારે જંબૂદ્વીપમાં જાય છે. ત્યારે એક બીજા કેટલા પ્રમાણનું અંતર કરીને ગતિ કરે છે? એ મને કહો. આ રીતે ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછવાથી બીજા કુમતિ વિષયતત્ત્વબુદ્ધીના નિવારણ માટે પરમત રૂપી પ્રતિપત્તિયોના સંબંધમાં કથન કરે છે-(तत्थ खलु इमाओ छ पडिवत्तीओ पण्णत्ताओ) બન્ને સૂર્યોના એક બીજાના અંતર સંબંધી વિચારણામાં વક્ષ્યમાણ આ છ પ્રતિપત્તીયો પોતપોતાની રૂચી અનુસાર વસ્તુતત્વને નિર્ણય કરવાવાળી લક્ષ્ય લક્ષણ સમન્વિત અને તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલ છે. એ છ પ્રતિપત્તિયોનું પ્રતિપાદન કરતા થકા સૂત્રકાર અન્યમતવાદી આચાર્યોએ પ્રતિપાદિત કરેલ એ છ મતોનું કથન કરે છે. (तत्थ एगे एवमाहंसु) એ છ અન્ય તીર્થિકોમાં કોઈ એક આ પ્રમાણેનું કથન કરે છે. (ता एगं जोयणसहस्सं एगं च तेतीसं जोयणसयं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिताति वएज्जा) એ બન્ને સૂર્યો જ્યારે જંબૂદ્વીપમાં જાય છે. ત્યારે બેઉ સૂર્યનું એક હજાર યોજનનું અંતર કહેલ છે. તથા બીજું એકસો તેત્રીસ યોજનનું અંતર કરીને ગતિ કરે છે. આ રીતનો પહેલા પરમતવાદીનો મત કહેવામાં આવેલ છે.

(एगे एवमाहंसु) બીજા પ્રકારના અન્યતીર્થિક આ નિમ્નોક્ત પ્રકારથી કહે છે, (ता एगं जोयणसहस्सं एगं च चउत्तीसं जोयणसयं अन्नमन्नस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिताति वएज्जा) ભરતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો એમ એ બેઉ સૂર્યો જ્યારે જંબૂદ્વીપમાં ગમન કરે છે, ત્યારે દિવસ અને રાત્રિના ફેરફારથી બે પ્રકારનું તેમનું અંતર થાય છે, તે પૈકી એક અંતર એક હજાર યોજનનું છે અને બીજું અંતર એકસોચોત્રીસ ૧૩૪ યોજન

માત્રનું પરસ્પરનું અંતર કરીને ગતિ કરતા કહેલ છે. આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે-(एगे पुण एवमाहंसु) કોઈ ત્રીજા પ્રકારના અન્ય તીર્થિકો એવું કહે છે. (ता एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहिते ति वएज्जा) દિવસ રાતની વ્યવસ્થાથી પોતપોતાના માર્ગમાં સંચરણ કરતા બે સૂર્યોનું બે પ્રકારનું પરસ્પરનું અંતર કહ્યું છે. તેમાં એક અંતર એક હજાર યોજનનું અને બીજું અંતર એકસોપાંત્રીસ ૧૩૫ યોજનનું એક બીજાનું અંતર કરીને બેઉ સૂર્યો ગતિ કરે છે, તેમ શિષ્યોને કહેવું. આ રીતનો ત્રીજા મતવાદીનો મત જાણીને (एगे पुण एव माहंसु) કોઈ ચોથા મતાવલમ્બી આ પ્રમાણે કહે છે-(एवं एगं समुद्दं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहितातिं वएज्जा) બે અંતર પૈકી એક બીજા એક સમુદ્રનું જ અંતર કરીને ગતિ કરે છે. આ પ્રમાણે ચોથા મતવાદીના મતને જાણીને (एगे पुण एव माहंसु) કોઈ પાંચમો મતવાદી આ રીતે કહે છે-(दो दीवे दो समुद्दे अण्णमण्णस्स अंतर कट्टु सूरिया चारं चरंति आहितेति वएज्जा) બે દ્વીપો અને બે સમુદ્રોનું પરસ્પરનું અંતર કરીને પોતાનું ભ્રમણ કરે છે. આ રીતે સ્વ શિષ્યોને ઉપદેશ કરી સમજાવવું.

આ રીતે પાંચમા પરમતવાદીના મતને જાણીને (एगे पुण एव माहंसु तिण्णि दीवे तिन्नि समुद्दे अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति आहितातिं वएज्जा) પાંચમાં અન્યતીર્થિકના મતને સાંભળીને બીજો છઠ્ઠો મતવાદી આ પ્રમાણે પોતાનો મત પ્રકટ કરતાં કહે છે કે, બે અંતરોમાં એક અંતરમાં ત્રણ દ્વીપો અને બીજા અંતરમાં ત્રણ સમુદ્રોનું પરસ્પરમાં અંતર કરીને બેઉ સૂર્યો ગતિ કરે છે. આ રીતે શિષ્યોને સમજાવવું.

(एगे पुण एवमाहंसु) આ છએ મતવાદીઓના મતોને સાંભળીને ભગવાન પોતાનો

મત પ્રકટ કરતાં કહે છે-(वयं पुण एवं वयामो) હું આ નિમ્નોક્ત પ્રકારથી કહું છું કે, આ બધા જ અન્યતીર્થિકો અયથાર્થ કહેનારા અને અયથાર્થ વસ્તુતત્વની વ્યવસ્થાને બતાવવા વાળા છે. એટલે કે મિથ્યાપ્રલાપ કરે છે. કેવળજ્ઞાન સંપાદિત કરેલ એવો હું પરતીર્થિકોએ વ્યવસ્થાપિત વસ્તુવ્યવસ્થાના નિવારણ પૂર્વક વક્ષ્યમાણ પ્રકારથી કેવળજ્ઞાન દ્વારા યથાવસ્થિત વસ્તુતત્વને જાણીને કહું છું. આ પ્રમાણે ભગવાનના કહેવાથી પુનઃ ગૌતમસ્વામી પ્રશ્ન ઉપસ્થિત કરતાં કહે છે કે હે ભગવાન્ આપ કેવી રીતનું કથન કરો છો ? આ પ્રમાણે ગૌતમસ્વામીએ પ્રશ્ન કરવાથી તેનો ઉત્તર આપતાં પ્રભુશ્રી કહે છે-(ता पंच पंच जोयणाइं पणतीसं च एगसट्ठिभागे जोयणस्स एगमेगे मंडले अण्णमण्णस्स अंतरं अभिवड्ढेमाणा वा णिवड्ढेमाणा सूरिया चारं चरंति तत्थ को हेऊ आहिया ति वएज्जा) હું આ રીતે કહું છું તે સાવધાનતાથી સાંભળો સૂર્યની ચાર અર્થાત્ ગતિ એક પ્રકારની હોતી નથી. તેમજ તેમના મંડળ એક પ્રકારના હોતા નથી પરંતુ દરેક ક્ષણે વિલક્ષણ પકારના વેગથી ભ્રમણ કરતા સૂર્યની ગતિની વિલક્ષણતા આ રીતે છે જ્યારે બન્ને સૂર્યો સર્વાભ્યન્તર મંડળમાંથી બહાર નીકળે છે ત્યારે દરેક મંડળોમાં પાંચ પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ પૂર્વ મંડળગત અંતર પ્રમાણમાં દરેક મંડળમાં વધારતા વધારતા બાહ્યમંડળથી આભ્યંતર મંડળમાં પ્રવેશ કરતા થકા આ બન્ને સૂર્યો દરેક મંડળમાં પાંચ પાંચ યોજન અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ પૂર્વ પૂર્વ મંડળગત અંતર પરિમાણથી ઓછું કરતાં કરતાં ગતિ કરે છે. અહીયાં સૂત્રમાં પહેલો વા શબ્દ ઉત્તરની વિવક્ષાથી સમુચ્ચય બોધક છે. અને બીજો વા શબ્દ પૂર્વમંડળના વિકલ્પની સ્થિતિ ગતિને લઇને એ ભરતક્ષેત્રવર્તી અને ઐરવત ક્ષેત્રવર્તી બન્ને સૂર્યો ગમન કરતા કહેવામાં અવેલ છે.

ભગવાનના આ પ્રમાણે કહેવાથી પોતાના શિષ્ય સમુદાયને શંકારહિત વસ્તુતત્વાર્થ વ્યવસ્થાનું જ્ઞાન થવા શ્રી ગૌતમસ્વામી ફરીથી પ્રભુશ્રીને પૂછે છે-(तत्थ णं) આ પ્રકારના

વસ્તુતત્વ વ્યવસ્થાનું જ્ઞાન થવામાં શું કારણ છે? શું ઉપપત્તિ અર્થાત્ પ્રમાણ છે આ કૃપા કરીને મને કહો. શ્રીગૌતમસ્વામીએ આ રીતે પ્રશ્ન કરવાથી યથાર્થ તત્વજ્ઞાનવાન્ ભગવાન્ તેનો ઉત્તર આપતાં કહે છે-(ता अयण्णं जंबुद्दीवे दीवे जाव परिक्खेवेणं पण्णत्ते) આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરીક્ષેપથી કહેલ છે. આ વાકય કેવળ જંબૂદ્વીપના સ્વરૂપનું પ્રતિપાદક છે. તેથી જ જંબૂદ્વીપનું યથાર્થ સ્વરૂપ ઔપપાતિકસૂત્રમાંથી જાણી લેવું. કારણ કે આ ગ્રંથમાં કોઈ પણ વસ્તુનું વર્ણન કરવાનું પ્રયોજન નથી. તેથી અહીંયાં તેનું વર્ણન કરેલ નથી. જીજ્ઞાસુઓએ તે તે ગ્રંથોમાંથી તે તે વસ્તુનું વર્ણન અથવા સાહિત્યિક વસ્તુનું વર્ણન સ્વયં યથાસ્થાને સમજી લેવું. (ता जया णं एए दुवे सूरिया सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति) જ્યારે આ બન્ને સૂર્યો સર્વાભ્યન્તર મંડળમાં જઇને ગતિ કરે છે, અર્થાત્ બધા જ દ્વીપ અને સમુદ્રોમાં વિશેષ પ્રકારથી વ્યાપક એવા જંબૂદ્વીપમાં જ્યારે એ ભરતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો એ બેઉ સૂર્ય મકરાન્તગત સર્વાભ્યન્તર મંડળમાં ગમન કરીને ગતિ કરે છે, યાને એક બીજા સન્મુખ થઈને જતા આપે કહ્યા છે, તો (तए णं णवणउतिं जोयणसहस्साइं छच्चचत्ताले जोयणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति आहितात्ति वएज्जा) બન્ને સૂર્ય જ્યારે સર્વાભ્યન્તરમાં પ્રવેશ કરે છે, ત્યારે એક પ્રકારથી ૯૯ નવ્વાણુ હજાર યોજન અર્થાત્ એક લાખ યોજનમાં એક હજાર યોજન ઓછું પરસ્પરનું અંતર થાય છે. અને બીજું અંતર ૧૪૬ એકસો છેંતાલીસ યોજન જેટલું પરસ્પરનું અંતર કરીને ગતિ કરે છે. જો એક જ અંતરનો સ્વીકાર કરવામાં આવે તો છસો ચાલીસ ૬૪૦ યોજનનું અંતર થાય છે. અર્થાત્ (૯૯૬૪૦) નવ્વાણુ હજારમાં છસો ચાલીસનો યોગ કરવાથી અર્થાત્ છસોચાલીસ ઉમેરવાથી નવ્વાણુ હજાર છસોચાલીસ થાય છે, આ કેવી રીતે થાય છે તે જાણવા તેનુ ગણિત બતાવે છે. એક લાખ યોજનના વિષ્કંભ વાળો જંબૂદ્વીપ કહેલ છે આ જંબૂદ્વીપમાં એ બન્ને સૂર્ય એકસોએંસી યોજનના અંતરથી એકબીજા

સન્મુખ થઇને ગતિ કરતા થકા આનંદિત થાય છે. એ એકસોએંસી ૧૮૦ ને બે થી ગુણવાથી ત્રણસોસાઠ ૩૬૦ થાય છે. જેમ કે (૧૮૦-૨=૩૬૦) આને લાખ યોજનની સાથે વ્યાસમાનથી વિશોધિત કરવાથી નવ્વાણુ હજાર છસો ચાલીસ રહી જાય છે. એ જ પૂર્વોક્ત અંતર યોજન બરોબર થાય છે, ૧૦૦૦૦૦-૩૬૦=૧૯૬૪૦ (तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) ત્યારે સર્વાભ્યન્તર મંડળમાં બેઉ સૂર્યના ચરણ કાળમાં પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટથી એટલે કે વધારેમાં વધારે અઢાર મુહૂર્ત અને છત્રીસ ઘડીનો દિવસ હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્ત અને ચોવીસ ઘડીની રાત્રી હોય છે. નક્ષત્ર સંબંધી સાઇઠ ઘડીના અહોરાત્રમાં બે ઘડીના મુહૂર્ત માનથી જ દિવસ રાત્રી કહેલ છે.

(ते णिक्खममाणा सूरिया नवं संवच्छरं अयमाणा पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति) એ સર્વાભ્યન્તર મંડળમાંથી નીકળતા બન્ને સૂર્યો નૂતન સંવત્સર અર્થાત્ સૌરસંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યન્તર મંડલની પછીના બીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે (ते जया णं एते दुवे सूरिया अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं णउतिं जोयणसहस्साइं छच्च पणताले जोयणसए पणतीसं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णं अंतरं कट्टु चारं चरंति आहितातिवएज्जा) પ્રથમ મંડળના સંચરણ કાળની પછીથી જ્યારે એ બન્ને સૂર્યો સર્વાભ્યન્તર મંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે નવ્વાણુ હજાર છસો પિસ્તાલીસ યોજન અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ ૯૯૬૪૫ પૂરા $\frac{35}{61}$ આટલા પ્રમાણનું અંતર કરીને ભરતક્ષેત્રવર્તી અને ઐરવતક્ષેત્રવર્તી બેઉ સૂર્ય ગતિ કરે છે. આ રીતે શિષ્યોને સમજાવવું ?

ઉત્તરમાં પ્રભુશ્રી કહે છે. અહીંયાં એક સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં રહીને અડતાલીસ યોજન અને એક યોજનના એકસઠીયા એક ભાગ તથા બીજા વિષ્કંભના બે યોજન (૪૮+$\frac{1}{61}$ ૨) આટલા યોજન સર્વાભ્યન્તર મંડળની પછીના બીજા મંડળમાં ગતિ કરે છે. એજ પ્રમાણે બીજો સૂર્ય પણ ગતિ કરે છે, તેથી બે યોજનને અડતાલીસ અને એક યોજનના એક એકસઠિયા ભાગને બે થી ગુણવામાં આવે તો (૨-૪૮$\frac{3}{61}$) + ૨=૫-૩૬$\frac{1}{61}$ પાંચ યોજન અને એક યોજનના છત્રીસ એક એકસઠિયા ભાગ થાય છે. પરંતુ છત્રીસના સ્થાનમાં થોડું અંતર હોવાથી પાંત્રીસ એમ કહેલ છે. એ કથનથી કોઈ દોષ થતો નથી. પૂર્વ પૂર્વ મંડળ

ગત પરિમાણુથી આટલુ વધારે અંતર થાય છે. એમ કહેવામાં મંડળગત અંતર પરિમાણુમાં કોઈ જાતનું અંતર આવતું નથી. તેથી ૩૫+ ૧/૬૧ આ રીતે ગ્રન્થોક્ત અંતર પરિમાણ મંડલના ક્રમથી વૃદ્ધિ ગત થાય છે. (तौ णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया) સર્વાભ્યન્તરમંડળથી બીજા બીજા મંડળમાં સંચરણ કરવાના સમયે મુહૂર્તના ક્રમથી દિવસ રાતની વ્યવસ્થા આ રીતે થાય છે. એકસઠિયા બે ભાગ મુહૂર્તથી ન્યૂન અઢાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ હોય છે. તથા મુહૂર્તના એકસઠિયા બે ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી હોય છે. જે રીતે બીજા મંડળમાં સંચરણ કરતી વખતે દિનમાન=૧૮ મું ૨/૬૧ તથા રાત્રિમાન ૧૨ મુ. ૨/૬૧ આ પ્રમાણે છે.

(ते णिक्खममाणे सूरिया दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरंति, ता जया णं दुवे सूरिया अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरंति, तया णं णवणवइं जोयणसहस्साइं छच्च इक्कावण्णे जोयणसए णव य एगट्ठिभागे जोयणस्स अंतरं कट्टु चारं चरंति आहितातित्ति वएज्जा) ત્યારે નિષ્ક્રમણ કરતા બેઉ સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યન્તરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે નવ્વાણુ હજાર છસો એકાવન તથા એક યોજનના એકસઠિયા નવ ભાગનું અંતર કરીને ગતિ કરતા કહ્યા છે. કહેવાનો ભાવ એ છે કે—એ બીજા મંડળમાંથી નિષ્ક્રમણ કરતા અર્થાત્ બહાર નીકળતા બન્ને સૂર્યો નવા સૌર સંવત્સરના બીજા અહોરાત્રમાં બીજા મંડળનું સંચરણ કર્યા પછી ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે. એટલે કે પોતપોતાની ગતિ પ્રમાણે ભ્રમણ કરે છે. તે પછી જ્યારે બન્ને સૂર્યો બીજા મંડળનું સંચરણ કર્યા પછી ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે, એટલે કે—ગમન કરે છે, ત્યારે સર્વાભ્યંતરમંડળમાંથી ત્રીજા મંડળના સંચરણ સમયે નવ્વાણુ હજાર છસો એકાવન તથા એક યોજનના એકસઠિયા નવ ભાગનું પરસ્પરમાં અંતર-કરીને ગતિ કરતા કહ્યા છે. અર્થાત્ પોતપોતાની ગતિથી ગમન કરે છે, તેમ પોતાના શિષ્યોને ઉપદેશ આપવો. આ પ્રમાણેનું અંતર કેવી રીતે થાય છે? એ જીજ્ઞાસાની નિવૃત્તિ માટે કહે છે કે—ધૂલીકર્મથી કહેવામાં આવે છે—જેમ અહીયાં એક સૂર્ય સર્વાભ્યન્તરના બીજા મંડળના અડતાલીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગ તથા વિષ્કંભના બે યોજનની ગતિ કરે છે. એ જ પ્રમાણે બીજા સૂર્યની ગતિ પણ થાય છે. આનો ગણિતપ્રકાર બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગને બેથી ગુણવાથી બમણુ અર્થાત્ પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ થાય છે. આ રીતે યથોક્ત અંતર પરિમાણ થાય છે, (तया णं अट्ठारसमुहुत्तो दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे दुवालसमुहुत्ता राई भवई चउहिं एगट्ठिभागे मुहुत्तेहिं अहिया) ત્યારે અઢાર

મુહૂર્તનો દિવસ થાય છે. એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ ઓછા તથા એકસઠિયા ચાર મુહૂર્ત અધિક બાર મુહૂર્તની રાત્રી હોય છે. કહેવાનો ભાવ એ છે કે-જ્યારે બન્ને સૂર્યો સર્વાભ્યન્તર મંડળમાંથી ત્રીજા મંડળમાં ગતિ કરે છે. ત્યારે એ મંડળના સંક્રમણ કાળમાં એકસઠિયા ચાર મુહૂર્ત ઓછા ભાગથી અઢાર મુહૂર્તનો દિવસ હોય છે,=૧૮ $\frac{૪}{૬૧}$ દિવસમાન તથા એક સઠિયા ચાર મુહૂર્ત ભાગ અધિકના અર્થાત્ બાર મુહૂર્તની રાત્રી હોય છે, જેમકે-૧૨ મુ. +$\frac{૪}{૬૧}$ રાત્રીમાન.(एवं खलु एएणुवाएणं णिक्खममाणा एए दुवे सूरिया तओणंतराओ तयाणंतरं मंडलाओ मंडलं संकममाणा संकममाणा पंच पंचजोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले अण्णमण्णस्स अंतरं अभिवड्ढेमाणा अभिवड्ढेमाणा सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ રીતના ઉપાયથી નિષ્ક્રમણ કરતા એવા બન્ને સૂર્યો પછીના મંડળથી તેના પછીના મંડળમાં અર્થાત્ એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતા કરતા પાંચ પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ એક એક મંડળમાં એક બીજાના અંતરને વધારતા વધારતા સર્વબાહ્યમંડળને ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. કહેવાનો અભિપ્રાય એ છે કે-પૂર્વોક્ત પ્રકારના નિશ્ચિત ઉપાયથી પૂર્વપ્રતિપાદિત યુક્તિથી સર્વાભ્યન્તરના બીજા મંડળમાંથી નીકળતા એ ભરતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો એમ બેઉ સૂર્ય બીજા મંડળમાંથી ત્રીજા મંડળમાં ત્રીજા મંડળમાંથી ચોથા મંડળમાં આ પ્રમાણે ક્રમાનુસાર મંડળમાંથી મંડળમાં સંક્રમણ કરતા કરતા દરેક મંડળમાં એક તરફથી એક સૂર્ય બે યોજન અને વિષ્કંભના એકસઠિયા અડતાલીસ ભાગની ગતિ કરે છે. એ જ પ્રમાણે બીજી તરફ બીજો સૂર્ય એજ પ્રમાણેની ગતિથી નિકળીને બેઉ સૂર્ય જ્યારે જંબૂદ્વીપમાં પ્રવેશ કરે છે, ત્યારે પૂર્વ પૂર્વના તદનન્તર મંડળથી તદનન્તરમા અર્થાત્ એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતા કરતા એક એક મંડળમાં પૂર્વ પૂર્વ મંડળગત અંતર પરિમાણની અપેક્ષાએ પાંચ પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા ભાગોમાંથી પાંત્રીસ પાંત્રીસ

ભાગ અર્થાત્ યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ પ્રતિ મંડળોમાં પરસ્પરનું અંતર વધારતા વધારતા નવા સૂર્યસંવત્સરના એકસોત્ર્યાશીમા અહોરાત્રમાં પહેલાં છ માસના અંત-સમયમાં અર્થાત્ સાયનસધનુસંક્રાન્તિના પ્રવેશ સમયે એ બેઉ સૂર્યો સર્વબાહ્યમંડળ એટલે કે એકસો ચોર્યાશીમાં મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડળમાં પ્રવેશ કરીને ગતિ કરે છે, એટલે કે એ પ્રમાણેની ગતિથી ભ્રમણ કરે છે. (तया णं एगं जोयणसहस्सं छच्च-सट्ठि जोयणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति) ત્યારે એક લાખ છસો સાઇઠ યોજનનું પરસ્પરમાં અંતર કરીને ગતિ કરે છે. અર્થાત્ જ્યારે જંબૂદ્વીપમાં રહેલ એ બેઉ સૂર્યો સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે એક લાખ છસો સાઠ યોજનનું ૬૬૦+૧૦૦૦૦૦=૧૦૦૬૬૦ પરસ્પરનુ અંતર કરીને ગમન કરે છે, આ પ્રમાણ કેવી રીતે થાય છે? એ ધૂલિકર્મથી બતાવે છે—અહીંયાં દરેક મંડળમાં પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગનું અંતર થાય છે. આ રીતના અંતર પરિમાણુની વિચારણા કરતાં અભિવૃદ્ધિંત જણાઈ આવે છે. તેથી સર્વાભ્યન્તર મંડળમાંથી સર્વબાહ્ય-મંડળ એકસો ત્ર્યાસી ૧૮૩ યોજન બરાબર થાય છે. તો જો પાંચ યોજનને એકસો ત્ર્યાસીથી ગુણવામાં આવે તો ૧૮૩×૫=૯૧૫ નવસોપંદર યોજન થાય છે. તથા એક-સઠિયા પાંત્રીસની સંખ્યાને જો એકસો એંશી ગણી કરવામાં આવે તો ૬૪૦૫ છ હજાર ચારસો પાંચ થાય છે. તેને એકસઠથી ભાગવાથી ૧૦૫ એકસો પાંચ લબ્ધ થાય છે. તે એકસો પાંચની સંખ્યાને પહેલાની યોજન સંખ્યામાં ઉમેરવામાં આવે તો એક હજારને વીસ થાય છે. =૯૧૫+૧૦૫=૧૦૨૦ આ સંખ્યાને સર્વાભ્યન્તરના અંતર પરિમાણમાં એટલે કે નવ્વાણુ હજાર છસો ચાલીસ ૯૯૬૪૦ યોજનમાં એક હજાર વીસની સંખ્યા ઉમેરવાથી ૯૯૬૪૦+૧૦૨૦=૧૦૦૬૬૦ એક લાખ છસો સાઈઠ થાય છે. આ રીતે સર્વ-

બાહ્યમંડળનું યથોક્તપરિમાણુ થઇ જાય છે.

(तया ण उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ) ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત અઢાર મુહૂર્તની રાત્રી થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. અર્થાત્ સર્વબાહ્ય મંડળમાં ગતિ કરવાના સમયે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કર્ષિકા અર્થાત્ વધારેમાં વધારે અઢાર મુહૂર્ત પ્રમાણવાળી ૩૬ છત્રીસ ઘડિ યુક્ત રાત્રી હોય છે. તેમજ જઘન્ય અર્થાત્ અત્યંતનાનો ચોવીસ ઘડિ પ્રમાણવાળો બાર મુહૂર્તનો દિવસ હોય છે. (एस णं पढमे छम्मासे एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे) આ રીતે પ્રથમ છ માસ કહેલ છે, આજ પહેલા છ માસનું પર્યવસાન અર્થાત્ અંતભાગ છે. અર્થાત્ આ પૂર્વોક્ત નિયમ પ્રવર્તક પ્રથમ એટલે કે સૂર્યસંવત્સર આદિના છ માસ કહ્યા છે, આજ પહેલા સૂર્યસંવત્સરના પહેલા છ માસનું પર્યવસાન અર્થાત્ અન્તનો સમય છે. (ता पविसमाणा सूरिया दोच्चं छम्मासं अयमाणा पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति) ત્યારે પ્રવેશ કરતા બન્ને સૂર્યો બીજા છ માસનો આરંભ કરીને પહેલી અહોરાત્રીમાં બાહ્યાનંતર મંડળમાં ઉપસંક્રમણુ કરીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે–સર્વબાહ્યમંડળને ભોગવ્યા પછી ત્યાંથી પાછા ફરીને તે મંડળની પછીના અર્થાત્ સર્વબાહ્યમંડળથી બીજા મંડળમાં પ્રવેશ કરીને એટલે કે ફરીથી અંદરની તરફ જતાં બીજા છ માસને પ્રાપ્ત કરીને અર્થાત્ આદિત્ય સંવત્સરના અંતના છ માસને પ્રવર્તાવતા બીજા છ માસની પહેલી અહોરાત્રિમાં સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણુ કરીને અર્થાત્ ત્યાં જઇને ગમન કરે છે.

(ता जया णं एते दुवे सूरिया बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं एगं जोयणसयसहस्सं छच्च चउप्पण्णे जोयणसए छत्तीसं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति आहितेति वएज्जा) તે પછી જ્યારે એ બન્ને સૂર્યો બાહ્યના

પછીનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના છત્રીસ એકસઠિયા ભાગનું અંતર કરીને એકબીજા ગમન કરે છે. તેમ સમજવું અર્થાત્ સર્વબાહ્યમંડળના સંચરણના સમય પછી જ્યારે જંબૂદ્વીપમાં રહેલ એ બન્ને સૂર્યો સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે બીજા મંડળમાં જઇને ગતિ કરે છે. અર્થાત્ ત્યાં ગમન કરે છે. ત્યારે એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના એકસઠિયા એકસઠિયા છવ્વીસ ભાગ (૧૦૦૬૫૪ યો.-૩૬ ૨૬/૬૧ પરસ્પરમાં આટલું અંતર કરીને ગતિ કરે છે. અર્થાત્ બીજા મંડળમાં જાય છે. એ પ્રમાણે શિષ્યોને સમજાવવું. અહીંયાં પણ અન્તર પરિમાણ સર્વબાહ્યમંડળગત અડતાલીસ અંતર પરિમાણથી પછીના બીજા મંડળમાં જે અંતર પરિમાણ પાંચ યોજન અને એક યોજનના પચાસ એકસઠિયા ભાગ પરિમાણ પ્રાપ્ત થાય છે. આ યુક્તિથી તથા ત્રૈરાશિક સ્થાપનાથી પૂર્વોક્ત અંતર પરિમાણ સિદ્ધ થાય છે. (तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभाग मुहुत्तेहिं ऊणा दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए) ત્યારે એકસઠિયા બે ભાગ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. અને એકસઠિયા બે મુહૂર્ત વધારે બાર મુહૂર્તનો દિવસ થાય છે. કહેવાનો ભાવ એ છે કે સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળના ચાર ચરણ કાળમાં પૂર્વોક્ત પરિમાણ થાય છે.

(एवं खलु एएणोवाएणं पविसमाणा एए दुवे सूरिया ततोऽणंतराओ मंडलाओ मंडलं संकममाणा पंच पंच जोयणाइं पणतीसे एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले अण्णमण्णस्संतरं णिवुड्ढेमाणा णिवुड्ढेमाणा सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति) આ પ્રમાણેના ઉપાયથી પ્રવેશ કરીને એ બન્ને સૂર્યો તે પછીના મંડલથી તે પછીના મંડળમાં સંક્રમણ કરતા કરતા પાંચ પાંચ યોજન અને એકયોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ એક એક મંડળમાં એકબીજાના અંતરને ઓછું કરતા કરતા સર્વાભ્યન્તર મંડળમાં જઇને ગતિ કરે છે. અર્થાત્ પૂર્વોક્ત પ્રકારથી એટલે કે એક તરફ એક સૂર્ય અભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને પહેલા પહેલાના મંડળના અંતર પરિમાણથી પછી પછીના વિવક્ષિત મંડળના અંતર પરિમાણમાં એકસઠિયા અડતાલીસ એ બે યોજન વધારે છે. તથા કમ કરે છે. આ પ્રમાણે બીજો સૂર્ય પણ એ પૂર્વોક્ત પ્રકારના ઉપાયથી અનન્તર મંડળની સન્મુખ જતાં જતાં જંબૂદ્વીપમાં એ બેઉ સૂર્યો એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરીને એક એક મંડળમાં પૂર્વ પૂર્વ મંડળગત પછીના પરિમાણથી અનન્તર મંડળના અંતરમાં વિવક્ષિત મંડળમાં એક બીજાના અંતરને ઓછું કરીને બીજા છ માસના ત્યાશીમા અહોરાત્રીમાં સૂર્યસંવત્સરના અન્તસમયમાં એટલે કે સર્વાભ્યન્તર મંડળ સંચરણ કાળ સુધીના કાળમાં સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, અર્થાત્ સૂર્યસંવ-

ત્સરના અન્તના સમયમાં સર્વાભ્યન્તર મંડળમાં બન્ને સૂર્યો ગતિ કરે છે.

(जया णं एए दुवे सूरिया सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं णवणवति जोयणसहस्साइं छच्च चत्ताले जोयणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति) જ્યારે એ બન્ને સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે નવ્વાણુ હજાર છસો ચાળીસ યોજનનું પરસ્પરમાં અંતર કરીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે-એક મંડળમાંથી બીજા મંડળમાં સંચરણ સમય ક્રમમાં જ્યારે જંબૂદ્વીપમાં આવીને એ બન્ને સૂર્યો સંચાર કરતા કરતા સર્વાભ્યન્તર મંડળનું ઉપક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે નવ્વાણુ હજાર છસો ચાળીસ=૯૯૦૦૦+૬૪૦=૯૯૬૪૦ યોજનનું પરસ્પરમાં અંતર કરતા દૃષ્ટિગોચર થાય છે. (तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા જઘન્ય બાર મુહૂર્તની રાત હોય છે. અર્થાત્ સર્વાભ્યન્તર મંડળના સંચરણ સમયમાં ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત સૌથી મોટો છત્રીસ ઘડિ યુક્ત અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા જઘન્ય એકદમ નાની બાર મુહૂર્ત પ્રમાણુની અર્થાત્ ચોવીસ ઘડીની રાત્રી થાય છે. જેમ ત્યાં દિનમાન ૩૬ છત્રીસ ઘડીનું તથા રાત્રીમાન ચોવીસ ઘડી પ્રમાણનું થાય છે તેમ અહીંયાં પણ પૂર્વોક્ત પ્રકારથી જ પૂર્વ પૂર્વનું અંતર પરિમાણથી પછીના મંડલના પરિમાણનું પાંચ પાંચ યોજનોથી તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસમાં ભાગ ઓછા થવાથી તથા બીજે વધારે થવાથી એટલે કે ઓછાવત્તુ થવાથી આ પ્રમાણેના અંતર પરિમાણની ભાવનાથી અને ત્રૈરાશિક પ્રકારથી સમ્યક્ત રીતે સુસંગત થાય છે.

(एस णं दोच्चे छम्मासे एस णं दोच्चस्स छम्मसस्स पज्जवसाणे) આ પ્રમાણે બીજા છ માસ સંબંધી કથન કરેલ છે, આજ પ્રકારથી બીજા છ માસનું પર્યવસાન અર્થાત્ અંત થાય છે. આજ આદિત્યસંવત્સર કહેલ છે. આજ રીતે આદિત્યસંવત્સરનું પર્યવસાન અર્થાત્ સમાપ્તિ થાય છે, કહેવાનો ભાવ એ છે કે—આ પૂર્વોક્ત અનેક પ્રકારના લક્ષણોથી ઉપલક્ષિત બીજા છ માસ બન્ને સૂર્યના તુલા રાશિથી મીનાન્ત રાશીના ઉપભોગ રૂપ કાળમાં થાય છે, આજ બીજા છ માસનો અંત છે. અર્થાત્ સમાપ્તિ કાળ છે. આજ આદિત્ય સંવત્સર અર્થાત્ સૌરસંવત્સર છે. આજ આદિત્ય સંવત્સર એટલે કે સૌરવર્ષનો સમાપ્તિ કાળ છે. કે જે સાયન મીનાન્ત ભોગાત્મક હોય છે, આ રીતના ક્રમથી વિસ્તાર પૂર્વક અહોરાત્રિની વ્યવસ્થા પ્રતિપાદિત કહેલ છે. ।।સૂ૦ ૧૫।।

પહેલા પ્રાભૃતનું ચોથું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।। ૧-૪ ।।

## પાંચમું પ્રાભૃતપ્રાભૃત પ્રારંભ—

ટીકાર્થ :—હવે આગળ કહેવામાં આવનાર આ પાંચમા પ્રાભૃતપ્રાભૃતના અર્થાધિકારમાં (कियन्तं द्वीपं समुद्रं वा सूर्योऽवगाहते) આ વિષયના સંબંધમાં શ્રી ગૌતમસ્વામી પ્રભુશ્રીને પ્રશ્ન કરતાં કહે છે, (ता केवइयं दीवं समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ आहितातिं वएज्जा) ત્યાં કેટલા દ્વીપો અને સમુદ્રોનું અંતર કરીને સૂર્ય ગતિ કરે છે? તે આપ કૃપાળુ મને કહો. અર્થાત્ એ જંબૂદ્વીપમાં કેટલા પ્રમાણના અને કેટલી સંખ્યાવાળા સમુદ્રનું અંતર કરીને સૂર્ય ગતિ કરે છે? તે આપ કૃપાળુ મને કહો અર્થાત્ એ જંબૂદ્વીપમાં કેટલા પ્રમાણના અને કેટલી સંખ્યાવાળા સમુદ્રનું અંતર કરીને સૂર્ય ગતિ કરે છે? તે મને કૃપા કરીને સમજાવો. શ્રી ગૌતમસ્વામીએ આ રીતે પ્રભુશ્રીને પૂછવાથી પ્રતિપક્ષિયોને આ સંબંધમાં અનુત્તર કરવાની ઈચ્છાવાળા સર્વજ્ઞ ભગવાન્ પહેલાં પરતીર્થિકોની પ્રતિપત્તિયોના મિથ્યાભાવોને બતાવવા માટે એ પરતીર્થિકોની પ્રતિપત્તિયોનું જ સામાન્ય રીતે કથન કરે છે. (तत्थ खलु इमाओ पंच पडिवत्तीओ पण्णत्ताओ) તેમાં આ પાંચ પ્રતિપત્તિયો કહેવામાં આવેલ છે, અર્થાત્ જંબૂદ્વીપમાં ગતિ કરતા સૂર્યના દ્વીપ સમુદ્રોમાં અવગાહનના સંબંધમાં આવેલ વક્ષ્યમાણ સ્વરૂપવાળા પરમત વાદીઓની પાંચ પ્રતિપત્તીયો છે, અર્થાત્ પરમતવાદીઓની અનેક પ્રતિપત્તીયો હોવા છતાં પણ તે ઉલ્લેખનીય નથી એ પ્રતિપત્તીઓમાં કેવળ આ વક્ષ્યમાણ પાંચ પ્રતિપત્તીયો જ વિશેષ પ્રકારથી કહેવા યોગ્ય છે. એ જ અહીંયાં કહેવામાં આવે છે, તે આ પ્રમાણે છે.

(एगे एव माहंसु) કોઈ એક પરતીર્થિક આ નીચે કહેવામાં આવ્યા પ્રમાણે પોતાના મતનું સ્વરૂપ બતાવે છે. (ता एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं दीवं समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) એક હજાર યોજન તથા એકસો તેત્રીસ યોજન દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે—એ પાંચ પરમત-વાદિયોના મતોને સ્પષ્ટ પ્રકારથી બતાવવા માટે ફરીથી સૂત્રકાર કહે છે કે પરમતવાદિયોના અનેક પ્રકારના કથનમાં ક્રમોપદર્શનના હેતુથી અહીંયાં તાવત્ શબ્દનો પ્રયોગ કરેલ છે. જંબૂદ્વીપમાં ગતિ કરતો સૂર્ય એક હજાર એકસો તેત્રીસ યોજન દ્વીપ અને સમુદ્રોમાં

અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે. આ રીતે ગતિ કરતો સૂર્ય જ્યારે સર્વાભ્યન્તર મંડળમાં જાય છે ત્યારે ૧૩૩ એકસો તેત્રીસ યોજન પ્રમાણુના દ્વીપો અને સમુદ્રોને અવગાહિત નામ વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત એટલે કે પરમપ્રકર્ષ-પ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અર્થાત્ છત્રીસ ઘડિનો દિવસ હોય છે. અને જઘન્ય એટલે કે સર્વાલ્પ ચોવીસ ઘડીથી યુક્ત બાર મુહૂર્તની રાત્રી હોય છે. એ જ પ્રમાણે જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે લવણસમુદ્રનું ૧૧૩૩ એક હજાર એકસો તેત્રીસ યોજન જેટલા પ્રમાણનું અંતર કરીને ગતિ કરવાનો આરંભ કરે છે. ત્યારે પરમપ્રકર્ષપ્રાપ્ત છત્રીસ ઘડીના પ્રમાણવાળી અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્ત પ્રમાણથી યુક્ત ચોવીસ ઘડીનો દિવસ હોય છે. હવે આ વિષયનો ઉપસંહાર કરતાં કહે છે-(एगे एव माहंसु) પૂર્વોક્ત કોઈ એક પરતીર્થિક આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું પ્રતિપાદન કરે છે.

(एगे पुण एवमाहंसु) બીજો કોઈ પરમતવાદી પહેલા પરતીર્થિકના મતને સાંભળીને આ નીચે કહેવામાં આવનાર પ્રકારથી પોતાનો મત પ્રગટ કરતાં કહે છે, (ता एगं जोयणसहस्सं एगं चउतीसं जोयणसयं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) એક હજાર એકસો ચોત્રીસ યોજન પરિમિત દ્વીપ અને સમુદ્રોને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે, કહેવાનો ભાવ એ છે કે-પહેલા પરતીર્થિકના મતને જાણીને બીજો અન્ય મતવાદી પોતાના મતને પ્રગટ કરતો કહેવા લાગ્યો (ता) તાવત્ જ્યાં સુધી હું મારા નીચે કહેવામાં આવનારા મતને ન કહું ત્યાં સુધી તમો ઉભા રહો. અર્થાત્ ધીરજ રાખો. તમારો મત સમીચીત નથી. અમારો મત સમીચીન યોગ્ય વસ્તુનું પ્રતિપાદન કરવાવાળો છે, તે તમો સાંભળો. એક લાખ યોજનના વ્યાસ વાળા જંબૂદ્વીપમાં વિચરણ કરતા બેઉ સૂર્યો પોતપોતાની ગતી કરે છે ત્યારે એક હજાર એકસો ચોત્રીસ યોજન પરિમિતનું અંતર કરીને દ્વીપ સમુદ્રોમાં વ્યાપ્ત થઇને જંબૂદ્વીપમાં ગતિ કરે છે. (एगे पुण एवमाहंसु) એ બીજો અન્યતીર્થિક

આ કથિત રીતના મતને જ પ્રમાણ રૂપ માને છે, તથા સર્વાભ્યન્તર અને સર્વબાહ્યમંડળના સંચરણ ક્રમથી દિવસ રાત્રીનું પ્રમાણ પણ પહેલાં પ્રતિપાદન કરેલ રીતે જ તેઓ પ્રતિપાદન કરે છે, ૨ આ રીતના બીજા પરમતવાદીના ડિંડિમઘોષને સાંભળીને (एगे पुण एवमाहंसु) કોઈ એક ત્રીજો અન્ય મતવાદી બીજા મતાવલમ્બીના અભિપ્રાયને સાંભળીને આ નીચે જણાવવામાં આવનારા પ્રકારથી પોતાના મતના સિદ્ધાંતને પ્રગટ કરતો થકો કહેવા લાગ્યો. તે પોતાનો મત આ પ્રમાણે કહે છે-

(ता एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) એક હજાર એકસો પાંત્રીસ યોજન વાળા દ્વીપ અને સમુદ્રને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે. આ ત્રીજા પરતીર્થિકના કહેવાનો ભાવ એ છે કે-તમો તમારા મતને જ પ્રમાણ રૂપ શી રીતે કહો છો ? મારા સિદ્ધાંતનો અભિપ્રાય પણ સાંભળો. બન્ને સૂર્યોનું વાસ્તવિક અંતરતો એક હજાર એકસો પાંત્રીસ યોજન એટલે કે ૧૧૩૫ અગીયારસો પાત્રીસ યોજન સુધીનું અંતર કરીને દ્વીપ સમુદ્રોમાં વ્યાપ્ત થઈને ગતિ કરે છે. અહીંયાં જ્યારે સર્વાભ્યન્તર મંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત એટલે કે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્ય એટલે કે એકદમ નાની બાર મુહૂર્તની રાત હોય છે. (एगे एवमाहंसु) ત્રીજો પરમતવાદી આ પૂર્વોક્ત પ્રકારથી પોતાનો સિદ્ધાંત કહે છે. ૩

ત્રીજા મતવાદી અન્યતીર્થિકના અભિપ્રાયને સાંભળીને (एगे पुण एवमाहंसु) બીજો કોઈ એક ચોથો અન્ય મતાવલમ્બી નીચે જણાવેલ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતાં કહેવા લાગ્યો (ता अवड्ढं दीवं समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) અર્ધા દ્વીપ અને સમુદ્રને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે, ચોથા મતવાદીના કહેવાનો ભાવ એ છે કે-મારા મતના અભિપ્રાયને સાંભળો જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે તે અર્ધા જંબૂદ્વીપનું અવગાહન કરે છે. તે સમયે પરમ ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત થયેલ

દિનમાન અઢાર મુહૂર્તનું હોય છે. અને રાત્રીમાન જઘન્યા અર્થાત્ નાનામાં નાની બાર મુહૂર્ત પ્રમાણવાળી હોય છે. તથા જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે ત્યાં ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત એટલે કે સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રી હોય છે તથા જઘન્ય બાર મુહૂર્ત પ્રમાણવાળો નાનામાં નાનો દિવસ થાય છે. (एगे पुण वमाहंसु) પૂર્વોક્ત ચોથો પરમતવાદી ઉપરોક્ત રીતે પોતાનો મત જણાવે છે. ૪

(एगे पुण एवमाहंसु) કોઈ એક પાંચમો અન્ય મતાવલમ્બી ચોથા અન્ય મતવાદીના સિદ્ધાંતને સાંભળીને તે પોતાના મતનું પ્રતિપાદન કરતાં આ પ્રમાણે કહેવા લાગ્યો (ताओ एगं जोयणसहस्सं एगं तेत्तीसं जोयणसयं दीवं समुद्दं वा ओगाहित्ता चारं चरइ) એક હજાર એકસો તેવીસ યોજનના પ્રમાણવાળા દ્વીપ સમુદ્રોને વ્યાપ્ત કરીને સૂર્ય ગતિ કરે છે, અર્થાત્ સંચાર કરતો સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે એક હજાર એકસો તેત્રીસ યોજન પ્રમાણના દ્વીપ સમુદ્રોને વ્યાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે ઉત્તમ કાષ્ટા પ્રાપ્ત અર્થાત્ સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. તથા જઘન્ય સૌથી નાની બાર મુહૂર્ત પ્રમાણવાળી રાત હોય છે. ત્યાં જ્યારે સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને સૂર્ય ગતિ કરે છે ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત હોય છે. અને બાર મુહૂર્ત પ્રમાણનો જઘન્ય એટલે કે નાનામાં નાનો દિવસ હોય છે. કોઈ દ્વીપ સમુદ્રનું અવગાહન કરતા નથી. કેવળ એક મંડળમાંથી બીજા મંડળમાં સંચાર કરતો સૂર્ય દિવસરાત્રીની વ્યવસ્થા કરે છે, આ પાંચમા અન્ય મતવાદીના મતમાં કંઈક વિશેષતા જણાય છે. ઘણુ ખરૂં પહેલા મતવાદીના મતને મળતો જુલતો આ પાંચમા અન્યતીર્થિકનો મત છે, અર્થાત્ જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળનું સંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે પણ તે કોઈ દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરતો નથી. તો પછી બાકીના મંડળોના પરિભ્રમણ સમયે કેવી રીતે અવગાહન કરશે? તથા જ્યારે સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને સૂર્ય ગતિ કરે છે, ત્યારે પણ કોઈ લવણસમુદ્રનું અવગાહન નથી કરતા

તો પછી બાકીના મંડળના પરિભ્રમણુ સમયે કેવી રીતે કરે ? પરંતુ દ્વીપસમુદ્રોના અંતરાલમાં જ બધા મંડળોમાં ગતિ કરે છે, એટલે કે દિવસ રાત્રિની વ્યવસ્થા કરતા રહે છે. ।૫।

આ પ્રમાણે પાંચે પ્રતિપત્તિયો પોતપોતાના ઉદ્દેશ અનુસાર કહી બતાવીને હવે આજ પ્રતિપત્તિયોનો ભાવ સ્પષ્ટ રીતે સમજાવે છે.-(तत्थ जे ते एवमाहंसु ता एगं जोयणसहस्सं एगं तेत्तीसं जोयणसयं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે એક હજાર એકસો તેત્રીસ યોજન દ્વીપ અને સમુદ્રોનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે, અર્થાત્ પહેલો મતવાદી જે એ પ્રમાણે કહે છે કે—એક હજાર એકસો તેત્રીસ યોજન એટલે કે ૧૧૩૩ અગીયારસો તેત્રીસ યોજનનું અંતર કરીને દ્વીપ અને સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય પોતાની ગતિ કરે છે. તેનો તેમ કહેવાનો હેતુ આ પ્રમાણે છે કે (जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं जबुद्दीवं एगं जोयणसयसहस्सं एगं च तेत्तीसं जोयणसयं ओगाहित्ता सूरिए चारं चरइ) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણુ કરીને ગતિ કરે છે ત્યારે જંબૂદ્વીપને ૧૧૩૩ અગ્યારસો તેત્રીસ યોજન સૂર્ય પોતાની ગતિ કરે છે. પહેલા અને ચોથા મતવાદીના મતથી એકસોવ્યાશી સંખ્યાવાળા મંડળમાં સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ ત્યાં જઇને ગતિ કરે છે. ત્યારે જંબૂદ્વીપની ૧૧૩૩ અગીયારસો તેત્રીસ ભૂમિના યોજનાન્તરમાં જેટલા દ્વીપો અને સમુદ્રોમાં અવગાહન કરીને સૂર્ય પોતાની ગતિ કરે છે. (तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) ત્યારે પરમ પ્રકર્ષને પ્રાપ્ત ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા બાર મુહૂર્ત પ્રમાણુવાળી જઘન્યા એટલે કે નાનામાં નાની રાત્રી હોય છે. અર્થાત્ સર્વાભ્યન્તર મંડળના સંચરણુ કાળમાં અગીયારસો તેત્રીસ યોજન પ્રમાણુવાળા અવગાહન સમયમાં ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત એટલે કે પરમ પ્રકર્ષ પ્રાપ્ત સૂર્ય હોય છે, તેથી ઉત્કર્ષથી એટલે કે સૌથી મોટો ૩૬ છત્રીસ ઘડીથી યુક્ત અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. અને ત્યાં ૨૪ ચોવીસ ઘડિથી યુક્ત જઘન્ય નામ સૌથી નાની

બાર મુહૂર્તની રાત્રી હોય છે, આ કથનથી એ સિદ્ધ થાય છે કે–સૂર્યના સર્વાભ્યન્તર મંડળના સંચરણના સમયમાં જંબૂદ્રીપમાં દિનમાન ઉત્કૃષ્ટ અર્થાત્ વધારે હોય છે. તથા રાત્રીમાન અત્યંત નાનું હોય છે.

(ताओ जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं लवणसमुद्दं एगं जोयणसयसहस्सं एगं च तेत्तीसं जोयणसयं ओगाहित्ता चरं चरइ) ત્યાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે લવણસમુદ્રને અગીયારસો તેત્રીસ યોજનનું અવગાહન કરીને ગતિ કરે છે. અર્થાત્ જંબૂદ્રીપના પરિભ્રમણ કાળમાં જ્યારે સૂર્ય એકસો ચોર્યાશી મંડળોમાં ભ્રમણ કરતો કરતો જ્યારે સર્વબાહ્યમંડળ અર્થાત્ મકરાન્ત વૃત્તનું ઉપસંક્રમણ કરીને એટલે કે ત્યાં જઈને મકરાન્ત મંડળને પ્રાપ્ત કરીને જ્યારે ગતિ કરે છે. અર્થાત્ એ મંડળમાં સંચરણ કરતો દૃષ્ટિગોચર થાય છે. ત્યારે લવણસમુદ્ર ૧૧૩૩ અગીયારસો તેત્રીસ યોજન પરિમાણવાળા ક્ષેત્રની અવગાહના કરીને અર્થાત્ મથિત કરીને ગતિ કરે છે. એટલે કે એવી રીતે સંચરણ કરતો દેખાય છે. આ પ્રથમ વાદીના કથનનો ભાવ છે.

(तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ) ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. અર્થાત્ સર્વબાહ્યમંડળના ભ્રમણ સમયે નિશ્ચિત પણાથી ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત એટલે કે મકરાદિ મંડળમાં હોય ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટા એટલે કે સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણ વાળી છત્રીસ ઘડિથી યુક્ત રાત્રી હોય છે, એટલે કે રાત્રીમાન છત્રીસ ઘડીનું હોય છે. તથા જઘન્ય સૌથી નાનો ૨૪ ચોવીસ ઘડિ પ્રમાણવાળો બાર મુહૂર્તનો દિવસ હોય છે. આ કથનથી એ સિદ્ધ થાય છે કે– પરમોત્કૃષ્ટ દિનમાન અને પરમોત્કૃષ્ટ રાત્રીમાન છત્રીસ ઘડી પ્રમાણવાળું હોય છે, તથા

સર્વ જઘન્ય એટલે કે સર્વથી નાનું રાત્રીમાન ચોવીસ ઘડી પ્રમાણવાળું હોય છે, (एवं चोत्तीसं जोयणसयं एवं पणतीसं जोयणसयं) આજ પ્રમાણે એકસો ચોત્રીસ યોજનના પ્રમાણ વિષે અને એકસો પાંત્રીસ યોજનના પ્રમાણ સંબંધમાં પણ સમજી લેવું. અર્થાત્ આ પૂર્વોક્ત પ્રકારના કથનાનુસાર એકસો ચોત્રીસ યોજનના સંબંધમાં એટલે કે એકસોતેત્રીસ યોજન પ્રમાણવાળા મંડળ ભ્રમણના પક્ષમાં જે પ્રમાણે દિવસ રાત્રીની વ્યવસ્થા પ્રગટ કરવામાં આવી ગઈ છે. એ જ પ્રમાણે એકસો ચોત્રીસની સંખ્યાના પરિમાણવાળા મંડળના પરિમાણ ક્ષેત્રમાં પણ સમજી લેવું. તેવી જ રીતે એકસો પાંત્રીસ યોજન પરિમાણવાળા મંડળના પરિભ્રમણ ક્ષેત્રમાં પણ એજ પ્રમાણેની દિવસરાતની વ્યવસ્થા સમજવી જોઈએ. અર્થાત્ સર્વાભ્યન્તર મંડળમાં દિનમાન પરમ અધિક પ્રમાણવાળો તથા સર્વબાહ્યમંડળમાં રાત્રીમાન અધિક પ્રમાણવાળું હોય છે, (पणतीसे वि एवं चेव भाणियव्वं) એકસો પાંત્રીસ યોજનની અવગાહના ક્ષેત્રના પક્ષમાં પણ સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં આવે ત્યારે દિનમાન પરમોત્કૃષ્ટ અર્થાત્ અઢાર મુહૂર્ત પ્રમાણવાળો હોય છે. તથા રાત્રિમાન પરમ નાનું એટલે કે બાર મુહૂર્તનું હોય છે. અને જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં આવે ત્યારે દિનમાન પરમ નાનું બાર મુહૂર્ત પ્રમાણવાળું હોય છે, તથા રાત્રીમાન પરમ વધારે અઢાર મુહૂર્તનું હોય છે. એ પ્રમાણેની ભાવના કરીને સમજી લેવું આજ પ્રકારે ભાવના કરવા (भाणियव्वं) આ પદથી સૂત્રકાર નિર્દેશ કરે છે. (तत्थ जे ते एवमाहंसु ताओ अवड्ढं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) તેઓમાં જેઓ એવું કહે છે કે અપાર્ધ દ્વીપ અને સમુદ્રોનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે. તેમના કહેવાનો અભિપ્રાય એ છે કે એ અન્ય મતવાદિયોમાં પ્રતિપત્તીયોના જુદાપણાની વિચારણામાં સૂર્યના સંચરણ અર્થાત ભ્રમણ ક્ષેત્રના સંબંધમાં અન્યમતવાદીઓ અહીં પ્રતિપાદ્યમાન વિષયના સંબંધમાં બધા પોતપોતાના મતનું જ સમર્થન કરે છે. તેઓ બીજાના મતને અર્થાત્ અભિપ્રાયને પોતાની દૃષ્ટિકોણમાં લાવ્યા વગર જ અર્ધાલ્પ ભાગને જ સિદ્ધાંત વિષયમાં લાવીને પ્રકાશિત કરે છે.

(अवड्ढं दीवं समुद्दं) ઈત્યાદિ સિદ્ધાંતના સંબંધમાં કહે છે કે અપાર્ધ એટલે જેનો અર્ધ ભાગ ન હોય તે અપાર્ધ અર્થાત્ અર્ધા ભાગથી રહિત એટલે કે કેવળ અર્ધા જંબૂદ્વીપ માત્રને અથવા અર્ધા લવણ સમુદ્રને આલોડિત અર્થાત્ મથિત કરીને સૂર્ય ત્યાં પોતાની ગતિ કરતો દૃષ્ટિગોચર થાય છે. (ते एव माहंसु) એ અન્યમતવાદિયો નિમ્નોક્ત પ્રકારથી કહે છે-(जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं अवड्ढं जंबुद्दीवं दीवं ओगाहित्ता चारं चरइ) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે અર્ધા જંબૂદ્વીપનું અવગાહન કરીને ગતિ કરે છે. કહેવાનો અભિપ્રાય એવો છે કે-એકસો ચોર્યાશી મંડળોમાં ભ્રમણ કરતાં કરતાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે કેવળ જંબૂદ્વીપના અર્ધા ભાગનું અવગાહન કરીને ગતિ કરતો દૃશ્યમાન થાય છે. (तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત એટલે કે ઉત્કૃષ્ટવાળો અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા જઘન્યા સૌથી નાની બાર મુહૂર્તની રાત હોય છે. અર્થાત્ જંબૂદ્વીપના અર્ધા ભાગની અવગાહન સમયમાં પરમ પ્રકર્ષ પ્રાપ્ત એટલે કે મિથુન સંક્રાંતિ મંડળમાં પ્રવેશ કરીને ઉત્તર દિશાના અંતમાં અર્થાત્ ઉત્તરાયણના અંત ભાગમાં ઉત્કર્ષ એટલે કે મોટામાં મોટો ૧૮ અઢાર મુહૂર્ત પ્રમાણવાળો છત્રીસ ઘડીનો દિવસ હોય છે, તથા સર્વજઘન્યા-સૌથી નાની બાર મુહૂર્ત પ્રમાણવાળી ચોવીસ ઘડીની રાત્રી હોય છે.

(एवं सव्वबाहिरए वि) આજ પ્રમાણે સર્વબાહ્યમંડલના સંબંધમાં પણ સમજી લેવું અર્થાત્ પૂર્વોક્ત ભાવનાવાળા કથનથી સર્વબાહ્યમંડળના સંબંધમાં પણ સમજી લેવું. અર્થાત્ જેવી રીતે સર્વાભ્યન્તરમંડળ ભ્રમણ કાળમાં અઢાર મુહૂર્તનો દિવસ અને બાર મુહૂર્તની રાત્રી કહેવામાં આવી છે. એજ પ્રમાણે સર્વબાહ્યમંડળમાં ભ્રમણ કરતી વખતે અઢાર મુહૂર્તની રાત તથા બાર મુહૂર્તનો દિવસ હોય છે. એ પ્રમાણેની ભાવના સમજી લેવી. (णवरं) વિશેષતા એ છે કે-(अवड्ढं लवणसमुद्दं) લવણ સમુદ્રના અર્ધા ભાગને છોડીને

એટલે કે કેવળ લવણસમુદ્રના અર્ધા ભાગનું જ્યારે સૂર્ય અવગાહન કરે છે. ત્યારે પણ દિવસરાત્રીની વ્યવસ્થા એ જ પ્રમાણે કહેવામાં આવેલ છે. (तया णं राइंदियं तहेव) ત્યારે રાતદિવસ એજ પ્રમાણે કહેવામાં આવેલ છે. એટલે કે દિવસ અને રાત્રીની વ્યવસ્થા પૂર્વોક્ત પ્રકારથી જ કહેલ છે. અર્થાત્ સર્વાભ્યન્તરમંડળના સંચરણ સમયમાં સર્વોત્કૃષ્ટ દિવસ હોય છે, તથા સર્વજઘન્ય એટલે કે સૌથી નાની રાત હોય છે, એજ પ્રમાણે સર્વ બાહ્યમંડળના સંચરણ સમયમાં સર્વોત્કૃષ્ટ રાત્રી હોય છે અને સર્વજઘન્ય એટલે સૌથી નાનો દિવસ હોય છે. આ એ બન્ને કથનમાં જુદા પણું છે. (तत्थ जे ते एवमाहंसु ता णो किंचि दीवं समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) તેમાં જેઓ એવું કહે છે કે કોઈ પણ દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરતો નથી. આ પ્રમાણેના કથનવાળી પાંચમી પ્રતિપત્તિના સંબંધમાં જે તીર્થાન્તરીયો એકસો તેત્રીસ વિગેરેના ક્રમથી પોતપોતાના કથનના સંબંધમાં કહે છે તેઓ કોઈ પણ દ્વીપ અને સમુદ્રને અવગાહિત કરીને સૂર્ય ગતિ કરે છે તેમ કહેતા નથી. (ते एवमाहंसु) તેઓ આ નીચે દર્શાવવામાં આવેલ વક્ષ્યમાણ કથનના પ્રકારથી કહે છે, (ताओ जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं णो किंचि दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે તે કોઈ પણ દ્વીપ કે સમુદ્રને અવગાહિત કરીને ગતિ કરતો નથી. આ કથન કહેવાનો ભાવ એ છે કે જંબૂદ્વીપના ભ્રમણ કાળમાં જ્યારે સૂર્ય એકસો ચોર્યાસી મંડળોમાં ભ્રમણ કરતા કરતા જ્યારે સર્વાભ્યન્તર મંડળમાં અર્થાત્ એ મંડળમાં જઈને ગતિ કરે છે એટલે એ મંડળમાં વિચરણ કરતો દેખાય છે. ત્યારે સૂર્ય કોઈ પણ દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને ગતિ કરતો નથી પરંતુ દ્વીપ અને સમુદ્રનું અવગાહન કર્યા વિના જ ગતિ કરે છે. તો પણ (तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवई) ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કર્ષથી અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, તથા જઘન્યા બાર મુહૂર્તની

રાત્રી હોય છે, અર્થાત્ સર્વાભ્યન્તરમંડળના ભ્રમણકાળમાં ઉત્તમ કાષ્ઠા એટલે કે અયનના અંતભાગમાં ઉત્કર્ષ એટલે કે સૌથી મોટો અઢાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ હોય છે, તથા જઘન્ય સૌથી નાની બાર મુહૂર્ત પ્રમાણવાળી ચોવીસ ઘડીથી યુક્ત રાત્રી હોય છે. **(तहेव एवं सव्वबाहिरए मंडले)** એજ પ્રમાણેનું સઘળું કથન સર્વબાહ્યમંડળના સંબંધમાં પણ કહેલ સમજવું. અર્થાત્ જે પ્રમાણેની વ્યવસ્થા સર્વાભ્યન્તર મંડળના સંબંધમાં પ્રગટ કરવામાં આવેલ છે એજ પ્રકારની વ્યવસ્થા સર્વબાહ્યમંડળના સંબંધમાં ભાવના ભાવિત કરી લેવી **(णवरं णो किंचि लवणसमुद्दं ओगाहित्ता चारं चरइ राई दियं तहेव)** વિશેષમાં કોઈ પણ લવણસમુદ્રનું અવગાહન કરીને ગતિ કરતા નથી, આ કથનમાં વિશેષપણું એ છે કે-સર્વાભ્યન્તર મંડળના વિષયમાં કથિત ક્રમથી વિશેષતા કંઈ જ નથી, એજ પ્રમાણે લવણસમુદ્રને અવગાહિત કરીને પણ સૂર્ય ગતિ કરતો નથી તથા રાત્રિ દિવસની વ્યવસ્થા પણ એજ પૂર્વોક્ત પ્રકારના પ્રમાણે જ છે. **'एगे एव माहंसु'** કોઇ પરમતવાદી એ પ્રમાણે કહે છે. આ પૂર્વોક્ત પ્રકારથી બધા જ અન્યતીર્થિકો એટલે કે પરમતાવલમ્બીઓ પોતપોતાના મતના સંબંધમાં કથન કરે છે. ॥ સૂ૦ ૧૬ ॥

ટીકાર્થ :–પૂર્વ સૂત્રમાં પરતીર્થિકોએ કહેલ પ્રતિપ્રત્તિયોનું કથન સ્પષ્ટપણાથી કહી બતાવીને હવે સૂત્રકાર એ પરતીર્થિકોનો મિથ્યાપ્રલાપ બતાવીને પોતાના સ્વ સિદ્ધાંતને પ્રગટ કરે છે.

**(वयं पुण एवं वयामा)** હે ગૌતમ હું આ સંબંધમાં આ નીચે જણાવવામાં આવેલ પ્રકારથી કહું છું અર્થાત્ જ્ઞાનદર્શનને પ્રાપ્ત કરીને જ્ઞાનચક્ષુવાળો હું આ વક્ષ્યમાણ પ્રકારથી વાસ્તવિક સ્વરૂપના સંબંધમાં કહું છું જેમ કે–જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે-મિથુનાન્તમંડળમાં ગતિ કરીને જ્યારે સંચાર કરે છે અર્થાત્ ત્યાં ભ્રમણ કરતો દૃષ્ટિગોચર થાય છે ત્યારે એ મંડળના ભ્રમણકાળમાં એકસો એંસી યોજન જંબૂદ્વીપને અવગાહિત કરીને અર્થાત્ જંબૂદ્વીપના એટલા ક્ષેત્રને મથિત કરીને ગતિ કરે છે. અર્થાત્ ત્યાં ગતિ કરતો દેખાય છે, **(तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ)** ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને **(जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ)** જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે. કહેવાનો અભિપ્રાય એ છે કે– એકસો એંસી યોજન પ્રમાણવાળા જંબૂદ્વીપ ક્ષેત્રના અવગાહન કાળમાં સૂર્ય ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત હોય છે. અર્થાત્ ઉત્તરાયણના અંત સમયવાળો હોય છે. તેથી ઉત્કર્ષક અર્થાત્ વધારેમાં વધારે અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. અને જઘન્યા એટલે કે સૌથી નાની બાર મુહૂર્ત પ્રમાણ

વાળી રાત્રી હોય છે.

(**एवं सव्वबाहिरेवि**) આજ પ્રમાણે સર્વબાહ્યમંડળમાં સૂર્યના ભ્રમણ કાળમાં પણ સમજી લેવું. વિશેષતા કેવળ રાત્રી દિવસના પ્રમાણની વિષમતા એટલે કે ફેરફારવાળી ગતિને લઈને હોય છે, અર્થાત્ જંબૂદ્વીપની અપેક્ષાથી ઉલ્ટી રીતે સમજવાનું છે. અર્થાત્ ત્યાં જે પ્રમાણ રાત્રી વિષે કહેલ છે, તે અહીંયાં દિવસનું પ્રમાણ સમજવાનું છે. અને ત્યાં જે દિવસનું પ્રમાણ કહેવામાં આવેલ છે તે પ્રમાણ અહીંયાં રાત્રિનું સમજવુ (**नवरं समुद्दं तिण्णितीसे जोयणसए ओगाहित्ता चारं चरइ**) અહીયાં વિશેષતા એ છે કે-લવણ સમુદ્રમાં ૧૩૩ એકસો તેત્રીસનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે, કહેવાનો ભાવ એ છે કે-આ કથનમાં પૂર્વોક્ત કથન કરતાં વિશેષતા એજ છે કે-સર્વાભ્યન્તર અને સર્વબાહ્ય મંડળના સંચરણના ક્રમથી દિવસ રાત્રીનું પરિમાણ પૂર્વોક્ત પ્રકારથી જ ભાવિત કરી સમજી લેવું. જ્યારે સૂર્ય એકસો તેત્રીસ ૧૩૩ યોજન પરિમાણના લવણસમુદ્રના ક્ષેત્રને અવગાહિત કરીને ગતિ કરે છે એટલે કે ત્યાં ગતિ કરતો દૃષ્ટિગોચર થાય છે (**तया णं उत्तम-कट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ**) ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા આઢાર મુહૂર્ત પ્રમાણવાળી રાત્રી હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે, કહેવાનો ભાવ એ છે કે લવણસમુદ્રના એકસો તેત્રીસ યોજન ક્ષેત્રના અવગાહન કાળમાં ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ દક્ષિણાયનના અંતમાં મકરાદિમંડળમાં પ્રવૃત્ત ઉત્કૃષ્ટા એટલે કે સર્વાધિક અઢાર મુહૂર્ત છત્રીસ ઘડીની અઢાર મુહૂર્ત પ્રમાણવાળી રાત્રી હોય છે. તથા જઘન્ય સૌથી નાનો ચોવીસ ઘડીનો બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. કોઈ સ્થળ પર (**सव्वबाहिरे वि**) આ અતિદેશ કહ્યા વિના જ સંપૂર્ણ સૂત્ર લખેલ જોવામાં આવે છે, પણ અહીંયાં તે સંબંધમાં વિચારવાનું કારણ ન હોવાથી તે સંબંધમાં ઉલ્લેખ કરેલ નથી.

(**गाहाओ भाणियव्वाओ**) અહીંયાં આ વિવક્ષિત અર્થને સમ્યગ્ રીતે બતાવવાવાળી કોઈ પ્રસિદ્ધ સંગ્રાહિક ગાથાઓ છે. તે અહીયાં ઉલ્લેખનીય અને વિચારણીય છે, પરંતુ તે ગાથાઓ વ્યવછિન્ન થઈ ગયેલ છે. તેથી તેને અહીયાં કહેવા કે તે સંબંધી વ્યાખ્યા કરવાનું શકય નથી તેથી તે સંબંધી અહીં વિચાર કરી શકાયેલ નથી. ॥ સૂ૦ ૧૭॥

પહેલા પ્રાભૃતનું પાંચમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧-૫ ॥

## છટ્ઠા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ :-આ છટ્ઠા પ્રાભૃતપ્રાભૃતમાં (केवइयं विकंपइ) આ અર્થાધિકારથીસૂર્ય એક દિવસરાતમાં કેટલાં ક્ષેત્રનું વિકંપન કરે છે? આ વિષયના સંબંધમાં પ્રશ્નાર્થ કરવામાં આવેલ છે તેથી સૂત્રકાર આવિષય સંબંધી પ્રશ્ન સૂત્ર કહે છે. (ताओ केवइयं ते एगमेगेणं राइंदिएणं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ आहितेति वएज्जा) હે ભગવન્! આપના મતથી એક એક રાત્રિ દિવસમાં સૂર્ય પ્રવિષ્ટ થઈને ગતિ કરે છે તેમ કહેવામાં આવેલ છે? તે કહો. કહેવાનો અભિપ્રાય એ છે કે અત્યંત, વિચક્ષણ શિષ્ય, પ્રવચનપ્રવર્તક ગુરૂને વિનમ્ર ભાવથી પ્રશ્ન કરતાં કહે છે કે હે ગુરૂદેવ આપના મતથી સૂર્ય એક એક અહોરાત્રમાં એટલે કે દિવસ રાતમાં કેટલા પ્રમાણવાળા ક્ષેત્રનું વિકંપન કરીને એટલે કે પોત પોતાના મંડળમાંથી બહાર નીકળીને અથવા મંડળની અંદર પ્રવેશ કરીને ગતિ કરતો કહેલ છે તે કૃપા કરીને મને કહો.

વિકંપન એટલે પોતપોતાના મંડળમાંથી બહાર નીકળવું તથા બીજા મંડળમાં પ્રવેશ કરવો જેમ પાણીમાં એક નૌકાથી બીજી નૌકામાં જતી વખતે બન્ને નૌકાઓનું વિકંપન થાય છે. એમ પરમતવાદીયોનો મત છે. એવી રીતે આકાશમાં સૂર્યના એક મંડળમાંથી બીજા મંડળમાં જતી વખતે બન્ને મંડળોનું વિકમ્પન થાય છે તે પારિભાષિક અર્થાત્ રૂઢ છે. તેથી પ્રશ્ન કર્તા કહે છે કે કેટલા ક્ષેત્રને વિકમ્પિત કરીને સૂર્ય ગતિ કરે છે? આ પ્રમાણેના ગૌતમસ્વામીના પ્રશ્ન કરવાથી આ વિષયમાં પરતીર્થિકોનો મિથ્યાભાવ બતાવવાના ઉદ્દેશથી તેમની માન્યતા રૂપ પ્રતિપત્તિયોને પહેલાં પ્રગટ કરતા થકા પ્રભુશ્રી કહે છે-

(तत्थ खलु इमाओ सत्त पडिवत्तीओ पण्णत्ताओ) આ વિષયના સંબંધમાં વક્ષ્યમાણ અન્ય મતવાદીયોની સાત પ્રતિપત્તીયો કહેવામાં આવેલ છે. તે આ પ્રમાણે છે-(तत्थ एगे एवमाहंसु) એ મતાન્તરના સંબંધમાં કોઈ એક પક્ષાના તીર્થાન્તરીય આ નીચે જણાવવામાં આવેલ પ્રકારથી પોતાના મતનું કથન કહે છે તે આ પ્રમાણે છે-(ताओ दो जोयणाइं अद्धदुचत्तालीसं तेसीतिसयभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता सूरिए चारं चरइ) બે યોજન તથા બેંતાલીસનો અર્ધો ભાગ એવં એક યોજનના એકસો ત્યાશી ભાગ ક્ષેત્રનું એક એક રાત દિવસમાં વિકમ્પન કરતો સૂર્ય પોતાની ગતિ કરે છે, કહેવાનો ભાવ એ છે કે-એક અન્યમતવાદીનું કહેવું છે કે-બે યોજન તથા અર્ધા બેતાલીસ અર્થાત્ સાડી એકતાલી ૪૧ $\frac{1}{2}$ કહેવાનો ભાવ એ છે કે એક યોજનના એકસો ત્યાશી ભાગોથી

વડે ચાયેલ એક એક રાત દિવસમાં વિકમ્પન કરીને સૂર્ય પોતાની ગતિ કરે છે. અર્થાત્ એક મંડળમાંથી બીજા મંડળમાં પ્રવેશ કરતી વખતે અથવા તેમાંથી બહાર નીકળવાના સમયે આટલા ક્ષેત્રનું વિકમ્પન કરે છે. પહેલા તીર્થાન્તરીયના મતથી એક અહોરાત્રમાં આટલું વિકમ્પનક્ષેત્ર છે, જેમ કે-૨ યોજન + ૪૧ $\frac{૧}{૨}$ યોજનનું $\frac{૧}{૧૮૩}$ યોજન એટલે કે એક યોજનના એકસોવ્યાશી ભાગથી સાડીએકતાલીસ ભાગો સાથે બે યોજન વિકમ્પનક્ષેત્રનું પ્રમાણુ કહેલ છે, (एगे एव माहंसु) સાત પ્રતિવાદિયોમાં પ્રથમ પક્ષવાળા પ્રતિવાદી આ પ્રમાણે પોતાના મતનું પ્રતિપાદન કરે છે.

હવે આ પ્રકરણનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે-(एगे पुण एवमाहंसु) કોઈ બીજો અન્ય મતવાદી આ નીચે જણાવેલ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરે છે. (ताओ णं अड्ढ तिज्जाइं जोयणाइं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता सूरिए चारं चरइ) અર્ધ તૃતીય યોજન એક એક રાત દિવસમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે. બીજો પરમતવાદી પોતાના અભિપ્રાયને પ્રગટ કરતાં કહે છે કે-મારો સિદ્ધાંત તમો સાંભળો. અર્ધા યોજન સહિત ત્રણ યોજન ૩-$\frac{૧}{૨}$ જેટલા ક્ષેત્રનું એક એક અહોરાત્રમાં વિકમ્પન કરીને અર્થાત્ પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને અથવા તો અંદર પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે. આ પ્રમાણે બીજા પ્રતિવાદી અર્થાત્ અન્યમતવાદીનો મત છે, (एगे एवमाहंसु) કોઈ એ અર્થાત્ બીજા પક્ષવાળો પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું કથન કરે છે. ૨

(एगे पुण एवमाहंसु) ૩ કોઈ એક ત્રીજો પરમતવાદી હવે પછી કહેવામાં આવનારી પોતાના મતના સંબંધમાં કહે છે જેમ કે-(तिभागूणाइं तिन्नि जोयणाइं एगमेगेणं राइदिएणं विकंपइत्ता सूरिए चारं चरइ) ત્રણ ભાગ ઓછા ત્રણ યોજન જેટલા ક્ષેત્રનું એક એક રાતદિવસમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે. કહેવાનો અભિપ્રાય એ છે કે—

બીજા મતવાદીના કથનને સાંભળીને ત્રીજો અન્યમતવાદી કહેવા લાગ્યો કે–તમો બેઉનો મત સમીચીન અર્થાત્ સયુક્તિક નથી, તમો મારા સિદ્ધાંતને સાંભળો સૂર્યના વિકમ્પન ક્ષેત્રનું પ્રમાણ ત્રણ યોજન અર્થાત્ ત્રણ ભાગ ઓછા ત્રણ યોજન ક્ષેત્રનું એક એક રાત દિવસમાં એટલે કે એક એક અહોરાત્રથી વિકમ્પન કરીને અર્થાત પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને અને અંદર પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે. આ રીતના ત્રીજા મતવાદીના કથન પ્રમાણે વિકમ્પન ક્ષેત્રનું પ્રમાણ ત્રણ યોજનમાં એક યોજનના ત્રણ ભાગ જેટલું ઓછું ૩ $\frac{1}{3}$ ન્યૂન થાય છે, (एगे एवमाहंसु) ત્રીજો મતવાદી આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. ૩

(एगे पुण एव माहंसु) ૪ કોઈ એક અન્યમતવાદી આ પ્રમાણે કહે છે. અર્થાત્ ત્રીજા મતવાદીના અભિપ્રાયને જાણીને ચોથો મતવાદી આ નીચે કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મત વિષે કહેવા લાગ્યો, (तओ तिन्नि जोयणाइं अद्धसीतालीसं च तेसीतिसय· भागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ) ત્રણ યોજન અને એક યોજનના સુડતાલીસનો અર્ધો ભાગ તથા એક યોજનનો એકસો ત્યાશીમા ભાગ ક્ષેત્રનું એકએક રાતદિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે–એ ચોથા પરમતવાદીનું કહેવું છે કે–આપ ત્રણેના મત સંબંધી કથન સયુક્તિક નથી જેથી તમો મારા મતને સાંભળો સૂર્યના વિકંપનક્ષેત્રમાં પૂરા ત્રણ યોજન અને અર્ધો છેતાલીસ તથા એક યોજનના એકસો ત્યાસી ભાગોના ક્ષેત્રમા એક એક રાતદિવસમાં વિકંપન કરીને અર્થાત્ પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને અથવા અંદર પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે. અર્થાત્ દૃષ્ટિગોચર થાય છે, આ પૂર્વોક્ત કથન પ્રકારથી ચોથા મતવાદીના મતથી સૂર્યનું વિકંપન ક્ષેત્ર=૩ યોજન + ૪૬ $\frac{1}{2}$ × $\frac{1}{183}$ યોજન થાય છે, આ પ્રમાણે ચોથા મતાવલમ્બીનું કહેવું છે. (एगे पुण एवमहंसु) અર્થાત્ ચોથા મતવાળા પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું પ્રતિપાદન કરે છે. ૪

(एगे पुण एवमाहंसु) ચારેયના મતને સાંભળીને કોઇ પચમ મતવાદી નીચે કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતને જણાવતો કહે છે-(तओ अद्धुट्ठाइं जोयणाइं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ) અર્ધું ચોથું યોજન એક એક રાત-દિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. આ પાંચમા અન્યમતાવલંબીના કહેવાનો ભાવ એ છે કે-તમો ચારેના મત ઉપપત્તિ વગરના છે. મારો મત સોપપત્તિક છે. એટલે કે સયુક્તિક છે. મારો મત આ પ્રમાણે છે. અર્ધું ચોથું યોજન એટલે કે સાડાત્રણ યોજન એક એક અહોરાત્રમાં વિકંપન કરીને અર્થાત્ બહાર નીકળીને તથા અંદર પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે. આ પ્રમાણે સૂર્ય ગતિ કરતો કહેલ છે. (एगे एवमाहंसु) પાંચમો મતાવલમ્બી આ પ્રમાણે કહે છે તેના કહેવા પ્રમાણે અર્થાત્ પાંચમા તીર્થાન્તરીયના મતથી સૂર્યના વિકંપન ક્ષેત્રનું પ્રમાણ ૩ ½ સાડાત્રણ યોજન માત્ર છે. ૫

(एगे पुण एवमाहंसु) પાંચમા મતવાદીના સિદ્ધાંતમાં વિષમપણું જોઇને ગણગણાયિત ચિત્તવાળો છટ્ઠો પરમતવાદી પોતાના મતને નીચે બતાવવામાં આવનાર પ્રકારથી પ્રગટ કરતો કહેવા લાગ્યો (ता चउभागऊणाइं चत्तारि जोयणाइं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता विइकंपइत्ता सूरिए चारं चरइ) ચાર ભાગ ઓછા ચાર યોજન એક એક રાતદિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. છટ્ઠા મતવાદીનું કહેવું એવું છે કે-તમો પાંચેયના મત પ્રમાણબાહ્ય અને યુક્તિ શૂન્ય છે મારો મત સપ્રમાણ અને સયુક્તિક છે તે તમો સાંભળો ચાર ઓછા ચાર યોજન અર્થાત પા ભાગ કમ ચાર યોજન એક એક રાતદિવસમાં વિકંપન કરીને માને પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને તથા અંદર પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે, (एगे एवमाहंसु) કોઇ છટ્ઠો મતવાદી પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતોથકો આ રીતે કહે છે. ૬

હવે સાતમા પરમતવાદીનો મત કહેવામાં આવે છે-(एगे पुण एवमाहंसु) છએ મતાવલમ્બીઓના જુદા જુદા પ્રકારના મતોને જાણીને સાતમો અન્યતીર્થિક નીચે કહેવામાં આવનાર પોતાના મતને પ્રગટ કરતો કહેવા લાગ્યો (ताओ चत्तारि जोयणाइं अद्धबावण्णं च तेसीतिसयभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ) ચાર યોજન તથા પાંચમુ યોજન અર્ધું તથા એક યોજનનો એકસોગ્યાસીમો ભાગ એક એક અહોરાત્રીમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે-છએ પર-મતાવલમ્બીયોના સિદ્ધાંતોને સાંભળીને સાતમો તીર્થાન્તરીય ગડગડાયિત્ત ચિત્તવાળો થઇને કહેવા લાગ્યો તમો છએનો સિદ્ધાંત સમ્યક્ પ્રકારનો નથી મારો મત સપ્રમાણ છે, તે તમો સાંભળો ચાર યોજન તથા અર્ધું પાંચમું યોજન એટલે કે સાડાચાર યોજન તથા એક યોજનનો એકસો ગ્યાશીમો ભાગ એક એક અહોરાત્રમાં વિકંપન કરીને અર્થાત્ પોતપોતાના મંડળથી બહાર નીકળીને અને મંડળમાં પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે. આ પ્રમાણે સાતમા અન્ય તીર્થિકનો મત છે.

આ પ્રમાણે ક્રમાનુસાર મિથ્યાપ્રલાપ કરનારા સાતે પરતીર્થિકોના મિથ્યાભાવ રૂપ પરમતવાદીયોની પ્રતિપત્તિયોનું કથન કરીને હવે સઘળા સચ્છસ્રોના સારાસાર રૂપ સાગરના મંથનથી માખણ જેવી સ્નિગ્ધ બુદ્ધિશાળી અનિન્દિત વીતરાગ ભગવાન્ મહાવીરસ્વામી પોતાના મતને પ્રગટ કરતા કહે છે-(वयं पुण एवं वयामो) હું પ્રાપ્ત કેવળજ્ઞાનની પ્રભાથી વક્ષ્યમાણ પ્રકારથી યથાર્થ સ્વરૂપ સૂર્યના વિકંપનના સંચાર સંબંધમાં કહું છું જે આ પ્રમાણે છે-(ता दो जोयणाइं अडतालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगं मंडलं एगमेगेणं राइंदिएणं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ) બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક મંડળ ક્ષેત્રનું એક એક અહોરાત્રમાં વિકમ્પન કરીને સૂર્ય ગતિ કરે છે.

કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ પોતાના સિદ્ધાંતને પ્રગટ કરતાં કહે છે કે-હે મિથ્યા પ્રલાપ કરવાવાળા તીર્થાન્તરીયો તમો સૌનું કથન કેવળ વાર્તા માત્ર જેવું જણાય છે. કેવળજ્ઞાનથી પ્રાપ્ત કરેલ સત્સ્વરૂપ વસ્તુ તત્વને હું કહું છું તે તમે સાંભળો સૂર્યનું વિકંપન ક્ષેત્ર એક રાત્રિ દિવસમાં પૂરા બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ અર્થાત્ એકસઠની સંખ્યાથી વિભક્ત કરેલ એક યોજનના ભાગોવાળા અડતાલીસ ભાગ $\frac{48}{61}$ જેટલા પ્રમાણના યોજન અને યોજનના ભાગોથી એક એક મંડળ પોતાના સંચરણ માટે નિશ્ચિત કરેલ મંડળોને એક એક રાત દિવસથી વિકંપિત કરીને એટલે કે પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને અને અંદર પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે. (तत्थ को हेऊ इति वएज्जा) આમ થવામાં શું કારણ છે? તે કહો પૂર્વોક્ત કથનને સ્પષ્ટ સમજવા માટે ગૌતમસ્વામીએ આ પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. કહેવાનો ભાવ એ છે કે-આ રીતે વિકંપન થવામાં શું કારણ છે? તે હે ભગવન્ આપ મને કહો. (ताओ जया णं जंबूदीवे दीवे जाव परिक्खेवेणं पण्णत्ते) આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરીક્ષેપથી કહેલ છે, કહેવાનો ભાવ એ છે કે પૂર્વોક્ત વાક્યથી શિષ્યે પ્રશ્ન કરવાથી કેવલજ્ઞાનવાન

વીતરાગ ભગવાન્ તેનો ઉત્તર આપતાં કહે છે કે-હે નિર્મલ બુદ્ધિ સરલ હૃદયવાળા શિષ્ય ! આ પ્રમાણેના તત્વને જાણવા માટે તેનું કારણ કહું છું તે સાંભળો.

આ જંબૂદ્વીપ છે તેનું વર્ણન જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાંથી જાણી લેવું. (**ताओ जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवई**) તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્તનો દિવસ થાય છે તથા જઘન્યા બાર મુહૂર્તની રાત્રી થાય છે, સર્વ દ્વીપોમાં ઉત્તમ જંબૂદ્વીપ નામના દ્વીપમાં સંચરણ કરતો સૂર્ય ત્યાં આવીને જ્યારે એકસો ચોરાશી મંડળોમાં વિચરણ કરતો કરતો જ્યારે સર્વાભ્યન્તર મંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે એ મંડળમાં જઈને ગતિ કરે છે. ત્યારે એ સમયે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્તર દિશામાં રહીને મિથુન રાશિના છેલ્લા અહોરાત્રમાં ઉત્તરાયણના સમાપ્તિકાળમાં અને દક્ષિણાયનના પ્રારંભ કાળમાં સૂર્ય રહે છે ત્યારે ઉત્કર્ષ એટલે કે સર્વાધિક-સૌથી મોટો છત્રીસ ઘડીવાળો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા જઘન્યા સૌથી અલ્પ નામ નાનામાં નાની ચોવીસ ઘડીથી યુક્ત બાર મુહૂર્તની રાત્રી હોય છે. તેમ કહેવામાં આવેલ છે. (**से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भितराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ**) નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરને પ્રવર્તાવતો પહેલા અહોરાત્રમાં અભ્યંતરની પછીના મંડળમાં પ્રવેશ કરીને એ મંડળમાંથી બહાર જતો સૂર્ય નવા અયનનો પ્રારંભ કરતો નવા સંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યન્તર મંડળની પછીના બહારના બીજા મંડળમાં એટલે કે કર્કાન્ત અહોરાત્ર મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડલાન્તમાં જઈને સૂર્ય ગતિ કરે છે. તેમ કહેલ છે, (**ताओ जया णं सूरिए**

अब्भिंराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं दो जोयणाइं अडतालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता चारं चरइ) તે પછી જ્યારે સૂર્ય અભ્યંતરની પછીના મંડળમાં ઉપસંક્રમણુ કરીને ગતિ કરે છે ત્યારે બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક અહોરાત્રમાં વિકંપન કરીને ગતિ કરે છે, કહેવાનો ભાવ એ છે કે-નવા સંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડળની પછીના બહારના બીજા મંડળમાં ઉપસંક્રમણુ કરીને ગતિ કરતો સૂર્ય જ્યારે દૃષ્ટિગોચર થાય છે ત્યારે અર્થાત્ બીજા મંડળના ઉપસંક્રમણુ કાળમાં સૂર્યનું વિકંપન ક્ષેત્ર પુરા બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક રાત્રિ દિવસથી આટલા ક્ષેત્રનું વિકમ્પન કરીને અર્થાત્ પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને તથા મંડળમાં પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે. આ રીતે ગતિ કરતો સૂર્ય વિકંપન ક્ષેત્રમાં ભ્રમણુ કરે.

આ વિષયની ભાવના આ પ્રમાણે છે-જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાં પ્રવેશ કરીને પ્રથમ ક્ષણુની પછી ધીરે ધીરે સર્વાભ્યન્તર મંડળની પછીના બહારના બીજા મંડળની સન્મુખ મંડળ ગતિથી યથાકથંચિત સૂર્ય ભ્રમણુ કરે છે. ત્યારે જે પ્રમાણે એ પહેલી અહોરાત્રીની નજીક સર્વાભ્યન્તર મંડળના એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ તથા બીજા બે યોજન ગમન કરે છે. ત્યારે બીજા અહોરાત્રના પ્રથમ ક્ષણુમાં બીજા મંડળને પ્રાપ્ત કરે છે. તથા બીજા મંડળમાં જ્યારે ગતિ કરવાનો પ્રારંભ કરે છે ત્યારે બે યોજન તથા એક યોજનના એકસઠિયા અતડાલી ભાગ એક એક અહોરાત્રમાં વિકંપન કરીને અર્થાત્ પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને તથા અભ્યંતર મંડળમાં પ્રવેશ કરીને સૂર્ય ગતિ કરે છે, (तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवई दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया) ત્યારે અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. એક મુહૂર્તના એકસઠિયા બે ભાગ ન્યૂન તથા એકઠિયા બે ભાગ અધિક બાર

મુહૂર્તની રાત્રી થાય છે. અર્થાત્ સર્વાભ્યન્તર મંડળની બહારના બીજા મંડળમાં સંચરણ કરતી વખતે એક મુહૂર્તના એકસઠિયા બે ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને એકસઠિયા બે ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી થાય છે, સર્વાભ્યન્તરના બીજા મંડળમાં સંચરણ કરતી વખતે દિનમાન ૩૬ ઘડી $\frac{2}{61}$ મુહૂર્ત તથા રાત્રિમાન ૨૪ ઘડી $\frac{2}{61}$ મુહૂર્ત પ્રમાણ હોય છે. અહીંયાં તે બીજા મંડળમાં પ્રથમ સમય પછી યથા કથંચન ત્રીજા મંડળની સન્મુખ મંડળપરિભ્રમણ ગતિથી સૂર્ય ગતિ કરે છે. અર્થાત્ બહારના ત્રીજા મંડળની તરફ ગતિ કરવાનો આરંભ કરે છે, જે પ્રમાણે ત્યાં પ્રથમ અહોરાત્રની સમીપમાં બીજા મંડળના એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ તથા બીજા બે યોજન બહારના ગમન કરે છે, તે પછી નવા સંવત્સરના બીજા અહોરાત્રની પહેલી ક્ષણમાં જ ત્રીજા મંડળનું ઉપસંક્રમણ કરે છે. આ પ્રમાણે ભાવના સમજવી.

**(से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ)** તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજી અહોરાત્રમાં ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે, સર્વાભ્યન્તર મંડળની બહારના બીજા મંડળમાં સંચાર કરતો સૂર્ય એ બીજા મંડળમાં પ્રથમ ક્ષણ પછી ધીરે ધીરે પરિભ્રમણ કરીને નવા સંવત્સરના બીજા અહોરાત્રમાં અભ્યંતર અર્થાત્ બીજા મંડળના પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે તેમ કહ્યું છે. ત્યારે **(ताओ जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पणतीसं च एगट्ठिभागे जोयणस्स दोहिं राइंदिएहिं विकंपइत्ता सूरिए चारं चरइ)** જ્યારે સૂર્ય અભ્યંતર મંડળની પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ બે રાત દિવસથી વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે, સર્વાભ્યંતર મંડળથી ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે બે રાત્રી દિવસમાં જેટલા પ્રમાણ

વાળા ક્ષેત્રનું વિકંપન કરીને ગતિ કરે છે તેનું નિરૂપણ કરવાના આશયથી સૂત્રકાર કથન કરે છે-(ताओ जया णं) ઇત્યાદિ એ વિકંપન ક્ષેત્રમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ ૩૫ યોજન ૧/૬૧ યોજન આટલા પ્રમાણવાળા ક્ષેત્રનું બે રાતદિવસથી વિકંપન કરીને અર્થાત્ પોતાના મંડળથી બહાર નીકળીને સૂર્ય ગતિ કરે છે. અર્થાત્ બે રાત્રી દિવસથી સર્વાભ્યન્તર મંડળના તદંતર અર્થાત્ તેના પછીના બીજા મંડળના પુરા પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ વિકંપન કરીને ગતિ કરે છે. અર્થાત્ એક અહો-રાત્રમાં બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ જેટલું વિકંપન કરે છે. એ જ પ્રમાણે બીજી અહોરાત્રીથી પણ વિકંપન કરે છે, બન્ને મેળવવાથી પૂર્વોક્ત વિકંપન પરિમાણ થઈ જાય છે. અર્થાત્ આટલું જ વિકંપન કરીને પોતાની ગતિ કરે છે. (तया णं अट्ठारसमुहुते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया) ત્યારે ત્યાં અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. એકસઠિયા ચાર ભાગ ન્યૂન તથા એકસઠિયા ચાર ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી થાય છે, કહેવાનો ભાવ એ છે કે-સર્વાભ્યન્તર મંડની બહાર ત્રીજા મંડળમાં સંચરણ સમયમાં એકસઠિયા ચાર મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તનો છત્રીસ ઘટિકા યુક્તનો દિવસ હોય છે. અને એકસઠિયા ચાર મુહૂર્ત અધિક ચોવીસ ઘડીવાળી બાર મુહૂર્તની રાત્રી હોય છે, જેથી ત્રીજા મંડળના સંચરણના સમયે દિનમાન ૩૬=૪/૬૧ ઘડી તથા રાત્રીમાન ૨૪ ઘડી ૪/૬૧ આટલા પ્રમાણનું થાય છે. (एवं खलु एतेणोवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ तयाणंतरं मंडलाओ मंडलं संकममाणे संकममाणे दो जोयणाइं अडतालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडलं एगमेगेणं राइंदिएणं विकंपमाणे विकंपमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ પ્રમાણે આ પૂર્વોક્ત કથિત ઉપાયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય તદનન્તર મંડળથી

તદનન્તર મંડળમાં સંક્રમણ કરતો કરતો બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક અહોરાત્રમાં વિકંપન કરીને સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.

હવે બાકીના મંડળોમાં ગમન પ્રકાર બતાવે છે.–

આ પૂર્વોક્ત પ્રકારથી સર્વાભ્યન્તર મંડળના ત્રીજા મંડળમાંથી બહાર નીકળતો સૂર્ય ત્રીજા મંડળની પછીના ચોથા મંડળમાં અને ચોથા મંડળથી પાંચમાં મંડળમાં તથા પાંચમાં મંડળથી તેના પછીના છઠ્ઠા મંડળમાં સંક્રમણ કરીને અર્થાત્ એક મંડળમાંથી બીજા મંડળમાં જતાં જતાં તે તે મંડળમાં પ્રવેશ કરવાના પહેલી ક્ષણની પછી ધીરે ધીરે તે તે બહારના મંડળોમાં ગમન રૂપે એક મંડળમાંથી તે પછીના બીજા મંડળમાં ગમન કરીને અર્થાત્ એ બહારના મંડળોમાં જાય છે. અને ત્યાં જઇને પૂરા બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ અર્થાત્ યોજનના એકસઠથી મિશ્રિત અડતાલીસ ભાગ બે યોજન + ૪૮ $\frac{૧}{૬૧}$ અટલા પ્રમાણવાળા ક્ષેત્રને એક એક રાતદિવસમાં અર્થાત્ અહોરાત્રમાં દરેક મંડળોનું વિકંપન કરીને અર્થાત્ પોતપોતાના મંડળમાંથી બહાર નીકળીને સર્વબાહ્ય-મંડળમાં યાવત્ જઇને એ બહારના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ એ રીતે ગતિ કરતો સૂર્ય દૃષ્ટિગોચર થાય છે. (**ताओ जयाणं सूरिए सव्वब्भंतराओ मंडलाओ सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तयाणं सव्वब्भंतरं मंडलं पणिधाय एगेणं तेसीएणं राइंदिएणं पंचदसुत्तरजोयणसए विकंपइत्ता चारं चरइ**) ત્યાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાંથી સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે સર્વાભ્યંતર મંડળનું પ્રણિધાન કરીને એટલે કે અવધિ રૂપ બનાવીને એકસો ત્યાશી રાત્રિ દિવસમાં એકસો પંદર યોજન વિકંપન કરીને ગતિ કરે છે, કહેવાનો અભિપ્રાય એ છે કે–સર્વબાહ્યમંડળના સંચરણ સમયે જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાંથી સર્વબાહ્યમંડળમાં યાવત્ દરેક મંડળમાં સંક્રમણ કરીને સર્વબાહ્યમંડળમાં જઇને ગતિ કરે છે. અર્થાત્ ત્યાં ગતિ કરતો સૂર્ય દૃષ્ટિ-

ગોચર થાય છે. ત્યારે સર્વાભ્યન્તર મંડળને અવધિ રૂપ બનાવીને એ ગત અહોરાત્ર સહિત એકસો ત્યાશી ૧૮૩ રાત્રિયોમાં અર્થાત્ એટલી અહોરાત્રીના સમયમાં એકસો પંદર ૧૧૫ યોજન પરિમાણવાળા ક્ષેત્રોનુ વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. તેમ કહ્યું છે. આ પ્રમાણે એક અહોરાત્રીમાં પૂરા બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ જેટલા ક્ષેત્રનું વિકંપન કરે છે બબ્બે યોજનને જો એકસોવ્યાશીથી ગુણવામાં આવે તો ત્રણસો છાસઠ થાય છે. ૨×૧૮૩=૩૬૬ તથા એકસઠિયા અડતાલીસ ભાગ જે થાય છે. (ગ્રન્થાગ્રમાં ૧૦૦૦) તેને પણ એકસોવ્યાશીથી ગુણવામાં આવે તો સત્યાશીસો ચોર્યાશી અર્થાત્ આઠ હજાર સાતસો ચોર્યાંશી ૮૭૮૪ ૪૮ $\frac{૧}{૬૧}=\frac{૨૯૨૯}{૬૧}$ $\frac{૨૯૨૯}{૬૧}\times ૧૮૩=\frac{૫૩૫૯૦૭}{૬૧}$ આ પ્રમાણે થાય છે. ૮૭૮૪ સ્વલ્પાન્તરથી તેના યોજન બનાવવા ૬૧ એકસઠથી ભાગવામાં આવે તો ૧૪૪ એકસો ચુમાળીસ યોજન થઈ જાય છે. ૮૭૮૪÷૬૧=૧૪૪ આ સંખ્યાને પહેલાની જે ૩૬૬ ત્રણસો છાસઠ સંખ્યાવાળી યોજન રાશી છે તેમાં મેળવવમાં આવે તો ૫૧૦ પાંચસો દશની સંખ્યા થાય છે. જેમ કે ૩૬૬×૧૪૪=૫૧૦ આટલા પ્રમાણવાળા ક્ષેત્રનું વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. ધૂલીકર્મથી અંક પ્રમાણ પ્રત્યક્ષ થાય છે, (तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ) ત્યાં પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કર્ષિકા અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. કહેવાનો ભાવ એ છે કે–પાંચસો દસ યોજન પ્રમાણવાળા ક્ષેત્રમાં પરમ પ્રકર્ષ પ્રાપ્ત એટલે કે દક્ષિણાયનથી ઉત્તરાયણ તરફ પ્રવર્તમાન એટલે કે ધનસંક્રાન્તિગત અહોરાત્રમાં પરમ ઉત્કૃષ્ટા છત્રીસ ઘડીવાળી અઢાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. એટલે કે એટલું પ્રમાણ રાત્રિમાનનું થાય છે. તથા જઘન્ય એટલે નાનામાં નાનો ચોવીસ ઘડીથી યુક્ત બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. એટલે કે એટલું પ્રમાણ દિનમાનનું હોય છે, સર્વબાહ્યમંડળના સંચરણ સમયે દિનમાન ૧૮ અઢાર મુહૂર્ત તુલ્ય

છત્રીસ ઘડિવાળો હોય છે. તથા રાત્રિમાન ૧૨ બાર મુહૂર્ત પ્રમાણ ૨૪ ચોવીસ ઘડિની તુલ્ય હોય છે. (एस णं पढमे छम्मासे एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे) આ રીતે પ્રથમ દક્ષિણાયનના છ માસ થાય છે. આરીતે પ્રથમ દક્ષિણાયનના છ માસનું પર્યવસાન થાય છે અર્થાત્ પૂર્વોક્ત પ્રકારથી પહેલા છ માસ એટલે કે દક્ષિણાયન રૂપ છ માસ થાય છે. અને એજ પ્રથમ છ માસનું પર્યવસાન એટલે અંત પણ થાય છે. (सेचं पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ રીતે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત કરીને તેના પહેલા અહોરાત્રમાં બાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે-સર્વબાહ્યમંડળમાં પહેલાના છ માસના અંતમાં પ્રવેશ કરતો સૂર્ય તે પછીના મંડળાભિમુખ જઇને બીજા છ માસમાં પ્રવેશ કરીને એ બીજા છ માસના પ્રથમ અહોરાત્રમાં સર્વ-બાહ્યમંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ બીજા છ માસના પ્રથમ અહોરાત્રમાં સર્વબાહ્યમંડળની પછીના મંડળાભિમુખ એટલે કે તે પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરતો દૃષ્ટિગોચર થાય છે. (ताओ जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) ત્યાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, અર્થાત્ બીજા છ માસના પહેલા અહોરાત્રમાં જ્યારે .સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. (तया णं दो दो जोयणाइं अडतालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपइत्ता चारं चरइ) ત્યારે બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક રાતદિવસમાં વિકંપન કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળમાં સંચરણ કરતી વખતે પૂરા બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ વિકંપન કરીને એટલે કે-પોતપોતાના મંડળમાં પ્રવેશ કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળની પછીના મંડળાભિમુખ

બીજા મંડળમાં સંચરણ કરતો દેખવામાં આવે છે, બીજા મંડળનું વિકંપનક્ષેત્ર પુરા બે યોજન ૨ યોજના + $\frac{48}{61}$ યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ આટલા ક્ષેત્રનું એક એક અહોરાત્રમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. (तया णं अट्ठारस-मुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे) ત્યારે અઢારમુહૂર્તની એકસઠિયા બે મુહૂર્ત ભાગ ન્યૂન રાત્રી હોય છે અને (दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभाग-मुहुत्तेहिं अहिए) એકસઠિયા બે મુહૂર્ત ભાગ અધિક બાર મુહૂર્તનો દિવસ હોય છે. અર્થાત્ સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળમાં સંચરણ કરતી વખતે એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ સહિત બે યોજન જેટલું વિકંપનક્ષેત્રનું પ્રમાણ થાય છે. તથા અઢાર મુહૂર્તની રાત હોય છે, પરંતુ પૂરા અઢાર મુહૂર્તની રાત નથી થતી પરંતુ એક યોજનના એકસઠિયા અડતાલીસ મુહૂર્ત ભાગ ન્યૂન હોય છે. જેમકે–રાત્રીમાન ૧૮ અઢાર મુહૂર્ત $\frac{2}{61}$ મુહૂર્ત તથા બાર મુહૂર્તનો દિવસ હોય છે. બે મુહૂર્ત અને એકસઠિયા અઠતાલીસ મુહૂર્ત ભાગ અધિકનો દિવસ હોય છે. જેમ કે દિનમાન ૧૨+બાર મુહૂર્ત $\frac{2}{61}$ મુહૂર્ત (से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चंसि मंडलंसि उवसंकमित्ता चारं चरइ) ત્યાં પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળની પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે-બીજા મંડળના સંચરણ પછી આગળ જવા માટે ગતિ કરે છે, એ સંચરણમાં પ્રવેશ કરીને તે પછીના મંડળમાં ગમન કરતો થકો સૂર્ય બીજા મંડળમાં પણ પ્રથમ ક્ષણની પછી ધીરે ધીરે અંદરની તરફ પ્રવેશ કરીને બીજા છ માસના અહોરાત્રમાં સર્વબાહ્યમંડળની પછીના ત્રીજા મંડળમાં એટલે કે બીનાન્ત અહોરાત્રમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. એટલે કે ત્રીજા મંડળમાં સંચરણ કરતો દૃષ્ટિગોચર થાય છે.

(तओ जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) જ્યારે સૂર્ય બાહ્યમંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ છે. ત્યારે સૂર્ય બહારના ત્રીજા મંડળમાં ગમન કરીને ગતિ કરે છે. એટલે કે ત્યાં ગતિ કરતો દેખાય છે. ત્યારે એ પ્રકારના સંચરણ સમયમાં સૂર્ય બાહ્યમંડળથી ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. (तया णं पंच जोयणाइं पणतीसं च एगट्ठि-भागे जोयणस्स दोहिं राइंदिएहिं विकंपइत्ता चारं चरइ) ત્યારે પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ બે રાત દિવસમાં વિકંપન કરીને સૂર્ય ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળથી ત્રીજા મંડળના સંચરણ સમયમાં પૂરા પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા ભાગ મિશ્રિત પંત્રીસ ભાગ બે રાતદિવસમાં વિકંપન કરીને પોતાના મંડળમાં પ્રવેશ કરીને ગતિ કરે છે. અર્થાત્ ત્રીજા મંડળના વિકંપન ક્ષેત્રનું પ્રમાણ પાંચ યોજન ૫–$\frac{35}{61}$ અને એકસઠિયા પાંત્રીસ ભાગ આટલા પ્રમાણવાળા ક્ષેત્રનું વિકંપન કરીને

ગતિ કરે છે. (राइंदिए तहेव) રાત્રિમાન અને દિવસમાન ત્રીજા મંડળના સંચરણ સમયે પહેલાં કહ્યા પ્રમાણે જ છે. તેમ સમજી લેવું. તેનાથી કંઇ વિશેષાધિક નથી. (एवं खलु एएणोवाएणं पविसमाणे सूरिए तओऽणंतराओ तयणंतरं च मंडलं संकममाणे संकममाणे दो जोयणाइं अडतालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगेणं राइंदिएणं विकंपमाणे विकंपमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ પ્રમાણે પૂર્વ કથિત ઉપાયથી પ્રવેશ કરતો સૂર્ય એ અનંતરના મંડળથી તેના પછીના મંડળમાં સંક્રમણ કરતો કરતો બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ એક એક રાત્રિ દિવસથી વિકંપન કરીને સર્વાભ્યન્તર મંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.

કહેવાનો ભાવ એ છે કે-પૂર્વોક્ત પ્રકારથી સર્વબાહ્યમંડળથી અંદરની તરફ બીજા કે ત્રીજા મંડળના સંચરણ સમયમાં દિવસરાત્રિની વ્યવસ્થા એટલે દિનમાન જે પ્રમાણે કહ્યું છે. તથા વિકંપન ક્ષેત્ર જે પ્રમાણે કહ્યું છે એજ પ્રમાણે ત્રીજા મંડળથી અંદર પ્રવેશ કરતો સૂર્ય એ એ મંડળોથી પછી પછીના એટલે કે ત્રીજા મંડળથી ચોથા મંડળમાં અને ચોથા મંડળથી પાંચમાં મંડળમાં પાંચમા મંડળથી છટ્ઠા મંડળમાં આ રીતના ક્રમથી એ મંડળથી તેના પછીના મંડળમાં તે પછી તેના પછીના મંડળમાં સંક્રમણ કરતા કરતા બીજા છ માસની અંતના સમયમાં યાવત્ સર્વાભ્યન્તર મંડળમાં યાવત્ સર્વબાહ્યમંડળમાંથી સર્વાભ્યન્તર મંડળમાં સૂર્ય ગમન કરે છે, ત્યારે દરેક મંડળમાં પૂરા બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ=૨ યોજન અને $\frac{૪૮}{૬૧}$ યોજનના આટલા પ્રમાણવાળા ક્ષેત્રને એક એક રાતદિવસમાં વિકંપન કરીને એટલે કે-પોતપોતાના મંડળમાં પ્રવેશ કરીને સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. એટલે કે સર્વાભ્યંતર મંડળમાં ગમન કરે છે. પ્રથમ છ માસના અન્તર્ભૂત એક અહોરાત્રના સમયમાં બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગનું વિકંપન કરે છે. એજ પ્રમાણે બીજા અહોરાત્રમાં પણ બીજા છ માસના પહેલા અહોરાત્રમાં ક્રમ પ્રમાણે અંદરની તરફ પ્રવેશ કરે છે બધા મંડળોમાં વિકંપન ક્ષેત્ર એજ પૂર્વોક્ત પ્રકારથી છે, અર્થાત્ બે યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ ૨ યોજન $\frac{૪૮}{૬૧}$ ૧ યોજનના આટલા પ્રમાણનું છે. આટલા ક્ષેત્રને દરેક મંડળમાં વિકંપન કરીને સર્વાભ્યંતર મંડળમાં જાય છે. અર્થાત્ ત્યાં જઈને ગમન કરે છે. (तओ जया णं सूरिए सव्वबाहिराओ मंडलाओ सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सव्वबाहिरं मंडलं पणिधाय एगेणं तेसीएणं राइंदियसएणं पंचदसुत्तरे जो णसए विकंपइत्ता चारं चरइ) ત્યાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાંથી સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે સર્વબાહ્યમંડળનું પ્રણિધાન એટલે કે અવધિ કરીને એકસો ત્યાશી રાત્રિ દિવસથી એકસો પંદર યોજનનું વિકંપન કરીને ગતિ કરે છે. કહેવાનો

ભાવ એ છે કે-એ પ્રકારના સંચરણ કાળમાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાંથી સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ તે તે મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળથી અભ્યંતર મંડળમાં ગતિ કરે છે. ત્યારે સર્વબાહ્યમંડળને અવધિરૂપ કરીને પછીના મંડળમાં ગમન કરે છે. સીમા માને અવધીરૂપ હોય છે. તથા બાહ્યાભિમુખ ગમનમાં સર્વાભ્યંતર મંડળ પ્રણિધિ અર્થાત્ અવધિ-સીમા રૂપ હોય છે. આ પ્રમાણેના સંચરણ કાળથી એકસો ત્યાશી રાત્રીદિવસના કાળથી એકસો પંદર યોજન પ્રમાણના ક્ષેત્રનું વિકંપન કરીને એટલે કે પોતપોતાના મંડળની અંદરની તરફથી પ્રવેશ કરીને બહારની તરફ નીકળતા નીકળતા ગતિ કરે છે.

(तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालस मुहुत्ता राई भवइ) ત્યારે ત્યાં ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત અર્થાત્ પરમ પ્રકર્ષપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા જઘન્યા બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. કહેવાનો ભાવ એ છે કે સર્વબાહ્યમંડળના સંચરણ સમયમાં સૂર્ય ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત થાય છે. તથા તે ઉત્તરાયણનો છેલ્લો દિવસ હોય છે. તેથી ઉત્કર્ષ એટલે કે સર્વાધિક માને મોટામાં મોટો છત્રીસ ઘડિથી યુક્ત અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. અર્થાત્ દિનમાન છત્રીસ ઘડિ બરોબર હોય છે. તથા જઘન્યા અર્થાત્ સર્વાલ્પા એટલે કે નાનામાં નાની ચોવીસ ઘડીવાળી બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. અર્થાત્ ઉત્તરાયણના અન્તના સમયમાં દિનમાન ૩૬ છત્રીસ ઘડીનું તથા રાત્રિમાન ૨૪ ચોવીસ ઘડીનું હોય છે.

(एस णं दोच्चे छम्मासे एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे एस णं आदिच्चे संवच्छरे एस णं आदिच्चस्स संवच्छरस्स पज्जवसाणे) આ પ્રમાણે આ બીજા છ માસનું પર્યવસાન એટલે કે સમાપ્તિ થાય છે. આ રીતે આ આદિત્યસંવત્સર કહેલ છે. આ પ્રમાણે આદિત્યસંવત્સરનું પર્યવસાન થાય છે. અર્થાત્ આ પ્રકારના પૂર્વોક્ત નિયમ વિશિષ્ટ પરમ અધિક દિનમાન કરવાવાળો કાળ બીજા છ માસ વિધાયક બીજા છ માસનો છે. કેવળ બીજા છ માસને જ નહીં પરંતુ પૂર્વોક્ત લક્ષણોથી લક્ષિત કાળ બીજા છ માસનું પર્યવસાન માને અંતનો કાળ અર્થાત્ ઉત્તરાયણની અંતનો કાળ મિથુનસંક્રાતિનો અન્તિમ સમય થાય છે, આ પ્રમાણે આ આદિત્યસંવત્સર છે અર્થાત્ સૌરસંવત્સર તથા પૂર્વોક્ત લક્ષણોથી લક્ષિત કાળ જ આદિત્યસંવત્સર અર્થાત્ સૌરવર્ષના પર્યવસાન રૂપ એટલે કે સૌરવર્ષનો અંતકાળ થાય છે. અર્થાત્ જે સૂર્યનું સાયન મિથુનાન્તમંડળ સંચરણ સમય છે. એ જ સૌરસંવત્સરનું પર્યવસાન અર્થાત્ અંતનો સમય છે. ॥ સૂ૦ ૧૮ ॥

॥ છટ્ઠું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥

આ પ્રમાણેના અધિકારમાં પહેલાં પ્રાભૃતનું છટ્ઠું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧-૬ ॥

સાતમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ–

**ટીકાર્થ** :–છઠ્ઠા પ્રાભૃતપ્રાભૃતમાં મંડળોમાં સૂર્યના સંચારની વ્યવસ્થા તથા એ એ મંડળોમાં થતા રાત દિવસના વ્યવસ્થા કહેવામાં આવી ગઈ છે. હવે આ સાતમાં પ્રાભૃતપ્રાભૃતમાં **(मंडलाणं संठिति )** એ કથનના સંબંધમાં જે અર્થાધિકાર પૂર્વમાં કહેલ છે એ વિષય વિષયક પ્રશ્નસૂત્રને ઉપસ્થિત કરીને સૂત્રકાર કથન કરે છે. (**ता कहं ते मंडलसंठई आहितति वएज्जा**) હે ભગવન્ આપના મતથી મંડલોના સંસ્થાનની વ્યવસ્થા કઈ રીતે કહેવામાં આવેલ છે? તે આપ મને કહો અર્થાત્ વીતરાગી અને સર્વજ્ઞ એવા ગુરૂના મુખેથી મંડળોમાં સૂર્યની સંચરણ વ્યવસ્થા તથા અહોરાત્રિના વિષયની વ્યવસ્થાને સારી રીતે જાણી લઈને કુશાગ્ર બુદ્ધિવાળા અને સુશીલ શિષ્ય ગૌતમસ્વામી પોતાના ગુરૂ મહવીર-સ્વામીને ફરીથી નમ્ર ભાવે પૂછે છે કે-હે ભગવન્ મારે બીજું પણ કેટલુંક પૂછવાનું છે. તે આ પ્રમાણે છે. હે ભગવન્ આપના મતથી મંડળોની સંસ્થિતિ એટલે કે મંડળોની વ્યવસ્થા કે જે સર્વબાહ્યમંડળની અવધી કરીને સર્વાભ્યન્તર મંડળના અંતપર્યન્તના એકસો ચોર્યાશી મંડળો થાય છે તેની સંસ્થાન વ્યવસ્થા કેવી કહેલ છે? તે હે ભગવન્ આપ કહો. આ રીતે ગૌતમસ્વામીએ પ્રશ્ન ઉપસ્થિત કરવાથી શિષ્યવત્સલ ભગવાન્ આ વિષયમાં અન્યતીર્થિકોની એજ પરમત રૂપી પ્રતિપત્તિયો બતાવે છે. (**तत्थ खलु इमाओ अट्ठ पडिवत्तीओ पण्णत्ताओ**) એ પરમતવાદીયોની મિથ્યાભાવપ્રદર્શક પ્રતિપત્તિયોમાં આ આઠ પ્રતિપત્તિયો ઉલ્લેખનીય કહેલ છે. અર્થાત્ મંડળ સંસ્થિતિના વિષયમાં આ વક્ષ્યમાણ સ્વરૂપવાલી પરમતવાદીયોની આઠ પ્રકારની પ્રતિપત્તિ અર્થાત્ અન્યમતાવલંબીયોના મતનો બોધ કરાવવાવાળી તથા વસ્તુના તત્વને જાણવામાં માર્ગનું નિદર્શન કરવાવાળી મતાન્તર રૂપ પ્રતિપત્તિયો કહેલ છે જે આ પ્રમાણે છે–

(**तत्थ एगे एवमाहंसु**) એમાં કોઈ એક આ પ્રમાણે પોતાના મતના વિષયમાં કહે છે. અર્થાત્ એ મતાન્તરવાદીયોમાં કોઈ એક એટલે કે પ્રથમ તીર્થાન્તરીય આ હવે પછી કહેવામાં આવનાર સ્વરૂપવાળા પોતાના મતનું કથન કરે છે જેમ કે-(**ता सव्वा वि मंडलवया समचउरंससंठाणसंठिया पण्णत्ता**) એ બધા મંડળવત્તા સમચતુરસ્ર સંસ્થાનસંસ્થિત કહેલ

છે. અર્થાત એ તીર્થાન્તરીયોના અનેક પ્રકારની વક્તવ્યતામાં ક્રમ બતાવવાના હેતુથી જેમ કે-મંડળનું પરિભ્રમણ જેને થાય તે મંડળવંતિ એવા ચન્દ્રાદિ વિમાન. તેનુ ઉદ્દગમન તે મંડળવત્તા તેના અભેદોપચારથી જે ચંદ્રાદિ વિમાન એજ મંડળવત્તા એમ કહેવાય છે. આ ઉક્ત લક્ષણુથી ઉપલક્ષિત બધી મંડળવત્તા અર્થાત્ મંડળમાં પરિભ્રમણવાળા ચંદ્રાદિ ગ્રહોના વિમાનો કહ્યા છે. બધા જ ગ્રહોના બિંબ વર્તુલાકાર એટલે કે ગોળાકાર હોય છે. ને પોતપોતાના મંડળમાં પરિભ્રમણના માર્ગ જુદા જુદા મતાન્તરના કથનાનુસાર કહેવામાં આવેલા છે. એ મતાન્તરો આઠ પ્રકારના છે. વસ્તુતત્વના સ્વરૂપનો બોધ થવામાં એ આ પ્રકારના સ્વરૂપવાળા મતાન્તરોમાં બધી જ મંડલવત્તા સમચંતુરસ્ર સંસ્થાનવાળી અર્થાત્ સમ એટલે કે તુલ્ય સમાન છે. ચાર અસ્રય એટલે કે ખુણા જેના સમ હોય તે સમચતુસ્ર કહેવાય છે. સમાન ખુણા ચાર હાથ યુક્ત વર્ગ ક્ષેત્ર જેમાં હોય એવા સંસ્થાનમાં એટલે કે તેની અંદર સંસ્થિત એમ કહેલ છે. (एगे एवमाहंसु) કોઈ એક આ પૂર્વોક્ત કથન પ્રમાણે પોતાના મતને પ્રગટ કરે છે. ૧

(एगे पुण एवमाहंसु) બીજો કોઈ એક આ પ્રમાણે કહે છે, અર્થાત્ બીજો તીર્થાન્તરીય નીચે કહેવામાં આવનાર પ્રકારના સ્વરૂપવાળા પોતાના સિદ્ધાંત વિષે કહે છે. જે આ પ્રમાણે છે, (सव्वा वि णं मंडलवया विसमचउरंससंठाणसंठिया पण्णत्ता) બધી જ મંડળવત્તા વિષમ ચતુરસ્ર સંસ્થાનવાળી કહેલ છે. કહેવાનો ભાવ એ છે કે-પહેલા અન્ય મતવાળાનું મંડળસંસ્થિતિના સંબંધમાં તેનું કથન સાંભળીને ક્રોધથી લાલ પીળો થઇને બીજો તીર્થાન્તરીય પ્રથમ મતવાળાનું મુખ પોતાની હથેળીથી બંધ કરીને પોતાનો મત પ્રગટ કરતા કહેવા લાગ્યો એ કહે છે કે-હે ભગવન્ આપનો મત યુક્તિ સંગત નથી મારો મત તમો સાંભળો એ બધી મંડળવત્તા એટલે કે ચંદ્રાદિ ગ્રહોના વિમાન વિષમ-ચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત એટલે કે વ્યવસ્થિત છે અર્થાત્ ચારે ખુણા જેમાં વિષમ છે એવા સંસ્થાનવાળા કહેલ છે. અર્થાત્ જેના ચારે ખુણા તુલ્ય ન હોય એવા સંસ્થાનને

વિષમ ચતુરસ્રસંસ્થાનસંસ્થિત કહેવાય છે, અર્થાત્ વિષમ ચતુર્ભુજાન્તર્ગત હોય છે. (एगे एवमाहंसु) કોઈ એક એટલે કે બીજો અન્યતીર્થિક પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું કથન કરે છે. ૨

(एगे पुण एवमाहंसु) ત્રીજો કોઈ અન્ય મતવાદી પહેલા અને બીજા પરમતવાદીનું કથન સાંભળીને હવે પછી કહેવામાં અવનાર પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતો થકો કહેવા લાગ્યો. (सव्वा वि मंडलवया समचउक्कोणसंठिया पण्णत्ता) બધી મંડલવત્તા સમ ચતુષ્કોણ વાળી હોય છે. અર્થાત્ બધી મંડળવત્તા એટલે કે ચંદ્રાદિ ગ્રહોના વિમાન સમ ચતુષ્કોણ સંસ્થાન સંસ્થિત અર્થાત્ સમલંબાયમાન ક્ષેત્રની અંદર રહેલા હોય છે. અર્થાત્ વર્ગ ક્ષેત્રની અંદર રહે છે. આ ત્રીજા મતવાદીનો મત પહેલા મતવાદીના મતનું પિષ્ટ પેષણ જેવો જ છે. (एगे एवमाहंसु) ત્રીજો તીર્થાન્તરીય પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું સમર્થન કરે છે. ૩

(एगे पुण एवमाहंसु) કોઈ એક આ પ્રમાણે કહે છે અર્થાત્ ત્રણે અન્યતીર્થિકોના મતને સાંભળીને કોઈ ચોથો અન્યતીર્થિક ક્ષુભિત ચિત્તવાળો થઈને આ નીચે જણાવવામાં આવેલ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતો કહેવા લાગ્યો તે કહે છે કે– (सव्वा वि मंडलवया विसमचउक्कोणसंठिया पण्णत्ता) બધી મંડળવત્તા વિષમ ચતુષ્કોણ સંસ્થાનથી સંસ્થિત છે. અર્થાત્ બધી મંડળવત્તા એટલે કે ચંદ્રાદિ ગ્રહોના વિમાનો વિષમ ચતુષ્કોણ સંસ્થાનથી સંસ્થિત અર્થાત વિમંડળ કહેલા છે આ ચોથા અન્યતીર્થિકનો મત બીજા અન્યતીર્થિકના મતનું પિષ્ટપેષણ જેમ જ છે, (एगे पुण एवमाहंसु) ચોથો અન્ય મતવાદી આ પૂર્વ કથિત પ્રકારથી પોતાના મતને પ્રગટ કરે છે. ૪

(एगे पुण एवमाहंसु) કોઈ એક આ નીચે જણાવવામાં આવનાર પ્રકારથી કહે છે. અર્થાત્ પૂર્વોક્ત પ્રકારથી ચારે અન્યતીર્થિકોના મતને સાંભળીને પાંચમો અન્યતીર્થિક ભ્રાંત ચિત્તવાળો થઇને આ નીચે જણાવવામાં આવનારપ્રકારથી પોતાના મતને પ્રગટ કરતો થકો કહે છે–(ता सव्वा वि मंडलवया समचक्कवालसंठिया पण्णत्ता) આ બધી મંડલવત્તા સમચક્કવાલ સંસ્થિત કહેલ છે. અર્થાત એ બધી મંડલવત્તા એટલે કે ચંદ્રાદિ વિમાન

વિમંડલ તથા સમચક્રવાલ સંસ્થિત કહેલા છે, કહેવાનો ભાવ એ છે કે સમ એટલે કે સરખા તુલ્ય છે. ચક્રવાલ એટલે ભ્રમણ જેનું તે સમચક્રવાલ કહેવાય છે, તેમાં સંસ્થિતિ એટલે અવસ્થિતિ નિવાસ જેનો તે સમચક્રવાલસંસ્થિત કહેવાય છે. અર્થાત્ સમવૃત્તાન્તર્ગત મંડલ સંસ્થિતિ. મંડળોની અવસ્થિતિ મંડળોમાં જ થાય નહીં કે સમવિષમ રૂપ ચતુર્ભુજાન્તર્ગત આ પ્રમાણે પાંચમો અન્યતીર્થિક પોતાના મતને પ્રકાશિત કરે છે. (एगे एवमाहंसु) કોઈ પાંચમો મતાવલમ્બી પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું સમર્થન કરે છે. ૫

(एगे पुण एवमाहंसु) ઉપર જણાવેલ રીતે પૂર્વોક્ત પાંચે અન્યમતાવલમ્બીયોને પોતપોતાના મતનું સમર્થન કરતા જોઈને છઠો અન્ય મતવાદી આ હવે પછી કહેવામાં આવનાર સ્વરૂપથી પોતાના મત રૂપી ઢોલનો અવાજ કરતો આ નીચે પ્રમાણે કહેવા લાગ્યો તે આ પ્રમાણે પોતાના મતસંબંધમાં કહે છે, (ता सव्वा वि मंडलवत्ता विसमचक्कवालसंठिया पण्णत्ता) એ બધી મંડલવત્તા એટલે કે ચંદ્રાદિ ગ્રહોના વિમાન વિષમચક્રવાલસંસ્થિત અર્થાત્ વિષમવૃત્તવાળા કહેલા છે. (एगे एवमाहंसु) કોઈ એક છટ્ઠો અન્યતીર્થિક આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતને પ્રગટ કરે છે. ૬

(एगे पुण एवमाहंसु) છએ મતવાદિયો પોતાના મતને પોતપોતાની માન્યતા પ્રમાણે દર્શાવતા જોઈને સાતમો તીર્થાન્તરીય પોતાના મતનું કથન કરતો થકો આ નીચે જણાવેલ પ્રકારથી કહેવા લાગ્યો (ता सव्वा वि मंडलवया चक्कद्धवालसंठिया) એ બધી મંડલવત્તા અર્ધચક્રવાલસંસ્થિત હોય છે. અર્થાત્ એ બધી મંડળવત્તા એટલે કે ચંદ્રાદિ ગ્રહોના વિમાનો વિમંડલ તથા અર્ધચક્રવાલસંસ્થિત એટલે કે અર્ધા વાંકા વાળેલ ધનુષની જેમ કહેલ છે, (एगे एवमाहंसु) કોઈ સાતમો અન્યમતાવલંબી આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતને પ્રગટ કરે છે. ૭

(एगे पुण एवमाहंसु) સાતે પરમતવાદીયોના સિદ્ધાંતની વિવિધ પ્રકારની વિચિત્રતાને સાંભળીને આઠમો તીર્થાન્તરીય આ હવે પછી કહેવામાં આવનાર રૂપથી પોતાના મતનુ

સમર્થન કરતો કહેવા લાગ્યો.

(ता सव्वा वि मंडलवया छत्तागारसंठिया पण्णत्ता) એ બધી મંડળવત્તા છત્રાકાર એટલે કે ઉંચા કરેલ છત્રના આકાર જેવા આકારવાળી કહેલ છે, આ પ્રમાણે આઠે અન્ય-તીર્થિકોના મતાન્તર રૂપ આઠ પ્રતિપત્તિયો પ્રગટ કરીને હવે ભગવાન્ પોતાના મતને પ્રગટ કરતા થકા કહે છે, (तत्थ जे ते एवमाहंसु ता सव्वा वि मंडलवया छत्तागारसंठिया पण्णत्ता) એ પરમતવાદીયોમાં જેઓ એમ કહે છે કે એ બધી મંડળવત્તા છત્રાકારથી સંસ્થિત કહેલ છે અર્થાત્ જેઓ એમ કહે છે કે બધા ચંદ્રાદિ વિમાનો વિમંડળ ઉંચી કરેલ છત્રીના આકાર જેવા આકારવાળા કહેલ છે. આ પ્રમાણે કહેવાવાળા આઠમા અન્યતીર્થિ-કનો મત મારા મતની તુલ્ય જ દેખાય છે. એમ આચાર્યો કહે છે જે આ પ્રમાણે છે. (एएणं णएणं णायव्वं) આ પૂર્વોક્ત આઠમા મતાન્તરવાદીના મતના કથન પ્રમાણે એના અભિપ્રાય વિશેષથી બધા ચંદ્રાદિ વિમાનોનું જ્ઞાન જ્ઞાતવ્ય પ્રકારથી સારી રીતે જાણી લેવું. જ્ઞાનના જ્ઞાતવ્ય વિષય સંબંધી નય પ્રતિનિયત એક વસ્તુના અંશ વિષયક અભિપ્રાય વિશેષ સંબંધી છે. જે કહે છે સમન્તભદ્રાદિ નય જ્ઞાતવ્ય અભિપ્રાય કહેલ છે. અભિપ્રાય વિશેષ નયથી જ બધાનું ઉંચું કરવામાં આવેલ કોંઠાના અર્ધા આકારથી વ્યવસ્થિત હોવાથી ભિન્ન પ્રકારથી જ્ઞાતવ્ય નથી. એજ કહે છે-(णो चेव णं इतरेहिं) આ પૂર્વોક્ત નય રૂપ ઉપાય વિશેષથી નિશ્ચિત પ્રકારથી યથાર્થ વસ્તુતત્વનો બોધ થાય છે. તેનાથી ભિન્ન પ્રકારે વસ્તુતત્વનું યથાર્થ જ્ઞાન થતું નથી. કહેવાનો ભાવ એ છે કે-ચંદ્રાદિ મંડળોની ઉપર ઉંચું કરવામાં આવેલ છત્રના આકારવાળા સંસ્થાનની વ્યવસ્થામાં જેમ વસ્તુતત્વનો યથાર્થ બોધ થાય છે. એવી રીતે સમચતુરસ્ર પ્રકારથી અથવા વિષમ ચતુરસ્ર પ્રકારથી તથા સમાયત અથવા વિષમાયત તથા સમચક્રવાલ કે વિષમ ચક્રવાલ ચક્રાર્ધવાલ સંસ્થાનની વ્યવસ્થામાં સરલ ઉપાયથી વસ્તુતત્વનો બોધ થતો નથી આ કારણથી જ સાતે તીર્થાન્તરી-યોના મતમતાન્તરો યુક્તિશૂન્ય તથા મિથ્યાપ્રલાપ છે તેમ ભગવાન્શ્રીનો અભિપ્રાય છે.

(पाहुडाओ भाणियव्वाओ) પ્રાભૃત સંબંધી ગાથાઓ અહીંયા કહી લેવી અર્થાત્ પ્રાભૃત એટલે ઉપાયન ભેટ જે પહેલું પ્રાભૃત છે તેના આ આઠ પ્રાભૃતપ્રાભૃતો કહ્યા છે. તેથી અહીંયાં પણ અધિકૃત પ્રાભૃતપ્રાભૃતને પ્રતિપાદન કરનારી કોઈ ગાથા વિશેષ ઉલ્લેખનીય કહી છે. પરંતુ એ તમામ ગાથાઓ વિચ્છિન્ન થયેલ છે. જેથી હાલમાં તે ઉપલબ્ધ થતી નથી. તેથી સંપ્રદાયાનુસાર એ તમામ ગાથાઓ અહીંયાં સમજી લેવી એ ગાથાઓના પાઠથી વિઘ્નોની શાંતિ થાય છે. તેમજ બધા વિઘ્નોનો નાશ થાય છે. તેમજ મંગલની પ્રાપ્તિ થાય છે. તેથી જ્ઞાનથી પવિત્ર અંતઃકરણ વાળા થઇને શાસ્ત્રાભ્યાસ પૂર્વક તે ગાથાઓનો અહીંયા પાઠ સમજી લેવો ॥ સૂ૦ ૧૯ ॥

**પહેલા પ્રાભૃતનું સાતમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧-૭ ॥**

## પ્રથમ પ્રાભૃત કા આઠવા પ્રાભૃતપ્રાભૃત

### આઠમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ :-સાતમા પ્રાભૃતપ્રાભૃતનું કથન કરીને હવે આઠમું પ્રાભૃતપ્રાભૃત પ્રારંભ કરવામાં આવે છે, આ આઠમાં પ્રાભૃતપ્રભૃતમાં (मंडलानां विष्कंभो वक्तव्यः) આ અર્થાધિકારના સંબંધમાં વિચાર કરવા માટે સૂત્રકાર પ્રશ્નસૂત્ર કહે છે-(ता सव्वावि णं मंडलवया केवइयं बाहल्लेणं केवइयं आयामविक्खंभेणं केवइयं परिक्खेवेणं आहितेति वएज्जा) હે ભગવન્ બધા મંડળપદ કેટલા બાહલ્યવાળા અને કેટલા આયામવિષ્કંભ વાળા તથા કેટલા પરિક્ષેપવાળા કહેવામાં આવેલ છે, તે આપ મને કહો. કહેવાનો ભાવ એ છે કે-આપે અનેક પ્રતિપત્તિ સહિત મંડળની સંસ્થિતિ અર્થાત્ મંડળની વ્યવસ્થા કહેલ છે, હજી પણ મંડળોના વિષયમાં ઘણું જ પૂછવાનું છે. તે આપ સાંભળો બધા મંડળપદ એટલે મંડળરૂપ સ્થાનો એટલે કે સૂર્યમંડળના સ્થાનો કેટલા બાહલ્યવાળા એટલે કેટલા સ્થૂલ, કેટલા આયામવિષ્કંભવાળા એટલે કે લંબાઈ વાળા અને કેટલા પરિક્ષેપવાળા કહેવામાં આવેલા છે? તે આપ કૃપા કરીને મને કહો. આ પ્રમાણે કુશાગ્ર બુદ્ધિવાળા શ્રી ગૌતમસ્વામીએ વંદન કરીને પ્રશ્ન ઉપસ્થિત કરવાથી વીતરાગ પરમાર્થદર્શી પ્રાપ્ત કેવળજ્ઞાનવાન્ ભગવાન્ મહાવીર સ્વામીએ આ વિષયમાં પરતીર્થિકોના મિથ્યાભાવો બતાવવાના ઉદ્દેશથી પરતીર્થિકોના આચાર્યોએ કહેલ પ્રતિપત્તિયોનું કથન કરે છે, જે આ પ્રમાણે છે-

(तत्थ खलु इमा तिण्णि पडिवत्तीओ पण्णत्ताओ) હે ગૌતમ ! તમે પ્રશ્ન કરેલ વિષયમાં આ ત્રણ પ્રતિપત્તિયો કહેલ છે. કહેવાનો ભાવ એ છે કે-મંડળોના બાહલ્યાદિ વિચારના

સંબંધમાં વક્ષ્યમાણ પ્રકારની ત્રણ પ્રતિપત્તિયો અર્થાત્ પરમત રૂપ વિચાર ભેદ કહેલ છે. તે આ પ્રમાણે છે-(तत्थ एगे एवमाहंसु) એ ત્રણ પ્રકારના પરમતવાદીયોમાં કોઇ એક પહેલો પરમતવાદી આ નીચે જણાવવામાં આવેલ પ્રકારથી પોતાના મતના સંબંધમાં કથન કરે છે. જેમ કે-(ता सव्वा वि णं मंडलवया जोयणं बाहल्लेणं एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं आयामविक्खंभेणं तिन्नि जोयणसहस्साइं तिन्नि य णवणउए जोयणसए परिक्खेवेणं पण्णत्ते) એ તમામ મંડળપદો બાહલ્યથી એક યોજન તથા એક હજાર એકસો તેત્રીસ યોજન આયામવિષ્કંભથી તથા ત્રણ હજાર ત્રણસો નવ્વાણું યોજન પરિક્ષેપથી કહેલ છે, કહેવાનો ભાવ એ છે કે બધા જ સૂર્યમંડળ સ્થાનો એક એક હજાર એકસો તેત્રીસ યોજન આયામ વિષ્કંભથી એટલે કે દીર્ઘપણાથી ત્રણ હજાર ત્રણસો નવાણુ ૩૩૯૯ યોજન પરિધિવાળા કહેલ છે. એ તીર્થાન્તરીયના આચાર્યોના કથનાનુસાર આ પ્રમાણે મંડળના આયામવિષ્કંભનું પ્રમાણ ત્રણ હજાર નવસો નવ યોજન થાય છે. આયામવિષ્કંભથી પરિધિનું પ્રમાણ વૃત્ત-વર્તુલ પરીમાણ નથી પરંતુ વૃત્ત પરિમાણથી ત્રણ ગણું પરિપૂર્ણ કહેલ છે. ન્યૂનાધિક નહીં તેથી ત્રણ હજાર ત્રણસો આ પ્રમાણે તેઓએ કહેલ છે. જેમ કે એક હજારના ત્રણ હજાર અને એકસોના ત્રણસો અને તેત્રીસ આ રીતે તેમણે કહેલ છે. પરંતુ આ પરિરય પરિમાણ પરિરયના ગણિત પ્રમાણથી જુદા પ્રકારનું છે, તે ગણિત સૂત્ર આ પ્રમાણે છે. (विक्खंभवग्गदहगुणकरणी वट्टस्स परिरओ होई) વિષ્કંભના વર્ગને દસગણા કરવાથી વૃત્તનો પરિરય થાય છે, (वर्गेण वर्गं गुणयेद्‌भजेच्च) આ નિયમાનુસાર ત્રણનો વર્ગ નવ થાય છે. કંઈક વધારે ત્રણનો વર્ગ દસ થાય છે. અવયવવાળાનો વર્ગ પૂર્ણાંક થતો નથી પરંતુ સાવયવ જ થાય છે. તેથી સાત વિષ્કંભની સ્થૂલ પરિધિ બાવીસ થાય છે. તથા સૂક્ષ્મ પરિધિ ૨૧×$\frac{૧૨૩૯}{૧૨૫૦}$ થાય છે આ પ્રમાણે બધે સમજી લેવું (व्यासे मन्दाग्निहृत्ते विभक्ते खबाणसूर्यैः परिधिः स सूक्ष्मः) તથા (व्यासे द्वाविंशतिघ्ने विद्रतेऽथशैले) ઇત્યાદિ પ્રકારના નિયમથી પહેલા તીર્થાન્તરીયના પરિમાણનું ગણિત વ્યભિચરિત છે, તેથી પરિરય પરિમાણ લાવવા ત્રણ હજાર પાંચસો ત્યાશીથી કંઇક વધારે થાય છે, જેમકે-એક હજાર એકસો તેત્રીસ યોજન અર્થાત્ ૧૧૩૩ અગીયરસો તેત્રીસ યોજન થાય છે, આનો જો વર્ગ કરવામાં આવે તો નવ, આઠ, છ, ત્રણ, આઠ અને બાર આ પ્રમાણે અંકો થાય છે, અર્થાત્ ૧૨૮૩૬૮૯ બાર લાખ ત્યાશી હજાર છસો નેવાસી થાય છે, અને દસથી ગુણવાથી ૧૧૮૩૬૯૦ એક કરોડ અઢાર લાખ છત્રીસ હજાર સાતસો નેવું આ પ્રમાણે યથોક્ત પરિરય પરિમાણ થઈ જાય છે. તેથી પૂર્વોક્ત પરતીર્થિકે કહેલ પરિરય પરિમાણ સંગત થતું નથી. આ પ્રમાણે બીજા અને ત્રીજા પરમતવાદીના મતની ભાવના કરી લેવી (एगे एवमाहंसु) આ પૂર્વોક્ત પ્રકારથી

પ્રથમ તીર્થાન્તરીય પોતાના મતનું પ્રતિપાદન કરે છે. ।૧।

(एगे पुण एवमाहंसु) બીજો પરતીર્થિક પહેલા મતવાદીનું કથન સાંભળીને આ હવે પછી કહેવામાં આવનાર સ્વરૂપથી પોતાના મતના સંબંધમાં કહેવા લાગ્યો. તે આ પ્રમાણે છે (ता सव्वा वि णं मंडलवया जोयणं बाहल्लेणं एगं जोयणसहस्सं एगं चउतीसं जोयणसयं आयामविक्खंभेणं तिन्नि जोयणसहस्साइं चत्तारि बिउत्तरे जोयणसए परिक्खेवेणं पण्णत्ते) એ બધા મંડળ પદ બાહલ્યથી એક યોજન એક હજાર એકસો ચોત્રીસ યોજન આયામ વિષ્કંભથી તથા ત્રણ હજાર ચારસો બે યોજન પરિક્ષેપથી અર્થાત્ પરિધિના પરિમાણથી કહેલ છે. આ પ્રમાણે બીજા પરમતવાદીના મતથી વિષ્કંભ પરિમાણથી પરિરયનું પરિમાણ પૂરેપૂરૂં ત્રણ ગણું થાય છે અહીંયાં વિષ્કંભાન=૧૧૩૪ અગીયારસો ચોત્રીસ યોજનનું તથા પરિરય અર્થાત્ પરિધિનું પરિમાણ ૩૪૦૨ ત્રણ હજાર ચારસો બે થાય છે આ ૧૧૩૪×૩=૩૪૦૨ આ રીતે ત્રણગણા વ્યાસ બરોબર પરિધિનું પરિમાણ થાય છે. અહીંયાં હજારના ત્રણ હજાર અને સોના ત્રણસો આ રીતે ત્રણ હજાર ચારસો બે થઈ જાય છે. આ પ્રમાણે બીજા પરતીર્થિકની ઘોષણા કહેલ છે, (एगे एवमाहंसु) બીજા અન્યતીર્થિકનું આ પૂર્વોક્ત સ્વરૂપથી વિષ્કંભના માનથી પરિધિનું માન પૂરેપૂરૂં ત્રણગણું થાય છે તેમ બીજા વાદીનો મત છે. ।૨।

(एगे पुण एवमाहंसु) કોઈ એક ત્રીજા પ્રકારના અન્ય મતવાદી પહેલા અને બીજા તીર્થિકોના મતોને સાંભળીને આ નીચે જણાવવામાં આવેલ પ્રકારથી પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં કહેવા લાગ્યો (ता जोयणं बाहल्लेणं एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं आयामविक्खंभेणं तिन्नि जोयणसहस्साइं चत्तारि पंचुत्तरे जोयणसए परिक्खेवे णं पण्णत्ते) એક યોજન બાહલ્યથી એક હજાર એકસો પાંત્રીસ યોજન આયામવિષ્કંભથી ત્રણ હજાર ચારસો પાંચ યોજન પરિક્ષેપથી કહેલ છે, અર્થાત્ પહેલા અને બીજા પરમત વાદીના મતો સાંભળીને ત્રીજો તીર્થાન્તરીય પોતાના સિદ્ધાંતને પ્રગટ કરતો થકો કહેવા લાગ્યો કે તમો બન્નેના કહેવા પ્રમાણે વિષ્કંભનું પરિમાણ બરોબર નથી અને પરિધિનું માપ પણ અશુદ્ધ છે, તેથી મારો મત તમો સાંભળો બધા સૂર્ય મંડળ સ્થાનો યોજનની બાહલ્યતા અર્થાત્ વૃદ્ધિથી એક હજાર એકસો પાંત્રીસ યોજન ૧૧૩૫ આટલા પરિમાણના આયામ વિષ્કંભ અર્થાત્ લંબાઈ પહોળાઈ વાળા કહેલ છે, તથા ૩૪૦૫ ત્રણ હજાર ચારસો પાંચ યોજન પરિક્ષેપ અર્થાત્ પરિધિનું પ્રમાણ થાય છે. જેમકે–એક હજાર યોજનના ત્રણ હજાર અને સોના ત્રણ ગણા ત્રણસો અને પાંત્રીસના ત્રણગણા એકસો પાંત્રીસ આ રીતના વિષ્કંભમાનથી પુરૂં ત્રણગણુ પરિધિનું પરિમાણ થાય છે. જેમકે ૧૧૩૫+૩=૩૪૦૫

આ કથનમાં કેવળ બીજા બેનો મત સરખો જ છે, અર્થાત્ પહેલાવાદીના વિષ્કંભમાનથી બીજાનો વિષ્કંભમાન જુદો પડે છે, બીજા વાદીના કથન કરતાં ત્રીજા વાદીનો મત જુદો છે પરંતુ પરિધિના પરિમાણનું ગણિત તો બધાનું સરખું જ છે. ત્રણેના મતથી વિષ્કંભના માનથી પરિધિનું માન ત્રણગણું જ થાય છે.

(૧) પહેલા વાદિના મતથી વિષ્કંભનું માન ૧૧૩૩ અગીયારસો તેત્રીસ યોજન તથા પરિધિનું માન ૩૩૯૯ ત્રણ હજાર ત્રણસો નવ્વાણુ અર્થાત્ તેત્રીસસો નવ્વાણુ થાય છે.

(૨) બીજા વાદીના મતથી વિષ્કંભનું માન ૧૧૩૪ અગીયારસો ચોત્રીસ તથા પરિધિનું માન ૩૪૦૨ ત્રણ હજાર ચારસો બે.

(૩) ત્રીજા વાદીના મતથી વિષ્કંભનું માન ૧૧૩૫ અગ્યારસો પાંત્રીસ તથા પરિધિનું પ્રમાણ ૩૪૦૫ ત્રણ હજાર ચારસો પાંચ છે. ત્રણેના મતથી વિષ્કંભના માપથી પરિધિનું માપ ત્રણગણું થાય છે એ રીતે સમાનતા છે. આ ત્રણેના મત મિથ્યાભાવને બતાવવાવાળા છે. તેથી તે મિથ્યાત્વના જ પ્રતિપાદક છે.

હવે ભગવાન્ પોતાના મતનું નિદર્શન કરતાં કહે છે-(वयं पुण एवं वयामो) હું તો યથાર્થ સિદ્ધાંતના સંબંધના આ પ્રમાણે તે બધાથી જુદી રીતે આ વક્ષમાણ પ્રકારથી મારા સિદ્ધાંતનું પ્રતિપાદન કરૂં છું જે આ પ્રમાણે છે-

(ता सव्वा वि मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं अणियता आयामविक्खंभेणं परिक्खेवेणं आहितात्ति वएज्जा) આ બધા મંડળપદો એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ બાહલ્યથી અનિયતપણાથી અર્થાત્ અનિશ્ચિતપણાથી આયામ-વિષ્કંભ અને પરિક્ષેપથી કહેલા છે. તેમ કહેવું કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ પોતાના સિદ્ધાંતને પ્રગટ કરતા કહે છે કે-હે તીર્થાન્તરીયો યથાર્થ સ્વરૂપવાળા મારા સિદ્ધાંતને તમો સાંભળો. બધા સૂર્ય મંડલપદ એટલે કે સૂર્યમંડળ સ્થાનો એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ બાહલ્યથી $\frac{48}{61}$ એટલા આયામવિષ્કંભ અને પરિક્ષેપથી અનિયત પ્રકારના

કહેલા છે. અર્થાત્ કોઈ એક મંડળનો જેટલો આયામ છે કે વિષ્કંભ અથવા પરિક્ષેપ હોય છે તેનાથી બીજા કોઈ મંડળનો અન્ય પ્રકારનો આયામવિષ્કંભ અને પરિક્ષેપ હોય છે. આ પ્રમાણે પોતપોતાના શિષ્યોને સમજાવવું.

પૂર્વોક્ત પ્રકારથી ભગવાને કહ્યાથી શ્રી ગૌતમસ્વામી ભગવાનને ફરીથી પ્રશ્ન કરતાં કહે છે કે-(तत्थ णं को हेऊत्ति वएज्जा) હે ભગવન્ મંડળપદોમાં આયામવિષ્કંભ અને પરિક્ષેપના અનિયતપણાથી હોવામાં શું હેતુ છે? શું કારણ છે? અને એની ઉપપત્તિ શું છે? એ વંદન કરતા એવા મને કહો આ પ્રમાણે વંદન કરતા શ્રી ગૌતમસ્વામીની ભાવપૂર્ણ જીજ્ઞાસા વૃત્તિને જાણીને પ્રણુત પ્રતિપાલક શ્રી ભગવાન્ કહે છે-(ता ( अयण्णं जंबुद्दीवे दीवे जाव परिक्खेवेणं) આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે. કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ ગૌતમસ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે-હે ગૌતમ! સવિશેષ સાવધાન ચિતવાળા થઇને સાંભળો આ સમીપસ્થ સામે દેખાતો જંબૂદ્વીપ છે. તે આ જંબૂદ્વીપ બધા જ દ્વીપો અને સમુદ્રોમાં સવિશેષતાથી સ્થિત છે. આ રીતે મનમાં વિચાર કરીને પછી બીજો વિચાર કરવો. (ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सा मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं णवणउइं जोयणसहस्साइं छच्च चत्ताले जोयणसए आयामविक्खंभेणं तिण्णि जोयणसयसहस्साइं पण्णरस जोयणसहस्साइं एगुणणउतिजोयणाइं किंचि विसेसाहिया परिक्खेवेणं) જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એ બધા મંડળપદો એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ બાહુલ્યથી તથા નવ્વાણુ હજાર છસો ચાળીસ યોજન આયામવિષ્કંભથી અને ત્રણ લાખ પંદર હજાર નેવાસી યોજનથી કંઇક વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે. કહેવાનો ભાવ એ છે કે-બધા દ્વીપ અને સમુદ્રોના પરિક્ષેપ રૂપથી રહેલ જંબૂદ્વીપમાં જ્યારે સૂર્ય એકસો ચોર્યાશી મંડળોમાં સર્વાભ્યંતર મંડળમાંથી ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડળમાં જઇને જ્યારે એ મંડળમાં ભ્રમણ કરે છે ત્યારે બધા સૂર્યમંડળપદો એટલે કે સૂર્યમંડળ સ્થાનો એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગો ૪૮/૬૧ યોજનના પરિમાણથી બાહલ્ય અર્થાત્ પિંડ રૂપે તથા નવ્વાણુ હજાર છસો ચાલીસ ૯૯૬૪૦ યોજન પરિમાણ વિષ્કંભથી એટલે કે લંબાઈ પહોળાઈથી થાય છે. તથા ત્રણ લાખ પંદર હજાર નેવાસી ૩૧૫૦૮૯ યોજનથી કંઇક વિશેષાધિક પ્રમાણવાળો અથવા કંઇક ન્યૂનાધિક પ્રમાણવાળો પરિક્ષેપથી કહેલ છે. જેમકે-એક તરફ સર્વાભ્યન્તરમંડળ એકસો એંસી યોજન ૧૮૦ તુલ્ય અને બીજી તરફ ૧૮૦ યોજનપ્રમાણ જંબૂદ્વીપની અવગાહના છે. અતઃ એકસો એંસી યોજનને બેથી ગુણવામાં આવે તો ત્રણસો સાઠ થાય છે. જે આ પ્રમાણે ૧૮૦+૨=૩૬૦ આટલું પ્રામણ જંબૂદ્વીપના એક લાખ

યોજનના વિષ્કંભ પરિમાણમાંથી વિશોધિત કરવામાં આવે અર્થાત્ ઓછું કરવામાં આવે તો આ પૂર્વ કથિત આયામવિષ્કંભનું પરિમાણ મળી જાય છે. ૧૦૦૦૦૦-૩૬૦=૯૯૬૪૦ નવ્વાણુ હજાર છસો ચાલીસ યથોક્ત રૂપથી થઈ જાય છે.

આ રીતે એ સર્વાભ્યન્તર મંડળનો વિષ્કંભ ૯૯૬૪૦ નવ્વાણુ હજાર છસો ચાલીસ થાય છે તેનો વર્ગ કરવામાં આવે ત્યારે નવ, નવ, બે, આઠ, એક, બે, નવ, છ પછી બે શૂન્ય ૯૯૨૮૧૨૯૬૦૦ નવ અજબ બાણુ કરોડ એકાસી લાખ ઓગણત્રીસ હજાર છસો થાય છે. આને દસથી ગુણવાથી પૂર્વોક્ત અંકોમાં એક શૂન્ય વધારે થાય છે. જેમકે ૯૯૨૮૧૨૯૬૦૦૦ નવ્વાણુ અજબ અઠયાવીસ કરોડ બાર લાખ છન્નું હજાર થાય છે. છે, આનું વર્ગમૂળ કરવાથી પૂર્વોક્ત પરિધિનું પ્રમાણ નીકળી આવે છે. તથા ૨૧૮૦૭૯ બે લાખ અઢાર હજાર અઠ્ઠાસી શેષ વધે છે. તે આસન્ન મૂલત્વાત્ વ્યર્થ છે. (**तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ**) ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે તથા જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે. અર્થાત્ આ પ્રકારના વ્યાસ પ્રમાણવાળા જંબૂદ્વીપ ક્ષેત્રમાં ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ પરમ અધિક ક્ષેત્રગત હોવાથી ઉત્કર્ષ એટલે કે સર્વાધિક અઢાર મુહૂર્ત પ્રમાણ વાળો છત્રીસ ઘડિ બરાબર દિવસ હોય છે, તથા જઘન્યા પરમ નાની બાર મુહૂર્ત પ્રમાણ વાળી ચોવીસ ઘડિ બરોબરની રાત્રી હોય છે. (બે ઘડિનું એક મુહૂર્ત હોવાથી) રાત દિવસના મેળ કરવામાં અહોરાત્રિનું માન બધે જ સાઠ ઘડિ બરાબર જ થાય છે.

(**से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ**) તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરને પ્રાપ્ત કરીને પ્રથમ અહોરાત્રમાં અભ્યન્તરાનંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ એ દૃશ્યમાન સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાંથી નિષ્ક્રમણ કરીને અર્થાત્ ત્યાંથી નીકળીને નવા સૌર

વર્ષને પ્રાપ્ત કરીને એ સૌરવર્ષના અર્થાત્ નવા સંવત્સરના પહેલાં અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડળની પછીના બીજા મંડળને પ્રાપ્ત કરી એટલે કે એ બીજા મંડળમાં જઇને ગતિ કરે છે અર્થાત્ ત્યાં જ અહોરાત્ર પર્યન્ત ભ્રમણ કરે છે. (ता जया णं सूरिए अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं णवणवइ जोयणसहस्साइं छच्च पणताले जोयणसए पणतीसं च एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभेणं तिण्णि जोयणसहस्साइं पण्णरसं च सहस्साइं एगं च उत्तरं जोयणसयं किंचि विसेसूणं परिक्खेवेणं) જ્યારે સૂર્ય આભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે તે મંડળપદ એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ બાહલ્યથી અને નવ્વાણુ હજાર છસો ચોપન યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગો આયામ વિષ્કંભથી તથા ત્રણ લાખ પંદર હજાર એકસો યોજનથી કંઇક વધારે પરિક્ષેપથી થાય છે,

કહેવાનો ભાવ એ છે કે નવીન સંવત્સરના પહેલી અહોરાત્રીમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ બીજા મંડળમાં જઇને ગતિ કરે છે, અર્થાત્ એ બીજા મંડળમાં ભ્રમણ કરે છે. ત્યારે એ મંડળસ્થાનો એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી ૪૮ $\frac{૧}{૬૧}$ આટલા પ્રમાણની વૃધ્ધીથી નવ્વાણુ હજાર છસો ચોપન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ આયામવિષ્કંભથી થાય છે. જે આ પ્રમાણે એક સૂર્ય સર્વાભ્યન્તરમંડળના એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ ભોગવે છે. તથા અઢારના બે યોજન ભોગવીને બીજા મંડળમાં ગતિ કરે છે. તેવીજ રીતે બીજો સૂર્ય પણ ગતિ કરે છે, તેથી બે બે યોજન તથા એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગને બેથી ગુણવામાં આવે તો ગુણન ફલ પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એક-સઠિયા ભાગ થાય છે. જેમકે ૨×૪૮ $\frac{૧}{૬૧}$+૨=૫×૩૫ $\frac{૧}{૬૧}$ આ રીતે યોજન પ્રમાણ થાય છે.

આ પ્રમાણ જો પહેલા મંડળના વિષ્કંભપરિમાણમાં મેળવવામાં આવે તો બીજા મંડળનો વિષ્કંભ અને આયામનું પરિમાણ યથોક્ત રીતે મળી જાય છે, તો ત્રણ લાખ પંદર હજાર એકસો સાત તથા કંઈ વધારે પરિરય એટલે કે પરિધિનું પ્રમાણ થાય છે, સાવયવ અંકોનો ગુણાકાર કરવામાં તથા ભાગ કરવા આદિમાં કંઇક સ્થૂલતા સ્વાભાવિક છે. આ પ્રકાર બતાવવા માટે કંઇક વિશેષાધિક એમ કહેલ છે, જેમકે પૂર્વમંડળના વિષ્કંભ અને આયામના પરિમાણમાં પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગો અધિકતાથી ભાવિત કરી લેવા. આ પ્રમાણે કરવાથી આ રાશીનું અલગ પરિરય પરિમાણ આવી જાય છે. આ ગણિત પ્રકારથી સિદ્ધ થાય છે. પાંચ યોજનના જો એક સાઠ ભાગો કરીને એકસાઠથી ગુણવામાં આવે તો ત્રણસો પાંચ ૩૦૫ થાય છે તેમાં જો ઉપરના પાંત્રીસ એકસઠિયા ભાગોને ઉમેરવામાં આવે તો ત્રણસો ચાળીસ ૩૪૦ થઇ

જાય છે. અહીંયા પણ સાવયવ અંક જે પાંત્રીસ છે, તેને ઉમેરી દેવાથી ૩૦×૩૫=૩૪૦ થઈ જાય છે. આ અંકનો વર્ગ ૩૪૦=૧૧૫૬૦૦ થાય તેને દસથી ગુણવાથી એક, એક, પાંચ, છ, પછી ત્રણ શૂન્ય અર્થાત્ અગીયાર લાખ છપ્પન હજાર ૧૧૫૬૦૦૦ આ પ્રમાણે ગુણન ફળ આવે છે, આનું નજીકનું વર્ગમૂળ કરવાથી ૧૦૭૫ એક હજાર પંચોતેર થાય છે. તેના યોજન બનાવવા એકસઠથી ભાગવાથી સત્તર યોજન આડત્રીસ એકસઠીયા ભાગ ૧૭ $\frac{૩૮}{૬૧}$ જેમ કે ૧૦૭૫÷૬૧=૧૭ $\frac{૩૮}{૬૧}$ થાય છે. આને પૂર્વમંડળના પરિરયપરિમાણમાં વધારે મેળવવામાં આવે તો યથોક્ત રૂપથી અધિકૃત મંડળનું પરિરયપરિમાણ મળી જાય છે. કિંચિત્ વિશેષોન એટલે કિંચિત્ ન્યૂનાધિક સાવયવ હોવાથી થઈ જાય છે, તથા તેવીસ એકસઠિયા ભાગોથી ન્યૂન હોવાથી કિંચિત્ વિશેષ ન્યૂનતાનો સંભવ છે. (तया णं दिवस-राइप्पमाणं तहेव) બીજા મંડળના ચાર ચરણ સમયમાં દિવસરાત્રી પ્રમાણ એટલે કે દિવસ રાતનું માન પહેલાના કથન પ્રમાણે જ છે. બીજા મંડળના સંચરણ સમયમાં પહેલાં જે પ્રમાણે રાતદિવસનું પ્રમાણ કહ્યું છે, એજ પ્રમાણે અહીયાં પણ સમજી લેવું અર્થાત્ બે એકસઠિયા ભાગોથી ન્યૂન અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ થાય છે. તથા એકસઠિયા બે ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી થાય છે, (से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) નિષ્ક્રમણ કરતો એ સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યન્તરાનન્તરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ એ પ્રસિદ્ધ સૂર્ય સર્વાભ્યન્તર મંડળમાંથી બહાર નીકળતાં નીકળતાં સર્વાભ્યંતરની પછીના (तच्चं) ત્રીજા મંડળનું ઉપસંક્રમણ કરીને એટલે કે ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે, એટલે કે એ ત્રીજા મંડળમાં જઈને બીજા અહોરાત્રને પુરે છે. નવા સંવત્સર સંબંધી બીજા અહોરાત્રમાં પ્રવેશ કરે છે, (ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सा मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं णवणवइ जोयणसहस्साइं छच्च एक्कावण्णे जोयणसए णव य एगट्ठिभागा जोयणस्स आयामविक्खंभेणं तिण्णि जोयणसय-सहस्साइं पण्णरस य सहस्साइं एगं च पणवीसं जोयणसयं परिक्खेवेणं पण्णत्ते) જ્યારે સૂર્ય અભ્યંતરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે તે મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા નવ્વાણુ હજાર છસો એકાવન યોજન અને એક યોજનના નવ એકસઠિયા ભાગ આયામવિષ્કંભથી અને ત્રણ લાખ પંદર હજાર એકસો પચીસ યોજન પરિક્ષેપથી કહેલ છે, કહેવાનો અભિપ્રાય એ છે કે—નવા સંવત્સરના બીજા અહોરાત્રમાં જ્યારે સૂર્ય અભ્યંતર મંડળના ત્રીજા મંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. તે સમયે એ મંડળસ્થાન એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી તથા ૯૯૬૫૧ નવ્વાણુ હજાર છસો એકાવન યોજન તથા એક

પૂર્વોક્ત પ્રકારથી જ અહીંયાં પણ પહેલાના મંડળના વિષ્કંભ અને આયામના પરિમાણથી પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ વધારે થાય છે. આ પ્રમાણે કરવાથી યથોક્ત રીતે આયામવિષ્કંભનું પરિમાણ થઈ જાય છે. આનુ પૃથક્ પરિધિનું પરિમાણ સત્તર યોજન તથા એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ $17\frac{48}{61}$ આટલું જ પરિમાણ ધૂલિકર્મથી નીકળી આવે છે. પરંતુ સૂત્રકારે સ્વલ્પ અંતરથી પૂરા અઢાર યોજનની વિવક્ષા કરેલ છે. વ્યવહારમાં તો લોકમાં કંઈક ન્યૂનને પણ પૂરેપૂરા રૂપે જ કહે છે. તથા જે પૂર્વ મંડળના પરિરયના પરિમાણમાં કંઈક ઓછાપણું કહ્યું છે એ પણ વ્યવહારનયના મતથી પરિપૂર્ણની જેમ જ કહેવાય છે. ત્યારે પૂર્ણમંડળનો પરિરય અર્થાત્ પરિધિના પરિમાણમાં અઢાર યોજન અધિક રૂપે જો પ્રક્ષેપ કરવામાં આવે તો યથોક્ત અધિકૃત મંડળનું કહેલા પ્રકારથી પરિરયનું પરિમાણ સંગત થઈ જાય છે, **(तया णं दिवसराई तहेव)** ત્યારે દિવસરાતની વ્યવસ્થા પણ એજ પ્રકારથી થઈ જાય છે. અર્થાત્ એ ત્રીજા મંડળના સંચરણ કાળમાં દિવસરાતનું માન પૂર્વોક્ત કથિત પ્રકારનું જ થાય છે. અર્થાત્ ચાર એકસઠિયા ભાગ ઓછા અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા ચાર એકસઠિયા ભાગ વધારે પ્રમાણવાળી બાર મુહૂર્તની રાત્રી હોય છે. **(एवं खलु एएणं णएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ तयाणंतरं मंडलाओ मंडलं उवसंकममाणे उवसंकममाणे जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले विक्खंभवुड्ढि अभिवड्ढेमाणे अभिवड्ढेमाणे अट्ठारस अट्ठारस जोयणाइं परिरयवुड्ढि अभिवड्ढमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ)** આ પ્રકારથી એ ઉપાયથી અર્થાત્ નયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય એ પછીના મંડળમાંથી તેના પછીના મંડળમાં એટલે કે એક મંડળમાંથી બીજા મંડળમાં ઉપસંક્રમણ કરતા કરતા પાંચ યોજન અને એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ એક એક મંડળમાં વિષ્કંભને વધારતા વધારતા અઢાર અઢાર યોજન પરિરયની વૃદ્ધિ કરતા કરતા સર્વબાહ્યમંડળમાં જઈને ગતિ કરે છે.

કહેવાનો ભાવ એ છે કે–પૂર્વોક્ત પ્રકારથી નિશ્ચિત ઉપાયથી એટલે કે દરેક અહોરાત્રમાં એક એક મંડળને છોડીને બહાર નીકળતો સૂર્ય તે પછીના મંડળમાંથી તેના પછીના મંડળમાં ઉપસંક્રમણ કરતા કરતા એટલે કે તે તે મંડળનો ઉપભોગ કરીને એક મંડળમાં પાંચ પાંચ યોજન તથા એક યોજનના એકસઠિયા પાંત્રીસ ભાગ ($5\frac{35}{61}$) પરિમાણ એક એક મંડળમાં વિષ્કંભની વૃદ્ધિ અર્થાત્ વ્યાસનો વધારો કરતા કરતા એક એક મંડળમાં અઢાર અઢાર યોજન પરિધિના પ્રમાણમાં વધારતા વધારતા પહેલા છ માસના અંતના સમયમાં એકસો ત્યાશીમાં અહોરાત્રમાં સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે તે મંડળમાં જઈને ગતિ કરે છે, અર્થાત્ ત્યાં ભ્રમણ કરતો દૃષ્ટિગોચર થાય છે.

(અહીંયાં પણ અઢાર અઢાર એ પ્રમાણે સ્થૂલ પણાથી કહેલ છે.) વાસ્તવિક રીતે તો સત્તર સત્તર યોજન તથા એક યોજનના આડત્રીસ એકસઠિયા ભાગ થાય છે. ૧૭ $\frac{૩૮}{૬૧}$ ગણિત દૃષ્ટિથી આ પ્રમાણેનો સાવયવ અંક સિદ્ધ થાય છે. તેને ઠેકાણે સરળતા માટે અઢાર ૩૫ સ્થૂલપણાથી કહેલ છે. આ કથન કેવળ ગણિતજ્ઞોએ પોતાના મનસ્વીપણાથી કલ્પના કરીને કહેલ નથી પરંતુ કરણ વિભાગમાં આ સંબંધી વિચારના ઉપક્રમમાં કે લ છે-(सत्तरस जोयणाइं अट्ठतीसं च एगट्ठिभागा १७ $\frac{३८}{६१}$ एवं निच्छयेण संववहारेण पुण अट्ठारस जोयणाइं) इति (ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सा मंडलवया अडतालीसं एगट्ठिभागा जोयणसयसहस्सं छच्च सट्ठे जोयणसए आयामविक्खंभेणं तिण्णि जोयणसयसहस्साइं अट्ठारस सहस्साइं तिण्णि य पण्णरसुत्तरे जोयणसए परिक्खेवेणं) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે એ મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગો બાહલ્યથી તથા એક લાખ છસો સાઠ યોજન આયામવિષ્કંભથી તથા ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર પરિક્ષેપથી કહેલ છે.

કહેવાનો ભાવ એ છે કે-પહેલા છ માસના અંતના અહોરાત્રમાં જે વખતે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળમાં ભ્રમણ કરે છે. ત્યારે સર્વબાહ્ય મંડળસ્થાન એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ $\frac{૪૮}{૬૧}$ બાહલ્યથી એટલે કે એટલી વૃદ્ધિથી થાય છે, તથા એક લાખ છસો સાઈઠ ૧૦૦૬૬૦ આટલા આયામવિષ્કંભથી વ્યાસથી ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર યોજન સર્વબાહ્યમંડળનું પ્રમાણ થાય છે.

અહીંયાં ગણિતપ્રક્રિયા આવી રીતે છે-સર્વાભ્યંતરમંડળપદથી સર્વબાહ્યમંડળપદ સુધી યાવત ૧૮૩ એકસોત્ર્યાશી મંડળપદો થાય છે દરેક મંડળમાં અને દરેક વિષ્કંભમાં પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ ૫+$\frac{૩૫}{૬૧}$ પરિવર્ધિત થાય છે. આ સંખ્યાને એકસો ત્ર્યાશીની સંખ્યાથી ગુણવામાં આવે તો એક તરફ ૯૧૫ નવસો પંદર થાય છે અને બીજી તરફ=$\frac{૬૪૦૫}{૬૧}$ છ હજાર ચારસો પાંચ એકસઠિયા ભાગવાળી પૂર્ણ સંખ્યાંકમાં એટલે કે નવસો પંદર અને એકસો પાંચ બન્નેને મેળવવાથી ૧૦૨૦ એક હજાર ને વીસ થાય છે. જેમકે-૫$\frac{૩૫}{૬૧}$+૧૮૩=૯૧૫ $\frac{૬૪૦૫}{૬૧}$=૯૧૫×૧૦૫=૧૦૨૦ આનાથી કંઈક વધારે થવાથી સર્વાભ્યન્તરમંડળપદમાં ૩૧૭૨૯૫ ત્રણ લાખ સત્તર હજાર બસો પંચાણુ થાય છે, આમાં એક હજાર વીસની સંખ્યાને મેળવવાથી સર્વબાહ્યમંડળમાં કહેલ યથોક્ત આયામવિષ્કંભનું પરિમાણ ૩૧૮૩૧૫ ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર થઈ જાય છે.

અહીંયાં પણ અન્તિમ અંકમાં સાવયવ ચૌદ થાય છે. તેને ઠેકાણે પંદરનો આંક કહેલ છે. આ સ્થૂલ સંખ્યા છે. આ મંડળનો વિષ્કંભ ૧૦૦૬૬૦ એક લાખ છસો સાઠ યોજનનો છે. તેની પરિધીનું પરિમાણ લાવવા માટે આનો વર્ગ કરવામાં આવે છે. જેમકે ૧૦૦૬૬૦-૨=૧૦૧૩૨૪૩૫૬૦૦-દસ અબજ તેર કરોડ ચોવીસ લાખ પાંત્રીસ હજાર છસો

થાય છે. આને દસથી ગુણવાથી ૧૦૧૩૨૪૩૫૬૦૦૯ થાય છે. આનુ આસન્ન વર્ગમૂળ લાવવા માટે ૩૧૮૩૧૪+$\frac{૫૫૩૪૦૪}{૬૩૬૬૨}$ આ રીતે સાવયવ ત્રણ લાખ અઢાર હજાર તથા સાવયવ ત્રણસો ચૌદ થાય છે. તેને ઠેકાણે ૩૧૮૩૧૫ ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર થાય છે. આ પ્રમાણે સરળતા થવા માટે ગ્રહણ કરેલ છે. સ્થૂલ અંક લેવા યોગ્ય નથી. કારણ કે લાખથી વધારે સંખ્યાવાળા સર્વાન્તિમ અંકમાં સાવયવની તુલ્ય જ હોય છે, એજ પ્રમાણે પરિરયના પરિમાણવૃદ્ધિમાં પણ પહેલા પહેલાના મંડળથી દરેક મંડળમાં ૧૭$\frac{૩૮}{૬૧}$ સત્તરયોજન તથા આડત્રીસ એકસઠિયા ભાગના વધારાથી પૂર્વ કથિતપ્રકારથી ગણિતપ્રક્રિયાથી ૩૧૮૩૧૪+$\frac{૨૧૫૦}{૬૮૬૨૫}$ આટલું જ સર્વબાહ્યમંડળના પરિરય અર્થાત્ પરિધિનું પરિમાસણ થાય છે. પરંતુ વ્યવહારથી પરિપૂર્ણ યોજનની વ્યવસ્થા વિવક્ષા કરેલ છે. તેથી સૂત્રકારે (पंचदसुत्तराणि) પંચદશોત્તર આ પ્રમાણે કહેલ છે. (तया णं उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ) ત્યારે ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તની રાત્રી થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. અર્થાત્ સર્વબાહ્યમંડળના સંચરણ કાળમાં ઉત્કૃષ્ઠા સર્વાધિક અઢાર મુહૂર્ત પ્રમાણની છત્રીસ ઘડિ બરાબરની રાત્રી થાય છે. અને ચોવીસ ઘડી તુલ્ય બાર મુહૂર્તના જઘન્ય દિવસ થાય છે. કહેવાના ભાવ એ છે—સૂર્યના સર્વબાહ્યમંડળના સંચરણ સમયે દિનમાન ચોવીસ ઘડી બરાબર તથા રાત્રિમાન છત્રીસ ઘડિનું છે.

(एस णं पढमे छम्मासे एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे) આ રીતે પ્રથમ છ માસ કહેલ છે. અને આજ પહેલા છ માસની સમાપ્તિનો સમય છે. કહેવાનો ભાવ એ છે કે—પહેલાં પ્રતિપાદન કરેલ નિયમવાળો આ દક્ષિણાયન યુક્તકાળ છે. અને આજ દક્ષિણાયન રૂપકાળનો છેલ્લો દિવસ કહેલ છે. (से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ રીતે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત કરીને પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનંતર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

કહેવાનો ભાવ એ છે કે—એ ભરતક્ષેત્રવર્તિ સૂર્ય જ્યારે પછીના મંડળમાં જઈને બીજા છ માસનો પ્રારંભ કરીને એ બીજા છ માસના પહેલા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળના પછીના બીજા મંડળમાં જઈને પોતાની ગતિ કરે છે. (ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सा मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं एगं जोयणसहस्सं छच्च चउपाण्णे जोयणसए छव्वीसं च एगट्ठिभागे जोयणस्स आयामविक्खंभेणं तिण्णि जोयणसयसहस्साइं अट्ठारससहस्साइं दोण्णि य सत्ताणउए जोयणसए परिक्खेवेणं पण्णत्ते) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે તે મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના છવ્વીસ એકસઠિયા ભાગ આયામ અને વિષ્કંભથી તથા ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાવન પરિક્ષેપથી કહેલ છે. અર્થાત્ બીજા છ માસના પહેલા અહોરાત્રમાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળમાં જઈને ગતિ કરે છે. એટલે કે એ મંડળમાં ભ્રમણ કરે છે. ત્યારે એ સમયે એ મંડળસ્થાન એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ $\frac{૪૮}{૬૧}$ જેટલું બાહલ્યથી હવે પછી કહેવામાં આવનાર સ્વરૂપવાળા બીજા મંડળનો વિષ્કંભ થાય છે. જે આ પ્રમાણે છે. એક લાખ છસો ચોપન તથા એક યોજનના છવ્વીસ એકસઠિયા ભાગ જેટલા લંબાઈ પહોળાઈથી થાય છે. અર્થાત્ આટલા પ્રમાણવાળું બીજા મંડળના વ્યાસનું પ્રમાણ થાય છે.

અહીંયાં પણ ગણિત દૃષ્ટિથી કંઈક સ્થૂલતા બતાવવામાં આવે છે. જે આ પ્રમાણે છે. એક તરફ તે મંડળ સર્વબાહ્યના એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ $\frac{૪૮}{૬૧}$ તથા બીજા બે યોજન ૨ $\frac{૪૮}{૬૧}$ ને છોડીને અભ્યંતર મંડળમાં રહે છે, બીજી તરફ પણ એ જ પ્રમાણે થાય છે, જેથી-બે યોજન અને બે યોજનના અડતાલીસ ભાગને બે થી ગણવામાં આવે તો ૨ $\frac{૪૮}{૬૧}$×૨=૪ $\frac{૯૬}{૬૧}$=૫ $\frac{૩૫}{૬૧}$ પાંચ યોજન અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ થાય છે, આને સર્વબાહ્યમંડળના આયામવિષ્કંભના પરિમાણમાંથી જો કમ કરવામાં આવે તો અધિકૃત મંડળના આયામવિષ્કંભનું યથોક્ત પરિમાણ થઈ જાય છે, ૩૧૮૩૦૨૫ =૩૧૮૨૯૭ ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણુ આ રીતે થઈ જાય છે. અર્થાત્ પૂર્વ મંડળથી આ મંડળના આયામવિષ્કંભના પરિમાણમાં પાંચ યોજન અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ પરિધિ લાવવાની રીતથી પરિરયમાં સત્તર યોજન તથા એક યોજનના આડત્રીસ એકસઠિયા ભાગ ૧૭ $\frac{૩૮}{૬૧}$ થાય છે. પરંતુ અહીંયાં પૂરા અઢાર યોજન વ્યવહારનયનામતાનુસાર વિવક્ષિત કરેલ છે. પૂર્વોક્ત સર્વબાહ્યમંડળનું પરિરયપરિમાણ જે ૩૧૮૩૧૫ ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર થાય છે તેમાંથી અઢાર યોજન વિશોધિત

કરવામાં આવે એટલે કે ઓછા કરવામાં આવે તો ૩૧૮૩૧૫-૧૮=૩૧૮૨૯૭ ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણુ યથોક્ત રીતે અધિકૃત મંડળની પરિધિનું પરિમાણ થઈ જાય છે.

(तया णं राइंदियं तहेव) ત્યારે રાત્રિદિવસનું પરિમાણ એજ પ્રમાણે થાય છે, અર્થાત્ સર્વબાહ્યમંડળની પછીના અભ્યંતરના બીજા મંડળના સંચરણ સમયે રાત્રિદિવસનું પરિમાણ પૂર્વકથનાનુસાર થાય છે. જે આ પ્રમાણે છે એકસઠિયા બે ભાગ વધારે બાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા એકસઠિયા બે ભાગ ઓછી અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. (से पविसमाणे सूरिए दोच्चे अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) એ પ્રવેશ કરતો સૂર્ય બીજી અહોરાત્રમાં બાહ્યમંડળના ત્રીજા મંડળમાં પ્રવેશ કરીને ગતિ કરે છે. અર્થાત્ તે સૂર્ય પૂર્વોક્ત પ્રકારથી બીજા મંડળની પછીના મંડળાભિમુખ પ્રવેશ કરતો કરતો એટલે કે બીજા છ માસની બીજી અહોરાત્રીમાં સર્વબાહ્યમંડળની પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. એટલે કે ત્રીજા મંડળમાં ભ્રમણ કરે છે.

(ता जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) જ્યારે સૂર્ય બાહ્યમંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે અર્થાત્ બીજા છ માસના બીજા અહોરાત્રમાં જ્યારે સૂર્ય બાહ્યમંડના ત્રીજા મંડળમાં એટલે કે સર્વબાહ્યમંડળનીપછીના ત્રીજા મંડળમાં જઈને ત્યાં ભ્રમણ કરે છે. (तया णं सा मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं एगं जोयणसयसहस्सं छच्च अडयाले जोयणसए बावण्णं च एगट्ठिभागे जोयणस्स आयामविक्खंभेणं) ત્યારે તે મંડળપદ એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા એક લાખ છસો અડતાલીસ યોજન તથા એક યોજનના બાવન એકસઠિયા ભાગ આયામવિષ્કંભથી થાય છે. કહેવાનો ભાવ એ છે કે સર્વબાહ્યમંડળના પછીના ત્રીજા મંડળમાં સંચરણ સમયમાં એ ત્રીજું મંડળસ્થાન એક યોજનનાં અડતાલીસ

એકસઠિયા ભાગ $\frac{૪૮}{૬૧}$ જેટલા યોજન બાહલ્યથી થાય છે તથા ૧૦૦૬૪૮ $\frac{૫૨}{૬૧}$ એક લાખ છસો અડતાલીસ યોજન અને એક યોજનના બાવન એકસઠિયા ભાગ જેટલો આયામવિષ્કંભ હોય છે. એટલે કે આટલું લાંબુ પહોળું એ મંડળપદ હોય છે. પહેલાંના મંડળથી આ મંડળ આયામવિષ્કંભથી પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ જેટલું ન્યૂન થાય છે. તેથી પૂર્વમંડળના વિષ્કંભ અને આયામના પરિમાણુમાંથી તેને ઓછા કરવામાં આવે તો આ મંડળના આયામવિષ્કંભ કથિત પ્રકારથી થઈ જાય છે. પૂર્વમંડળના આયામવિષ્કંભનું પરિમાણ ૧૦૦૬૫૪$\frac{૨૬}{૬૧}$ ભાગ જેટલું કહેલ છે. એટલે કે એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના છવ્વીસ એકસઠિયા ભાગ જેટલું કહેલ છે. સાવયવ ગણિતપ્રક્રિયાથી તેનું વિશોધન કરવાથી ૧૦૦૬૪૮ $\frac{૫૨}{૬૧}$ એક લાખ છસો અડતાલીસ યોજન તથા એક યોજનના બાવન એકસઠિયા ભાગ થઈ જાય છે. તથા ૩૧૮૨૭૯ ત્રણ લાખ અઢાર હજાર બસો ઓગણ્યાશી યોજનની તેની પરિધિનું પ્રમાણ થાય છે. તેથી પૂર્વમંડળની પરિધિનું પ્રમાણ ૩૧૮૨૯૭ ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણુ યોજનનું થાય છે. તથા ૫$\frac{૩૫}{૬૧}$ પાંચ યોજન અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગની પરિધિ લાવવાની રીતથી જો પરિધિની વૃદ્ધિ કરવામાં આવે તો ૧૭$\frac{૩૮}{૬૧}$ સત્તર યોજન તથા એક યોજનના આડત્રીસ એકસઠિયા ભાગ થાય છે. તે ઠેકાણે વ્યવહાર દૃષ્ટિથી સ્થૂલપણાથી પૂરા ૧૮ અઢાર કહેલા છે. તેથી ૩૧૮૨૯૭ ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણુ રૂપ પૂર્વમંડળના પરિરય-પરિમાણુમાંથી જો ૧૮ અઢારની સંખ્યાને ઓછી કરવામાં આવે તો તે પ્રમાણ આ રીતે થાય છે. જેમકે-૩૧૮૨૯૭-૧૮= ૩૧૮૨૭૯ ત્રણ લાખ અઢાર હજાર બસો ઓગણ્યાશી યોજન ત્રીજા મંડળની પરિધિનું પરિમાણુ નીકળી આવે છે. (तया णं राइंदियं तहेव) એ ત્રીજા મંડળના સંચરણ સમયમાં રાતદિવસનું પરિમાણ એટલે કે રાત્રિમાન અને દિનમાનનું પ્રમાણ પૂર્વોક્ત કથન પ્રમાણે જ થાય છે, અર્થાત્ એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ અધિક બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ

થાય છે, અને એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ ન્યૂન બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે.

(एवं खलु एएणुवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ तयाणंतरं मंडलाओ मंडलं संकममाणे संकममाणे पंच पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले विक्कंभवुड्ढिं णिवुड्ढेमाणे णिवुड्ढेमाणे अट्ठारस जोयणाइं परिरयवुड्ढिं णिवुड्ढेमाणे णिवुड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ પ્રમાણેના ઉપાયથી મંડલાભિમુખ ગતિ કરતો સૂર્ય તેની પછીના મંડળથી તેની પછીના મંડળમાં એટલે કે એક મંડળથી બીજા મંડળમાં ગમન કરતો કરતો પાંચ પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ જેટલી એક એક મંડળમાં વિષ્કંભની વૃદ્ધિ કરતો કરતો તથા પરિધિના પ્રમાણમાં અઢાર અઢાર યોજન પરિરયને વધારતો વધારતો સર્વાભ્યંતર મંડળમાં જઇને ગતિ કરે છે અર્થાત્ ભ્રમણ કરે છે.

કહેવાનો ભાવ એ છે કે-પૂર્વોક્ત પ્રકારથી નિશ્ચિત ઉપાયથી અનંતરના મંડળમાં ગમન કરતો સૂર્ય ત્રીજા મંડળની પછીના ચોથા મંડળમાં તથા ચોથા મંડળની પછી પાંચમાં મંડળમાં એ પ્રમાણે ક્રમાનુસાર એક મંડળથી બીજા મંડળમાં એટલે કે ત્રીજા મંડળથી ચોથા મંડળમાં ચોથા મંડળથી પાંચમા મંડળમાં પાંચમા મંડળથી છઠ્ઠા મંડળમાં આ પ્રમાણેના ક્રમથી પછી પછીના મંડળોમાં ગમન કરતો કરતો સૂર્ય એક એક મંડળમાં એટલે કે દરેક મંડળમાં પાંચ પાંચ યોજન તથા એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ $5\frac{35}{61}$ ને વધારતા વધારતા એટલે કે વ્યાસમાનને વધારતો વધારતો અર્થાત્ વ્યાસમાનમાં $5\frac{35}{61}$ આટલા પ્રમાણની વૃદ્ધિ કરીને એટલે કે દરેક મંડળના વ્યાસ પ્રમાણમાં અનુક્રમથી આટલું પ્રમાણ વધારતો તથા પરિધિના પ્રમાણમાં અઢાર અઢાર યોજન વધારતો વધારતો સર્વાભ્યંતર મંડળને પ્રાપ્ત કરીને સર્વાભ્યંતરમંડળમાં ભ્રમણ કરે છે,

(ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सा मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं णवणउइं जोयणसयसहस्साइं छच्च चत्ताले जोयणसए आयामविक्खंभेणं तिण्णि जोयणसयसहस्सा पण्णरस य सहस्साइं एगूणतीसं च जोयणाइं किंचि विसेसाहियं परिक्खेवेणं पण्णत्ते) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં જઈને ગતિ કરે છે ત્યારે એ મંડળસ્થાન એક યોજનના અડતાલીસ બાસઠિયા ભાગ બાહલ્યથી થાય છે. તથા નવલાખ છન્નુ હજાર ચારસો યોજન આયામવિષ્કંભથી અને ત્રીસ લાખ પંદર હજાર ઓગણ્યાશી યોજનથી કંઈક વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે.

કહેવાનો ભાવ એ છે કે-જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળનું ઉપસંક્રમણ એટલે કે ત્યાં જઈને ગતિ કરે છે એટલે કે ત્યાં ભ્રમણ કરે છે. ત્યારે તે સર્વાભ્યંતર મંડળસ્થાન એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ ૧ $\frac{૪૮}{૬૧}$ જેટલું બાહલ્યથી અર્થાત્ વિસ્તાર યુક્ત હોય છે. નવ લાખ છન્નુ હજાર ચારસો યોજન વિષ્કંભથી એટલે કે વ્યાસના પ્રમાણથી અને ત્રીસ લાખ પંદર હજાર ઓગણ્યાશી ૩૦૧૫૦૭૯ યોજનથી કંઈક વિશેષાધિક અર્થાત્ કંઈક ન્યૂનાધિક પરિક્ષેપ એટલે કે પરિધિના પ્રમાણથી કહેલ છે. સર્વાભ્યન્તર મંડળનું વ્યાસ-પ્રમાણ ૯૯૬૪૦૦ નવ લાખ છન્નુ હજાર ચારસો યોજનનું તથા પરિધિનું પ્રમાણ ૩૦૧૫૭૯ ત્રણ લાખ પંદર હજાર ઓગણ્યાસી યોજનનું કહેલ છે.

(तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે. અર્થાત્ સર્વાભ્યંતરમંડળમાં સૂર્યના સંચરણ સમયમાં સૂર્ય ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત એટલે કે સાયન મિથુનાન્ત રાશિમાં ગમન કરે છે. તેથી સર્વાધિક અઢાર મુહૂર્તનો છત્રીસ ઘડી બરોબરનો દિવસ હોય છે. એટલે કે-દિનમાન ૩૬ છત્રીસ

ઘડિનું થાય છે. તથા જઘન્યા અર્થાત્ સૌથી નાની ૨૪ ચોવીસ ઘડીની તુલ્ય બાર મુહૂર્તની રાત્રી હોય છે. એટલે કે રાત્રિમાન ચોવીસ ૨૪ ઘડિ બરાબરનું હોય છે.

કહેવાનો ભાવ એ છે કે–સર્વાભ્યન્તરમંડળના સંચરણ સમયે દિનમાન છત્રીસ ઘડિ બરોબર અને રાત્રિમાન ૨૪ ચોવીસ ઘડિ બરોબરનું થાય છે. તથા સર્વબાહ્યમંડળમાં આનાથી ઉલ્ટું એટલે કે રાત્રિમાન છત્રીસ ઘડી તુલ્ય અને દિનમાન ચોવીસ ઘડી બરોબરનું હોય છે. (एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे एस णं आदिच्चे संवत्सरे एस णं आदिच्चस्स संवच्छरस्स पज्जवसाणे) આ બીજા છ માસનો પર્યવસાનકાળ છે. આજ આદિત્યસંવત્સર છે. અને આજ આદિત્યસંવત્સરનો પર્યવસાન કાળ છે. અર્થાત્ આ પૂર્વોક્ત પ્રમાણ યુક્ત દિવસરાતના પરિમાણવાળો કાળ ઉત્તરાયણ કાળ એટલે કે મિથુનસંક્રાન્તિનો છેલ્લો દિવસ થાય છે. તથા આને જ આદિત્યસંવત્સર એટલે કે સૌરવર્ષાત્મક સમય કહેલ છે. અને આજ આદિત્યસંવત્સર એટલે કે સૌરવર્ષનો છેલ્લો દિવસ કહેલ છે, (ता सव्वा वि णं मंडलवया अडतालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्लेणं) એ બધા મંડળપદો એક યોજનના અડતાલીસ એકસઠિયા ભાગ બાહલ્યથી અર્થાત્ આ એકસો ચોર્યાશી મંડળપદો એટલે કે મંડળસ્થાનો એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ ૧ $\frac{૪૮}{૬૧}$ બાહુલ્યથી એટલે જાડાઈથી થાય છે. અર્થાત્ સર્વાભ્યન્તરમંડળપદમાં જો $\frac{૪૮}{૬૧}$ એકસઠિયા અડતાલીસ ભાગ જેટલા પ્રમાણની યોજના કરવાથી સર્વાભ્યન્તર મંડળની પછીના બીજા મંડળનું વ્યાસમાન થાય છે, તે પછી બીજા મંડળના વ્યાસમાનમાં $\frac{૪૮}{૬૧}$ એકસઠિયા અડતાલીસ ભાગનું પ્રમાણ મેળવવાથી ત્રીજા મંડળના વ્યાસનું માન થાય છે. આ પ્રમાણે ક્રમાનુસાર ચોથા પાંચમા વિગેરે મંડળોનું વ્યાસમાન સમજી લેવું.

(सव्वा वि णं मंडलंतरिया दो जोयणाइं विक्खंभेणं) બધા જ મંડળના અંતરો બે યોજનના વિષ્કંભવાળા કહેલા છે. એટલે કે બધા મંડળોનું પરસ્પરનું અંતર બે

યોજન પ્રમાણનું હોય છે. એટલે કે વિષ્કંભ વૃદ્ધિથી એ પ્રમાણે થાય છે. કહેવાનો ભાવ એ છે કે-એક મંડળથી બીજું મંડળ બે યોજન પ્રમાણ જેટલું દૂર હોય છે. તથા બીજા મંડળથી ત્રીજું મંડળ બે યોજન પરિમિત દૂર હોય છે. તથા એજ પ્રમાણે ત્રીજા મંડળથી ચોથું મંડળ એ પ્રમાણેના ક્રમથી એક બીજા મંડળોનું પરસ્પરનું અંતર હોય છે. આ કથન તો માત્ર ઉપલક્ષણ રૂપ છે. કારણ કે મંડળોના આયામવિષ્કંભનું પરિમાણ કોઈ નિશ્ચિતપણાથી હોતા નથી આ તો કેવળ અનિયત જ હોય છે ક્રમવૃદ્ધિક્ષયવાળા મંડળોનું જ્યા માન વૃદ્ધિ ક્ષયરૂપ હોય છે. આ પ્રમાણે ક્ષેત્રજ્ઞોથી છુપું નથી. તેથી બે યોજન અને એક યોજનના એકઠિયા ચુંમાળીસ ભાગ જેટલા પ્રમાણનું અંતર બધે જે કહેલ છે. તે સ્થૂલપણાથી એટલે કે સામાન્ય રીતે સમજવાનું છે.

(एस अद्धा तेसीयसयपडुप्पण्णे पंचदसुत्तरे जोयणसए आहिया ति वएज्जा) આ માર્ગ એકસો ત્યાશીથી ગુણવાથી પાંચસો દસ યોજન થાય છે. આ પ્રમાણે પોતાના શિષ્યોને ઉપદેશ કરવો એટલે કે પૂર્વોક્ત લક્ષણથી યુક્ત માર્ગને એકસો ત્યાશીથી ગુણવાથી પાંચસો દસ યોજન થાય છે. તેમ શિષ્યોને કહેવું.

આ કથનનો ગણિત પ્રકાર આ પ્રમાણે છે, બે યોજનને જો એકસો ત્યાશીથી ગુણવામાં આવે તો ૧૮૩×૨=૩૬૬ ત્રણસો છાસઠ થાય છે. તથા એકસઠિયા અડતાલીસ ભાગને જો એકસો ત્યાશીથી ગુણવામાં આવે તો $\frac{૪૮}{૬૧}$ ૧૮૩=$\frac{૮૭૮૪}{૬૧}$=૧૪૪ એકસો ચુંમાળીસ યોજન થાય છે. આ એકસો ચુંમાલીસની સંખ્યાને પહેલાની રાશી જે ત્રણસો છાસઠની છે. તેમાં ઉમેરી દેવાથી ૩૬૬+૧૪૪=૫૧૦ પાંચસો દસ થાય છે. આ પ્રમાણે સર્વાભ્યંતર અને સર્વબાહ્યમંડળના અંતરમાં પરિરયપરિમાણની વૃદ્ધિ એક પ્રકારથી સરખી જ થાય છે. આજ કથનને સ્પષ્ટ કરવાના હેતુથી શ્રી ગૌતમસ્વામી પુનઃ પ્રશ્ન કરતાં કહે છે-(ता अब्भिंतराओ मंडलवयाओ बाहिरं मंडलवयं बाहिराओ वा अब्भिंतरं मंडलवयं एस णं अद्धा केवइयं आहितात्ति वएज्जा) આભ્યંતરમંડળથી બાહ્યમંડળપદ અને બાહ્યમંડળપદથી આભ્યં-

તરમંડળપદ આ પ્રમાણેનો આ માર્ગ કેટલો કહેલ છે? તે આપ કહો અર્થાત્ આ પ્રકારથી સર્વાભ્યંતરમંડળપદથી એટલે કે મંડળસ્થાનથી સર્વબાહ્યમંડળપદ અથવા સર્વ-બાહ્યમંડળપદથી સર્વાભ્યન્તરમંડળપદ આ પ્રમાણેનો આ માર્ગ કેટલા પ્રમાણવાળો કહેલ છે? તે આપ મને કહો આ પ્રમાણે વિચક્ષણ શિષ્યના કહેવાથી સર્વજ્ઞ ભગવાન્ સ્વ-શિષ્યોને ફરીથી સમજાવતા કહેવા લાગ્યા.

(ता पंचदसुत्तरजोयणसए आहितेति वएज्जा) એકસો પંદર યોજન કહેલ છે તેમ શિષ્યોને કહેવું અર્થાત્ ભગવાન્ કહે છે કે-સર્વાભ્યંતર મંડળપદથી સર્વબાહ્યમંડળપદ યાવત્ એકસો પંદર ૧૧૫ યોજન પ્રમાણનું છે.

(अब्भिंतराते मंडलवयाते बाहिरा मंडलवया बाहिराओ मंडलवयाओ अब्भिंतरा मंडलवया एस णं अद्धा केवइयं आहितेति वएज्जा) આભ્યંતર મંડળપદથી બાહ્યમંડપદ અને બાહ્યમંડળપદથી આભ્યંતરમંડળપદ આ પ્રમાણેનો આ માર્ગ કેટલો કહેલ છે? તે મને કહો અર્થાત્ સર્વાભ્યંતર મંડળપદથી એટલે કે સર્વાભ્યંતરમંડળસ્થાનથી સર્વબાહ્યમંડળસ્થાન અથવા સર્વબાહ્યમંડળપદથી સર્વાભ્યંતરમંડળસ્થાન રૂપ આ માર્ગ કેટલા પ્રમાણના અંતરવાળો છે? તે આપ મને કહો. (ता पंचदसुत्तरे जोयणसए अडतालीसं च एगट्ठिभागे जोयणस्स अहिताति वएज्जा) એકસો પંદર યોજન તથા એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ કહેલ છે. તેમ શિષ્યોને કહેવું અર્થાત્ એ સર્વાભ્યંતરસ્થાનથી સર્વબાહ્યમંડળસ્થાનરૂપ માર્ગ ૧૧૫ એકસોપંદર યોજન તથા એકયોજનના એકસઠિયા અડતાલીસ ભાગ $\frac{૪૮}{૬૧}$ અર્થાત્ ૧૧૫ $\frac{૪૮}{૬૧}$ આટલા પ્રમાણનો માર્ગ કહેલ છે.

(ता अब्भिंतराओ मंडलवयाओ बाहिरा मंडलवया बाहिराओ मंडलवयाओ अब्भिंतरं मंडलवयं एस णं अद्धा केवइयं आहिताति वएज्जा) સર્વાભ્યંતરમંડલપદથી સર્વબાહ્યમંડળપદ તથા સર્વબાહ્યમંડલપદથી સર્વાભ્યંતરમંડલપદ રૂપ માર્ગ કેટલા પ્રમાણનો કહેલ છે? ત આપ કહો અર્થાત્ શ્રી ગૌતમસ્વામી ફરીથી પ્રશ્ન કરે છે કે હે ભગવન્ સર્વાભ્યંતરમંડળ-સ્થાનથી સર્વબાહ્યમંડળસ્થાન અથવા સર્વબાહ્યમંડળપદથી સર્વાભ્યંતરમંડળપદ રૂપ આ માર્ગ પરિમાણથી કેટલો કહેલછે? તે કહો

(ता पंचदसुत्तरे जोयणसए तेरस य एगट्ठिभागे जोयणस्स आहिता ति वएज्जा) સર્વા-ભ્યંતરમંડળસ્થાનથી સર્વબાહ્યમંડળ સ્થાન અને સર્વબાહ્યમંડળપદથી સર્વાભ્યંતરમંડળસ્થાનરૂપ માર્ગ એકસો પંદર યોજન અને એક યોજનના એકસઠિયા તેર ભાગ પ્રમાણનો કહેલ છે, તેમ શિષ્યોને સમજાવવું. અર્થાત્ તમોએ પ્રશ્ન કરેલ પ્રમાણવાળો માર્ગ એકસો ૧૧૫ પંદર યોજન તથા એક યોજનનો એકસઠિયા તેર ભાગ આટલા પ્રમાણથી કહેલ છે. તેમ કહેવું અહીંયા $\frac{૧૩}{૬૧}$ એકસઠિયા તેર ભાગવાળી વધારાની સંખ્યા સર્વાભ્યંતર મંડળપદથી તે પછીના

મંડળપદમાં વૃદ્ધિરૂપ તથા સર્વબાહ્યમંડળપદથી અર્વાકૃતન અંતરાભિમુખ મંડળપદમાં ક્ષય રૂપે કહેલ છે.

(अब्भिंतराए ते मंडलवयाए बाहिरा मंडलवया बाहिरा ते मंडलवयाए अब्भिंतरं मंडलदयं एस णं अद्धा केवइयं आहितेति वएज्जा) સર્વાભ્યંતરમંડળપદથી સર્વબાહ્યમંડળપદ તથા સર્વબાહ્યમંડળપદથી સર્વાભ્યંતરમંડળસ્થાન રૂપ આ માર્ગ કેટલા પ્રમાણનો કહેલ છે ?તે આપ કહો, એટલે કે અભ્યંતરમંડળપદથી પછી અને સર્વબાહ્યમંડળની પહેલા રૂપ માર્ગ કેટલો કહેલ છે ? તે કહો.

શ્રી ગૌતમસ્વામીએ પૂર્વોક્ત પ્રકારે પ્રશ્ન કરવાથી શ્રી ભગવાન્ તેનો ઉત્તર આપતાં કહે છે કે-(ता पंचदसुत्तरे जोयणसए आहितातित वएज्जा) તે માર્ગ એકસોપંદર યોજનનો કહેલ છે તેમ પોતાના શિષ્યોને કહેવું અર્થાત્ સર્વાભ્યંતરમંડળપદથી સર્વબાહ્યમંડળપદ રૂપ માર્ગ એકસો પંદર યોજન ૧૧૫ રૂપ સામાન્ય રીતે કહેલ છે. આ પ્રમાણે શિષ્યોને કહેવું. અંકોત્પાદક પ્રક્રિયા પહેલા બતાવવામાં આવી ગયેલ છે, એજ પ્રમાણે સમજી લેવી. ।। સૂ૦ ૨૦ ।।

પહેલા પ્રાભૃતનું આઠમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।। ૧-૮ ।।

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ

સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં

પહેલું પ્રાભૃત સમાપ્ત ।। ૧-૮ ।।

બીજા પ્રાભૃતનો પ્રારંભ-

બીજા પ્રાભૃતનું પહેલું પ્રાભૃતપ્રાભૃત

હવે વીસ પ્રાભૃતોમાં (तिरिच्छा किंच गच्छइ) આ નામવાળા બીજા પ્રાભૃતનો આરંભ કરવામાં આવે છે આનું પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે-(ता कहं ते तिरिच्छ गइ आहितेति वएज्जा) ઇત્યાદિ.

ટીકાર્થ :-પહેલું પ્રાભૃત અંગ સહિત આઠ પ્રાભૃતપ્રાભૃતોની સાથે કહીને હવે વીસ પ્રાભૃતોમાં આ બીજું પ્રાભૃત (तिरिच्छिया किं च गच्छइ) તિર્યક્ કેવી રીતે જાય છે? આ વિષયના સંબંધમાં પ્રશ્ન સૂત્ર ઉપસ્થિત કરીને સૂત્રકાર કહે છે-(ता कहंते तिरिच्छगइ आहितेति वएज्जा) હે ભગવન્ આપના મતથી સૂર્યનું તિર્યક્ ગમન કઈ રીતે થાય છે? તે આપ કહો.

કહેવાનો ભાવ એ છે કે-બીજા અનેક વિષયોના સંબંધમાં પૂછવાનું છે. પરંતુ હાલ અત્યારના સમયે એ જ પૂછું છું કે આપ પ્રભુશ્રીના મતથી સૂર્યની તિર્યક્ ગતિ એટલે કે તિર્યક્ પરિભ્રમણ કઈ રીતે કહેલ છે? તે અન્ય ભેદ સાથે તથા ઉપપત્તિ એટલે કે પ્રમાણ સહિત મને કહો.

(तत्थ खलु इमाओ अट्ठ पडिवतीओ पण्णताओ) આ વિષયના સંબંધમાં આ વક્ષ્યમાણ આઠ પ્રતિપત્તીયો કહેવામાં આવેલ છે. અર્થાત્ ગૌતમસ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રભુશ્રી કહે છે કે હે ગૌતમ! આ તિર્યક્ ગતિના સંબંધમાં આ વક્ષ્યમાણ સ્વરૂપવાળી આઠ પ્રતિપત્તીયો એટલે કે પરતીર્થિકોના મતાન્તર રૂપ માન્યતાઓ કહેવામાં આવેલ છે. એ પતિપત્તીયોનો સાર હવે ક્રમ પ્રમાણે કહે છે.

(૧) પૂર્વક્ષિતિજમાં મરીચિનો સમુદાય જોવામાં આવે છે. અને પશ્ચિમ ક્ષિતિજમાં એ સંઘાતનો વિધ્વંસ થાય છે. (સૂ૦ ૨)

(૨) સૂર્ય જ પૂર્વક્ષિતિજ અર્થાત્ આકાશમાં ઉદય પામે છે. તથા તે પશ્ચિમ ક્ષિતિજમાં અસ્ત થાય છે. (૨)

(૩) સૂર્ય ગોળ આકારનો છે. આ લોક પણ ગોળ છે, એક જ સૂર્ય પૃથ્વીની ચારે દિશામાં ભ્રમણ કરે છે. તિર્યક્ લોકમાં પર્યાયક્રમથી લોકને પ્રકાશિત કરે છે. (સૂ૦ ૧)

(૪) એક જ સૂર્ય પૃથ્વીકાયમાં=પૂર્વ પર્વતની ઉપર ઉદિત થાય છે. અને તિર્યક્ લોકોને પ્રકાશિત કરીને પશ્ચિમ પર્વત ઉપર વિધ્વંસિત થાય છે. એટલે કે અસ્ત થાય છે. બીજે દિવસે બીજો સૂર્ય ઉદય પામે છે. અને પાછો ફરીથી પહેલો સૂર્ય ઉદિત થાય છે. આ પ્રમાણે પર્યાયક્રમથી એક એક દિવસનું અંતર કરીને બેઉ સૂર્ય ઉદિત થાય છે.( સૂ૦ ૨ )

(૫) પાંચમાના મતથી પણ આ પૃથ્વી ગોળાકાર છે. અને આ લોક પણ ગોળાકાર છે. એક જ સૂર્ય પર્વતની ઉપર પૂર્વ દિશામાં ઉદિત થઈને તિર્યક્ લોકને પ્રકાશિત કરીને તે પછી પશ્ચિમ પર્વતમાં પ્રવેશ કરીને અધોલોકને પ્રકાશિત કરતાં કરતાં પાછો બીજે દિવસે એ જ સૂર્ય પૂર્વપર્વતના શિખર પર પુન દૃષ્ટિગોચર થાય છે. (સૂ૦ ૧)

(૬) સૂર્ય બે હોય છે. તેમાં એક સૂર્ય પહેલા દિવસે અપ્કાય એટલે કે પૂર્વ સમુદ્રમાં ઉદિત થાય છે, અને તે તિર્યક્ લોકને પ્રકાશિત કરીને પશ્ચિમ સમુદ્રમાં વિલિન થાય છે. અર્થાત્ અસ્ત થાય છે. તથા બીજે દિવસે બીજો સૂર્ય એ જ પૂર્વોક્ત પ્રકારથી ઉદય પામે છે. અને અસ્ત પણ એ જ પ્રકારથી થાય છે. ત્રીજે દિવસે પ્રથમ સૂર્ય ચોથે દિવસે બીજો સૂર્ય આ પ્રમાણે પર્યાય ક્રમથી એક એક દિવસનું અંતર કરીને એ બન્ને સૂર્યો ઉદિત થાય છે. (સૂ૦ ૨)

(૭) એક જ સૂર્ય પૂર્વસમુદ્રમાંથી ઉગીને ભૂલોક અર્થાત્ આ પૃથ્વીને પ્રકાશિત કરીને પશ્ચિમસમુદ્રમાં પ્રવેશ કરે છે, અને ત્યાં પ્રવેશ કરીને પૃથ્વીના અધોભાગવર્તિ

લોકને પ્રકાશિક કરીને પાછો બીજે દિવસે એ જ સૂર્ય પૂર્વ સમુદ્રમાં ઉગે છે. આ પ્રમાણે આ સાતમાંના મતથી પણ પૃથ્વી વર્તુલાકાર હોવાનું ધ્વનિત થાય છે તથા એક જ સૂર્ય હોવાનું તે કહે છે. (સૂ૦ ૧)

(૮) પ્રભાતકાળમાં સૂર્ય આકાશમાં ઉદિત થઈને ઘણે દૂર સુધી ઉપર એક લાખ યોજનથી વધારે યોજન પર્યન્ત જઇને દક્ષિણ ગોલાર્ધને પ્રકાશિત કરે છે, અને ઉપરના ગોલાર્ધમાં રાત્રિ થાય છે. તે પછી પશ્ચિમ આકાશમાં અદૃશ્ય થઈને બીજે દિવસે પાછો પૂર્વ આકાશમાં ઉદય પામીને ઉત્તર ગોલાર્ધને પ્રકાશિત કરીને અને દક્ષિણ ગોલાર્ધમાં રાત્રિ કરતો કરતો દૂર સુધી ઉપર જઇને પશ્ચિમ આકાશમાં વિલીન થઈ જાય છે, આ આઠમા વાદિના મતથી એક અગર બે સૂર્ય હોવાના વિષયમાં કંઈ પણ નિર્દેશ મળતો નથી, આ પ્રમાણે આ આઠે મતવાદિયોના કથનનો સારાંશ બતાવેલ છે.

**(तत्थ एगे एवमाहंसु)** એ આઠ પરતીર્થિકોમાં કોઇ એક પરતીર્થિક આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો અભિપ્રાય કહે છે, જે આ પ્રમાણે છે, **(ता पुरत्थिमाओ लोयंताओ पाओ मरीचि आगासंसि उत्तिट्ठइ, से णं इमं लोयं तिरियं करेइ, तिरियं करित्ता पच्चत्थिमंसि लोयंसि सायंमि रायं आगासंसि विद्धंसिरसंति)** પૂર્વ દિશાના લોકાન્તથી પ્રભાતકાલનો સૂર્ય આકાશમાં ઉદિત થાય છે, તે આદિત્ય આ સમગ્ર જગતને તિર્યક્ કરે છે અને તિર્યક્ કરીને પશ્ચિમલોકાન્તમાં સાયંકાળના સમયે રાત્રી થતાં આકાશમાં અસ્ત થાય છે. કહેવાનો ભાવ એ છે કે-આઠ પરતીર્થિકોમાંથી પહેલા પરતીર્થિકનો મત કહેવામાં આવે છે. તે આ પ્રમાણે છે. પહેલો મતવાદી કહે છે કે-પૂર્વલોકન્તથી એટલે કે પૂર્વ દિશાના ઉદયસ્થાનની ઉપર પૂર્વ દિશામાં પ્રાતઃકાલના સમયમાં સૂર્યના કિરણ સમુદાય આકાશમાં ઉદિત થાય છે. કહેવાનો સારાંશ એ છે કે-સૂર્યના કોઈ વિમાન નથી. અથવા કોઈ રથ પણ નથી. તેમજ સૂર્ય કોઈ દેવ પણ નથી. આતો કેવળ કિરણોના સમૂહરૂપ જ છે. તે લોકમાન્યતાથી વક્ર કે ગોલાકાર છે. કિરણોની સૃષ્ટિ દરરોજ પૂર્વ દિશામાં પ્રભાતકાળમાં આકાશમાં ઉત્પન્ન થાય છે. જેથી બધે પ્રકાશ ફેલાઈ જાય છે. આ પ્રમાણેનો કિરણ-

સમુદાય ઉત્પન્ન થઈને આ ભૂલોકને એટલે કે તિર્યક્લોકનું તિર્યક્ગતિથી પરિભ્રમણ કરીને પશ્ચિમ દિશાના લોકાન્તમાં એટલે કે પશ્ચિમદિશામાં સાંજના સમયે રાત્રિના પ્રારંભકાળમાં વિલીન થઈ જાય છે. એટલે કે અદૃશ્ય થઇ જાય છે. આ રીતે પ્રથમ મતવાદીના મતથી આકાશતત્વમાં સૂર્યના કિરણોના સમુદાયનું વિધ્વંસન માનવામાં આવેલ છે, (एगे एव-माहंसु) પહેલો મતવાદી આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું સમર્થન કરે છે.

આ ઉપર જણાવેલ પ્રકારથી પહેલા મતવાદીના મતને સાંભળીને (एगे पुण एव-माहंसु) બીજો અન્યમતવાદી આ પ્રમાણે કહેવા લાગ્યો અર્થાત્ બીજો કોઈ તીર્થાન્તરીય પહેલા તીર્થાન્તરીયના મતને સાંભળીને આ નીચે કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતને જણાવતો થકો કહેવા લાગ્યો. તે આ પ્રમાણે છે.-(ता पुरत्थिमाओ लोगंताओ पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ, से णं इमं तिरियं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंसि सूरिए आगासंसि विद्धंसि स्संति) પૂર્વ દિશાના લોકાન્તથી પ્રાતઃકાળમાં સૂર્ય આકાશમાં ઉદિત થાય છે, એ સૂર્ય આ તિર્યક્લોકને તિર્યક્ કરે છે. એટલે કે પ્રકાશિત કરે છે. પ્રકાશિત કરીને પશ્ચિમલોકાન્તમાં આકાશમાં અદૃશ્ય થઇ જાય છે. કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ કહે છે કે-બીજા તીર્થાન્તરીયનો મત કહું છું તે તમો સાંભળો એ બીજો તીર્થાન્તરીય આ પ્રમાણે કહે છે કે-પૂર્વવિભાગના લોકાન્તથી પ્રભાતકાળમાં સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. તથા કિરણ સમુદાયની સાથે આકાશમાં જઇને દૃષ્ટિગોચર થાય છે. એ સૂર્ય આ તિર્યક્ પરિભ્રમણ કરીને પૃથ્વીલોકને પ્રકાશિત કરે છે. અને આ તિર્યક્લોકને પશ્ચિમ દિગ્વિભાગના લોકાન્તમાં આકાશમાં સ્થિર રહીને સંધ્યા સમયે વિધ્વંસ પામે છે. એટલે કે અદૃશ્ય થઈ જાય છે. આ કથનને ઉપસંહાર કરતાં કહે છે કે-(एगे एवमाहंसु) કોઈ બીજો મતવાદી આ ઉપરોક્ત પ્રકારથી કહે છે. અર્થાત્ આ રીતે બીજો અન્યતીર્થિક સૂર્યના ઉદ્ગમન અને અસ્તમન અર્થાત્ ઉદયાસ્તના સંબંધમાં પોતાનો મત પ્રદર્શિત કરે છે. ॥૨॥

(एगे पुण एवमाहंसु) કોઈ એક આ પ્રમાણે કહે છે અર્થાત્ ત્રીજો મતવાદી આ પ્રકારથી પહેલા અને બીજા મતવાદીયોના મતને સાંભળીને પોતાના મતના સંબંધમાં આ નીચે જણાવેલ પ્રકારથી પોતાનું મંતવ્ય દર્શાવે છે.–(ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ से इमं तिरियं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंसि सायं अहे पडिआगच्छंति अहे पडिआगच्छित्ता पुणरवि अवरभूपुरत्थिमाओ लोयंताओ पातो सूरिए आगासंसि उत्तिट्ठइ) આ સૂર્ય પૂર્વ દિશાના લોકાન્તથી પ્રભાત સમયમાં આકાશમાં ઉપરની તરફ જઈને તે આ તિર્યક્ લોકને તિર્યક્ કરે છે, અને તિર્યક્ કરીને પશ્ચિમ લોકાન્તમાં સાંજના સમયે નીચે પરાવર્તિત થાય છે. અને નીચેની તરફ આવીને પાછા પૃથ્વીના બીજા ભાગમાં પૂર્વ દિશાના લોકાન્તથી પ્રાતઃકાળ થતાં આકાશમાં ઉદય પામે છે.

કહેવાનો ભાવ એ છે કે–ભગવાન્ કહે છે કે–ત્રીજા અન્યતીર્થિકના અભિપ્રાયને સાંભળો તેમનું કહેવું છે કે–પ્રાતઃકાળમાં એટલે કે પ્રભાતના સમયમાં સૂર્ય પૌરસ્ત્ય લોકાન્તથી અર્થાત્ પૂર્વ દિગ્વિભાગથી આકાશમાં ઉપર જાય છે, તે સૂર્ય આ ભૂલોક એટલે કે મનુષ્યલોકને તિર્યક્ કરે છે. અર્થાત્ પ્રકાશ યુક્ત કરે છે. ભૂલોકને પ્રકાશિત કરીને પશ્ચિમ લોકાન્તમાં એટલે કે પશ્ચિમદિશાના અંતભાગમાં સાંજના સમયે પૃથ્વીના નીચાણના ભાગ તરફ ગમન કરે છે. એટલે કે પૃથ્વીની નીચેના ભાગમાં પ્રવેશ કરે છે. નીચેની તરફ આવીને પૃથ્વીના અધોભાગને પ્રકાશિત કરીને ત્યાંથી પાછો ફરે છે, તે પછી બીજે દિવસે પૃથ્વીના બીજા ભાગમાં પૂર્વ દિશાના લોકાન્તથી એટલે કે પૂર્વદિગ્વિભાગથી પ્રાતઃકાળમાં ફરીથી સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. અર્થાત્ તિર્યક્ લોકને પ્રકાશિત કરવા માટે ફરીથી આકાશમાં ઉપર જાય છે.

ત્રીજા તીર્થાન્તરીયના મતથી આ પૃથ્વી ગોળાકાર રૂપ છે, તેમજ લોક એટલે ભૂલોક પણ ગોલાકારથી વ્યવસ્થિત છે. આ મત વર્તમાન સમયમાં અન્ય શાસ્ત્રોમાં પ્રવર્તમાન

છે, તેથી તેના કથનની યથાર્થતા બીજા શાસ્ત્રોમાંથી જાણી લેવી. આ રીતે અહીંયા ત્રણ ભેદો કહ્યા છે. તેની યથાર્થતા અન્ય શાસ્ત્રોમાંથી જાણી લેવી. ત્રણ ભેદો આ પ્રમાણે છે—

(૧) પ્રભાતના સમયમાં સૂર્ય આકાશમાં ઉપર જાય છે. (૨) પ્રભાતના સમયમાં સૂર્ય પર્વતના ઉપર ઉદય પામે છે. (૩) પ્રાતઃકાળમાં સૂર્ય સમુદ્રમાં ઉદિત થાય છે.

આ ત્રણે ભેદોને દૂર કરીને ત્રીજાનું કહેવું છે કે આવો કોઈ નિયમ નથી. પણ એજ સૂર્ય તિર્યક્લોકને પ્રકાશિત કરીને ફરીથી પૃથ્વીના નીચેના ભાગોને પ્રકાશિત કરીને બીજે દિવસે અધોભાગથી નીકળીને પૂર્વ દિશામાં પ્રાતઃકાળમાં ફરીથી આકાશમાં ઉપર જાય છે, આ પ્રમાણે ત્રીજા મતવાદીનો મત છે, (एगे एवमाहंसु) એક જે ત્રીજો મતવાદી છે તે આ પ્રમાણે કહે છે અર્થાત્ પૂર્વોક્ત પ્રકારથી પોતાનો મત પ્રગટ કરે છે. ૩

(एगे पण एवमाहंसु) ચોથો કોઇ એક તીર્થાન્તરીય એ ત્રણેના મતાન્તરોને સાંભળીને આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતાં કહેવા લાગ્યો (ता पुरत्थिमाओ लोगंताओ पाओ सूरिए पुढवीकायंसि उत्तिट्ठइ, से णं इमं तिरियं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमिल्लंसि लोयंसि सायं सूरिए पुढवीकायंसि विद्धंसइ) પૂર્વ દિશાના લોકાન્તથી પ્રાતઃકાળમાં સૂર્ય પૃથ્વીકાયમાં ઉદય પામે છે, તે આ તિર્યક્લોકને તિર્યક્ કરે છે. અને તિર્યક્ કરીને પશ્ચિમ દિશાના લોકાન્તમાં સાંજના સમયમાં પૃથ્વીકાયમાં અસ્ત પામે છે. ચોથા મતાવલંબીના કહેવાનો ભાવ એ છે કે પૂર્વ દિગ્વિભાગના અંતથી પ્રભાતકાળમાં સૂર્ય પૃથ્વીના પૃષ્ઠ ભાગમાં ઉપર ઉદિત થાય છે, એજ સૂર્ય આ આગળ જ દેખાતા તિર્યક્લોકને એટલે કે મનુષ્યલોકને તિર્યક્ કરે છે. અને તિરશ્ચિન કરીને પોતાના કિરણોથી ભૂલોકને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે તિર્યક્ કરીને ભૂલોકને પ્રકાશમય કરીને પશ્ચિમ દિશાના લોકાન્તમાં સાંજના સમયે એ સૂર્ય ફરીથી પૃથ્વીના અધોભાગમાં વિલીન થઈ જાય છે. અર્થાત્ પ્રભાત કાળમાં પૂર્વ દિશાપાં ઉદયાચલના શિખર પર ઉદિત થાય છે. અને એ તિર્યક્ પરિભ્રમણ કરીને

તિર્યક્લોકને પ્રકાશિત કરીને સાંજના સમયે પશ્ચિમ દિશામાં અસ્તાચલના શિખર પર વિલીન થઇ જાય છે. પર્વતાદિ પૃથ્વીકાય હોવાથી અહીંયાં પૃથ્વીકાય એ પ્રમાણે કહેલ છે. આ પ્રમાણે પ્રત્યેક દિવસે સકલકાલ સકલલોકની સ્થિતિનો વિચાર કરી લેવો આ પ્રમાણે ચોથા મતવાદીના કથનનો સારાંશ છે. આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે. (एगे एवमाहंसु) કોઇ એક ચોથો મતવાદી આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું કથન કરે છે. (૪)

(एवे पुण एवमाहंसु) કોઈ એક આ પ્રમાણે કહે છે અર્થાત્ પાંચમા મતવાળો જે તીર્થાન્તરીય છે તે ચારે મતાવલંબીયોના મતને સાંભળીને આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતાં કહેવા લાગ્યો–(पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए पुढवीकायंसि उत्तिट्ठइ से णं इ ं तिरियं लोयं तिरियं करेइ, करित्ता पच्चत्थिमंमि लोयंसि सायं सूरिए पुढवी-कायंसि अणुपविसइ अणुपविसित्ता अहे पडियागच्छइ, पडियागच्छित्ता पुणरवि अवर-भू पुरत्थिमाओ लोगंताओ पाओ सूरिए पुढवीकायंसि उत्तिट्ठइ) પૂર્વ ભાગના લોકાન્તથી પ્રાતઃકાળમાં સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. તે સૂર્ય આ મનુષ્યલોકને તિર્યક્ કરે છે, તિર્યક્ કરીને પશ્ચિમ દિશાના લોકાન્તમાં સાંજના સમયે પૃથ્વીકાયમાં એટલે કે અસ્તા ચળમાં પ્રવેશ કરે છે, અને અસ્તાચલમાં પ્રવેશ કરીને અધોલોકમાં જાય છે, અધોલોકમાં જઇને ફરીથી ત્યાંથી આવીને પૂર્વલોકાન્તમાં પ્રાતઃકાળમાં સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે.

કહેવાનો ભાવ એ છે કે–પૂર્વદિશાના લોકાન્તથી ઉપર પ્રભાતકાળમાં દેવતારૂપ સદા-વસ્થાયી સૂર્ય ઉદયાચલ પર્વતના શિખર ઉપર ઉદિત થાય છે, પર્વત શિખર ઉપર ઉદિત થઇને લોકને–મનુષ્યલોકને તિર્યક્ કરે છે. અર્થાત્ તિર્યક્રૂપથી ભ્રમણ કરીને પ્રકાશ યુક્ત કરે છે. અને આ રીતે મનુષ્યલોકને પ્રકાશિત કરીને પશ્ચિમ દિશાના અંતમાં સાંજના સમયે સદાકાળ અવસ્થાયી દેવતારૂપ સૂર્ય ફરીથી અસ્તમન એટલે કે અસ્તાચલના શિખરઉપર પ્રવેશ કરીને અદૃષ્ય થઇ જાય છે. અને આ રીતે અદૃશ્ય થઇને ફરીથી અધોલોકમાં જઇને ત્યાંના લોકને પ્રકાશિત કરીને ત્યાંથી પાછો ફરે છે, પાછો ફરીને ફરીથી પૂર્વ દિશાના લોકાન્તથી ઉપર ઉદિત થઇને પ્રભાતકાળમાં દેવતા વિશેષ સદાવસ્થાયી સૂર્ય ઉદયાચલ ઉપર જઇને ઉદિત થાય છે, અને ત્યાં ઉદય પામીને મનુષ્યલોક સમુદાયને દૃષ્ટિગોચર થાય છે. આ પાંચમા મતવાદીનો મત પણ પૃથ્વી ગોલાકાર છે આ પ્રમાણેના ત્રીજા મતવાદીના કથન પ્રમાણે જ છે, પરંતુ ત્રીજા મતવાદીના મતમાં સૂર્ય આકાશમાં ઉદય પામે છે. અને આ પાંચમાના મતથી સૂર્ય પર્વતની ઉપર ઉદિત થાય છે, આટલા જ કથનમાં એ બન્નેનું જુદાપણું છે. (एगे एवमाहंसु) પાંચમો તીર્થાન્તરીય પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું કથન કરે છે. ૫

(एगे पुण एवमाहंसु) કોઈ એક છટ્ઠો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાના મતને પ્રગટ કરતો થકો કહેવા લાગ્યો. (ता पुरत्थिमिल्लाओ लोयंताओ पाओ सूरिए आउक्कायंसि उत्तिट्ठइ, से णं इमं

तिरियं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंसि सायं सूरिए आउकायंस विद्धंसइ) પૂર્વ દિશાવર્તી લોકાન્તથી સૂર્ય અપ્કાયમાં ઉદિત થાય છે, એ સૂર્ય આ મનુષ્ય લોકને તિર્યક્ કરે છે. તિર્યક્ કરીને પશ્ચિમ દિશાના લોકાન્તમાં એ સૂર્ય અપ્કાયમાં અદૃશ્ય થાય છે. છઠ્ઠોમતવાદી પાંચે અન્ય મતવાદીયોના મતને સાંભળીને કહેવા લાગ્યો કે-પૂર્વ દિશાના લોકાન્તથી પ્રભાત કાળમાં સૂર્ય એટલે કે તેજપુંજ પ્રકાશક દેવ વિશેષ અપ્કાયમાં અર્થાત્ પૂર્વ સમુદ્રમાં ઉદિત થાય છે, અને લોકને દૃષ્ટિગોચર થાય છે. આ ઉદિય થયેલ સૂર્ય આ પ્રત્યક્ષમાં દૃશ્યમાન તિર્યક્લોકને અર્થાત્ મનુષ્યલોકને તિર્યક્ ગતિથી પરિભ્રમણ કરીને પ્રકાશિત કરે છે, આ પ્રમાણે ભૂલોકને પ્રકાશિત કરીને પશ્ચિમ દિશાના અંતમાં સાંજના સમયે પશ્ચિમ સમુદ્રમાં અદૃશ્ય થઈ જાય છે, આ પ્રમાણે સર્વકાળ થાય છે. હવે આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે-(एगे एवमाहंसु) કોઈ એક અર્થાત્ છઠ્ઠો તીર્થાન્તરીય આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું સમર્થન કરે છે. ॥૬॥

(एगे पुण एवमाहंसु) સાતમો કોઈ એક તીર્થાન્તરીય આ નિમ્નોક્ત પ્રકારથી કહે છે અર્થાત્ છએ તીર્થાન્તરીયોના મતોને સાંભળીને સાતમો તીર્થાન્તરીય આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતો થકો આ પ્રામણે કહેવા લાગ્યો. (ता पुरत्थिाओ लोयंताओ पाओ सूरिए आउकायंसि उत्तिट्ठइ से णं इमं तिरियं लोयं तिरियं करेइ तिरियं करित्ता पच्चत्थिमंसि लोयंसि सायं सूरिए आउकायंसि पविसइ पविसित्ता अहे पडियागच्छइ पडिय गच्छित्ता पुनरवि अवर भू पुरत्थिमाओ लोयंताओ सूरिए आउकायंसि उत्तिट्ठइ) પૂર્વદિશાના લોકાન્તથી પ્રભાત-કાળમાં સૂર્ય અપ્કાય અર્થાત્ સમુદ્રમાં ઉદિત થાય છે. એ સૂર્ય આ તિર્યક્લોકને તિર્યક્ કરે છે. અને તિર્યક્ કરીને પશ્ચિમ લોકાન્તમાં સાંજના સમયે સૂર્ય અપ્કાયમાં પ્રવેશ કરે છે. ત્યાં પ્રવેશ કરી અધોલોકથી પાછો વળે છે. અને એ રીતે પાછો વળીને પૃથ્વીના બીજા ભાગમાં પૂર્વદિશાના લોકાન્તથી પ્રભાતકાળમાં અપ્કાયમાં ઉદય પામે છે ભગવાન કહે છે કે સાતમા તીર્થાન્તરીયનો મત તમો સાંભળો તેનું કહેવું છે કે-પૂર્વ દિશાના લોકાન્તથી પ્રભાત કાળમાં સનાતન સ્વરૂપ સદાવસ્થાયી સૂર્ય અપ્કાયમાં એટલે કે પૂર્વ સમુદ્રમાં ઉદિત થઈને જગત્માં દૃષ્ટિગોચર થાય છે. એ ઉદિત થયેલ સૂર્ય આ વર્તમાન મનુષ્યલોકને તિરશ્ચિન પરિભ્રમણ કરીને પ્રકાશિત કરે છે, અને એ રીતે મનુષ્યલોકને પ્રકાશિત કરીને પશ્ચિમ દિશાના અંતમાં સંધ્યાકાળના સમયે પ્રત્યક્ષ દેખાતો પ્રાણભૂત તેજોવિશેષ પ્રકાશપુંજ રૂપ જડ વિશેષ પશ્ચિમસમુદ્રમાં પ્રવેશ કરે છે. અને પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કરીને પૃથ્વીના અધોભાગમાં રહેલ લોકને પ્રકાશિત કરીને ત્યાંથી પાછો ફરે છે. આ અધોલોકથી પાછો વળીને એટલે કે પૃથ્વીના અધોભાગમાંથી નીકળીને પૂર્વભાગવર્તિ લોકાન્તથી પ્રભાતકાળમાં એજ સૂર્ય ફરીથી પૂર્વસમુદ્રમાં આવીને ઉદિત થાય છે, અર્થાત્ બીજે દિવસે પાછો ઉગે

છે. કહેવાનો ભાવ એ છે કે-આ સાતમા તીર્થાન્તરીયના મતથી પણ આ પૃથ્વી ગોલાકાર છે, અને એક જ સૂર્ય છે, અને તે મંડલાકારથી પૃથ્વીમાં પરિભ્રમણ કરે છે. આ કથનને સમાપ્ત કરતાં કહે છે. (एगे एवमाहंसु) કોઇ એક સાતમો મતાવલમ્બી આ ઉપર જણાવેલ પ્રકારથી પોતાના મતના અભિપ્રાયને કહે છે. ।।૭।।

(एगे पुण एवमाहंसु) કોઈ એક આઠમો તીર્થાન્તરીય આ નીચે કહેલ પ્રકારથી પોતાનો મત પ્રગટ કરતાં કહે છે કે-(ता पुरत्थिमाओ लोयंताओ बहूइं जोयणाइं बहुयाइं जोयणसयाइं बहुइं जोयणसहस्साइं उड्ढं दूरं उत्पत्तित्ता एत्थ णं पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ से णं इमं दाहिणद्धं लोयं तिरियं करेइ तिरियं करित्ता उत्तरद्धलोयं तमेव राओ से णं इमं उत्तरद्धलोयं तिरियं करेइ तिरियं करित्ता दाहिणद्ध-लोयं तमेव राओ, से णं इमाइं दाहिणुत्तरड्ढलोयाइं तिरियं करेइ करित्ता पुरत्थिमाओ लोयंताओ बहुइं जोयणाइं बहुयाइं जोयणसयाइं बहुइं जोयणसहस्साइं उड्ढं दूरं उप्पत्तित्ता एत्थ णं पाओ सूरिए आगासंसि उत्तिट्ठइ) પૂર્વ દિશાના લોકાન્તથી બહુ યોજન બહુ સેંકડો યોજન બહુ હજારો યોજન અત્યંત દૂર સુધી ઉપર જઈને પ્રભાતનો સૂર્ય આકાશમાં ઉદય પામે છે. એ સૂર્ય આ દક્ષિણાદ્ધ લોકને પ્રકાશિત કરે છે. અને પ્રકાશિત કરીને દક્ષિણાર્ધ લોકમાં રાત્રી કરે છે. અર્થાત્ તે દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધલોક એટલે કે બન્ને ગોળને પ્રકાશિત કરે છે. પ્રકાશિત કરીને પૂર્વ દિશાના લોકાન્તથી બહુ યોજન સેંકડો યોજન બહુ હજારો યોજન ઉપર ઉંચે જઈને પ્રાતઃકાળમાં આકાશમાં ઉદિત થાય છે.

કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ કહે છે કે-આઠમા તીર્થાન્તરવાળાનો મત સાંભળો પ્રથમ પૂર્વ દિશાના લોકાન્તથી ઉપર ઘણો ઉંચો અર્થાત્ સંખ્યાતીત યોજન ઘણા સેંકડો યોજન તે પછી ઘણા હજારો યોજન અને શતસહસ્ત્ર અર્થાત લાખો યોજન ઘણે દૂર સુધી ઉપર જઈને આકાશમાં રહીને પ્રભાતકાળમાં તેજના ઢગલા રૂપ સૂર્ય અર્થાત્ જગતને પ્રકાશ આપનાર ગ્રહ વિશેષ ઉદિત થાય છે અને એ રીતે ઉદિત થઈને આ પુરોવર્તમાન મનુષ્યલોકને દક્ષિણ નાડીવૃત્તથી દક્ષિણ ગોલાર્ધમાં આવેલ લોકને પ્રકાશિત કરે છે. એટલે કે તિર્યક્ પરિભ્રમણ કરીને દક્ષિણગોલાર્ધને પ્રકાશિત કરે છે. એ દક્ષિણગોલાર્ધને પ્રકાશિત કરીને એજ સમયે ઉત્તર ગોલાર્ધમાં આવેલ લોકમાં રાત્રિ કરે છે. અર્થાત્ જ્યારે દક્ષિણ ગોલાર્ધમાં દિવસ હોય છે, એજ સમયે ઉત્તર ગોલાર્ધમાંરાત્રીહોય છે. તે પછી સૂર્ય ક્રમક્રમથી એ ઉત્તરાર્ધ લોકને તિર્યક્ પરિભ્રણ કરીને ઉત્તર ભાગને પ્રકાશિત કરે છે, એટલે કે ઉત્તરા-ર્ધલોકનું તિર્યક્ પરિભ્રમણ કરીને જ્યારે પ્રકાશમય કરે છે એજ સમયે દક્ષિણાર્ધલોકમાં રાત્રી થાય છે. તે પછી એ ભ્રમણશીલ સૂર્ય એ પૂર્વોક્ત દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ બન્ને લોકને

તિર્યક્ પરિભ્રમણ કરીને બેઉ લોકાર્દ્ધને પ્રકાશિત કરે છે, બેઉ ગોલાર્ધોને પ્રકાશિત કરીને ફરીથી એ જ સૂર્ય પૂર્વ દિગ્વિભાગના અંતથી ઉપર પહેલાં સંખ્યાતીત યોજન ઉપર જઈને તે પછી ક્રમથી બહુ સેકંડો યોજન બહુ હજારો યોજન અહીં બધે જ બહુ પદનો પ્રયોગ કરવાથી સંખ્યાતીત સમજવું. તે પછી ઘણે દૂર ઉપર જઈને અહીંયાં પ્રભાત સમયે ફરીથી આકાશમાં ઉદિત થાય છે. અને લોકમાં દૃષ્ટિગોચર થાય છે. અર્થાત્ ફરીથી ઉદિત થાય છે, એ પ્રમાણે સદાકાળ ભાવના ભાવિત કરી લેવી. હવે આ કથનનો ઉપસંહાર કરતા કહે છે-(एगे पुण एवमाहंसु) કોઈ એક અર્થાત્ આઠમો તીર્થાન્તરીય આ પૂર્વોક્ત કથનાનુસાર સ્વમતનું કથન કરે છે.

પૂર્વોક્ત પ્રકારથી પરમતવાદિયોના મતને બતાવીને હવે ભગવાન્ પોતાના મતને બતાવતાં કહે છે-તે આ પ્રમાણે છે-શ્રી ભગવાન્ કહે છે કે-(वयं पुण एवं वयामो) હે ગૌતમ! કેવલજ્ઞાનધારી હું આ વિષયમાં વસ્તુની યથાર્થતા સમજીને અને એ આઠે પરમતવાળાઓના અભિપ્રાયને જાણીને આ પ્રમાણે કહું છું. (ता जंबुद्दीवस्स दिवस्स पाईण-पडिणायताए ओदीणदाहिणायताए जीवाए मंडलं चउवीसे णं सतेणं छेत्ता दाहिणपुरत्थिमंसि उत्तर-पच्चत्थिमंसि य चउब्भागमंडलंसि इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमि-भागाओ अट्ठ जोयणसयाइं उड्ढं उप्पयित्ता एत्थ णं पाओ दुवे सूरिया उत्तिट्ठंति) આ જંબૂદ્વીપ નામના દ્વીપને પૂર્વથી પશ્ચિમ તરફ લાંબી અને ઉત્તર દક્ષિણની તરફ પણ લાંબી એવી જીવા નામ દોરીથી મંડળને એકસો ચોવીસ મંડળથી વહેંચીને દક્ષિણ પૂર્વમાં તથા ઉત્તર-દક્ષિણ દિશામાં મંડળના ચોથા ભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂભાગથી આઠસો યોજન ઉપર જઈને આ અવકાશ પ્રદેશમાં બે સૂર્ય ઉદિત થાય છે. કહેવાનો ભાવ એ છે કે ભગવાન્ પોતાના મતના સંબંધમાં કહે છે કે આ વિષયમાં મારો મત સાંભળો આ જંબૂદ્વીપ સર્વદ્વીપ સમુદ્રોની પરિધિરૂપ છે. આની ઉપર યદ્વાતદ્વામંડળ અર્થાત્ કોઈ પણ મંડળના એકસો ચોવીસથી વહેંચીને એટલે કે એકસો ચોવીસ ભાગ કરીને

અર્થાત્ એ પ્રકારે મંડળની કલ્પના કરીને પૂર્વપશ્ચિમ તરફ લાંબી અને ઉત્તરદક્ષિણ લાંબી જીવા એટલે કે દોરીથી તે તે મંડળને ચાર ભાગથી વહેંચીને એટલે કે તેના એકસોચોવીસ ભાગ કરીને દક્ષિણપૂર્વ એટલે કે અગ્નિખૂણામાં અને ઉત્તરપશ્ચિમ એટલે કે વાયવ્ય કોણમાં મંડળના ચોથા ભાગના એકત્રીસ ૩૧ ભાગ પ્રમાણમાંથી એકસો ચોવીસ મંડળો સૂર્યોદય કાળમાં પ્રાપ્ત થાય છે. (चउवीसेणं छेत्ता चउब्भागमंडलंसि) આ કથનથી એ સિદ્ધ થાય છે. આ પ્રત્યક્ષમાં ઉપલભ્યમાન રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય અર્થાત્ અત્યંત સમ હોવાથી રમણીય પ્રદેશવાળા ભૂમિ ભાગની ઉપર આઠસો યોજન ઉપર જઈને અર્થાત્ બુદ્ધિની કલ્પનાથી જઈને આ આકાશપ્રદેશમાં પ્રભાતકાળમાં સૂર્ય ઉદિત થાય છે. (ते णं इमाइं दाहिणुत्तराइं जंबुद्दीवभागाइं तिरियं करति तिरियं करित्ता पुरत्थिमपच्चत्थिमाइं जंबुद्दीवभागाइं तामेव रातो तेणं इामइं पुरत्थिमपच्चत्थिमाइं जंबुद्दीवभागाइं तिरियं करेंति तिरियं करित्ता दाहिणुत्तराइं जंबुद्दीवभागाइं तामेव रातो) ત્યારે દક્ષિણોત્તર દિશાનો જંબૂદ્વીપવાળો ભાગ અર્થાત્ બન્ને ભાગોને તિર્યક્ કરે છે. તિર્યક્ કરીને પૂર્વપશ્ચિમના જંબૂદ્વીપના બે ભાગોમાં રાત્રિ કરે છે, જ્યારે આ પૂર્વપશ્ચિમના બે ભાગને તિર્યક્ કરે છે ત્યારે દક્ષિણઉત્તરના જંબૂદ્વીપના બે ભાગોમાં રાત્રિ થાય છે. કહેવાનો ભાવ એ છે કે-જ્યારે પ્રભાતકાળમાં રત્ન ગર્ભા વસુંધરાની પૂર્વદિશામાં બે સૂર્યો ઉદિત થાય છે. એ સમયે આ દક્ષિણ ઉત્તરનાજંબૂ દ્વીપના બે ભાગોને પ્રકાશિત કરે છે અર્થાત્ તિર્યક્ ભ્રમણ કરીને પ્રકાશિત કરે છે ત્યાં જ યથાવત્ પ્રકાશિત કરીને એજ સમયે પૂર્વપશ્ચિમના જંબૂદ્વીપના બે ભાગોમાં રાત્રિ કરે છે, એટલે કે એ બે ભાગને પ્રકાશિત કરતા નથી, તથા એ સમયે એજ બે સૂર્ય પૂર્વપશ્ચિમના જંબૂદ્વીપના બે ભાગોને જ્યારે તિર્યક્ ભ્રમણ કરીને પ્રકાશિત કરે છે. ત્યારે વક્રગતિથી પૂર્વ પશ્ચિમના બે ભાગોને પ્રકાશિત કરીને એજ સમયે દક્ષિણ ઉત્તરના જંબૂદ્વીપના બે ભાગોમાં રાત્રી કરે છે, અર્થાત્ એક ભરતક્ષેત્રનો સૂર્ય અને બીજો ઐરવત ક્ષેત્રનો સૂર્ય આ પ્રમાણેના બે સૂર્યો હોવાથી તેનો તેનો ઉદ્ગમન આ રીતે થાય છે, દક્ષિણપૂર્વના મંડળના ચતુર્થ ભાગમાં ભરતક્ષેત્રનો સૂર્ય ઉદિત થાય છે. તથા પશ્ચિમ ઉત્તરના મંડળના ચોથા ભાગમાં ઐરવત ક્ષેત્રનો સૂર્ય ઉદિત થાય છે. એ પ્રમાણે ભરત અને ઐરવત ક્ષેત્રના ઉદિત થતા બેઉ સૂર્યો ક્રમાનુસાર દક્ષિણ ઉત્તરના જંબૂદ્વીપના ભાગોને પ્રકાશિત કરે છે, અર્થાત્ ભરત ક્ષેત્રનો સૂર્ય દક્ષિણ પૂર્વના મંડળના ચતુર્થભાગમાં ઉદિત થઈને તિર્યક્ પરિભ્રમણ કરે છે, તથા તિર્યક્ પરિભ્રમણ કરીને મેરૂપર્વતના દક્ષિણ ભાગને પ્રકાશિત કરે છે, તથા ઐરવત ક્ષેત્રનો સૂર્ય બીજા ઉત્તર ભાગમાં ઉદય પામે છે. તે ત્યાં ઉદિત થઈને તિર્યક્ પરિ ભ્રમણ કરીને મેરૂપર્વતના ઉત્તરના ભાગને પ્રકાશિત કરે છે દક્ષિણઉત્તરના બે ભાગોનેપ્રકાશિત કરીને તે આ પૂર્વપશ્ચિમના જંબૂદ્વીપના ભાગોને પ્રકાશિત કરે છે. આ કથનની ભાવના આ

રીતે થાય છે જે સમયે ઐરવત ક્ષેત્રનો સૂર્ય મેરૂના ઉત્તર ભાગમાં તિર્યક્ પરિભ્રમણ કરે છે. અને તિર્યક્ પરિભ્રમણ કરીને તે પછી મેરૂની જ પૂર્વદિશામાં તિર્યક્ પરિભ્રમણ કરે છે, તથા ભરતક્ષેત્રનો સૂર્ય મેરૂની દક્ષિણદિશામાં તિર્યક્ પરિભ્રમણ કરીને તે પછી મેરૂના પશ્ચિમ ભાગમાં તિર્યક્પરિભ્રમણ કરે છે. આ પ્રમાણે જ્યારે ભરત અને ઐરવતક્ષેત્રના બન્ને સૂર્યો ક્રમાનુસાર પૂર્વપશ્ચિમના ભાગોમાં તિર્યક્ પરિભ્રમણ કરે છે. એજ સમયે દક્ષિણઉત્તરના જંબૂદ્વીપના બે ભાગોમાં રાત્રિ કરે છે, તે વખતે એક પણ સૂર્ય દક્ષિણ ભાગ અથવા ઉત્તર ભાગને પ્રકાશિત કરતા નથી, એ પ્રમાણે ક્રમાનુસાર ઐરવત ક્ષેત્રનો તથા ભરતક્ષેત્રનો સૂર્ય પૂર્વપશ્ચિમના બે ભાગોને પ્રકાશિત કરીને જે ભરતક્ષેત્રનો સૂર્ય છે તે ઉત્તરપશ્ચિમના મંડળના ચોથા ભાગમાં ઉદિત થાય છે, તથા જે ઐરવત ક્ષેત્રનો સૂર્ય છે તે દક્ષિણ પૂર્વના ચોથા ભાગમાં બન્નેને પ્રાપ્ત થાય છે.

હવે આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે.–(तेणं इमाइं दाहिणुत्तराइं पुरत्थिमपच्चत्थिमाणि य जंबुदीवस्स दीवस्स पाईणपडिणायताए उदीणदाहिणायताए जीवाए मंडलं चउवीसेणं सएणं छेत्ता दाहिणपुरत्थिमिल्लंसि उत्तरपच्चत्थिमंसि य चउब्भागमंडलंसि इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ अट्ठं जोयणसयाइं उड्ढं उप्पइत्ता एत्थ णं दूवे सूरिया आगासंसि उत्तिट्ठंति) આ દક્ષિણ ઉત્તર અને પૂર્વપશ્ચિમ રૂપ જંબૂદ્વીપના બે ભાગોને પ્રકાશિત કરે છે અને પ્રકાશિત કરીને જંબૂદ્વીપ નામના દ્વીપની ઉપર પૂર્વપશ્ચિમ તથા ઉત્તરદક્ષિણની તરફ એટલે કે બેઉ તરફ લાંબી જીવા નામ દોરીથી એકસો ચોવીસ ભાગથી વહેંચીને દક્ષિણપશ્ચિમ અને ઉત્તરપશ્ચિમના ચતુર્થ ભાગ મંડળમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂભાગથી આઠસો યોજન ઉપર જઈને પ્રભાતકાળના બેઉ સૂર્યો આકાશમાં ઉદિત થાય છે.

કહેવાનો ભાવ એ કે-ભરતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો આ રીતે બન્ને સૂર્યો પહેલાં ક્રમ ક્રમથી દક્ષિણ ઉત્તરના જંબૂદ્વીપના બે ભાગને અને તે પછી ક્રમથી પૂર્વપશ્ચિમના જંબૂદ્વીપના બે ભાગોને અર્થાત્ ભરતક્ષેત્રનો સૂર્ય પશ્ચિમ ભાગને અને ઐરવત ક્ષેત્રનો સૂર્ય પૂર્વભાગને સારી રીતે પ્રકાશિત કરીને જંબૂદ્વીપ નામના દ્વીપની ઉપર કોઇ મંડળને પૂર્વપશ્ચિમ તરફ અને ઉત્તરદક્ષિણની તરફ લંબાયમાન જીવા નામદોરીથી એકસો ચોવીસ ભાગો કરીને યથાયોગ્ય દક્ષિણ પૂર્વ અર્થાત્ અગ્નિ ખુણામાં તથા ઉત્તરપશ્ચિમ એટલે કે વાયવ્ય કોણમાં મંડળના ચતુર્થભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના અત્યધિક સમતલ શોભાયમાન ભૂમિભાગોથી ઉપરમાં આઠસો યોજન જઇને આ આકાશ ક્ષેત્રમાં પ્રભાતકાળના સમયે બન્ને સૂર્યો અર્થાત્ ભરતક્ષેત્રનો અને ઐરવત ક્ષેત્રનો સૂર્ય આકાશમાં ઉદિત થાય છે, અર્થાત્ જે સૂર્યે પહેલાના અહોરાત્રમાં ઉત્તર ભાગને પ્રકાશિત કર્યો હતો તે સૂર્ય દક્ષિણપૂર્વના મંડળના ચોથા ભાગમાં ઉદિત થાય છે, અને જે સૂર્યે પૂર્વના અહોરાત્રમાં દક્ષિણ ભાગને પ્રકાશિત કર્યો હતો તે ઉત્તરપશ્ચિમના મંડળના ચોથા ભાગમાં ઉદિત થાય છે. આ પ્રમાણે હમેશાં જગત્‌ની વિચારણા સમજી લેવી. ।। સૂ૦ ૨૧ ।।

બીજા પ્રાભૃતનું પહેલું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।। ૨-૧ ।।

**બીજા પ્રાભૃતના બીજા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ**

## दूसरे प्राभृतमें दूसरा प्राभृतप्राभृत

ટીકાર્થ :-બીજા પ્રાભૃતના પહેલા પ્રાભૃતપ્રાભૃતમાં સૂર્યના તિર્યગ્ ગમનના હેતુને સવિસ્તર રીતે પ્રતિપાદિત કરીને હવે (**तिरिच्छा किंच गच्छइ**) આ વિષયના સંબંધને લગતા આ બીજા પ્રાભૃતના બીજા પ્રાભૃતપ્રાભૃતમાં (**भेयघाए कण्णकला**) ભેદ ધાત કર્ણકલા આ વિષયના સંબંધમાં (**अद्धमंडलसंठिइ**) આ વિષયના અન્તર્ભેદ જે મંડલાન્તરમાં સંક્રમણ કહેલ છે એ વિષયને ઉપસ્થિત કરતાં સૂત્રકાર પ્રશ્ન સૂત્ર કહે છે. (**ता कहं ते मंडलाओ मंडलं संकममाणे संकममाणे सूरिए चारं चरइ आहितेति वएज्जा**) હે ભગવન્ આપના મતથી

એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કેવી રીતે ગતિ કરે છે? તે આપ કહો.

કહેવાનો ભાવ એ છે કે—વિચક્ષણ બુદ્ધિમાન શિષ્ય પ્રભુશ્રીને પ્રશ્ન કરતાં કહે છે કે-હે ભગવન્ મારે આપને પૂછવાના ઘણા વિષયો છે, પરંતુ અત્યારે જે આ કથન વિષય છે તે આપ કૃપાળું સાંભળો આપના મતથી સદાવસ્થાયી પ્રકાશક ગ્રહ વિશેષ સૂર્ય એક મંડળથી અર્થાત્ એકસો ચોર્યાશી સંખ્યાવાળા મંડળોમાં એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરતો અર્થાત્ પરિભ્રમણ કરતો સૂર્ય ગતિ કરે છે. એટલે કે તે તે મંડળોમાં ગમન કરતો કહેલ છે? તે આપ કહો. આ પ્રમાણે સુશિષ્યનો પ્રશ્ન સાંભળીને કેવળજ્ઞાન સંપન્ન ભગવાન્ તેમને સમજાવતાં કહેવા લાગ્યા. ભગવાન્ કહે છે કે—હે ગૌતમ! આ વિષયના સંબંધમાં (दुवे पडिवत्तीओ पण्णत्ताओ) બે પ્રતિપત્તીયો કહેલ છે. અર્થાત્ એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણના સંબંધમાં વક્ષ્યમાણ પ્રકારની બે પ્રતિપત્તીયો એટલે કે મતાન્તરો કહેલ છે. જે આ પ્રમાણે છે. (तत्थ एगे एवमाहंसु) એ બેઉ મતવાદીયોમાં એક આ પ્રમાણે કહે છે અર્થાત્ એક મંડળથી બીજા મંડળના સંક્રમણ કરવાના વિષયમાં પહેલો અન્યતીર્થિક આ નીચે જણાવેલ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરે છે. તે આ પ્રમાણે છે, (ता मंडलाओ मंडलं संकममाणे संकममाणे सूरिए भेयघाएणं संकमइ) એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો અર્થાત્ ગમન કરતો સૂર્ય ભેદઘાતથી સંક્રમણ કરે છે. પહેલા મતવાદીના કહેવાનો ભાવ એ છે કે—આ વિષયમાં તે કહે છે કે એક મંડળથી બીજા મંડળમાં ગમન કરતો સૂર્ય ભેદઘાતથી એટલે કે ગતિભેદથી અર્થાત્ મંડળોનું ઓછાવત્તુ પ્રમાણ હોવાથી ગતિ વિશેષથી ગમન કરે છે એટલે કે સંક્રમણ કરવાની ઇચ્છા કરે છે. ભેદ એટલે એક મંડળથી બીજા મંડળનું અંતરાલ એટલે કે બન્ને મંડળોની વચ્ચેનો પ્રદેશ તેમાં ઘાત એટલે ગમન અર્થાત્ એક મંડળ સૂર્યથી પૂરાય પછી તેના અન્તરાલના અપાન્તરાલમાં ગમન કરીને બીજા મંડળમાં સંક્રમણ કરવું એટલે કે

જવું. આ પ્રમાણે સંક્રમણ કરીને એ મંડળમાં ગતિ કરે છે, (एगे एवमाहंसु) પ્રથમ તીર્થાન્તરીય આ રીતે પોતાનો મત પ્રતિપાદિત કરે છે (૧)

(एगे पुण एवमाहंसु) બીજો એક અન્ય મતવાદી આ પ્રમાણે કહે છે. એટલે કે પહેલા મતવાદીના મતનું કથન સાંભળીને બીજો મતવાદી તીર્થાન્તરીય આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાના મતના સંબંધમાં કહે છે જે પ્રમાણે છે.-(ता मंडलाओ मंडलं संकममाणे सूरिए कण्णकलं णिवेढेइ) એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાથી ગતિ કરે છે, એટલે કે-ભગવાન્ કહે છે કે બીજા મતવાદીના મતને તમો સાંભળો તે કહે છે કે-એક મંડળમાંથી બીજા મંડળમાં ગમન કરવાની ઇચ્છાવાળો સૂર્ય પોતાનાથી વ્યાપ્ત થયેલ મંડળને પ્રથમ ક્ષણ પછી કર્ણકલાનો આરંભ કરીને છોડે છે, આ કથનનો ભાવ આ રીતે સમજવો. ભરતક્ષેત્રનો અને ઐરવતક્ષેત્રનો આ પ્રમાણે બે સૂર્યો કહેલા છે, તેમાં ભરતક્ષેત્રનો અથવા ઐરવત ક્ષેત્રનો સૂર્ય પોતપોતાના સ્થાનમાં ઉદિત થઈને બીજા મંડળનો કર્ણ એટલે પ્રથમ છેડાના ભાગને લક્ષ કરીને ધીરે ધીરે અધિકૃત થયેલ મંડળને તે કોઇ પ્રકારની કળાથી છોડતા છોડતા ગતિ કરે છે. જેનાથી તે અહોરાત્ર પૂરીથતાં બીજા સમીપના મંડળમાં પ્રવર્તમાન થઇ જાય છે, અહીંયાં કર્ણકલા શબ્દ ક્રિયાવિશેષણ છે, તેમ સમજવું. આ કથનની ભાવના આ રીતે સમજવી જોઇએ. કર્ણ એટલે બીજા મંડળના પ્રથમ છેડાના ભાગને લક્ષ કરીને વ્યાપ્ત થયેલ મંડળને પ્રથમ ક્ષણ પછી ક્ષણે ક્ષણે કળાથી જે પ્રમાણે થઇશકે એ પ્રકારથી છોડે છે. એ રીતે અહીંયાં બે અન્ય તીર્થિકોના મતને કહીને જે વાસ્તવિક વસ્તુસ્વરૂપ છે તેને ભગવાન્ કહે છે. જે આ પ્રમાણે છે.

(तत्थ जे ते एवमाहंसु ता मंडलाओ मंडलं संकममाणे संकममाणे भेयघाएणं संकमइ) એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ અર્થાત્ ગમન કરતો સૂર્ય ભેદઘાતથી એટલે કે

ગતિ વિશેષથી ગમન કરે છે. અર્થાત્ એક મંડળથી બીજા મંડળમાં સૂર્યના ગમન કરવાના સંબંધમાં પહેલો તીર્થાન્તરીય નીચે કહેવામાં આવેલ પ્રકારથી પોતાના મત વિષે કહે છે કે એક મંડળમાંથી તેપછીના બીજા મંડળમાં સંક્રમણ કરવાનો વિચાર કરીને ભેદઘાતથી એટલે કે ગતિવિશેષથી એ મંડળમાં સૂર્ય ગમન કરે છે. **(तेसी णं अयं दोसे)** એ પહેલા મતવાદીના કથનમાં આ કથ્યમાન પ્રકારથી દોષનો સંભવ રહેલ છે, તે દોષ બતાવતાં સૂત્રકાર કહે છે-**(ता जेणंतरेणं मंडलाओ मंडलं संकममाणे संकममाणे सूरिए भेयघाएणं संकमइ एवइयं च णं अद्धं पुरओ न गच्छइ)** જે અંતરથી એક મંડળથી બીજા મંડળમાં ગમન કરતાં કરતાં સૂર્ય ભેદઘાતથી જાય છે, તે પ્રકારનો સમય આગળ નથી.

દોષનું સ્વરૂપ બતાવતાં ભગવાન્ કહે છે-કે જેટલાકાળના અંતરથી એક મંડળથી બીજા મંડળમાં ગતિ વિશેષથી ગમન કરવાની ઈચ્છા કરે છે. એટલા પ્રમાણના સમય રૂપ અદ્ધા મંડળના પરિભ્રમણમાં હોતી નથી. અર્થાત્ એક મંડળમાંથી મંડળાન્તરમાં સંક્રમણ કરવાની ઈચ્છાવાળો સૂર્ય જેટલા પ્રમાણના કાળમાં અપાન્તરાલમાં જાય છે. એટલા કાળની પછી પરિભ્રમણ કરવાનું ઈષ્ટ હોવાથી બીજા મંડળ સંબંધી અહોરાત્રમાં એટલો સમય ઓછા પડે છે. તેથી બીજા મંડળમાં પરિભ્રમણ પર્યન્તમાં એટલો કાળ પરિભ્રમણ કરતો નથી. કારણ કે તેની વ્યાપ્ત થયેલ અહોરાત્ર પૂરી થઈ જાય છે. એમ હોય તો પણ શું દોષ છે? એમ કહેતો તે માટે કહે છે-આગળના બીજા મંડળમાં ગયા વીના જ મંડળ પરિભ્રમણકાળ ન્યૂન થાય છે, કારણ કે જેટલા સમયમાં પૂરેપૂરા મંડળનું પરિભ્રમણ કરી શકાય છે, તેમાં ઓછા થાય છે આમ થવાથી સંપૂર્ણ જગતમાં પ્રસિદ્ધ પ્રતિનિયત દિવસરાત્રીના પરિભ્રમણમાં વ્યાઘાતનો પ્રસંગ ઉપસ્થિત થઈ જાય છે, **(तेसिं णं अयं दोसे)** તેના ઉક્ત પ્રકારના કથનમાં આ પ્રત્યક્ષ દોષ આવી જાય છે. તેથી જ કહેલ છે કે-**(पुरओ अच्छमाणे मंडलकालं परिहवेइ तेसीणं अयं दोसे)** બીજા મંડળ સુધી ગયા વિના જ મંડળકાળ એટલે કે મંડળનો ભોગકાળ ન્યૂન થઈ જાય છે, તેના કહેવામાં

આ પ્રત્યક્ષ દોષ દેખાય છે.

(तत्थ जे ते एवमाहंसु) મંડળના પરિભ્રમણના ભોગકાળના નિર્ણય કરવામાં જે બીજો તીર્થાન્તરીય આ નીચે કહેવામાં આવનારા પ્રકારથી પોતાના મતને પ્રદર્શિત કરે છે. જેમ કે-(ता मंडलाओ मडलं संकममाणे सूरिए कण्णकलं णिवेढेइ तेसिं णं अयं विसेसे) એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાથી છોડે છે, એના કથનમાં આ નીચે કહેવામાં આવનાર પ્રકારની વિશેષતા છે, કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ કહે છે કે એ બીજા પરતીર્થિકના મતને સાંભળો. તે બીજો મતવાદી કહે છે કે-એક મંડળથી બીજા મંડળમાં ગમન કરવાની ઇચ્છાવાળો સૂર્ય એટલે કે સદાવસ્થાયી તેજ પુંજરૂપ ગ્રહ વિશેષ કર્ણકળા એટલે કે કર્ણ ગતિથી છેડાના એક ભાગરૂપથી મંડળને છોડે છે, આ બીજા મતવાદીના કથનમાં આ કથ્યમાન વિશેષ પ્રકારનો ગુણ છે, જે આ પ્રમાણે છે, (ता जेणंतरेणं मंडलाओ मंडलं संकममाणे सूरिए कण्णकलं णिवेढेइ एवइयं च अद्धं पुरओ गच्छइ) જે અંતરથી એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાથી છોડે છે, એટલા પ્રમાણની અદ્ધા આગળ જાય છે. કહેવાનો ભાવ એ છે કે-બીજા મતવાળાના કથનમાં શું ગુણ છે, તે બતાવતા ભગવાન્ કહે છે કે-જેટલા અંતરથી એટલે કે જેટલા અંતરાલથી એક મંડળથી બીજા મંડલાન્તરમાં સંક્રમણ કરવાની ઇચ્છાવાળો સૂર્ય કર્ણકલા એટલે કે પોતે વ્યાપ્ત કરેલ મંડળને છોડે છે. એટલા પ્રમાણ વાળું અંતરકાળના પરિભ્રમણ રૂપ અદ્ધા આગળ જાય છે. અર્થાત્ બીજા મંડળના અંત સુધી જાય છે, અર્થાત્ અધિકૃત મંડળ કર્ણકળાથી છોડે છે. તેથી અપાન્તરાલમાં જવાનો કાળ અધિકૃત મંડળમાં રહેલ અહોરાત્રમાં અંતર્ભૂત થઈ જાય છે, તેમ થવાથી બીજા મંડળમાં સંક્રાન્ત થઈને તેમાં રહેલ કાળ જરા પણ ન્યૂન થતો નથી જેટલા કાળમાં અપાન્તરાલમાં ગમન થાય છે, એટલા કાળમાં આગળ જાય છે. આનાથી શું થાય છે? તે કહે છે, (पुरओ गच्छमाणे मंडलकालं ण परिहवेइ तेसिं णं अयं विसेसे) આગળ જતો સૂર્ય

મંડળ કાળને ન્યૂન કરતો નથી. એના મતમાં વિશેષપણું છે. અર્થાત્ બીજા મંડળ પર્યન્તમાં પરિભ્રમણ કરતો સૂર્ય મંડળના ભોગ પરિમાણને કમ કરતો નથી. કહેવાનો ભાવ એ છે કે-જેટલા કાળમાં તે મંડળ પરિભ્રમણની સમાપ્તિ થાય છે એટલા કાળમાં જ એ મંડળ પરિપૂર્ણ સમાપ્ત કરવામાં આવે છે, થોડો પણ મંડળકાળ ન્યૂન થતો નથી. તેથી સકલ જગત્પ્રસિદ્ધ પ્રતિનિયત રાત્રિના પરિમાણમાં કોઈ પણ વ્યાઘાતનો પ્રસંગ આવતો નથી. પૂર્વોક્ત બીજા મતવાદીના મતમાં આજ વિશેષતા છે, એટલે આજ મત ઉચિત અને જ્ઞાતવ્ય પણ છે. તેના શિવાયનો મત ગ્રાહ્ય નથી. તે બતાવતાં કહે છે, (तत्थ जे ते एवमाहंसु मंडलाओ मंडलं संकममाणे सूरिए कण्णकलं णिव्वेढेइ एएणं नएणं णेयव्वं णो चेवणं इतरेणं) તેમાં જે આ પ્રમાણે કહે છે કે--એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાથી છોડે છે, આ નયથી ગતિ જાણવી અન્ય રીતે નહીં.

કહેવાનો ભાવ એ છે કે-મંડળના સંક્રમણની ગતિ કાળના મતભેદમાં જે વાદી એ ઉપરોક્ત પ્રકારથી પોતાનો મત પ્રગટ કરે છે. એટલે કે એક મંડળમાંથી બીજા મંડળમાં ગમન કરવાની ઇચ્છાવાળો સૂર્ય કર્ણકળા એટલે કે છેડાના એક ભાગને છોડે છે. અર્થાત્ વ્યાપ્ત કરેલ મંડળને કર્ણકલાથી ન્યૂન કરે છે, જે આ પ્રમાણે કહ્યું છે એ તથ્ય છે. આ પ્રતિપાદન કરેલ નયથી એટલે કે અભિપ્રાયથી મારા મતથી પણ એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ ઇષ્ટ નથી. અર્થાત્ મંડળથી મંડલાન્તરમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાથી મંડલાન્તરને છોડે છે. એ પ્રમાણે જે કહ્યું છે એજ મત સમ્યક્ પ્રકારનો છે. એ પ્રમાણે મારો મત છે. જેથી એજ મત સ્વીકાર્ય છે. કારણ કે એ કથનમાં લેશ પણ દોષ આવતો નથી, બીજો કોઈ નય અર્થાત્ અભિપ્રાય સ્વીકારવા લાયક નથી. કારણ કે તેમાં અનેક પ્રકારના દોષો દેખાય છે. આ પ્રમાણે આ ભગવાનના કથનનો સારાંશ છે. ॥ સૂ૦ ૨૨ ॥

બીજા પ્રાભૃતનું બીજુ પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૨-૨ ॥

## બીજા પ્રાભૃતનું ત્રીજું પ્રાભૃત પ્રાભૃત

ટીકાર્થ :-વીસ પ્રાભૃતોમાં આ બીજું પ્રાભૃત ચાલી રહેલ છે. આ બીજા પ્રાભૃતમાં ત્રણ પ્રાભૃતપ્રાભૃતો છે, તે પૈકી બે પ્રાભૃતપ્રાભૃતો કહેવાઈ ગયા છે. હવે આ બીજા પ્રાભૃતનું ત્રીજું પ્રાભૃતપ્રાભૃત કહેવામાં આવે છે, (णिक्खममाणे सिग्घगई पविसंते मंदगई चुलसीइ-सयं पुरिसाणं तेसिं च पडिवत्तीओ) પ્રત્યેક મંડળમાં ગતિના સંબંધમાં પ્રશ્ન સૂત્ર કહે છે, (ता केवइयं खेत्तं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ आहितातिं वएज्जा) હે ભગવન્ કેટલા ક્ષેત્રમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરતો કહેલ છે? તે કહો શ્રી ગૌતમસ્વામી કહે છે કે-હે ભગવન્ બીજા ઘણા વિષયોના સંબંધમાં પૂછવાનું છે પણ અત્યારે એજ પૂછું છું કે-હે ભગવન્ આપના મતથી કેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં પ્રકાશક ગૃહ સૂર્ય એક એક મુહૂર્તમાં ગતિ કરે છે? આ પ્રમાણે સુશિષ્ય એવા શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન્

આ વિષયના સંબંધમાં પરતીર્થિકોના મિથ્યાભાવોના ઉપદર્શન રૂપ પ્રતિપત્તિયોને બતાવતાં કહે છે-(तत्थ खलु इमाओ चत्तारि पडिवत्तिओ) આ વિષયના સંબંધમાં ચાર પ્રતિપત્તિયો કહેવામાં આવેલ છે. ભગવાન્ શ્રી ગૌતમસ્વામીને તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે-હે ગૌતમ! આ મુહૂર્ત ગતિ પરિમાણના સંબંધમાં આ કહેવામાં આવનાર સ્વરૂપવાળી ચાર પ્રત્તિપત્તિયો એટલે કે પરમતવાદીયોની માન્યતા રૂપ મતાન્તરો કહેલ છે. તે આ પ્રમાણે છે.-(तत्थ एगे एवमाहंसु) ૧ એ ચાર પરમતવાદિયોમાં પહેલો તીર્થાન્તરીય આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો મત દર્શાવે છે. જે પ્રમાણે છે-(ता छ छ जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ) સૂર્ય એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજનમાં ગમન કરે છે. અર્થાત્ પહેલા અન્ય મતવાદિનો મત સાંભળો હે ગૌતમ! એ પહેલા તીર્થાન્ત-રીયના મતથી પરિભ્રમણ કરતો સૂર્ય એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજન પરિભ્રમણ કરે છે. (एगे एवमाहंसु) પહેલો તીર્થાન્તરીય પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું સમર્થન કરે છે. ॥૧॥

(एगे पुण एव·माहंसु) બીજો કોઈ એક નીચે જણાવેલ પ્રકારથી પોતાના મતના સંબંધમાં કહે છે, જે આ પ્રમાણે છે. (ता पंच पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ) પાંચ પાંચ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે, અર્થાત્ બીજો અન્યતીર્થિક કહે છે-કે પરિભ્રમણ કરતો સૂર્ય દરેક મંડળમાં પાંચ પાંચ હજાર યોજન એક એક મુહૂર્તમાં ગમન કરે છે. (एगे एवमाहंसु) કોઇ એક બીજો પરમતવાદી આ પૂર્વોક્ત પ્રકારથી કહે છે. ॥૨॥

(एगे पुण एवमाहंसु) ૩ ત્રીજો પરમતવાદી આ નીચે જણાવેલ પ્રકારથી પોતાના મતના વિષયમાં કહે છે. જેમ કે-(ता चत्तारि चत्तारि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ) ચાર ચાર હજાર યોજન સૂર્ય એક એક એક મુહૂર્તમાં જાય છે. અર્થાત્ ત્રીજો મતવાદી કહે છે કે-પોતપોતાની કક્ષામાં ભ્રમણ કરતો સૂર્ય ચાર ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં અર્થાત્ પ્રત્યેક મુહૂર્તમાં ભ્રમણ કરે છે. (एगे एवमाहंसु) આ પ્રમાણે ત્રીજો મતવાદી પોતાનો મત પ્રદર્શિત કરે છે. ॥૩॥

(एगे पुण एवमाहंसु) ૪ કોઈ એક ચોથો મતવાદી ત્રણે પરતીર્થિકોના મતને સાંભળીને વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો મત દર્શાવેલ છે. તેનો મત આપ્રમાણે છે.-'तत्थ छवि पंच वि चत्तारि वि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ' ચોથો તીર્થાન્તરીય તો છ, પાંચ, અથવા ચાર, હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે. અર્થાત્ ચોથો મતવાદી કહે છે કે-છ પાંચ ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે. આ પ્રકારની મધ્યમ ગતિથી સૂર્ય પ્રત્યેક મંડળમાં પરિભ્રમણ કરે છે. આ રીતનું ચોથા મતવાદી નું કથન છે. ॥૪॥

પૂર્વોક્ત પ્રકારથી ચારે મતવાદિયોના મતાન્તરોને સંક્ષેપથી બતાવીને હવે આ પ્રતિ-પત્તિયોની ભાવનિકા કહે છે-'तत्थ जे ते एवमाहंसु ता छ छ जोयणसहस्साइं सूरिए एगमे-

गेणं मुहुत्तेणं गच्छइ ते एवमाहंसु' આ ચારે મતવાદીયોમાં જે આ પ્રમાણે કહે છે કે-છ, છ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં જાય છે, તેમના કહેવાનો અભિપ્રાય એ છે કે-મુહૂર્તમાં સંચરણ ના સંબંધમાં જે વાદી હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી સ્વમત ને કહે છે કે-છ, છ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં અર્થાત્ દરેક મુહૂર્તમાં જાય છે. તે આ પ્રમાણે કહે છે-'जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्त उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ' જ્યારે સૂર્યસર્વાભ્યન્તર મંડળમાં જઈને ગમન કરે છે ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કર્ષક અઢારમુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્યા બારમુહૂર્તની રાત્રી હોય છે, આ કથનનો સારાંશ આ છે કે જ્યારે સદાવસ્થાયી પ્રકાશકગ્રહ વિશેષ સૂર્ય એકસો ચોર્યાશી મંડળોમાં સર્વાભ્યન્તર મંડળમાંથી ઉપસંક્રમણકરીને અર્થાત જઇને ગતિ કરે છે. એટલે કે એ મંડળમાં પરિભ્રમણ કરે છે ત્યારે તે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત થાય છે. એટલે કે ઉત્તર દિશામાં જાય છે. અર્થાત્ મિથુન સંક્રાન્તિના અંતમાં હોય છે. અતઃ ઉત્કર્ષક અઢારમુહૂર્તનો દિવસ હોય છે. બે ઘડિનું એક મુહૂર્ત આ પરિભાષાથી છત્રીસઘડિના પ્રમાણ વાળો દિવસ હોય છે. તથા જઘન્યા અર્થાત્ સૌથી નાની ચોવીસ ઘડી તુલ્ય બારમુહૂર્તની રાત્રી હોય છે. 'तेसिं च णं दिवसंसि एगं जोयणसयसहस्साइं अट्ठ य जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते' એ દિવસોમાં એક લાખ આઠ હજાર યોજન પ્રમાણનું તાપક્ષેત્ર હોય છે. કહેવાનો ભાવ એ છે કે-સર્વાભ્યન્તર મંડળના સંચરણ સમયમાં એક લાખ આઠ હજાર યોજન ૧૦૮૦૦૦। પ્રમાણનું તાપક્ષેત્ર કહેલ છે. આ કથનની ભાવના આરીતે કરવાની છે.-સર્વાભ્યન્તર મંડળના સંચરણ સમયમાં ઉદયમાન સૂર્ય દિવસના અર્ધાભાગમાં જેટલા પ્રમાણ વાળા ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે એટલા પ્રમાણ ના ક્ષેત્રમાં વ્યવસ્થિત થઈને દૃષ્ટિગોચર થાય છે. અને એટલા

પ્રમાણનું આગળ તાપક્ષેત્ર એટલેકે પ્રકાશક્ષેત્ર હોય છે. તથા જેટલું તાપક્ષેત્ર આગળ હોય છે. એટલું જ તાપક્ષેત્ર પાછળના ભાગમાં પણ હોય છે. જે પ્રમાણે સૂર્ય ઉદયમાન થાય છે એજ રીતે અસ્તમાન સૂર્ય પણ દિવસના અર્ધાભાગમાં જેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં વ્યાપ્ત હોય છે. એટલા પ્રમાણમાં વ્યવસ્થિત રીતે નેત્રથી દેખવામાં આવે છે. આ તમામ પ્રાણિગમ્ય હોય છે. એ સુપ્રસિદ્ધ જ છે. તથા સર્વાભ્યન્તર મંડળના સંચરણ દિવસમાં દિવસનું અર્ધા ૯ નવ મુહૂર્ત થાય છે. સંપૂર્ણ દિવસનું પરિમાણ અઢાર મુહૂર્તનું હોય છે. અઢાર મુહૂર્તમાં જેટલા ક્ષેત્રમાં જાય એટલા પ્રમાણનું તાપક્ષેત્ર હોય છે, એ ૧૦૮૦૦૦ એક લાખ આઠ હજારનું તાપક્ષેત્ર કહેલ છે. તેથી ૭ હજાર યોજનોને અઢારથી ગુણવામાં આવે તો એક લાખ આઠ હજાર યોજનનું પ્રમાણ નીકળી આવે છે. જો એક મુહૂર્તમાં ૭ હજાર યોજન પરિમાણનું તાપક્ષેત્ર હોય તો અઢાર મુહૂર્તમાં કેટલા પ્રમાણનુ તાપક્ષેત્ર હોઈ શકે તે બતાવવામાં આવે છે. ૬૦૦૦+૧૮–૧૦૮૦૦૦। એક લાખ આઠ હજાર યોજનનું પ્રમાણ મળી જાય છે. આરીતે અન્ય સ્થળે પણ એ એ મંડળના દિવસનું પરિમાણ અને પ્રતિમુહૂર્તગતિનું પરિમાણ વિચારકરીને ત્રૈરાશિક પદ્ધતિ પ્રમાણે તાપક્ષેત્રના પરિમાણની ભાવના કરીને સમજી લેવું.

હવે બીજીરીતે આ કથનનો સમન્વય કરવામાં આવે છે–(ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहण्णिया दुवालसमुहुत्ते दिवसे भवइ) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ગમન કરે છે ત્યારે ઉત્કૃષ્ટતાવાળી અઢારમુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. અર્થાત્ જ્યારે સૂર્ય એકસોચોર્યાશી મંડળોમાંના સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ ત્યાં જઈને ગતિ કરે છે એટલે કે એમંડળમાં પરિભ્રમણ કરે છે ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ ધનસંક્રાન્તિના અંતભાગમાં ઉત્કૃષ્ટતાવાળી એટલે કે સૌથી મોટી અઢાર મુહૂર્ત પ્રમાણવાળી રાત્રી હોય છે અને જઘન્ય એટલે કે નાનામાં નાનો બાર મુહૂર્તપ્રમાણ વાળો

દિવસ હોય છે. અર્થાત્ સર્વબાહ્યમંડળના પરિભ્રમણ કાળમાં બાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ થાય છે. અને અઢારમુહૂર્ત પ્રમાણ વાળી રાત્રી હોય છે. (तेसिं च णं दिवसंसि बावत्तरिं जोयणसयसहस्साइं तावक्खेत्ते पण्णत्ते तया णं छ छ जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ) એ દિવસમાં બોંતેર હજાર ૭૨૦૦૦। યોજન પ્રમાણનું તાપક્ષેત્ર કહેલ છે. ત્યારે સૂર્ય એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજન જાય છે. અર્થાત્ સર્વબાહ્યમંડળના પરિભ્રમણ કાળમાં સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થતા. ક્ષેત્રનું પરિમાણ બોંતેર હજાર ૭૨૦૦૦। યોજન પ્રમાણનુ સંપૂર્ણ તાપક્ષેત્ર કહેલ છે. ત્યારે સૂર્ય એક એક મુહૂર્તમાં છ-છ-હજાર યોજન સુધી ગમન કરે છે. તે આરીતે સમજવાનું છે. જેમ કે સર્વબાહ્યમંડળના પરિભ્રમણ દિવસમાં બાર મુહૂર્તનો દિવસ હોય છે. દરેક મુહૂર્તમાં સૂર્ય છ-છ હજાર યોજન જાય છે. તેથી અહીયાં પણ ત્રૈરાશિક ગણિત થી ગણવાથી બોંતેર હજાર યોજન પરિમાણ મળી આવે છે. જેમકે-૬૦૦૦+૧૨=૭૨૦૦૦। આ રીતે પ્રકાશક્ષેત્રનું પરિમાણ સર્વથા બરોબર થઈ જાય છે. આરીતે સર્વાભ્યંતર અને સર્વબાહ્યમંડળનું યથોક્ત તાપક્ષેત્રનું પરિમાણ મળીજાય છે. ॥૧॥

હવે બીજા પરમતવાદીના મતના વિષયમાં ભગવાન્ કહે છે-(तत्थ जे ते एवमाहंसु ता पंच पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ ते एवमाहंसु ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तहेव दिवसराइप्पमाणं तंसि च णं तावक्खेत्तं णउइ जोयणसहस्साइं) એ અન્યતીર્થિકોમાં જે એવીરીતે કહે છે કે-સૂર્ય એક એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજન ગમન કરે છે. તેમનું કહેવું આરીતે છે-જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર-મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે તે વખતે રાત્રિદિવસનું પ્રમાણ એજ પ્રકારનું છે. અર્થાત્ એ વખતે તાપક્ષેત્રનુ પ્રમાણ નેવું હજાર યોજનનું છે. કહેવાનો ભાવ એ છે કે-એક મુહૂર્તના પરિભ્રમણના વિચારમાં જે પરમતવાદી હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતનું સમર્થન કરતાં કહે છે કે-મંડળમાં પરિભ્રમણ કરતો સૂર્ય એક એક

મુહૂર્તમાં પ્રતિમુહૂર્તગતિથી પાંચ પાંચ હજાર યોજન જાય છે. તેના કહેવાનો ભાવ એ છે કે-જે દિવસે સૂર્ય સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણુ કરીને યાને એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. એટલે કે મંડળમાં પરિભ્રમણુ કરે છે. ત્યારે રાતદિવસનુ પરિમાણુ એજ પ્રમાણેનું થાય છે. અર્થાત્ ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત પરમ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ હોય છે. અને બારમુહૂર્ત પ્રમાણુવાળી જઘન્યા એટલે કે નાનામાં નાની રાત્રી હોય છે એ સર્વાભ્યંતર મંડળના પરિભ્રમણુ કાળમાં તાપક્ષેત્રનું પરિમાણુ નેવું હજાર ૯૦૦૦૦ યોજનનું હોય છે. અહીંયા પણુ પૂર્વોક્ત યુક્તિ અનુસાર એટલા પ્રમાણનું એટલે કે ૯૦૦૦૦ા નેવું હજાર યોજન પ્રમાણુનું તાપક્ષેત્ર અઢારમુહૂર્ત પ્રમાણુના દિવસમાં હોય છે. અતઃ ત્રૈરાશિક ગણુત્રી પ્રમાણે સૂર્ય એક એક મુહૂર્તમાં પાંચ હજાર યોજન ગમન કરે છે. પાંચ હજાર યોજનને અઢારથી ગુણવાથી નેવું હજાર યોજન જ થાય છે, જો એક મુહૂર્તમાં સૂર્ય પાંચ હજાર યોજન ગમન કરે છે. તો અઢાર મુહૂર્તમાં કેટલાં યોજન ગમન કરે? ૫૦૦૦+૧૮=૯૦૦૦૦ તો આ રીતે નેવું હજાર યોજનની ઉપપત્તિ થઈ જાય છે.

(ता जया णं सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं तं चेव राइंदियप्पमाणं तंसि च णं दिवसंसि सट्ठिं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते तया णं पंच पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણુ કરીને ગતિ કરે છે, એ સમયે રાતદિવસનું પ્રમાણુ એ જ પ્રમાણે થાય છે. એ દિવસમાં ૬૦,૦૦૦ સાઠ હજાર યોજનનું તાપક્ષેત્ર હોય છે. ત્યારે પાંચ પાંચ હજાર યોજનમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે. કહેવાનો ભાવ એ છે કે–બીજા પરમતવાદીના મતનો સારાંશ આ પ્રમાણે છે–જે દિવસે સૂર્ય એકસો ચોરાશી મંડળોમાં ભ્રમણુ કરતા કરતા સર્વબાહ્ય-મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે એ દિવસમાં રાતદિવસનું પ્રમાણુ પૂર્વ કથનાનુ-સાર જ હોય છે. અર્થાત્ ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ઠ અઢાર મુહૂર્તપ્રમાણુવાળી રાત હોય છે, અને જઘન્ય બાર મુહૂર્તપ્રમાણુવાળા દિવસમાં ૬૦,૦૦૦ સાઠ હજાર યોજનનું સૂર્યનું તાપક્ષેત્ર એટલે કે પ્રકાશક્ષેત્ર કહેલ છે, પૂર્વ કથિત યુક્તિ પ્રમાણે બાર મુહૂર્તમાં જવાના પ્રમાણુવાળું તાપક્ષેત્ર એક એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજનનું હોય છે. જેમ કે–પાંચ હજાર યોજનને બારથી ગુણવાથી સાઠ હજાર યોજન થઇ જાય છે. અહીંયાં પણુ પૂર્વકથન પ્રમાણે અનુપાત સમજવો. જેમ કે-એક મુહૂર્તમાં સૂર્ય જો પાંચ હજાર યોજન જાય તો બાર મુહૂર્તના દિવસપ્રમાણુથી કેટલા યોજન ગમન કરે તો ૫૦૦૦×૧૨=૬૦,૦૦૦ આ રીતે સાઇઠ હજાર યોજન લબ્ધ થાય છે. આ ઉપપત્તિથી સૂર્ય એક એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજન ગમન કરે છે. આ પ્રમાણે બીજા પરતીર્થિકે કહેલ છે. સર્વાભ્યન્તર મંડળના ગમનકાળમાં અને સર્વબાહ્યમંડળના ગમનકાળમાં પાંચ પાંચ હજાર યોજન એક

એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે. તેથી સર્વાભ્યન્તર અને સર્વબાહ્યમંડળમાં યથોક્ત પ્રમાણવાળું તાપક્ષેત્રનું પરિમાણ સમ્યક્ પ્રકારથી સિદ્ધ થાય છે. આ પ્રમાણે બીજા મતવાદીના કથનનો સારાંશ છે. ॥૨॥

(तत्थ जे ते एवमाहंसु ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं दिवसराई तहेव, तंसि च णं दिवसंसि बावत्तरिं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं राइंदियं तहेव, तंसिच णं दिवसंसि अडतालीसं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते, तया णं चत्तारि चत्तारि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ) એમાં જે એવું કહે છે કે-જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે રાતદિવસનું પ્રમાણ એજ પ્રમાણે છે. એ દિવસમાં બોંત્તેર હજાર યોજન પ્રમાણવાળું તાપક્ષેત્ર થાય છે. તથા જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે રાતદિવસનું પ્રમાણ એજ પ્રમાણે કહેલ છે. એ દિવસમાં અડતાલીસ હજાર યોજન પ્રમાણવાળું તાપક્ષેત્ર કહેલ છે. એ સમયે સૂર્ય ચાર ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં ગમન કરે છે.

આ મુહૂર્તગતિસંચારના સંબંધમાં જે પરતીર્થિક આ હવે પછી કહેવામાંઆવનાર પ્રકારથી પોતાના મતને પ્રગટ કરે છે, કે-જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ ત્યાં ભ્રમણ કરે છે ત્યારે રાતદિવસનું પ્રમાણ એજ પ્રમાણે અર્થાત્ ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત પરમઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ હોય છે તથા સર્વજઘન્યા બાર મુહૂર્તની રાત્રી થાય છે. સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં જાય ત્યારે અઢાર મુહૂર્ત પ્રમાણવાળા દિવસમાં સૂર્યનું તાપક્ષેત્ર એટલે કે પ્રકાશ ક્ષેત્ર બોંતેર હજાર ૭૨૦૦૦ યોજનનું હોય છે. જેના મતથી સૂર્ય એક એક મુહૂર્તમાં ચાર ચાર હજાર યોજન ગમન કરે છે, તેમના મતથી પહેલાં કહેલ યુક્તિ અનુસાર સર્વાભ્યન્તરમંડમાં તાપક્ષેત્રનું પરિમાણ

અઢાર મુહૂર્તના પ્રમાણ બરોબર સમજવું કારણ કે-ઉત્કૃષ્ટ દિનમાન અઢાર મુહૂર્તનું હોવાથી આ કથન પ્રમાણે ચાર હજાર યોજનને અઢારથી ગુણવાથી બોંતેર હજાર થઈ જાય છે, સૂર્ય એક મુહૂર્તમાં ચાર હજાર યોજન ગમન કરે તો અઢાર મુહૂર્તમાં કેટલું ગમન કરે? આનો ઉત્તર એજ છે કે-બોંતેર હજાર યોજન થાય છે. જેમ કે-૪૦૦૦+૧૮=૭૨૦૦૦ તથા જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે રાત્રિદિવસનું પરિમાણ પૂર્વ કથનાનુસાર જ છે, અર્થાત્ ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત પરમઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. અને સર્વજઘન્ય બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ થાય છે, તથા સર્વબાહ્યમંડળમાં સૂર્યના પરિભ્રમણ કાળમાં બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ થવાથી અડતાલીસ હજાર ૪૮૦૦૦ યોજન પરિમિત તાપક્ષેત્ર થાય છે, તેથી અહીંયાં પણ બાર મુહૂર્ત ગમ્ય તાપક્ષેત્ર આ પ્રમાણે કહેલ છે-જે એક મુહૂર્તમાં ચાર હજાર યોજન સૂર્ય જાય તો બાર મુહૂર્તમાં કેટલું જઈ શકે? આ પ્રમાણેની જીજ્ઞાસામાં ચાર હજાર યોજનને બારથી ગુણવાથી અડતાલીસ હજાર યોજન થઈ જાય છે, જેમ કે-૪૦૦૦×૧૨=૪૮૦૦૦ આ પ્રમાણેની ભાવના કરીને સમજી લેવી, (तयाणं) ઇત્યાદિ ત્યારે એટલે કે સર્વાભ્યન્તરમંડળના ગમનકાળમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ચાર ચાર હજાર યોજન ગમન કરે છે આ ગતિપ્રમાણથી સર્વાભ્યન્તર અને સર્વબાહ્યમંડળમાં પૂર્વ કથન પ્રમાણે તાપક્ષેત્રનું પરિમાણ થઇ જાય છે. આ પ્રમાણે ત્રીજા પરમતવાદીના કથનનો સારાંશ થાય છે. ॥૩॥

(तत्थ जे ते एवमाहंसु छवि पंच वि चत्तारि वि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ ते एवमाहंसु) એમાં જેઓ એમ કહે છે કે-છ, પાંચ અગર ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે.

કહેવાનો ભાવ એ છે કે-એક એક મુહૂર્તના સંચરણ સંબંધમાં જે પરમતવાદી હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાનો મત પ્રગટ કરે છે જેમ કે-છ હજાર પાંચ હજાર

યોજન અથવા ચાર હજાર યોજન સૂર્ય કાળભેદથી અને સ્થાન ભેદથી એક એક મુહૂર્તમાં ગમન કરે છે. એ વાદી નીચે જણાવેલ પ્રકારથી પોતાનો મત પ્રગટ કરે છે. જેમ કે-(ता सूरिए णं उग्गमणमुहुत्तंसि य अत्थमणमुहुत्तंसि सिग्घगई भवइ, तया णं छ, छ जोयणसहस्साइं एगमेगेणं मुहुत्तेणं गच्छइ) સૂર્ય ઉદય કાળના મુહૂર્તમાં અને અસ્તમનકાળના મુહૂર્તમાં શીઘ્રગતિવાળા હોય છે. ત્યારે એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજન પ્રમાણુ ગમન કરે છે, ચોથો મતવાદી સૂર્યની ગતિના સંબંધમાં આ રીતે પ્રરૂપણા કરે છે, ઉદય કાળમાં અને અસ્તના સમયસૂર્યમાં શીઘ્રગતિ શીલ હોય છે. તેથી ઉદયકાળમાં અને અસ્તના સમયમાં એક એક મુહૂર્તમાં છ છ હજાર યોજન જાય છે. તે પછી (मज्झिमतावक्खेत्तं समासादेमाणे समासादेमाणे सूरिए मज्झिमगई भवई, तया णं पंच पंच जोयणसहस्साइं एगमेगे णं मुहुत्तेणं गच्छइ) વચલા તાપક્ષેત્રને પ્રાપ્ત કરીને સૂર્ય મધ્યમ ગતિવાળો થાય છે. ત્યારે એક એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજન ગમન કરે છે. અર્થાત્ એક મુહૂર્તમાં જવા યોગ્ય સર્વાભ્યન્તર મંડળના તાપક્ષેત્રને છોડીને બાકીના તાપક્ષેત્રના પરિભ્રમણુ કાળમાં એટલે કે મધ્યના તાપક્ષેત્રના પરિભ્રમણુ સમયમાં મધ્ય તાપક્ષેત્રને પ્રાપ્ત કરીને સૂર્ય મધ્ય ગતિવાળો થાય છે. અર્થાત્ મધ્ય ગતિથી પરિભ્રમણુ કરે છે. મધ્યમચારથી ગમન કરવાના સમયે સૂર્ય પાંચ પાંચ હજાર યોજન એક એક મુહૂર્તમાં ગમન કરે છે.

(मज्झिमं तावक्खेत्तं संपत्ते सूरिए मंदगई भवइ तया णं चत्तारि चत्तारि जोयणसहस्साइं एगमेगेणं मुहुत्तणं गच्छइ) મધ્યમ તાપક્ષેત્રને પ્રાપ્ત કરીને સૂર્ય મંદગતિવાળો થઇ જાય છે. ત્યારે એક એક મુહૂર્તમાં ચાર ચાર હજાર યોજન ગમન કરે છે. અર્થાત્ મુહૂર્ત માત્રમાં જઇ શકાતા સર્વાભ્યન્તરમંડળના મધ્યના સમીપવર્તી ક્ષેત્રને પ્રાપ્ત કરીને એ સમયે એ ક્ષેત્રમાં ભ્રમણુ કરતો સૂર્ય મંદગતિવાળો થાય છે. તેથી મધ્ય આકાશ હોવાથી મંદગતિથી ગમન

કરે છે, એ મધ્યાહ્નકાળમાં સૂર્ય મંદગતિવાળો હોવાથી ચાર ચાર હજાર યોજન ૪૦૦૦ એક એક મુહૂર્તમાં પ્રતિમુહૂર્ત ગતિથી જાય છે.

આ કથનને સ્પષ્ટતાથી સમજવા માટે પ્રશ્ન કરતાં શિષ્ય એવા ગૌતમસ્વામી કહે છે કે-(तत्थ कोहेऊत्ति वएज्जा) હે ભગવન્ આ પ્રમાણેની વસ્તુતત્વની વ્યવસ્થા થવામાં શું કારણ છે? શું ઉપપત્તિ છે? તે આપ કહો આ પ્રમાણે શિષ્યે પ્રશ્ન કરવાથી તેના પ્રત્યુત્તર નિમિત્તે ભગવાન્ કહે છે-(ता जया णं जंबुद्दीवे दीवे जाव परिक्खेवेणं) આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે. કહેવાનો ભાવ એ છે કે-વિનયવાન અને શાસ્ત્રજીજ્ઞાસામાં આસક્ત સુબુદ્ધિમાન્ સત્‌શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે કે-તમે સાવધાન થઈને સાંભળો આ સમીપમાં દેખાતો જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. આ બધા જ દ્વીપો અને સમુદ્રોની પરિધિરૂપ છે. જંબૂદ્વીપ સંબંધી બાકીનું કથન ઔપ પાતિક સૂત્રમાંથી સમજી લેવું.

(ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं दिवसराई तहेव तस्सिं च णं दिवसंसि एक्काणउत्तिं जोयणसहस्साइं तावक्खेत्ते पण्णत्ते) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડમાં જઈને ગતિ કરે છે ત્યારે રાત્રિનું પ્રમાણ એ જ પ્રમાણે થાય છે, એ દિવસમાં ૯૧ એકાણુ હજાર યોજનનું તાપક્ષેત્ર અર્થાત્ પ્રકાશક્ષેત્ર કહેલ છે. અર્થાત્ એ જંબૂદ્વીપમાં જ્યારે સદાવસ્થાથી પ્રકાશપૂર્ણ તૈજસ ગ્રહ વિશેષ સૂર્ય એકસો ચોરાશી મંડળોમાં ભ્રમણ કરીને જ્યારે સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડળને પ્રાપ્ત કરીને એ મંડળમાં પરિભ્રમણ કરે છે ત્યારે રાત દિવસનું પ્રમાણ પહેલા કહ્યા પ્રમાણેનું જ છે. અર્થાત્ ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત અઢાર મુહૂર્ત પ્રમાણવાળા દિવસમાં ૯૧૦૦૦ એકાણું હજાર યોજન પ્રમાણવાળું સૂર્યનું તાપક્ષેત્ર કહેલ છે. તે પ્રમાણ આ રીતે થાય છે-ઉદયકાળના સમયમાં અને અસ્તકાળના સમયમાં ૭, ૭ હજાર યોજન સુધી સૂર્ય ગમન કરે છે. એ બેઉ સમયના યોજનોને મેળવવાથી ૧૨૦૦૦ બાર હજાર યોજન થઈ જાય છે, એક મુહૂર્તમાં જવાના સર્વાભ્યંતરમંડળના તાપક્ષેત્રને છોડીને બાકીના મધ્યના તાપક્ષેત્રમાં કે જે પંદર મુહૂર્તપ્રમાણવાળું છે. ત્યાં સૂર્ય એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજન ગમન કરે છે, એ પાંચ હજાર યોજનોને પંદરથી ગુણવાથી પંચોતેર હજાર યોજન થાય છે. જેમ કે-૫૦૦૦+૧૫=૭૫૦૦૦ સર્વાભ્યંતરના એક મુહૂર્તમાં ચાર ચાર હજાર યોજનના તાપક્ષેત્રના પ્રમાણથી ૪૦૦૦ ચાર હજાર યોજન થઈ જાય છે, આ બધાને મેળવવાથી ૧૨૦૦૦+૭૫૦૦૦×૪૦૦૦=૯૧૦૦૦ અકાણુ હજાર યોજન થઈ જાય, બીજી રીતે તે ઘટિત થતું નથી. આ તમામ ગણિત પ્રક્રિયાથી જ ગમ્ય છે.

(ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं राइंदियं तहेव

तस्सिं च णं दिवसंसि एगट्ठिजोयणसहस्साहिं तावक्खेत्ते पण्णत्ते) જ્યારે સૂર્ય સર્વબાહ્ય-મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે રાત્રિ દિવસનું પ્રમાણ એ જ પ્રમાણેનું હોય છે, એ દિવસમાં એકસઠ હજાર .યોજનનું તાપક્ષેત્ર કહેલ છે કહેવાનો ભાવ એ છે કે-મુહૂર્તના સંચરણના સંબંધમાં જ્યારે સૂર્ય એકસો ચોર્યાશી મંડળોમાં પરિભ્રમણ કરતો કરતો સર્વબાહ્યમંડળને પ્રાપ્ત કરીતે એ સર્વબાહ્યમંડસમાં પરિભ્રમણ કરે છે, એ સમયે પણ રાત દિવસનું પ્રમાણ પહેલા કહ્યા પ્રમાણેનું જ છે. અર્થાત્ ત્યાં ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત પરમપ્રકર્ષિકા અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, અને સર્વજઘન્ય બાર મુહૂર્તપ્રમાણ વાળો દિવસ હોય છે, જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ગમન કરતો હોય છે, ત્યારે બાર મુહૂર્તપ્રમાણવાળા દિવસમાં સૂર્યનું તાપક્ષેત્ર ૬૧૦૦૦ એકસઠ હજાર યોજનનું હોય છે. અહીંયાં પણ અંક સંબંધી ગણિતની પ્રક્રિયા આ પ્રમાણેની છે.-ઉદયના સમયમાં અને અસ્ત થવાના સમયમાં એક મુહૂર્તમાં છ છ હજાર યોજન ગમન કરે છે. બેઉ કાળના ગમનના યોજનો મેળવવાથી બાર હજાર યોજન થાય છે. જેમ કે-૬૦૦૦+૬૦૦૦=૧૨૦૦૦ એક મુહૂર્તમાં જવાતા સર્વબાહ્યમંડળના ક્ષેત્રને છોડીને બાકીના મધ્યના નવ મુહૂર્ત પ્રમાણવાળા તાપક્ષેત્રમાં એક એક મુહૂર્તમાં પાંચ પાંચ હજાર યોજન ગમન કરે છે, તેથી પાંચ હજાર યોજનને નવથી ગુણવાથી પિસ્તાલીસ હજાર યોજન થઈ જાય છે. ૫૦૦૦+૯ =૪૫૦૦૦ આ પ્રમાણે પિસ્તાલીસ હજાર યોજનનું તાપક્ષેત્ર સિદ્ધ થાય છે. સર્વબાહ્ય-મંડળના મુહૂર્તમાત્રમાં જવાતા તાપક્ષેત્રમાં ચાર ચાર હજાર યોજન ૪૦૦૦ ગમન કરે છે એ બધાને મેળવવાથી એકસઠ હજાર યોજન થઈ જાય છે.

જેમ કે-૧૨૦૦૦×૪૫૦૦૦+૪૦૦૦=૬૧૦૦૦ આ પ્રક્રિયા શિવાય બીજી રીતે આ પ્રમાણ સિદ્ધ થતું નથી.

(तया णं छवि पंच वि चत्तारि वि जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ) ત્યારે છ, પાંચ ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં ગમન કરે છે. અર્થાત્ સર્વાભ્યંતર

મંડળના સંચરણ સમયમાં પહેલાં કહેલ પ્રકારથી છ હજાર પાંચ હજાર અથવા ચાર હજાર યોજન એક એક મુહૂર્તમાં સૂર્ય પ્રતિમુહૂર્તગતિથી ગમન કરે છે. હવે આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે, (एगे एवमाहंसु) કોઈ એક ચોથો મતવાદી પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતના સંબંધમાં કથન કરે છે. ॥૪॥

આ પ્રમાણે ચારે અન્યમતવાદી પરતીર્થિકોની પ્રતિપત્તિયોનું કથન કરીને હવે ભગવાન્ પોતાના મતના સંબંધમાં કથન કરે છે. (वयं पुण एवं वयामो) હું આ વિષયમાં આ પ્રમાણે કહું છું અર્થાત્ જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ છે. એવો હું કેવળજ્ઞાનથી યથાવસ્થિત વસ્તુને જાણીને આ વિષયના સંબંધમાં આ વક્ષ્યમાણ પ્રકારથી કહું છું. (ता सातिरेगाइं पंच पंच जोयणसहस्साइं सूरिए एगमेगेणं मुहुत्तेणं गच्छइ तत्थ कोहेऊत्ति वएज्जा) એ સાતિરેક પાંચ પાંચ હજાર યોજન એક એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે. તેમાં શું હેતુ છે તે કહો ! અર્થાત્ સાતિરેક અર્થાત્ કંઈક વધારે પાંચ પાંચ હજાર યોજન એટલે કે સાવયવ પાંચ હજાર યોજન એક એક મુહૂર્તમાં પ્રતિમુહૂર્ત ગતિથી સૂર્ય ગમન કરે છે, આ પ્રમાણે કહેવામાં શું હેતુ છે? શું કારણ છે? તે આપ શિષ્યોને કહો! કહેવાનો ભાવ એ છે કે કોઈ મંડળમાં કંઇ પ્રમાણ વધારે પાંચ પાંચ હજાર યોજન પર્યન્ત જાય છે. તે પછી સર્વાભ્યંતર મંડળ પ્રાપ્તિની અપેક્ષાથી સામાન્યતઃ સાતિરેક એ પ્રમાણે કહ્યું છે. આ પૂર્વોક્ત કથન પ્રમાણે ભગવાન શ્રીના કહેવાથી શ્રી ગૌતમસ્વામી પોતાના શિષ્યોને સ્પષ્ટતાથી બોધ થવાના હેતુથી પૂછે છે કે-હે ભગવન્ ! આપે પૂર્વકથિત એ રીતની વ્યવસ્થા થવામાં શું પ્રમાણ છે? તે કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી શ્રી ભગવાન્ કહે છે, (ता जया णं जंबुद्दीवे दीवे परिक्खेवेणं) આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે.

કહેવાનો ભાવ એ છે કે—શ્રી ભગવાન્ ગૌતમસ્વામીને કહે છે કે હે ગૌતમ ! સાવધાન મનવાળા થઇને સાંભળો આ સમીપમાં જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. આ જંબૂદ્વીપ બધા જ દ્વીપો અને સમુદ્રોમાં પરિધિરૂપ છે. આ જંબૂદ્વીપનો સંપૂર્ણ વર્ણન પ્રકાર

ઔપપાતિક સૂત્રમાંથી સમજી લેવો. (ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं दोण्णि य एक्कावण्णे जोयणसए एगूणतीसं च सट्ठि-भागे जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ) જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગમન કરે છે, ત્યારે પાંચ પાંચ હજાર યોજન અને બસો એકાવન યોજન તથા એક યોજનનો સાઠિયા ઓગણત્રીસમો ભાગ ૫૨૫૧ ૨૯/૬૦ આટલા પ્રમાણથી એક એક મુહૂર્તમાં ગમન કરે છે. કહેવાનો ભાવ એ છે કે–એ જંબૂદ્વીપમાં સૂર્ય જ્યારે સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. અર્થાત્ ત્યાં ભ્રમણ કરે છે. ત્યારે પાંચ હજાર બસો એકાવન તથા એક યોજનના એકસઠિયા ઓગણ-ત્રીસ ભાગ ૫૨૫૧ ૨૯/૬૦ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. આ પ્રમાણે કેવી રીતે થાય છે? તેની સ્પષ્ટતા કરતાં કહે છે–અહીંયાં બે સૂર્યો કહેલા છે. બન્ને સૂર્યો એક મંડળને એક અહોરાત્રિમા પૂર્ણ કરે છે. તથા અહોરાત્ર નક્ષત્ર સંબંધી સાઠ ઘડિ પ્રમાણનો તથા ત્રીસ મુહૂર્તાત્મક હોય છે, દરેક સૂર્ય અહોરાત્રના ગમનમાં બે અહોરાત્રથી મંડળના પરિભ્રમણથી સમાપ્ત કરે છે. તથા બે અહોરાત્રનું મુહૂર્ત પ્રમાણ ૬૦ સાઠ ઘડિનું હોય છે અતઃમંડળની પરિધિને સાઠથી ભાગ કરે તો ભાગફળ પ્રમાણનું જ દરેક મુહૂર્તગતિનું પ્રમાણ હોય છે.

સર્વાભ્યંતર મંડળમાં પરિરયનું પ્રમાણ ૩૧૫૦૮૯ ત્રણ લાખ પંદર હજાર નેવાસી થાય છે. એ ૩૧૫૦૮૯ ત્રણ લાખ પંદર હજાર નેવાસીને સાઠથી ભાગવાથી ૩૧૫૦૮૯÷૬૦=૫૨૫૧ ૨૯/૬૦ પહેલાં કહેલ પાંચ હજાર બસો એકાવન તથા એક યોજનના સાઠિયા ઓગણત્રીસ ભાગ સંગત થાય છે.

હવે આ સર્વાભ્યંતર મંડળમાં કેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં સૂર્ય વ્યવસ્થિત થઈને આ મનુષ્ય લોકમાં મનુષ્યોને દષ્ટિગોચર થાય છે. આ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થવાની સંભાવના કરીને કહે છે. (तया णं इहगयस्स मणुस्सस्स सीतालीसाए जोयणसहस्सेहिं दोहि य तेवट्ठेहिं जोयणसएहिं एगवीसाए य सट्ठिभागेहिं जोयणस्स सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ, तया णं

दिवसराइं तहेव) ત્યારે અહીંયાં રહેલા મનુષ્યોને સુડતાલીસ હજાર બસો ત્રેસઠ તથા એક યોજનના એકસઠિયા એકવીસ ભાગ પ્રમાણથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. ત્યારે રાત દિવસનું પ્રમાણ એ જ પ્રમાણે થાય છે. કહેવાનો ભાવ એ છે કે-સર્વાભ્યન્તર મંડળના સંચરણ કાળમાં ઉદય પામતો સૂર્ય આ લોકમાં રહેલા મનુષ્યને (અહીંયાં મનુષ્ય શબ્દ જાતીવાચક હોવાથી એક વચનથી કહેલ છે.) એટલે કે ભરત ક્ષેત્રમાં રહેલા મનુષ્યોને સુડતાલીસ હજાર બસો ત્રેસઠ ૪૭૨૬૩$\frac{૨૧}{૬૦}$ યોજન અને એક યોજનના સાઠિયા એકવીસ ભાગથી ઊંચે રહીને સૂર્ય દૃષ્ટિગોચર થાય છે. હવે અહીંયાં ગણિતપ્રક્રિયા બતાવે છે. અહીંયાં અર્ધા દિવસમાં સૂર્ય જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરે છે. એટલા ક્ષેત્રમાં વ્યવસ્થિત ઉદય થતો સૂર્ય દેખાય છે. સર્વાભ્યંતર મંડળમાં અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. તેનું અર્ધા અઢાર મુહૂર્ત અને તેનું અર્ધા નવમુહૂર્ત થાય છે. સર્વાભ્યન્તર મંડળમાં એક એક મુહૂર્તમાં ગમન કરતો સૂર્ય પાંચ હજાર બસો એકાવન યોજન તથા એક યોજનના એકસઠિયા ઓગણત્રીસ ભાગ પ્રમાણની ગતિથી ગમન કરે છે. ત્યારે પહેલાં કહેલ દૃષ્ટિપથ પ્રાપ્તતાનું પરિમાણ ૫૨૫૧$\frac{૨૯}{૬૦}$+૯=૪૭૨૬૩$\frac{૨૧}{૬૦}$ આ પ્રમાણેનું થાય છે. આ ધૂલિકર્મથી થાય છે. આ પ્રમાણેના ગમનકાળમાં દિવસરાતનું પરિમાણ પહેલાં કહ્યા પ્રમાણે **અર્થાત્** ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત પરમઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તથા સર્વજઘન્યા બાર મુહૂર્ત પ્રમાણના રાત્રી થાય છે.

(से णिक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) નિષ્ક્રમણ કરતો સૂર્ય નવીન સંવત્સરને પ્રાપ્ત કરીને પહેલા અહોરાત્રમાં અભ્યન્તરના પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગમન કરે છે. એ સૂર્ય સર્વાભ્યંતર મંડળથી પૂર્વકથિત પ્રકારથી બહાર નીકળીને નવા સંવત્સરને પ્રાપ્ત કરીને નવીન સંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડળની પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે બીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. (ता जया णं सूरिए अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं पंच पंच जोयणसहस्साइं दोण्णि य एक्कावण्णे जोयणसए सीतालीसं च सट्ठिभाए जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ) જ્યારે સૂર્ય સમીપસ્થ મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે પાંચ પાંચ હજાર બસો એકાવન યોજન તથા એક યોજનના સાઠિયા સુડતાલીસ ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. કહેવાનો ભાવ એ છે કે-મુહૂર્તગતિના વિચારવિષયમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળના પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. એટલે કે બીજા મંડળમાં ભ્રમણ કરે છે. ત્યારે પાંચ હજાર બસો એકાવન યોજન તથા એક યોજનના સુડતાલીસ એકસઠીયાભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. અહીંયાં પણ ધૂલિકર્મથી ગણિત પ્રક્રિયા

આ પ્રમાણેની છે. જેમકે–સર્વાભ્યંતરના બીજા મંડળમાં પરિરયનું પરિમાણ પૂર્વ પ્રતિપાદિત પદ્ધતિ અનુસાર ૩૧૫૧૦૭ ત્રણ લાખ પંદર હજાર એક સો સાત આ પ્રમાણ વ્યવહાર દશામાં પરિપૂર્ણ રીતે પ્રતિપાદિત કરેલ છે. નિશ્ચય નયના મત પ્રમાણે તો કંઈક ન્યૂન થાય છે, તેથી અહીંયાં પણ બે સૂર્યો દ્વારા બે અહોરાત્રથી સંપૂર્ણ મંડળની પરિપૂર્તિ થઈ જાય છે. આ પ્રમાણે પૂર્વ કથિત યુક્તિથી બે અહોરાત્રમેં સાઠ મુહૂર્ત થાય છે. આ નિયમથી પરિરયનું પરિમાણ આ પ્રમાણે થાય છે. ૩૧૫૧૦૭÷૬૦=૫૨૫૧ ૪૭/૬૦ અથવા પૂર્ણ મંડળના પરિમાણથી આ મંડળના પરિરય પરિમાણમાં વ્યવહારદષ્ટિથી પૂરા અઢાર યોજનની વૃદ્ધિ થાય છે. ગણિતપદ્ધતિથી કંઈક ન્યૂન થાય છે. એ અઢાર યોજનને સાઠથી ભાગવાથી એક યોજનના સાઠિયા અઢાર ભાગ ૧૮/૬૦ થાય છે. તેને પૂર્વકથિત મંડળના મુહૂર્તગતિપરિમાણમાં જો અધિકતાથી પ્રક્ષેપ કરવામાં આવે તો પણ અહીંયાં યથોક્ત રીતે મુહૂર્તગતિપરિમાણ ૫૨૫૧ ૨૯/૬૦ થાય છે તેનું વૃદ્ધિમાન ૧૮/૬૦ સાઠિયા અઢાર ભાગ થાય છે,એ બેઉને મેળવવાથી ૫૨૫૧ ૨૯/૬૧ + ૧૮/૬૦ ૫૨૫૧ ૪૭/૬૦ એ રીતે અહીંયાં મુહૂર્ત ગતિનું પરિમાણ પ્રાપ્ત થઈ જાય છે. અહીંયાં પણ દૃષ્ટિપથપ્રાપ્તતા સંબંધી પરિમાણ સ્વાભાવિક રીતે કહેલ છે.

(तया णं इहगयस्स मणुस्सस्स सीतालीसाए जोयणसहस्सेहिं अऊणासीते य जोयणसए सत्तावण्णाए सट्ठिभागेहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिहा छेत्ता अऊणावीसाए चुण्णिया भागेहिं सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ) ત્યારે ભરતક્ષેત્રમાં રહેલા મનુષ્યોને સુડતાલીસ હજાર એક સો ઓગણયાશી યોજન તથા એક યોજનના સાઠિયા સતાવન ભાગ તથા સાઠ ભાગને એકસઠથી છેદીને ઓગણીસ ચૂર્ણિકા ભાગોથી સૂર્ય શીઘ્ર ચક્ષુગોચર થાય છે. અર્થાત્ દૃષ્ટિપથ પ્રાપ્ત થાય છે. કહેવાનો ભાવ એ છે કે–સર્વાભ્યંતરના બીજા મંડળના સંચરણ કાળમાં આ ભરતક્ષેત્રના મનુષ્યને (અહીંયાં મનુષ્ય શબ્દમાં જાતિ વાચક હોવાથી એકવચનનો પ્રયોગ કરેલ છે.) તેથી મનુષ્ય લોકમાં રહેલા મનુષ્યોને સુડતાલીસ હજાર એક સો ઓગણયાશી યોજન તથા એક યોજનના સાઠિયા સત્તાવન ભાગ તથા એક સાઠના ભાગને એકસઠથી છેદીને ૪૭૧૭૯ ૫૭/૬૦ તથા તેના સંબંધિત ૧૯ ઓગણીસ ચૂર્ણિકા ભાગથી અર્થાત્ સૂક્ષ્મભાગોથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. આ મંડળમાં મુહૂર્તગતિનું પરિમાણ પાંચ હજાર બસો એકાવન તથા એક યોજનના સાઠિયા સુડતાલીસ ભાગ ૫૨૫૧ ૪૭/૬૦ આ પ્રમાણેનું થાય છે. (तया णं दिवसराई तहेव) સર્વાભ્યંતરની પછીના બીજા મંડળના સંચરણ સમયમાં દિવસરાત્રીનું પરિમાણ પૂર્વકથિત પ્રકારથી થાય છે. એક મુહૂર્તના એકસઠિયા બે ભાગ ઓછા અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. તથા એકસઠિયા બે ભાગ વધારે બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. તથા દિવસનો અર્ધો ભાગ એકસઠિયા

ભાગ ન્યૂન નવમુહૂર્ત થાય છે. ૯$\frac{૧}{૬૧}$ તેને ૫૪૯$\frac{૧}{૬૧}$=$\frac{૫૪૮}{૬૧}$ છેદ કરવાથી ૫૪૮ પાંચસો અડતાલીસ થાય છે. આ પ્રમાણે આ બીજા મંડળનું પૂર્વપ્રતિપાદિત પરિરયનું પરિમાણ ૩૧૫૧૦૭ ત્રણ લાખ પંદર હજાર એકસો સાત થઈ જાય છે આ પરિમાણને પૂર્વોક્ત પાંચસો અડતાલીસથી જો ગુણવામાં આવે તો ૩૧૫૧૦૭ ૫૪૮=૧૭૨૬૭૮ ૬૩૬ એક, સાત, બે, છ, સાત, આઠ, છ, ત્રણ અને છ એ રીતે એટલે કે સત્તર કરોડ છવ્વીસ લાખ અઠયોતેર હજાર છસો છત્રીસ થાય છે. આના યોજન બનાવવા માટે એકસાઠ ને સાઠથી ગુણવાથી જેટલી સંખ્યા થાય છે, તેનાથી ભાગે સાઠથી ગુણિત એકસઠ કરે છે. ૬૧+૬૦=૩૬૬૦ ત્રણ હજાર છસો સાઠ થાય છે. આનાથી બીજા મંડળનું પરિરયપરિમાણ જે સત્તર કરોડ છવીસ લાખ અઠયોતેર હજાર છસો છત્રીસ છે તેનો ભાગ કરે તો ૧૭૨૬૭૮૬૩૬÷૩૬૬૦=૪૭૧૭૯×$\frac{૩૪૯૬}{૩૬૬૦}$ સુડતાલીસ હજાર એકસો ઓગણએંસી યોજન પૂરા થાય છે અને ૩૪૯૬ ત્રણ હજાર ચારસો છન્નુ શેષ વધે છે. આનાથી યોજનની સંખ્યા થતી નથી. તેથી આઠનો ભાગ લાવવા એકસઠની છેદ રાશી રાખવામાં આવે છે. તેનાથી ભાગ કરવાથી સાઠિયા સત્તાવન ભાગ $\frac{૫૭}{૬૦}$ અર્થાત્ ૩૪૯૬÷૬૧=૫૭$\frac{૧૯}{૬૧}$ તથા ૩૬૬૦÷૬૧=૬૦ તેથી $\frac{૩૪૯૬}{૩૬૬૦}$=$\frac{૫૭}{૬૦}$-$\frac{૧૯}{૬૧}$ આ બધાને સંપૂર્ણ અંક સાથે મેળવવાથી ૪૭૧૭૯$\frac{૫૭}{૬૦}$, $\frac{૧૯}{૬૧}$ થાય છે, જેથી કહેલ છે કે એક સાઠિયા ભાગ સહિત એકસઠિયા એકવીસ ભાગ મૂલમાં (इहगयस्स मणुस्सस्स सीतालीसाए जोयणसहस्सेहिं अउणासीते य जोयणसए सत्तावण्णाए सट्ठिभागेहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिए छेत्ता अउणावीसाए चुण्णियाभागेहिं) ઈત્યાદિ મૂળમાં કહેલ ગણિત પદ્ધતિથી સિદ્ધ થાય છે.

(से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ ભ્રમણ કરતો સૂર્ય સર્વાભ્યંતરમંડળની બહાર નીકળીને નવીન

સંવત્સરના બીજા અહોરાત્રમાં અભ્યંતરના બીજા મંડળમાંથી બહાર નીકળીને ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને એ ત્રીજા મંડળમાં ભ્રમણ કરે છે. (ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयण सहस्साइं दोण्णि य बावण्णे जोयणसए पंच य सट्ठिभागे जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ) જ્યારે સૂર્ય અભ્યંતરના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે પાંચ હજાર બસો બાવન અને એક યોજનના સાઠિયા પાંચ ભાગ ૫૨૫૨$\frac{૫}{૬૦}$ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. અર્થાત્ પાંચ હજાર બસો બાવન યોજન તથા એક યોજનના સાઠિયા પાંચ ભાગ સર્વાભ્યંતરના ત્રીજા મંડળમાં ભ્રમણ કરતો સૂર્ય આટલા પ્રમાણ યોજન પ્રતિમુહૂર્તમાં ગમન કરે છે.

અહીંયા પણ ગણિતપ્રક્રિયા આ પ્રમાણે થાય છે, પહેલા કહેલ કથન પ્રમાણે આ ત્રીજા મંડળમાં પરિરયનું પરિમાણ ૩૧૫૧૨૫ ત્રણ લાખ પંદર હજાર એકસો પચીસ થાય છે તે પ્રમાણે અહીંયા પણ છે. તેને સાઠથી ભાગવાથી આ મંડળનું યથોકત મુહૂર્તગતિ પરિમાણ થઈ જાય છે, જેમકે—૩૧૫૧૨૫÷૬૦=૫૨૫૨$\frac{૫}{૬૦}$ અથવા પહેલાના મંડળના મુહૂર્ત ગતિ પરિમાણથી આ મંડળનું મુહૂર્તગતિ પરિમાણના વિચારમાં પૂર્વ કથિત યુક્તિ અનુસાર એક યોજનના એકસઠિયા અઢાર ભાગ વધારે પ્રાપ્ત થાય છે. તેને આમાં મેળવવાથી મુહૂર્તગતિનું યથોક્ત પરિમાણ અહીંયા મળી જાય છે.

અહીંયાં પણ દૃષ્ટિપથપ્રાપ્તતાના વિષયનું પરિમાણ કહેવામાં આવે છે. (तया णं इहगयस्स मणुस्सस्स सीतालीसाए जोयणसहस्सेहिं छण्णउतीए जोयणेहिं तेत्तीसाए सट्ठिभागेहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिधा छेत्ता दोहिं चुण्णियाभागेहिं सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ) ત્યારે આ મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોને સુડતાલીસ હજાર છન્નુ યોજન અને એક યોજનના સાઠિયા તેત્રીસ ભાગ તથા સાઠના એક ભાગને એકસાઠથી છેદીને બે ચૂર્ણિકા ભાગથી ૪૭૦૯૬$\frac{૩૩}{૬૦}$ $\frac{૨}{૬૧}$ સૂર્યશીઘ્ર દૃષ્ટિગોચર થાય છે.

કહેવાનો ભાવ એ છે કે—સર્વાભ્યંતરમંડળના સંચરણ સમયમાં આ ભરતક્ષેત્રમાં રહેલા મનુષ્યને (અહીંયાં મનુષ્ય શબ્દ જાતિવાચક હોવાથી મૂલમાં એકવચથી કહેલ છે) જેથી આ મૃત્યુલોકમાં રહેલા મનુષ્યોને ૪૭૦૯૬ સુડતાલીસ હજાર છન્નુ યોજન તથા એક યોજનના સાઠિયા તેત્રીસ ભાગોથી તથા સાઠના ભાગને એકસઠથી છેદ કરવાથી $\frac{૩૩}{૬૦}$ $\frac{૨}{૬૧}$ આના બે ચૂર્ણિકા ભાગોથી શીઘ્રદૃષ્ટિગોચર થાય છે, અહીંયાં પણ અંકોત્પાદક પ્રક્રિયા આવી રીતે થાય છે—આ ત્રીજા મંડળમાં એકસઠિયા ચાર ભાગ ન્યૂન અઢાર મુહૂર્તપ્રમાણનો ૧૮$\frac{૪}{૬૧}$ દિવસ થાય છે, તેનું અર્ધું ૯$\frac{૨}{૬૧}$ એકસઠિયા બે મુહૂર્તભાગ ન્યૂન નવ મુહૂર્ત થાય છે, તેને સમસ્ત રીતે છેદ કરવા માટે છેદરૂપ એક એક ભાગ અધિક ન્યૂન ઈત્યાદિથી નવ મુહૂર્તને એકસાઠથી ગુણવામાં આવે અને ગુણાકાર કરીને સાઠિયા બે ભાગને

તેમાંથી ઓછા કરે જેમ કે–૯ $\frac{૨}{૬૧}$ ૫ $\frac{૪૯}{૬૧}$–૨=$\frac{૫૪૭}{૬૧}$ થાય આને યોજન બનાવવા માટે સાઠથી ગુણવાથી પાંચસો સુડતાલીસ ૫૪૭ થાય છે. તે પછી આ ત્રીજા મંડળની પહેલા પ્રતિપાદન કરેલ વિધિથી પરિરયનું પરિમાણ ૩૧૫૧૨૫ ત્રણ લાખ પંદર હજાર એકસો પચીસ થાય છે. આ સંખ્યાને પૂર્વોક્ત ૫૪૭ પાંચસો સુડતાલીસથી ગુણવામાં આવે તો ૩૧૫૧૨૫+૫૪૭=૧૭૨૩૭૩૩૭૫૯ એક અજબ બોંતેર કરોડ સાડત્રીસ લાખ તેત્રીસ હજાર સાતસો ઓગણસાઠ થાય છે, આને એકસઠ સાઈઠથી ગુણવામાં આવે તો ૬૧+૬૦=૩૬૬૦ આ સંખ્યાથી ભાગ કરે તો ૧૭૨૩૭૩૩૭૫૯÷૩૬૬૦=૪૭૦૯૬ સુડતાલીસ હજાર છન્નુ થાય છે. તથા ૨૦૧૫ બે હજાર પંદર શેષ વધે છે. આનાથી યોજનની સંખ્યા થતી નથી તેથી સાઠ ભાગ લાવવા માટે છેદ રાશી ૩૬૬૦ માં એકસઠ મેળવે તો ૩૬૬૦÷=૬૦ તથા ૨૦૧૫÷૬૧=૩૩ $\frac{૨}{૬૧}$ આ સંખ્યાને મેળવવાથી $\frac{૩૩}{૬૦}$ $\frac{૨}{૬૧}$ બધા મળીને એકસઠીયા તેત્રીસ ભાગ એકસાઠ ભાગ બરોબર બે એકસાઠિયા ભાગ થાય છે. આ બધાને મેળવવાથી ૪૭૦૯૬ $\frac{૩૩}{૬૦}$ $\frac{૨}{૬૧}$ થાય છે તેથી જ કહ્યું છે કે–સુડતાલીસ હજાર છન્નુ યોજન તથા એક યોજનના સાઠિયા તેત્રીસ ભાગ તથા સાઠના એક ભાગને એકસાઠથી છેદ કરે આટલા પ્રમાણથી સૂર્ય ચક્ષુષ્પથ પ્રાપ્ત થાય છે. (तया णं दिवसराई तहेव) એ સર્વાભ્યન્તરમંડળના ત્રીજા મંડળના સંચરણકાળમાં દિવસ રાત્રીનું પરિમાણ પહેલાં કહ્યા પ્રમાણેનું જ થાય છે. અર્થાત્ ત્યાં સાઠિયા ચાર મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એક-સાઠિયા ચાર મુહૂર્તભાગ અધિક બાર મુહૂર્તની રાત્રી હોય છે.

હવે ચતુર્થાદિ મંડળોમાં અતિદેશ કહે છે.–(एवं खलु एएणं उवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ तयाणंतरं मंडलं संकममाणे संकममाणे अट्ठारस अट्ठारस सट्ठिभागे जोयणस्स एगमेगे मंडले मुहुत्तगइं अभिवुड्ढेमाणे अभिवुड्ढेमाणे चुलसीतिं सीताइं जोयणाइं पुरिसच्छायं णिवुड्ढेमाणे णिवुड्ढेमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ ઉપાયથી નિષ્ક્રમણ

કરતો સૂર્ય તેના પછીના મંડળથી તેના પછીના મંડળમાં અર્થાત્ એક મંડળથી બીજા મંડળમાં ગમન કરતા કરતા એક યોજનના સાઠિયા અઢાર અઢાર ભાગ એક એક મંડળમાં મુહૂર્ત ગતિમાં વધારતા વધારતા ચોર્યાશી યોજનોમાં કંઈક ઓછા પુરૂષ છાયાને વધારતા વધારતા સર્વબાહ્યમંડળમાં જઇને ગતિ કરે છે.

કહેવાનો ભાવ એ છે કે-આ પૂર્વોક્ત પ્રકારથી અનન્તર કહેલ યુક્તિ પ્રમાણે ધીરે ધીરે એ એ બહારના મંડળોમાં ગમન કરવાથી અર્થાત્ બહારની તરફ ગમનરૂપથી બહાર નિકળતો સૂર્ય એક મંડળની પછી તેના પછીના મંડળમાં પૂર્વોક્ત પ્રકારથી સંક્રમણ કરતા કરતા એક એક મંડળમાં આ ઠેકાણે મુહૂર્તગતૌ એ વાક્યમાં મૂળમાં દ્વિતીયા વિભક્તિ કહી છે તે પ્રાકૃત હોવાથી સપ્તમીના અર્થમાં દ્વિતીયા સમજવી જેમ પ્રાકૃતમાં (**कत्तो रत्तिं मुद्धे पाणीय सद्धा सउणयाणं**) હે મુગ્ધે પક્ષિયોને રાત્રે પાણીનો વિશ્વાસ ક્યાંથી હોય આ રીતે અહીંયાં પણ (मुहुत्तगतिं) એ ઠેકાણે દ્વિતીયા વિભક્તિના અર્થમાં સપ્તમી વિભક્તિની ભાવના સમજવી. દરેક મુહૂર્તમાં એક યોજનના સાઠિયા અઢાર અઢાર ભાગ આ ઠેકાણે વ્યવહાર દૃષ્ટિથી પૂરા એક યોજનના સાઠિયા અઢાર ભાગથી કંઈક ઓછા ભાગને વધારતા વધારતા (पुरिसच्छायं) પુરૂષની છાયા જેનાથી થાય તે પુરૂષ છાયા અહીંયા પહેલા ઉદય પામતા સૂર્યની દૃષ્ટિપથપ્રાપ્તતા હોય છે. અહીંયાં પણ સપ્તમીના અર્થમાં દ્વિતીયા વિભક્તિ થયેલ છે. તેમ સમજીને આ અર્થ સમજી લેવો, જેમ કે તેની છાયામાં એક એક મંડળમાં ૮૪ ચોરાશી ૮૪ ચોરાશી યોજન (सीताइ) કંઈક ન્યૂન એટલે કે ચોરાસી યોજનોમાં કંઇક ઓછા કરતા કરતા અહીંયાં પણ સ્થૂલપણાથી આ કથન કરેલ છે. વાસ્તવિક પ્રકારથી તો ત્યાશી યોજન તથા એક યોજનના સાઠિયા તેવીસ ભાગ તથા સાઠના એક ભાગને એકસાઠથી છેદ કરીને એ છેદ કરેલ ભાગના બેંતાલીસમા ભાગથી દૃષ્ટિપથ પ્રાપ્તતાના સંબંધમાં પરિમાણ મળે છે, તે પછી સર્વાભ્યંતરમંડળમાંથી ત્રીજા

મંડળમાં અને ત્રીજા મંડળથી આરંભ કરીને જે જે મંડળમાં દષ્ટિપથ પ્રાપ્તતા જાણવાનો વિચાર કરે એ એ મંડળની સંખ્યાથી છત્રીસથી ગુણાકાર કરવો. જેમ કે–સર્વાભ્યંતર મંડળના ત્રીજા મંડળથી એકથી ચોથા મંડળમાં બેથી પાંચમાં મંડળમાં ત્રણથી આ પ્રમાણે યાવત્ સર્વબાહ્યમંડળમાં એકસોબાશીથી ગુણાકાર કરીને ધ્રુવરાશીમાં પ્રક્ષિપ્ત કરવો એટલે કે તેમાં મેળવી દેવા એ રીતે મેળવવાથી જે સંખ્યા થાય તેનાથી હીન પૂર્વ મંડળની દષ્ટિપથ પ્રાપ્તતા સમજવી અર્થાત્ વિવક્ષિતમંડળમાં એટલી દષ્ટિપથ પ્રાપ્તતા થાય છે. ત્યાશી યોજન ઇત્યાદિ ધ્રુવરાશીની પ્રાપ્તિ કઈ રીતે થાય છે? આને જાણવા માટે કહે છે કે અહીંયાં આ સર્વાભ્યંતરમંડળમાં દષ્ટિપથ પ્રાપ્તતાનું પરિમાણ ૪૭૨૬૩$\frac{૨૧}{૬૦}$ સુડતાલીસ હજાર બસો ત્રેસઠ યોજન તથા એક યોજનના સાઠિયા એકવીસ ભાગ આ પરિમાણ નવ મુહૂર્તમાં ગમ્ય થાય છે. આનો ત્રૈરાશિક અનુપાત આ પ્રમાણે છે જેમ કે–જો નવ મુહૂર્તથી આટલી દષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ થઇ જાય તો એક મુહૂર્તના એકસઠમા ભાગમાં કેટલું પરિમાણ થઈ શકે? આ પ્રકારના વિચારમાં $\frac{(૪૭૨૬૩\frac{૨૧}{૬૦})}{૯}+\frac{૧}{૬૧}=\frac{૪૭૨૬૩\frac{૨૧}{૬૦}\times ૧}{૯+૬૧}=\frac{૪૭૨૬૩\frac{૨૧}{૬૦}}{૫૪}=\frac{૨૮૩૫૮૦૧}{૩૨૯૪૦}$ ૮૮$\frac{૫}{૬૦}$ $\frac{૨૪}{૬૧}$ આને યોજન બનાવવા માટે એકસઠથી અને સાઠથી ન્યૂન કરવાથી અપૂર્ણાંક જ આવે છે. અર્થાત્ નવ મુહૂર્તને એકસઠથી ગુણવાથી પાંચસો ઓગણપચાસ થાય છે. તે પછી ઉપર બતાવવામાં આવેલ અંકોને સાઠથી ગુણવાથી ઉપરનો ભાજ્યઅંક ૨૮૩૫૮૦૧ અઠયાવીસ લાખ પાંત્રીસ હજાર આઠસો એક થાય છે. આને સાઠથી અર્થાત્ પાંચસો ઓગણપચાસનો ગુણાકાર કરે તો ૫૪૯+૬૦=૩૨૯૪૦ અંક આવે છે તેને ૩૨૯૪૦ને જે ભાજ્યઅંક ૨૮૩૫૮૦૧ અઠયાવીસ લાખ પાંત્રીસ હજાર આઠસો એક છે તેનાથી હરણ કરે એટલે કે ઓછા કરે તો ૮૬$\frac{૫}{૬૦}$ $\frac{૨૪}{૬૧}$ છાસી યોજન તથા એક યોજનના સાઠિયા પાંચ ભાગ એકસાઠથી છેદેલ ચોવીસ ભાગ આટલું પ્રમાણ ઉપલબ્ધ થાય છે. તે પછી પહેલા પહેલાના મંડળોમાંથી પછી પછીના મંડળોના પરિરય પરિમાણના વિચારમાં પૂરા

અઢાર યોજન વધે છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વમંડળગત મુહૂર્તગતિ પરિમાણથી પછી પછીના મંડળના મુહૂર્તગતિ પરિમાણના વિચારમાં પ્રત્યેક મુહૂર્તમાં એક યોજનના સાઠિયા અઢાર અઢાર ભાગ વધે છે. દરેક મુહૂર્તમાં એકસઠિયા અઢાર ભાગ તથા સાઠના એકસઠિયા એક ભાગ આટલા પ્રમાણથી સર્વાભ્યંતરમંડળના બીજા મંડળમાં સૂર્ય દૃષ્ટિગોચર થાય છે. એકસઠિયા નવ મુહૂર્ત ભાગ ન્યૂનપણાથી જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરે એટલા ભાગથી નવ મુહૂર્તને એકસઠથી ગુણવા ગુણીને તેમાંથી એક ઓછો કરે ૬૧+૯=૫૪૯ ૫૪૯–૧=૫૪૮ આ રીતે પાંચસો અડતાલીસ પ્રાપ્ત થઈ જાય છે. ૫૪૮ આ પાંચસો અડતાલીસને અઢારથી ગુણે તો ૫૪૮+૧૮=૯૮૬૪ નવ હજાર આઠસો ચોસઠ થાય છે, આને સાઠ ભાગ કરવા માટે એકસઠથી ભાગે જેમકે ૯૮૬૪÷૬૧=૧૬૧$\frac{૪૩}{૬૧}$=$\frac{૧૬૧}{૬૦}$ $\frac{૪૩}{૬૧}$ આ પ્રમાણે થાય છે. એટલે કે એકસો એકસઠ યોજન તથા સાઠ ભાગના એકસઠિયા તેંતાલીસ ભાગ તથા એકસઠિયા તેંતાલીસ ભાગને એકસઠથી ભાગે $\frac{૧૬૧}{૬૦}$ $\frac{૪૩}{૬૧}$ આ પ્રકારથી વીસ ભાગ અધિક સાઠિયા સો ભાગ અર્થાત્ સાઠિયા એકસો વીસ ભાગથી બે યોજન પ્રાપ્ત થાય છે. પછી એક યોજનના સાઠિયા એકતાલીસ ભાગ તથા સાઠિયા એક ભાગ સાથે બરાબર એક યોજનના એકસાઠિયા તેંતાલીસ ભાગ આટલું પહેલાં કહેલ સંખ્યા ૮૬$\frac{૫}{૬૦}$ $\frac{૨૪}{૬૧}$ અમાંથી એટલે કે છયાસી યોજન તથા એક યોજનના સાઠિયા પાંચ ભાગ તથા એક યોજનના એકસઠિયા ચોવીસ ભાગ આમાંથી ઓછા કરવાથી ૮૩$\frac{૨૩}{૬૦}$ $\frac{૪૨}{૬૧}$ આટલું પ્રમાણ બીજા મંડળમાં દૃષ્ટિપથપ્રાપ્તતા વિષયમાં સર્વાભ્યંતરમંડળના દૃષ્ટિપથપ્રાપ્તતાના પરિમાણમાંથી કમ થઈ જાય છે. અર્થાત્ સર્વાભ્યંતરમંડળના દૃષ્ટિપથપ્રાપ્ત થવામાં આટલું ન્યૂન થાય છે. તેથી જ ધ્રુવરાશીના પરિમાણમાંથી બીજા મંડળમાં દૃષ્ટિપથપ્રાપ્તતા આટલી ઓછી થાય છે. આ રીતે ઉત્તરોત્તર મંડળ સંબંધી દૃષ્ટિપથપ્રાપ્તતાના સંબંધના વિચારમાં હીનતા નક્કી થાય છે. તેથી ધ્રુવરાશીમાંથી ધ્રુવરાશીની ઉત્પત્તી થાય છે. તે પછી બીજા મંડળની પછીના ત્રીજા મંડળમાં આજ ધ્રુવરાશી કહેલ છે. સાઠના એક ભાગવાળા એકસઠિયા છત્રીસ ભાગની સાથે જે સંખ્યા થાય છે તે આ પ્રમાણે છે. વ્યાશી યોજન તથા સત્તર યોજનના સાઠિયા ચોવીસ ભાગ સાઠના એક ભાગવાળો એકસઠિયો ભાગ ૮૩$\frac{૨૪}{૬૦}$ $\frac{૧}{૬૧}$ બીજા મંડળના આટલા યોજન પ્રમાણ દૃષ્ટિપથપ્રાપ્તતાના પરિમાણમાંથી જો ઓછા કરવામાં આવે તો ત્રીજા મંડળમાં દૃષ્ટિપથપ્રાપ્તતા સંબંધી યથોક્ત પરિમાણ મળી જાય છે. તે પછી ચોથા મંડળમાં એજ ધ્રુવરાશીમાં બોંતેરની સંખ્યા મેળવે ચોથું મંડળ ત્રીજા મંડળથી બીજું થાય છે. એતો જાણવામાં છેજ તેથી પહેલા નવ મુહૂર્તને ધ્રુવરાશીના ચારની સંખ્યાથી ગુણવા તે પછી બેથી ગુણવા તો ૯×૪+૨=૭૨ આ બોંતેરની સંખ્યા સાથે આ પ્રમાણેની સંખ્યા થાય છે. ૮૩$\frac{૨૪}{૬૦}$ $\frac{૫૩}{૬૧}$ વ્યાશી યોજન તથા એક યોજનના સાઠિયા ચોવીસ ભાગ તથા

એકસઠિયા તેપન ભાગ આટલું પ્રમાણુ ત્રીજા મંડળના દષ્ટિપથપ્રાપ્ત પરિમાણુથી કમ કરવામાં આવે છે. આ પ્રમાણે કમ કરવાથી ચોથા મંડળનુ યથાવસ્થિત દષ્ટિપથ પ્રાપ્તતાનું પરિમાણુ થઈ જાય છે. ૪૭૦૧૩ $\frac{૮}{૬૧}$ $\frac{૧૦}{૬૧}$ સુડતાલીસ હજાર તેર યોજન તથા એક યોજનના સાઠિયા આઠ ભાગ તથા આઠના એક ભાગવાળો એકસઠિયા દસ ભાગ થઈ જાય છે. ત્રીજા મંડળ કરતાં સર્વાન્તિતમંડળમાં એકસો બ્યાશી ૧૮૨ મા મંડળની દષ્ટિપથપ્રાપ્ત-તાનું પરિમાણુ જાણુવાનો વિચાર કરે તો પહેલાં નવ મુહૂર્તને ચારથી ગુણુવા. તો છત્રીસ થાય છે તે પછી છત્રીસને એકસોબાશીચી ગુણુવામાં આવે તો ૯+૪૨+૧૮૨=૬૫૫૨ છ હજાર પાંચસો બાવન થાય છે, તેને સાઠનો ભાગ લાવવા માટે એકસઠથી ભાગે તો ૬૫૫૨÷૬૧=૧૦૭$\frac{૨૫}{૬૧}$ આ રીતે સાઠ ભાગોના ૧૦૭ એકસો સાત ભાગ લબ્ધ થાય છે, તથા એકસાઠિયા પચ્ચીસ શેષ રહે છે. આને ધ્રુવરાશીમાં મેળવવામાં આવે તો પંચાસી યોજન તથા એક યોજનના અગ્યાર સાઠિયા ભાગ સાઠિયા એક ભાગવાળા છ એકસઠિયા ભાગ ૮૫ $\frac{૧૧}{૬૦}$ $\frac{૬}{૬૧}$ તે પછી અહીંયાં છત્રીસથી આ પ્રમાણે પ્રાપ્તિ થાય છે કે–પહેલા પહેલાના મંડળથી પછી પછીના મંડળમાં એકસઠિયા બબ્બે ભાગ મુહૂર્ત $\frac{૨}{૬૧}$ ન્યૂન થાય છે. તથા દરેક મુહૂર્તના એકસઠિયા અઢાર ભાગ થાય છે સાઠિયા એક ભાગથી એકસઠિયા ભાગ હીન હોય છે. બેઉને મેળવવાથી છત્રીસ થાય છે. આ એકસઠિયા અઢાર ભાગમાં એક કલા ન્યૂન હોય છે. પૂ.ા અઢાર હોતા નથી પરંતુ સ્થૂલદષ્ટિથી વ્યવહારથી પહેલાં પરિપૂર્ણની વિવક્ષા કરેલ છે. એ રીતે એક કલા ન્યૂન દરેકમંડળમાં હોવાથી એકસો-બાશીમા મંડળમાં એકઠા કરેલ પીંડરૂપે વિચાર કરે તો એકસઠ ભાગ ન્યૂન થાય છે. આ પણુ વ્યવહારથી જ કહેલ છે. પરમાર્થદષ્ટિથી તો તેનાથી કંઈક પણુ ન્યૂન થાય તેમ સમજવું. તેથી આ એકસઠિયા અડસઠમો ભાગ કહાડી નાખવો આ રીતે અપહરણુ કરવાથી આ પ્રમાણે થાય છે. ૮૫ $\frac{૯}{૬૦}$ $\frac{૨}{૬૧}$ પંચાશી યોજન અને એક યોજનના સાઠિયા નવભાગ

તથા સાઠના એક ભાગવાળો એકસઠ ભાગ થાય છે. સર્વબાહ્યમંડળ પછીના નજીકના બીજા મંડળની આ રીતના દૃષ્ટિપથ પ્રાપ્તતાના પરિમાણથી ૩૧૯૧૬ ૩૯/૬૦ ૬૦/૬૧ એકત્રીસ હજાર નવસો સોળ તથા એક યોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ તથા સાઠિયા એક ભાગવાળા સાઠ એકસઠિયા ભાગ આટલું પ્રમાણ ન્યૂન કરે તો સર્વબાહ્યમંડળની દૃષ્ટિપથ પ્રાપ્તતાનું પરિમાણ નિકળી આવે છે. આને આગળ ગ્રન્થકાર સ્વયં દેખાડશે. આ પ્રક્રિયાથી દૃષ્ટિપથ પ્રાપ્તતા રૂપ છાયામાં બીજા વિગેરે કોઈ મંડળમાં ચોરાશી યોજનમાં કંઈક ન્યૂન યોજન ઉપરના યોજનોમાં અધિક અને અધિકતર પૂર્વોક્ત પ્રકારથી ઓછા કરતા કરતા યાવત્ સર્વબાહ્યમંડળનું ઉપસંક્રમણ કરીને સૂર્ય ગમન કરે છે.

**(ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं तिण्णि य पंचुत्तरे जोयणसए पण्णरस य सट्ठिभागे जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ)** જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે પાંચ હજાર ત્રણસો પાંચ યોજન અને એક યોજનના સાઠિયા પંદર ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. કહેવાનો ભાવ એ છે કે—મુહૂર્તગતિ પરિમાણના વિષયમાં જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડળને પ્રાપ્ત કરીને એ મંડળમાં પરિભ્રમણ કરે છે ત્યારે ૫૩૦૫ પાંચ હજાર ત્રણસો પાંચ યોજન અને એક યોજનના સાઠિયા પંદર ભાગ આટલા પ્રમાણવાળા યોજનથી એક એક મુહૂર્તમાં પ્રતિમુહૂર્તગતિથી ગમન કરે છે. અહીંયાં આ વિષયની ગણિતપ્રક્રિયા આ પ્રમાણે થાય છે, સર્વબાહ્યમંડળમાં પરિરય પરિભ્રમણ ૩૧૮૩૧૫ ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર છે. આને પહેલાં કહેવામાં આવેલ યુક્તિ અનુસાર સાઠથી ભાગે તો ૩૧૮૩૧૫÷૬૦=૫૩૦૫ ૧૫/૬૦ આ પ્રમાણે યથોક્ત મુહૂર્તગતિ પરિમાણ આવી જાય છે.

હવે અહીંયાં દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ કહેવામાં આવે છે.—**(तया णं इहगयस्स मणुस्सस्स एक्कतीसाए जोयणेहिं अट्ठहिं एगतीसेहिं जोयणसएहिं तीसाए य सट्ठिभागेहिं जोयणस्स सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ)** ત્યારે અહીંયા રહેલા મનુષ્યોને ૩૧૮૩૧ ૩૦/૬૦ એકત્રીસ હજાર આઠસો એકત્રીસ યોજન અને એક યોજનના સાઠિયા તીસ ભાગ પ્રમાણથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. કહેવાનો ભાવ એ છે કે—સર્વબાહ્યમંડળના સંચરણકાળમાં અહીંયા રહેલ મનુષ્યને (અહીંયાં મનુષ્ય શબ્દમાં એકવચનનો પ્રયોગ કરેલ છે તે મનુષ્ય જાતિને લઈને અર્થાત્ જાતિવાચક હોવાથી એકવચન કહેલ છે) અર્થાત્ મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોને ૩૧૮૩૧ ૩૦/૬૦ એકત્રીસ હજાર આઠસો એકત્રીસ યોજન અને એક યોજનના સાઠિયા ત્રીસ ભાગ આટલા પ્રમાણ યોજનથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિપથ પ્રાપ્ત થાય છે. એટલે કે દૃષ્ટિગોચર થાય છે. અહીંયાં પણ ગણિતપ્રક્રિયા આ પ્રમાણે થાય છે,—આ મંડળમાં સૂર્ય ગમન કરે ત્યારે બાર મુહૂર્તપ્રમાણનો દિવસ થાય છે. દિવસનો અર્ધો ભાગ અર્થાત્ છ મુહૂર્તમાં જેટલા પ્રમાણવાળા ક્ષેત્રને વ્યાપ્ત કરે એટલું વ્યવસ્થિત ઉદય માન સૂર્ય પ્રાપ્ત કરે છે. :બાર મુહૂર્તનું અર્ધું છ મુહૂર્ત થાય છે. તેથી આ મંડળમાં

મુહૂર્તગતિનું જે પરિમાણ ૫૩૦૫ $\frac{૧૫}{૬૦}$ પાંચ હજાર ત્રણસો પાંચ યોજન તથા એક યોજનના સાઠિયા પંદર ભાગ થાય છે. આ પરિમાણને જો છ થી ગુણવામાં આવે તો દૃષ્ટિપથ પ્રાપ્તતાનું યથોક્ત પરિમાણ મળી જાય છે. જેમકે-૫૩૦૫$\frac{૧૫}{૬૦}$+૬-૩૧૮૩૦$\frac{૯}{૬૦}$= ૩૧૮૩૧$\frac{૩૦}{૬૦}$ એકત્રીસ હજાર આઠસો એકત્રીસ યોજન તથા એક યોજનના સાઠિયા ત્રીસ ભાગ યથોક્ત પ્રમાણ મળી જાય છે.

(तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ एस णं पढमे छम्मासे एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे) ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટક અઢાર મુહૂર્તની રાત્રી હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ રીતે આ પહેલા છ માસ થાય છે, અને એજ પહેલા છ માસનું પર્યવસાન એટલે કે સમાપ્તિકાળ છે. કહેવાનો ભાવ એ છે કે-સર્વબાહ્યમંડળના સંચરણ સમયમાં સૂર્ય ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત થાય છે. અર્થાત્ દક્ષિણદિશા તરફ ગમન કરે છે, એટલે કે સાયનમકર સંક્રાતિગત હોય છે. ત્યારે ઉત્કૃષ્ટા એટલે કે સર્વાધિક પ્રમાણવાળી અઢાર મુહૂર્તનું રાત્રી માન થાય છે. તથા સર્વ જઘન્ય બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. એટલે કે દિન-માન બાર મુહૂર્તપ્રમાણનું હોય છે. આ દક્ષિણાયન રૂપ કાળ પ્રથમ છ માસના પર્યવસાન એટલે કે અન્તિમ દિવસ થાય છે. અર્થાત્ સાયન ધનસંક્રાન્તિનો અન્તભાગ હોય છે.

(से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત કરીને પહેલા અહોરાત્રમાં બાહ્યાનંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળ-માંથી પૂર્વોક્ત પ્રકારથી આભ્યંતરમંડળની અંદરની તરફ ગમન કરવાનો સૂર્ય બીજા છ માસને પ્રાપ્ત કરીને બીજા છ માસના પહેલા અહોરાત્રમાં બાહ્યાનંતર મંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ સર્વબાહ્યમંડળની પછીના અંદરની બાજુની સમીપના બીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. અર્થાત્ એ બીજા મંડળમાં ભ્રમણ કરે છે. (ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं तिण्णि य चउरुत्तरे जोयणसए सत्तावण्णं च सट्ठिभागे जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે પાંચ હજાર ત્રણસો ચાર યોજન તથા એક યોજનના એકસઠિયા સતાવન ભાગ ૫૩૦૪ $\frac{૫૭}{૬૧}$ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. કહેવાનો ભાવ એ છે કે-સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળના સંચરણકાળમાં જ્યારે સૂર્ય બાહ્યમંડળના પછીના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરે છે, એટલે કે એ મંડળમાં જઇને ગતિ કરે છે. અર્થાત્ એ મંડળમાં ભ્રમણ કરે છે, ત્યારે પાંચ હજાર ત્રણસો ચાર યોજન તથા એક યોજનના સાઠિયા સત્તાવન ભાગ ૫૩૦૪ $\frac{૫૭}{૬૦}$ પ્રમાણ ક્ષેત્રમાં એક એક

મુહૂર્તમાં જાય છે. અહીંયાં અંકોત્પાદકપ્રક્રિયા આ પ્રમાણે થાય છે, આ બીજા મંડળમાં પરિરયનું પરિમાણ પહેલાં કહેલ યુક્તિ પ્રમાણે ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણુ યોજન ૩૧૮૨૯૭ થાય છે. અહીંયાં પણ પહેલાં કહેલ યુક્તિ પ્રમાણે સાઠથી ભાગવાથી ભાગફળ યથોક્ત પ્રકારનું થઈ જાય છે, આ મંડળમાં મુહૂર્તગતિ પરિમાણ ૩૧૮૨૯૭÷૬૦=૫૩૦૪ $\frac{૫૭}{૬૦}$ આ રીતે મુહૂર્તગતિનું જે પરિમાણ કહેલ છે તે સર્વથા સયુક્તિક જ છે. અહીંયાં પણ દૃષ્ટિપથ પ્રાપ્તતાનું પરિમાણ કહે છે-(**तया णं इहगयस्स मणुस्सस्स एक्कत्तीसार जोयणसहस्सेहिं नवहि य सोलेहिं जोयणसएहिं एगूणतालीसाए सट्ठिभागेहिं जोयणस्स सट्ठिभागं च एगट्ठिहा छेत्ता सट्ठिए चुण्णिया भागे सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ**) ત્યારે આ મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોને એકતાલીસ હજાર નવસો સોળ યોજન તથા એક એક યોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ તથા સાઠના ભાગને એકસાઠથી છેદીને ૩૧૯૧૬$\frac{૩૯}{૬૦}$ $\frac{૧}{૬૧}$ સાઠ ચૂર્ણિકા ભાગોથી સૂર્ય શીઘ્ર ચક્ષુગોચર થાય છે. કહેવાનો ભાવ એ છે કે-સર્વબાહ્યમંડળની પછીના અંતરાભિમુખ પછીના બીજા મંડળના સંચરણસમયમાં અહીંયાં રહેલા મનુષ્યને (અહીંયા મનુષ્ય શબ્દને એક વચનથી કહેવાનું કારણ મનુષ્ય જાતિને લઈને જાતિવાચક હોવાથી તેમ કહેલ છે.) **અર્થાત્** મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોને દૃષ્ટિપથ પ્રાપ્તતાનું પરિમાણ ૩૧૯૧૬$\frac{૩૯}{૬૦}$ $\frac{૧}{૬૧}$ એકત્રીસ હજાર નવસો સોળ યોજન અને એક યોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ તથા સાઠના એક ભાગને એકસાઠથી ભાગીને તેની સાથે સાઠ ચૂર્ણિકા ભાગોથી શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. અહીંયાં પણ ગણિતપ્રક્રિયા આ પ્રમાણે થાય છે. આ બીજા મંડળમાં સૂર્ય જ્યારે ગતિ કરે છે. ત્યારે એકસઠિયા બે ભાગ વધારે બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. અને ૧૨$\frac{૨}{૬૧}$ તેના અર્ધા છ મુહૂર્ત અને એક મુહૂર્તનો એકસઠિયો એક ભાગ અધિક આને સમસ્ત રીતે એકસાઠ ભાગ કરવા માટે છએ મુહૂર્તોને એકસઠથી ગુણવા આ રીતે ગુણવાથી ત્યાં એકસઠ ભાગ વધારે હોવાથી તેનો ઉમેરો કરવો જેમકે-૧૨$\frac{૨}{૬૧}$+૬$\frac{૧}{૬૧}$=$\frac{૩૬૬}{૬૧}$+૧=$\frac{૩૬૭}{૬૧}$ આ પ્રમાણે ત્રણસો સડસઠ તથા એકસઠીયો ભાગ થાય છે. તે પછી સર્વબાહ્યમંડળના પછીના બીજા મંડળમાં પૂર્વોક્ત યુક્તિ અનુસાર પરિરયનું પરિમાણ ૩૧૮૨૯૭ ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણુ થાય છે, તેને જો ત્રણસો સડસઠથી ગુણવામાં આવે ૩૧૮૨૯૭+૩૬૭=$\frac{૧૧૬૮૧૪૯૯૯}{૬૧}$ અગ્યાર કરોડ અડસઠ લાખ ચૌદ હજાર નવસો નવ્વાણુ તથા નીચે એકસઠ આવે છે તેને તેથી એકસઠથી ગુણેલ સાઠ ૬૧+૬૦=૩૬૬૦ આનાથી ભાગવામાં આવે તો ૧૧૬૮૧૪૯૯૯÷૩૬૬૦=૩૧૯૧૬$\frac{૨૪૩૯}{૩૬૬૦}$ એકત્રીસ હજાર નવસો સોળ પૂરા આવે છે, તથા શેષ ચોવીસસો ઓગણચાલીસની નીચે ત્રણ હજાર છસો સાઠ આવે છે. આ સંખ્યાથી કોઈ યોજન બનતા નથી તેથી સાઠ ભાગ લાવવા માટે એકસઠથી ભાગવામાં આવે તો $\frac{૨૪૩૯}{૬૧-૬૦}$ =૩૯$\frac{૬૦}{૬૦}$=$\frac{૩૯}{૬૦}$ $\frac{૧}{૬૦}$ એક યોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ તથા સાઠના એક ભાગ

બરાબર એક યોજનના સાઠ એકસઠિયા ભાગ $\frac{૬૦}{૬૧}$ બધાને મેળવવાથી દૃષ્ટિપથપ્રાપ્તતાનું યથોક્ત પરિમાણ ૩૧૯૧૬$\frac{૩૯}{૬૦}$ $\frac{૧}{૬૧}$ મળી જાય છે. (तया णं राइंदियं तहेव) એ સર્વબાહ્યાનંતર અર્વાક્તન બીજા મંડળમાં ગમનકાળમાં રાતદિવસનું પ્રમાણ એટલે કે દિનમાન તથા રાત્રિમાન પૂર્વકથિત પ્રમાણેનું જ હોય છે. અર્થાત્ એ બીજા મંડળમાં એકસઠિયા બે મુહૂર્તભાગ ન્યૂન અઢાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે. તથા એકસઠિયા બે મુહૂર્તભાગ વધારે બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. ત્યાં રાત્રિમાન ૧૮$\frac{૨}{૬૧}$ તથા દિનમાન ૧૨$\frac{૨}{૬૧}$ આ પ્રમાણે થાય છે.

(से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) એ બીજા મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્યમંડળની પછીના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે સર્વબાહ્યમંડળના બીજા મંડળથી પછીના મંડળ તરફ ગમન કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે એ મંડળમાં જઈને ગતિ કરે છે, અર્થાત્ ત્રીજા મંડળમાં પરિભ્રમણ કરે છે, (ता जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं तिण्णि य चउरुत्तरे जोयणसए उणचालीसं सट्ठिभागे जोयणस्स एगमेगेणं मुहुत्तेणं गच्छइ) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે પાંચ હજાર ત્રણસો ચાર યોજન તથા એક યોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ પ્રમાણ એક એક મુહૂર્તમાં ગમન કરે છે. કહેવાનો ભાવ એ છે કે–એ સર્વબાહ્યમંડળની પછીના ત્રીજા મંડળાભિમુખ સંચરણકાળમાં જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે અર્થાત્ ત્રીજા મંડળમાં ભ્રમણ કરે છે, ત્યારે મુહૂર્તગતિનું પરિમાણ આ પ્રમાણે થાય છે. જેમ કે–પાંચ હજાર ત્રણસો ચાર યોજન તથા એક યોજનના સાઠિયા ઓગણ-

ચાલીસ ભાગ ૫૩૦૪$\frac{૩૯}{૬૦}$ આટલા પ્રમાણથી દરેક મુહૂર્તમાં અર્થાત્ એક એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે.

અહીંયાં પણ ગણિતપદ્ધતિ આ પ્રમાણે થાય છે,–એ મંડળમાં પરિરયનું પરિમાણ ૩૧૮૨૭૯ ત્રણ લાખ અઢાર હજાર બસો ઓગણએંસી થાય છે. તેને સાઠથી ભાગવામાં આવે તો આ મંડળમાં મુહૂર્તગતિનું પરિમાણયથોક્ત રીતથી થઇ જાય છે. જેમ કે–૩૧૮૨૭૯ ÷૬૦=૫૩૦૪$\frac{૩૯}{૬૦}$ આ પ્રમાણે કહેલ થઇ જાય છે. અહીંયાં પણ દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ બતાવતા કહે છે. (**तया णं इहगयस्स मणुस्सस्स एगाधिगेहिं बत्तीसाए जोयणसहस्सेहिं एगावण्णाए य सट्ठिभागेहिं जोयणस्स सट्ठिभागं च एगसट्ठिधा छेत्ता तेवीसाए चुण्णियाभागेहिं सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ**) ત્યારે આ મનુષ્યલોકમાં રહેલા મનુષ્યોને બત્રીસ હજાર એક યોજન તથા એક યોજનના સાઠિયા ઓગણપચાસ ભાગ તથા સાઠ ભાગને એકસઠથી ભાગીને તેવીસ ચૂર્ણિકા ભાગ પ્રમાણથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. કહેવાનો ભાવ એ છે કે, સર્વબાહ્યમંડળની પછીના ત્રીજા મંડળના પરિભ્રમણના સમયમાં આ મનુષ્ય-લોકમાં રહેલા મનુષ્યને (અહીંયાં મનુષ્ય શબ્દ જાતિવાચક હોવાથી મૂલમાં એકવચનથી કહેલ છે) અર્થાત્ આ મૃત્યુલોકમાં રહેલા મનુષ્યોને બત્રીસ હજાર યોજન તથા એક યોજનના $\frac{૪૯}{૬૦}$ સાઠિયા ઓગણપચાસ ભાગ તથા સાઠના એક ભાગને એકસઠથી છેદ કરીને ૩૨૦૦૧ $\frac{૪૯}{૬૦}$ $\frac{૧}{૬૧}$ આની સાથે ત્રેવીસ ચૂર્ણિકા ભાગોથી સૂર્ય શીઘ્રદૃષ્ટિગોચર થાય છે. અહીંયાં પણ ગણિત પ્રક્રિયા આ પ્રમાણે થાય છે. જેમ કે–આ મંડળમાં એકસઠિયા ચાર ભાગ વધારે બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. તેનું અર્ધું એકસઠિયા બે મુહૂર્તભાગ અધિક છ મુહૂર્ત થાય છે. જેમ કે દિનમાન=૧૨$\frac{૪}{૬૧}$ આના અર્ધા ૧૨$\frac{૪}{૬૧}$÷૨=$\frac{૨}{૬૧}$=૩૬૬ $\frac{×}{૬૧}$=$\frac{૩૬૮}{૬૧}$ આ બધાનો એકસઠિયો ભાગ કરવા માટે છ મુહૂર્તને એકસઠથી ગુણવાથી અને ગુણીને એકસાઠિયા બે ભાગનો પ્રક્ષેપ કરે તો $\frac{૩૬૮}{૬૧}$ એકસઠિયા ત્રણસો અડસઠ થાય છે.

તે પછી આ મંડળનું જે પરિરય પરિમાણ ૩૧૮૨૭૯ ત્રણ લાખ અઢાર હજાર બસો ઓગણ એંશી થાય છે. આને જો ત્રણસો અડસઠથી ગુણવામાં આવે તો ૩૧૮૨૭૯×$\frac{૩૬૮}{૬૧}$=૧૧૭૧૨૬ ૭$\frac{૬૨}{૬૧}$ અગીયાર કરોડ એકોતેર લાખ છવ્વીસ હજાર છસો બોંતેર નીચે એકસઠ તે પછી સાઠથી ભાગવા માટે એકસઠને સાઠથી ગુણવા ૬૧+૬૦=૩૬૬૦ આનાથી ભાગ કરવો ૧૧૭૧૨૬ ૬૭૨÷૩૬૬૦=૩૨૦૦૧ બત્રીસસો એક થાય છે. અને ત્રણ હજાર બાર શેષ રહે છે. આની નીચે છત્રીસસો સાઠ હોય છે. $\frac{૩૦૧૨}{૩૬૬૦}=\frac{૩૦૧૨}{૬૦+૬૧}=\frac{૪૯}{૬૦}\ \frac{૨૩}{૬૧}\ \frac{૧}{૬૧}$ એકસઠથી ભાગ કરવામાં આવે તો એક તરફ $\frac{૪૯}{૬૦}\ \frac{૨૩}{૬૧}$ સાઠિયા ઓગણપચાસ ભાગ તથા એક સાઠિયા ભાગના સાઠિયા તેવીસ ભાગ થાય છે.

(**राइंदियं तहेव**) રાત્રિ દિવસનું પરિમાણ પહેલાં કહેલ પ્રકારથી જ થાય છે. અર્થાત્ એકસઠિયા ચાર ભાગ ન્યૂન અઢારમુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે. તથા એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ અધિક બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ થાય છે. (**तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया**) પૂર્વોક્ત પ્રમાણથી અર્થાત્ એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રી હોય છે. અને એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ અધિક બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે.

હવે સર્વબાહ્યમંડળની પછીના મંડળમાં એટલે કે ચોથા વિગેરે મંડળોમાં અતિદેશથી કહે છે-(**एवं खलु एएणुवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ तयाणंतरं मंडलाओ मंडलं संकममाणे संकममाणे अट्ठारस अट्ठारस सट्ठिभागे जोयणस्स एगमेगे मंडले मुहुत्तगइं णिवुड्ढेमाणे णिवुड्ढेमाणे सातिरेगाइं पंचासीति पंचासीति जोयणाइं पुरिसच्छायं अभिवुड्ढेमाणे अभिवुड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ**) આ કહેલ ઉપાયથી પ્રવેશ કરતો સૂર્ય એના પછીના અર્થાત્ એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરીને એક યોજનના

સાઠિયા અઢાર અઢાર ભાગ એક મંડળમાં મુહૂર્તગતિને ન્યૂન કરીને કંઈક વધારે પંચાસી પંચાસી યોજન પુરૂષછાયાને વધારતા વધારતા સર્વાભ્યન્તરમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે-પૂર્વોક્ત પ્રકારથી ધીરે ધીરે એ અભ્યંતર મંડળની પછીના મંડલાભિમુખ ગમન કરીને અંદર પ્રવેશ કરતો સૂર્ય ત્રીજા મંડળથી ચોથા મંડળમાં અને ચોથા મંડળથી પાંચમા મંડળમાં એ પ્રમાણે ક્રમ ક્રમથી અંદરની બાજુ ગમન કરતો કરતો એક મંડળમાંથી બીજા મંડળમાં સંક્રમણ કરતા કરતા (અહિંયાં મુહૂર્તગતિ એ પદમાં મૂળમાં સપ્તમી વિભક્તિના અર્થમાં દ્વિતીયા વિભક્તિ થયેલ છે.) તેથી મુહૂર્તગતિ એટલે મુહૂર્તગતિ પરિમાણમાં એક યોજનના સાઠિયા અઢાર અઢાર ભાગ $\frac{18}{60}$ (અહીંયાં પણ પરિપૂર્ણ સાઠિયા અઢાર ભાગ આ પ્રમાણે સ્થૂલ પણાથી કહેલ છે. નિશ્ચય નયના મતથી તો એક યોજનના કંઈક ઓછા સાઠિયા અઢાર ભાગ) ઓછા કરતા કરતા પહેલા પહેલાના મંડળના કરતાં પછી પછીના મંડળના પરિરયના પરિમાણને વધારીને અઢાર યોજનની ન્યૂનતા કહેલ છે. પુરૂષછાયા આ ઠેકાણે પણ સપ્તમીના અર્થમાં દ્વિતીયા વિભક્તિ થયેલ છે, તેથી દૃષ્ટિપથપ્રાપ્તતા રૂપ પુરૂષછાયામાં આમ અર્થ થાય છે, સાતિરેક એટલે કંઈક વધારે પંચાસી પંચાસી યોજનને વધારતા વધારતા સર્વાભ્યંતર મંડળમાં યાવત્ પ્રતિમંડળમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ તે તે મંડળમાં જઇને ગતિ કરે છે. એટલે કે તે તે મંડળોમાં પરિભ્રમણ કરે છે, આ કથન સર્વબાહ્યમંડળથી અર્વાક્તન કેટલાક પહેલા બીજા વિગેરે મંડળની અપેક્ષાથી સ્થૂલતાથી કહેલ છે. વાસ્તિવિક રીતે તો એવી રીતે કહેવું જોઇએ કે-અહીંયા જે ક્રમથી સર્વાભ્યંતરમંડળમાંથી પાછા બહાર નીકળવાના સમયે દ્રષ્ટિપથપ્રાપ્તતાને કમ કરતા કરતા જે રીતે બહાર નીકળે છે એજ રીતે સર્વબાહ્યમંડળમાંથી અંદરની તરફ પ્રવેશ કરવાના સમયે પણ અર્વાક્તન એટલે પછીના મંડળોમાં દૃષ્ટિપથપ્રાપ્તતાને વધારતા વધારતા પ્રવેશ કરે છે. ત્યાં સર્વાભ્યંતરમંડળ પછીના બીજા મંડળની દૃષ્ટિપથપ્રાપ્તતાના પરિમાણથી સર્વબાહ્યમંડળમાં પંચાસી યોજન અને એક

ચોજનના સાઠિયા નવ ભાગ તથા સાઠિયા એક ભાગને એકસઠથી છેદ કરીને તેની સાથે સાઠ ભાગ ૮૫$\frac{૯}{૬૦}$ $\frac{૧}{૬૧}$ કમ કરે છે. પહેલાં જ મંડળગતિના વિચારકાળમાં ગણિતપદ્ધતિ પ્રદર્શિત કરેલ જ છે. તેથી અહીંયા પિષ્ટપેષણ કરવું ઇષ્ટ નથી, તે પછી સર્વબાહ્યમંડળની પછીના બીજા મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય ફરીથી દૃષ્ટિપથપ્રાપ્તતાના પરિમાણમાં વધારો કરે છે. આ સંક્ષેપ છે. તે પછી અર્વાક્તન અર્થાત્ પછીના મંડળોમાં જે જે મંડળોનું દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ જાણવું હોય તે તે મંડળમાં એટલે કે ત્રીજા મંડળથી આરંભીને તે તે મંડળની સંખ્યામાં છત્રીસથી ૩૬ ગુણવામાં આવે છે. અર્થાત ત્રીજાનો ગુણક એક ચોથાનો બે પાંચમાનો ત્રણ છઠાના ચાર આ ક્રમથી ગુણક હોય છે. જે આ પ્રમાણે ત્રીજા મંડળના વિચારમાં એકથી ગુણવામાં આવે તો છત્રીસ થાય છે. ચોથા મંડળની વિચારણામાં બેથી પાંચમા મંડળના વિચારમાં ત્રણથી આ પ્રકારના ક્રમથી યાવત્ સર્વાભ્યન્તરમંડળ યાવત્ ગુણકના અંકો હોય છે. અર્થાત્ સર્વાભ્યંતરમંડળના વિચારમાં એકસો બ્યાશી ૧૮૨ ગુણકાંક થાય છે. આ પ્રકારથી ગુણાકાર કરીને જે ગુણન ફળ આવે તેને ક્ષેપક રાશીથી ઓછા કરીને શેષ ધ્રુવરાશીની સાથે પૂર્વ પૂર્વમંડળગત દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ એ એ મંડળોમાં દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ થાય છે. જે આ પ્રમાણે છે, ત્રીજા મંડળમાં છત્રીસને એકના ગુણાંકથી ગુણવામાં આવે છે. એકથી ગુણેલ એજ પ્રમાણે ૩૬+૧=૩૬ છત્રીસ જ થાય છે. તેથી ક્ષેપક રાશિ જે ૮૫$\frac{૯}{૬૦}$,$\frac{૬૦}{૬૧}$ તેમાંથી ઓછા કરે તો ૮૫$\frac{૯}{૬૦}$, $\frac{૨૪}{૬૦}$ આ રીતે પંચાશી ચોજન તથા એક ચોજનના સાઠિયા નવ ભાગ તથા સાઠિયા ચોવીસ ભાગ થાય છે. આની સાથે પહેલાના મંડળના દૃષ્ટિપથપ્રાપ્તતાના પરિમાણને મેળવવાથી આ મંડળના દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ ૩૧૯૧૬$\frac{૩૯}{૬૦}$,$\frac{૬૦}{૬૧}$ એકત્રીસ હજાર નવસો સોળ ચોજન અને એક ચોજનના સાઠિયા ઓગણચાલીસ ભાગ તથા સાઠના એક ભાગ સહિત સાઠ એકસઠિયાભાગ થાય છે. આ

પ્રમાણેના ક્રમથી બધે જ ગણિત પ્રમાણ સમજી લેવું. આ પ્રમાણે અધિકૃત ત્રીજા મંડળમાં યથોક્ત રીતે દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ થઈ જાય છે, અહીંયાં પણ સ્પષ્ટરૂપે પૂર્વોક્ત કથનમાં બતાવવામાં આવી ગયેલ છે જેથી વિસ્તાર પૂર્વક કહેવાની જરૂર રહેતી નથી. અર્થાત્ વૃથા ગ્રન્થ વિસ્તાર કરવાથી શું લાભ ?

આ પ્રમાણે ચોથા મંડળમાં છત્રીસને બેથી ગુણવામાં આવે તો ૩૬+૨=૭૨ ગુણન ફળ બોંતેર થાય છે. આ સંખ્યાને ધ્રુવરાશીમાંથી ઓછા કરીને બાકીની ધ્રુવરાશીમાં ત્રીજા મંડળની દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ મેળવવામાં આવે તો ચોથા મંડળના દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ થઈ જાય છે. જેમ કે $૩૨૦૮૬\frac{૫૮}{૬૦},\frac{૧૧}{૬૧}$ બત્રીસ હજાર છાસી યોજન તથા એક યોજનના સાઠિયા અઠાવન ભાગ તથા એકસાઠિયા એક ભાગ સહિત એકસાઠિયા અગ્યાર ભાગ થઈ જાય છે, એજ પ્રમાણે બાકીના એકસો ચોર્યાશી મંડળોમાં દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ જાણવાને વિચાર કરે તો છત્રીસને એકસો બ્યાશીથી ગુણવામાં આવે તો ૧૮૨×૩૬=૬૫૫૨ છ હજાર પાંચસો બાવન ગુણનફળ થઈ જાય છે, કારણ કે ત્રીજા મંડળથી આરંભીને સર્વાભ્યંતર સુધીના એકસો બાસી મંડળો હોવાથી ગણના ક્રમ ત્રીજા મંડળથી જ થાય છે, તેથી સર્વાભ્યંતરમંડળનો ગુણક ૧૮૨ એકસો બાશી છે. આ પ્રમાણે અહીંયાં ગુણકફળ ૬૫૫૨ છ હજાર પાંચસો બાવન થાય છે. આ સંખ્યાને ૬૧ એકસઠથી ભાગવામાં આવે તો $૬૫૫૨\div૬૧=\frac{૧૦૭}{૬૦},\frac{૨૫}{૬૧}$ ભાગફળ સાઠિયા, એકસો સાત તથા એક યોજનના એકઠિયા પચીસ ભાગ થાય છે. આને ધ્રુવરાશી જે $૮૫\frac{૯}{૬૦},\frac{૬૦}{૬૧}$ પંચાશી યોજન અને એક યોજનના સાઠિયા ;નવ ભાગ તથા એકસઠિયા ભાગ સહિત સાઠ એકસઠિયા ભાગ આ સંખ્યાને ધ્રુવરાશીમાંથી ઓછા કરે તો $૮૫\frac{૯}{૬૦},\frac{૬૦}{૬૧}$ $૧\frac{૪૭}{૬૦},\frac{૨૫}{૬૧}=૮૩\frac{૨૨}{૬૦},\frac{૩૫}{૬૧}$ ત્યાશી યોજન તથા એક યોજનના સાઠિયા બાવીસ ભાગ અને એક યોજનના પાંત્રીસ એકસઠિયા ભાગ મળી જાય છે, અહીંયાં મૂળમાં એક કળા ન્યૂન એકસઠિયા છત્રીસ ભાગ વાસ્તવિક

રીતે પ્રાપ્ત થાય છે. આ તમામ પહેલાં ધ્રુલિકર્મથી બતાવી દીધેલ છે, એ પ્રમાણે તે દરેક મંડળમાં એક કલા ન્યૂન થઈને જ્યારે એકસો બ્યાશીમા મંડળમાં એકઠા કરીને મેળવવામાં આવે ત્યારે એકસઠિયા અડસઠ ભાગ$\frac{૬૮}{૬૧}$ લભ્ય થાય છે. તે પછી તેને ફરીથી પ્રક્ષિપ્ત કરે તો ૮૩$\frac{૨૩}{૬૦}$,$\frac{૪૨}{૬૧}$ ત્યાશી યોજન તથા એક યોજનના સાઠિયા તેવીસ ભાગ તથા એક યોજનના સાઠિયા ભાગ સહિત એકસઠિયા બેંતાલીસ ભાગ થાય છે. આ સંખ્યામાં સર્વાભ્યંતરમંડળની પછીના બીજા મંડળના દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ કે જે ૪૭૧૭૯$\frac{૫૭}{૬૦}$,$\frac{૧૯}{૬૧}$ સુડતાલીસ હજાર એકસો ઓગણ્યાશી યોજન તથા એક યોજનના સાઠિય સતાવન ભાગ તથા એક યોજનના સાઠિયા એક ભાગ સહિત એકસાઠિયા ઓગણીસ ભાગો થાય છે. તેને સાથે મેળવવામાં આવે તો ૪૭૧૭૯ $\frac{૫૭}{૬૦}$,$\frac{૧૯}{૬૧}$×૮૩$\frac{૨૩}{૬૦}$,$\frac{૪૨}{૬૧}$=૪૭૨૬૩$\frac{૨૧}{૬૧}$ સુડતાલીસ હજાર બસો ત્રેસઠ યોજન અને એક યોજનના એકસઠિયા એકવીસ ભાગ સર્વાભ્યંતર મંડળનું યથોક્ત દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ થઈ જાય છે. આ રીતે દૃષ્ટિપથપ્રાપ્તતામાં કેટલાક મંડળોમાં સાતિરેક એટલે કે કંઈક વધારે પંચાશી યોજન આગળના એકસો ચોરાશી મંડળોમાં યથોક્ત અધિકતા સાથે એકસો ત્યાશી યોજનને વધારતા વધારતા સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે ત્યાં સુધી આ પ્રમાણે કહેવું.

(તા जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं पंच पंच जोयणसहस्साइं दोण्णि य एक्कावण्णे जोयणसए अट्ठतीसं च सट्ठिभाए जोयणस्स एगमेगे णं मुहुत्तेणं गच्छइ) જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે પાંચ પાંચ હજાર બસો એકાવન યોજન અને એક યોજનના સાઠિયા અડતાલીસ ભાગ એક એક મુહૂર્તમાં ગમન કરે છે, અર્થાત્ સર્વાભ્યંતરમંડળમાં ભ્રમણ કરે છે, તે વખતે મુહૂર્તગતિનું પરિમાણ આ પ્રમાણે થાય છે. ૫૨૫૧$\frac{૩૮}{૬૦}$ પાંચ હજાર બસો એકાવન યોજન

તથા એક યોજનના સાઠિયા આડત્રીસ ભાગ આટલા યોજનોમાં પ્રતિમુહૂર્તગતિથી એક એક મુહૂર્તમાં સૂર્ય ગમન કરે છે, અર્થાત્ ત્યાં ભ્રમણ કરે છે. અહીંયાં પણ ગણિતપ્રક્રિયા પૂર્વકથનાનુસાર જ છે. (तया णं इहगयस्स मणुस्सस्स सीतालीसाए जोयणसहस्सेहिं दोहिय दोवट्ठेहिं जोयणसएहिं एक्कवीसाए सट्ठिभागेहिं जोयणस्स सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ) ત્યારે ત્યાં રહેલા મનુષ્યોને સુડતાલીસ હજાર બસો બાસઠ યોજન તથા એક યોજનના સાઠિયા એકવીસ ભાગથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. કહેવાનો ભાવ એ છે કે–સર્વાભ્યન્તરમંડળના સંચરણકાળમાં આ ભૂલોકમાં રહેલા મનુષ્યને (અહીંયાં મનુષ્ય શબ્દમાં મૂળમાં પ્રાકૃત હોવાથી એકવચન કહેલ છે, એ જાતિવાચક હોવાથી તેમ કહેલ છે.) તેથી મનુષ્યોને દૃષ્ટિપથપ્રાપ્તતાનું પરિમાણ આ પ્રમાણેનું થાય છે, સુડતાલીસ હજાર બસો બાસઠ યોજન તથા એક યોજનના સાઠિયા એકવીસ ભાગ આટલા પ્રમાણથી સૂર્ય શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે. અહીંયાં મુહૂર્તગતિ પરિમાણના સંબંધમાં દૃષ્ટિપથપ્રાપ્તતાના વિષયમાં આજ સૂત્રની વ્યાખ્યામાં પહેલા કહી જ દીધેલ છે. તેથી ફરીથી અહીંયાં તેનું કથન કરવામાં આવતું નથી. સૂત્રકારે તો તેનો પ્રસ્તાવ માત્ર કરીને ફરીથી પ્રતિપાદન કરેલ છે. પણ પ્રસ્તાવ ફરીથી કરે તો તેમાં પુનરૂક્તિ દોષ લાગતો નથી.

(तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, કહેવાનો ભાવ એ છે કે–સર્વાભ્યંતરમંડળના સંચરણકાળમાં સૂર્ય ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત હોય છે, અર્થાત્ ઉત્તર દિશામાં એટલે કે મિથુનસંક્રાંતિગત હોય છે, તેથી ઉત્કર્ષક એટલે કે પરમઅધિક અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે અને જઘન્યા પરમલઘ્વી બાર મુહૂર્તપ્રમાણવાલી રાત્રી હોય છે, આનાથી એ સિદ્ધ થાય છે કે-સર્વાભ્યંતરમંડળના સંચરણકાળમાં દિવસ પરમ અધિકતાવાળો અને રાત્રી પરમ અલ્પ પ્રમાણ-

વાળી હોય છે, તથા સર્વબાહ્યમંડળના સંચરણદિનમાં રાત્રીનું પ્રમાણ પરમ અધિક અને દિવસનું પ્રમાણ પરમ અલ્પ હોય છે, (एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे, एस णं आदिच्चे संवच्छरे, एस णं आदिच्चस्स संवच्छरस्स पज्जवसाणे) આ બીજા છ માસ કહેલ છે. આજ બીજા છ માસનું પર્યવસાન કહેલ છે, આ રીતે આજ આદિત્ય સંવત્સર છે. અને આજ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે. આ રીતે પૂર્વોક્ત નિયમ-વિશિષ્ટ દિનમાન અને રાત્રિમાન પરમ અધિક અને પરમ અલ્પ વિશિષ્ટ સર્વાભ્યંતરમંડળ સંચરણરૂપ બીજા છ માસ થાય છે, અર્થાત્ બીજા છ માસના પર્યવસાનરૂપ સમયમાં દિન-માન પરમ વધારે હોય છે, અને રાત્રિમાન પરમ અલ્પ હોય છે, તેથી આ આદિત્ય સંચારરૂપ સંવત્સર અર્થાત્ સાયન સૂર્ય એક ભાગ ભોગવવારૂપ સંવત્સર સૌરવર્ષ નામનું સંવત્સર છે. આજ આદિત્ય સંવત્સરના પર્યવસાનરૂપ કાળ છે, સૌરવર્ષની સમાપ્તિના સમયમાં સૂર્ય સાયનમિથુનાન્ત હોવાથી દિનમાન પરમઉત્કૃષ્ટ હોય છે, તથા રાત્રિમાન પરમ લઘુ હોય છે. તેથી એ પ્રમાણે જણાય છે કે સાયનકર્કાદિરાશિનો પ્રવેશ કાળ વર્ષારમ્ભકાળ હોય છે. તથા સાયન મિથુનાન્ત સૂર્યના ગમનનો કાળ વર્ષાનો અન્તકાળ હોય છે. ॥સૂ૦ ૨૩॥

બીજા પ્રાભૃતનું ત્રીજું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૨-૩ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
બીજું પ્રાભૃત સમાપ્ત ॥ ૨ ॥

卐

ત્રીજા પ્રાભૃતનો પ્રારંભ–

ત્રણ પ્રાભૃતપ્રાભૃત સાથે અર્થાધિકાર પ્રતિપાદક બીજા પ્રાભૃતનું કથન કરીને હવે આ ત્રીજા પ્રાભૃતનો આરંભ કરવામાં આવે છે. આ ત્રીજા પ્રાભૃતનો આ પ્રમાણે અર્થાધિકાર છે, (ता ओभासइ केवइयं) ચંદ્ર અને સૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે? આ વિષય સંબંધી પ્રશ્ન સૂત્ર આ પ્રમાણે છે,– (केवइयं खेत्तं) ઈત્યાદિ.

(ता केवइयं खेत्तं चंदिमसूरिया ओभासंति उज्जोवेंति तवेंति पगासेंति आहितातिवएज्जा) ચંદ્ર સૂર્ય કેટલા ક્ષેત્રને અવભાસિત કરે છે? ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે? અને પ્રકાશિત કરે છે? હે ભગવન્ તે આપ કહો.

શ્રી ગૌતમસ્વામીનો પ્રભુને પ્રશ્ન કરવાનો ભાવ એ છે કે–હે ભગવન્! પૂછવાના વિષયો ઘણા છે પરંતુ આ સમયે સૂર્ય ચંદ્રના અવભાસ ક્ષેત્રના સંબધમાં પ્રશ્ન પૂછું છું તે આપ કૃપાળું સાંભળો આ પ્રમાણે સુબુદ્ધિમાન વિનમ્ર શિષ્ય શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાનથી યુક્ત એવા પ્રભુને પૂછે છે કે–હે ભગવન્ કેટલા પ્રમાણવાળા ક્ષેત્રને ચન્દ્ર સૂર્ય અહીંયાં મૂળમાં ચન્દ્ર સૂર્ય શબ્દમાં (चंदिमसूरिया) આ પ્રમાણે બહુવચનનો પ્રયોગ કરેલ છે, તે જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્યનો સદ્ભાવ હોવાથી ચાર ચંદ્ર સૂર્ય થાય છે એ પ્રમાણેનો બોધ થાય તે કારણથી તેમ કહેલ છે, (चंदिमसूरिया) ચંદ્ર અને સૂર્ય કેટલા પ્રમાણવાળા ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. જો કે આ ચારે પદો સમાન અર્થના બોધક છે તો પણ બે અર્થનો બોધ ન થાય બે માટે દઢતા થવાના હેતુથી અલગ અલગ ચાર પદો કહેલા છે. જેમકે–અવભાસ પદ જ્ઞાનના પ્રતિભાસમાં પણ પ્રયુક્ત થાય છે. તેથી તેના નિવારણ માટે કહે છે કે–ઉદ્યોતિત થાય છે. આ ઉદ્યોત પણ લોકમાં પ્રકાશના અર્થમાં રૂઢ થયેલ છે જેમ કે–સૂર્યનો તડકો એ પ્રમાણે તથા ચંદ્રની ચાંદનીને પ્રકાશ એ પ્રમાણે કહેવાય છે. જેમ પાણીના ગોળારૂપ ચંદ્ર સૂર્યના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે. કારણ કે ચંદ્ર ગોળમાં પ્રકાશનો સર્વથા અભાવ છે. એજ કારણથી આતપ શબ્દ ચંદ્રની પ્રભામાં પ્રયુક્ત થાય છે. કહ્યું પણ છે કે–(चंन्द्रिका कौमुदी ज्योत्स्ना) તથા (चन्द्रातपः स्मृतः)'ઇતિ પ્રકાશ શબ્દ ચંદ્રની

પ્રભામાં અને સૂર્યની પ્રભામાં પણ પ્રયુક્ત થાય છે, એ પ્રાયઃ બહુજન વિદિત જ છે. તેથી જ આ અર્થની પ્રતિપત્તિ અર્થાત્ ખાત્રી થવાને માટે બેઉમાં સમાનતા લાવવા માટે ફરીથી એકાર્થિક બે શબ્દો કહેલા છે. તાપિત કરે છે, પ્રકાશિત કરે છે, આ રીતે બે શબ્દો કહ્યા છે. અહીંયાં આર્ષ હોવાથી તિબાદિ પદોની સાથે નામપદનો સમન્વય થાય છે. તેથી અહીંયાં પૂર્વોક્ત પ્રકારના કથનમાં અર્થ યોજના આ પ્રમાણે સમજવી. હે ભગવાન્ આપ આ વિષયના સંબંધમાં કહો આ રીતે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્ન કરવાથી કેવળજ્ઞાનવાન્ ભગવાન્ આ વિષયના સંબંધમાં પરતીર્થિકોના મિથ્યાભાવના ઉપદર્શન માટે તેઓના મતની પ્રતિપત્તીયો અર્થાત્ માન્યતાઓ બતાવે છે.

'तत्थ इमाओ बारस पडिवत्तीओ पण्णत्ताओ' એ વિષયમાં આ બાર પ્રતિપત્તિઓ કહેવામાં આવેલ છે. અર્થાત્ આ વક્ષ્યમાણ પ્રકારની બાર પ્રતિપત્તિયો પરતીર્થિકોના મતનું પ્રતિપાદન કરવાવાળી કહેલ છે. અર્થાત્ પરતીર્થિકોના મતાન્તરો બતાવેલા છે. 'तत्थ एगे एवमाहंसु' એ પ્રતિપત્તી વાદી બાર પરતીર્થિકોમાં કોઇ એક પ્રથમ પરતીર્થિક આ કથ્યમાન પ્રકારથી પોતાના મતના સંબંધમાં કહે છે. તે આ પ્રમાણે કહે છે. 'ता एगं दीवं एगं समुद्दं चंदिमसूरिया ओभासंति उज्जोवेंति तवेंति पगासेंति, एगे एवमाहंसु' એ પ્રતિપત્તિ વાદીઓમાં પ્રથમ તીર્થાન્તરીય આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો મત પ્રગટ કરે છે. અર્થાત્ પહેલો તીર્થાન્તરીય કહે છે કે-ગમન કરતા ચંદ્ર અને સૂર્ય એક દ્વીપ અને એક સમુદ્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે. અને પ્રકાશિત કરે છે. આ ઠેકાણે સૂત્રમાં દ્વિવચનના સ્થાનમાં બહુવચનનો પ્રયોગ કરેલ છે. તે પ્રાકૃત હોવાથી કરેલ છે. કહ્યું પણ છે. (बहुवयणेण दुवयणं) આ પ્રકારના પ્રમાણથી તે પ્રયોગ યથાર્થ જ છે. વાસ્તવિક તો અહીંયાં દ્વિવચન જ સમજવું જોઇએ કેમ કે-પરતીર્થિકોના મતથી એક ચંદ્ર અને એક સૂર્ય એમ બે કહેલા છે. હવે આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે-

'एगे एवमाहंसु' કોઈ એક પ્રથમ મતવાદી તીર્થાન્તરીય આ પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતનું કથન કરે છે. ૧

'एगे पुण एवमाहंसु' કોઈ બીજો પરમતાવલંબી પહેલા પરતીર્થિકના મતને સાંભળીને વક્ષ્યમાણ પ્રકારથી તેના મતના સંબંધમાં કથન કરે છે કે-(तिण्णि दीवे तिण्णि समुद्दे चंदिमसूरिया ओभासेंति, उज्जोवेंति तवेंति पगासेंति एगे एवमाहंसु २) ત્રણ દ્વીપો અને ત્રણ સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. બીજો એક પરતીર્થિક આ પ્રમાણે પોતાનો મત જણાવે છે, ૨ કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ કહે છે કે-બીજા મતવાદીના મતના સંબંધમાં હું કહુ છું તે સાંભળો એ બીજો પરતીર્થિક કહે છે કે-ગમન કરવાવાળા ચંદ્ર અને સૂર્ય ત્રણ દ્વીપો અને ત્રણ સમુદ્રોને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. બધે ઠેકાણે યાવત્ શબ્દ કહેવાથી અવભાસ શબ્દની સાથે ચારે પદોની યોજના કરી લેવી. એ હેતુથી કહે છે-અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે. અને પ્રકાશિત :કરે છે. આ પ્રમાણે બારે મતવાદીયોના મતની સાથે સમન્વય કરી લેવો. આ રીતે બીજો મતાવલંબી પૂર્વોક્ત પ્રકારથી પોતાના મતના સંબંધમાં કથન કરે છે (૨)

'एगे पुण एवमाहंसु' ૩ ત્રીજો કોઈ અન્ય મતવાદી આ નિમ્નોક્ત પ્રકારથી પોતાનો મત પ્રકટ કરે છે. (ता अद्धचउत्थे दीवसमुद्दे चंदिमसूरिया ओभासेंति, उज्जोवेंति, तवेंति पगासेंति एगे एवमाहंसु' ३ અર્ધચતુર્થ દ્વીપોને અને અર્ધ ચતુર્થ સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે, ત્રીજો કોઇ એક પરમતવાદી આ પ્રમાણે પોતાનો મત કહે છે. અર્થાત્ અર્ધ ચતુર્થ એટલે સાડા ત્રણ દ્વીપોને અર્થાત્ ચોથા દ્વીપના અર્ધા ભાગને ચોથાનો અર્ધો ભાગ જેમાં હોય છે તે અર્ધ ચતુર્થ એટલે કે ત્રણ પુરા અને ચોથા દ્વીપનો અર્ધોભાગ એટલે કે સાડા ત્રણ દ્વીપો અને સમુદ્રાને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત

કરે છે. ત્રીજો કોઇ એક પરમતવાદી આ કહેલ પ્રકારથી પોતાના મતના સંબંધમાં કહે છે, (૩)

'एगे पुण एवमाहंसु' ૪ કોઇ ચોથો મતવાદી ઉપરોક્ત ત્રણે અન્યતીર્થિકોના મત સાંભળીને નીચે કહેવામાં આવનાર પ્રકારથી પોતાનો મત પ્રગટ કરતા કહે છે-'ता सत्तदीवे सत्त समुद्दे चंदिमसूरिया ओभासेंति उज्जोवेंति तवेंति पगासेंति एगे एवमाहंसु' ૪ સાત દ્વીપો અને સાત સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. ચોથા મતવાદીનું આ પ્રમાણેનું કથન છે. ૪ 'एगे पुण एवमाहंसु' ૫ કોઈ એક પાંચમો તીર્થાન્તરીય ચારે પરમતવાદીયોના કથનને સાંભળીને વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો મત પ્રગટ કરતાં કહે છે-(ता दसदीवे दस समुद्दे चंदिमसूरिया ओभासेंति, उज्जोवेंति, तवेंति, पगासेंति एगे एवमाहंसु) ૫ દસ દ્વીપો અને દસ સમુદ્રોને સૂર્ય ચંદ્ર અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે પાંચમો તીર્થાન્તરીય પોતાના મતના સંબંધમાં કથન કરે છે. ૫ 'एगे पुण एवमाहंसु' ૬ કોઇ એક છટ્ઠો અન્ય મતવાદી હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતનું કથન કરતાં કહેવા લાગ્યો કે-(ता बारस दीवे बारससमुद्दे चंदिमसूरिया ओभासेंति उज्जोवेंति, तवेंति पगासंति एगे एवमाहंसु) ૬ બાર દ્વીપો અને બાર સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે છટ્ઠા અન્ય મતવાદીનું કથન છે. ૬

કહેવાનો ભાવ એ છે કે-પૂર્વવત્ પોતપોતાની મર્યાદામાં ભ્રમણ કરતા સૂર્ય અને ચંદ્ર બાર દ્વીપો અને બાર સમુદ્રોને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે છટ્ઠામતવાદીનો બડબડાટ છે. ।૬।

'एगे पुण एवमाहंसु' ૭ કોઇ એક સાતમો અન્યતીર્થિક પોતાના મતના સંબંધમાં

આ પ્રમાણે કહે છે. (ता बायालीसं दीवे बायालीसं समुद्दे चंदिमसूरिया ओभासेंति, उज्जोवेंति, तवेंति, पगासेंति, एगी एवमाहंसु' બેંતાલીસ દ્વીપો અને બેંતાલીસ સમુદ્રોને ચંદ્રસૂર્ય અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. કોઈ એક આ પ્રમાણેકહે છે, અર્થાત્ પોતપોતાના મંડળોમાં ભ્રમણુ કરતા ચંદ્ર અને સૂર્ય બેંતાલીસ દ્વીપો અને બેંતાલીસ સમુદ્રોને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે સાતમો અન્યતીર્થિક પોતાનો મત બતાવે છે. (૭) તે પછી (एगे पुण एवमाहंसु) ૮ સાતે અન્ય મતાવલંબીયોના મતને સાંભળીને નીચે કથ્યમાન પ્રકારથી આઠમો અન્યતીર્થિક પોતાનો મત બતાવતાં કહેવા લાગ્યો 'बावत्तरिं दीवे बावत्तरिं समुद्दे चंदिमसूरिया ओभासेंति, उज्जोवेंति, तवेंति, पगासेंति, एगे एवमाहंसु) બોંતેર દ્વીપો અને બોંતેર સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. અર્થાત્ આઠમા તીર્થાન્તરીયનું કહેવું એમ છે કે– કાંતિવૃત્તમાં સૂર્ય અને વિમંડળમાં ચન્દ્ર આ રીતે ભ્રમણુ કરતા કરતા બોંતેર દ્વીપો અને બોંતેર સમુદ્રોને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે આઠમો તીર્થાન્તરીય પોતાનો મત બતાવતાં કથન કરે છે. ।૮।

(एगे पुण एवमाहंसु) આઠે પરમતવાદિયોના મતને સાંભળીને નવમો અન્યમતાવલમ્બી પોતાના મતને પ્રગટ કરતાં કહેવા લાગ્યો કે–(ता बायालीसं दीवसयं बायालीसं समुद्दसयं चंदिमसूरिया ओभासेंति, उज्जोवेंति तवेंति पगासेंति एगे एवमाहंसु) એકસો બેંતાલીસ દ્વીપો અને એકસો બેંતાલીસ સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિતકરે છે અને પ્રકાશિત કરે છે, કોઇ એક નવમો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે, અર્થાત્ બેંતાલીસ અધિક સો એટલે કે એકસો બેંતાલીસ દ્વીપોને અને એકસો બેંતાલીસ સમુદ્રોને ગમન કરતા ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે નવમો અન્ય મતાવલમ્બી પોતાના મત વિષે

ઘોષણા કરે છે. ।૯। (एगे पुण एवमाहंसु) કોઈ દસમ મતવાદી અન્યતીર્થિક પોતાનો મત દર્શાવતાં આ પ્રમાણે કથન કરે છે.-(ता बावत्तरिं दीवसयं बावत्तरिं समुद्दसयं चंदिम सूरिया ओभासेंति, उज्जोवेंति तवेंति पगासेंति एगे एवमाहंसु) ૧૦ બોંતેર અધિક એકસો દ્વીપોને અને બોંતેર અધિક એકસો સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. કોઈ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ બોંતેર અધિક એકસો એટલે કે એકસો બોંતેર દ્વીપો અને એકસો બોંતેર સમુદ્રોને ચંદ્ર સૂર્ય ગમન કરતાં કરતાં અવભાસિત કરે છે, ઉદ્યોતીત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે દસમો તીર્થાન્તરીય પોતાના મત વિષે કથન કરે છે. ।૧૦। (एगे पुण एवमाहंसु) અગ્યારમો મતવાદી દસે અન્યતીર્થિકોના કથનને સાંભળીને પોતાનો મત પ્રગટ કરતાં કહેવા લાગ્યો કે-(ता बायालीसं दीवसहस्सं बायालीसं समुद्दसहस्सं चंदिमसूरिया ओभासेंति, उज्जोवेंति तवेंति पगासेंति) ૧૧ બેંતાલીસ અધિક એક હજાર દ્વીપોને અને બેંતાલીસ અધિક એક હજાર સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. અર્થાત્ અગીયારમો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે કે બેંતાલીસ અધિક એક હજાર એટલે કે ૧૦૪૨ એક હજાર બેંતાલીસ દ્વીપોને અને ૧૦૪૨ એક હજાર બેંતાલીસ સમુદ્રોને પોતપોતાના માર્ગમાં ભ્રમણ કરતા સૂર્ય અને ચંદ્ર આ કહેલ પ્રમાણવાળા ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતીત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. આ પ્રમાણે અગીયારમો મતવાદી પોતાના મત વિષે કહે છે. ।૧૧। (एगे पुण एवमाहंसु) કોઈ એક બારમો તીર્થાન્તરીય નીચે જણાવેલ પ્રકારથી પોતાના મતનું કથન કરે છે. અર્થાત્ અગીયાર અન્ય તીર્થિકોના મતને સાંભળીને બારમો તીર્થાન્તરીય આ રીતે પોતાનો મત દર્શાવે છે.-(ता बावत्तरं दीवसहस्सं बावत्तरं समुद्दसहस्सं चंदिमसूरिया ओभासेंति. उज्जोवेंति तवेंति पगासेंति एगे एवमाहंसु) બોંતેર અધિક એક હજાર દ્વીપોને અને બોંતેર અધિક એક હજાર સમુદ્રોને ચંદ્ર સૂર્ય અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે,

તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. કોઈ બારમો તીર્થાન્તરીય મતાન્તરવાદી આ પ્રમાણે પોતાના મતના સંબંધમાં કથન કરે છે. અર્થાત્ બોંતેર અધિક એક હજાર એટલે કે ૧૦૭૨ એક હજારને બોંતેર દ્વીપોને અને ૧૦૭૨ એક હજાર બોંતેર સમુદ્રોને પોતપોતાના માર્ગમાં ભ્રમણ કરતા ચંદ્ર અને સૂર્ય આટલા પ્રમાણના ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, પ્રકાશિત કરે છે. આ પ્રમાણે બારમો તીર્થાન્તરીય પોતાની માન્યતા પ્રગટ કરે છે. ।૧૨।

આ તમામ પ્રતિપત્તિયો અર્થાત્ માન્યતાઓ મિથ્યા રૂપ છે, અને અયથાર્થ વસ્તુની પ્રતિપાદક છે. તેથી આને છોડીને ભગવાન્ આ કથનથી જુદા પ્રકારે પોતાના મતને પ્રગટ કરતાં કહે છે-(वयं पुण एवं वयामो) ઉત્પન્ન જ્ઞાનચક્ષુ તથા કેવળજ્ઞાનથી તે તે વિષયોના જ્ઞાનથી યુક્ત યથાવસ્થિત ગમન શીલ જગતને જાણીને તથા બધી જગતની સ્થિતિને જાણીને આ વક્ષ્યમાણ પ્રકારથી મારો મત આ પ્રમાણે કહું છું. (अयण्णं जंबुद्दीवे सव्वदीवसमुद्दाणं जाव परिक्खेवेणं पण्णत्ते) આ જંબૂદ્વીપ સર્વ દ્વીપ અને સમુદ્રોમાં યાવત્ પરિક્ષેપથી કહેલ છે.

કહેવાનો ભાવ એ છે કે-જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વગેરે શાસ્ત્રોમાં વર્ણવેલ સર્વ લક્ષણોથી પૂર્ણ સમીપસ્થ આ જંબૂદ્વીપ રહેલ છે. જે બધા દ્વીપો અને સમુદ્રોમાં પરિક્ષેપ નામ પરિધિરૂપ છે. આ જંબૂદ્વીપનું વર્ણન જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં સવિસ્તર વર્ણવેલ છે, તો તે જીજ્ઞાસુએ ત્યાંથી જાણી લેવું. સામાન્ય રીતે સંક્ષેપથી અહીં કહેવામાં આવે છે, જે આ પ્રમાણે છે, (से णं एगाए जगतीए सव्वओ समंता संपरिक्खित्ते) તે જંબૂદ્વીપ આ જગતી અર્થાત્ પૃથ્વીમાં સર્વ માન્યતાથી નિર્ણિત થયેલ છે, અર્થાત્ એ પ્રતિબદ્ધ જંબૂ-દ્વીપ આ પૃથ્વીમાં અર્થાત્ સઘળા સંસારમાં સર્વમાન્ય અને સાતે દ્વીપોમાં મુગુટરૂપ છે, આ રીતે બધાએ વારંવાર જાણીને નિર્ણય કરેલ છે, અથવા આ જંબૂદ્વીપ એક જગતીથી ચારે તરફ સંપરિક્ષિપ્ત અર્થાત્ વીંટળાયેલ છે, તથા (सा णं जगती तहेव जहा जंबुद्दीवपन्नत्तीए जाव एवामेव सपुव्वावरेणं जंबुद्दीवे दीवे चोद्दससलिलासयसहस्सा छप्पण्णं च

सलिला सहस्सा भवंतीति मक्खायं) આ જગતી એ જ પ્રમાણે અર્થાત્ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં યાવત્ એ જ પ્રમાણે પૂર્વાપર જંબૂદ્વીપ નામનો દ્વીપ ચારે દિશાઓમાં એક લાખ છપ્પન હજાર નદીયોથી યુક્ત કહેલ છે, અર્થાત્ આ જગતી એ જ પ્રમાણે કહેલ છે, કે જેમ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ નામના સૂત્રમાં સઘળી રીતે સારી રીતે સમ્યકૃતયા વર્ણવેલ છે. તેનું સઘળું વર્ણન જાણવા માટે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રમાં જોઈ લેવું. ગ્રન્થ વિસ્તાર ભયથી તે વર્ણન પ્રકાર અહીંયાં કહેલ નથી. એ પ્રકારે ઉક્ત રીતે વર્ણવેલ જંબૂદ્વીપ પૂર્વપશ્ચિમ દિશામાં આયામ એટલે કે લાંબો તથા ઉત્તરદક્ષિણ દિશામાં વિસ્તારવાળો સર્વ દ્વીપોમાં ઉત્તમઅને સર્વ દ્વીપોનો પ્રકાશક કહેલ છે. આ જંબૂદ્વીપની ચારે દિશામાં એક લાખ છપ્પન હજાર નદીયો છે. તેનાથી વીંટળાયેલ આ જંબૂદ્વીપ કહેલ છે. એજ પ્રકારે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રમાં સુચારૂ રીતે વર્ણિત થયેલ છે, તે (जंबुद्दीवेणं दीवे पंचचउक्कभागसंठिया आहितातिं वएज्जा) જંબૂદ્વીપનામનો આ દ્વીપ પાંચ ચક્ર ભાગોથી સંસ્થિત અર્થાત્ રહેલ છે. એટલે કે-ઉપરોક્ત પ્રકારનો આ જંબૂદ્વીપ પાંચ ચક્રવાલ ભાગોથી અર્થાત્ પાંચ ચક્રાકારથી રહેલ છે, તેમ હું કહું છું તેમ સ્વશિષ્યોને કહેવું. આ પ્રમાણે ભગવાનશ્રીના કહેવાથી પોતાના શિષ્યોને સ્પષ્ટ રીતે બોધ થાય એ હેતુથી શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता कहं जंबुद्दीवे दीवे पंचचक्कभागसंठिए आहितातिं वएज्जा) તો જંબૂદ્વીપ નામનો દ્વીપ પાંચ ચક્રવાલ ભાગોથી સંસ્થિત કેવી રીતે કહેલ છે ? તે કહો. અર્થાત્ શ્રી ગૌતમસ્વામી કહે છે કે હે ભગવન્ કેવી રીતે કયા પ્રમાણથી આ જંબૂદ્વીપ નામનો દ્વીપ અર્થાત્ સર્વોત્તમ જંબૂદ્વીપ પાંચ ચક્રવાલ ભાગોથી સંસ્થિત છે? એમ આપ કહો છો ? તેની સ્પષ્ટપ્રતિપત્તી થવા માટે આપ કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી તે સાંભળીને શ્રી ભગવાન્ કહે છે.-(ता जया णं एते दुवे सूरिया सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति तया णं जंबुद्दीवस्स दीवस्स तिण्णि पंच चउक्कभागे ओभासंति उज्जोवेंति

तवेंति पगासेंति) જ્યારે આ બેઉ સૂર્યો સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપ પાંચીયા ત્રણ ચક્રવાલ ભાગોને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે, અર્થાત્ ભગવાન્ કહે છે કે–હે ગૌતમ! તમારા પ્રશ્નના સંબંધમાં હું કહું છું તે તમો સાંભળો જે સમયે બન્ને સૂર્યો સર્વાભ્યન્તરમંડળમાં બાહ્યાભ્યંતર ક્રમથી રહેલા એકસો ચોર્યાશી મંડળોમાં ઉપસંક્રમણ કરીને એટલે કે એ મંડળમાં જઇને ગમન કરે છે. અર્થાત્ એ મંડળમાં ભ્રમણ કરે છે, ત્યારે જંબૂદ્વીપ નામના સર્વ દ્વીપોમાં ઉત્તમ દ્વીપના પાંચીયા ત્રણ ચક્રવાલ ભાગોને આ બન્ને સૂર્યો અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. આ રીતે કેમ પ્રકાશિત થાય છે? આ પ્રમાણેનો અન્યને સંદેહ થવાના અવકાશનો વિચાર કરીને ફરીથી વિભાગ સહિત સમજાવવા કથન કરે છે.–(तं जहा एगे वि एगं दीवड्ढं पंचचक्कभागं ओभासेंति उज्जोवेंति तवेंति पगासेंति) એક સૂર્ય દ્વયર્ધ પાંચ ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. ભગવાન્શ્રીના કહેવાનો ભાવ એ છે કે–બે સૂર્યો પૈકી એક સૂર્ય જંબૂદ્વીપ નામના દ્વીપના એક પાંચ ચક્રવાલ ભાગને દ્વયર્ધ એટલે કે ડોઢ પૂર્ણ એકના અંતર્ભૂત ત્રીજો ભાગ ત્રિભાગપદથી કહેવામાં આવેલ છે. એજ પ્રમાણે અહીંયાં પણ 'तं' આ પદથી આ એ રીતે ભાવાર્થ કહેલ છે. તેથી પાંચ ચક્રવાલનો તથા એક ભાગ પાંચ ચક્રવાલના અર્ધો ભાગ એટલે દોઢ ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે, (एगे वि एगं दीवड्ढं पंच चक्कवालभागं ओभासेंति उज्जोवेंति तवेंति पगासेंति) એક સૂર્ય પાંચ ચક્રવાલ ભાગના એક દ્વયર્ધ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. અર્થાત્ બીજો એક સૂર્ય પહેલા સૂર્યની જેમ જ અર્થાત્ જેવી રીતે પહેલા સૂર્યના પ્રકાશનાદિ ક્રમનું પ્રતિપાદન કરેલ છે, એજ પ્રમાણે બીજો સૂર્ય પણ એક પંચમાંશ

ચક્રવાલ ભાગને અને બીજા પાંચમાં ચક્રવાલભાગના અર્ધાભાગ સહિત એટલે કે દ્વયર્ધ એટલે એક પુરો અને બીજાનો અર્ધો ભાગ અર્થાત્ દોઢ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. બન્ને પ્રકાશિત ભાગને મેળવવાથી પૂરેપૂરા ત્રણ ભાગને બે સૂર્ય દ્વારા પ્રકાશિત કરાય છે, આ કથનની ભાવના આ રીતે સમજવી જંબૂદ્વીપનું પ્રકાશ્ય ચક્રવાલ ૩૬૬૦=૬૧+૬૦=૩૬૬૦ ત્રણ હજાર છસો સાઈઠ ભાગ કલ્પિત કરેલ છે. આનો પાંચમો ભાગ ૩૬૬૦÷૫=૭૩૨ સાતસો બત્રીસ પ્રમાણ થાય છે, તેના અર્ધાં ૭૩૨÷૨=૩૬૬ ત્રણસો છાસઠ થાય છે. આની સાથે પ્રકાશ્ય ભાગના ૩૬૬૦ ત્રણ હજાર છસો સાઠ ભાગનો પાંચમો ભાગ ૭૩૨ સાર્ધ સાતસો બત્રીસ થાય છે. તે મેળવવાથી ૭૩૨+૩૬૬=૧૦૯૮ એક હજાર ને અઠ્ઠાણુ થાય છે તે પછી સર્વાભ્યન્તરમંડળમાં વર્તમાન એક સૂર્ય ૩૬૬૦ ત્રણ હજાર છસો સાઠ ભાગોમાંથી ૧૦૯૮ એક હજારને અઠ્ઠાણુ ભાગને પ્રકાશિત કરે છે. એજ પ્રમાણે બીજા સૂર્ય પણ બીજા એક હજાર અઠ્ઠાણુમા ભાગને પ્રકાશિત કરે છે. આ બન્નેને મેળવવાથી ૧૦૯૮+૧૦૯૮=૨૧૯૬ બે હજાર એકસો છન્નું પ્રકાશ્ય ક્ષેત્રનું માન થાય છે. ત્યારે બે પંચમાંશ ચક્રવાલ ભાગની રાત્રી થાય છે. તે આવી રીતે સમજવી જેમ કે–એક પંચમાંશ ભાગ ૩૬૬૦ ત્રણ હજાર છસો સાઈઠ થાય છે. આ ત્રણ હજાર છસો સાઠના ભાગને પાંચથી ભાગ કરે ૩૬૬૦।૫=૭૩૨ તો સાતસો બત્રીસ આવે છે એટલું સાતસો બત્રીસ ભાગ પ્રકાશ ક્ષેત્રની રાત્રી હોય છે. બન્નેને મેળવવાથી ૭૩૨+૭૩૨=૧૪૬૪ ચૌદસો ચોસઠ થાય છે, આ રાત્રી ત્રણ હજાર છસો સાઠ ભાગની હોય છે. બન્નેને મેળવવાથી એટલે ૨૧૯૬+૧૪૬૪=૩૬૬૦ ત્રણ હજાર છસો સાઈઠ થઈ જાય છે.

હવે અહીંના દિવસ રાત્રીના પ્રમાણનું કથન કરવામાં આવે છે.–(**तया णं उत्तम-कट्ठप**ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राईभवइ) ત્યારે ઉત્તમ-

કાષ્ઠા પ્રાપ્ત અઢાર મુહૂર્તનો ઉત્કૃષ્ટ દિવસ હોય છે, તથા જઘન્યા બાર મુહૂર્તની રાત્રી હોય છે. અર્થાત્ સર્વાભ્યંતરમંડળના સંચરણ સમયમાં ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ સાયન મિથુનગત સૂર્ય હોય ત્યારે એટલે કે પરમ ઉત્તરદિશા તરફ સૂર્ય હોય છે તેથી અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ થાય છે. તથા જઘન્યા સર્વ અલ્પા બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. સર્વાભ્યન્તરમંડળમાં દિવસનું પ્રમાણ અઢાર મુહૂર્તનું અને રાત્રીનું પ્રમાણ બાર મુહૂર્તનું કહેલ છે. આ બન્નેને મેળવવાથી ત્રીસ મુહૂર્તાત્મક સાઇઠ ઘડિ તુલ્ય નક્ષત્ર સંબંધી અહોરાત્ર થાય છે. (ता जया णं एए दुवे सूरिया सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं जंबुद्दीवस्स दीवस्स दोण्णि चक्कभागे ओभासेंति उज्जोवेंति, तवेंति पगासेंति) જ્યારે આ બન્ને સૂર્યો સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના બે ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. અર્થાત્ આ બીજી અહોરાત્રમાં સર્વાભ્યંતરમંડળના બીજા મંડળમાં વર્તમાન એક સૂર્ય જંબૂદ્વીપ નામના દ્વીપના એક પંચમાંશ ચક્રવાલ ભાગને છત્રીસસો સાડિ-સાઠ ભાગ સહિત બે ભાગ ન્યૂન આટલા પ્રમાણવાળા ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે. આ પ્રમાણે બીજો સૂર્ય પણ એક પંચમાંશ ચક્રવાલ ભાગને છત્રીસસો સાડિસાઠ ભાગ સહિત બે ભાગ ન્યૂનવાળા ભાગથી અવભાસિત કરે છે, ઉદ્યો-તિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. એજ પ્રમાણે ત્રીજા અહોરાત્રમાં ત્રીજા મંડળમાં રહેલો એક સૂર્ય એક પંચમ ચક્રવાલ ભાગને છત્રીસસો સાડીસાઠ ભાગ સહિત ચાર ભાગ ન્યૂન પ્રમાણવાળા ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. અને બીજો સૂર્ય પણ એક પંચમાંશ ચક્રવાલ ભાગને છત્રીસસો સાડિસાઠ ભાગ સહિત ચાર ભાગ ન્યૂન ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે, આ પ્રમાણે દરેક અહોરાત્રમાં એક એક સૂર્ય છત્રીસસો સાડિસાઠ

ભાગ સહિત બે ભાગ ન્યૂન ક્ષેત્રને પ્રકાશિત કરે છે, આ પ્રમાણે ત્યાં લગી સમજવું કે જ્યાં સુધી સર્વબાહ્યમંડળથી સર્વાભ્યંતરમંડળ પર્યન્તમાં ૧૮૩ એકસોગ્યાશી મંડળો થઈ જાય. આ રીતે પ્રત્યેક મંડળમાં બે ભાગ છોડવાથી જ્યારે સર્વબાહ્યમંડળમાં સૂર્ય ગતિ કરે છે, ત્યારે ૩૬૦ ત્રણસોસાઠ ભાગ ત્રુટિત થાય છે, એકસોગ્યાશીને બેથી ગુણવામાં આવે તો ૧૮૩+૨=૩૬૬ આટલી સંખ્યા થઈ જાય છે. અર્થાત્ ૩૬૬ ત્રણસો છાસઠ પાંચમા ચક્રવાલ ભાગના ૭૩૨ સાતસો બત્રીસ પ્રમાણનું અર્ધું પ્રમાણ થાય છે. ૭૩૨+૨=૩૬૬ અને પાંચમા ચક્રવાલ ભાગના અર્ધા પરિપૂર્ણ એ મંડળમાં ઓછા થાય છે. પાંચમા ચક્રવાલ ભાગનો એક ભાગ જ ત્યાં પરિપૂર્ણ થાય છે, એટલા માટે કહ્યું છે કે (ता जयाणं) ઇત્યાદિ જ્યારે જગપ્રસિદ્ધ આ બન્ને સૂર્યો સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળમાં ગમન કરે છે, ત્યારે બન્ને સૂર્યો એક સાથે જંબૂદ્વીપ નામના દ્વીપના બે ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે તાપિત કરે છે. અને પ્રકાશિત કરે છે. જો આ રીતે એક સૂર્ય પંચમાંશ ચક્રવાલ ભાગને પ્રકાશિત કરે છે અને બીજો સૂર્ય બીજા એક પંચમાંશ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે, (ता एगे वि एगं पंचमं चक्कवालभागं ओभासेंति, उज्जोवेंति तवेंति पगासेंति, एगे वि एक्कं पंचचक्कवालभागं ओभासेंति उज्जोवें, तवेंति पगासेंति) એક સૂર્ય એક પંચમ ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે. તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. તથા બીજો સૂર્ય બીજા એક પંચમાંશ ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને પ્રકાશિત કરે છે. પહેલાં સમગ્ર રીતે આ સર્વ કથન કહેલ છે. એટલે અહીંયાં કેવળ છાયા માત્ર નિર્દેશ કરીને આ કથન સમાપ્ત કરૂં છું.

(तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ) ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ઠા અઢાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે. અને

જઘન્ય બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે.

કહેવાનો ભાવ એ છે કે-સર્વબાહ્યમંડળના ગમનકાળમાં ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ પરમ દક્ષિણદિશામાં ગયેલ સાયનધન સંક્રાન્તિમાં ગયેલ સૂર્ય હોવાથી ઉત્કૃષ્ટા અર્થાત્ પરમાધિક અઢાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે. તથા જઘન્ય બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. આ કથનથી સર્વબાહ્યમંડળના સંચરણ સમયમાં એટલે કે પહેલા છ માસના અન્તના દિવસમાં દિવસમાન પરમ અલ્પ એટલે કે અત્યંત નાનો હોય છે, તથા રાત્રિમાન પરમ અધિક હોય છે. એજ પ્રમાણે સર્વાભ્યંતરમંડળના ગમનકાળમાં અર્થાત્ બીજા છ માસના અન્તિમ દિવસમાં દિવસમાન પરમ અધિક હોય છે, અને રાત્રિમાન પરમ અલ્પ હોય છે. આ કથનનો આ સારાંશ છે. અહીંયાં જેમ નિષ્ક્રમણ કરતા બેઉ સૂર્યોના જંબૂદ્વીપ સંબંધી પ્રકાશવિધિ ક્રમ ક્રમથી હીયમાન કહી છે, તથા સર્વબાહ્યમંડળના અભ્યંતર મંડળમાં પ્રવેશ કરતાં બન્ને સૂર્યોની જંબૂદ્વીપની પ્રકાશવિધિ ક્રમ ક્રમથી વધતી જાણવી. જેમ કે બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળ પછીના સમીપવર્તિ બીજા મંડળમાં રહેલ એક સૂર્ય જંબૂદ્વીપ નામના દ્વીપના એક પંચમ ચક્રવાલ ભાગને ૩૬૬૦ ત્રણ હજાર છસો સાઠ સંખ્યાવાળા ભાગ સહિત બે ભાગ અધિકને પ્રકાશિત કરે છે, અદ્યોતિત કરે છે, તાપિત કરે છે, પ્રકાશિત કરે છે. તથા અવભાસિત કરે છે. એજ પ્રમાણે બીજો સૂર્ય પણ એક પંચમ ચક્રવાલ ભાગને ૩૬૬૦ ત્રણ હજાર છસો સાઠ સંખ્યક ભાગ સહિત બે ભાગ અધિક ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે. બીજા છ માસના ત્રીજા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળના પછીના સમીપવર્તિ ત્રીજા અહોરાત્રમાં ત્રીજા મંડળમાં વર્તમાન એક સૂર્ય એક પંચમ ચક્રવાલ ભાગને ૩૬૬૦ ત્રણ હજાર છસો સાઠ સંખ્યક ભાગ સહિત ચાર ભાગ અધિક ક્ષેત્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે. અને પ્રકાશિત કરે છે. એજ પ્રમાણે બીજો સૂર્ય પણ

બીજી તરફ એક પંચમ ચક્રવાલ ભાગને યથોક્ત રીતે ચાર ભાગ અધિકપણાથી અવભાસિત કરે છે, ઉદ્યોતિત છે, તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે, આ રીતે પ્રત્યેક મંડળમાં એક એક સૂર્ય ત્રણ હજાર છસો સાઠ સંખ્યાવાળા ભાગ સહિત બે ભાગની વૃદ્ધિ થવાથી પ્રકાશિત કરતા કરતા અંદરની તરફ જઇને યાવત્ સર્વાભ્યંતરમંડળને એકાંતરાથી ઉદયને પ્રાપ્ત કરીને બેઉ સૂર્યો ગમન કરતાં કરતાં ત્યાં જ તેમની પ્રથમ ગતિ રોકાઈ જાય છે. (એક ગતિના અભાવમાં બીજી ગતિ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સિદ્ધાંતમાં કહેલ છે) તેથી એ સર્વાભ્યંતરમંડળમાં બીજા પંચમ ચક્રવાલ ભાગનો અર્ધો ભાગ પરિપૂર્ણ થાય છે. તે પછી એક સૂર્ય એ મંડળમાં એક સાર્ધ પંચમ ચક્રવાલ ભાગને અને જંબૂદ્વીપ નામના દ્વીપને પ્રકાશિત કરે છે તાપિત કરે છે, ઉદ્યોતિત કરે છે અવભાસિત કરે છે. એજ પ્રમાણે બીજો સૂર્ય પણ એક સાર્ધ પંચમ ચક્રવાલ ભાગને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે તાપિત કરે છે અને પ્રકાશિત કરે છે અને એજ પ્રમાણે જંબૂદ્વીપના ચક્રવાલના દસ ભાગોની કલ્પના કરીને અન્યત્ર પણ આજ પ્રમાણે સમજી લેવું અહીંયાં પણ આજ પ્રમાણેની ભાવના કરી લેવી. અન્ય ગ્રન્થમાં કહ્યું પણ છે કે-

छच्चेव उ दसभागे, जंबुद्दीवस्स दीवस्स दोवि दिवसयरा ।
तविंति दित्तलेसा, अब्भिंतर मंडले संता ॥ १ ॥
चतारि य दसभागे जंबुद्दीवस्स दिवस्स दोवि दिवसयरा ।
ताविंति संतलेसा, बाहिरए मंडले संता ॥ २ ॥
छत्तीसे भागसए सड्ढि काऊण जंबुद्दीवस्स ।
तिरियं वत्तो दो दो भागे वड्ढेइ हायइवा ॥ ३ ॥ ઇત્યાદિ ॥ સૂ૦ ૨૪ ॥

तइयं पाहुडं समत्तं–ત્રીજું પ્રાભૃત સમાપ્ત

નોટ—૨૪મા સૂત્રમાં બાર મતાન્તરવાદીયો કહેલ છે, તેમના મતનો સંગ્રહ આ પ્રમાણે છે-(૧) પહેલા મતવાદીના મતમાં બબ્બે ચંદ્ર સૂર્ય એક દ્વીપ અને એક સમુદ્રને

અવભાસિત કરે છે ઉદ્યોતિત તાપિત અને પ્રકાશિત કરે છે.

(૨) બીજાના મતથી ત્રણ દ્વીપો અને ત્રણ સમુદ્રોને
(૩) ત્રીજાના મતથી સાડાત્રણ સાડાત્રણ દ્વીપો અને સમુદ્રોને
(૪) ચોથાના મતથી એ સૂર્ય સાત દ્વીપ સમુદ્રોને
(૫) પાંચમાના મતથી એ સૂર્ય દસ દ્વીપો અને દસ સમુદ્રોને
(૬) છઠ્ઠાના મતથી બાર દ્વીપો અને બાર સમુદ્રોને
(૭) સાતમાના મતથી બેંતાલી દ્વીપો અને સમુદ્રોને
(૮) આઠમાના મતથી બોંતેર દ્વીપો અને સમુદ્રોને
(૯) નવમાના મતથી એકસો બેંતાલીસ ૧૪૨ ચન્દ્ર સૂર્ય અવભાસિત કરે છે.
(૧૦) દસમાના મતથી એકસો બોંતેર ૧૭૨ દ્વીપ સમુદ્રોને
(૧૧) અગીયારમાના મતથી એક હજાર બેંતાલીસ ૧૦૪૨ દ્વીપો અને સમુદ્રોને
(૧૨) બારમાના મતથી એક હજાર ને બોંતેર દ્વીપ સમુદ્રોને અવભાસિત કરે છે.

## ચૌથા પ્રાભૃત

ચોથા પ્રાભૃતનો પ્રારંભ-

ત્રીજા પ્રાભૃતને સારી રીતે કહીને હવે આ ચોથા પ્રાભૃતનો પ્રારંભ કરવામાં આવે છે, (सेया ते किं ते) :ઇત્યાદિ.

ટીકાર્થ :-(सेया ते किं ते संठिई) શ્વેતતાની સંસ્થિતિ તમારા મતથી કેવા પ્રકારની હોય છે? એ વિષયના સંબંધમાં ભગવાન્‌ને શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે-(ता कहं ते सेयानि संठिई आहिताति वएज्जा) આપના મતથી શ્વેતતાની સંસ્થિતિ કેવા પ્રકારની કહેલ છે? તે આપ કહો. અર્થાત્ ગૌતમસ્વામી પ્રશ્ન કરતાં કહે છે કે હે ભગવન્ આપે ત્રીજા પ્રાભૃતમાં સૂર્ય ચંદ્રના અવભાસ ક્ષેત્રના વિષયમાં વિસ્તાર પૂર્વ કથન કરેલ છે, તેથી હવે તેની શ્વેતતાના સંબધમાં પ્રશ્ન કરૂં છું કે-કેવા પ્રકારથી કે કેવા પ્રમાણથી આપે શ્વેતતાની અર્થાત્ પ્રકાશ ક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે? અર્થાત્ શ્વેતતાનું સંસ્થાન કેવા પ્રકારનું કહેલ છે? તે આપ કહો આ પ્રમાણે વિશાળ બુદ્ધિવાળા તપસ્વી ઇન્દ્રભૂતિ અપર નામવાળા ગૌતમસ્વામીએ પ્રશ્ન કરવાથી વીતરાગ ભગવાન્ મહાવીરસ્વામી કહે છે, (तत्थ खलु इमा दुविहा संठिई पण्णत्ता) એ શ્વેતતાના વિષયમાં આ આગળ કહેવામાં આવનાર બે પ્રકારની સંસ્થિતિ કહી છે. (तं जहा) જે આ પ્રમાણે છે-એ શ્વેતતાનું પ્રતિપાદન

કરતાં કહે છે-તદ્યથા પદને તત્ શબ્દ અવ્યયાર્થક છે. આનાથી આ પ્રમાણે આ અર્થનો વિચાર કરવો તદ્યથા એ શ્વેતતા જે પ્રમાણે દ્વિવિધ અર્થાત્ બે પ્રકારની થાય છે તે બતાવતાં કહે છે-(चंदिमसूरियसंठिई य तावक्खेत्तसंठिई य) ચંદ્ર સૂર્યની સંસ્થિતિ અને તાપક્ષેત્રની સંસ્થિતિ ચંદ્ર સૂર્યના સંસ્થાન વિશેષથી શ્વેતતાની જે સ્થિતિ હોય છે, તે પહેલી સંસ્થિતિ છે, તે પછી તેના ભ્રમણવશાત્ જે તાપક્ષેત્ર થાય છે, તેનાથી શ્વેતતાની જે સંસ્થિતિ થાય છે, તે બીજા પ્રકારની સંસ્થિતિ કહી છે. પરંતુ ત્યાં ચંદ્ર સૂર્યના વિમાનોની પણ શ્વેતતા થાય છે. તેના સંબંધથી તાપક્ષેત્રથી થવાવાળી શ્વેતતા પણ થાય છે, એ શ્વેતતાના યોગથી બેઉને શ્વેતતા શબ્દથી કહેવામાં આવેલ છે. તેથી જ ઉક્ત પ્રકારથી શ્વેતતા બે પ્રકારની થાય છે. આ કથન યુક્તિ યુક્ત જ છે અતએવ ચંદ્ર સૂર્યના સંબંધમાં ગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે-(ता कहं ते चंदिमसूरिया संठिई आहितात्ति वएज्जा) આપના મતથી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કેવા પ્રકારથી થાય છે? તે આપ કહો. અર્થાત્ હે ભગવન્ આપે ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કેવા પ્રકારની કહેલ છે? એ સ્પષ્ટતાથી સમજાવો. જે પ્રમાણે ચંદ્ર સૂર્યના વિમાનોના સંસ્થાન રૂપ સંસ્થિતિ આપે કહી છે, એજ પ્રમાણે અહીંયા ચંદ્ર સૂર્યની સંસ્થિતિ તેમના વિમાનોની સંસ્થિતિ એ રીતે ચારેના અવસ્થાન રૂપ સંસ્થિતિ પૃષ્ટવ્ય છે. અર્થાત્ એ ચારેના સંબંધમાં પૂછું છું આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના કહેવાથી ભગવાન્ એ વિષયમાં અન્ય તીર્થિકોની જેટલી પ્રતિપત્તિયો કહી છે તે બતાવતાં કહે છે-(तत्थ खलु इमाओ सोलस पडिवत्तीओ पण्णत्ताओ) ભગવાન્ કહે છે કે-હે ગૌતમ! ચંદ્ર સૂર્ય અને તેમના વિમાનોની સંસ્થિતિના સંબંધમાં વિચાર કરતાં આ વક્ષ્યમાણ પ્રકારની સોળ સંખ્યક અન્ય મત રૂપ પ્રતિપત્તિયો કહેવામાં આવેલ છે. (तत्थ एगे एवमाहंसु ता समचउरंससंठिया चंदिमसूरियासंठिई एगे एवमाहंसु) ૧ એ મતવાદીયોમાં કોઈ એક પ્રથમ મતવાદી કહે છે કે સમચતુરસ્ર સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે.

અર્થાત્ ચંદ્ર સૂર્યની અને એમના વિમાનોની સંસ્થિતિના સંબંધમાં કોઈ એક પહેલો તીર્થાન્તરીય આ હવે પછી કહેવામાં આવનાર સ્વરૂપથી પોતાનો મત કહે છે, કે-ચંદ્ર સૂર્ય અને તેમના વિમાનોની સંસ્થિતિ સમચતુરસ્ત્ર સંસ્થાનથી સંસ્થિત કહેલ છે, અર્થાત્ સમ એટલે તુલ્ય છે. ચાર અસ્ત્રય એટલે ખુણા જેમના તે સમચતુરસ્ત્ર એટલે કે સમચતુષ્કોણ-વાળું ક્ષેત્ર જેમ કે જે સંસ્થિતિ એટલે કે સંસ્થાન જે ચંદ્ર સૂર્યની સંસ્થિતિનું હોય એ સમચતુરસ્ત્ર સંસ્થાન સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે, પહેલો મતવાદી આ પ્રમાણે પોતાના મતનું કથન કરેલ છે. ।૧।

(एगे पुण एवमाहंसु ता विसमचउरंससंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૨ બીજો કોઇ એક કહે છે કે વિષમ ચતુરસ્ત્ર સંસ્થાનવાળી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે. આ પ્રમાણે બીજો અન્ય મતવાદી કહે છે. અર્થાત્ બીજો પરમતવાદી કહે છે કે-વિષમચતુરસ્ત્ર સંસ્થિત એટલે કે વિષમ આયામ વિસ્તારવાળી ચંદ્ર સૂર્ય મંડળની સંસ્થિતિ કહેલ છે, અહીંયાં પણ પૂર્વ કથન પ્રમાણે વિષમ છે ચારે ખુણાની સંસ્થિતિ જેની તે વિષમચતુરસ્ત્ર સંસ્થિતિ કહેવાય છે, આ પ્રમાણે પૂર્વ કથન પ્રમાણે આનો વિગ્રહ સમજી લેવો. ॥૨॥ (एगे एवमाहंसु एवं समचउक्कोणसंठिया चंदिमसूरियसंठिई एगे एवमाहंसु) ૩ કોઇ ત્રીજો મતાવલમ્બી કહે છે કે સમચતુષ્કોણ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે. અર્થાત્ ત્રીજો તીર્થાન્તરીય બીજા પરમતવાદીના કથનને સાંભળીને હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતનું કથન કરતાં કહે છે-સમચતુષ્કોણ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેવી જોઇએ, અહીંયાં સમ છે ચતુષ્કોણ જેના તે સમચતુષ્કોણ આવા પ્રકારનું સંસ્થાન જેનું હોય તે સમચતુષ્કોણ સંસ્થિતિ કહેવાય આ પ્રમાણેનો વિગ્રહ સમજી લેવો. અહીંયાં ભુજ નિર્દેશ ન કરવાથી એક કોણ તથા અસ્ત્રિ શબ્દ સરખા અર્થવાળા હોવાથી સમાન આયત ક્ષેત્રનું પ્રતિપાદન થાય છે. આ પ્રમાણે પહેલા મતવાદીના કથનની સાથે આનો મત સરખો જ સિદ્ધ થાય છે. કોઇ એક ત્રીજો મતવાદી આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ॥૩॥

(एगे एवमाहंसु ता विसमचउक्कोणसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु)४ કોઇ એક ચોથો મતવાદી વિષમચતુષ્કોણુ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે. આ ચોથા મતવાળાનું કથન બીજા મતવાદીના મતનેમળતું ઝુલતું છે કેવળ શબ્દાન્તર માત્રથી જ કેવળ જુદાપણું જણાય છે. અર્થાત્ વિષમ ચતુષ્કોણુ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ :કહી છે. અહીયાં વિષમ એટલે અતુલ્ય છે. ચાર ખૂણા જેના તે વિષમ ચતુષ્કોણુ એવી રીતે વિષમ કોણુવાળું જે સંસ્થાન આ પ્રમાણે વિગ્રહ સમજી લેવો. અસ્ર અને કોણુ એકાર્થના વાચક જ છે, જેથી બીજા મતવાદીના કથનાનુસાર જ આ ચોથો મતવાદી પણુ પોતાનો મત જણાવે છે. આ પૂર્વોક્ત પ્રકારથી ચોથો મતવાદી કહે છે ।।૪।।

(एगे पुण एवमाहंसु ता समचक्कवालसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एव माहंसु) ૫ કોઇ એક પાંચમો મતાવલમ્બી કહે છે કે-સમચક્રવાલ સંસ્થિત ચન્દ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે, કોઇ એક આ પ્રમાણે કહે છે, અર્થાત્ પાંચમો અન્યતીર્થિક કહે છે કે-સમચક્રવાલના જેવું સંસ્થાન જેનું હોય તેવા પ્રકારની ચંદ્ર સૂર્યની સંસ્થિતિ હોય છે. આ પ્રમાણે પાંચમા મતવાદીનો અભિપ્રાય છે. ।।૫।।

(एगे पुण एवमाहंसु ता विसमचक्कवालसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૬ પાંચ પરમતવાદીના મતને સાંભળીને છટ્ઠો મતવાદી પોતાનો મત જણાવતા કહે છે કે- વિષમ ચક્રવાલ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે. અહીંયા વિષમ છે ચક્રવાલ સંસ્થિતિ જેની એ રીતનો વિગ્રહ સમજી લેવો. આ પ્રમાણે છટ્ઠો મતાવલમ્બી કહે છે ।। ૬ ।।

(एगे पुण एवमाहंसु ता चक्कद्धचक्कवालसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता) ૭ સાતમો તીર્થાન્તરીય છએ અન્યતીર્થિકના મતને સાંભળીને પોતાનો મત પ્રગટ કરતાં કહે છે કે-ચક્ર એટલે રથાંગ-રથનું પૈડું તેનો જે અર્ધો ભાગ ચક્રવાલના આકારનો તેના જેવું સંસ્થાન જેનુ હોય તેવા પ્રકારની સંસ્થિતિવાળા ચંદ્ર સૂર્ય હોય છે, આ સાતમા મતવાદીનું કથન છએ અન્ય તીર્થિકોના કથનથી જુદા પ્રકારથી કહ્યું છે, આ રીતે સાતમો મતવાદી કહે છે. ।૭।

(एगे पुण एवमाहंसु ता छत्तागारसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु) સાતે મતાવલમ્બીયોના મતને સાંભળીને આઠમો મતવાદી પોતાના મતને પ્રગટ કરતા તે કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ છત્રાકાર રૂપે હોય છે. આ પ્રમાણે કહેવું. આ રીતે આઠમો મતવાદી કહે છે. ।૮।

(एगे पुण एवमाहंसु ता गेहसंठिया चंदिम सूरिया संठिई पण्णत्ता एगे एवमाहंसु) ૯ કોઇ એક નવમો અન્ય માતવાદી આઠેના મતને જાણીને પોતાનો મત પ્રગટ કરતાં કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ ગેહાકારથી સંસ્થિત એટલે કે વાસ્તુવિધિ વિધાનથી બનેલા

ઘરના જેવા સંસ્થાથવાળી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ હોય છે. નવમો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૯। (एगे पुण एवमाहंसु ता गेहावणसंठिया चंदिमसूरिय संठिई पण्णत्ता एगे एवमाहंसु) નવમા અન્યમતવાદીનો મત સાંભળીને દસમો અન્યતીર્થિક વક્ષ્યમાણ પ્રકારથી પોતાના મતનું કથન કરતાં કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ ગેહાપણની સંસ્થિતિના જેવા આકારની હોય છે, અર્થાત્ ઘરની સાથે જે આપણ-દુકાન તેને ગેહાપણ કહેવામાં આવે છે. વાસ્તુ વિધિવિધાનથી બનાવવામાં આવેલ વાસ્તુશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જે આપણ એટલે કે હાટ-દુકાન તેના સંસ્થાન જેવી સંસ્થિતિ આ પ્રમાણે દસમો તીર્થાન્તરીય પોતાનું ડિંડિમવાદ્ય વગાડે છે. ।૧૦।

(एगे पुण एवमाहंसु ता पासायसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ११ કોઈ એક એ પ્રમાણે કહે છે કે-પ્રાસાદ સંસ્થિત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે, અર્થાત્ દસે તીર્થાન્તરીયના કથનને સાંભળીને અગ્યારમો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાના મત વિષે કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ પ્રાસાદના સંસ્થાન જેવી છે, પ્રાસાદ ધનિકોના ઘરોને કહેવામાં આવે છે. એ પ્રાસોદોના જેવું સંસ્થાન છે જેનું તે પ્રાસાદસંસ્થાન સંસ્થિત કહેવાય છે. કોઈ એક આ રીતે પોતાનો મત દર્શાવે છે. ।૧૧। (एगे पुण एव-माहंसु ता गोपुरसंठिया चंदिमसूरियासंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૧૨ કોઈ એક બારમો તીર્થાન્તરીય ગોપુરાકારથી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે તેમ કહે છે, અર્થાત્ બારમો તીર્થાન્તરીય પોતાનો મત દર્શાવતા કહે છે કે-ચંદ્ર સૂર્યની સસ્થિતિ ગોપુરના સંસ્થાન જેવી કહેલ છે, ગોપુર ધનવાનોના ઘરના બહારના દરવાજાને કહે છે. ગોપુર એટલે કે પુરદ્વાર અંતઃપુરના જેવી સંસ્થિતિ ચંદ્ર સૂર્યની હોય છે. આ પ્રમાણે બારમા અન્યતીર્થિકનું કથન છે. ।૧૨। (एगे पुण एवमाहंसु ता पेच्छाघरसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૧૩ કોઈ એક અર્થાત્ તેરમો મતવાદી કહે છે કે સૂર્ય ચંદ્રની

સંસ્થિતિ પ્રેક્ષાગૃહની જેમ સંસ્થિત છે, અર્થાત્ કોઈ એક તેરમો તીર્થાન્તરીય કહે છે કે-નહીં નહીં આ બારે વાદિયોના મતો સમીચીન નથી મારો મત સાંભળો ચંદ્ર સૂર્યની સંસ્થિતિ પ્રેક્ષાગૃહના જેવા સંસ્થાનથી સસ્થિત છે પ્રેક્ષગૃહ પ્રતીક્ષાલયને કહે છે. વાસ્તુવિધિવિધાનથી બનેલ પ્રતીક્ષાગૃહની જેવી સંસ્થિતિ જેની હોય એવી સંસ્થિતિ ચંદ્ર સૂર્યની હોય છે, પ્રમાણે અન્યના મતથી ભગવાન કહે છે. આમ કોઈ એક તેરમા મતવાદીનું કહેવું છે. ।૧૩।

(एगे पुण एवमाहंसु ता वलभीसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૧૪ કોઈ એક ચંદ્ર સૂર્યની સંસ્થિતિ વલભી જેવી કહે છે. અર્થાત્ ચૌદમો તીર્થાન્તરીય પોતાના મતને પ્રગટ કરતાં કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ વલભીના આકાર, જેવી સંસ્થિત છે, વલભીઘરના અગ્રભાગને કહે છે. આવા પ્રકારનું સંસ્થાન જેનું હોય તેને વલભી સંસ્થાન સંસ્થિત કહેવાય છે. કોઈ એક ચૌદમો મતવાદી આ રીતે પોતાનો મત દર્શાવે છે. ।૧૪।

(एगे पुण एवमाहंसु ता हम्मियतलसंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૧૫ કોઇ એક એવી રીતે કહે છે કે હર્મ્યતલના જેવી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે, અર્થાત્ પંદરમો અન્યમતવાદી કહે છે કે-હર્મ્યતલના જેવી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે, અર્થાત્ પંદરમો અન્યમતવાદી કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ હર્મ્યતલના સરખી હોય છે, હર્મ્ય ધનવાનોના ઘરને કહે છે. એનું જે તલ એટલે કે ઉપરનો ભાગ એ હર્મ્યતલના જેવું સંસ્થિત સંસ્થાન જેનું હોય તેવા પ્રકારની ચંદ્ર સૂર્યની સંસ્થિતિ હોય છે. કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે-કોઈ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૧૫।

(एगे पुण एवमाहंसु ता वालग्गपोतियासंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता एगे एव-माहंसु) ૧૬ કોઇ એક એવું કહે છે કે વાલાગ્રપોતિકાના જેવા સંસ્થાનથી યુક્ત ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહેલ છે. કહેવાનો ભાવ એ છે કે-સોળમો અન્ય મતવાદી આ નીચે દર્શાવેલ પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતાં કહે છે કે ચંદ્ર સૂર્યની સંસ્થિતિ વાલાગ્ર પોતિકાના

જેવા સંસ્થાનથી કહેલ છે, વાલાગ્રપોતિકા શબ્દ પ્રાકૃત હોવાથી આકાશતલની મધ્યમાં વ્યવસ્થિત જે ક્રીડાસ્થાન એટલે લઘુપ્રાસાદ તેને વાલાગ્રપોતિકા કહે છે. એ વાલાગ્ર-પોતિકના જેવું સંસ્થિત એટલે કે રહેલું સંસ્થાન જેનું હોય તેને વાલાગ્રપોતિકા સંસ્થાન-સંસ્થિત કહેવાય છે, અન્યાભિપ્રાયથી કહીને ઉપસંહાર કરતાં કહે છે કે કોઈ એક આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે. ।૧૬।

આ પ્રમાણે અહીંયાં સોળે પરમતવાદીયોના અભિપ્રાય રૂપ પ્રતિપત્તિયોનું પ્રતિપાદન કરીને હવે એ પ્રતિપત્તિયોમાં જે પ્રતિપત્તિયો સમ્યક્ પ્રકારની છે તેનું કથન કરતાં સૂત્ર-કાર કહે છે.-(तत्थ जे ते एवमाहंसु ता समचउरंससंठिया चंदिमसूरियसंठिई पण्णत्ता) તેઓમાં જે એમ કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ સમચતુરસ્રાકારથી સંસ્થિત કહેલ છે. અર્થાત્ સોળ મતાન્તરવાદીયોમાં જે જે અન્યતીર્થિકો એવી રીતે કહે છે કે-ચંદ્ર સૂર્યની સંસ્થિતિ સમચતુરસ્રાકારથી સંસ્થિત છે, અર્થાત્ સમાયતવત્ રહેલ છે. આ પહેલા અન્ય મતવાદીનું કથન છે. (एएणं णएणं णेयव्वं णो चेव णं इतरेहिं) આ નયથી જાણવું બીજાથી નહીં. કહેવાનો ભાવ એ છે કે-આ પૂર્વોક્ત પ્રકારથી પહેલા તીર્થાન્તરીયના મતથી એટલે કે અભિપ્રાયથી ચંદ્ર સૂર્યની સંસ્થિતિ જ્ઞાતવ્ય છે. અર્થાત્ મારા મતથી પણ ચંદ્ર સૂર્યની સંસ્થિતિ એ પ્રથમ મતવાદીના કથન પ્રમાણે છે. બીજા વિગેરે સોળમા સુધીના પંદર તીર્થાન્તરીયના કથનાનુસાર ચંદ્ર સૂર્યની સંસ્થિતિ નથી તેમ મારો મત છે. તેથી તે અન્ય મતાવલમ્બીયોના કથન સાથે મારો અભિપ્રાય મળતો આવતો નથી.

બધા સૂક્ષ્મ સ્થૂલ ભેદો મૂર્તામૂર્તાદિસંજ્ઞક પ્રાણભેદ કાળ વિશેષ સુષમાદિ યુગના મૂળ છે, યુગના આદિ શ્રાવણ માસમાં કૃષ્ણ પક્ષના પડવાને દિવસે સવારના સૂર્યોદયના સમયે એક સૂર્ય દક્ષિણ પૂર્વ દિશામાં એટલે કે આગ્નેય કોણમાં સ્થિત રહે છે. એજ સમયે બીજો સૂર્ય પણ પશ્ચિમ ઉત્તરદિશામાં અર્થાત્ વાયવ્ય કોણમાં સ્થિત રહે છે. બેઉ સૂર્યો પરસ્પર સન્મુખ થઈ જાય છે. એ સમયે બે ચંદ્રોમાં એક ચંદ્ર દક્ષિણ પશ્ચિમદિશા એટલે કે નૈઋત્ય કોણમાં સ્થિત રહે છે, અને બીજો ચંદ્ર ઉત્તરદિશામાં અર્થાત્ ઈશાન

ખુણામાં સ્થિત રહે છે, એ બેઉ ચંદ્રો પણ પરસ્પર સન્મુખ આવે છે. જેથી યુગની આદિમાં ચંદ્ર સૂર્ય સમચતુરસ્રસંસ્થિત હોય છે એટલે કે સમાયત વર્તમાન દેખાય છે. કારણ કે પૃથિવી મુકુરોદરાકાર હોવાથી આ પ્રમાણે દેખાય છે.

અહીંયાં જે મંડળની વિષમતા છે તે આ પ્રમાણે જેમ બન્ને સૂર્યો સર્વાભ્યન્તરમંડળમાં હોય છે અને બન્ને ચન્દ્રો સર્વબાહ્યમંડળમાં વર્તમાન હોય છે. આ પ્રમાણેનું વૈશમ્ય ગણત્રીમાં વિવક્ષિત કરેલ નથી, આ વિષમતા અતિ અલ્પ હોવાથી એ ફલિત થાય છે કે સકળ કાળ વિશેષ જે સુષમાદિ સ્વરૂપ સર્વના આદિરૂપ યુગની આદિમાં સમચતુરસ્ર સંસ્થિત સૂર્ય ચંદ્રમા હોય છે. તેથી તેમની સંસ્થિતિ સમચતુરસ્ર સંસ્થાનથી વર્ણવેલ છે. અથવા બીજા પ્રકારથી સંપ્રદાયાનુસાર ચતુરસ્રસંસ્થિતિની ભાવના સમજી લેવી. બીજી આનાથી જુદા પ્રકારની માન્યતા અનુસાર ચંદ્ર સૂર્યની સંસ્થિતિનો વિચાર કરવો નહીં કારણ કે તેમના અભિપ્રાય સાથે હું સમ્મત થતો નથી, એ બીજા અન્ય મતવાદીથી લઈને સોળમા મતવાળા સુધીના બધા જ મતાવલંબીયોનું કથન મિથ્યા રૂપ જ છે.

આ પ્રમાણે ચંદ્ર સૂર્યની સંસ્થિતિનો વિચાર કરીને હવે તાપક્ષેત્રની સંસ્થિતિ કહેવાની ઇચ્છાથી હવે એ વિષય સંબંધી પ્રશ્નસૂત્ર કહેવામાં આવે છે. (ता कहं ते तावक्खेत्त-संठिई आहिताति वएज्जा) આપના મતથી તાપક્ષેત્રની સંસ્થિતિ કેવા પ્રકારની કહેલ છે તે કહો અર્થાત્ શ્રી ગૌતમસ્વામી કહે છે કે–હે ભગવન્ અન્ય અનેક પ્રશ્નો છે પરંતુ આ વખતે તાપક્ષેત્રના વિષયમાં પૂછું છું કે કેવા પ્રકારથી અને કેવા પ્રમાણવાળી તાપક્ષેત્રની સંસ્થિતિ આપના મતથી કહેલ છે? તે આપ કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન્ તાપક્ષેત્રના સંબંધમાં અન્યતીર્થિકોના મતાન્તરો રૂપ પ્રતિપત્તિયોને બતાવતાં કહે છે–(तत्थ खलु इमाओ सोलस पडिवत्तीओ पण्णत्ताओ) તાપક્ષેત્ર સંસ્થિતિના સંબંધમાં આ વક્ષ્યમાણ સોળ પ્રતિપત્તિયો કહેલ છે. અર્થાત્ એ તાપક્ષેત્ર સંસ્થિતિના

સંબંધમાં સોળ પ્રતિપત્તિયો એટલે કે મતાન્તર રૂપ વિચાર વક્ષ્યમાણ પ્રકારથી કહે છે.

(तत्थ णं एगे एवमाहंसु ता गेहसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता) એ સોળ પરતીર્થિકોમાં એક પહેલો તીર્થાન્તરીય આ પ્રમાણે ચંદ્ર સૂર્યના તાપક્ષેત્રની સંસ્થિતિના સંબંધમાં કહે છે કે ચંદ્ર સૂર્યના તાપક્ષેત્રની સંસ્થિતિ વાસ્તુ વિધિથી કરવામાં આવેલ ઘરના સમાન કહેલ છે. (एवं जाव वालग्गपोतिया संठिया तावक्खेत्तसंठिई पण्णत्ता) આ પ્રમાણે વાલાગ્રપોતિકાના સંસ્થાન જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી ચંદ્ર સૂર્યની સંસ્થિતિમાં કહેલા પ્રકારથી વાલાગ્રપોતિકાના જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, આ કથન પર્યન્ત ગૃહ સંસ્થિતિના કથનથી વાલાગ્ર પોતિકાના કથન સુધી કથન કરી લેવું. અર્થાત્ ગૃહસંસ્થિત એ પ્રમાણે નવમા મતાન્તરવાદીનો મત છે. અને વાલાગ્રપોતિકા એ સોળમાં તીર્થાન્તરીયનો મત છે, તેથી નવમાથી લઈને સોળમાં મતાન્તરવાદી પર્યન્તના બધા મતાન્તરવાદીયોના મતાન્તરો એકથી આરંભીને ક્રમ પૂર્વક કહી લેવા જોઈએ. જે આ પ્રમાણે છે,-(एगे पुण एवमाहंसु ता गेहावणसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) કોઈ એક બીજો મતાન્તરવાદી આ પ્રમાણે કહે છે કે ગેહાપણ સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. બીજો એક અન્ય મતવાદી આ પ્રમાણે કહે છે. ।૨। (एगे पुण एवमाहंसु ता पासायसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) કોઈ ત્રીજો અન્યમતવાદી કહે છે કે પ્રાસાદની જેમ સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. ત્રીજો કોઈ આ પ્રમાણે પોતાનો મત કહે છે. ।૩। (एगे पुण एवमाहंसु ता गोपुर संठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे पुण एवमाहंसु) કોઈ ચોથો મતાવલંબી કહે છે કે ગોપુરના સંસ્થાન જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે, કોઈ એક આ પ્રમાણે કહે છે ।૪। (एगे पुण एवमाहंसु ता पिच्छाघरसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) પાંચમો

અન્યમતવાદી કહે છે. કે પ્રેક્ષાગૃહના સંસ્થાનની જેમ તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. પાંચમો મતાવલમ્બી આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૫। (एगे पुण एवमाहंसु ता वलभीसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता) છટ્ઠો કોઈ એક મતવાદી કહે છે કે વલભીના સંસ્થાનની જેમ તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. આ પ્રમાણે છટ્ઠા મતવાદીનો મત છે. ।૬। (एगे पुण एवमाहंसु ता हम्मियतलसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) કોઈ એક સાતમો તીર્થાન્તરીય કહે છે કે હર્મ્યતલના જેવા સંસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે સાતમો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાનો મત કહે છે. ।૭। (एगे पुण एवमाहंसु ता वालग्गपोतियासंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) કોઈ એક નવમો અન્યમતવાદી કહે છે કે–વાલાગ્રપોતિકાના સંસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. આ આઠમા મતવાદીનો અભિપ્રાય છે. ।૮। આ તમામ કથન પ્રાયઃ પહેલાં કહેવાઈ ગયેલ છે. જેથી અહીંયાં ફરીથી વિસ્તૃત કથન કરેલ નથી, વ્યાખ્યાત પૂર્વ હોવાથી ફક્ત છાયા માત્ર લેખન જ પર્યાપ્ત છે એ વિચારથી કેવળ છાયાથી જ આ મતાંતરોનો અહિયાં નિર્દેશ કરેલ છે. આ તમામ પદોમાં પૂર્વ કથનાનુસાર વિગ્રહની ભાવના કરીને સમજી લેવા જોઈએ.

(एगे पुण एवमाहंसु ता जस्संठिए जंबुद्दीवे तस्संठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु। ।૯। કોઈ એક નવમો તીર્થાન્તરીય એવી રીતે કહે છે કે જેવી રીતે આ જંબૂદ્વીપ સંસ્થિત છે, એવા જ પ્રકારના સંસ્થાનથી તાપક્ષેત્રની સંસ્થિતિ પ્રજ્ઞપ્ત કરેલ છે. કોઇ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ નવમો તીર્થાન્તરીય આઠે મતવાદીયોના મતને સાંભળીને આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાનો મત પ્રદર્શિત કરતાં કહે છે કે– જે સંસ્થાનથી સંસ્થિત જંબૂદ્વીપ નામનો દ્વીપ કહેલ છે. એ સંસ્થાનથી આ તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. અર્થાત્ જંબૂદ્વીપના જેવું સંસ્થાન જેનું હોય એવા પ્રકારથી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. જંબૂદ્વીપના સંસ્થાનની સંસ્થિતિ અનુસાર તાપક્ષેત્રની

હોય છે. આ રીતે નવમા તીર્થાન્તરીયનું કહેવું છે આ પ્રમાણે કોઇ એક મતવાદી કહે છે. ।૯। (एगे पुण एवमाहंसु ता जस्संठिए भारहे वासे तस्संठिई पण्णत्ता एगे एवमाहंसु) ૧૦। કોઈ એક કહે છે કે જેવા સંસ્થાનથી આ ભારત વર્ષ સંસ્થિત છે એ સંસ્થાનથી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. કોઈ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ કોઈ દસમો તીર્થાન્તરીય આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતનું પ્રદર્શન કરતો થકો કહે છે કે-જેવા પ્રકારના સંસ્થાનથી સંસ્થિત ભારતવર્ષ છે. એવા પ્રકારના સંસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. આ પ્રમાણે દસમા તીર્થાન્તરીયનો અભિપ્રાય છે, ।૧૦। (एवं उज्जाणसंठिया) આ ઉક્ત પ્રકારથી ઉદ્યાનના જેવા સંસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રથી સંસ્થિતિ કહી છે. આ પ્રમાણે અગીયારમો તીર્થાન્તરીય પોતાનો મત પ્રદર્શિત કરે છે, એજ કહે છે કે (एगे पुण एवमाहंसु ता उज्जाणसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૧૧ ઉદ્યાનના સંસ્થાનની જેમ સંસ્થિત સંસ્થાન જેનું હોય એવા પ્રકારથી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, અગીયારમો મતવાદી આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે, ।૧૧। (एगे पुण एवमाहंसु-ता निज्जाणसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता, एगे एवमाहंसु) કોઈ એક કહે છે કે-નિર્યાણના સંસ્થાનના જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે અર્થાત્ કોઈ એક બારમો તીર્થાન્તરીય એવી રીતે કહે છે કે-ચંદ્ર સૂર્યના તાપક્ષેત્રની સંસ્થિતિ નિર્યાણની જેમ સંસ્થિત છે, નગરમાંથી નીકળવાના માર્ગને નિર્યાણ માર્ગ કહે છે. તેના જેવું સંસ્થિત જે સંસ્થાન તે નિર્યાણસંસ્થિત કહેવાય છે. આ પ્રમાણે તાપક્ષેત્રની સંસ્થિતિ હોય છે. આ પ્રમાણે બારમો મતાવલંબી કહે છે. ।૧૨। (एगे पुण एवमाहंसु ता एगओ णिसधसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे पुण एवमाहंसु) ૧૩ કોઈ એક મતવાદી કહે છે કે-એકતઃ નિષધ સંસ્થાનથી સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે, કોઈ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ તેરમો મતાન્તરવાદી આ અનન્તર કથ્યમાન પ્રકારથી પોતાના મતને પ્રગટ કરતા કહે છે કે-એકતઃ એટલે કે રથના એક ભાગમાં રહેલ કે સ્કંધની એક બાજું રહેલ ભારને નિષધ કહેવાય છે. એટલે કે

નિષધ એટલે બળદ તેના સરખું જેનું સંસ્થાન સંસ્થિત હોય તે એકતો નિષધ સંસ્થિત એટલે કે બળદના આકારના સરખી તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. આ પ્રમાણે તેરમા મતવાદીનું કથન છે. ।૧૩। एगे पुण एवमाहंसु ता दुहओ णिसहसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ૧૪ કોઈ એક મતવાદી કહે છે કે-રથના બન્ને પાર્શ્વ ભાગોમાં રહેલ નિષધના જેવા સંસ્થાનથી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. કોઈ એક આ પ્રકારથી સ્વમતનું કથન કરે છે, અર્થાત્ ચૌદમા મતાન્તરવાદી આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતનું કથન કરતાં કહે છે કે-ચંદ્ર સૂર્યના તાપક્ષેત્રની સંસ્થિતિ રથના બેઉ બાજુના ભાગમાં જે બે નિષધ એટલે કે બે બળદ હોય છે તેના જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ હોય છે. આ પ્રમાણે ચૌદમા તીર્થાન્તરીયનો મત છે, ૧૪ (एगे पुण एवमाहंसु ता सेणगसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) કોઈ એક કહે છે કે જેવી રીતે શ્વેનક નામના પક્ષિનું સંસ્થાન હોય છે. એ પ્રમાણેની તાપક્ષેત્રની સંસ્થિતિ હોય છે. અર્થાત્ પંદરમો મતાવલંબી આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાના મતનું કથન કરતાં કહે છે કે-શ્વેનક નામના પક્ષિ વિશેષના સંસ્થાન જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ હોય છે. આ પ્રમાણે પંદરમા મતાવલંબીનું કહેવું છે. ।।૧૫।। (एगे पुण एवमाहंसु ता सेणगपट्ठसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता एगे एवमाहंसु) ।૧૬। કોઈ એક કહે છે કે શ્વેનક પક્ષીના પીઠના ભાગ જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ હોય છે, આ પ્રમાણે કોઈ એક સોળમા મતવાદીનું કથન છે. અર્થાત્ સોળમો મતાવલમ્બી આ કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતનું પ્રતિપાદન કરે છે. શ્વેનક પક્ષિના પીઠના ભાગનું જેવું સંસ્થાન હોય છે તેના જેવી પ્રકાશક્ષેત્રની સંસ્થિતિ હોય છે. આ પ્રમાણે કોઇ એક સોળમો મતાન્તરવાદી કહે છે. ।૧૬।

આ પ્રમાણે એકથી સોળ સુધીના મતવાદીયોના અભિપ્રાયનું કથન કરીને આ બધા પરમતવાદીયોની પ્રતિપત્તી મિથ્યા રૂપ જ છે. એમ કહીને આ બધાના કથનથી અલગ

પ્રકારથી પોતાના મતના સંબંધમાં કથન કરતાં કહે છે કે-(वयं पुण एवं वयामो) હું આ વિષયના સંબંધમાં આ પ્રમાણે કહું છું કહેવાનો ભાવ એ છે કે ઉત્પન્ન કેવળજ્ઞાનવાળો હું કેવળજ્ઞાનથી યથાવસ્થિત વસ્તુતત્વને સારી રીતે જાણીને આ વક્ષ્યમાણ પ્રકારથી કહું છું એ પ્રકાર બતાવતાં ભગવાન્ કહે છે કે-ता उद्धीमुहकलंबुआपुप्फसंठिया तावक्खेत्तसंठिई पण्णत्ता) ઉર્ધ્વમુખ કલંબુકા પુષ્પના સંસ્થાન જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. અર્થાત્ ભગવાન કહે છે કે-ઉપર તરફ જેનું મુખ છે, એવા પ્રકારનું જે કલંબુકા પુષ્પ તેના જેવા આકારની પ્રકાશક્ષેત્રની સંસ્થિતિ હોય છે. આ કેવી રીતે થાય છે? તે બતાવતાં ફરીથી કહે છે (अंतो संकुडा बाहिं वित्थडा अंतो वट्टा बाहिं पिथुला अंतो अंकमुहसंठिया बाहिं सत्थिमुहसंठिया उभओ पासेणं तोसे दुवे बाहाओ अवट्ठियाओ भवंति पणतालीसं पणतालीसं जोयणसहस्साइं आयामेणं तीसे दुवे बाहाओ अवट्ठियाओ भवंति) અંદર સંકુચિત બહારની બાજુ વિસ્તૃત અંદર ગોળ તથા બહાર વિસ્તારવાળું અંદર અંક મુખના જેવું સંસ્થિત અને બહાર સ્વસ્તિકના મુખ સરખું સંસ્થિત બન્ને બાજુમાં તેના બે વાહાઓ અવસ્થિત થાય છે, તથા પિસ્તાલીસ પિસ્તાલીસ હજાર યોજન આયામથી એના બન્ને પડખાઓ અવસ્થિત હોય છે. ભગવાન કદંબના પુષ્પની સંસ્થિતિને બતાવે છે-અંદર એટલે મેરૂ પર્વતની દિશામાં (संकुडा)સંકુચિત એટલે કે કંઈક કરમાયેલ બહાર લવણસમુદ્રની દિશામાં વિસ્તૃત એટલે કે વિકસિત તથા અંદર એટલે કે મેરૂપર્વતની દિશામાં વૃત્ત એટલે કે અર્ધ વલયાકાર કારણ કે બધી બાજુ મેરૂ ગત ત્રણ બે અથવા દસ ભાગોને વ્યાપ્ત કરીને તેની સંસ્થિતિ કહેલ છે. આ કથનથી એમ કહ્યું છે કે-બહાર લવણસમુદ્રની દિશામાં પૃથુલ એટલે વિસ્તારવાળો કળીના રૂપમાં વિસ્તારવાળું આ રીતે આની સ્પષ્ટતા માટે કહે છે કે-મેરૂની દિશામાં અંકમુખ પ્રમાણે સંસ્થિત એટલે કે પદ્માસનથી બેઠેલાના ખોળારૂપ ભાગને અંક કહે છે એટલે કે આસન બંધ તેનું મુખ અર્થાત્ અર્ધ વલયાકાર

અગ્રભાગ તેની માફક સંસ્થિત સંસ્થાન જેનું હોય તે અંકમુખ સંસ્થિત કહેવાય છે. બહાર લવણસમુદ્રની દિશામાં સ્વસ્તિક સાથિયાના મુખ સમાન સંસ્થિત સ્વસ્તિક શકુન જણાવનાર આકાર જે બધે પ્રસિદ્ધ જ છે. તેનું જે મુખ એટલે કે અગ્રભાગ તેની જેમ વિસ્તારવાળું સંસ્થાન જેનું હોય તે સ્વસ્તિક મુખ સંસ્થિત કહેવાય છે. તેની જેમ અર્થાત્ મેરૂપર્વતના બન્ને પાર્શ્વોમા એ તાપક્ષેત્રની સંસ્થિતિના સૂર્ય બે હોવાથી બે પ્રકારથી વ્યસ્થિત દરેકમાં એક એકની ભાવનાથી જે બે થાય છે. એ આયામથી જંબૂદ્વીપનાં આયામને લઇને અવસ્થિત થાય છે. એ એક એક આયામનું શું પ્રમાણ હોય છે? એ શકાનું નિવારણ કરતાં સૂત્રકાર કહે છે કે–પિસ્તાળીસ હજાર ૪૫૦૦૦ પિસ્તાલીસ હજાર ૪૫૦૦૦ યોજનનો આયામ છે એ તાપક્ષેત્ર સંસ્થિતિની બે વાહા અવસ્થિત હોય છે તે આવી રીતે છે-(तं जहा) જેમ કે (सव्वब्भंतरिया चेव बाहा सव्वबाहिरिया चेव बाहा तत्थ को हेऊति वएज्जा) એક સર્વાભ્યંતરની અને બીજી સર્વબાહ્ય-મંડળની વાહા તો તેવી રીતે એ વાહાઓ હોવાનું શું કારણ છે? તે કહો બે વાહાની સ્થિતિની સ્પષ્ટતા કરતાં કહે છે કે (तं जहा) સર્વાભ્યન્તરની વાહા જે મેરૂ સમાન વિષ્કંભને વ્યાપ્ત કરીને જે વાહા હોય છે તે સર્વાભ્યન્તર વાહા કહેવાય છે તે વાહા પદથી, ઝરણા-ઓના ગમનથી જાણવામાં આવે છે, તથા જે જંબૂદ્રીપના પર્યન્ત ભાગમાં વિષ્કંભને અધિકૃત કરીને લવણ સમુદ્રની દિશામાં જે વાહા એટલે કે અયનગતિ થાય છે. તે સર્વ-બાહ્ય પદથી ઓળખાય છે. આયામ દક્ષિણ અને ઉત્તરદિશાની તરફ લંબાયમાન હોવાથી તથા વિષ્કંભ પૂર્વપશ્ચિમ તરફના લાંબાપણાથી સમજી લેવો. આ પ્રમાણે ભગવાનના કહેવાથી શ્રી ગૌતમસ્વામી પોતાના શિષ્યોને સ્પષ્ટ પ્રતિપત્તિ થવા માટે ફરીથી ભગવાનને પૂછે છે–કે હે ભગવાન્ પૂર્વોક્ત રીતે પ્રતિપાદન કરેલ આ પ્રમાણેની વસ્તુ વ્યવસ્થા થવામાં શું કારણ છે? તે જ્ઞાનસાગરરૂપ આપ કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન્ કહે છે કે-(ता अयणं जम्बुद्दीवे दीवे जाव परिक्खेवेणं ता जया णं सूरिए सव्व-

ब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उद्धीमुहकलंबुआ पुप्फसंठिया तावक्खेत्तसंठई आहितातिं वएज्जा, अंतो संकुडा बाहिं वित्थडा अंतो वट्टा बाहिं पिहुला अंतो अंकमुख-संठिया बाहिं सत्थिमुहसंठिया दुहओ पासेणं तीसे तहेव जाव सव्वबाहिरिया चेव बाहा)
આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે ઉર્ધ્વમુખ કલંબુક પુષ્પની સંસ્થિતિ જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, તેમ કહેવું. આ સંસ્થિતિ અંદરની તરફ સંકુચિત બહારની તરફ વિસ્તારવાળી અંદર વૃત્ત બહાર પૃથુલ અંદર અંકમુખની સમાન સંસ્થિત અને બહાર સ્વસ્તિકના મુખની જેમ સંસ્થિત બન્ને પાર્શ્વોમાં તાપક્ષેત્રસંસ્થિતિનું કથન પૂર્વોક્ત પ્રકારથી જ યાવત્ સર્વબાહ્ય વાહા પર્યન્ત કહેવું. કહેવાનો ભાવ એ છે કે-ભગવાન્ કહે છે કે-હે ગૌતમ ! આ કથનની સવિસ્તર વ્યાખ્યા તમે સાવધાનતા પૂર્વક સાંભળો, આ સમી-પમાં રહેલ જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, આ જંબૂદ્વીપ બધા જ દ્વીપ સમુદ્રોના પરિક્ષેપ એટલે કે પરિધિરૂપથી રહેલ કહ્યો છે. આ જંબૂદ્વીપ સંબંધી વાકય જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ નામના સૂત્રમાં વિશેષતાથી કહેલ છે તે ત્યાંથી સમજી લેવું. એ જંબૂદ્વીપમાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગમન કરે છે, ત્યારે તાપક્ષેત્રની સંસ્થિતિ ઉર્ધ્વ-મુખ કલંબુકા પુષ્પની જેમ હોય છે. કલંબુકા પુષ્પ કદંબ વૃક્ષના પુષ્પને કહે છે. તેના સંસ્થાનની સરખી સંસ્થિતિ જેની હોય તે ઉર્ધ્વમુખકલંબુકા પુષ્પસંસ્થિતિ છે. આવા પ્રકારની તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, એ કેવી રીતે થાય છે? તે કહે છે-અંદર એટલે કે મેરૂ પર્વતની દિશામાં (संकुडा) અર્થાત્ સંકુચિત અર્થાત્ કંઈક મ્લાન અને બહાર એટલે કે લવણસમુદ્રની દિશામાં વિસ્તારયુક્ત એટલે કે પ્રફુલ્લ-વિકસેલ અર્થાત્ ફેલાયેલ પ્રકાશવાળી તથા અંદર મેરૂ પર્વતની દિશામાં એટલે કે ઉત્તર ભાગમાં વૃત્ત એટલે કે વલયાકાર અર્થાત્ અર્ધગોળ વલયના સરખા આકારવાળા મેરૂની બધી તરફ ત્રણ, બે અને દસમા ભાગને વ્યાપ્ત કરીને રહે છે. અર્થાત્ એ પ્રકારે વ્યવસ્થિત થાય છે, ફરીથી બહાર

એટલે કે લવણસમુદ્રની દિશામાં દક્ષિણ ભાગમાં પૃથુલ એટલે કે મુકુલિત ભાગથી વિસ્તાર યુક્ત અને અંદરની તરફ મેરૂની દિશામાં અર્થાત્ ઉત્તર દિશામાં (બધાની ઉત્તરમાં મેરૂ હોય છે. આ રીતની ભૌગોલિક સ્થિતિ હોવાથી) અંકમુખની જેમ સંસ્થિત અર્થાત્ પદ્માસનથી બેઠેલાના ઉત્સંગરૂપ ભાગને અંક કહે છે. એટલે કે આસનબંધ તેનું જે મુખ એટલે કે અગ્રભાગ અર્ધા વલયના આકાર જેવું સંસ્થિત સંસ્થાન જેનું હોય એવું, તથા બહાર એટલે કે લવણસમુદ્રની દિશામાં સ્વસ્તિક માંગલ્ય સૂચક ચિહ્ન વિશેષને કહે છે, તેના મુખની સમાન અત્યંત વિસ્તારવાળી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે, તે પછી બન્ને બાજુના ભાગોમાં એટલે કે મેરૂપર્વતની બન્ને બાજુ એ તાપક્ષેત્રની સંસ્થિતિનું કથન પૂર્વોક્તપ્રકારનું જ કહેવું અર્થાત્ બે સૂર્ય હોવાથી સૂર્યના ભેદથી બે પ્રકારથી વ્યવસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ દરેકમાં એક એક રૂપથી જે બે વાહા અર્થાત્ અયન ગતિ થાય છે એ જંબૂદ્વીપના આયામની જેમ અવસ્થિત રહે છે, એ બે વાહામાં એક આયામ રૂપથી અને બીજી વિષ્કંભ રૂપથી હોય છે. અર્થાત્ મેરૂની સમીપે વિષ્કંભ રૂપથી જે વાહા અયનગતિ રૂપ છે તે સર્વાભ્યંતર વાહા છે, ત્યાં દિનમાન પરમ મોટો હોય છે અને રાત્રિમાન પરમ નાનો હોય છે, તથા જે વાહા લવણસમુદ્રની દિશામાં અર્થાત્ દક્ષિણ દિશા તરફ હોય છે, તે સર્વબાહ્ય વાહા છે. ત્યાં પહેલા છ માસની પછી રાત્રિમાન પરમ વધારે એટલે કે અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. અને દિનમાન પરમ નાનું અર્થાત્ બાર મુહૂર્ત પ્રમાણનું હોય છે. અહીંયાં પણ આયામ દક્ષિણદિશાથી ઉત્તર દિશા તરફ સમજવો, તથા વિષ્કંભ પૂર્વપશ્ચિમ તરફ લંબાઈપણાથી સમજવો, વિષ્કંભ વ્યાસ વિસ્તારને કહે છે, આયામ લંબાઇને કહે છે.

(तीसे तहेव जाव सव्वबाहिरिया चेव वाहा) આ આચાર્યોએ કહેલ ઉક્તિ સાર્થકતાવાળી છે, (तीसे णं सव्वब्भंतरिया वाहा मंदरपव्वयंतेण णव जोयणसहस्साइं चत्तारि य

छळसीए जोयणसए णव य दस भागे जोयणस्स परिक्खेवेणं आहितातेि वएज्जा) એ સર્વાભ્યન્તરમંડળની વાહા મેરૂપર્વતના અંત અર્થાત્ મેરૂપર્વતની સમીપ નવ હજાર ચારસો છાશી યોજન તથા એક યોજનના નવ દસ ભાગ ૯૪૮૬$\frac{9}{10}$ પરિધિરૂપે એટલે કે મંદર-પર્વતની પરિધિપણાથી હોવાથી એટલા પ્રમાણુની પરિધિવાળી તાપક્ષેત્રની સંસ્થિતિ મેં કહેલ છે, તેથી તમે પણ તમારા શિષ્યોને એ જ પ્રમાણે કહો. આ પ્રમાણે ભગવાન્‌ના કહેવાથી પ્રશ્ન કરતાં કહે છે કે–(ता से णं परिक्खेवविसेसे कत्तो आहितेति वएज्जा) તો એ તાપક્ષેત્ર વિશેષ શાકરણથી તે પ્રમાણથી યુક્ત કહેલ છે? અર્થાત્ શ્રી ગૌતમસ્વામી કહે છે કે–પૂર્વોક્ત તાપક્ષેત્રસંસ્થિતિનો પરિક્ષેપવિશેષ એટલે કે મંદર પર્વતના પરિરયરૂપ પરિક્ષેપ વિશેષ શા કારણથી એટલા પ્રમાણવાળા કહેલ છે? આનાથી ઓછું પણ નહીં અને વધારે પણ ન હોવામાં શું પ્રમાણ છે? તે હે ભગવન્ આપ કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્ન કરવાથી વીતરાગ ભગવાન્ મહાવીરસ્વામી નીચે જણાવેલ પ્રકારથી ઉત્તર આપતાં કહે છે.–(ता जे णं मंदरस्स पव्वयस्स परिक्खेवे तं परिक्खेवं तिहिं गुणित्ता दसहिं छित्ता दसहिं भागे हीरमाणे एस णं परिक्खेवविसेसे आहितातेि वएज्जा) જે મંદર પર્વતનો પરિક્ષેપ છે, એ પરિક્ષેપને ત્રણથી ગુણીને દસથી ભાગે તેનો જે ભાગ આવે તે પરિક્ષેપવિશેષનું પરિમાણ થાય છે તેમ કહેવું. અર્થાત્ કહેવાનો ભાવ એ છે કે–એટલું પ્રમાણ મેરૂપર્વતના પરિક્ષેપનું હોય છે, આ પરિરયનું પરિમાણ ગણિતથી સિદ્ધ કરેલ છે, એ પરિક્ષેપને ત્રણથી ગુણીને દસથી ભાગવા તેનું જે ભાગફળ આવે એજ પરિક્ષેપ વિશેનું પરિમાણ કહેવાય છે. આમ કહેવામાં શું પ્રમાણ છે? એમ કહે તે માટે કહે છે કે–અહીંયાં સર્વાભ્યન્તરમંડળમાં વર્તમાન સૂર્ય જંબૂદ્વીપના ચક્રવાલના કોઈ પ્રદેશમાં તે તે ચક્રવાલ ક્ષેત્રના પ્રમાણાનુસાર ત્રણ દસ ભાગને પ્રકાશિત કરે છે, આ વિષયમાં પહેલા પરિરયના પ્રમાણના વિચાર સમયમાં ત્યાં સવિસ્તર કહેલ છે, તેથી હવે મંદર પર્વતની નજીકના તાપક્ષેત્રના વિચારના સંબંધમાં વિચાર કરવામાં આવે છે, તેથી અહીંયાં સુખાવબોધ થવા માટે મંદરપર્વતના પરિરયને પહેલાં ત્રણથી ગુણીને દસથી ભાગવામાં આવે છે. દસથી ભાગીને જે ભાગફળ આવે તે મંદરપર્વતની સમીપના તાપક્ષેત્રનું યથોક્ત પરિમાણ જાણવું. જેમ કે–મંદરપર્વતનો વિષ્કંભ ૧૦,૦૦૦ દસ હજાર યોજનનો છે તેનો વર્ગ ૧૦,૦૦૦૦૦૦૦ દસ કરોડ થાય છે. તેને દસથી ગુણવાથી સો કરોડ થાય છે, ૧૦૦૦૦૦૦૦૦૦ એક અજબ થાય છે. તેનું આસન્ન વર્ગમૂળ લાવવાથી સાવયવ એકત્રીસ હજાર છસો તેવીસ કંઈક ઓછા થાય છે, પરંતુ વ્યવહાર દૃષ્ટિથી પરિપૂર્ણ વિવક્ષિત કરેલ છે, ૩૧૬૨૩ આને ત્રણથી ગુણે તો ૩૧૬૨૩+૩=૯૪૮૭૯ ચોરાણુ હજાર આઠસો ઓગ-

ણ્યાશી થાય છે, આને દસથી ભાગવામાં આવે તો ૯૪૮૭૯÷૧૦=૯૮૮૬ $\frac{૯}{૧૦}$ નવ હજાર આઠસો છયાસી યોજન અને એક યોજનના નવ દસ ભાગ થાય છે, આટલા પ્રમાણવાળો મંદરપર્વતનો પરિક્ષેપવિશેષ તાપક્ષેત્રની સંસ્થિતિનો કહેલ છે, આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું

એજ ભાવ અન્ય શાસ્ત્રાન્તરોમાં પણ કહેલ છે. જેમ કે-(**मंदरपरिरयरसीइगुणे दसभाइंमि जं लद्धं तं होइ तावक्खेत्तं अब्भिंतरमंडले रविणो**) ॥૧॥ આ પ્રમાણે સર્વાભ્યંતરમંડળમાં સૂર્ય આવે ત્યારે મંદરપર્વતની નજીકના તાપક્ષેત્રસંસ્થિતિની સર્વાભ્યંતર વાહાના વિષ્કંભનું પરિમાણ કહ્યું છે.

હવે લવણસમુદ્રની દિશામાં જંબૂદ્વીપ પર્યન્તમાં વર્તમાન જે સર્વબાહ્ય વાહા છે, એ વાહાના વિષ્કંભનું પરિમાણ કહેવામાં આવે છે,-(**तीसे णं सव्वबाहिरियावाहा लवणसमुद्दंतेणं चउणउतिं जोयणसहस्साइं अट्ठ य अट्ठसट्ठे जोयणसए चत्तारि य दसभागे जोयणस्स परिक्खेवेणं आहिताति वएज्जा**) તેની સર્વબાહ્ય વાહા લવણસમુદ્રના અંતમાં ચોરાણુ હજાર આઠસો અડસઠ યોજન તથા એક યોજનના ચાર દસ ભાગ ૯૪૮૬૮ $\frac{૪}{૧૦}$ થાય છે. એ પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું. કહેવાનો ભાવ એ છે કે-તાપક્ષેત્રની સંસ્થિતિની દક્ષિણ દિશા તરફ લવણસમુદ્રની નજદીકની સર્વબાહ્યવાહા અર્થાત્ દક્ષિણાયનગતિ, જંબૂદ્વીપના પરિરયના પરિક્ષેપથી ચોરાણુ હજાર આઠસો અડસઠ યોજન તથા એક યોજનના ચાર દસ ભાગ ૯૪૮૬૮ $\frac{૪}{૧૦}$ આટલા પ્રમાણની તાપક્ષેત્રસંસ્થિતિ કહી છે.

આ વિષયને સ્પષ્ટપણાથી જાણવાના હેતુથી શ્રી ગૌતમસ્વામી ફરીથી પ્રભુશ્રીને પ્રશ્ન કરે છે. (**ता से णं परिक्खेवविसेसे कत्तो आहिताति वएज्जा**) એ પરિક્ષેપ વિશેષ શા માટે કહેલ છે? તે કહો. કહેવાનો ભાવ એ છે કે-આ પૂર્વપ્રતિપાદન કરેલ તાપક્ષેત્રની સંસ્થિતિના પરિક્ષેપવિશેષના પ્રમાણનું એટલું પ્રમાણ શા માટે કહેલ છે? અર્થાત્ કહેલા પ્રમાણથી થોડું કે વધારે પ્રમાણ કેમ કહ્યું નથી? તે હે ભગવાન્ આપ કહો. આ પ્રમાણે

યુક્તિ યુક્ત શ્રી ગૌતમસ્વામીના કથનને સાંભળીને જ્ઞાનસાગર ભગવાન્ કહે છે કે-(ता जेणंतरेणं जंबुद्दीवस्स दीवस्स परिक्खेवे तं परिक्खेवं तिहिं गुणित्ता दसहिं छेत्ता दसहिं भागे हीरमाणे एस णं परिक्खेवविसेसे आहिताति वएज्जा) જંબૂદ્વીપ નામના દ્વીપના પરિક્ષેપને ત્રણથી ગુણીને દશથી છેદ કરવો પછી દસથી ભાગવા એ રીતે પરિક્ષેપવિશેષનું પ્રમાણ કહેલ છે તેમ પોતાના શિષ્યોને કહેવું. અર્થાત્ જે જંબૂદ્વીપનો પરિક્ષેપ અર્થાત્ પરિરયનું પરિમાણ ગણિત પ્રમાણથી યુક્ત પરિક્ષેપ છે તે પરિક્ષેપને એટલે કે પરિધિના પ્રમાણને ત્રણથી ગુણીને દસથી ભાગવામાં આવે તો અર્થાત્ દસથી ભાગેલ અંક પરિક્ષેપ વિશેષનું પરિમાણ કહેલ છે, એ રીતે પોતાના શિષ્યોને ઉપદેશ કરવો. જેમ જંબૂદ્વીપના પરિક્ષેપનું પરિમાણ ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીસ-૩૧૬૨૨૭ યોજનનું થાય છે, ૩ ત્રણ ગવ્યૂતિ ૧૨૮ એકસો અઠયાવીશ ધનુષ અને તેર આંગળ તથા એક અર્ધો આંગળ આટલું પ્રમાણ એક યોજનનું થાય છે, આનાથી કંઈક ઓછું થાય છે. પરંતુ વ્યવહારથી પૂરેપૂરાની વિવક્ષા કરવામાં આવે છે, તેથી અહીંયાં ૩૧૬૨૨૭ના સ્થાનમાં એક ઉમેરે તો ૩૧૬૨૨૮ ત્રણ લાખ સોળ હજાર બસો અઠયાવીસ થાય છે. આ ૩૧૬૨૨૮ના આંકને ત્રણથી ગુણવામાં આવે જેમ કે ૩૧૬૨૨૮+૩=૯૪૮૬૮૪ નવલાખ અડતાલીસ હજાર છસો ચોર્યાશી થાય છે. આને દસથી ભાગવામાં આવે જેમ કે ૯૪૮૬૮૪÷૧૦=૯૪૮૬૮ $\frac{૪}{૧૦}$ ચોરાણુ હજાર આઠસો અડસઠ યોજન અને એક યોજનના ચાર દસ ભાગ જેટલું યથોક્ત જંબૂદ્વીપ પર્યન્તવર્તિ સર્વબાહ્ય વાહાના વિષ્કંભનું પરિમાણ થઈ જાય છે, આટલું પ્રમાણ ૯૪૯૬૮$\frac{૪}{૧૦}$ ચોરાણુ હજાર આઠસો અડસઠ યોજન તથા એક યોજનના ચાર દસ ભાગ જેટલો પરિક્ષેપ વિશેષ તાપક્ષેત્ર સંસ્થિતિનું કહેલ છે, તેમ સ્વશિષ્યોને કહેવું. અન્ય ગ્રન્થાન્તરોમાં પણ આજ પ્રમાણે કહેલ છે.

जंबुद्दीवपरिरये तिगुणे, दसभायंमि जं लद्धं ।
तं होई तावक्खेत्तं, अब्भिंतरमंडले रविणो ॥१॥

આ પ્રમાણે જંબૂદ્વીપની તાપક્ષેત્રસંસ્થિતિનું તથા સર્વાભ્યંતર અને સર્વબાહ્ય વાહાના વિષ્કંભનું પરિમાણ કહ્યું હવે સઘળા પ્રકારથી આયામથી તાપક્ષેત્રનું પરિમાણ જાણવાની ઈચ્છાથી એ વિષયમાં પ્રશ્ન કરવામાં આવે છે,-(ता से णं वाहा तावक्खेत्ते केवइयं आयामेणं आहिताति वएज्जा) એ તાપક્ષેત્ર કેટલા પ્રમાણના આયામવાળું કહેલ છે? તે કહો. અર્થાત્ એ તાપક્ષેત્ર આયામથી એટલે કે દક્ષિણ ઉત્તરની તરફ લંબાઈથી કેટલા પ્રમાણવાળું કહેલ છે, તે હે ભગવાન્ આપ કહો, આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છે કે-(ता अट्टत्तरिं जोयणसहस्साइं तिण्णि य तेत्तीसे जोयणसए जोयणतिभागे च आयामेणं आहिताति वएज्जा) અઠયોતેર હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક યોજનનો એક દ્વિતીયાંશ ૭૮૩૩૩$\frac{૧}{૨}$ યોજન આયામથી એટલે કે દક્ષિણ ઉત્તર દિશાની તરફ લંબાઈવાળું

કહેલ છે, તેમ સ્વશિષ્યોને કહેવું. અર્થાત્ સર્વાભ્યંતરમંડળમાં સૂર્યનું તાપક્ષેત્ર દક્ષિણ ઉત્તર દિશામાં લંબાઈવાળું મેરૂથી લઈને લવણસમુદ્રના ષષ્ઠાંશ એટલે કે છઠ્ઠા ભાગ સુધી વધે છે, અન્ય ગ્રન્થોમાં કહ્યું પણ છે-

**मेरुस्स मज्झभागा जावय लवणस्स रुंदच्छभागा ।**

**तावायामो एसो सगडुद्धी संठिओ नियमा ॥१०॥**

અહીંયાં મેરૂથી આરંભ કરીને જંબૂદ્વીપ સુધી યાવત્ પિસ્તાલીસ હજાર થાય છે. લવણસમુદ્રનો વિસ્તાર બે લાખ યોજનનો છે, તેનો છઠ્ઠો ભાગ ૩૩૩૩૩ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક યોજનના એક દ્વિતીયાંશ ભાગ જેટલો થાય છે, અહીંયાં ગણિત આ પ્રમાણે છે, ૨૦૦૦૦૦÷૬=૩૩૩૩૩ $\frac{૨}{૬}$ $\frac{૧}{૩}$ તથા ૪૫૦૦૦÷૬=૭૫૦૦ ૩૩૩૩૩ $\frac{૧}{૩}$·૩=૯૯૯૯૯+૧=$\frac{૧૦૦૦૦૦}{૧}$ આ રીતે યથોક્ત પ્રમાણ થઈ જાય છે, પછી આ બન્નેને મેળવવાથી ૭૫૦૦×$\frac{૧૦૦૦૦૦}{૩}$=૨૨૫૦૦+$\frac{૧૦૦૦૦૦}{૩}$=$\frac{૧૨૨૫૦૦}{૩}$=૪૦૮૩૩$\frac{૧}{૩}$ ચાલીસ હજાર આઠસો તેત્રીસ યોજન તથા એક યોજનના એક તૃતીયાંશ ભાગ થાય છે, અહીંયાં સર્વાભ્યંતરમંડળમાં વર્તમાન સૂર્યની લેશ્યા અંદરની તરફ પ્રવેશ કરતી મેરૂથી પ્રતિરૂદ્ધ થાય છે અર્થાત્ રોકાઈ જાય છે. જો રૂકાવટ ન હોય તો મેરૂની મધ્ય બધા ભાગોને અવધિરૂપ કરીને આયામથી જંબૂદ્વીપના પચાસ હજાર યોજન પ્રદેશને પ્રકાશવાળો કરે તેથી આ રીતે જંબૂદ્વીપનો પચાસ હજાર યોજન પ્રકાશિત કરવાની સંભાવના કરીને સર્વાભ્યંતરમંડળમાં પણ વર્તમાન સૂર્યના તાપક્ષેત્રના આયામનું પ્રમાણ ત્યાશી હજાર ત્રણસો તેત્રીસ ૮૩૩૩૩$\frac{૧}{૩}$ યોજન તથા એક યોજનના એક તૃતીયાંશ ભાગ થાય છે, આ પ્રમાણે શ્રીપાદ સૂરિએ જ્યોતિષ્કરંડ નામના ગ્રન્થની મૂલ ટીકામાં કહ્યું છે, તાપક્ષેત્ર આયામના પરિમાણની સંભાવનાથી યુક્ત છે, અથવા જંબૂદ્વીપની મધ્યમાં તાપક્ષેત્રનું પિસ્તાલીસ હજાર માત્ર પરિમાણ મળવાથી જેમ સૂર્ય બહાર નીકળે છે એજ પ્રમાણે તેનાથી પ્રતિબદ્ધ તાપક્ષેત્ર પણ બહાર નીકળે છે, તે પછી જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં જઈને ગતિ કરે

છે ત્યારે એકદમ મંદરપર્વતની નજીકમાં પ્રકાશ થતો નથી તેથી મંદર પર્વતના પરિરયના પરિક્ષેપથી વિશેષ પરિમાણ આગળ કહેવામાં આવશે.

આ રીતે સર્વાભ્યન્તરમંડળની અવધિ કરીને તાપક્ષેત્રની સંસ્થિતિ કહી હવે એજ સર્વાભ્યંતરમંડળને અવધિરૂપ બનાવીને અંધકારસંસ્થિતિનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી એ વિષયના સંબંધમાં પ્રશ્નસૂત્ર કહેવામાં આવે છે.-(तया णं किं संठिया अंधगारसंठिई आहितेति वएज्जा) ત્યારે અંધકારસંસ્થિતિ કેવી રીતે સંસ્થિત કહેલ છે, તે આપ કહો અર્થાત્ સર્વાભ્યંતરમંડળના સંચરણકાળમાં કેવા પ્રકાર આકારની અંધકાર સંસ્થિતિ અથવા કોના સંસ્થાન જેવા સંસ્થાનવાળી અંધકાર સંસ્થિતિ કહી છે? તે હે ભગવાન્ આપ મને કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્ન પૂછવાથી તેનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે કે-(ता उद्धीमुहकलंबुआ पुप्फसंठिया तहेव जाव बाहिरिया चेव बाहा) ઉંચા મુખવાળા કલંબુકાપુષ્પના સંસ્થાનની જેમ સંસ્થિત યાવત્ બાહ્ય વાહા હોય છે. અર્થાત્ ઉપરની બાજુ ખીલેલા કલંબુકા પુષ્પના જેવા સંસ્થાનવાળી અંધકારની સંસ્થિતિ કહેલ છે, આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. કહેવાનો ભાવ એ છે કે-એ અંધકાર સંસ્થિતિ કેવા પ્રકારની હોય છે એ જીજ્ઞાસા થતાં તેને માટે કહે છે કે તે અંદર એટલેકે મેરૂ પવર્તની દિશામાં વિષ્કંભને અધિકૃત કરીને (संकुडा) કંઇક સંકુચિત અને બહાર એટલે કે લવણસમુદ્રની દિશામાં વિસ્તારવાળી તથા અંતઃ એટલે કે મેરૂપર્વતની દિશામાં વૃત્ત અર્થાત્ અર્ધવલયના આકાર જેવા આકારવાળી કારણ કે બધી તરફ વર્તુલ મેરૂના બે દસ ભાગને વ્યાપ્ત કરીને હોવાથી અર્ધવલયઆકાર કહેલ છે, પછી લવણસમુદ્રની દિશામાં પૃથુલ એટલે કે વિસ્તારવાળી હોય છે, એજ વાત સંસ્થાનના કથનથી સ્પષ્ટ બતાવે છે. મેરૂની દિશામાં અંકમુખ સંસ્થિત અર્થાત્ બદ્ધ પદ્માસનના જેવી તથા બહાર લવણ સમુદ્રની દિશામાં સ્વસ્તિક મુખ (સાથિયા)ના આકારની જેમ સંસ્થિત હોય છે. અહીંયાં અંકમુખ અને સ્વસ્તિકમુખની સ્પષ્ટતા પહેલા કહેવામાં આવેલ પ્રકારથી સમજી લેવી, એ અંધકારની સંસ્થિતિ અને તાપક્ષેત્રની સંસ્થિતિ આ પ્રમાણે છે-બે પ્રકાર હોવાથી બે પ્રકારથી વ્યવ-

સ્થિત મેરૂપર્વતના બન્ને પડખાના ભાગોને દરેકને એક એક રીતે આ જંબૂદ્વીપની વાહાના આયામના પ્રમાણને અધિકૃત કરીને અવસ્થિત રહે છે, જે આ રીતે ૪૫૦૦૦ પિસ્તાલીસ હજાર યોજન બન્ને વાહાઓના વિષ્કંભને અધિકૃત કરીને એક અંધકાર સંસ્થિતિના હોય છે, તે આ પ્રમાણે સર્વાભ્યંતર વાહા અને સર્વબાહ્ય વાહા આનુ સવિસ્તર કથન પહેલા કહેલા પ્રકારથી સમજી લેવું, તેમાં સર્વાભ્યંતર વાહાના વિષ્કંભને અધિકૃત કરીને પ્રમાણ કહેવાના હેતુથી કહે છે.–(तीसे णं सव्वब्भंतरिया बाहा मंदरपव्वयंतेणं छज्जोयणसहस्साइं तिण्णि य चउवीसे जोयणसए छच्च दसभागे जोयणस्स परिखेवेणं आहितात्ति वएज्जा) એ સર્વાભ્યંતર વાહા મંદર પર્વતના અંતમાં છ હજાર ત્રણસો ચોવીસ યોજન તથા એક યોજના છ દસ ભાગ ૬૩૨૪$\frac{6}{10}$ યાવત્ પરિધિના પ્રમાણથી અર્થાત્ પરિરય પરિક્ષેપના ગણિત પ્રમાણથી કહેલ છે તેમ કહેવું અહીંયાં પણ પરિક્ષેપનું ગણિત પહેલા બતાવવામાં આવેલ પ્રક્રિયાથી સમજી લેવું. અહીંયાં ફરીથી તે ગણિતપ્રક્રિયા કહેલ નથી, આ કથનનું સરળતાથી જ્ઞાન થાય એ હેતુથી ફરીથી ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન પૂછે છે. (ता सेणं परिक्खेवविसेसे कओ आहितात्ति वएज्जा) એ પરિક્ષેપ વિશેષ શા કારણથી એટલા પ્રમાણવાળો કહેલ છે? તે આપ કહી બતાવો. કહેવાનો ભાવ એ છે કે–એ અંધકાર સંસ્થિતિનો એ પ્રકારનો અર્થાત્ ૬૩૨૪$\frac{6}{10}$ છ હજાર ત્રણસો ચોવીસ યોજન તથા એક યોજનના છ દસ ભાગ આ પ્રકારનો પ્રમાણવાળો પરિક્ષેપ વિશેષ શા કારણથી કહેલ છે? તેનાથી થોડો કે વધારે કેમ થતો નથી? હે ભગવાન્ તે આપ મને કહો. આ પ્રમાણે બુદ્ધિમાન્ ગૌતમ-ગોત્રોત્પન્ન શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી વીતરાગ ભગવાન્ મહાવીરસ્વામી તેની સ્પષ્ટ પ્રતિપત્તિ થાય એ હેતુથી તેનો ઉત્તર આપતાં કહે છે કે–(ता जे णं मंदरस्स पव्वयस्स परिक्खेवविसेसे तं परिक्खेवं दोहिं गुणेत्ता सेसं तहेव) જે મંદર પર્વતનો પરિક્ષેપ વિશેષ છે. એ પરિક્ષેપને બેથી ગુણવાથી પ્રાક્કથિત પ્રકારથી શેષ સમગ્ર કથન સમજી લેવું અર્થાત્ મંદર પર્વતનો જે પહેલાં કહેલ પ્રમાણવાળો પરિક્ષેપ છે, તે પરિક્ષેપને બેથી ગુણિને શેષ કથન પૂર્વકથિત પ્રકારથી સમજી લેવું. બેથી શા માટે ગુણવા જોઇએ તે માટે કહે છે કે–અહીંયાં સર્વાભ્યંતરમંડળમાં ગમન કરતો એક સૂર્ય અર્થાત્ એક સૂર્ય પણ જંબૂદ્વીપના ચક્રવાલનો જે કોઇ પ્રદેશમાં અને જે કોઈ ક્ષેત્રના અનુસાર દસના ત્રણ ભાગ પ્રકાશ્યમાન રહે છે. તથા બીજો સૂર્ય પણ બીજા ત્રણ ભાગને પ્રકાશિત કરે છે. આ બનેને મેળવવાથી છ દસ ભાગ થઈ જાય છે. $\frac{3}{10} \times \frac{3}{10} = \frac{6}{10}$ એ ત્રણ ત્રણ દસ ભાગોના અપાન્તરાલમાં બે બે દસ ભાગ રાત્રી હોય છે તેથી બેથી ગુણવાનું જે કહ્યું તે યુક્તિસંગત જ છે. પછી એ બે દસ ભાગને દસથી ભાગવામાં આવે. તેનો જે શેષ ભાગ રહે તે પરિક્ષેપનું પ્રમાણ ગણાય છે. અન્ય કથન પહેલાની જેમજ સમજવું. જે આ પ્રમાણે છે,–દસથી ભાગ કરવાથી જે ભાગફળ આવે એજ અંધકાર સંસ્થિતિના મંદર પરિરયપરિક્ષેપનું યથોક્ત પ્રમાણ થાય

છે, આની ગણિતપ્રક્રિયા આ પ્રમાણે છે. મેરૂ પર્વતના પરિરયનું પ્રમાણ ૩૧૬૨૩ એકત્રીસ હજાર છસો તેવીસનું છે. પહેલા કહ્યા પ્રમાણે આને બેથી ગુણવાથી ૩૧૬૨૩+૨=૬૩૨૪૬ ત્રેસઠ હજાર બસો છેંતાલીસ થાય છે. તેને દસથી ભાગવામાં આવે ૬૩૨૪૬÷૧૦=૬૩૨૪$\frac{૬}{૧૦}$ છ હજાર ત્રણસો ચોવીસ યોજન તથા એક યોજનના છ દસ ભાગ જેટલું પ્રમાણ અંધકાર સંસ્થિતિના પરિક્ષેપવિશેષ મંદરપરિરયપરિક્ષેપથી વિશેષ કહેલ છે, આ પ્રમાણે અંધકાર સંસ્થિતિના સર્વાભ્યંતરવાહાનું વિષ્કંભપરિમાણ થાય છે.

હવે સર્વબાહ્ય વાહાનું પરિમાણ કહેવામાં આવે છે-(तीसे णं सव्वबाहिरिया वाहा लवणसमुद्दंतेणं तेवट्ठि जोयणसहस्साइं दोण्णि य पणताले जोयणसए छच्च दस भागे जोयणस्स परिक्खेवेणं आहितेति वएज्जा) એ સર્વબાહ્ય વાહાનો લવણસમુદ્રની અંતમાં ત્રેસઠ હજાર બસો પિસ્તાલીસ યોજન અને એક યોજનના છ દસ ભાગ-૬૩૨૪૫$\frac{૬}{૧૦}$ પરિક્ષેપ કહેલ છે, અર્થાત્ એ અંધકાર સંસ્થિતિની સર્વબાહ્ય વાહા લવણસમુદ્રની નજીક જંબૂદ્વીપ સુધી હોય છે, તે વાહા પરિક્ષેપથી અર્થાત્ જંબૂદ્વીપના પરિરયપરિક્ષેપથી કહેલ નથી, તે ત્રેસઠ હજાર બસો પિસ્તાલીસથી કંઈક વધારે એટલે કે ત્રેસઠ હજાર બસો પિસ્તાલીસ યોજન અને એક યોજનના છ દસ ભાગ ૬૩૨૪૫$\frac{૬}{૧૦}$ જેટલો કહેલ છે. આ કથનનો ભાવ પોતાના શિષ્યો સ્પષ્ટ રીતે સમજી શકે એ હેતુથી ફરીથી ગૌતમસ્વામી પૂછે છે કે-(से णं परिक्खेवविसेसे कओ अहितेति वएज्जा) એ પરિક્ષેપ વિશેષ આટલા જ પ્રમાણવાળો કેમ કહેલ છે? તે હે ભગવાન્ આપ કહો અર્થાત્ એ અંધકાર સંસ્થિતિનો તે પૂર્વોક્ત પરિક્ષેપ-વિશેષ એટલે કે જંબૂદ્વીપના પરિક્ષેપથી વિશેષ શા કારણથી અગર ક્યા પ્રમાણથી કે આધારથી કહેલ છે? તેનાથી વધારે કે ઓછો કેમ કહેલ નથી? હે ભગવન્ તે આપ મને કહો. આ પ્રમાણે ગૌતમસ્વામીએ પ્રશ્ન કરવાથી તેના ઉત્તરમાં ભગવાન્ મહાવીરસ્વામી ફરીથી

કહે છે (ता जे णं जंबुद्दीवस्स दीवस्स परिक्खेवे तं परिक्खेवं दोहिं गुणित्ता दसहिं छेत्ता दसहिं भागे हीरमाणे एसणं परिक्खेवविसेसे आहितेति वएज्जा) જંબૂદ્વીપ નામના દ્વીપનો જે પરિક્ષેપ છે તે પરિક્ષેપને બેથી ગુણીને દસથી છેદ કરીને ફરીથી ભાગ કરવો આટલા પ્રમાણનો પરિક્ષેપ વિશેષ થાય છે. આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. કહેવાનો ભાવ એ છે કે-જંબૂદ્વીપનો જે પરિક્ષેપ એટલે કે પરિધિ પહેલાં કહેલ છે તે પ્રમાણવાળા એ પરિક્ષેપને બેથી ગુણવા અને પછી દસથી વિભક્ત કરવો એટલે કે પછી દસથી ભાગવાથી અંધકારસંસ્થિતિનું પ્રમાણ જંબૂદ્વીપના પરિરયને પરિક્ષેપથી આવી જાય છે, જે આ પ્રમાણે છે-પહેલાં પ્રતિપાદન કરેલ જંબૂદ્વીપના પરિક્ષેપનું પ્રમાણ ૩૧૬૨૨૮ ત્રણ લાખ સોળ હજાર બસો અઠયાવીસ થાય છે. તેને બેથી ગુણવા. જેમ કે-૩૧૬૨૨૮+૨=૬૩૨૪૫૬ છ લાખ બત્રીસ હજાર ચારસો છપ્પન થાય છે. એને દસથી ભાગવા ૬૩૨૪૫૬÷૧૦=૬૩૨૪૫ $\frac{૬}{૧૦}$ ત્રેસઠ હજાર બસો પિસ્તાલીસ યોજન અને એક યોજનના છ દશાંસ ભાગ આવી છે, તેથી આટલું પ્રમાણ અંધકારસંસ્થિતિના પરિક્ષેપવિશેષ એટલે કે-જંબૂદ્વીપના પરિરયપરિક્ષેપવિશેષનું કહેલ છે. એ પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું, એજ પ્રમાણે સર્વબાહ્યવાહાના વિષ્કંભનું પરિમાણ કહીને હવે સમસ્ત રીતે અંધકાર સંસ્થિતિના આયામનું પરિમાણ કહે છે-(ता से णं अंधगारे केवइयं आयामेणं आहितातिं वएज्जा) આ અંધકાર આયામથી કેટલા પ્રમાણનો કહેલ છે? તે કહો. આ પ્રમાણે ગૌતમસ્વામીએ પ્રશ્ન કરેલ છે. આ આયામનું પ્રમાણ તાપક્ષેત્રસંસ્થિતિના આયામના પરિમાણની જેમજ સમજવું કારણ કે બન્ને સમાન ભાવવાળા જ છે એ પ્રમાણે વિચારીને ભગવાન્ મહાવીરસ્વામી ગૌતમસ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે-(ता अट्ठत्तरिं जोयणसहस्साइं तिण्णि य तेत्तीसे जोयणसए जोयणत्तिभागं च आयामेणं आहितेति वएज्जा) અઠયોતેર હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક

યોજનના એક ત્રિભાગ આયામથી કહેલ છે. એમ સ્વશિષ્યોને કહેવું. ભગવાન્ કહે છે કે-એ અંધકારસંસ્થિતિના આયામના વિષે કહું છું. તે સાંભળો તે આયામ અઠ્યોતેર હજાર ત્રણુસો તેત્રીસ યોજન અને એક યોજનનું એકતૃતીયાંશ ભાગ ૭૮૩૩૩⅓ થાય છે. આટલા પ્રમાણુની લંબાઈ કહેલ છે, આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું.

હવે આ સર્વાભ્યંતરમંડળમાં રહેલ બેઉ સૂર્યોના રાત્રિદિવસના મુહૂર્તનું પ્રમાણુ કહે છે-(तया णं उत्तमकट्ठपत्ते अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवई) ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટક અઢાર મુહૂર્તપ્રમાણુનો દિવસ હોય છે. તથા જઘન્યા બાર મુહૂર્તપ્રમાણુની રાત્રી હોય છે.

કહેવાનો ભાવ એ છે કે-જ્યારે સર્વાભ્યંતરમંડળને વ્યાપ્ત કરીને સૂર્ય ભ્રમણુ કરે છે ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત સૂર્ય હોય છે. એટલે કે-સૂર્ય ઉત્તર દિશામાં ગમન કરે છે. તેથી ત્યાં પરમ ઉત્કર્ષ એટલે કે પરમ અધિકપ્રમાણુવાળો, દિવસ હોય છે, તથા જઘન્યા બાર મુહૂર્તપ્રમાણુવાળી રાત્રી હોય છે. આ પ્રમાણે સર્વાભ્યન્તરમંડળની પરિધિને કહીને હવે સર્વબાહ્યમંડળની સ્થિતિનું કથન કરે છે.-(ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उव संकमित्ता चारं चरइ तया णं किं संठिया तावक्खेत्तसंठिई आहितातिं वएज्जा) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણુ કરીને ગતિ કરે છે. ત્યારે સૂર્યના તાપક્ષેત્રનું સંસ્થાન કેવા પ્રકારની સંસ્થિતિવાળું કહેલ છે? તે આપ કહો. અર્થાત્ શ્રી ગૌતમસ્વામી પ્રભુશ્રીને પ્રશ્ન પૂછે છે કે-હે ભગવાન્! જે સમયે સૂર્ય સર્વબાહ્યમંડળમાં ઉપસંક્રમણુ કરીને એટલે કે સર્વબાહ્યમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે? એટલે કે એ મંડળમાં ભ્રમણુ કરે છે, ત્યારે તાપક્ષેત્રની સંસ્થિતિનું કેટલું પ્રમાણુ હોય છે? તે આપ કૃપા કરીને કહો આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને આનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે કે-(ता उद्धीमुहकलंबुआ पुप्फसंठिई आहितातिं वएज्जा) ઉર્ધ્વમુખ કલંબુકાપુષ્પના સંસ્થાન જેવું તાપક્ષેત્રની સંસ્થિતિનું

સંસ્થાન કહેલ છે, તેમ કહેવું, અર્થાત્ ભગવાન્ કહે છે કે-સર્વબાહ્યમંડળની તાપક્ષેત્રની સંસ્થિતિ ઉંચા મુખવાળું જે કલંબુકા પુષ્પ તેનું જે સંસ્થાન તેના જેવી સંસ્થિતિ જેની હોય એવી સંસ્થિતિ તાપક્ષેત્રની છે, એટલે કે અંદરના ભાગમાં સંકોચાયેલ તથા બહારની તરફ વિસ્તારવાળી ઈત્યાદિ પહેલાં કહેલ બધા જ વિશેષણોવાળી તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલ છે. આના સંબંધમાં તમામ વિશેષણો પહેલાં કહેવામાં આવી ગયેલ છે, તે બધા અહીંયાં સમજી લેવા. અહીયાં ફરીથી ગ્રંથવિસ્તારભયથી કહ્યા નથી.

(एवं जं अब्भिंतरमंडले अंधगारसंठिईए पमाणं तं बाहिरमंडले तावक्खेत्तसंठिईए जं तहिं तावक्खेत्तसंठिईए पमाणं तं बाहिरमंडले अंधगारसंठिईए भाणियव्वं) તથા જે પ્રમાણે આભ્યંતર મંડળમાં અંધકારની સંસ્થિતિનું પ્રમાણ કહ્યું છે એજ પ્રમાણે બાહ્યમંડળમાં તાપક્ષેત્રની સંસ્થિતિનું પ્રમાણ સમજવું. જે ત્યાં તાપક્ષેત્રસંસ્થિતિનું પ્રમાણ થાય છે, તે બાહ્યમંડળમાં અંધકારસંસ્થિતિનું પ્રમાણ કહેવું જોઈએ. અર્થાત્ પૂર્વોક્ત પ્રકારથી જે સર્વાભ્યન્તર મંડળમાં સૂર્ય પ્રવર્તમાન હોય ત્યારે જે અંધકારસંસ્થિતિનું પ્રમાણ કહેલ છે. એજ પ્રમાણ સર્વાભ્યન્તર મંડળમાં સૂર્ય હોય ત્યારે તાપક્ષેત્રની સંસ્થિતિનું કહ્યું છે. દિશાભેદથી અને ગોળના ભેદથી એકબીજાની પરિસ્થિતિનું પરિવર્તન પ્રત્યક્ષથી ઉપલબ્ધી જ પ્રમાણ છે.

હવે અહીંયા દિવસ રાત્રીની વ્યવસ્થાનું કથન કરે છે.

(जाव तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ) ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કર્ષિકા અઢાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે, તથા જઘન્ય બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. અહીંયાં પૂર્વોક્ત વિશેષણ એવું પરિમાણાદિ વાચક બધા કથિત સૂત્રોક્ત પદોનું કથન અહીંયાં કહી લેવું જોઈએ. જે આ પ્રમાણે છે-(अंतो संकुडा बाहिं वित्थडा अंतो वट्टा बाहिं पिहुला अंतो अंकमुहसंठिया बाहिं सत्थिमुहसंठिया उभओ पासेणं तीसे दुवे बाहाओ अवट्ठियाओ भवंति) ઈત્યાદિ પ્રકારથી હીંદીમાં સંપૂર્ણ સૂત્રપદો બતાવેલ છે તે ત્યાંથી જોઈ સમજી લેવા. તાપક્ષેત્રની સંસ્થિતિના વિચારમાં જે મંદર પર્વતના પરિરયાદિને બેથી ગુણવામાં આવે છે એજ પ્રમાણે અંધકાર સંસ્થિતિની વિચારણામાં મંદર પર્વતના પરિરયાદિને ત્રણથી ગુણવા તે પછી બેઉ જગ્યાએ દસથી ભાગવામાં આવે છે. તથા સર્વબાહ્ય મંડળમાં સૂર્યના ગમન કાળમાં લવણસમુદ્રમાં પાંચ હજાર યોજન તાપક્ષેત્રના થાય છે. તેના અનુરોધથી અંધકાર આયામ પ્રમાણથી વધે છે. તેથી એક હજાર ભ્યાશી યોજન એ પ્રમાણે કહેલ છે.

આ પ્રમાણે તાપક્ષેત્રસંસ્થિતિનું પરિમાણુ અને અંધકારસંસ્થિતિનું પરિમાણુ કહીને તથા દિવસરાત્રીની વ્યવસ્થા બતાવીને હવે પૂર્વ વિભાગમાં અને પશ્ચિમ વિભાગમાં જેટલા ઉપરના કે નીચેના ભાગમાં બે સૂર્ય પ્રકાશ આપે છે તેના પ્રમાણનું સ્વરૂપ જાણવા માટે શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે. 'ता जंबुद्दीवे दीवे सूरिया केवइयं खेत्तं उड्ढं तवेंति केवइयं खेत्तं अहे तवंति केवइयं खेत्तं तिरियं तवेंति) જંબૂદ્વીપમાં બન્ને સૂર્યો કેટલા ક્ષેત્રને ઉપરના ભાગમાં પ્રકાશિત કરે છે કેટલા ક્ષેત્રને નીચેની બાજુમાં પ્રકાશ આપે છે. અને કેટલા ક્ષેત્રમાં તિર્યગ્ ભાગને પ્રકાશિત કરે છે ? શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન કરતાં ભગવાનને કહે છે કે–હે ભગવન્ ! આ જંબૂદ્વીપમાં કેટલા પ્રમાણુવાળા ક્ષેત્રને બન્ને સૂર્યો ઉપરની તરફ પ્રકાશિત કરે છે. તથા કેટલા પ્રમાણુવાળા ક્ષેત્રને નીચેના ભાગમાં પ્રકાશિત કરે છે. તથા કેટલા પ્રમાણુવાળા ક્ષેત્રને તિર્યક્ એટલે કે બાજુના ભાગમાં પ્રકાશિત કરે છે ? અર્થાત્ પૂર્વ ભાગમાં પાછળના ભાગમાં અને પડખાના ભાગમાં કેટલા પ્રમાણુવાળા ક્ષેત્રને સૂર્ય પ્રકાશિત કરે છે ? શ્રીગૌતમસ્વામીના આ પ્રશ્નને સાંભળીને તેના ઉત્તરમાં ભગવાન્ કહે છે કે–(ता जंबुद्दीवेणं दीवे सूरिया एगं जोयणसयं उड्ढं तवंति अट्ठारसजोयणसयाइं, अहे तवंति, सींतालीसं जोयणसहस्साइं दुन्नि य तेवट्ठे जोयणसए एगवीसं च सट्ठिभागे जोयणस्स तिरियं तवंति) જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે સૂર્ય એકસો યોજન ઉપરની બાજુને પ્રકાશિત કરે છે. તથા અઢારસો યોજન નીચેની તરફ પ્રકાશિત કરે છે. તથા ૪૭૨૬૩$\frac{૨૧}{૬૦}$ સુડતાલીસ હજાર બસો ત્રેસઠ યોજન અને એક યોજનના સાઠિયા એકવીસ ભાગ તિર્છાક્ષેત્રને પ્રકાશિત કરે છે. ભગવાન કહે છે કે હે ગૌતમ ! તમારા પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણેનો છે. બધા દ્વીપોમાં ઉત્તમ અને બધા દ્વીપોના પરિધિરૂપ જંબૂદ્વીપમાં બન્ને સૂર્યો પોતપોતાના વિમાનોની ઉપર એકસો યોજન ક્ષેત્રને ઉપરની તરફ પ્રકાશિત કરે છે, અર્થાત્ આટલા યોજન પ્રમાણ ઉપરના તરફ તેમનો પ્રકાશ જાય છે, તથા તેમના

વિમાનોની નીચેની તરફ અઢારસો યોજન પ્રમાણના ક્ષેત્રને પ્રકાશિત કરે છે. એટલે કે જંબૂદ્વીપની ભૂમિની ઉપર તરફ અઢારસો યોજન જેટલા અંતરમાં સૂર્ય સ્થિત રહે છે. આ કથનનો આ નીચોડ છે, આ અધોલોકગ્રામની અપેક્ષાથી પણ જાણી શકાય છે. જેમકે અધોલૌકિક ગ્રામ સમતલ ભૂભાગની નીચે એક હજાર યોજન કહેલ છે, તથા ઉપરની તરફ આઠ સો યોજન સૂર્યનો પ્રકાશ જાય છે, તેથી આ બન્નેને મેળવવાથી અઢાર સો યોજન થઇ જાય છે. આથી એ રીતે સિદ્ધ થાય છે કે-સમતલભૂભાગથી ઉપર એકસો યોજનના અંતરમાં જ સૂર્યનું સ્થાન હોય છે. તિર્છા બેઉ પડખામાં તેમનું પ્રકાશક્ષેત્ર એટલે કે પોતાના વિમાનના પૂર્વભાગમાં અને પશ્ચિમ ભાગમાં એ બન્ને સૂર્યોનું તાપક્ષેત્ર સુડતાલીસ હજાર બસો ત્રેસઠ યોજન અને એક યોજનના સાઠિયા એક વીસ ભાગો ૪૭૨૬૩ ૨૧/૬૦ આટલા પ્રમાણવાળા ક્ષેત્રપર્યન્ત પૂર્વ ભાગમાં અને પાછળના ભાગમાં બન્ને સૂર્યના પ્રકાશ ગમનનું પ્રમાણ થાય છે.

આ પ્રમાણે ઉપરની તરફ તથા નીચેની તરફ અને બન્ને બાજુમાં પ્રકાશક્ષેત્ર થાય છે. આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. આ પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીએ શ્રી ગૌતમસ્વામીને ઉપદેશ રૂપે કહેલ છે. ।। સૂ૦ ૨૫ ।।

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
ચોથું પ્રાભૃત સમાપ્ત ।। ૪ ।।

卐

## પાંચમા પ્રાભૃતનો પ્રારંભ

ચોથા પ્રાભૃતમાં તાપક્ષેત્રસંસ્થિતિ તથા અંધકારક્ષેત્રસંસ્થિતિને સારી રીતે વર્ણવીને હવે (कहिं ते पडिहया लेस्सा) આ કથન પ્રમાણે લેશ્યા પ્રતિઘાત નામના અર્થાધિકારના વિષયમાં અર્થાત્ સૂર્યની લેશ્યાના પ્રતિઘાતના સંબંધમાં સૂત્રકાર પ્રશ્ન પૂછે છે–

(ता कस्सि णं सूरियस्स लेस्सा पडिहयत्ति वएज्जा) તાવત્ સૂર્યની લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે? અર્થાત્ ક્યાં રોકાય છે? આ રીતે લેશ્યાના પ્રતિઘાતના સંબંધમાં શ્રી ગૌતમ સ્વામી ભગવાનને પ્રશ્ન પૂછતાં કહે છે કે–હે ભગવાન્! આપે પહેલાં પ્રતિપાદન કરેલ કે–આભ્યંતરમંડળમાં સૂર્યની લેશ્યા પ્રસારિત થાય છે તથા સર્વબાહ્યમંડળમાં સંકોચાય છે તો ક્યા સ્થાનમાં સૂર્યની લેશ્યા પરિવર્તિત થાય છે એટલે કે પાછી ફરે છે તો હે ભગવાન્ આપ તે વિષે કહો. અર્થાત્ ગતિવિશેષમાં તથા સ્થાનવિશેષમાં સૂર્યની લેશ્યા વિસ્તાર પામે છે, તથા સંકોચાય છે? સર્વાભ્યંતરમંડળમાં પ્રવેશ કરતી સૂર્યની લેશ્યા ક્યા સ્થાનમાં રોકાતી જાણવી જોઈએ કારણ કે સર્વાભ્યંતરમંડળમાં જંબૂદ્વીપનું તાપક્ષેત્ર આયામથી પિસ્તાલીસ હજાર યોજનપ્રમાણનું ૪૫૦૦૦ કહેલ છે આ પ્રમાણે સૂર્યનો સર્વાભ્યંતરમંડળમાં પ્રવેશ લેશ્યાના પ્રતિઘાત વગર થતો નથી. અન્યથા સૂર્યના નિષ્ક્રમણ કરતી વખતે તેનાથી પ્રતિબદ્ધ તાપક્ષેત્રનું પણ નિષ્ક્રમણ થઈ શકે છે, તથા સર્વબાહ્યમંડળના સંચરણકાળમાં આયામથી હીનતા થઈ જાય છે, પહેલાં હીન કહેલ નથી. તેથી એવું જણાય છે કે-ક્યાંક લેશ્યાની રૂકાવટ થાય છે. તેથી તે જાણવા માટે આ પ્રશ્ન કરેલ છે. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન કરવાથી ભગવાન્ મહાવીરસ્વામી આ વિષયના સંબંધમાં જેટલી પરતીર્થિકોની પ્રતિપત્તિયો કહેલ છે તે બતાવતાં ભગવાન્ કહે છે કે–

(तत्थ खलु इमाओ वीसं पडिवत्तीओ पण्णत्ताओ) સૂર્યની લેશ્યાના પ્રતિઘાતના સંબંધમાં આ કહેવામાં આવનાર પ્રકારવાળી વીસ પ્રતિપત્તિયો એટલે કે મતાન્તરો રૂપ માન્યતાઓ કહેલ છે. જે આ પ્રમાણે છે.–

(*तत्थ एगे एवमाहंसु ता मंदरंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहितात्ति वएज्जा*) એ પ્રતિપત્તિવાદિયોમાં કોઈ એક એ પ્રમાણે કહે છે કે–મંદરપવર્તમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે. તેમ કહેવું કહેવાનો ભાવ એ છે કે–સૂર્યની લેશ્યાના પ્રતિઘાતના વાદ વિવાદના સંબંધમાં એ વીસ પરતીર્થિકો અર્થાત્ મતાંતરવાદીયોમાં પહેલો મતાંતર વાદી આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતને કહેતો થકો તે કહે છે કે–મંદર નામના પર્વતમાં સૂર્યની લેશ્યા અર્થાત્ આત્મવૃત્તિભાવના વિશેષરૂપ લેશ્યા

પ્રતિહત અર્થાત્ પરાવર્તનશીલ કહેલ છે, એ પ્રમાણે શિષ્યોને કહેવું, એટલે કે તે તે પરતીર્થિકોના મૂળભૂત સ્વશિષ્યોની પ્રત્યે ઉપદેશ છે, કોઈ એક પહેલો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે. ।૧।

(एगे पुण एवमाहंसु ता मेरुंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा एगे एवमाहंसु) બીજો કોઇ એક અન્યમતવાદી આ પ્રમાણે કહે છે કે-મેરૂપર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે. એટલે કે પરાવર્તિત થાય છે. એ રીતે પોતાના શિષ્યોને કહેવું. કોઈ એક બીજો મતવાદી આ પ્રમાણે પોતાનો અભિપ્રાય દર્શાવે છે. ।૨। (एवं एए णं अभिलावेणं भाणियव्वं) આ પ્રમાણેના કથિત અભિલાપ વિશેષથી કહી લેવું અર્થાત્ પૂર્વોક્ત પ્રકારથી કોઈ એક આ પ્રમાણે કહે છે. વિગેરે પ્રકારથી કથ્યમાન પ્રતિપત્તિ વિશેષરૂપ આલાપકોથી બાકીની પ્રતિપત્તિયો બધે પૂર્વાપર રૂપ પદથી કહી લેવી. એજ પ્રતિપ્રત્તિભૂત આલાપક વિશેષ બતાવતાં કહે છે. (एगे पुण एवमाहंसु ता मनोरमंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा) કોઈ એક ત્રીજો મતવાદી આ પ્રમાણે કહે છે કે-મનોરમ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતિ કહી છે. અર્થાત્ ત્રીજો મતવાદી કહે છે કે-અત્યંત સુંદર આકાર હોવાથી દેવોના મનને પણ આનંદિત કરે છે. તેથી મનોરમ કહેવામાં આવે છે. એ મનોરમ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત એટલે કે અવરૂદ્ધ થતી કહેલ છે, એ રીતે સ્વશિષ્યોને કહેવું. આ પ્રમાણે ત્રીજા મતવાદીનો અભિપ્રાય છે. ।૩। (एगे पुण एवमाहंसु ता सुदंसणंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहितात्ति वएज्जा) કોઇ એક ચોથો મતવાદી આ પ્રમાણે કહે છે કે-સુદર્શન નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. આ પ્રમાણે કોઇ એકનો અભિપ્રાય છે, અર્થાત્ કોઇ એક એટલે કે-ચોથો મતવાદી આ પ્રમાણે બડબડાટ કરે છે, કે મનોરમ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી નથી. પરંતુ સુદર્શન અર્થાત્ સુંદર છે દર્શન જેનું

એટલે કે વજ્ર રત્નોની અધિકતાથી તથા જંબૂનદના અધિક પણાથી મનને આનંદિત કરવાવાળા સુંદર દર્શનવાળા સુદર્શન નામના પર્વતમાં સૂર્યની લેશ્યાનો પ્રતિઘાત થાય છે, એ પ્રમાણે સ્વશિષ્યોને ઉપદેશ કરવો. કોઈ એક ચોથો મતવાદી પોતાના મતના સંબંધમાં આ પ્રમાણે જલ્પન કરે છે. ।૪। (एगे पुण एवमाहंसु ता सयंपहंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा एगे एवमाहंसु) કોઈ એક આ પ્રમાણે કહે છે કે-સ્વયંપ્રભ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું અર્થાત્ કોઈ એક અર્થાત્ પાંચમો તીર્થાન્તરીય એ રીતે કહેછે કે-સ્વયંપ્રભ અર્થાત્ સ્વયં પ્રકાશમાન એટલે કે સૂર્યના પ્રકાશની અપેક્ષા વગર જ સૂર્યકાંત ચંદ્રકાંત સ્ફટિકાદિ રત્નની બહુલતા હોવાથી તેની જે પ્રભા એટલે કે પ્રકાશ તેના જેવો પ્રકાશ જેનો હોય એ સ્વયંપ્રભ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે. આ રીતે પોતાના શિષ્યોને કહેવું. આ રીતે પાંચમા મતવાદિનું કહેવું છે. ।૫। (एगे पुण एवमाहंसु ता गिरिरायंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा एगे पुण एवमाहंसु) કોઈ એક એ પ્રમાણે કહે છે કે-છટ્ઠો તીર્થાન્તરીય આ પ્રમાણે કહે છે કે-ગિરિરાજ એટલે કે-બધા તીર્થંકરોના જન્માભિષેક થવાથી તથા આશ્રયભૂત હોવાથી અને બધા પર્વતોમાં ઉંચાઈવાળો હોવાથી તથા અન્ય વસ્તુ સમૂહ રૂપ હોવાથી રાજાના સમાન હોય તે ગિરિરાજ એ ગિરિરાજ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. એટલે કે રોકાઈ જાય છે, એ રીતે સ્વશિષ્યોને કહેવું. ।૬। (एगे पुण एवमाहंसु ता रयणुच्चयंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहितात्ति वएज्जा एगे एवमाहंसु) કોઇ એક એ પ્રમાણે કહે છે કે-રત્નોચ્ચય નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું કોઇ એક આ પ્રમાણે કહે છે, અર્થાત્ કોઈ એક સાતમો તીર્થાન્તરીય કહે છે કે-રત્નોચ્ચય નામના પર્વતમાં રત્ન મણિ માણેક વૈડૂર્ય વિગેરે અનેક પ્રકારના રત્નોના અધિકપણાનો જે ચય એટલે કે ઉપચય અર્થાત્ ઢગલો જ્યાં હોય તે રત્નોચ્ચય કહેવાય છે, એ રત્નોચ્ચય

પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત અર્થાત્ પરાવર્ન ગતિવાળી થાય છે એ પ્રમાણે શિષ્યોને કહેવું આ પ્રમાણે સાતમા મતાવલંબીનો અભિપ્રાય છે. કોઈ એક આ પ્રમાણે પોતાનો અભિપ્રાય કહે છે. ।૭। (एगे पुण एवमाहंसु सिलुच्चयंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहितात्ति वएज्जा एगे एवमाहंसु) કોઈ એક એવી રીતે કહે છે કે શિલોચ્ચય નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે. એમ સ્વશિષ્યોને કહેવું. કોઈ એક આ પ્રમાણે કહે છે, અર્થાત્ આઠમો તીર્થાન્તરીય આ પ્રમાણે કહે છે કે-શિલોચ્ચય એટલે કે પાંડુકંબલ ગૈરિકાદિ શિલાખંડોની ઉપર ઉપરના ઢગલાનો જ્યાં સંભવ હોય એવો જે શિલોચ્ચય એટલે કે-એ નામનો પર્વત વિશેષ એ શિલોચ્ચય પર્વતની ઉપર સૂર્યની લેશ્યા પ્રતિહિત થાય છે એ પ્રમાણે શિષ્યોને ઉપદેશ આપવો કોઇ એક આ પ્રમાણે કહે છે, આ રીતે આઠમા મતાવલમ્બીનો અભિપ્રાય છે. ।૮। (एगे पुण एवमाहंसु ता लोयमज्झंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा एगे एवमाहंसु) ૯ કોઈ એક એ પ્રમાણે કહે છે કે લોકમધ્ય નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે એમ સ્વશિષ્યોને કહેવું. કોઈ એક આ પ્રમાણે કહે છે. અર્થાત કોઈ એક નવમો તીર્થાન્તરીય આ પ્રમાણે કહે છે. તમો બધાનો મત અનાર્ષ એટલે કે અસમીચીન છે. મારો મત જ આર્ષ એટલે કે સમ્યક્ પ્રકારનો છે. મારો મત આ પ્રમાણે છે કે-સૂર્યની લેશ્યા લોકમધ્ય નામના પર્વતમાં લોક એટલે તિર્યક્લોક અર્થાત્ સઘળા ભૂલોકમાં જે રહે તે લોકમધ્ય એ લોકમધ્ય નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિરુદ્ધ ગતિવાળી થાય છે, આ પ્રમાણે મારો મત પ્રામાણિક છે. આ રીતે પોતાના શિષ્યોને ઉપદેશ કરવો. આનો ઉપસંહાર કરતાં કહે છે કે-કોઈ એક આ કહેલ પ્રકારથી પોતાનો મત પ્રદર્શિત કરે છે. ।૯। (एगे पुण एवमाहंसु ता लोगनाभिंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा, एगे एवमाहंसु) કોઇ એક એ પ્રમાણે કહે છે કે લોકનાભી નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. કોઈ એક આ પ્રમાણે કહે છે, અર્થાત્ દસમો તીર્થાન્તરીય પોતાની જાંઘને ઠોકીને પોતાનો ખડખડાટ કરતા કહે છે કે તમો કોઇનો મત સમીચીન નથી મારો મત જ પ્રમાણયુક્ત છે તે તમો સાંભળો લોકનાભી નામના પર્વતમા એટલે કે તિર્યક્ લોકનો સ્થાલાકાર મધ્યનો જે સમુન્નતગોળ ચન્દ્રના જેવો ભાગ હોય છે કે જેને લોકનાભી કહે છે, એ લોકનાભી નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે, આ પ્રમાણે પોતપોતાના શિષ્યોને ઉપદેશ કરવો કોઇ એક આ પ્રમાણે કહે છે. ।૧૦। (एगे पुण एवमाहंसु ता अच्छंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहयत्ति वएज्जा एगे एवमाहंसु) ૧૧ કોઈ એક કહે છે કે-અચ્છ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે, એમ સ્વશિષ્યોને કહેવું. કોઇ એક

આ પ્રમાણે પોતાના મતને પ્રગટ કરતાં કહે છે. અર્થાત્ અગીયારમો તીર્થાન્તરીય આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતને પ્રગટ કરે છે. કે નહીં નહીં તમો બધાના કથનમાં કોઇનો પણ મત સમ્યક્ પ્રકારનો નથી, મારો મત તમો સાંભળો સૂર્યની લેશ્યા અચ્છ નામના પર્વતમાં પ્રતિહત થાય છે. અચ્છ પર્વતમાં જંબૂનદ વિગેરે રત્નોની ઉત્કૃષ્ટતા હોવાથી સુનિર્મળપણાથી તેને અચ્છ પર્વત કહેવામાં આવે છે, તેમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે તેમ પોતાના શિષ્યોને ઉપદેશ કરવો આ પ્રમાણે કોઈ એક કહે છે. ।૧૧। (एगे पुण एवमाहंसु ता सूरियावत्तंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहयत्ति वएज्जा, एगे एवमाहंसु) ૧૨ કોઈ એક કહે છે કે સૂર્યાવર્ત નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. આ પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું આ રીતે કોઈ એક કહે છે, બારમો અન્ય મતાવલમ્બી કહે છે કે સૂર્યાવર્ત નામના પર્વતમાં સૂર્ય પ્રદક્ષિણ રૂપથી ભ્રમણ કરે છે, અહીંયાં સૂર્ય એ પદ ઉપલક્ષણ છે. તેથી ચંદ્ર વિગેરે ગ્રહો નક્ષત્રો અને તારાઓનું ભ્રમણ પણ સમજી લેવું. આ પ્રકારના આવર્તનના કારણે આ પર્વતનું નામ સૂર્યાવર્ત કહેવામાં આવે છે, એ સૂર્યાવર્ત પર્વતમાં સૂર્યની લેશ્યાનો પ્રતિઘાત થાય છે. એટલે કે ત્યાં તેની રોકાવટ થાય છે, આ રીતે પોતાના શિષ્યોને કહેવું આ પ્રમાણે કોઈ એક બારમો મતવાદી પોતાનો મત દર્શાવે છે. ।૧૨। (एगे पुण एवमाहंसु ता सूरियावरणंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा. एगे एवमाहंसु) ૧૩ કોઈ એક એવી રીતે પોતાના મત સંબંધમાં કહે છે કે–સૂર્યાવરણ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. આ પ્રમાણે શિષ્યોને કહેવું. કોઇ એક આ પ્રમાણે કહે છે, અર્થાત્ તેરમો તીર્થાન્તરીય બારે તીર્થાન્તરીયોના કથનને સાંભળીને પોતાના મતને પ્રકટ કરતાં કહે છે કે–સૂર્યની લેશ્યા સૂર્યાવરણ નામના પર્વતમાં પ્રતિહત થાય છે, અહીંયાં પણ સૂર્ય એ પદ ઉપલક્ષણમાત્ર જ છે. તેથી ચંદ્રાદિ ગ્રહો, નક્ષત્રો, અને તારાઓ એ બધા પરિભ્રમણ શીલવાળાઓનું ગ્રહણ થઈ જાય છે, વેષ્ટિત હોવાથી આવરણ કહેવાય છે, સૂર્યને વેષ્ટિત કરવાથી સૂર્યાવરણ કહેવાય છે, એ સૂર્યાવરણ પર્વતમાં સૂર્યની લેશ્યા

પ્રતિહત થાય છે એ રીતે પોતાના શિષ્યોને કહેવું. કોઈ એક આ પ્રમાણે પોતાનો અભિપ્રાય કહે છે. ।૧૩। (एगे पुण एवमाहंसु ता उत्तमंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा, एगे एवमाहंसु)૧૪ કોઈ એક એવી રીતે કહે છે કે ઉત્તમ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. એ રીતે પોતાના શિષ્યોને સમજાવવું. અર્થાત્ ચૌદમો અન્ય મતાવલંબી કહે છે કે–ઉત્તમ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. એટલે કે–પર્વતોમાં જે શ્રેષ્ઠ તે ઉત્તમ એ પ્રમાણે કહેવાય છે. આ પ્રકારના પર્વત વિશેષમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે, એ રીતે પોતાના શિષ્યોને કહેવું. આ પ્રમાણે ચૌદમા તીર્થાન્તરીયનો અભિપ્રાય કહેલ છે. ।૧૪। (एगे पुण एवमाहंसु ता दिसादिसिंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा एगे एवमाहंसु) ૧૫ કોઈ એક આ પ્રમાણે કહે છે કે દિગાદિ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવામાં આવેલ છે. એ રીતે પોતાના શિષ્યોને કહેવું, કોઇ એક આ પ્રમાણે પોતાનો મત કહે છે. ।૧૫। પંદરમો મતાવલમ્બી એ રીતે કહે છે કે–દિગાદિ નામના મેરૂ પર્વતમાં એટલે કે દિશાઓનું આદિ ઉત્પત્તિસ્થાન જે હોય તે દિગાદિ એ દિગાદિ પર્વતમાં કારણ કે રૂચક પર્વતથી દિશા અને વિદિશાઓની ઉત્પત્તિ થાય છે, એવો એ રૂચક પર્વત આઠ પ્રદેશવાળા મેરૂની મધ્યમાં આવેલ પ્રદેશ વિશેષ છે તેથી મેરૂ પણ દિગાદિ એ પ્રમાણે કહેવાય છે, એ મેરૂ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે, આ પ્રમાણે પોતાના શિષ્યોને ઉપદેશ કરવો, આ પ્રમાણે કોઇ એક પંદરમા મતાવલંબીનો અભિપ્રાય છે ।૧૫। (एगे पुण एवमाहंसु ता अवतंसंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा एगे एवमाहंसु) ૧૬ કોઈ એક એવી રીતે કહે છે કે–અવતંસ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, એ પ્રમાણે સ્વશિષ્યોને સમજાવવું, અર્થાત્ સોળમા મતાવલમ્બીનું કહેવું છે કે–અવતંસ નામના પર્વતમાં એટલે કે પર્વતોના અવતંસ સમાન જે હોય તે માથાના વેષ્ટન અથવા મસ્તકના આભૂષણને અવંતસ કહે છે, તેથી બધા પર્વતોના અવતંસ રૂપ અર્થાત્ ભૂષણ રૂપ જે પર્વત હોય તેવા અવતંસ નામના પર્વતમાં સૂર્યની

લેશ્યા પ્રતિહત થતી કહી છે. એ પ્રમાણે પોતાના શિષ્યોને ઉપદેશ કરવો એ પ્રમાણે કોઈ એક મતાવલંબી પોતાનો અભિપ્રાય જણાવે છે. ।૧૬।

અહીંયાં આ સોળ પ્રતિપત્તિયોમાં સહાય રૂપ થાય તે હેતુથી તેઓના નામો બતાવનારી બે ગાથાઓ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામના શાસ્ત્રમાં કહેલ છે, તે અત્રે બતાવવામાં આવે છે, જે આ પ્રમાણે છે,-

मंदरमेरुमनोरम सुदंसण सयंपभे य गिरिराया ।
रयणोच्चए सिलोच्चय, मज्झे लोगस्स नाभी य ॥१॥
अच्छे य सूरियावत्ते, सूरियावरणे इय ।
उत्तमे य दिसाईय, वडिंसेइ य सोलसे ॥२॥

(एगे पुण एवमाहंसु ता धरणिकीलंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहयत्ति वएज्जा, एगे एवमाहंसु) १७ કોઈ એક આ પ્રમાણે કહે છે કે ધરણીકિલ નામના પર્વતની ઉપર સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. કોઈ એક એ પ્રમાણે કહે છે. અર્થાત્ સત્તરમો અન્ય મતાવલંબી કહે છે કે ધરણીકિલ એટલે કે-ધરણી એટલે પૃથ્વી તેનો કિલક રૂપ એટલે કે મધ્યમાં આવેલ માપ દંડના જેવો જે હોય તે ધરણી કિલક કહેવાય છે, એ ધરણિકિલક નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. એટલે કે રોકાણવાળી થાય છે તેમ પોતાના શિષ્યોને સમજાવવું. કોઇ એક આ પ્રમાણે પોતાનો મત બતાવે છે. ।૧૭। (एगे पुण एवमाहंसु ता धरणिसिंगंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा एगे एवमाहंसु) ૧૮ કોઇ એક આ પ્રમાણે કહે છે કે ધરણીશ્રૃંગ નામના પર્વતની ઉપર સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, એ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે, અર્થાત્ અઢારમો મતાવલંબી આ આગળ કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મત વિષે કહે છે કે-ધરણી શ્રૃંગ એટલે કે ધરણી એટલે પૃથ્વી તેના શિખરના સરખુ જે હોય તે ધરણીશ્રૃંગ એ ધરણીશૃંગપર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે. એ પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું. આ પ્રમાણે કોઈ એક અઢારમો મતાવલંબી પોતાનો મત દર્શાવે છે, ।૧૮। (एगे पुण

एवमाहंसु ता पव्वइंदंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहितात्ति वएज्जा एगे एव माहंसु)१९ કોઈ એક એવી રીતે કહે છે કે–પર્વતેન્દ્ર નામના પર્વત પર સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે, એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું, કોઈ એક આ પ્રમાણે પોતાના મત વિષે કથન કહે છે. અર્થાત્ ઓગણીસમો મતાવલમ્બી કહે છે કે પર્વતેન્દ્ર નામવાળા પર્વતમાં એટલે કે પર્વતોમાં જે ઇંદ્ર સમાન હોય તે પર્વતેન્દ્ર એવા એ પર્વતેન્દ્ર નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, આ પ્રમાણે પોતાના શિષ્યોને ઉપદેશ આપવો એ રીતે કોઈ એક પોતાનો મત દર્શાવે છે. ।૧૯। (एगे पुण एवमाहंसु ता पव्वयरायंसि णं पव्वयंसि सूरियस्स लेस्सा पडिहया आहियत्ति वएज्जा, एगे एवमाहंसु) કોઇ એક એવી રીતે કહે છે કે પર્વતરાજ નામના પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેલ છે, પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું એ પ્રમાણે કોઈ એક કહે છે, અર્થાત્ વીસમો મતવાદી આ કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતના સંબંધમાં કથન કરે છે કે પર્વતરાજ એટલે કે પર્વતોનો જે રાજા તે પર્વતરાજ એ પર્વતરાજ નામના પર્વતની ઉપર સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે એ પ્રમાણે સ્વશિષ્યોને સમજાવવું. કોઇ એક આ પ્રમાણે પોતાનું મન્તવ્ય બતાવે છે. ।૨૦।

આ રીતે વીસ પ્રતિવાદિયોના મતો છે પરંતુ આ મતાન્તરવાદિયોના મતોમાં મંદર વિગેરે બધા પર્વતોના નામને દર્શાવનારા જે અલગ અલગ શબ્દો છે તે વાસ્તવિક રીતે એકાર્થક જ છે, તો પણ અહીંયાં જુદા જુદા અભિપ્રાયથી કહેવામાં આવેલ છે, અહીંયાં કહેલી પૂર્વોક્ત બધી પ્રતિપત્તીયો મિથ્યારૂપ છે, તેમ જાણવું જોઇએ. જે લેશ્યાની રૂકાવટ છે, તે મંદર પર્વતમાં પણ છે, અને અન્યત્ર પણ થાય છે, તેથી (वयं पुण एवं वयामो ता मंदरेवि पवुच्चइ जाव पव्वयरायावि वुच्चइ) હું આ વિષયના સંબંધમાં એવી રીતે કહું છું કે આ લેશ્યા પ્રતિહતિ મંદર પર્વતમાં પણ થાય છે, અને પવર્તરાજમાં પણ થાય છે, ભગવાન્ કહે છે કે–કેવલજ્ઞાન નિષ્ઠ કેવળજ્ઞાનથી યથાવસ્થિત વસ્તુતત્વને જાણીને

આ વિષયના સંબંધમાં વસ્તુતત્વને એવી રીતે કહું છું કે–જે લેશ્યા મંદરપર્વતમાં વિદ્યમાન છે, એજ લેશ્યા પર્વતરાજમાં રહેલ છે. પર્વતરાજ એટલે કે મંદરાદિ પર્વતમાં રાજા સમાન કહેવાનો ભાવ એ કે બધા જ સ્થળોમાં એજ લેશ્યા હોય છે, તેમ સમજવું ક્યાંય પણ કાંઈ વિશેષતા નથી. (ता जेणं पुग्गलासूरियस्स लेस्सं फुसंति ते णं फुग्गला सूरियस्स लेस्सं पडिहणंति अदिट्ठावि पोग्गला सूरियस्स लेस्सं पडिहणंति चरिमलेस्संतरगतावि णं पोग्गला सूरियस्स लेस्सं पडिहणंति) જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે. એજ પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને રૂકાવટ કરે છે. અદૃષ્ય પુદ્‌ગલો પણ સૂર્યની લેશ્યાને પ્રતિહત કરે છે. ચરમલેશ્યાના અંતર્ગત પુદ્‌ગલો પણ સૂર્યની લેશ્યાને પ્રતિહત કરે છે, અર્થાત્ જે પુદ્‌ગલો મેરૂ તટની દિવાલમાં સંસ્થિત થઈને સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે, એજ પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને પ્રતિહતકરે છે, અર્થાત્ અંદરની તરફ પ્રવેશ કરતી સૂર્યની લેશ્યા એ પુદ્‌ગલોથી પ્રતિસ્ખલિત એટલે કે પરાવર્તિત થાય છે. તથા જે પુદ્‌ગલો મેરૂતટની ભિંતમાં હોય છે એ પણ દેખાતા પોદ્‌ગલોની અંતર્ગત થઈને સૂક્ષ્મ હોવાથી ચક્ષુગોચર થતા નથી, તેથી તેને અદૃષ્ટ કહેવામાં આવે છે. અદૃષ્ટ તે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને પ્રતિબદ્ધ કરે જ છે અંદર પ્રવેશ કરતી સૂર્યની લેશ્યાનું એજ પુદ્‌ગલોથી પોતાની શક્તિ પ્રમાણે પ્રતિસ્ખલન થવાથી તેમ થાય છે. જે મેરૂથી અન્યત્ર ચરમ લેશ્યાન્તર્ગત એટલે કે ચરમ લેશ્યા વિશેષને સંસ્પર્શ કરવાળા પુદ્‌ગલો હોય છે એ પણ સૂર્યની લેશ્યાને પ્રતિહત કરે છે. કારણ કે એ પુદ્‌ગલોથી ચરમલેશ્યાનો સંસ્પર્શ થતો હોવાથી ચરમ લેશ્યાની રૂકાવટ થાય છે. ॥સૂ૦ ૨૬॥

શ્રી જૈનાચાર્ય–જૈનધર્મદિવાકર–પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
પાંચમું પ્રાભૃત સમાપ્ત ॥ ૫ ॥

## છટ્ઠા પ્રાભૃતનો પ્રારંભ

પાંચમાં પ્રાભૃતમાં સૂર્યની લેશ્યા સંબંધી પરિસ્થિતિનું સારી રીતે પ્રતિપાદન કરીને હવે આ છટ્ઠા પ્રાભૃતમાં (कहिं ते ओयसंठिई) આપના મતથી સૂર્યની પ્રકાશસ્થિતિ કેવા પ્રકારની કહેલ છે? આ વિષયના સંબંધમાં પ્રશ્નસૂત્ર કહેવામાં આવે છે,-(कहं ते ओयसंठिई आहियत्ति वएज्जा) આપના મતથી સૂર્યની પ્રકાશસંસ્થિતિ કેવા પ્રકારની કહેવામાં આવેલ છે. તે કહો કહેવાનો ભાવ એ છે કે-સૂર્યની પ્રકાશસંસ્થિતિના સંબંધમાં મારૂં આ કથન સાંભળો કેવા પ્રકારથી અગર કઈ રીતે ઓજસ સંસ્થિતિ સદાકાળ એક રૂપથી રહે છે? અથવા બીજા કોઈ અન્ય પ્રકારથી પ્રકાશસંસ્થિતિ કહેલી છે? તે હે ભગવાન્ આપ કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પૂછવાથી આ વિષયમાં અન્ય મતવાદીયોની જેટલી પ્રતિપત્તિયો એટલે કે માન્યતાઓ છે તેને ભગવાન પહેલા બતાવતા થકા કથન કરે છે, (तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तीओ पण्णत्ताओ) આ વિષયમાં આ નીચે કહેવામાં આવનાર પ્રકારથી પચ્ચીસ પ્રતિપત્તિયો કહેલ છે, અર્થાત્ સૂર્યના પ્રકાશની સંસ્થિતિના સંબંધમાં વક્ષ્યમાણ પ્રકારની પચીસ સંખ્યાત્મક પ્રતિપત્તિયો એટલે કે જુદા જુદા પ્રકારની માન્યતાઓ કહેવામાં આવેલ છે. જે આ પ્રમાણે છે.-(तत्थ एगे एवमाहंसु ता अणुसमयमेव सूरियस्स ओया अण्णा उप्पज्जे अण्णा अवेइ, एगे एवमाहंसु) ૧ એ પચીસ મતવાદીયોમાં કોઇ એક એવી રીતે કહે છે કે-અનુસમયમાં સૂર્યનો પ્રકાશ જુદા પ્રકારનો દેખાય છે. તથા ભિન્ન પ્રકારથી નાશ પામે છે, કોઈ એક એ રીતે પોતાનો મત કહે છે. કહેવાનો ભાવ એ છે કે-એ બધા મતાન્તરવાદીયોમાં કોઇ એક પહેલો મતાવલમ્બી વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો મત દર્શાવતાં કહે છે કે-અનુસમય એટલે કે પ્રત્યેક ક્ષણમાં અર્થાત્ ક્ષણ ક્ષણમાં સૂર્યનો પ્રકાશ અર્થાત્ ઓજસ ભિન્ન પ્રકારથી ઉત્પન્ન થાય છે, એટલે કે ક્ષણે ક્ષણે વિલક્ષણ પ્રકારનું દેખાય છે, તથા ભિન્ન પ્રકારથી વિનાશિત થાય છે અને પ્રાકકથિત પ્રકારથી ઓજ-પ્રકાશ ઉત્પન્ન થાય છે. સૂત્રમાં ઓજસ શબ્દને (ओया) આ પ્રમાણે સ્ત્રીલિંગપણાથી કહેલ છે. તે પ્રાકૃત હોવાથી અથવા આર્ષ હોવાથી તે પ્રમાણે કહેલ છે. ઉપસંહાર કરતાં કહે છે કે-કોઈ એક પહેલો મતવાદી આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે. ।૧।

(एगे पुण पवमाहंसु–ता अणुमुहुत्तमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) २ કોઇ એક એવી રીતે કહે છે કે–અનુમુહૂર્તમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય એટલે કે પહેલા ઉત્પન્ન થયેલનો વિનાશ થાય છે. કોઇ એક આ પ્રમાણે પોતાનો મત જણાવે છે. અર્થાત્ બીજો મતાવલમ્બી એ પ્રમાણે પોતાનો મત બતાવતાં કહે છે કે–સૂર્યનો ઓજ એટલે કે પ્રકાશ અનુમુહૂર્તમાં એટલે કે પ્રતિમુહૂર્તમાં અન્ય જ ઉત્પન્ન થાય છે તથા અન્ય એટલે કે પહેલા ઉત્પન્ન થયેલાનો વિનાશ થાય છે. કોઈ એક અર્થાત્ બીજો મતાવલંબી આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે. ।૨।

(एएणं अभिलावेणं णेयव्वं) આ પ્રમાણેના અભિલાપથી જ્ઞાતવ્ય છે. અર્થાત્ આ પ્રમાણે વક્ષ્યમાણ પ્રકારની પ્રતિપત્તિરૂપ અભિલાપથી બાકીની બધી પ્રતિપત્તિયો સમજી લેવી બધે વાકય યોજના પહેલા કહેલ પ્રકારથી જ કરી લેવી અર્થાત્ પ્રતિપત્તિ સૂચક વાકયને મધ્યમાં રાખીને કોઈ એક આ પ્રમાણે કહે છે કોઈ એક આવી રીતે કહે છે આ પ્રકારના ક્રમથી બધા પ્રતિપત્તિ સૂચક વાકયોનો પ્રયોગ કરી લેવો. આ પ્રમાણે આ કથનનો અભિપ્રાય છે. એજ અભિલાપ વિશેષને બતાવતાં કહે છે કે–(एगे पुण एवमाहंसु ता अणुराइंदियमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ, अण्णा अवेइ, एगे एवमाहंसु) ३ કોઇ એક આ પ્રમાણે કહે છે કે પ્રત્યેક રાતદિવસમાં સૂર્યનો ઓજ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય વિનષ્ટ થાય છે. કોઈ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ ત્રીજો અન્ય મતાવલંબી કહે છે કે– દરેક રાત્રિ દિવસમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ એટલે કે પૂર્વોત્પન્નનો વિનાશ થાય છે. જે દરેક ક્ષણે જુદા જુદા સ્વરૂપવાળો જ સૂર્યનો પ્રકાશ હોય છે. જે પ્રકાશ પૂર્વ ક્ષણમા નથી હોતો તે વર્તમાન ક્ષણમાં હોય છે. અને જે વર્તમાનક્ષણમાં હોય છે તે પછીની ક્ષણમાં હોતો નથી. આં પ્રમાણે અભિપ્રાય સમજવો, ।૩। (एगे पुण एवमाहंसु ता अणुपक्खमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ, एगे एवमाहंसु)४ કોઇ એક એવી રીતે કહે છે કે–દરેક પક્ષમાં સૂર્યનો પ્રકાશ અન્ય જઉત્પન્ન

થાય છે અને અન્ય જ નાશ પામે છે. કોઇ એક આ પ્રમાણે પોતાનો અભિપ્રાય કહે છે.

કહેવાનો ભાવ એ છે કે-ચોથો અન્યતીર્થિક પોતાનો મત બતાવતાં એવી રીતે બડબડાટ કરે છે કે-દરેક ક્ષણમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને પૂર્વે ઉત્પન્ન થવાથી જુદા પ્રકારે વિનાશિત થાય છે. અર્થાત્ અનુમુહૂર્તાદિમાં સૂર્યના પ્રકાશમાં જુદાપણુ હોતું નથી પરંતુ દરેક ક્ષણમાં જ જુદાપણું હોય છે. આ પ્રમાણે ચોથો મતાવલંબી કહે છે. કોઇ એક આ રીતે પોતાનો મત દર્શાવે છે. ।૪। (एगे पुण एवमाहंसु–ता अनुमासमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ, अण्णा अवेइ, एगे एवमाहंसु) ૫ કોઈ એક આ પ્રમાણે કહે છે કે-દરેક મહિને સૂર્યનો પ્રકાશ ભિન્ન પ્રકારથી ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે. કોઇ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. અર્થાત્ પાંચમો મતાવલમ્બી પોતાનો અભિપ્રાય બતાવતાં કહે છે કે દરેક માસમાં સૂર્યનો ઓજસ અન્ય અર્થાત્ ભિન્ન પ્રકારથી ઉત્પન્ન થાય છે અને ભિન્ન પ્રકારથી વિનાશિત થાય છે. દરેક મહિને જ સૂર્યના તેજમાં અલગપણું પ્રતિભાસિત થાય છે. આ પ્રમાણે પાંચમા મતાન્તરવાદીનો મત છે. કોઇ એક આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે. આ પ્રમાણેનો ઉપસંહાર છે. ।૫।

(एगे पुण एवमाहंसु ता अणु उउ मेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ, अण्णा अवेइ एगे एवमाहंसु) ૬ કોઈ એક આ પ્રમાણે કહે છે કે-દરેક ઋતુમાં સૂર્યનો ઓજસ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ વિનાશ પામે છે, કોઈ એક આ પ્રમાણે પોતાનો મત કહે છે. અર્થાત્ કોઇ એક છટ્ઠો મતવાદી કહે છે કે-દરેક ઋતુમાં સૂર્યનો ઓજસ એટલે કે પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ નાશ પામે છે. કોઇ એક આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે. ।૬। (एगे पुण एवमाहंसु ता अणुअयणमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ, अण्णा अवेइ एगे एवमाहंसु) ૭ કોઈ એક એવી રીતે કહે છે કે પ્રત્યેક અયનમાં સૂર્યનું ઓજસ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ વિનષ્ટ થાય છે. અર્થાત્

કોઈ એક સાતમો મતવાદી પોતાના મતનું પ્રતિપાદન કરતાં કહે છે કે-દરેક અયનમાં માને છ છ મહિને સૂર્યના પ્રકાશમાં જુદાઇ દેખાય છે, દરેક ઋતુમાં નહીં. આ પ્રમાણે સાતમા મતવાદીનો અભિપ્રાય છે. કોઇ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૭। (एगे पुण एवमाहंसु ता अणुसंवच्छरमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ૮ કોઇ એક એ રીતે કહે છે કે-દરેક સંવત્સરમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ વિનાશ પામે છે. કોઈ એક આ પ્રમાણે કહે છે અર્થાત્ કોઈ એક આઠમો અન્ય મતવાદી કહે છે કે-દરેક સંવત્સરમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય નાશ પામે છે, એટલે કે અલગ થાય છે. આ પ્રમાણે આઠમા મતવાદીનું જલ્પન છે. કોઈ એક આ પ્રમાણે પોતાનો મત કહે છે. ।૮। (एगे पुण एवमाहंसु ता अणुजुगमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ९ કોઈ એક એવી રીતે કહે છે કે-દરેક યુગમાં સૂર્યનું ઓજસ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય વિનાશ પામે છે. કોઈ એક એવી રીતે પોતાનો મત દર્શાવે છે, ૯ અથવા નવમો અન્ય મતાવલમ્બી એવું પ્રજલ્પન કરે છે કે-દરેક યુગમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય નાશ પામે છે, એટલે કે દરેક યુગમાં સૂર્યના પ્રકાશમાં જુદાપણું ઉત્પન્ન થાય છે તેની પહેલાં નહીં એ પ્રમાણે કોઈ એક પોતાનો મત પ્રદર્શિત કરે છે. ।૯। (एगे पुण एवमाहंसु ता अणुवाससय-मेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णाअवेइ एगे एवमाहंसु) १० કોઇ એક એવી રીતે કહે છે કે-દરેક સો વર્ષે સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે. અને અન્ય વિનાશ પામે છે, કોઇ એક આ પ્રમાણે કહે છે, અર્થાત્ કોઈ દસમો અન્ય મતવાદી કહે છે કે-દરેક સો વર્ષમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય નાશ પામે છે. એટલે કે દરેક સો વર્ષે પ્રકાશમાં જુદાઇ દેખાય છે. આ પ્રમાણે દસમા મતાવલમ્બીનું પ્રજલ્પન છે, કોઈ એક આવી રીતે પોતાનો મત પ્રદર્શિત કરે છે. ।૧૦। (एगे पुण एवमाहंसु ता अणुवाससहस्समेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ, एगे

एवमाहंसु) ૧૧ કોઈ એક એવી રીતે કહે છે કે–દરેક હજાર વર્ષે સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય નાશ પામે છે, કોઇ એક આ પ્રમાણે સ્વમતનું કથન કરે છે. અર્થાત્ અગ્યારમો તીર્થાન્તરીય કહે છે કે–દરેક એક હજાર વર્ષે સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય નાશ પામે છે. એટલે કે દરેક એક હજાર વર્ષે સૂર્યના પ્રકાશમાં જુદાઇ આવે છે આ પ્રમાણે અગીયારમા મતાવલમ્બીનો અભિપ્રાય છે. કોઈ એક આ પ્રમાણે કહે છે. ।૧૧। (एगे पुण एवमाहंसु ता अणुवाससससयसहस्समेव सूरियस्स ओया अण्णा उपज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) કોઇ એક આ પ્રમાણે પોતાનો મત જણાવે છે કે–દરેક સો હજાર વર્ષે સૂર્યનો પ્રકાશ ભિન્ન રૂપે ઉત્પન્ન થાય છે અને ભિન્ન રૂપે વિનાશ પામે છે, કોઈ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે, અર્થાત્ બારમો તીર્થાન્તરીય કહે છે કે–આવી રીતે સદા સૂર્યના પ્રકાશમાં ભિન્નપણું હોતું નથી. પરંતુ એક લાખ વર્ષે સૂર્યના તેજમાં જુદાપણું આવે છે. આ પ્રમાણે બારમા તીર્થાન્તરીયનો મત છે. કોઇ એક આ પ્રમાણે કહે છે. ।૧૨। (एगे पुण एवमाहंसु ता अणुपुव्वमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवहंसु)૧૩ કોઈ એક એવી રીતે કહે છે કે–અનુપૂર્વમાં જ સૂર્યનું ઓજસ અન્ય ઉત્પન્ન થાય છે અને અને અન્ય વિનાશ પામે છે, કોઇ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ તેરમો મતવાદી કહે છે કે–અનુપૂર્વ એટલે કે પૂર્વની અનુ એટલે પાછળ જે હોય તે અનુપૂર્વ અર્થાત્ પૂર્વક્ષણથી ભિન્ન સ્વરૂપવાળો સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્ય જ વિનાશ પામે છે. આ પ્રમાણે તેરમા મતવાદીનું કથન છે. કોઇ એક આ પ્રમાણે કહે છે. ।૧૩। (एगे पुण एवमाहंसु ता अणुपुव्वसयमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ૧૪ કોઈ એક એવી રીતે કહે છે કે–અનુપૂર્વ સો મુહૂર્તમાં સૂર્યનું ઓજસ અન્ય ઉત્પન્ન થાય છે અને અને અન્યનો વિનાશ થાય છે. કોઈ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ કોઈ એક ચૌદમો તીર્થાન્તરીય કહે છે–અનુપૂર્વશત અર્થાત્ સો મુહૂર્તો પછી

સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે. અર્થાત્ દરેક સો મુહૂર્તો પછી સૂર્યના પ્રકાશમાં ભિન્નતા થાય છે. અન્ય રીતે નહીં. આ પ્રમાણે કોઈ એક મતાન્તરવાદીનું કથન છે. ।૧૪। (एगे पुण एवमाहंसु ता अणुपुव्वसहस्समेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ૧૫ કોઈ એક એવી રીતે કહે છે કે–અનુપૂર્વ હજાર મુહૂર્તમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય વિનષ્ટ થાય છે. કોઇ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ કોઈ એક પંદરમો મતાન્તરવાદી એ રીતે કહે છે કે–અનુસહસ્ર એટલે કે પૂર્વપૂર્વની અપેક્ષાથી હજારમુહૂર્ત પછી સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્ય નાશ પામે છે. કોઈ એક આ પ્રમાણે પોતાનો મત કહે છે. ૧૫ (एगे पुण एवमाहंसु ता अणुपुव्वसयसहस्समेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ૧૬ કોઈ એક એવી રીતે પોતાનો મત પ્રદર્શિત કરે છે કે–અનુપૂર્વ સો હજાર મુહૂર્તમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે. કોઇ એક આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે, અર્થાત્ કોઈ એક પંદરમો મતાન્તરવાદી પોતાનો મત પ્રદર્શિત કરતો થકો એવી રીતે કહે છે કે–અનુપૂર્વ હજાર એટલે કે પૂર્વની અપેક્ષાથી હજાર મુહૂર્તની પછી સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે. અને અન્યનો નાશ થાય છે, કોઇ એક આ પ્રમાણે કહે છે. ।૧૬। (एगे पुण एवमाहंसु ता अणुपलिओवममेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ૧૭ કોઈ એક એવી રીતે પોતાનો મત જણાવે છે કે અનુપલ્યોપમમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે, કોઇ એક આ પ્રમાણે પોતાનો મત કહે છે. અર્થાત્ સત્તરમો મતાન્તરવાદી કહે છે કે અનુપલ્યોપમ એટલે કે કંઈક ઓછા પલ્યોપમ સમાન કાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે, અર્થાત્ પલ્યોપમ સંખ્યકકાળમાં સૂર્યના પ્રકાશમાં વિલક્ષણતા ઉત્પન્ન થાય છે આ પ્રમાણે સત્તરમાં મતાન્તરવાદીનું કથન છે. કોઈ એક આ પ્રમાણે કહે છે ।૧૭। (एगे पुण एवमाहंसु ता

अणुपलिओवमसयमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) १८ કોઇ એક એ પ્રમાણે કહે છે કે અનુપલ્યોપમશત સમયમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે, કોઇ એક આ પ્રમાણે કહે છે. અર્થાત્ કોઇ અઢારમો તીર્થાન્તરીય પોતાના મતને જણાવતો કહે છે કે–અનુપલ્યોપમશત એટલે કે– કંઇક ઓછા પલ્યોપમ સંખ્યા સમાન કાળમાં અર્થાત્ પદ્મથી વધારે સંખ્યાની એક પલ્યોપમ સંખ્યા થાય છે. તેનાથી કંઇક ઓછી સંખ્યાને અનુપલ્યોપમ કહે છે, અનુ-પલ્યોપમના જે સો તે અનુપલ્યોપમશત કહેવાય છે, આટલી સંખ્યા સમાનકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે. આ પ્રમાણે કોઈ એક અન્ય મતવાદી કહે છે. ।૧૮।

(एगे पुण एवमाहंसु ता अणुपलिओवमसहस्समेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) १९ કોઇ એક એ પ્રમાણે કહે છે કે–અનુપલ્યોપમ સહસ્રકાળમાં સૂર્યનો પ્રકાશ ભિન્ન ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે. કોઇ એક આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે. અર્થાત્ ઓગણીસમો અન્યતીર્થિક પોતાના મતનું કથન કરતાં કહે છે કે અનુપલ્યોપમ સહસ્ર સંખ્યાવાળા કાળમાં એટલે કે કંઇક ન્યૂન પલ્યોપમસહસ્ર સંખ્યાવાળા કાળમાં સૂર્યના પ્રકાશમાં વિલક્ષણતા ઉત્પન્ન થાય છે. અને અન્યનો નાશ થાય છે, આ પ્રમાણે ઓગણીસમા મતાવલંબીનું કથન છે. આનો ઉપસંહાર કરતાં કહે છે કે–કોઈ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૧૯। (एगे पुण एवमाहंसु ता अणुपलीओवमसयसहस्समेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) કોઇ એક એવી રીતે પોતાનો મત કહે છે કે–અનુપલ્યોપમશતસહસ્ર સમયમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે, તથા અન્યનો વિનાશ થાય છે, કોઇ એક આ પ્રમાણે પોતાનો મત જણાવે છે. ।૨૦। અર્થાત્ વીસમો અન્ય મતાવલમ્બી પોતાના મતનું સમર્થન કરતાં કહે છે કે–અનુપલ્યોપમશતસહસ્ર એટલે કે અનુપલ્યોપમ સંખ્યાનું જે શતસહસ્ર

એટલે કે એક લાખ પલ્યોપમકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય જ ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે, આ પ્રમાણે વીસમા મતવાદીનું કથન છે. કોઈ એક આ પ્રમાણે પોતાના મત વિષે કથન કરે છે. ।૨૦। (एगे पुण एवमाहंसु ता अणुसागरोवममेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ૨૧ કોઈ એક આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો મત બતાવતાં કહે છે કે—અનુસાગરોપમકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે, કોઈ એક આ પ્રમાણે પોતાનો મત બતાવે છે, અર્થાત્ એકવીસમો અન્યમતવાદી પોતાના મત વિષે કહે છે કે સાગરોપમમાં અનુ અર્થાત્ ન્યૂન તે અનુસાગરોપમ અર્થાત્ સાગરોપમ જેટલા કાળમાં કંઈક ઓછા કાળને અનુસાગરોપમ કહે છે. એ સંખ્યાની બરોબર સંખ્યાવાળા કાળમાં સૂર્યનો પ્રકશ અન્ય ઉત્પન્ન થાય છે. અને અન્ય નાશ પામે છે. ।૨૧। (एगे पुण एवमाहंसु अणुसागरोवमसयमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ, अण्णा अवेइ एगे एवमाहंसु) ૨૨ કોઈ એક એવી રીતે પોતાનો મત જણાવે છે કે—અનુસાગરોપમશત સમયમાં સૂર્યનો પ્રકાશ ભિન્ન ઉત્પન્ન થાય છે અને ભિન્ન નાશ થાય પામે છે. કોઇ એક આ રીતે પોતાનો મત બતાવે છે, અર્થાત્ બાવીસમો મતાન્તરવાદી પોતાના મત વિષે બડબડાટ કરતાં કહે છે કે અનુસાગરોપમશત સંખ્યાવાળા કાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો વિનાશ થાય છે. કોઈ એક આ પ્રમાણે કહે છે. ।૨૨। (एगे पुण एवमाहंसु ता अणुसागरोवमसहस्समेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) ૨૩ કોઈ એક એ રીતે પોતાનો મત જણાવે છે કે-અનુસાગરોપમસહસ્રકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે, કોઈ એક આ પ્રમાણે પોતાનો મત જણાવે છે. ।૨૩। અર્થાત્ તેવીસમો તીર્થાન્તરીય પોતાના મતના સંબંધમાં કહે છે કે—અનુસાગરોપમસહસ્ર એટલે કે એક હજાર સાગરોપમમાં કંઈક ઓછા કાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ-થાય છે. કોઈ એક આ પ્રમાણે પોતાના મતના વિષયમાં કથન કરે છે. ।૨૩।

(एगे पुण एवमाहंसु ता अणुसागरोवमसयसहस्समेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) २४ કોઇ એક આ પ્રમાણે કહે છે કે-અનુસાગરોપમશતસહસ્રકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે અને અન્યનો નાશ થાય છે. કોઈ એક આ પ્રમાણે પોતાનો મત કહે છે. ।૨૪। અર્થાત્ ચોવીસમો તીર્થાન્તરીય પોતાના મતના સંબંધમાં કહે છે કે-અનુસાગરોપમશતસહસ્ર એટલે કે કંઈક ઓછા એક લાખ સંખ્યક સાગરોપમકાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે. અને અન્યનો વિનાશ થાય છે, એટલે કે એટલા સમયમાં પ્રકાશની ભિન્નતા થાય છે. આ પ્રમાણે કોઇ પોતાના મત વિષે કથન કરે છે. ।૨૪। (एगे पुण एवमाहंसु ता अणुउस्सप्पिणि ओसप्पिणिमेव सूरियस्स ओया अण्णा उप्पज्जइ अण्णा अवेइ एगे एवमाहंसु) २५ કોઇ એક એ પ્રમાણે કહે છે કે-અનુઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં સૂર્યનો પ્રકાશ અન્ય ઉત્પન્ન થાય છે. અને અન્યનો નાશ થાય છે. કોઈ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૨૫। કહેવાનો ભાવ એ છે કે કોઈ એક પચીસમો મતાન્તરવાદી પોતાના મતને પ્રગટ કરતાં કહે છે કે-અનુઉત્સર્પિણીકાળ એટલે કંઈક ઓછી જે ઉત્સર્પિણી અવસર્પિણી કાળ કે જ્યાં ધર્માદિનો હ્રાસ થાય છે. એવા કાળને અનૂત્સર્પિણીકાળ કહે છે. અને જ્યાં ધર્માદીની વૃદ્ધિ થાય છે તેવા કાળને અનુઅવસર્પિણીકાળ કહેવાય છે. તેવા અનુત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં સૂર્યનો પ્રકાશ ભિન્ન ઉત્પન્ન થાય છે અને ભિન્ન વિનાશ પામે છે. આ બન્ને કાળ સમૂહવાચક છે. સંખ્યાવાચક નથી, કારણ કે ધર્માદીની હ્રાસવૃદ્ધી કહેલા છે. તેથી એ સાર જણાય છે તેથી હ્રાસકાળમાં અને વૃદ્ધિકાળમાં સદા સૂર્યના ઓજસ એટલે પ્રકાશમાં ભિન્નપણુ ઉત્પન્ન થાય જ છે. આ પ્રમાણે પચીસમાં મતાન્તરવાદીનો અભિપ્રાય છે. કોઈ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે, આ પ્રમાણે ઉપસંહાર કહેલ છે ।૨૫।

આ પ્રમાણે પચીસ મતાન્તરવાદીયોના મતાન્તરો કહેલ છે. કારણ કે આ બધા મતાન્તરોવાદીયોનું કથન મિથ્યાપ્રરૂપ જેવું છે, તેથી બધા મતવાદીયોના કથનને દૂર

કરીને ભગવાન્ પોતાનો મત પ્રગટ કરતાં કહે છે કે-(ता तीसं तीसं मुहुत्ते सूरियस्स ओया अवट्ठिया भवइ तेण परं सूरियस्स ओया अणवट्ठिया भवई) ત્રીસ ત્રીસ મુહૂર્ત પર્યન્ત સૂર્યનો ઓજ અર્થાત્ પ્રકાશ અવસ્થિત રહે છે. તે પછી સૂર્યનો પ્રકાશ અનવસ્થિત થાય છે. કહેવાનો ભાવ એ છે કે-જંબૂદ્વીપમાં પ્રતિવર્ષે પરિપૂર્ણ રીતે ત્રીસ મુહૂર્ત પર્યન્ત સૂર્યનો પ્રકાશ અવસ્થિત એટલે કે સ્થિર એકરૂપે રહે છે, અર્થાત્ સૌર વર્ષ સંવત્સર સુધીમાં જ્યારે સૂર્ય સર્વાભ્યન્તરમંડળમાં જઇને ગતિ કરે છે, ત્યારે જંબૂદ્વીપમાં ગયેલ સૂર્યનું તેજ પૂરેપૂરૂં ત્રીસ મુહૂર્ત પ્રમાણનું હોય છે, તે પછી એટલે કે સર્વાભ્યન્તર-મંડળની પછી સૂર્યનો પ્રકાશ અનવસ્થિત અર્થાત્ અસ્થિર ચંચળ થાય છે, અનવસ્થિત શા કારણથી થાય છે એ જીજ્ઞાસાની નિવૃત્તિ માટે સૂત્રકાર કહે છે-(छम्मासे सूरिए ओयं णिवुड्ढेइ छम्मासे सूरिए ओयं अभिवड्ढेइ) છ માસ પર્યન્ત સૂર્યનો પ્રકાશ ન્યૂન થાય છે. અને છ માસ સૂર્યનો પ્રકાશ વધતો રહે છે, કારણ કે-સર્વાભ્યંતરમંડળ પછી સૂર્ય સંવત્સર પછી પહેલા છ માસ યાવત્ સૂર્યનો જંબૂદ્વીપમાં રહેલ પ્રકાશ દરેક અહોરાત્રનો અઢારસો ત્રીસ સંખ્યક ભાગનું ન્યૂનપણું બતાવે છે. તે પછી બીજા સંવત્સર સંબંધી છ માસમાં યાવત્ સૂર્ય દરેક અહોરાત્રમાં અઢારસો ત્રીસ ૧૮૩૦ સંખ્યક ભાગની વૃદ્ધિ થવાથી પ્રકાશનો વધારો થાય છે. આ પ્રમાણે પ્રત્યક્ષ પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે, એજ વક્તવ્ય પ્રકટ કરતાં સૂત્રકાર કહે છે-(णिक्खममाणे सूरिए देसं णिवुड्ढेइ, पविसमाणे सूरिए देसं अभिवुड्ढेइ) નિષ્ક્રમણ કરતો સૂર્ય દેશભાગને ન્યૂન કરે છે, તથા પ્રવેશ કરતો સૂર્ય દેશભાગને વધારે છે, કહેવાનો ભાવ એ છે કે-અભ્યંતરમંડળથી બહાર નિકળતો સૂર્ય દેશભાગ એટલે કે અઢારસો ત્રીસવાળા ભાગ સંબંધી પ્રતિ અહોરાત્રના એક એક ભાગ રૂપ દેશ ભાગને ન્યૂન કરે છે, તથા એજ રીતે બાહ્યમંડળથી અભ્યંતરમંડલાભિમુખ

ગમન કરતો સૂર્ય દેશ એટલે અઢારસો ત્રીસ ભાગ સંબંધી પ્રતિ અહોરાત્રના એક એક ભાગ ૩૫ પ્રદેશને વધારે છે. આ કારણથી કહ્યું છે કે-સર્વાભ્યંતરમંડળમાં પૂરેપૂરા ત્રીસ મુહૂર્ત સૂર્યનો પ્રકાશ :અવસ્થિત રહે છે, તે પછી સૂર્યનો પ્રકાશ અનવસ્થિત થાય છે, એટલે કે અસ્થિર થાય છે.

આ વિષયને સરળતાથી સમજાવવાના ઉદ્દેશથી પ્રશ્નસૂત્ર કહેતા થકા કહે છે-(तत्थ को हेऊत्ति वएज्जा) તેમાં શું કારણ છે? તે કહો અર્થાત્ પ્રવેશ કરવામાં અને નિકળવામાં યથોક્ત પ્રકારના દેશને ન્યૂનાધિક કરે છે. અર્થાત્ નિકળવામાં ન્યૂન કરે છે, અને પ્રવેશ કરતાં વધારે છે. આમ થવામાં શું કારણ છે? શું પ્રમાણ છે? તે કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પૂછવાથી શ્રીભગવાન્ ઉત્તર આપતા કહે છે કે-(ता अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीव दीवसमुद्दाणं जाव परिक्खेवेणं) આ જંબૂદ્વીપ નામનો દ્વીપ બધા દ્વીપ સમુદ્રોમાં યાવત્ પરિક્ષેપથી કહેલ છે, આ વાકય જંબૂદ્વીપ સંબંધી છે, તેનું વર્ણન જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રથી જાણી લેવું બધા દ્વીપ સમુદ્ર જેને પરિધિની જેમ પ્રદક્ષિણા કરતા હોય તે પ્રમાણે રહે છે, એવા આ બધા દ્વીપ સમુદ્રોની મધ્યમાં રહેલ આ જંબૂદ્વીપ રહેલ છે. (ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) જ્યારે સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને સૂર્ય ગતિ કરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કર્ષક અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, તથા જઘન્યા બાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે, કહેવાનો ભાવ એ છે કે જંબૂદ્વીપમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને એટલે કે એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, અર્થાત્ સર્વાભ્યંતરમંડળમાં ભ્રમણ કરે છે, એ સમય સૂર્ય ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત થાય છે, અર્થાત્ પરમ, ઉત્તર દિશામાં રહેલ એટલે સાયન મિથુનાન્ત અહોરાત્ર વૃત્તમાં ગયેલ હોય છે; તેથી ઉત્કર્ષક એટલે કે પરમ અધિક અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે, તથા જઘન્યા એટલે કે પરમ નાની બાર મુહૂર્તપ્રમવાળી રાત્રીહોય છે, (से णिक्खममाणे सूरिए

णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) એ પ્રમાણે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વાભ્યંતરમંડથી બહાર નીકળતો એ સૂર્ય નવીન સંવત્સર એટલે કે સૌર સંવત્સરને પ્રાપ્ત કરીને પહેલા અહોરાત્રમાં એટલે નવા સંવત્સરના પહેલા અહોરાત્રમાં સર્વાભ્યંતરમંડળની બહાર નજીકના બીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. એટલે કે બીજા મંડળમાં ભ્રમણ કરતો દૃષ્ટિગોચર થાય છે. (ता जया णं सूरिए अब्भितराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं एगेणं राइंदिएणं एगं भागं ओयाए दिवसक्खित्तस्स अभिवड्ढित्ता चारं चरइ) જ્યારે સૂર્ય અભ્યંતરમંડળની પછીના મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે એક રાત્રિ દિવસથી દિવસક્ષેત્રના પ્રકાશના એક ભાગને ન્યૂન કરીને અને રાત્રિક્ષેત્રના એક ભાગને વધારીને ગતિ કરે છે. કહેવાનો ભાવ એ છે કે–સર્વાભ્યંતરમંડળની પછીના બીજા મંડળના સંચરણ કાળમાં સર્વાભ્યંતર મંડળવર્ત્તિ એક રાત્રિ દિવસથી પ્રથમ ક્ષણની પછી ધીરે ધીરે કળામાત્ર કળામાત્ર કાળને કમ કરીને અહોરાત્ર સુધીના કાળમાં દિવસક્ષેત્રના પ્રકાશના એક ભાગને ન્યૂન કરીને અને એજ રીતે રાત્રિક્ષેત્રના એક ભાગને વધારીને ગતિ કરે છે. હવે આ દિવસક્ષેત્રના પ્રકાશના કેટલા પ્રમાણ વાળા ભાગને ન્યૂન કરીને અને રાત્રિ ક્ષેત્રના કેટલા પ્રમાણના ભાગને વધારીને ગતિ કરે છે? એ વિષયમાં સૂત્રકાર કથન કરે છે–(मंडलं अट्ठारसहिं तीसेहिं छित्ता) અઢારસો ત્રીસથી ભાગીને અર્થાત્ સર્વાભ્યંતર મંડળથી બહારના નજીકના બીજા મંડળને અઢારસો ત્રીસથી ભાગીને અહીંયાં આ પ્રમાણે કહેવું જોઈએ કે–નજીકના બીજા મંડળને અઢાર સો ત્રીસથી ભાગી જે ભાગ આવે એ ભાગ સંબંધી એક ભાગ સમજવો. અહીંયાં મંડળના અઢારસો ત્રીસ ભાગોની કલ્પના કઈ રીતે કરવામાં આવે છે એ વિષયમાં કહે છે–એક એક મંડળ બે સૂર્યોથી પોતપોતાની ભ્રમણ ગતિથી

એક અહોરાત્રમાં પૂરી થાય છે. અહોરાત્ર ત્રીસ મુહૂર્ત પ્રમાણનો હોય છે. પ્રતિ સૂર્યની અહોરાત્રીની ગણુનાથી વાસ્તવિક રીતે બે અહોરાત્ર હોય છે. બે અહોરાત્રીના સાઈઠ મુહૂર્ત થાય છે. તેથી અહીંયાં પહેલા મંડળને છ થી ભાગવામાં આવે છે. નિષ્ક્રમણ કરતા બન્ને સૂર્યો દરેક અહોરાત્રમાં બબ્બે મુહૂર્તના એકસઠિયા બે ભાગ ન્યૂન કરે છે અને પ્રવેશ કરતી વખતે વધારે છે. જો બે મુહૂર્તના એકસઠીયા બે ભાગ $\frac{૨}{૬૧}$ ને મેળવવામાં આવે જેમ કે એક સાડીતીસનો ભાગ $૧\frac{૧}{૩૦}=\frac{૩૧}{૩૦}$ પછી સાઈઠના ભાગને સાડીત્રીસથી ગુણવામાં આમાં તો અઢાર સો ત્રીસ ૧૮૩૦ થઈ જાય છે. આ પ્રમાણે નિષ્ક્રમણ કરતો સૂર્ય દરેક મંડળમાં અઢાર સો તીસ ભાગોમાંથી દિવસ ક્ષેત્રના પ્રકાશના એક એક ભાગને ઓછા કરે છે. અને રાત્રિક્ષેત્રના ભાગને વધારે છે. અહીંયાં આ પ્રમાણે સમજવું જોઈએ. જે દિવસ ક્ષેત્રના પ્રકાશને કમ કરવાવાળા અને રાત્રિક્ષેત્રને વધારનાર હોય છે. આ પ્રમાણે થવાથી એક સો ત્યાશી ૧૮૩ નો ભાગ અઢાર સો તીસનો દસમો ભાગ થાય છે. જેમ કે–૧૮૩+૧૦ સર્વાભ્યંતર મંડળથી સર્વબાહ્ય મંડળ સુધીમાં જંબૂદ્વીપના ચક્રવાલના દસ ભાગને કમ કરે છે. તથા રાત્રિક્ષેત્રના ભાગને વધારે છે. આ પ્રમાણે જે પહેલાં કહેલ છે. તે સર્વથા યોગ્ય જ છે. આ પ્રમાણે અભ્યંતર મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય દરેક મંડળમાં અઢાર સો તીસ ભાગના એક એક ભાગને વધારતા વધારતા ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી સર્વાભ્યંતર મંડળમાં દિવસક્ષેત્રના પ્રકાશના ભાગને વધારે છે. અને રાત્રિક્ષેત્રના ભાગને ઓછા કરે છે. એક સો ત્યાશીમો ભાગ જંબૂદ્વીપ ચક્રવાલનો દસમો ભાગ થાય છે, ત્યારે સર્વબાહ્ય મંડળમાંથી સર્વાભ્યંતર મંડળમાં દિવસ ક્ષેત્રના પ્રકાશનો એક દસમા ચક્રવાલ ભાગને વધારે છે, આટલા રાત્રીક્ષેત્રમાં ઓછા થાય છે. આ પ્રમાણ જે પહેલાં કહેલ છે. તે સર્વથા સપ્રમાણ જ છે. (तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं

अहिया) ત્યારે એટલે કે સર્વાભ્યંતર મંડળના સંચરણુ સમયમાં એકસઠિયા બે મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, તથા એકસઠિયા બે મુહૂર્તભાગ અધિક બાર મુહૂર્ત પ્રમાણુની રાત્રી હોય છે. (से णिक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) બીજા મંડળથી નિષ્ક્રમણુ કરતો એ સૂર્ય અર્થાત્ એ મંડળથી બહાર નિકળતો સૂર્ય પહેલા છ માસના બીજી અહોરાત્રીમાં સર્વાભ્યંતર મંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણુ કરીને એટલે કે એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. અર્થાત્ ત્રીજા મંડળમાં ભ્રમણુ કરે છે. (ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं दोहिं राइंदिएहिं दो भागे ओयाए दिवसखेत्तस्स णिवुड्ढित्ता रयणिक्खित्तस्स अभिवड्ढित्ता चारं चरइ) એ સમયે એટલે કે સર્વાભ્યંતર મંડળના ત્રીજા મંડળના ભ્રમણુ કાળમાં બે રાત દિવસથી દિવસક્ષેત્રના બે ભાગોને કમ કરીને અને રાત્રિ ક્ષેત્રના બે ભાગોને વધારીને ગતિ કરે છે અર્થાત્ ત્યાં બીજી અહોરાત્રીમાં જ્યારે સૂર્ય અભ્યંતર મંડળના ત્રીજા મંડળમાં ઉપસંક્રમણુ કરીને ગતિ કરે છે, એટલે કે અભ્યંતરના ત્રીજામંડળમાં ભ્રમણુ કરે છે. ત્યારે બે રાત દિવસના બે ભાગને દિવસ ક્ષેત્રના પ્રકાશથી કમ કરીને તથા રાત્રિક્ષેત્રના બે ભાગોને વધારીને ગતિ કરે છે.

(मंडलं अट्ठारसतीसेहिं सएहिं छेत्ता) મંડળને અઢાર સો ત્રીસથી ભાગીને ઈત્યાદિ પ્રકારથી પૂર્વોક્ત કથન પ્રમાણે સમજી લેવું. આ કથનની વ્યાખ્યા સવિસ્તર રૂપથી પહેલાં કહેવામાં આવી ગયેલ છે. તેથી ત્યાં જોઈ સમજી લેવું. (तया् णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया)

ત્રીજા મંડળના ભ્રમણ કાળમાં એ પ્રકારના તાપક્ષેત્રમાં દિનમાન એકસઠિયા ચાર મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એકસઠિયા ચાર મુહૂર્તભાગ અધિક બાર મુહૂર્ત પ્રમાણ વાળી રાત્રી હોય છે. (एवं खलु एएणुवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ तयाणंतरं मंडलाओ मंडलं संकममाणे संकममाणे एगमेगे मंडले एगमेगेणं राइंदिएणं एगमेगेणं एगमेगेणं भागं ओयाए दिवसक्खेत्तस्स णिवुड्ढेमाणे णिवुड्ढेमाणे रयणिक्खेत्तस्स अभिवड्ढेमाणे अभिवड्ढेमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ) આ પ્રમાણે પૂર્વ-પ્રતિપાદિત પ્રકારથી નિષ્ક્રમણ કરતો એટલે કે–બીજા મંડળમાંથી બહાર નિકળતો સૂર્ય તદનંતર મંડળથી તદનંતરના મંડળમાં એટલે કે–ત્રીજા મંડળથી ચોથા મંડળમાં ચોથા મંડળથી પાંચમા મંડળમાં પાંચમા મંડળથી છઠ્ઠા મંડળમાં છઠ્ઠા મંડળથી સાતમાં મંડળમાં આ પ્રમાણે ક્રમ ક્રમથી એક મંડળથી બીજા મંડળાન્તરમાં એ એ મંડળમાં સંક્રમણ કરતાં કરતાં એટલે કે તે તે મંડળમાં નિયમાનુસાર ક્રમપૂર્વક ભ્રમણ કરીને એક એક મંડળમાં એક એક રાત દિવસથી એટલે કે અહોરાત્રીથી પ્રકાશના એક એક ભાગના વિભાગ ક્રમથી પૂર્વપ્રતિપાદિત પદ્ધતિથી કહેલ દિવસક્ષેત્રના એક એક ભાગને ઓછા કરીને અને રાત્રિ વિભાગના એક એક ભાગને વધારીને સર્વબાહ્યમંડળના એક સો ત્યાશીમાં મંડળમાં જઈને ગતિ કરે છે, એટલે કે ત્યાં ભ્રમણ કરે છે. (ता जया णं सूरिए सव्वब्भंतराओ मंडलाओ सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं सव्वब्भंतरं मंडलं पणिधाय एगेणं तेसीतेणं राइंदियसएणं एगं तेसीतं भागसयं ओयाए दिवसक्खेत्तस्स णिवड्ढेत्ता रयणिक्खेत्तस्स अभिवड्ढेत्ता चारं चरइ) સૂર્યના સંચરણ કાળની વિચારણામાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળમાંથી સર્વબાહ્ય મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે એટલે કે એ મંડળમાં ભ્રમણ કરે છે અર્થાત્ જેટલા સમયમાં એક સો ત્યાશીના મંડળમાં ગમન કરે છે. એ કાળમાં સર્વાભ્યંતર મંડળને અવધિ કરીને એક સો ત્યાશી ૧૮૩ રાત્રિ દિવસથી એટલે કે એક સો ત્યાશી અહોરાત્રીથી એકસો ત્યાશીના એક એકસો ત્યાશીમા ભાગને પોતાના પ્રકાશથી દિવસક્ષેત્રને ન્યૂન કરીને અને રાત્રિક્ષેત્રના એક સો ત્યાશીના એક ભાગને વધારીને ગતિ કરે છે. (मंडलं अट्ठारसहिं तेसीतेहिं सएहिं छित्ता) મંડળને ૧૮૩૦ અઢાર સો ત્રીસ વિભાગોથી વહેંચીને ઈત્યાદિ પ્રકારથી આનું વિસ્તારપૂર્વક કથન આ સૂત્રમાં પહેલા સપ્રમાણ કહી દીધેલ છે. તેથી તે ત્યાંથી સમજી લેવું. ગ્રન્થ વિસ્તાર ભયથી તથા પિષ્ટપેષણ ન્યાયથી અહીંયા ફરીથી કહેલ નથી. (तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ) સર્વબાહ્ય મંડળના સંચરણ સમયમાં સૂર્ય ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત હોય છે. એટલે કે

દક્ષિણ દિશામાં પ્રવૃત્ત થાય છે. અર્થાત્ ધનસંક્રાન્તિના અહોરાત્ર વૃત્તમાં જાય છે. તેથી ઉત્કૃષ્ટા એટલે કે સર્વાધિક અઢાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે અને જઘન્ય સર્વાલ્પ એટલે કે એકદમ નાનો બાર મુહૂર્તનો દિવસ હોય છે. (एस णं पढमच्छमासे एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे) પૂર્વોક્ત લક્ષણથી યુક્ત જે કાળ હોય છે, તે પહેલા છ માસ છે. તેમાં પણ આ પરમ અધિક રાત્રિમાન અને પરમ અલ્પ દિવસમાનવાળો સમય પહેલા છ માસના અંતનો કાળ હોય છે. અર્થાત્ પહેલા છ માસના અંતમાં જ રાત્રિમાન પરમ અધિકતા વાળું હોય છે. (से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ) એ પ્રવેશ કરતો સૂર્ય સર્વાભ્યંતર મંડળનું ભ્રમણ કરીને બીજા છ માસના પહેલી અહોરાત્રીમાં સર્વબાહ્યમંડળમાંથી તે પછીના બીજા મંડળમાં જઇને અર્થાત્ બીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. અર્થાત્ બીજા છ માસના પહેલા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળના બીજા મંડળમાં સૂર્ય દૃષ્ટિગોચર થાય છે. (ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं एगेणं राइंदिएणं एगं भागं ओयाए रयणिक्खित्तस्स णिवड्ढेत्ता दिवसक्खेत्तस्स अभिवड्ढेत्ता चारं चरइ) જે દિવસે સૂર્ય બાહ્યમંડળની અંદરના બીજા મંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, તે દિવસે એક અહોરાત્રમાં અર્થાત્ એક રાત્રિ દિવસથી પોતાના પ્રકાશથી રાત્રિ ક્ષેત્રના એક ભાગને કમ કરીને તથા દિવસ ક્ષેત્રના એક ભાગને વધારીને ગતિ કરે છે. એટલે કે-પોતાના માર્ગમાં ભ્રમણ કરે છે. અર્થાત્ બીજા છ માસના પહેલા દિવસથી જ ધીરે ધીરે પહેલા પ્રતિપાદન કરેલ ભાગના ક્રમથી દિવસમાનને વધારીને અને રાત્રિમાનને ઓછું કરીને સૂર્ય પોતાની કક્ષામાં જાય છે. અર્થાત્ પોતાની ગતિથી ભ્રમણ કરે છે.

(मंडलं अट्ठारसहिं तीसेहिं सएहिं छेत्ता) મંડળને અઢારસો ત્રીસથી ભાગીને એટલે કે દરેક મંડળના ૧૮૩૦ અઢારસો ત્રીસ ભાગ કરીને ઇત્યાદિ પહેલાં કહેલ પ્રકારથી સમજી લેવું. આટલાજ પ્રમાણના કેમ ભાગ કરવામાં આવે છે? એ શંકાની સ્પષ્ટતા માટે ત્યાં સ્પષ્ટતા કરેલી જ છે.

(तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए) સર્વાભ્યંતરમંડળના બીજા મંડળમાં એકસઠિયા બે મુહૂર્ત ભાગ ન્યૂન અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. તથા એકસઠિયા બે મુહૂર્ત ભાગ વધારે બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. અર્થાત્ દિનમાનની વૃદ્ધિ થાય છે. અને રાત્રિમાન ન્યૂન થાય છે. ૧૮$\frac{૨}{૬૧}$ રાત્રીમાન ૧૨$\frac{૨}{૬૧}$ દિનમાન થાય છે, એટલે કે દિનમાન વધવા તરફ અને રાત્રિમાન ઘટવા તરફ હોય છે. (से पविसमाणे सूरिए दोच्चंसि

अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ) સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં પ્રવેશ કરતો સૂર્ય અંદરની તરફ ગમન કરીને બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, અર્થાત્ એ ત્રીજા મંડળમાં ભ્રમણ કરે છે. (ता जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं दोहिं राइंदिएहिं दो भाए ओयाए रयणिक्खेत्तस्स णिवुड्ढेत्ता दिवसखेत्तस्स अभिवड्ढेत्ता चारं चरइ) જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળમાં જઈને ગતિ કરે છે. ત્યારે રાતદિવસથી એટલે કે બે અહોરાત્રીથી પહેલાં પ્રતિપાદન કરેલ રાત્રિક્ષેત્રના પ્રકાશના બે ભાગને કમ કરીને તથા દિવસક્ષેત્રના પ્રકાશના બે ભાગોને વધારીને ગમન કરે છે. અર્થાત્ ત્યાં પોતાની કક્ષામાં ભ્રમણ કરે છે, (मंडलं अट्ठारसहिं तीसेहिं सएहिं छेत्ता) એ ત્રીજા મંડળને પણ અઢારસો ત્રીસથી ભાગી એટલે કે એટલા પ્રમાણના વિભાગ કરીને ઇત્યાદિ પૂર્વવત્ સમજવું (तया णं अट्ठारसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए) સર્વબાહ્યમંડળના ત્રીજા મંડળના સંચરણકાળમાં એકસઠિયા ચાર મુહૂર્તભાગ ન્યૂન અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. અને એકસઠિયા ચાર મુહૂર્તભાગ વધારે બાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. ૧૮$\frac{૪}{૬૧}$ રાત્રિમાન ૧૨$\frac{૪}{૬૧}$ દિનમાન થાય છે.

(एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ तयाणंतरं मंडलाओ मंडलं संकममाणे संकममाणे एगमेगेणं राइंदिएणं एगमेगं भागं ओयाए रयणिक्खेत्तस्स णिवुड्ढेमाणे णिवुड्ढेमाणे दिवसखेत्तस्स अभिवड्ढेमाणे अभिवड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चरं चरइ) આ પૂર્વપ્રતિપાદિત નિયમથી આ ઉપાયથી અર્થાત્ રાતદિવસના હ્રાસ અને વૃદ્ધિક્રમના કહેલા ઉપાયથી મંડળની અંદર પ્રવેશ કરતો સૂર્ય તદનંતરમંડળથી તદનંતરમંડળમાં અર્થાત્ ત્રીજા મંડળથી ચોથા મંડળમાં ચોથા મંડળથી પાંચમા મંડળમાં આ પ્રકારના ક્રમથી એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ કરતો એટલે કે એક મંડળથી બીજા મંડળમાં ગમન કરતો સૂર્ય એક એક રાત દિવસથી એટલે કે એક એક અહોરાત્રિથી એક એક ભાગને અર્થાત્ પહેલા પ્રતિપાદન કરેલ હ્રાસ વૃદ્ધિના ક્રમને બતાવનાર પ્રકાશના એ પ્રકારે નિરૂપિત કરેલ રાત્રિ વિભાગના ભાગને કમ કરતા કરતા તથા દિવસક્ષેત્રના પ્રકાશક્ષેત્રના ભાગને અર્થાત્ પ્રકાશક્ષેત્રને વધારતા વધારતા ક્રમ ક્રમથી અંદર જઈને સર્વાભ્યંતરમંડળના એકસો ચોર્યાશી સંખ્યાવાળા મંડળોમાં સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગમન કરે છે. અર્થાત એ મંડળમાં ભ્રમણ કરે છે. (ता जया णं सूरिए सव्वबाहिराओ मंडलाओ सव्वब्भंतरं मंडलं

उवसंकमित्ता चारं चरइ, तया णं सव्वबाहिरं मंडलं पणिहाय एगेणं तेसीतेणं राइंदियसएणं एगं तेसीतं भागसयं ओयाए रयणिक्खेत्तस्स णिवुड्ढेत्ता दिवसखेत्तस्स अभिवड्ढेत्ता चारं चरइ) સૂર્યના સર્વબાહ્યમંડળથી સર્વાભ્યંતરમંડળના સંચરણકાળમાં કેટલો સમય લાગે છે તે બતાવતાં કહે છે-જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડળથી સર્વાભ્યંતરમંડળમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. અર્થાત્ સર્વબાહ્યમંડળથી સર્વાભ્યંતરમંડળમાં જેટલા કાળમાં ગમન કરે છે, એટલા પ્રમાણનાં કાળમાં સર્વબાહ્યમંડળને અવધી રૂપ કરીને અર્થાત્ અંદરની તરફ ગમન કરતી વખતે સર્વબાહ્યમંડળ અવધિરૂપ થાય છે, અને બહારની તરફ જતી વખતે સર્વાભ્યંતર મંડળ અવધિરૂપ થાય છે, એકસો ત્યાશી રાત્રિ દિવસથી ૧૮૩ એટલે કે એકસો ત્યાશી અહોરાત્રથી ૧૮૩ એકસો ત્યાશીના એક ભાગને અર્થાત્ પ્રકાશના ૧૮૩ એકસો ત્યાશીમા ભાગને રાત્રિ વિભાગથી ઓછા કરીને તથા દિવસ વિભાગના પ્રકાશક્ષેત્રને વધારીને ગમન કરે છે. અર્થાત્ એટલી કક્ષામાં ભ્રમણ કરે છે. (मंडलं अट्ठारसहिं तीसेहिं सएहिं छित्ता) મંડળને અઢારસો ત્રીસથી વિભક્ત કરીને ઇત્યાદિ પહેલાં કહ્યા પ્રમાણે સમજી લેવું, (तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) તે વખતે એટલે કે સર્વાભ્યંતરમંડળના સંચરણકાળમાં સૂર્ય ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત હોય છે, એટલે કે એ દિશામાં ગમન કરવાથી સાયનમિથુન સંક્રાંતિમાં ગમન કરે છે. તેથી ઉત્કર્ષક એટલે કે પરમ અધિક અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્યા માને એકદમ નાની બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, (एस णं दोच्चे छम्मासे एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे, एस णं आदिच्चे संवच्छरे एस णं आदिच्चस्स संवच्छरस्स पज्जवसाणे) આ પ્રમાણે બીજા છ માસ થાય છે, એજ બીજા છ માસનું પર્યવસાન અર્થાત્ અંતકાળ છે, અને એનેજ આદિત્યસંવત્સર કહે છે, તથા આજ આદિત્યસંવત્સરનું પર્યવસાન હોય છે. અંદરની તરફ ગમનકાળમાં બીજા છ માસ થાય છે. અર્થાત્ બીજા છ માસમાં અંદરની તરફ ગમન કરે છે, એટલે કે પહેલા છ માસમાં બહારની તરફ ગમન થાય છે. તથા બીજા છ માસમાં સૂર્ય અંદરની તરફ ગમન કરે છે. એ સમયે પણ દિનમાન પરમ અધિક પ્રમાણવાળું હોય છે. અને રાત્રિમાન અત્યંત અલ્પ હોય છે બીજા છ માસના અંત સમયમાં એટલે કે છેલ્લા દિવસમાં આ પ્રમાણે થાય છે. તેથી કહ્યું છે કે-(एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे) ફરીથી અહીંયાં નવ પ્રકારના કાળમાનમાં આ કયો કાળ છે? એ સંદેહની નિવૃત્તિ માટે કહે છે કે--આ આદિત્યસંવત્સર એટલે કે સૌરવર્ષ અર્થાત સૂર્યની ભગણ ગતિથી સૂર્યનો સંચરણકાળ કહેલ છે, ફરીથી વિશેષ સ્પષ્ટતા કરતાં કહે છે આ કાળ આદિત્યસંવત્સરનું પર્યવસાન અર્થાત સૌરવર્ષનો છેલ્લો દિવસ છે. એટલે કે સૂર્ય ભગણનો પૂર્તિકાળ છે. કારણ કે સૂર્યના સંચરણને વશ થઇને પૂર્વપ્રતિપાદિત પદ્ધતિ

સિદ્ધ થાય છે. તેથી દરેક સૂર્યસંવત્સરમાં સૂર્યસંવત્સર પર્યન્ત સર્વાભ્યંતરમંડળમાં ત્રીસ ત્રીસ મુહૂર્તપ્રમાણનો પરિપૂર્ણ પ્રકાશ અવસ્થિત રહે છે. તે પછી અનવસ્થિત-અસ્થિર પ્રકાશ થાય છે, સર્વાભ્યંતરમંડળમાં પણ ત્રીસ મુહૂર્ત પર્યન્ત પ્રકાશ અવસ્થિત રહે છે, તે પછી અનવસ્થિત થાય છે, આ વ્યવહારથી કહેલ છે. નિશ્ચય મતાનુસાર વાસ્તવિકપણાથી અહીંયાં પણ પ્રથમ ક્ષણની પછી ધીરે ધીરે હીયમાન થાય છે, તેમ સમજવું કારણ કે-પ્રથમ ક્ષણની પછી સૂર્યનું ગમન સર્વાભ્યંતરમંડળની પછીના બીજા મંડળમાં થાય છે, આ પ્રમાણે સમજવું ાાસૂ૦ ૨૭ાા

ાા છઠ્ઠુ પ્રાભૃત સમાપ્ત ાા

## સાંતવાં પ્રાભૃત

સાતમા પ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ :-છઠ્ઠા પ્રાભૃતમાં ઓજસની સંસ્થિતિ વિષેનું કથન કરીને હવે (के सूरियं वरयंते) કયા પુદ્‌ગલો સૂર્યથી સંસ્પૃષ્ટ થાય છે આ કથન સંબંધી સાતમા પ્રાભૃતના અર્થાધિકારથી (ताव के ते सूरियं) ઇત્યાદિ પ્રશ્નસૂત્ર કહે છે, (ताव के ते सूरियं वरंति आहियात्ति वएज्जा) આપના મતથી સૂર્યનું વરણ કોણ કરે છે? અર્થાત્ શ્રી ગૌતમસ્વામી કહે છે કે-હે ભગવાન્! મારો એ પ્રશ્ન છે કે આપના મતથી કયો પદાર્થ અથવા કઇ વ્યક્તિ વિશેષ સૂર્યનું વરણ કરે છે? અર્થાત્ સૂર્યની લેશ્યાથી સંસ્પૃષ્ટ થાય છે? એટલે કે પોતાને પ્રકાશિત કરવાવાળા છે આ પ્રમાણે સ્વીકારે છે? (वर इप्सायं) અર્થાત્ પોતાને પ્રકાશિત કરનાર તરીકે સ્વીકારે છે? તે હે ભગવાન્ મને કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછવાથી તેના ઉત્તરમાં ભગવાન્ મહાવીરસ્વામી આ વિષયમાં પહેલાં અન્યતીર્થિકોની માન્યતા રૂપ પ્રતિપત્તિયોનું કથન કરે છે.-(तत्थ खलु इमाओ वीसं पडिवत्तीओ पण्णत्ताओ) આ વિષયમાં આ વક્ષ્યમાણ પ્રકારની વીસ અન્ય મતાવલમ્બીયોની માન્યતા રૂપ પ્રતિપત્તીયો કહેવામાં આવેલ છે. તેમાં પહેલી પ્રતિપત્તિવાદીનો મત આ પ્રમાણે છે.-(तत्थ एगे एवमाहंसु ता मंदरेणं पव्वए सूरियं वरंति आहियत्ति वएज्जा, एगे एवमाहंसु)૧ એ વીસ પરતીર્થિકોમાં કોઇ એક એટલે કે-પહેલો પરતીર્થિક આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાનો મત પ્રદર્શિત કરે છે જે આ પ્રમાણે છે, તે કહે છે કે-મંદર પર્વત સૂર્યનું વરણ-સ્વીકાર

કરે છે, એટલે કે પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, કારણ કે મંડળની ભ્રમણ ગતિથી સૂર્ય બધી તરફ મંદર પર્વતને પ્રકાશિત કરે છે, તેથી મંદર પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, ઉપસંહાર કરતાં કહે છે કે કોઈ એક પહેલો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે. ।૧।

(एगे पुण एवमाहंसु ता मेरूणं पव्वए सूरियं वरेइ आहियत्ति वएज्जा एगे एवमाहंसु) બીજો અન્ય મતવાદી કહે છે કે-મેરૂપર્વત સૂર્યનું વરણ કરે છે. તેમ કહેવું અર્થાત્ બીજો મતાન્તરવાદી કહે છે કે-મેરૂપર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, તેમ કહેવું કોઈ એક બીજો મતવાદી આ પ્રમાણે પોતાનો મત જણાવે છે. ।૨। (एवं एएणं अभिलावेणं णेयव्वं जाव पव्वयरायेणं पव्वए सूरियं वरेइ आहियत्ति वएज्जा तं एगे एवमाहंसु) આ પ્રમાણેના અભિલાપથી સમજી લેવું યાવત્ પર્વતરાજ પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, કોઈ એક આ પ્રમાણે કહે છે, આ રીતે પૂર્વોક્ત પ્રકારથી લેશ્યાની પ્રતિહતિ વિષયમાં કહેલ કથન પ્રમાણે આ પ્રમાણેના અભિલાપથી એટલે કે પહેલાં લેશ્યા પ્રતિહતિ પ્રકરણમાં કહ્યા પ્રમાણે વાક્યોની યોજના કરીને યાવત્ પર્વતરાજ પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે એ કથન સુધી કહી લેવું. કોઇ એક આ પ્રમાણે કહે છે.

અહીંયાં આ પ્રમાણે કહેવામાં આવે છે,-પહેલાં પાંચમા પ્રાભૃતમાં લેશ્યા પ્રતિહતિના વિષયમાં જે પ્રમાણે વીસ પ્રતિપત્તિયો જે ક્રમ પ્રમાણે કહેવામાં આવેલ છે. એજ પ્રકારના ક્રમથી અહીંયાં પણ તે કહી લેવું, સૂત્રપાઠનો ક્રમ પણ એ પ્રતિપત્તિયોના ક્રમ અનુસાર યોજીને સ્વયં સમજી લેવું. તે પ્રકાર આ પ્રમાણે છે.-

કોઈ એક આ પ્રમાણે કહે છે કે મનોરમ પર્વત સૂર્યને પોતાનાં પ્રકાશક તરીકે સ્વીકારે છે, કોઈ એક આ પ્રમાણે કહે છે, આ પ્રમાણે ત્રીજો મતવાદી પોતાનો મત જણાવે છે. ।૩। કોઈ એક આ રીતે કહે છે કે-સુદર્શન પર્વત સૂર્યને પોતાના પ્રકાશક રૂપે સ્વીકારે છે. તેમ સ્વશિષ્યોને કહેવું કોઈ એક આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે, આ પ્રમાણે ચોથા મતવાદીનું કથન છે. ।૪। કોઇ એક કહે છે કે સ્વયંપ્રભ પર્વત સૂર્યને પોતાના પ્રકાશક રૂપે સ્વીકારે છે તેમ સ્વશિષ્યોને કહેવું. કોઈ એક આ પ્રમાણે કહે છે,

આ પ્રમાણે પાંચમા મતવાદીનું કથન છે. ।૫। કોઇ એક કહે છે કે ગિરિરાજપર્વત સૂર્યને પોતાના પ્રકાશકપણાથી કહે છે એ રીતે પોતાના શિષ્યોને કહેવું. કોઇ એક છટ્ઠો મતવાદી આ પ્રમાણે કહે છે. ।૬। કોઇ એક એ રીતે કહે છે કે-રત્નોચ્ચય પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે તેમ પોતાના શિષ્યોને સમજાવવું કોઈ એક સાતમો મતવાદી આ પ્રમાણે પોતાનો મત પ્રગટ કરે છે. ।૭। કોઇ એક આ પ્રમાણે કહે છે કે શિલોચ્ચય પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. કોઇ એક આ પ્રમાણે કહે છે, આ આઠમા મતવાદીનું કથન છે. ।૮। કોઈ એક એવી રીતે પોતાનો મત જણાવે છે કે—લોકમધ્ય નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે તેમ સ્વશિષ્યોને કહેવું. આ પ્રમાણે નવમા મતવાદીનું કથન છે. ।૯। કોઈ એક એ રીતે પોતાનો મત જણાવે છે કે—લોકનાભિ નામનો પર્વત સૂર્યને પોતના પ્રકાશક તરીકે સ્વીકારે છે તેમ પોતાના શિષ્યોને કહેવું. આ પ્રમાણે કોઇ એક દસમો મતાવલમ્બી કહે છે. ।૧૦। કોઈ એક એવી રીતે પોતાનો મત પ્રદર્શિત કરે છે કે અચ્છ નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, એ રીતે સ્વશિષ્યોને કહેવું. કોઇ એક અગી-યારમો મતવાદી આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૧૧। કોઇ એક આ પ્રમાણે કહે છે કે—સૂર્યાવર્ત નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે તેમ સ્વ-શિષ્યોને કહેવું કોઈ એક બારમો અન્યતીર્થિક આ પ્રમાણે પોતાના મતને પ્રગટ કરે છે, ।૧૨। કોઈ એક એ પ્રમાણે કહે છે કે—સૂર્યાવરણ નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું આ પ્રમાણે કોઈ એક તેરમા મતવાદીનું કથન છે, ।૧૩। કોઈ એક આ રીતે કહે છે કે-ઉત્તમ નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે એ પ્રમાણે કોઈ એક ચૌદમો મતાવલંબી પોતાના મતનું કથન કરે છે. ।૧૪। કોઈ એક આ પ્રમાણે કહે છે કે—દિગાદિ નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે તેમ પોતાના શિષ્યોને કહેવું. આ પ્રમાણે કોઈ એક પંદરમો મતવાદી કહે છે. ।૧૫। કોઈ એક એ પ્રમાણે કહે છે કે—અવતંસ નામનો પર્વત

સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે. એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. આ પ્રમાણે કોઈ એક સોળમો મતાન્તરવાદી પોતાનો મત કહી બતાવે છે. ।૧૬। કોઈ એક આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે, કે-ધરણીકિલ નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે. આ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. કોઈ એક સત્તરમો મતવાદી આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. ।૧૭। કોઇ એક આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે કે–ધરણીશૃંગ નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશકપણાથી સ્વીકારે છે. આ પ્રમાણે પોતાના શિષ્યોને સમજાવવું. આ પ્રમાણે કોઈ એક અઢારમો મતવાદી પોતાના મતનું કથન કરે છે. ।૧૮। કોઇ એક આ પ્રમાણે પોતાનો મત કહી બતાવે છે કે–પર્વતેન્દ્ર નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે એ રીતે પોતાના શિષ્યોને કહેવું કોઈ એક ઓગણીસમો મતાવલંબી આ પ્રમાણે પોતાના મત વિષે કહે છે. ।૧૯। કોઈ એક આ પ્રમાણે કહે છે કે–પર્વતરાજ નામનો પર્વત સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે. આ પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું. આ પ્રમાણે કોઈ એક વીસમો મતાવલંબી પોતાનો મત કહી બતાવે છે. ।૨૦।

આ પૂર્વોક્ત અન્ય મતાવલમ્બીયોએ કહેલાં પર્વતોના ક્રમ પ્રમાણેના નામો કહેવામાં આવે છે, મંદર (૧) મેરૂ (૨) મનોરમ (૩) સુદર્શન (૪) સ્વયંપ્રભ (૫) ગિરિરાજ (૬) રત્નોચ્ચય (૭) શિલોચ્ચય (૮) લોકમધ્ય (૯) લોકનાભિ (૧૦) અચ્છ (૧૧) સૂર્યાવર્ત (૧૨) સૂર્યાવરણ (૧૩) ઉત્તમ (૧૪) દિગાદિ (૧૫) અવતંસ (૧૬) ધરણિકિલ (૧૭) ધરણીશૃંગ (૧૮) પર્વતેન્દ્ર (૧૯) પર્વતરાજ (૨૦) આ પર્વતોની વ્યુત્પત્તિદર્શક વાકચપદ્ધતિ પાંચમાં પ્રાભૃત સૂ૦ ૨૬ ની ટીકામાં સારી રીતે કહેલ છે. તેથી અહીયાં ફરીથી કહીને પિષ્ટપેષણ કરેલ નથી.

પૂર્વોક્ત પ્રકારથી પરતીર્થિકોના મત પ્રદર્શન રૂપ પ્રતિપત્તિયો કહી હવે ભગવાન્ આ વિષયમાં પોતાનો મત જણાવતાં કથન કરે છે–(वयं पुण एवं वयामो) હું આ વિષયમાં આ પ્રમાણે કહું છું અર્થાત્ કેવળજ્ઞાનને ધારણ કરનાર હું આ વક્ષ્યમાણ પ્રકારથી આ વિષયમાં કહું છું–એ પ્રકાર બતાવતાં કહે છે–(ता मंदरेवि पवुच्चइ तहेव जाव पव्वयराये वि पवुच्चइ) મન્દર પર્વત કહે છે અને યાવત્ પર્વતરાજ પણ કહે છે, અર્થાત્ જે આ

પર્વતો સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, તે પ્રમાણે મંદરપર્વત પણ કહે છે, અને મેરૂપર્વત પણ કહે છે, તથા મનોરમ પર્વત પણ કહે છે, સુદર્શનપર્વત પણ કહે છે યાવત્ પર્વતરાજપર્વત પણ સૂર્યને પોતાના પ્રકાશક તરીકે કહે છે, કારણ કે મંદરપર્વત વિગેરે આ બધા પર્વતોના નામો જણાવતા શબ્દો વાસ્તવિક રીતે એક અર્થને જ જણાવનારા છે, તો પણ જુદા જુદા અભિપ્રાયથી કહેલા છે તેથી અહીંયાં કહેવામાં આવેલ પૂર્વોક્ત બધી જ પ્રતિપત્તિયો મિથ્યાભાવ પ્રદર્શક જ છે. તેમ સમજવું. એજ આ કથનનો ભાવ છે.

(ता जे णं पोग्गला सूरियस्स लेस्सं फुसंति ते पोग्गला सूरियं वरंति अदिट्ठावि णं पोग्गला सूरियं वरंति, चरमलेसंतरगया वि णं पोग्गला सूरियं वरंति) જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે. તે પુદ્ગલો સૂર્યનો સ્વીકાર કરે છે, અદષ્ટ પુદ્ગલો પણ સૂર્યનો સ્વીકાર કરે છે. ચરમ લેશ્યાન્તર્ગત પુદ્ગલો પણ સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે એ સર્વ પૂર્વોક્ત પ્રકારથી સમજી લેવું. અર્થાત્ જે પુદ્ગલો મેરૂમાં રહેલ હોય કે અમેરૂગત અર્થાત્ મેરૂથી અન્ય પર્વતમાં રહેલ હોય, જ્યાં ત્યાં રહેલા પુદ્ગલો સૂર્યની લેશ્યાને સ્પૃષ્ટ થાય છે. એ બધા પુદ્ગલો પોતાના પ્રકાશક તરીકે સૂર્યને સ્વીકારે છે. ઇપ્સિત રૂપથી આ બધા પર્વતો સૂર્ય દ્વારા પ્રકાશિત કરાય છે, લેશ્યા અને પુદ્ગલોનો એક સાથે સંબંધ હોવાથી તથા પરંપરાથી એ બધા પુદ્ગલો સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે. જે પ્રકાશમાન પુદ્ગલસ્કંધની અંતર્ગત હોય તે મેરૂમાં રહ્યા હોય અથવા મેરૂથી જુદા અમેરૂમાં રહેલા હોય તે ચર્મચક્ષુથી અદષ્ટ હોવા છતાં પણ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થવા છતાં પણ સૂક્ષ્મ હોવાથી દષ્ટિગોચર થતાં નથી તેવા પુદ્ગલો પણ પૂર્વોક્ત યુક્તિથી સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે. જે પુદ્ગલો ચરમલેશ્યાન્તર્ગત હોય એટલે કે પોતાની ચરમલેશ્યા વિશેષનો સ્પર્શ કરવાવાળા હોય તેઓ પણ સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, કારણ કે તેઓ પણ સૂર્યના પ્રકાશથી પ્રકાશમાન થાય છે ાાસૂ૦ ૨૮ાા

ાા સાતમું પ્રાભૃત સમાપ્ત ાા

આઠમા પ્રાભૃતનો પ્રારંભ–

સાતમા પ્રાભૃતમાં કયો પદાર્થ સૂર્યને પોતાના પ્રકાશક તરીકે સ્વીકારે છે, એ વિષયમાં વિસ્તાર પૂર્વક વિચાર પ્રદર્શિત કરીને હવે (कहं ते उदयसंठिइ) હે ભગવાન્ આપના મતથી સૂર્યની ઉદયસંસ્થિતિ કેવા પ્રકારની છે? એ વિષયને બતાવનાર આઠમા પ્રાભૃતનો અર્થાધિકાર કહેવામાં આવે છે, (ता कहं ते) ઈત્યાદિ (ता कहं ते उदयसंठिइ आहियत्ति वएज्जा) આપના મતથી સૂર્યની ઉદયસંસ્થિતિ કેવી રીતની કહેલ છે? તે હે ભગવાન્ આપ મને કહો? અર્થાત્ શ્રી ગૌતમસ્વામી સૂર્યની ઉદયસંસ્થિતિના વિષયમાં પ્રશ્ન કરતાં કહે છે કે હે ભગવાન્ કયા પ્રકારથી અથવા કેવા પ્રકારની યુક્તિથી સૂર્યની ઉદયસંસ્થિતિ એટલે કે સૂર્યના પ્રકાશની ક્ષેત્રસંસ્થિતિ આપે કહેલ છે? તે આપ કહો, એટલે કે વિસ્તારપૂર્વક આ વિષય આપ સમજાવો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછવાથી ભગવાન્ મહાવીરસ્વામી આ વિષયમાં પરમતવાદિયોની જેટલી પ્રતિપત્તિયો એટલે કે અન્ય મતાવલમ્બીયોની માન્યતાઓ છે તે બતાવતાં કહે છે (तत्थ खलु इमाओ तिण्णि पडिवत्तीओ पण्णत्ताओ) આ વિષયમાં ત્રણ પ્રતિપત્તિયો કહેવામાં આવેલ છે. અર્થાત્ સૂર્યની ઉદયસંસ્થિતિના વિષયમાં અન્યમતાન્તર રૂપ ત્રણ પ્રતિપત્તીયો પ્રતિપાદિત કરેલ છે જે આ પ્રમાણે છે–(तत्थ एगे एवमाहंसु–ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं उत्तरड्ढेवि अट्ठारसमुहुत्ते दिवसे भवइ) એ મતાન્તરવાદિયોમાં કોઈ એક એવી રીતે કહે છે કે–જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. ત્યારે ઉત્તરાર્ધમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. અર્થાત્ એ ત્રણ

મતાન્તરવાદીયોમાં પહેલો તીર્થાન્તરીય આ કથ્યમાન પ્રકારથી પોતાનો મત પ્રગટ કરતાં કહે છે કે-જ્યારે આ જંબૂદ્વીપમાંના દક્ષિણાર્ધમાં એટલે કે દક્ષિણ દિગ્વિભાગના અર્ધા ભાગમાં અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધ એટલે કે ઉત્તર દિશાના અર્ધા ભાગમાં પણ અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. આ રીતે અહીંયાં દક્ષિણાર્ધના નિયમથી ઉત્તરાર્ધનો નિયમ પ્રતિપાદિત કરેલ છે. હવે ઉત્તરાર્ધના નિયમથી દક્ષિણાર્ધના નિયમનું કથન કરે છે, (ता जया णं उत्तरड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढे वि अट्ठारसमुहुत्ते दिवसे भवइ) જ્યારે ઉત્તરાર્ધમાં એટલે કે જંબૂદ્વીપના ઉત્તર ભાગના અર્ધભાગમાં અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના દક્ષિણ અર્ધભાગમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. હવે તેનો હ્રાસ એટલે કે ન્યૂનતાના ક્રમથી પ્રતિપાદન કરવામાં આવે છે.-(ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे सत्तरसमुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि सत्तरसमुहुत्ते दिवसे भवइ) જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, તે વખતે ઉત્તરાર્ધમાં પણ સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, આ પ્રમાણે દક્ષિણાર્ધના નિયમ પ્રમાણે કથન કરીને હવે ઉત્તરાર્ધના નિયમાનુસાર કથન કરે છે.-(ता जया णं उत्तरड्ढे सत्तरसमुहुत्ते दिवसे भवइ, तया णं दाहिणड्ढे वि सत्तरसमुहुत्ते दिवसे भवइ) જ્યારે ઉત્તરાર્ધમાં એટલે કે જંબૂદ્વીપની ઉત્તર દિશાના અર્ધા ભાગમાં સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણદિશાના અર્ધભાગમાં પણ સત્તર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. (एवं परिहावेयव्वं) આ પૂર્વોક્ત કથનાનુસાર એક એક મુહૂર્તની ન્યૂનતાના ક્રમથી હ્રાસ એટલે કે ન્યૂનતા સમજી લેવી.

હવે એ ન્યૂનતાના ક્રમ પ્રમાણે પ્રગટ કરતાં કહે છે.-(सोलसमुहुत्ते दिवसे भवइ, पण्णरसमुहुत्ते दिवसे भवइ, चउद्दसमुहुत्ते दिवसे भवइ, तेरसमुहुत्ते दिवसे भवइ जाव णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे बारसमुहुत्ते दिवसे भवइ) જંબૂદ્વીપના ઉત્તર ગોલાર્ધ અને દક્ષિણ ગોલાર્ધ આ રીતના બે વિભાગના અર્ધમાં એક સાથે જ સોળ મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. પંદર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે. ચૌદ મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. તેર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. આ રીતના ક્રમથી ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ થાય. એ વખતે ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ થાય છે. આ કથનના સૂત્રપાઠનો ક્રમ આ પ્રમાણે છે.-(जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे सोलसमुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि सोलसमुहुत्ते दिवसे भवइ, जया णं उत्तरड्ढे सोलसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढे वि सोलसमुहुत्ते दिवसे भवइ) ઇત્યાદિ પ્રકારથી ક્રમ સમજી

લેવો બાર મુહૂર્ત પ્રતિપાદક સૂત્રપાઠ સ્વયં પ્રગટ કરતાં કહે છે-ता जया णं उत्तरड्ढे बारस-मुहुत्ते दिवसे भवइ, तया णं दाहिणड्ढे वि बारसमुहुत्ते दिवसे भवइ, जया णं दाहिणड्ढे बारस-मुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि बारसमुहुत्ते दिवसे भवइ) જ્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, અને જ્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. (ता जया णं दाहिणड्ढे बारसमुहुत्ते दिवसे भवइ तया णं जंबुद्दीवे मंदरस्स पव्वयस्स पुरच्छिमपच्चत्थिमे णं सया पण्णरसमुहुत्ते दिवसे भवइ, सया पण्णरसमुहुत्ता राई भवइ, अवट्ठिया णं तत्थ राइंदिया पण्णत्ता समणाउसो एगे एवमाहंसु) १ જ્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વ અને પશ્ચિમદિશામાં સદા પંદર મુહૂર્તનો દિવસ હોય છે. અને પંદર મુહૂર્તની રાત હોય છે, ત્યાં રાત્રિ દિવસ અવસ્થિત એટલે કે સ્થિર કહેલ છે. હે શ્રમણ આયુષ્મન્ કોઇ એક આ પ્રમાણે કહે છે, કહેવાનો ભાવ એ છે કે—જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં એટલે કે દક્ષિણ વિભાગના અર્ધા ભાગમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, તથા જ્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. અઢાર મુહૂર્તપ્રમાણના દિવસકાળમાં જંબૂદ્વીપના મંદરપર્વતની પૂર્વદિશામાં તથા પશ્ચિમદિશામાં સદાકાળ પંદર મુહૂર્તનો દિવસ હોય છે. તથા સદા પંદર મુહૂર્તની રાત્રી હોય છે, આ કેવી રીતે થાય છે? એ જીજ્ઞાસાની નિવૃત્તિ માટે કહે છે કે અવસ્થિત રૂપથી એટલે કે સદાકાળ એક સરખા પ્રમાણની રાત્રિ હોય છે, કારણ કે મંદર-પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં રાત્રિ દિવસનું પ્રમાણ સમાન કહેલ છે. હે આયુષ્મન્ શ્રમણ! આ પ્રમાણે પહેલા પરતીર્થિકનું સ્વશિષ્યો પ્રત્યેનું આમંત્રણ વાક્ય છે, ઉપસંહાર કરતાં કહે છે કે કોઈ એક પહેલો મતવાદી આ પ્રમાણે પોતાનો મત જણાવે છે. ।૧।

(एगे पुण एवमाहंसु ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ जया णं उत्तरड्ढे अट्ठारस-मुहुत्ताणंतरे दिवसे भवइ तया णं दाहिणड्ढे वि अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ, एवं परिहावेयव्वं) પહેલા મતવાદીના મતને સાંભળીને કોઇ એક બીજો મતવાદી કહેવા લાગ્યો કે મારો મત સાંભળો જ્યારે જંબૂદ્વીપ નામના દક્ષિણાર્ધમાં એટલે કે દક્ષિણ વિભાગના અર્ધભાગમાં અઢાર મુહૂર્તાનંતર એટલે કે :અઢાર મુહૂર્તપ્રમાણમાં કંઈક ઓછા અથવા ન્યૂનતર યાવત્ સત્તર મુહૂર્તથી કંઈક વધારે પ્રમાણનો દિવસ હોય છે. ત્યારે ઉત્તરાર્ધમાં

પણ અઢાર મુહૂર્તાનન્તરનો દિવસ હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં પણ અઢાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, આ પ્રમાણે એક એક મુહૂર્તની ન્યૂનતાના ક્રમથી કથન કરી લેવું.

હવે એ પરિહાનિ એટલે કે ન્યૂનતાના પ્રકારનું સૂત્રકાર કથન કરે છે.-(सत्तरसमुहुत्ताणंतरे दिवसे भवइ, सोलसमुहुत्ताणंतरे दिवसे भवइ, पण्णरसमुहुत्ताणंतरे दिवसे भवइ, चाद्दसमुहुत्ताणंतरे दिवसे भवइ) જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે. આ પ્રમાણે એક એક મુહૂર્તની ન્યૂનતાથી બેઉ ગોલાર્ધમાં એટલે કે જંબૂદ્વીપના દક્ષિણ ગોલાર્ધમાં અને ઉત્તર ગોલાર્ધના ક્રમથી સોળ મુહૂર્તાનંતરનો દિવસ કહેવો જોઇએ તે પછી પંદર મુહૂર્તાનંતરનો દિવસ કહેવો તે પછી તેર મુહૂર્તાનંતરનો દિવસ કહી લેવો. પૂરેપૂરા અઢાર મુહૂર્તનો દિવસ હોતો નથી. તથા પૂરેપૂરા સત્તર મુહૂર્તનો પણ દિવસ હોતો નથી. અથવા પૂરેપૂરા સોળ મુહૂર્તનો પણ દિવસ હોતો નથી. આ રીતે બાર મુહૂર્ત પ્રમાણવાળા દિવસના કથન સુધી કથન કરી લેવું. આ મતાન્તરવાદીના મતથી કયારેય પરિપૂર્ણ મુહૂર્તવાળો દિવસ હોતો નથી, કારણ કે સર્વત્ર અનંતર શબ્દનો પ્રયોગ કરેલ છે. તેથી કંઈક ન્યૂન એ પ્રમાણે જ સમજવાનું છે.

હવે બાર મુહૂર્તાનંતર સૂત્રનું કથન કરવામાં આવે છે.-(ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे बारसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि बारसमुहुत्ताणंतरे दिवसे भवइ, जया णं उत्तरड्ढे बारसमुहुत्ताणंतरे दिवसे भवइ दाहिणड्ढे वि बारसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमेणं णो सदा पण्णरसमुहुत्ते दिवसे भवइ, णो सदा पण्णरसमुहुत्ता राई भवइ) જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં જ્યારે બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે અર્થાત્ બાર મુહૂર્તમાં કંઈક ઓછો અને અગ્યાર મુહૂર્તથી વધારે પ્રમાણનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં પણ એજ પ્રમાણેનો દિવસ હોય છે. અઢાર મુહૂર્તાદિપ્રમાણના દિવસકાળમાં જંબૂદ્વીપના મંદરપર્વતના પૂર્વ અને પશ્ચિમ દિશામાં સદાકાળ પંદર મુહૂર્તપ્રમાણનો દિવસ હોતો નથી. તથા સદાકાળ પંદર મુહૂર્તપ્રમાણની રાત્રી પણ નથી હોતી આ પ્રમાણે કેમ થાય છે? એ શંકાની નિવૃત્તિ માટે કહે છે કે-(अणवट्ठिया णं तत्थ राइंदिया णं समणाउसो एगे एवमाहंसु) ૨ મંદરપર્વતની પૂર્વપશ્ચિમદિશામાં રાત દિવસનું પ્રમાણ અનિયત પ્રકારનું હોય છે. હવે કથનનો ઉપસંહાર કરતાં કહે છે, હે શ્રમણ આયુષ્મન્! કોઇ એક આ પ્રમાણે પોતાનો મત જણાવે છે. ।૨।

(एगे पुण एवमाहंसु–ता जया णं जंबुदीवे दीवे दाहिड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ. जया णं उत्तरड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ, तया णं दाहिणड्ढे बारसमुहुत्ता राई भवइ, जया णं दाहिणड्ढे अट्ठारसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ) જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. અને જ્યારે ઉત્તર વિભાગાર્ધમાંઅઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે ત્યારે દક્ષિણ વિભાગના અર્ધભાગમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. અને જ્યારે દક્ષિણ વિભાગના અર્ધભાગમાં અઢાર મુહૂર્તાનંતર એટલે કે અઢાર મુહૂર્તમાં કંઇક ન્યૂન ઇષત્ ન્યૂન યા ન્યૂનતર દિવસ હોય છે ત્યારે ઉત્તરવિભાગાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, તેમાં કંઇ પણ ન્યૂનાધિક પ્રમાણની રાત્રી હોતી નથી. જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે. અર્થાત્ બધે જ રાત્રિમાન સ્થિર એકરૂપ જ છે આ કહ્યા વગર પણ સમજી લેવું. (एवं णेयव्वं सकलेहिय अणंतरेहिय एक्के क्के दो दो आलावगा सव्वहिं दुवालसमुहुत्ता राई भवइ) આ પૂર્વોક્ત પ્રકારથી સમજી લેવું. આ પ્રકારનું કથન ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી તેર મુહૂર્તાનંતર દિવસનું કથન આવી જાય. એક એક સત્તર સંખ્યા વિશેષ સમગ્ર મુહૂર્તની પછી કંઇક ન્યૂન બબ્બે આલાપકો એટલે કે તે કથનને પ્રગટ કરતાં વાક્યવિશેષ કહી લેવા. બધે જ બાર મુહૂર્ત-પ્રમાણની રાત્રી હોય છે. તેનો આલાપક પ્રકાર આ પ્રમાણે છે. (जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे सत्तरसमुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ, जया णं उत्तरड्ढे सत्तरसमुहुत्ते दिवसे भवइ तया णं दाहिणड्ढे दुवालसमुहुत्ता राई भवइ, जया णं जंबुदीवे दीवे दाहिणड्ढे सत्तरसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ, जया णं उत्तरड्ढे सत्तरसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं दाहिणड्ढे दुवालसमुहुत्ता राई भवइ) જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધ ભાગમાં સત્તર મુહૂર્તનો દિવસ હોય છે. ત્યારે ઉત્તર દિગ્વિભાગમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં સત્તર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. જ્યારે જંબૂદ્રીપના દક્ષિણાર્ધભાગમાં સત્તરમુહૂર્તાનંતરનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, એજ પ્રમાણે સોળ મુહૂર્ત, સોળ મુહૂર્તાનંતર, પંદર મુહૂર્ત પંદર મુહૂર્તાનંતર, ચૌદ મુહૂર્ત ચૌદમુહૂર્તાનંતર, તેર

મુહૂર્ત તેરમુહૂર્તાનંતર, બાર મુહૂર્તગત કાળના કથન પર્યન્ત નવ આલાપકો થાય છે. તે પૂર્વ કથનાનુસાર કહી લેવા ગ્રન્થ ગૌરવ ભયથી તેનો અહીંયાં ઉલ્લેખ કરેલ નથી. બાર મુહૂર્તાનંતરનો આલાપક સ્વયં તીર્થાન્તરીય કહે છે. જેમ કે-(ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे दुवालसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया णं उत्तरड्ढे दुवालसमुहुत्ता राई भवइ, जया णं उत्तरड्ढे दुवालसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं दाहिणड्ढे दुवालसमुहुत्ता राई भवइ) જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં અર્થાત્ દક્ષિણ દિગ્વિભાગના અર્ધા ભાગમાં બાર મુહૂર્તાનંતર એટલે કે બાર મુહૂર્તમાં કંઈક ઓછા પ્રમાણનો દિવસ હોય છે, ત્યારે ઉત્તર વિભાગાર્ધભાગમાં બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે અને જ્યારે ઉત્તરાર્ધભાગમાં બાર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, એ અવસ્થામાં પણ દક્ષિણાર્ધભાગમાં બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, અર્થાત્ આ ત્રીજા મતવાદીના મતથી દિનમાન ગમે તે પ્રકારનું ભલે હોય પરતું તેનાથી ભિન્ન ગોલાર્ધમાં રાત્રિમાન તો બધે જ બાર મુહૂર્ત પ્રમાણનું જ હોય છે, (तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं णेवत्थि पण्णरसमुहुत्ते दिवसे भवइ णेवत्थि पण्णरसमुहुत्ता राई भवइ, वोच्छिण्णा णं तत्थ राइंदिया पण्णत्ता समणाउसो एगे एवमाहंसु) ૩ અઢાર મુહૂર્તાનંતરાદિ દિવસકાળમાં જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વ અને પશ્ચિમદિશામાં પૂર્વપ્રતિપાદિત નિયમ નથી, પરંતુ ત્યાં પંદર મુહૂર્તનો દિવસ હોતો નથી તથા બાર મુહૂર્તપ્રમાણની રાત્રી પણ હોતી નથી, આ કંઈ રીતે થાય છે? તે બતાવતાં કહે છે-(वोच्छिण्णाणं) વ્યવચ્છિન્ન એટલે કે સદાકાળ એક રૂપ મંદરપર્વતની પૂર્વપશ્ચિમ દિશામાં રાતદિવસનું પ્રમાણ કહેલ છે, ઉપસંહાર કરતાં કહે છે, હે શ્રમણ આયુષ્મન્! કોઈ એક ત્રીજો મતાવલમ્બી આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે. ।૩।

પૂર્વોક્ત પ્રકારથી ત્રણે પ્રતિપત્તીવાદિયોના જુદા જુદા પ્રકારના મતાન્તર કહેવામાં આવેલ છે, પંરતુ આ ત્રણે મતવાદિયોના મત મિથ્યારૂપ જ છે, કારણ કે આ બધી માન્યતાઓ ભગવાનને સંમત નથી. અર્થાત્ ભગવાને તેનો સ્વીકાર કરેલ નથી. તેમાં પણ ત્રીજા મતવાદી કે જે સદા બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોવાનું કહે છે તેના મતમાં તો પ્રત્યક્ષથી જ વિરોધ દેખાય છે, કારણ કે રાત્રિનું ઓછું વત્તું પ્રમાણ તો પ્રત્યક્ષથી પણ દેખાય છે

હવે ભગવાન્ યથાર્થ સ્વરૂપવાળા પોતાના મતનું કથન કરે છે,-(वयं पुण एवं वयामो) કેવળજ્ઞાનથી સકળ શાસ્ત્રોના મર્મને પ્રાપ્ત કરવાવાળો હું આ વિષયમાં આ પ્રમાણે કહું છું તે પ્રકાર બતાવતા કહે છે-(ता जंबुद्दीवे दीवे सूरिया उदीणपाईण मुग्गच्छंति, पाईण दाहिण मागच्छंति पाईण दाहिण मुग्गच्छंति, दाहिणपडीण मागच्छंति दाहिणपडीणमुग्गच्छंति, पडीणउदीण मागच्छंति, पडीणउदीण मुग्गच्छंति, उदीणपाईणमागच्छंति)

જંબૂદ્વીપ નામના દ્વીપમાં બન્ને સૂર્યો મંડળ પરિભ્રમણના ક્રમથી યથાયોગ્ય ભ્રમણ કરતા કરતા મેરૂની ઉત્તર પૂર્વ દિશામાં એટલે કે ઇશાન ખુણામાં ઉદિત થાય છે. અને ત્યાં ઉદય પામીને પૂર્વ અને દક્ષિણદિશામાં એટલે કે અગ્નિખુણામાં આવતા દૃષ્ટિગોચર થાય છે, અહીંયાં ભરતાદિ ક્ષેત્રની અપેક્ષાથી પૂર્વ દક્ષિણ દિશામાં ઉદય પામીને દક્ષિણ પશ્ચિમદિશામાં અર્થાત્ નૈઋત્યકોણમાં આવે છે. અહીંયાં પણ દક્ષિણ પશ્ચિમદિશામાં એટલે કે નૈઋત્યકોણમાં અપર વિદેહ ક્ષેત્રની અપેક્ષાથી ઉદિત થઇને પશ્ચિમ ઉત્તરદિશામાં એટલે કે વાયવ્યદિશામાં આવે છે, અહીયાં પણ અર્થાત વાયવ્ય દિશામાં પણ ઐરવતાદિ ક્ષેત્રની અપેક્ષાથી ઉદિત થઇને ઉત્તર પૂર્વદિશામાં એટલે કે ઈશાનખુણામાં આ છે. એજ પ્રમાણે પશ્ચિમ ઉત્તર દિશા અર્થાત્ વાયવ્ય દિશામાં ઉદિત થઇને ઉત્તર પૂર્વ એટલે કે ઈશાનકોણમાં આવે છે.

આ પ્રમાણે સામાન્ય પ્રકારથી બન્ને સૂર્યનો ઉદય પ્રકાર કહ્યો છે. વિશેષતઃ કથન આ પ્રમાણે છે.-જ્યારે એક સૂર્ય પૂર્વદક્ષિણ દિશા એટલે કે આગ્નેયકોણમાં ઉદિત થાય છે, ત્યારે બીજો સૂર્ય પશ્ચિમ અને ઉત્તર દિશામાં ઉદિત થાય છે. તથા દક્ષિણપૂર્વમાં ઉદિત થયેલ સૂર્ય ભરતાદિ ક્ષેત્રને કે જે મેરૂની દક્ષિણ દિશામાં રહેલ છે, તેને પોતાની મંડળ ગતિના પરિભ્રમણથી પરિભ્રમણ કરીને મેરૂની ઉત્તર દિશામાં રહેલા ઐરવતાદિ ક્ષેત્રોને પ્રકાશિત કરે છે. ભરતક્ષેત્રમાં વર્તમાન સૂર્ય દક્ષિણ પશ્ચિમ દિશામાં આવીને અપરવિદેહ ક્ષેત્રની અપેક્ષાથી ઉદય પ્રાપ્ત કરે છે. તથા ઐરવતક્ષેત્રમાં રહેલ સૂર્ય ફરિથી ઉત્તરપૂર્વ દિશામાં આવે છે, તથા પૂર્વવિદેહ ક્ષેત્રની અપેક્ષાથી ઉદિત થાય છે. તે પછી દક્ષિણ પશ્ચિમ દિશામાં ઉદિત થઇને મંડળપરિભ્રમણ ગતિથી તેની ઉપરના પ્રદેશમાં પરિભ્રમણ કરીને અપરવિદેહક્ષેત્રને પ્રકાશિત કરે છે. તથા ઉત્તરપૂર્વમાં ઉદિત થતો સૂર્ય તેની ઉપરના પ્રદેશમાં મંડળપરિભ્રમણ ગતિથી ભ્રમણ કરીને પૂર્વવિદેહ ક્ષેત્રને પ્રકાશિત કરે છે. તે પછી પૂર્વવિદેહ ક્ષેત્રને પ્રકાશિત કરવાવાળો સૂર્ય ફરીથી ભરતક્ષેત્રની અપેક્ષાથી દક્ષિણપૂર્વ દિશામાં ઉદય પામે છે. અપરવિદેહને પ્રકાશિત કરવાવાળો સૂર્ય પશ્ચિમ ઉત્તર દિશામાં ઉદિત થાય છે. આ પ્રમાણે જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રના સૂર્યોની ઉદયાવસ્થાની વિધીનું પ્રતિપાદન કરેલ છે. જે પ્રમાણે જંબૂદ્વીપમાં કહ્યું છે એજ પ્રમાણે બાકીના બધા દ્વીપોમાં પણ ભાવના સમજી લેવી.

હવે ક્ષેત્રવિભાગથી દિવસરાતના વિભાગનું કથન કરવામાં આવે છે. (ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे दिवसे भवइ, तया णं मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमेणं राई भवइ) સૂર્યના ઉદય વિભાગના વિચારમાં જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણ દિશાના અર્ધ

વિભાગમાં દિતસ હોય છે. એ સમયે ઉત્તર દિશાના વિભાગાર્ધમાં પણુ દિવસ હોય છે. કારણુ કે એક સૂર્યનો દક્ષિણુ દિશામાં પરિભ્રમણુનો સંભવ હોય ત્યારે બીજા સૂર્યના પરિભ્રમણનો સંભવ ઉત્તર દિશામાં જરૂર હોય છે. કારણુ કે બન્ને સૂર્યો છ માસના અંતરમાં જ સ્થિત હોય છે. તથા જ્યારે ઉત્તરાર્ધમાં પણુ દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં રાત્રી હોય છે. કારણુ કે તે સમયે ત્યાં એક પણુ સૂર્યનું વિદ્યમાનપણું હોતું નથી. (ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं दिवसे भवइ, तया णं पच्चत्थिमेण वि दिवसे भवइ जया णं पच्चत्थिमेणं दिवसे भवइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणे णं राई भवइ) આ રીતે ત્યાંના રાત્રિદિવસના વિચારમાં જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં દિવસ હોય છે, ત્યારે પશ્ચિમ દિશામાં પણુ દિવસ હોય છે, અને જ્યારે પશ્ચિમદિશામાં દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરદક્ષિણુમાં રાત્રિ હોય છે, કારણુ કે એક સૂર્યનો પૂર્વ દિશાના વિભાગમાં સંભવ હોય ત્યારે બીજા સૂર્યનો સંભવ પશ્ચિમદિશામાં અવશ્યમેવ હોય જ છે, કારણુ કે બન્ને સૂર્યો છ માસના અંતરમાં હોય છે. અને જ્યારે પશ્ચિમ દિશામાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તરદક્ષિણુદિશામાં એટલે કે ઉત્તર દિશામાં અને દક્ષિણુ દિશામાં રાત્રિ હોય છે. કારણુ કે તે વખતે ત્યાં એક પણુ સૂર્યનું અસ્તિત્વ હોતું નથી. એટલે કે એ સમયે ત્યાં એક પણુ સૂર્યની સ્થિતિ હોતી નથી.

(ता जया णं दाहिणड्ढे वि उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, तया णं उत्तरड्ढे उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ) એ જંબૂદ્વીપ નામના દ્વીપમાં જ્યારે દક્ષિણુ દિશાના અર્ધા વિભાગમાં ઉત્કર્ષક એટલે કે પરમ અધિક અઢાર મુહૂર્ત પ્રમાણુનો દિવસ હોય છે, ત્યારે ઉત્તર વિભાગમાં પણુ પરમ પ્રકૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણુનો દિવસ હોય છે. સર્વાભ્યંતર મંડળમાં સંચરણુ હોવાથી ત્યાં જ્યારે એક સૂર્ય સર્વાભ્યંતર મંડળમાં સંચરણુ કરે છે, ત્યારે બીજો સૂર્ય પણુ નિશ્ચયથી તે સમયની અશ્રેણીથી સર્વાભ્યંતર મંડળમાં સંચરણુશીલ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણુ સર્વોત્કૃષ્ટ દિવસનો સંભવ અવશ્ય હોય જ છે. (ता जया णं उत्तरड्ढे अट्ठारसमुहुत्ते दिवसे भवइ. तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) જ્યારે ઉત્તર વિભાગાર્ધમાં સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણુનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં જઘન્યા-સર્વાલ્પા બાર મુહૂર્ત પ્રમાણુની રાત્રી હોય છે. કારણુ કે સર્વાભ્યંતર મંડળમાં બેઉ સૂર્યોનું

સંચરણ હોવાથી બાર મુહૂર્ત પ્રમાણની રાત્રિનો સદ્ભાવ રહે છે. (ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, तया णं पच्चत्थिमेणवि उक्कोसए अट्ठारसमुहुत्त दिवसे भवइ, जया णं पच्चत्थिमेणं उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं जहण्णिया दुवालस मुहुत्ता राई भवइ) જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં સર્વાધિક અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે, ત્યારે મંદર પર્વતની પશ્ચિમ દિશામાં પણ પરમોત્કર્ષક અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે, (દક્ષિણ ઉત્તરાર્ધ સંબંધી પહેલાં કહેલ કારણ અહીંયાં પણ સમજી લેવું) જ્યારે મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં પરમોત્કર્ષક અઢાર મુહૂર્ત પ્રમાણનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તર અને દક્ષિણ દિશામાં જઘન્યા એટલે કે સૌથી નાની બાર મુહૂર્ત પ્રમાણની રાત્રી હોય છે. અહીયાં પણ પૂર્વ પશ્ચિમ અર્ધ વિભાગ જ રાત્રિના સંબંધમાં કારણ છે તેમ સમજવું.

(एवं एएणं गमेणं णेयव्वं) આ પૂર્વોક્ત પ્રકારથી એટલે કે બન્ને ગોલાર્ધની ભાવના વિશેષથી વક્ષ્યમાણગમથી અર્થાત્ આલાપક પ્રકારથી સમજી લેવું. એ વક્ષ્યમાણ આલાપક પ્રકાર પ્રદર્શિત કરતાં કહે છે-(अट्ठारसमुहुत्ताणंतरे दिवसे सातिरेगदुवालसमुहुत्ता राई भवइ) જ્યારે મંદરપર્વતના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધમાં અને પૂર્વપશ્ચિમાર્ધ ભાગમાં અઢાર મુહૂર્તાનંતર એટલે કે અઢાર મુહૂર્તમાં કંઈક ઓછા તથા સત્તર મુહૂર્તથી વધારે અર્થાત્ અઢાર મુહૂર્તપ્રમાણથી કંઈક ઓછો દિવસ હોય છે, ત્યારે પૂર્વપશ્ચિમ દિશામાં અથવા દક્ષિણ ઉત્તરદિશામાં કંઈક વધારે બાર મુહૂર્તની રાત્રી હોય છે. આ રીતે વક્ષ્યમાણ બાકીના પદોની ભાવના પણ સમજી લેવી. તથા આના સૂત્રપાઠનો ક્રમ પણ પહેલાં કહેલ આલાપકના કથન પ્રમાણે જ ભાવિત કરીને સમજી લેવો. આજ પ્રમાણે સત્તર મુહૂર્ત-પ્રમાણના દિવસ વગેરે-પ્રતિપાદક સૂત્રનો આલાપક પણ બાર મુહૂર્તની સમાપ્તિ પર્યન્ત ભાવિત કરી સમજી લેવો. મૂળ સૂત્રપાઠ આ પ્રમાણે કહેલ છે-(सत्तरसमुहुत्ते दिवसे तेरस मुहुत्ता राई) જ્યારે સત્તર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે તેર મુહૂર્તની રાત્રી હોય છે. (सत्तरसमुहुत्ताणंतरे दिवसे तेरसमुहुत्ता राई) જ્યારે સત્તર મુહૂર્તથી કંઈક ન્યૂન પ્રમાણનો દિવસ હોય, ત્યારે તેર મુહૂર્તની રાત્રી હોય છે. (सत्तरसमुहुत्ताणंतरे दिवसे भवइ तया णं सातिरेग तेरस मुहुत्ता राई भवइ) જ્યારે સત્તર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે. ત્યારે સાતિરેક અર્થાત્ કંઈક વધારે તેર મુહૂર્તની રાત્રી હોય છે, (सोलसमुहुत्ते दिवसे भवइ, चोद्दसमुहुत्ता राई भवइ, सोलसमुहुत्ताणंतरे दिवसे चोद्दसमुहुत्ता राई भवइ) જ્યારે સોળ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ચૌદ મુહૂર્તની રાત્રી હોય છે, તથા જ્યારે સોળ મુહૂર્તાનંતરનો દિવસ હોય છે, ત્યારે સાતિરેક એટલે કે કંઈક વધારે ચૌદ મુહૂર્તની રાત્રી હોય છે. (जया णं पन्नरसमुहुत्ते दिवसे भवइ तया पण्णरसमुहुत्ता राई भवइ) જ્યારે પંદર મુહૂર્તનો દિવસ

હોય છે ત્યારે પંદર મુહૂર્તની રાત્રી હોય છે. (जया पंण्णरसमुहुत्ताणंतरे दिवसे भवइ, तया सातिरेग पण्णरसमुहुत्ता राई भवइ) જ્યારે પંદર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે કંઈક વધારે પંદર મુહૂર્તની રાત્રી હોયા છે. (जया चरद्दसमुहुत्ते दिवसे तया सोलस-मुहुत्ता राई भवइ) જ્યારે ચૌદ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે સોળ મુહૂર્તની રાત્રી હોય છે. તથા (जया चउद्दस मुहुत्ताणंतरे दिवसे भवइ, तया सातिरेग सोलसमुहुत्ता राई भवइ) જ્યારે ચૌદ મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે કંઈક અધિક સોળ મુહૂર્તની રાત્રી હોય છે. (जया तेरसमुहुत्ते दिवसे भवइ, तया सत्तरसमुहुत्ता राई भवइ) જ્યારે તેર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે સત્તર મુહૂર્તની રાત્રી હોય છે (जया तेरसमुहुत्ताणंतरे दिवसे भवइ तया सातिरेग सत्तरसमुहुत्ता राई भवइ) જ્યારે તેર મુહૂર્તાનંતરનો દિવસ હોય છે ત્યારે સાતિરેક અર્થાત્ કંઈક વધારે સત્તર મુહૂર્તની રાત્રી હોય છે. (जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ) જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્કૃષ્ઠ અઢાર મુહૂર્તની રાત્રી હોય છે.(एवं भाणियव्वं) આ પૂર્વોક્ત પ્રકારથી સમજી લેવું અર્થાત્ દક્ષિણાર્ધ અને ઉત્તર વિભાગાર્ધમાં પણ આજ પ્રકારનું કથન સમજવું.

હવે સમયનું નિરૂપણ કરવામાં આવે છે, (ता जया णं जम्बुद्दीवे दीवे दाहिणड्ढे वासा णं पढमे समए पडिवज्जइ, तया णं उत्तरड्ढे वि वासाणं पढमे समए पडिवज्जइ) જ્યારે જંબૂદ્વીપના દક્ષિણ અર્ધ ભાગમાં વર્ષાકાળનો પ્રથમ સમય અર્થાત્ પ્રારંભકાળ હોય છે, એજ વખતે ઉત્તરાર્ધમાં પણ વર્ષાકાળનો આરંભ હોય છે. એજ પ્રમાણે પરિવર્તન સ્વભાવ હોવાથી તેમ કહેવામાં આવેલ છે. (जया णं उत्तरड्ढे वासाणं पढमे समए पडि-वज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमेणं अणंतरपुरक्खडका-लसमयंसि वासाणं पढमे समए पडिवज्जइ) જ્યારે ઉત્તરાર્ધમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મંદરપર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં અનંતરપુરસ્કૃતકાળ સમયમાં એટલે કે વ્યવધાન રહિત અર્થાત્ આંતરા વિનાનો જે આગળનો કાળ તે અનંતર પુરસ્કૃત કાળ સમય કહેવાય છે, અહીંયાં અનંતર પદથી બીજો કાળ એ પ્રમાણે સમજ-વાનું છે, એ બીજા કાળમાં સમયપદ સંકેતાદિ અર્થમાં પણ પ્રયુક્ત થાય છે તેથી તેના પરિહાર માટે કાળપદ ગ્રહણ કરેલ છે, અર્થાત્ કાળ એવો જે સમય એ વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, વર્ષાકાળના પ્રથમ સમયમાં જ વર્ષાકાળનો પ્રારંભ થાય છે. અહીયાં આ રીતે કહેવું જોઈએ જ્યારે દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. તેના પછીના બીજા સમયમાં પૂર્વ પશ્ચિમમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. (ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरच्छिमे णं वासाणं पढमे समये पडिवज्जइ तया णं पच्चत्थिमेण वि वासाणं पढमे समए पडिवज्जइ, जया णं पच्चत्थिमेणं वासाणं पढमे

समए पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरदाहिणेणं अणंतरपच्छाकयकालसमयंसि वासाणं पढमे समए पडिवण्णे भवइ) જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, એટલે કે વર્ષાકાળનો પ્રારંભ થાય છે, એ સમયે પશ્ચિમ દિશામાં પણ વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. તથા જ્યારે મંદરપર્વતની પશ્ચિમ દિશામાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મંદરપર્વતની દક્ષિણદિશામાં અને ઉત્તર દિશામાં અર્થાત્ ઉત્તરદિશા અને દક્ષિણદિશાથી અનંતરપશ્ચાત્કૃતકાલસમયમાં એટલે કે વ્યવધાન વગરનો જે પછીનો સમય તે અનન્તરપશ્ચાત્ કૃતકાળસમય કહેવાય છે, એ કાળ સમયમાં એટલે કે અનંતરપશ્ચાત્ કૃતકાળસમયમાં વર્ષાકાળનો પ્રથમ સમય સમાપ્ત થાય છે. અહીંયાં જ્યારે દક્ષિણાર્ધમાં અને ઉત્તરાર્ધમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, તે પછીના સમયમાં પૂર્વપશ્ચિમદિશામાં પણ વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. આ રીતે કહેવાથી પણ જ્યારે પૂર્વ પશ્ચિમમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, તેની પછીથી આવતા સમયમાં દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે. તેમ જણાય છે. તો અહીંયાં ફરીથી આ પ્રમાણે કેમ કહ્યું ? આ શંકાના સમાધાન માટે કહે છે કે અહીંયાં ક્રમ અને ઉત્ક્રમથી પ્રતિપાદન કરેલ અર્થ જીજ્ઞાસુ શિષ્યોને સારી રીતે સમજવામાં આવે એ હેતુથી શિષ્યોના અનુગ્રહ માટે આ પ્રમાણે સ્પષ્ટ રીતે નિર્દેશ કરેલ છે. તેથી તે દોષાવહ નથી. (जहा समओ एवं आवलिया आणा पाणू थोवे लवे मुहुत्ते अहोरत्ते पक्खे मासे ऊऊ, एवं दस आलावगा जहा वासाणं एवं हेमंताणं गिम्हाणं च भाणियव्वा) જે પ્રમાણે સમયનું કથન કરવામાં આવેલ છે એજ પ્રમાણે સમયથી કંઇક વધારે કાળનો બોધ કરાવનાર આવલિકા, સમજવી, તે પછી આન તે પછી પ્રાણુ, પાન, તે પછી સ્તોક સંજ્ઞક તે પછી લવ સંજ્ઞક તે પછી મુહૂર્ત સંજ્ઞક તે પછી અહોરાત્ર પછીથી પક્ષ, તે પછી માસ તે પછી ઋતુ આ બધા કાળના પર્યાય વાચક શબ્દો છે. તે વર્ષાકાલના પ્રકારથી કહી લેવા. તથા સમય સંબંધી આલાપક પહેલાં કહીને પછી આ આલાપક સમજવો. જે ઉદાહરણાર્થ બે આલાપકો અહીંયાં કહેવામાંઆવે છે, તે આ પ્રમાણે છે. (जया णं जंबुदीवे दीवे दाहिणड्ढे वासाणं पढमा आवलिया पडिवज्जई, तया णं उत्तरड्ढे वि वासा णं पढमा आवलिया पडिवज्जइ) જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં વર્ષાઋતુની પહેલા આવલિકાનો પ્રારંભ થાય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ એજ વર્ષાઋતુની પહેલી આવલિકાનો પ્રારંભ થાય છે. (जया णं उत्तरड्ढे वासाणं पढमा आवलिया पडिवज्जइ तया णं जबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरच्छिमपच्चत्थिमे णं अणंतर-पुरक्खडकालसमयंसि वासाणं पढमा आवलिया पडिवज्जइ) જ્યારે ઉત્તરાર્ધમાં વર્ષા કાળની પહેલી આવલિકા થાય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં અનંતર પુરસ્કૃત કાલ સમયમાં વર્ષાકાળની પહેલી આવલિકા હોય છે, (ता जया णं जबु-

दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं वासाणं पढमा आवलिया पडिवज्जइ, तया णं पच्चत्थिमेणं पढमा आवलिया पडिवज्जइ) જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ દિશામાં પહેલી આવલિકા હોય છે, ત્યારે પશ્ચિમ દિશામાં પણ પહેલી આવલિકા હોય છે. (तया णं जंबुद्दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं अणंतरपच्छाकडकालसमयंसि वासाणं पढमा आवलिया पडिवण्णा भवइ) જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરદક્ષિણ દિશામાં અનંતર પશ્ચાત્ કૃતકાલ સમયમાં વર્ષાકાળની પહેલી આવલિકા પ્રતિપન્ન થાય છે અર્થાત્ પરિપૂર્ણ થાય છે, મૂલ સૂત્રમાં સમ્યક્ પ્રકારથી વ્યાખ્યાત થયેલ છે જેથી છાયા માત્રથી અર્થ સ્પષ્ટ થઇ જાય છે તેથી વિશેષ વ્યાખ્યા કરેલ નથી. આજ પ્રમાણે આનપ્રાણુ વિગેરેના આલાપકો કહી લેવા. (जहा वासाणं एवं हेमंताण) જે પ્રમાણે પૂર્વોક્ત આલાપક પ્રકારથી વર્ષાકાળ સંબંધી કથન કરેલ છે, એજ પ્રમાણે અર્થાત વર્ષાકાળના કથનાનુસાર તે પછી કહેલ સમયાદિના આલાપકો હેમંતાદિકાળ વિષયમાં પણ કહી લેવા. એટલે જેવી રીતે સમયના સંબંધમાં દસ આલાપકો કહ્યા એજ પ્રમાણે હેમંત એટલે કે શીતકાળ સંબંધી અને ગ્રીષ્મકાળ સંબંધી દરેકના સંબંધમાં સમયમાં કહ્યા પ્રમાણેના દસદસ આલાપકો કહીને સમજી લેવા. અયનના સંબંધનો આલાપક સ્વયં કહે છે. (ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे पढमे अयणे पडिवज्जइ, तया णं उत्तरड्ढे वि पढमे अयणे पडिवज्जइ, जया णं उत्तरड्ढे पढमे अयणे पडिवज्जइ तया णं दाहिणड्ढे पढमे अयणे पडिवज्जइ) જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણ-દિગ્વિભાગના અર્ધમાં પ્રથમ અયન એટલે કે દક્ષિણાયન હોય છે એજ વખતે ઉત્તરાર્ધમાં પણ એટલે કે ઉત્તરદિગ્વિભાગાર્ધમાં પણ પ્રથમ અયન હોય છે. એટલે કે દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ બન્ને વિભાગમાં પ્રથમ અયન એટલે દક્ષિણાયન પ્રવર્તિત થાય છે, એજ પ્રમાણે જ્યારે ઉત્તરાર્ધમાં દક્ષિણાયન હોય છે, એજ વખતે દક્ષિણાર્ધમાં પણ પ્રથમ અયન એટલે કે દક્ષિણાયન હોય છે,અર્થાત્ જે પ્રમાણે દક્ષિણાયનમાં થાય છે એજ પ્રમાણે ઉત્તરાર્ધમાં પણ થાય છે તેમ ભાવ સમજવો. (जया णं उत्तरड्ढे पढमे अयणे पडिवज्जइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमे णं अणंतरपुरक्खडसमयंसि पढमे अयणे पडिवज्जइ) જ્યારે ઉત્તરાર્ધમાં પ્રથમ અયન હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદરપર્વતની પૂર્વ પશ્ચિમ-દિશામાં અનન્તર પુરસ્કૃત કાળ સમયમાં પહેલું અયન એટલે કે દક્ષિણાયન પ્રાપ્ત થાય છે. છાયાથી જ અર્થ સ્પષ્ટ હોવાથી વિશેષ ઉલ્લેખ કરેલ નથી. (ता जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं पढमे अयने पडिवज्जइ, तया णं पच्चत्थिमेण वि पढमे अयणे पडिवज्जइ) જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વદિશામાં દક્ષિણાયન હોય છે, ત્યારે મંદરપર્વતની પશ્ચિમદિશામાં પણ દક્ષિણાયન હોય છે. આ બન્નેમાં કંઇ અંતર

હોતું નથી (जया णं पच्चत्थिमेणं पढमे अयणे पडिवज्जइ तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं अणंतरपच्छाकडकालसमयंसि पढमे अयणे पडिवण्णे भवइ) જ્યારે મંદર પર્વતની પશ્ચિમદિશામાં પ્રથમ અયન એટલે કે દક્ષિણાયન પ્રવર્તે છે, એ સમયે મંદરપર્વતની ઉત્તરદિશામાં અને દક્ષિણદિશામાં પ્રથમ અયન પૂર્ણ થાય છે, (जहा अयणे तहा संवच्छरे जुगे वाससए एवं वाससहस्से वाससयसहस्से पुव्वंगे पुव्वे एवं जाव सीसपहेलिया पलिओवमे सागरोवमे) જે પ્રમાણે અયનના સંબંધમાં આલાપકનો પ્રકાર બતાવેલ છે, એજ પ્રકારના ક્રમથી સંવત્સરના વિષયમાં પણ કહેવું જોઇએ તથા યુગ એટલે કે-વક્ષ્યમાણ સ્વરૂપવાળા ચંદ્રાદિ પંચ સંવત્સરાત્મક વર્ષમાં, સોવર્ષના સંબંધમાં, હજાર વર્ષના સંબંધમાં, લાખ વર્ષના સંબંધમાં, પૂર્વાંગના વિષયમાં અને યાવત્ અપાન્તરાલ સંબંધી આલાપક પદો પ્રશ્ન પૂછીને કહી લેવા. જેમ કે-(तुडियंगे तुडिए अडडंगे अडडे अववंगे अववे हूहूयंगे हूहूए उप्पलंगे उप्पले पउमंगे पउमे नलिणंगे नलिणे अत्थणिउरंगे अत्थणिउरे अउयंगे अउये नउयंगे नउए चूलियंगे चूलिए सीसपहेलियंगे) આ બધા શબ્દો સંખ્યાવાચક છે, આ બધા સંખ્યાવાચક શબ્દોના આલાપકની યોજના કરીને કહી લેવા જોઇએ. આ આલાપકો શીર્ષ-પ્રહેલિકા સુધી કહી લેવા. ચોરાશી લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય છે તથા ચોરાસી લાખ પૂર્વાંગનું એક પૂર્વ થાય છે, આ પ્રમાણે પૂર્વ પૂર્વની રાશીને ચોરાસી લાખથી ગુણવાથી પછી પછીની રાશીની સંખ્યા થઈ જાય છે, યાવત્ ચોરાસી લાખ શીર્ષપ્રહેલિકાગ્નની એક શીર્ષ પ્રહેલિકા થાય છે, આટલા સુધી ગણિતનો વિષય છે. આના પછી ગણનાતીત હોય છે. એ કાળ પલ્યોપમાદિનો હોય છે, પલ્યોપમ અને સાગરોપમકાળનું સ્વરૂપ સંગ્રહણી ટીકામાં કહેલ છે. એ બધાના આલાપક પ્રકાર સ્વયં બનાવીને સમજી લેવા. અવસર્પિણી અને ઉત્સર્પિણી સંબંધી આલાપક સ્વયં કહે છે, (ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे उस्सप्पिणी पडिवज्जइ तया णं उत्तरड्ढे वि उस्सप्पिणी पडिवज्जइ) એ જંબૂદ્વીપમાં મંદરપર્વતની દક્ષિણાર્ધમાં ઉત્સર્પિણીકાળ પ્રવૃત્ત થાય છે ત્યારે મંદરપર્વતના ઉત્તરાર્ધમાં પણ ઉત્સર્પિણી પ્રવર્તે છે, જ્યારે ઉત્તરાર્ધમાં ઉત્સર્પિણી હોય છે ત્યારે દક્ષિણાર્ધમાં પણ ઉત્સર્પિણી હોય છે, (जया णं उत्तरड्ढे उस्सप्पिणी पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमपच्चत्थिमेणं णेव अत्थि ओसप्पिणी णेव अत्थि उस्सप्पिणी अवट्ठितेणं तत्थ काले पण्णत्ते समणाउसो) જ્યારે ઉત્તરાર્ધમાં ઉત્સર્પિણી પ્રવર્તમાન હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વપશ્ચિમ દિશામાં અવસર્પિણી હોતી નથી, તેમજ ઉત્સર્પિણી હોતી નથી. આ પ્રમાણે કેમ હોય છે? એ શંકાના સમાધાન નિમિત્તે કહે છે કે ત્યાં પૂર્વપશ્ચિમ દિશામાં અવસ્થિત કાળ હોય છે તેમ મેં કહેલ છે. હે શ્રમણ આયુષ્મન્ ત્યાં અવસર્પિણી કે

ઉત્સર્પિણી હોતી નથી. (एवं उस्सप्पिणी वि) આજ પ્રમાણે ઉત્સર્પિણિના સંબંધમાં આલાપકો પણ કહી લેવા જે આ પ્રમાણે છે–(ता जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे पढमा उस्सप्पिणी पडिवज्जइ तया णं उत्तरड्ढे वि पढमा उस्सप्पिणी पडिवज्जइ, जया णं उत्तरड्ढे वि पढमा ओसप्पिणी पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम-पच्चत्थिमेणं णेव अत्थि अवसप्पिणी णेव अत्थि उस्सप्पिणी अवट्ठिएणं तत्थ काले पडिवण्णे समणाउसो) જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં પ્રથમ ઉત્સર્પિણી હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ પહેલી ઉત્સર્પિણી હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં પહેલી ઉત્સર્પિણી હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મંદરપર્વતની પૂર્વ પશ્ચિમ દિશામાં અવસર્પિણી હોતી નથી. તથા ઉત્સર્પિણી પણ હોતી નથી હે શ્રમણ આયુષ્મન્! તે સમયે ત્યાં અવસ્થિત અર્થાત્ એકરૂપ કાળ કહેલ છે, આ રીતે આ કથનનો અર્થ સ્પષ્ટ જ છે.

આ રીતે જંબૂદ્વીપ સંબંધી કથનનું પ્રતિપાદન કરીને હવે લવણસમુદ્ર સંબંધી કથન કરવામાં આવે છે.–(ता जया णं लवणे समुद्दे दाहिणड्ढे दिवसे भवइ, तया णं लवण समुद्दे उत्तरड्ढे वि दिवसे भवइ जया णं उत्तरड्ढे दिवसे भवइ तया णं लवणसमुद्दे पुरत्थिमपच्चत्थिमेणं राई भवइ) જ્યારે લવણ સમુદ્રના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે. તેમાં કંઇ જ ભિન્નતા નથી, પરંતુ જ્યારે લવણસમુદ્રના ઉત્તરાર્ધમાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વપશ્ચિમ દિશામાં રાત્રી હોય છે, (जहा जंबुद्दीवे दीवे तहेव उस्सप्पिणी तहा धाइयसंडेणं दीवे सूरिया उदीण० तहेव) જે પ્રમાણે જંબૂદ્વીપમાં સૂર્યના ઉદયના સંબંધમાં આલાપકો કહ્યા છે, એજ પ્રમાણે લવણસમુદ્રમાં ઉત્સર્પિણીના વિષયમાં આલાપકો કહેવા જોઈએ જે આ પ્રમાણે છે–(लवणेणं सूरिया उईणपाईण मुग्गच्छंति, पाईणदाहिणमागच्छंति, पाईणदाहिणमुग्गच्छंति दाहिणपाईण मागच्छंति, दाहिणपाईणमुग्गच्छंति, पाईणउईणमागच्छंति, पाईणउईण मुग्गच्छंति उईण पाईण मागच्छंति) આ સૂત્ર જંબૂદ્વીપમાં કહેવામાં આવેલ ઉદય સંબંધી સૂત્રની સમાન સમજી લેવું. આ પહેલાં કહી જ દીધું છે, જેથી લેખ બાહુલ્ય ભયથી અને ગ્રન્થવિસ્તારથી શું પ્રયોજન છે? અહીંયાં વિશેષતા કેવળ એટલી જ છે-કે અહીંયાં ચાર સૂર્યો હોવાનું કહેલ છે, (चत्तारि सूरिया सागरे लवणे) આ આગમ વચનથી તે વાત સિદ્ધ છે, એ ચાર સૂર્યો જંબૂદ્વીપમાં રહેલા બે સૂર્યોની સાથે સમશ્રેણીથી પ્રતિબદ્ધ થાય છે. જેમકે બે સૂર્યો જંબૂદ્વીપમાં રહેલા એક સૂર્યની શ્રેણીથી પ્રતિબદ્ધ થાય છે અર્થાત્ રોકાય છે. તથા બે સૂર્ય જંબૂદ્વીપમાં રહેલા બીજા સૂર્યની શ્રેણીથી પ્રતિપદ્ધ થાય છે, ત્યાં જ્યારે એક સૂર્ય જંબૂદ્વીપમાં દક્ષિણ પૂર્વમાં ઉદિત થાય છે ત્યારે તેની સમશ્રેણીથી પ્રતિબદ્ધ

થયેલ બે સૂર્યો લવણસમુદ્રમાં એજ દક્ષિણ પૂર્વદિશામાં ઉદિત થાય છે, ત્યારે જંબૂદ્વીપમાં રહેલા સૂર્યની સાથે તેની સમશ્રેણીથી રોકાયેલ બીજા બે સૂર્યો લવણસમુદ્રમાં ઉત્તરપશ્ચિમ દિશામાં ઉદયને પ્રાપ્ત કરે છે. તેની ઉદયવિધિ પણ બબ્બે સૂર્યની જંબૂદ્વીપના સૂર્યની સમાન ભાવિત કરીને સમજી લેવી, એ રીતે દિવસરાતનો વિભાગ પણ ક્ષેત્ર વિભાગની સાથે એજ પ્રમાણે જાણી લેવા. જોઇએ તેમ સમજવું

(ता जया णं धायइसंडे दीवे दाहिणद्धे दिवसे भवइ, तया णं उत्तरद्धे वि दिवसे भवइ, जया णं उत्तरद्धे दिवसे भवइ, तया णं धायइसंडे दीवे मंदराणं पव्वयाणं पुरत्थिमपच्चत्थिमेणं राई भवई) હવે ધાતકી ખંડ નામના દ્વીપમાં જંબૂદ્વીપના જેવી રાત્રિ દિવસની વ્યવસ્થા કહેવામાં આવે છે-તે સાંભળો જ્યારે ધાતકીખંડ દ્વીપના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તર વિભાગાર્ધમાં પણ દિવસ હોય છે, તથા જ્યારે ઉત્તર વિભાગાર્ધમાં દિવસ હોય છે ત્યારે ધાતકીખંડ દ્વીપમાં મંદર પર્વતની પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં રાત્રી હોય છે. આ કથન જંબૂદ્વીપની જેમ ઘટિત થાય છે, એજ સ્વયં સૂત્રકાર કહે છે-(एवं जंबुद्दीवे दीवे जहा तहेव जाव ओसप्पिणी) જે પ્રમાણે જંબૂદ્વીપમાં કથન કરેલ છે. એજ પ્રમાણે યાવત્ ઉત્સર્પિણી પર્યન્ત કહી લેવું. કહેવાનો ભાવ એ છે કે-પૂર્વોક્ત પ્રકારથી જે પ્રમાણે જંબૂદ્વીપમાં દિવસ રાત્રિની વ્યવસ્થા પ્રગટ કરેલ છે, એજ પ્રમાણે ઉત્સર્પિણીકાળના કથન પર્યન્તનું કથન સમજી લેવું. અહીંયાં કંઈ જ વિશેષતા નથી. (कालोएणं जहा लवणे समुद्दे तहेव) લવણ સમુદ્રમાં જે પ્રમાણે દિવસ રાતનો નિયમ કહ્યો છે, એજ પ્રમાણે કાલોદ નામના સમુદ્રમાં પણ દિવસ રાતની વ્યવસ્થા થાય છે, તેમ ભાવના સમજવી, અર્થાત્ જ્યારે કાલોદ સમુદ્રના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં દિવસ હોય છે, ત્યારે કાલોદ સમુદ્રમાં મંદર પર્વતની પૂર્વ અને પશ્ચિમદિશામાં રાત્રી હોય છે, (ता अब्भंतरपुक्खरद्धेणं सूरिया उदीणपाईण मुग्गच्छंति तहेव) અભ્યંતર પુષ્કરાર્ધ નામના દ્વીપમાં ભારતવર્ષનો અને એરવતક્ષેત્રવર્તિ એમ બન્ને સૂર્યો જે પ્રમાણે

ઉત્તર પૂર્વદિશા એટલે કે ઇશાનખૂણામાં ઉદિત થાય છે, એજ પ્રમાણે કાલોદધિ સમુદ્ર અને લવણુ વિગેરે સમુદ્રમાં ઉદયને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણેની ભાવના ભાવિત કરી લેવી.

(ता जया णं अब्भंतरपुक्खरद्धेणं दाहिणड्ढे दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि दिवसे भवइ, जया णं उत्तरड्ढे दिवसे भवइ तया णं अब्भंतरपुक्खरद्धे मंदराणं पव्वयाणं पुरत्थिम-पच्चत्थिमेणं राई भवइ) જ્યારે અભ્યંતર પુષ્કરાર્ધના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે અને ઉત્તરાર્ધમાં દિવસ હોય છે, ત્યારે અભ્યંતરપુષ્કરાર્ધમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમદિશામાં રાત્રી હોય છે. આ રીતે આનો અર્થ સ્પષ્ટ જ છે.

અહીંયાં વિશેષતા એ છે કે-અભ્યંતરપુષ્કરાર્ધમાં બોંતેર સૂર્યો કહ્યા છે તે પૈકી છત્રીસ સૂર્યો દક્ષિણ દિશામાં સંચરણ કરીને જંબૂદ્વીપના સૂર્યની સાથે સમશ્રેણીથી પ્રતિબદ્ધ થઇને ગતિ કરે છે. તથા છત્રીસ સૂર્યો ઉત્તર દિશામાં સંચરણ કરવાવાળા સૂર્યની સાથે સમશ્રેણીથી પ્રતિબદ્ધ થઇને સંચરણ કરે છે, ત્યાં ઉદયવિધિ અને દિવસ રાત્રિના વિભાગ, ક્ષેત્ર વિભાગના કથન પ્રમાણે પહેલાના કથન પ્રમાણે સમજી લેવું. તેનાથી ન્યૂનાધિક કંઇ જ નથી, કેવળ જંબૂદ્વીપના સ્થળે અભ્યંતરપુષ્કરાર્ધ એ રીતે યોજના કરી લેવી.

લવણસમુદ્રની ભાવના કરતી વખતે (लवणसमुद्दे) આ પ્રમાણે કહેવું. તથા ધાતકી ખંડના કથન સમયે (धातकीखंडे) એ પ્રમાણે કહેવું, પરંતુ ધાત્રીખંડમાં બાર સૂર્યો હોય છે, કારણ કે (धायइसंडे दीवे बारस चंदा य सूरिया) આ પ્રમાણે આગમનું પ્રમાણ છે એ બાર સૂર્યોમાં છ સૂર્ય દક્ષિણ દિશામાં સંચાર કરીને જંબૂદ્વીપમાં રહેલા અને લવણ સમુદ્રમાં રહેલા સૂર્યોની સાથે સમશ્રેણીથી પ્રતિબદ્ધ થઇને સંચાર કરે છે, ત્યાં પણ ક્ષેત્ર વિભાગથી રાત દિવસનો વિભાગ થાય છે, તે વિભાગનું કથન પહેલાં કહેવામાં આવી ગયેલ છે. અને બધે જ જંબૂદ્વીપમાં કહેલ ભાવના પ્રમાણે ભાવના કરીને સમજી લેવું. એ પ્રકાર યાવત્ ઉત્સર્પિણીના આલાપકના કથન પર્યન્ત કહી લેવો, કાલોદ સમદ્રમાં લવણ સમુદ્રના કથન પ્રમાણે કથન કરી લેવું. ત્યાં બેંતાલીસ સૂર્યો કહ્યા છે, તેમાં એકવીસ સૂર્યો દક્ષિણ દિશામાં સંચાર કરનારા સૂર્યની સાથે જંબૂદ્વીપમાં રહીને તથા લવણસમુદ્ર ધાતકી ખંડમાં રહેલ સૂર્યની સાથે સમશ્રેણીથી સંબદ્ધ થાય છે, તથા એકવીસ સૂર્યો ઉત્તર દિશામાં સંચાર કરીને જંબૂદ્વીપ, લવણસમુદ્ર તથા ધાતકી ખંડમાં રહેલા સૂર્યની સાથે સમશ્રેણીથી સંબંધ થઇને સંચાર કરે છે, ત્યાં ઉદયવિધિ અને દિવસરાત્રિનો વિભાગ ક્ષેત્રવિભાગથી જ થાય છે. એ પહેલાં કહેલ છે. જેથી વિશેષ કહેવાનું પ્રયોજન નથી.

(सेसं जहा जंबुद्दीवे दीवे तहेव जाव उस्सप्पिणी ओसप्पिणीओ) બાકીનું દ્વીપ સંબધી કે સમુદ્ર સંબંધી કંઈ પણ કથન કહ્યા વગરનું હોય તે તમામ કથન જંબૂદ્વીપમાં કહેલ કથન પ્રમાણે જ કથન કરીને સમજી લેવું. એ કથન ઉત્સર્પિણી અવસર્પિણીકાળ પર્યન્ત

કથન કરી લેવું. જ્યાં ધર્માદિનો ઉત્કર્ષ હોય તે ઉત્સર્પિણી નામનો કાળ છે અને જ્યાં ધર્માદિનો અપકર્ષ એટલે કે હ્રાસ હોય તે અવસર્પિણી નામનો કાળ છે, આટલા સુધી ભાવના ભાવિત કરીને સમજી લેવું. ॥ સૂ૦ ૨૯ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
॥ આઠમું પ્રાભૃત સમાપ્ત ॥

卐

## નવવાં પ્રાભૃત

નવમા પ્રાભૃતનો પ્રારંભ-

ટીકાર્થ :-સૂર્યના ઉદય અને સંસ્થાનના સંબંધમાં આઠમા પ્રાભૃતનું સારી રીતે કથન કરીને હવે (कइ कट्ठा पोरिसीछाया) પૌરુષી છાયા કેટલા પ્રકર્ષવાળી હોય છે આ વિષયના સંબંધમાં પ્રશ્ન સૂત્ર કહેવામાં આવે છે, (ता कइ कट्ठंते) ઈત્યાદિ (ता कइकट्ठे ते सूरिए पोरिसिछायं णिवत्तेत्ति आहितेति वएज्जा) હે ભગવાન્ સૂર્યના ઉદયસંસ્થાનના સંબંધમાં સારી રીતે વિવેચન સાંભળ્યું હવે પુરૂષ છાયાના પ્રકર્ષવાળી એટલે કે કેટલા પ્રમાણવાળી પુરૂષની છાયાનું સૂર્ય પરિભ્રમણ કરે છે? આ વિષયમાં આપનો મત કહી સંભળાવો. અર્થાત્ કેવા પ્રમાણવાળી પુરૂષની છાયાને સૂર્ય ઉત્પન્ન કરે છે? એ વિષયમાં

હે ભગવાન્ આપનો મત અમને કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન્ મહાવીરસ્વામી આ વિષયમાં અન્ય મતવાદીયોની માન્યતા રૂપ પ્રતિપત્તિયો સંક્ષેપની કહે છે (तत्थ खलु इमाओ तिन्नि पडिवत्तीओ पण्णत्ताओ) પૌરૂષી છાયાના પ્રમાણના સંબંધમાં આ કથ્યમાન સ્વરૂપવાળી તાપક્ષેત્રના વિષયમાં કહેલી ત્રણ પ્રકારની અન્ય મતાન્તર રૂપ પ્રતિપત્તિયો કહેવામાં આવેલ છે, તે આ પ્રમાણે છે-

(तत्थ खलु एगे एवमाहंसु-ता जे णं पोग्गला सूरियस्स लेस्सं फुसंति ते णं पोग्गला संतप्पंति, ते णं पोग्गला संतप्पमाणा तदनंतराइं बायराइं पोग्गलाइं संतावेंतीति एस णं समित्ते तावक्खेत्ते) એ ત્રણ મતાન્તરવાદીયોમાં પહેલો તીર્થાન્તરીય આ હવે પછી કહેવામાં આવનાર સ્વરૂપવાળા પોતાના મતનું કથન કરતાં કહે છે કે-જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે, એજ પુદ્ગલો સૂર્યની લેશ્યાના સંસ્પર્શથી સંતાપિત થાય છે. તે પુદ્ગલો સંતાપિત થઇને એટલે કે ઉષ્ણ થઇને તેના પછીના એટલે કે સંતપ્યમાન પુદ્ગલોના અવ્યવધાનથી રહેલા જે પુદ્ગલો છે, એ તદનંતર પુદ્ગલો કહેવાય છે. એવા બહાર રહેલા પુદ્ગલોને સંતાપિત કરે છે અર્થાત્ સારી રીતે ઉષ્ણ કરે છે. પ્રાકૃત હોવાથી મૂલ-પાઠમાં નપુંસકપણાથી કહેલ છે, સૂર્યમાં જે ઇતિ શબ્દ કહેલ છે, તે પ્રસ્તુત કથનની સમાપ્તિ બતાવવા માટે સૂચિત કરેલ છે, તે પ્રમાણે ભાવના સમજવી. આ પ્રમાણે (से) એ સૂર્યનું તાપક્ષેત્ર અર્થાત્ પ્રકાશસ્થાન હોય છે. (एगे एवमाहंसु) પહેલો તીર્થાન્તરીય આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે. (૧)

હવે બીજા મતવાદીના મતન સંબંધમાં કહેવામાં આવે છે-(एगे पुण एवमाहंसु-ता जे णं पोग्गला सूरियस्स लेस्सं फुसंति ते णं पोग्गला नो संतप्पंति, ते णं पोग्गला असंतप्पमाणा तद्णंतराइं बाहिराइं पोग्गलाइं णो संतावेंतीति एस णं से समिते तावक्खेत्ते, एगे एवमाहंसु)૨ કોઇ એક બીજો મતાન્તરવાદી આ નીચે દર્શાવેલ કથન પ્રમાણે પોતાનું કથન કરતાં કહે છે કે-જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે, તે પુદ્ગલો સંતાપિત થતા નથી. તો પીઠ ફલકાદિમાં ઉષ્ણપણું શી રીતે દેખાય છે? આ શંકાના સમાધાન માટે કહે છે કે-સૂર્યની લેશ્યાના સંસ્પર્શથી જે પીઠ ફલકાદિમાં સંતપ્તપણુ દેખાય છે, તે તેમાં આશ્રય ભૂત સૂર્યની લેશ્યાના પુદ્ગલો સ્વરૂપ ભેદથી જણાય છે. પીઠફલકાદિમાં રહેલા પુદ્ગલોનું સંતપ્તપણું નથી, આ રીતે પ્રત્યક્ષથી ઉપલબ્ધિ થવાથી એ કથનમાં વિરોધ જણાતો નથી. એ ન તપેલા પુદ્ગલો તેનાથી બહારના પુદ્ગલોને સંતાપિત કરતા નથી અર્થાત્ ઉષ્ણ નથી કરતા, કારણ કે-પોતેજ તપ્ત થયેલ હોતા નથી. આ કથનની સમાપ્તિ સૂચક ઇતિ શબ્દ કહેલ છે, આ પ્રમાણે (से) એ સૂર્યનું તાપક્ષેત્ર હોય છે, આ કથનનો ઉપસંહાર કરતાં

કહે છે કે-કોઈ એક બીજો મતાન્તરવાદી આ પ્રમાણે પોતાના મત વિષે કથન કહે છે. (૨)

(एगे पुण एवमाहंसु-ता जे णं पोग्गला सूरियस्स लेस्सं फुसंति, तेणं पोग्गला अत्थेगइया णो संतप्पंति अत्थेगइया संतप्पंति तत्थ अत्थेगइया संतप्पमाणा तदणंतराइं बाहिराइं पोग्गलाइं अत्थे गइयाइं संतावेंति अत्थेगइयाइं णो संतावेंति, एस णं समिते तावक्खेत्ते एगे एवमाहंसु) ૩ કોઈ એક ત્રીજો મતાન્તરવાદી નીચે જણાવેલ પ્રકારથી પોતાના મતનું કથન કરે છે, તે કહે છે કે-જે પુદ્ગલો સૂર્યની લેશ્યાનો સ્પર્શ કરે છે એવા કેટલાક પુદ્ગલો હોય છે, કે જે સૂર્યની લેશ્યાના સંસ્પર્શથી સંતાપિત થાય છે, તથા કેટલાક પુદ્ગલો એવા હોય છે કે જે સંતપ્ત થતા નથી, તેમાં જે સંતપ્યમાન પુદ્ગલો હોય છે તે તેઓની પછીના એટલે કે બહારના કેટલાક પુદ્ગલોને સંતાપિત કરતા નથી, અહીંયાં પણ ઇતિ શબ્દ સમાપ્તિ સૂચક છે. આ પ્રમાણે (से) એ સૂર્યથી ઉત્પન્ન થયેલ તાપક્ષેત્ર એટલે કે પ્રકાશક્ષેત્ર હોય છે, કોઈ એક ત્રીજો મતાવલંબી આ પ્રમાણે પોતાનો મત દર્શાવે છે. (૩)

આ ત્રણે મતવાદીના મતાન્તરને જણાવીને આ બધા જ મતાન્તરો મિથ્યારૂપ જ છે. તેથી તેનો ત્યાગ કરીને તેનાથી જુદા પ્રકારના પોતાના મતનું કથન કરતાં (वयं पुण) ઇત્યાદિ વાક્યથી ભગવાન કહે છે,-(वयं पुण एवं वयामो इमाओ चंदिमसूरियाणं देवाणं विमाणेहिंतो लेस्साओ बहित्ता 'उच्छूढा' अभिणिसिट्ठाओ पतावेंति) કેવળજ્ઞાનને ધારણ કરવાવાળા અને હાથમાં રહેલ આમળાની જેમ બધા ભુવનોના અવલોકનમાં સમર્થ હું આ વિષયમાં આ વક્ષ્યમાણ પ્રકારથી સદસદ્ વિવેકથી પૂર્ણ યથાર્થવસ્તુતત્વને કહું છું કે જે આ પ્રત્યક્ષ દેખાનારા ચંદ્ર દેવોના વિમાનોની લેશ્યા 'उच्छूढा' અર્થાત્ નીકળે છે એટલે કે સર્વત્ર હોય છે, એજ લેશ્યા બહારના આકાશમાં રહેલ યથોચિત પ્રકાશક્ષેત્રને તથાવસ્તુ સમૂહને પ્રકાશિત કરે છે. વિમાનોમાંથી નીકળેલ આ લેશ્યાઓના અપાન્તરાલમાં છિન્ન લેશ્યાઓ હોય છે. તેથી એ મૂળથી છિન્ન લેશ્યા સંમૂર્છિત થઇને એટલે કે પ્રકાશિત થઇને બાહ્ય પુદ્ગલોને સંતાપિત કરે છે. એજ વાત સૂત્રપાઠમાં કહેલ છે જે આ પ્રમાણે છે.-(एयासि णं लेसाणं अणंतरेसु अण्णतरीओ छिन्नलेस्साओ समुच्छंति, तए णं ताओ छिण्णलेस्साओ संमुच्छियाओ समाणीओ तदणंतराइं बाहिराइं पोग्गलाइं संतावेंतीति) એ લેશ્યા એની પાછળની બીજી છિન્નલેશ્યાઓ હોય છે, તેથી એ છિન્નલેશ્યા સંમૂર્છિત એટલે કે પ્રકાશિત થઇને સમિત અર્થાત્ ઉત્પન્ન થઇને તેની પછીના બાહ્ય પુદ્ગલોને સંતાપિત કરે છે. ઇતિ શબ્દ પૂર્વવત્ વાક્ય સમાપ્તિ સૂચક સમજવો. (एस णं से समिते तावक्खेत्ते) આ પ્રમાણેનું (से) એ સૂર્યનું સમિત અર્થાત્ ઉત્પન્ન થયેલ તાપક્ષેત્રનો સમ્ભવ ઉત્પત્તિ સમજવો. આ પ્રમાણે આ મારો સિદ્ધાન્ત છે એજ સિદ્ધાંત અનુકૂળ રૂપ કહેલ છે. ાસૂ૦ ૩૦ા

ટીકાર્થ :-(कइ कट्टुं ते पोरिसोछाया) પૌરુષી છાયા કેટલા પ્રકર્ષવાળી કહેલ છે? આ વિષયના સંબંધમાં નવમા પ્રાભૃતના ત્રીસમા સૂત્રમાં તાપક્ષેત્રનું સ્વરૂપ કહીને હવે કેટલા પ્રમાણવાળી પૌરુષી છાયાને સૂર્ય નિવર્તિત કરે છે? અર્થાત્ ઉત્પન્ન કરે છે? એ વિષય સંબંધી પ્રશ્નસૂત્ર કહે છે (ता कइ कट्टुंते सूरिए पोरिसी छायं निव्वत्तेइ आहियत्ति वएज्जा) પૌરુષી છાયા સંબંધી મારો પ્રશ્ન છે તે આપ સાંભળો કેટલા પ્રમાણના પ્રકર્ષવાળી પૌરૂષી છાયા અર્થાત્ પુરૂષની છાયાને સૂર્ય નિવર્તિત કરે છે? એટલે કે ઉત્પન્ન કરે છે? હે ભગવાન્ તે વિષે આપ કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્ન કરવાથી ભગવાન્ મહાવીરસ્વામી પહેલાં લેશ્યાના સ્વરૂપ સંબંધી જેટલી પરતીર્થિકોની માન્યતા રૂપ પ્રતિપત્તિયો છે, તેનું કથન કરતાં કહે છે-(तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तीओ) પૌરૂષી છાયાના સંબંધમાં લેશ્યાના પ્રકરણમાં કહ્યા પ્રમાણે વક્ષ્યમાણ પ્રકારની પચીસ પ્રતિપત્તિયો એટલે કે મતાન્તરો કહેલ છે, તે આ પ્રમાણે છે. (तत्थेगे एवमाहंसु-ता अणुसमयमेव सूरिए पोरिसिच्छायं णिवत्तेइ आहितेति वएज्जा) એ પચીસ પરમતવાદીયોમાં કોઈ એક પ્રથમ મતાન્તરવાદી વક્ષ્યમાણ પ્રકારથી પોતાનો મત પ્રગટ કરે છે, (પૌરૂષી છાયા લેશ્યાના વશવર્તિ હોય છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર હોવાથી પૌરૂષી છાયા કહેવાથી લેશ્યા સમજવી) અનુસમય એટલે કે પ્રત્યેક ક્ષણમાં સૂર્ય પૌરૂષી છાયા કે પુરૂષની છાયાને ઉત્પન્ન કરે છે, એ રીતે પોતાના શિષ્યોને કહેવું. અહીંયાં આ પ્રમાણે કહેવામાં આવે છે કે-સ્વ કક્ષામાં ભ્રમણ કરતો સૂર્ય પ્રત્યેક ક્ષણમાં બીજી બીજી લેશ્યાને ઉત્પન્ન કરે છે. અર્થાત્ પરાવર્તિત કરે છે, એ રીતે પોતાના શિષ્યોને કહેવું. આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે-કોઈ એક પરમતવાદી આ પ્રમાણે પોતાનો મત પ્રગટ કરે છે. (૧)

(एगे पुण एवमाहंसु-ता अणुमुहुत्तमेव सूरिए पोरिसी छायं निवत्तेइ आहितेत्ति वएज्जा) બીજો કોઈ એક તીર્થાન્તરીય આ હવે પછી કહેવામાં આવનાર પ્રકારથી પોતાના મતનું કથન કરે છે કે-પ્રત્યેક મુહૂર્તમાં સૂર્ય પુરૂષ સંબંધી છાયાને નિવર્તિત કરે છે, એ રીતે પોતાના શિષ્યોને કહેવું, આ પ્રમાણે બીજો મતવાદી કહે છે. (૧)

(एएणं अभिलावेणं णेयव्वं) આ હવે પછી કહેવામાં આવનાર અભિલાપ વિશેષથી

એટલે કે સૂર્યના સૂત્રપાઠ ૩૫ ગમકથી બધે જ યથાવત્ પાઠનો ક્રમ બનાવીને સમજી લેવું, અર્થાત્ પ્રકાશની સંસ્થિતિના વિષયમાં પહેલાં જે પચીસ પ્રતિપત્તિયો કહેવામાં આવી ગઈ છે, તે તમામ પ્રતિપત્તિયો એજ પ્રમાણેના ક્રમથી અહીંયાં પણ કહી લેવી. તેના ક્રમનો આલાપક પ્રકાર એજ પ્રમાણેનો છે. પચીસમી પ્રતિપત્તિનું પ્રતિપાદન કરવાવાળો સૂત્રપાઠ આ પ્રમાણે છે-(एगे पुण एवमाहंसु-ता अणु ओसप्पिणी उस्सप्पिणो मेव सूरिए) ઈત્યાદિ મધ્યનો આલાપક આ પ્રમાણે કહેવો (एगे एवमाहंसु-एगे पुण एवमाहंसु ઈત્યાદિ પ્રકારથી બધા જ આલાપકોમાં કહી લેવું, મૂલસૂત્રમાં આ પ્રમાણે પાઠ કહેલ છે.- ता जाओ चेव ओयसंठिइए पणवीसं पडिवत्तिओ ताओ चेव णेयव्वाओ जाव अणु उस्सप्पिणी मेव सूरिए पोरिसीए छायं णिवत्तेइ, आहियात्ति वएज्जा एगे एवमाहंसु ઓજસંસ્થિતિના વિષયમાં એટલે કે પ્રકાશની સંસ્થિતિના સંબંધમાં પચ્ચીસ પ્રતિપત્તિયો કહેલ છે એ બધી જ અહીંયાં પણ કહી લેવી એ પ્રતિપત્તિયો યાવત્ અનુત્સર્પિણી પર્યન્ત સૂર્ય પૌરૂષી છાયાને નિવર્તિત કરે છે એમ સ્વશિષ્યોને કહેવું. કોઇ એક આ પ્રમાણે પોતાનો મત જણાવે છે, **પહેલાં છટ્ટા પ્રાભૃતમાં સત્યાવીસમાં ૨૭ મા સૂત્રમાં આ તમામ પ્રતિપત્તિયોનું કથન કરેલ છે. તેથી ત્યાંથી તે સમજી લેવું, લેશ્યા સંબંધી પરતીર્થિકોની પ્રતિપત્તિયો આ પ્રમાણે છે-**

**ક્રમાનુસાર આલાપક પ્રકાર**

(૧) અનુસમય સૂર્ય પૌરૂષિ છાયાને નિવર્તિત કરે છે,
(૨) અનુમુહૂર્ત સૂર્ય પૌરૂષિ છાયાને નિવર્તિત કરે છે,
(૩) અનુરાત્રિ દિવસ સૂર્ય- ” ”
(૪) અનુ પક્ષ સૂર્ય- ” ”
(૫) અનુ માસ સૂર્ય- ” ”
(૬) અનુ ઋતુ સૂર્ય- ” ”
(૭) પ્રતિ અયન સૂર્ય- ” ”

(૮) પ્રતિ સંવત્સર સૂર્ય- ,, ,,

(૯) પ્રતિ યુગ સૂર્ય- ,, ,,

(૧૦) પ્રતિ વર્ષ શતમાં સૂર્ય- ,, ,,

(૧૧) પ્રતિ હજાર વર્ષમાં સૂર્ય- ,, ,,

(૧૨) પ્રતિ લાખ વર્ષમાં સૂર્ય- ,, ,,

(૧૩) પ્રતિ પૂર્વમાં સૂર્ય- ,, ,,

(૧૪) પ્રતિ સો પૂર્વમાં સૂર્ય- ,, ,,

(૧૫) પ્રતિ હજાર પૂર્વમાં સૂર્ય- ,, ,,

(૧૬) પ્રતિ એક લાખ પૂર્વમાં સૂર્ય- ,, ,,

(૧૭) પ્રતિ પલ્યોપમમાં સૂર્ય- ,, ,,

(૧૮) પ્રતિ સો પલ્યોપમમાં સૂર્ય- ,, ,,

(૧૯) પ્રતિ હજાર પલ્યોપમમાં સૂર્ય- ,, ,,

(૨૦) પ્રતિ એક લાખ પલ્યોપમમાં સૂર્ય- ,, ,,

(૨૧) પ્રતિ સાગરોપમમાં સૂર્ય- ,, ,,

(૨૨) પ્રતિ સો સાગરોપમમાં સૂર્ય- ,, ,,

(૨૩) પ્રતિ હજાર સાગરોપમમાં સૂર્ય- ,, ,,

(૨૪) પ્રતિ એક લાખ સાગરોપમમાં સૂર્ય-,, ,,

(૨૫) પ્રતિ ઉત્સર્પિણી અવસર્પિણમાં સૂર્ય-,, ,,

આ પ્રમાણે પચ્ચીસ પ્રતિવાદિયોના મતથી છાયાનો નિવર્તનકાળ કહેલ છે, હવે ભગવાન્ આ વિષયમાં પોતાના મતને પ્રગટ કરતાં કહે છે,-(वयं पुण एवं वयामो-ता **सूरियस णं उच्चत्तं च लेस्सं च पडुच्च छउद्देसे उच्चत्तं च छायं च पडुच्च लेस्सुद्देसे लेस्सं च**

छायं च पडुच्च उच्चत्तोद्देसे) કેવળજ્ઞાનથી વસ્તુના યથાર્થ તત્વને જાણવામાં કુશળ એવો હૂં આ વિષયમાં આ પ્રમાણે કહું છું.-સૂર્યથી ઉત્પન્ન થતી લેશ્યાના ઉચ્ચત્વના સંબંધમાં યથાર્થ રીતે જાણીને છાયોદ્દેશ કહું છું. અહીંયાં આ પ્રમાણે સમજવું જોઈએ. જે પ્રમાણે સૂર્ય ઉદયકાળથી આરંભીને ક્રમશઃ ઉચ્ચ અને ઉચ્ચતરમાં અતિક્રમણ કરે છે. આ પ્રમાણે પ્રત્યક્ષથી અને લૌકિક વ્યવહારથી કહેવામાં આવે છે, લૌકિક ઉદયકાળમાં ઉદય પામતા સૂર્યને અત્યંત નીચે તેમ નીચતર સ્થાનમાં અત્યંત રહેલ દેખે છે. તે પછી ક્રમે કરીને નજીક અને અત્યંત નજીક આવીને ઉંચે તેમજ અત્યંત ઉંચે દેખાય છે, તે પછી મધ્યાહ્ન સમય પછી ક્રમ ક્રમથી દૂર થઈને તથા નીચે નીચે જતો દેખાય છે. આ રીતે એટલે સુધી ગમન કરે છે કે-જ્યાં સુધી લેશ્યાનું સંચરણ હોય છે. તે આવી રીતે સમજી શકાય છે.-સૂર્ય અત્યંત નીચા પ્રદેશમાં આવે ત્યારે સર્વ પ્રકાશ્યમાન વસ્તુની ઉપર તરતા હોય તેમ વસ્તુ દૂરથી જણાઈ આવે છે, તે પછી પ્રકાશ્ય વસ્તુની મોટી અને મહત્તર છાયા ઉત્પન્ન થાય છે. સૂર્ય ઉંચે એકદમ ઉંચા સ્થાનમાં આવે ત્યારે લેશ્યા નજીક નજીક થાય છે, તેથી પ્રકાશ્યવસ્તુની હીન અને હીનતર છાયા થાય છે, આ રીતે વર્તમાન સૂર્યનું ઉચ્ચત્વ અને લેશ્યાને જાણીને છાયા અન્ય પ્રકારની થતી જણાય છે, અહીંયાં પ્રતિક્ષણે વિલક્ષણ પ્રકારના વેગથી તે તે પુદ્ગલોના વધવાથી અથવા તે તે પુદ્ગલોની હાની થવાથી છાયાનું જે અન્યત્વ અર્થાત્ ભિન્ન પ્રકાર દેખાય છે, તે કેવળ જ્ઞાની જ જાણી શકે તેમ છે. છદ્મસ્થ તો નિમિત્ત માત્ર છે. તેથી (छायोद्देश) એ પ્રમાણે કહેલ છે. (उच्चत्तं च छायं च पडुच्च छायोद्देसे) ઇતિ તે તે પ્રકારથી સૂર્યનું ઉચ્ચત્વ તથા હીન હીનતર અથવા અધિક અધિકતર તે તે પ્રકારે થતી જોઈને તથા લેશ્યાને પ્રકાશ્ય વસ્તુની પ્રત્યાસન્ન અર્થાત્ નજીક અથવા સમીપતર તથા દૂર અથવા દૂરતર પરિપતિત-

થઈને દેખાય છે આ પ્રમાણે છાયોદ્દેશ સમજવો. તથા (लेस्सं च छायं च पडुच्च उच्चत्तोद्देसे) પ્રકાશ્ય વસ્તુની દૂર અને દૂરતર તથા સમીતર જણાતી તથા હીનતર અને અધિક અધિકતર છાયા પડતી દેખાય છે, તે તે પ્રકારે થતી છાયાને જોઈને સૂર્યના તે તે પ્રકારના ઉચ્ચત્વનો ફેલાવો સમજી લેવો, આ પ્રમાણે છાયોદ્દેશ સમજવો, અહીંયાં આવી રીતે સમજવું જોઈએ આ ત્રણે અવસ્થાઓ પ્રતિક્ષણે ભિન્ન ભિન્ન પ્રકારથી પરિવર્તિત થાય છે. તેથી એક અગર બન્નેનું તે તે પ્રકારથી પ્રવર્તમાન ઉદ્દેશની પ્રાપ્તિથી આ ઉદ્દેશનો બોધ થાય છે.

આ પ્રમાણે લેશ્યાનું સ્વરૂપ બતાવીને હવે પૌરૂષી છાયાના પ્રમાણના સંબંધમાં પરતીર્થિકોની પ્રતિપત્તિયોનો સંભવ બતાવે છે.-(तत्थ खलु इमाओ दुवे पडिवत्तिओ पण्णत्ताओ) એ પૌરૂષી છાયાના પરિમાણના સંબંધમાં એટલે કે છાયાના પ્રમાણના જ્ઞાન થવાના સંબંધમાં આ વક્ષ્યમાણ સ્વરૂપવાળી મતાન્તર રૂપ બે પ્રતિપત્તિયોનું પ્રતિપાદન

કરેલ છે, તે આ પ્રમાણે છે–(तत्थेगे एवमाहंसु–ता अत्थि णंसे दिवसे जंसि णं दिवसंसि सूरिए चउपोरिसिच्छायं णिवत्तेइ) એ બે પરતીર્થિકોમાં પહેલો પરતીર્થિક હવે પછી કહેવામા આવનાર પોતાના મતને જણાવતાં કહેવા લાગ્યો કે–એવો દિવસ હોય છે, કે જે દિવસમાં સૂર્ય ઉદ્‌ગમન મુહૂર્તમાં એટલે કે ઉદયકાળમાં અને અસ્તમન મુહૂર્તમાં ચાર પુરૂષપ્રમાણ વાળી છાયાને અહીંયાં પુરૂષ પદ ઉપલક્ષણમાત્ર છે અર્થાત્ બધી જ પ્રકાશ્ય વસ્તુની ચાર ગણી છાયાને ઉત્પન્ન કરે છે, (अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दो पोरिसि छायं णिवत्तेइ एगे एवमाहंसु) એવો પણ દિવસ હોય છે કે જે દિવસે સૂર્યના ઉદયના સમયમાં અને અસ્ત થવાના સમયમાં બે પુરૂષ પ્રમાણવાળી છાયા હોય છે. અર્થાત્ બધી જ પ્રકાશ્ય વસ્તુની બમણી છાયાને સૂર્ય ઉત્પન્ન કરે છે' કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે–કોઈ એક આ પ્રમાણે પોતાનો મત કહે છે.

(एगे पुण एवमाहंसु–ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दुपोरिसिच्छायं णिवत्तेइ, अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए णो किंचि पोरिसिच्छायं णिवत्तेइ) એવો દિવસ હોય છે કે જે દિવસે સંચાર કરતો સૂર્ય ઉદયના સમયમાં અને અસ્તમન સમયમાં બે પુરૂષ પ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે, તથા એવો પણ દિવસ હોય છે કે–જે દિવસે ભ્રમણ કરતો સૂર્ય ઉદયના સમયમાં અને અસ્ત થવાના સમયમાં કોઈ પણ પ્રમાણની પૌરૂષી છાયાને ઉત્પન્ન કરતો નથી.

હવે આ મત વિષેની ભાવના બતાવવામાં આવે છે.–(तत्थ जे ते एवमाहंसु–ता अत्थि णं से दिवसे जंसि दिवसंसि सूरिए चउ पोरिसीयं छायं निवत्तेइ, अत्थि णं से दिवसे जंसि दिवसंसि सूरिए दो पोरिसीयं छायं णिवत्तेइ, ते एवमाहंसु) એ બે તીર્થાન્તરીયોમાં જે તીર્થાન્તરીય આ પ્રમાણે કહે છે કે-એવો દિવસ હોય છે કે જે દિવસમાં સૂર્ય ચાર પુરૂષપ્રમાણની છાયા ઉત્પન્ન કરે છે. તથા એવો પણ દિવસ હોય છે કે જે દિવસે સૂર્ય બે પુરૂષપ્રમાણની છાયાને ઉત્પન્ન કરે છે, એ વાદી આ પ્રમાણે પોતાના મતનું સમર્થન કરતાં કહે છે કે-(ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ)

અર્થાત્ સાયન કર્ક સંક્રાન્તિ કાળમાં સૂર્ય સર્વાભ્યંતરમંડળ અર્થાત્ મિથુનાન્ત અહો રાત્રવૃત્તમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, અર્થાત્ એ મંડળમાં ભ્રમણ કરે છે, એ દિવસમાં સૂર્ય ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત હોય છે, એટલે કે પરમ પ્રકર્ષવાળો હોય છે, તેથી પરમોત્કૃષ્ટ એટલે કે પરમ અધિક અઢાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે, તથા જઘન્યા એટલે કે પરમ લઘુ બાર મુહૂર્તપ્રમાણવાળી રાત્રી હોય છે,

(तंसि च णं दिवसंसि सूरिए चउपोरिसीयं छायं णिवत्तेइ, ता उग्गमणमुहुत्तंसि य अत्थमण-मुहुत्तंसि य लेस्सं अभिवड्ढेमाणे णोचेव णं णिवड्ढेमाणे) તે દિવસમાં અર્થાત્ સાયન કર્ક સંક્રાન્તિના દિવસમાં ભ્રમણ કરતો સૂર્ય ચાર પુરુષ પ્રમાણુવાળી બધી પ્રકાશ્ય વસ્તુની ચાર ગણી છાયા ઉત્પન્ન કરે છે, તથા ઉદયકાળ અને અસ્તકાળમાં ચાર પુરૂષપ્રમાણુવાળી છાયા ઉત્પન્ન કરે છે. તથા લેશ્યાને વધારીને પ્રકાશ્ય વસ્તુની ઉપર ઉપર રહીને દૂર ઘણે દૂર જઈને તેને નિર્વેષ્ટિત કર્યા વિના એટલે કે પ્રકાશ્ય વસ્તુની ઉપર રહીને નજીકની વસ્તુને છોડયા વિના કારણ કે તેમ થાય તો છાયાહીન અથવા હીનતર થઈ જવાનો સંભવ રહે છે, (ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारंचरइ तया णं उत्तम-कट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ) જે સમયે પોતાના માર્ગમાં ભ્રમણ કરતો સૂર્ય સર્વબાહ્યમંડળમાં એટલે કે સાયન મકરાન્ત વૃત્તમાં ઉપસંક્રમણ કરીને અર્થાત્ એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે અર્થાત્ એ મંડળમાં ભ્રમણ કરે છે, અર્થાત પરમ દક્ષિણદિશામાં હોય છે. તે સમયે (ડિસેમ્બરની તેવીસ તારીખની નજીકમાં) ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત પરમ દક્ષિણાયનગત સર્વાધિકા અઢાર મુહૂર્ત-પ્રમાણની રાત્રી હોય છે. તથા સર્વ લઘુ બાર મુહૂર્તપ્રમાણનો દિવસ હોય છે (तंसि चणं दिवसंसि सूरिए दुपोरिसीयं छायं णिवत्तेइ, उग्गमणमुहुत्तंसि अत्थमणमुहुत्तंसि य, लेस्सं अभिवड्ढेमाणे णोचेव णं णिवुड्ढेमाणे) એ પરમ દક્ષિણાયનકાળમાં સૂર્ય બે પુરૂષપ્રમાણ-વાળી એટલે કે બધી જ પ્રકાશ્ય વસ્તુની બમણી છાયા ને ઉત્પન્ન કરે છે. તથા તે દિવસે ઉદયકાળમાં અને અસ્તમન કાળમાં લેશ્યાની વૃદ્ધિ કરીને બે પૌરૂષી છાયાને ઉત્પન્ન કરે છે, લેશ્યાને હીન કરીને નહીં એટલે કે પ્રકાશ્ય વસ્તુની ઉપર રહીને નજીક રહીને તેને નિર્વેષ્ટિત અર્થાત્ વીંટળાઈને નહીં, કારણ કે નિર્વેષ્ટિત થવાથી છાયા હીન અગર હીનતર થવાનો સંભવ રહે છે, (तत्थ णं जे ते एवमाहंसु ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए णो किंचि पोरिसीयं छायं णिवत्तेइ, ते एवमाहंसु) આ બે મતાન્તરવાદીયોમાં જે મતાન્તરવાદી આ પ્રમાણે કહે છે કે એવો દિવસ હોય છે, કે જે દિવસે સંચાર કરતો સૂર્ય પુરૂષદ્વય પ્રમાણની એટલે કે બધી જ પ્રકાશ્ય વસ્તુની તેના પ્રમાણથી બમણી છાયા ઉત્પન્ન કરે છે, તથા એવો પણ દિવસ હોય છે કે-જે દિવસે કોઈ પણ પ્રકારની પૌરૂષી છાયાને ઉત્પન્ન કરતો નથી. આ રીતના કથનના સમર્થનમાં વક્ષ્યમાણ પ્રકારથી કથન કરે છે,—(ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते

उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ) જે દિવસે સૂર્ય સર્વાભ્યંતરમંડળમાં અર્થાત્ મિથુનાન્ત અહોરાત્ર વૃત્તમાં ઉપસંક્રમણ કરીને એટલે કે એ મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે, અર્થાત્ એ મંડળમાં ભ્રમણ કરે છે, એ દિવસે અર્થાત્ પરમ ઉત્તરાયણ દિવસમાં સૂર્ય પરમ પ્રકર્ષને પ્રાપ્ત કરીને ઉત્તરદક્ષિણમાં હોય છે તેથી એ સમયે પરમઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે. તથા તે દિવસમાં જઘન્યા એટલે કે સૌથી નાની બાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે. (तंसि च णं दिवसंसि सूरिए दो पोरिसीयं छायं णिवत्तेइ तं जहा–उग्गमणमुहुत्तंसि य अत्थमणमुहुत्तंसि य लेस्सं अभिवड्ढेमाणे णो चेव णं णिवुड्ढेमाणे) એ દિવસે અર્થાત્ પરમ મોટા દિનમાનવાળા દિવસમાં સૂર્ય બે પુરૂષપ્રમાણવાળી એટલે કે બધી જ પ્રકાશ્ય વસ્તુની બમણી છાયા ઉત્પન્ન કરે છે. જેમ કે ઉદયકાળમાં અને અસ્તમનકાળમાં બમણી છાયા કરે છે. એટલે કે લેશ્યાને વધારીને અર્થાત્ પોતાની તેજોલેશ્યાને વધારીને નહિ કે થોડી ઓછી કરીને સૂર્ય પોતાની ગતિ કરે છે, (ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ) જે સમયે સૂર્ય સર્વબાહ્યમંડળ અર્થાત ધનસંક્રાંતિના અહોરાત્રમાં જઈને ગતિ કરે છે, એ દિવસે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ પરમ દક્ષિણાયનમાં વર્તમાન ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત અર્થાત્ સર્વાધિકા અઢાર મુહૂર્તપ્રમાણની રાત્રી હોય છે, તથા સર્વ જઘન્ય અર્થાત્ સૌથી નાનો બાર મુહૂર્ત પ્રમાણવાળો દિવસ હોય છે. (तंसि च णं दिवसंसि सूरिए णो किंचि पोरिसीए छायं णिवत्तेइ, उग्गमणमुहुत्तंसि य अत्थमणमुहुत्तंसि य णो चेव लेस्सं अभिवुड्ढेमाणे वा णिवुड्ढेमाणे वा) એ સર્વબાહ્યમંડળના સંચરણ દિવસમાં અર્થાત્ સર્વાધિક રાત્રિ પ્રમાણવાળા કાળમાં ભ્રમણ કરતો સૂર્ય કોઈ પણ પ્રકારની પૌરૂષી છાયાને ઉત્પન કરતો નથી. તથા એ દિવસમાં ઉદયના સમયમાં તથા સૂર્યાસ્તકાળમાં લેશ્યાને અર્થાત્ એ કાળની તેજોલેશ્યાને વધારતો નથી, અથવા લેશ્યાને ન્યૂનપણ કરતો નથી. કારણ કે વધારો થવાથી અધિકાધિકતર તથા નિર્વેષ્ટિત થવાથી હીન હીનતર છાયા થવાનો સંભવ રહે છે.

આ પ્રમાણે પરમતવાદીયોની માન્યતાવાળી બે પ્રતિપત્તિયોને સાંભળીને શ્રી ગૌતમસ્વામી પોતાની શંકાના સમાધાન માટે પ્રભુશ્રીને પૂછે છે–(ता कइ कट्ठंते सूरिए पोरिसिछायं णिवत्तेइ, आहियति वएज्जा) હે ભગવાન્ જો પરતીર્થીકોની આવી રીતની માન્યતા છે (ता) તો આપના મતથી સૂર્ય કેટલા પ્રમાણવાળી પૌરૂષી છાયાને નિવર્તિત કરે છે,

તે યથાર્થ સ્થિતિ આપ કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રી મહાવીર પ્રભુ પોતાના મતથી દેશના વિભાગ પૂર્વક તે તે પ્રકારની પૌરૂષી છાયાને અનિયત પ્રમાણવાળી કહે છે. પરતીર્થિક પ્રતિદિવસ દેશ વિભાગપૂર્વક પ્રતિનિયતપણાથી કેવળ દિવસના વિભાગમાં પ્રતિપાદિત કરે જેથી પહેલાં એ પરતીર્થિકોના જ મતનું કથન કરે છે (तत्थ) ઈત્યાદિ.

(तत्थ इमाओ छण्णउइ पडिवत्तिओ पण्णत्ताओ) એ પ્રકારના દેશ વિભાગથી પ્રતિદિવસે પ્રતિનિયત પ્રમાણવાળી પૌરૂષી છાયાના સંબંધમાં આ વક્ષ્યમાણ સ્વરૂપવાળી છન્નુ સંખ્યાવાળી મતાન્તર રૂપ પ્રતિપત્તિયો પ્રતિપાદિત કરેલ છે, જે આ પ્રમાણે છે- (तत्थ एगे एवमाहंसु) એ છન્નુ પરમતવાદીયોમાં કોઇ એક આ વક્ષ્યમાણ પ્રકારની પોતાના મતનું પ્રતિપાદન કરે છે, (ता अत्थि णं से देसे जंसि णं दिवसंसि सूरिए एगपोरिसीयं छायं णिवत्तेइ एगे एवमाहंसु) એવો પ્રદેશ છે કે અર્થાત્ પૃથ્વીનો કોઇ ભાગ એવો છે કે જે ભૂભાગમાં પોતાની કક્ષાથી પરિભ્રમણ કરતો સૂર્ય જ્યારે ત્યાં આવે છે ત્યારે ત્યાં આવીને એક પુરૂષપ્રમાણવાળી છાયાને એટલે કે બધી જ પ્રકાશ્ય વસ્તુની પોતાના પ્રમાણ પ્રમાણેની છાયાને ઉત્પન્ન કરે છે, આ કથનનો ઉપસંહાર કરતા કહે છે, કોઇ એક મતાન્તરવાદી આ પ્રમાણે પોતાનો મત જણાવે છે, (एगे पुण एवमाहंसु-ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए दुपोरिसीयं छायं णिवत्तेइ) કોઈ એક બીજો મતાન્તરવાદી આ કથ્યમાન પ્રકારથી પોતાનો મત પ્રદર્શિત કરે છે, તે કહે છે કે-એવો પણ ભૂભાગનો પ્રદેશ છે કે જે ભૂભાગમાં ભ્રમણ કરતો સૂર્ય બે પુરૂષપ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે, આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે-કોઈ એક આ પ્રમાણે પોતાનો મત પ્રદર્શિત કરે છે.

(एवं एएणं अभिलावेणं णेयव्वं जाव छण्णउइं पोरिसीयं छायं णिवत्तेइ) આ પૂર્વોક્ત

પ્રકારથી આ હવે પછી કહેવામાં આવનાર અભિલાપ એટલે કે સૂત્રાલાપથી બાકીની પ્રતિપત્તિયોનું ક્રમ પ્રમાણે સૂત્રપાઠની યોજના કરીને કહી લેવું. અને એટલા સુધી આ પ્રકારથી યોજના કરવી કે જ્યાં સુધી છેલ્લી પ્રતિપત્તિના સંબંધવાળો સૂત્રપાઠ આવી જાય આજ પાઠ ખંડશઃ પ્રગટ કરવામાં આવે છે (छन्नउइ) ઇત્યાદિ આનો પૂરે પૂરો પાઠ ક્રમ આ પ્રમાણે છે' (एगे पुण एवमाहंसु ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए छन्नउइं पोरिसीं छायं णिवत्तेइ आहियत्ति वएज्जा एगे एवमाहंसु) કોઇ એક આ પ્રમાણે પોતાના મતનું કથન કરે છે કે-કોઈ ભૂભાગ એવો છે કે જે પ્રદેશમાં સૂર્ય છન્નુ પ્રમાણની પૌરૂષી છાયાને ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું. કોઈ એક આ પ્રમાણે સ્વમતનુ કથન કરે છે. આ પ્રમાણે બાકીની મધ્યની પ્રતિપત્તિયોનો સૂત્રાલાપ પ્રકાર પોતે યોજના કરીને ભાવિત કરી લેવી. સરળ હોવાથી તથા ગ્રન્થ વિસ્તારભયથી જુદી જુદી રીતે તેનો ઉલ્લેખ અહીંયાં કરેલ નથી.

હવે આજ છન્નુ પ્રતિપત્તિયોની ભાવનિકા બતાવતાં કહે છે-(तत्थ जे ते एवमाहंसु-ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए एगपोरिसीयं छायं णिवत्तेइ) એ છન્નુ પ્રતિપત્તિયોવાળા મતાન્તરવાદીયોમાં જે મતાન્તરવાદી આ પ્રમાણે કહે છે કે-એવો ભૂભાગ છે કે જે પ્રદેશમાં પોતાના માર્ગમાં ભ્રમણ કરતો સૂર્ય એક પુરૂષપ્રમાણુવાળી છાયાને અર્થાત્ બધી પ્રકાશ્ય વસ્તુની પોતપોતાના સરખા પ્રમાણુવાળી છાયાને ઉત્પન્ન કરે છે. અર્થાત્ પોતાના પ્રમાણુ બરોબરની જ છાયા ઉત્પન્ન કરે છે. (ते एवमाहंसु-ता सूरियस्स णं सव्व हेट्ठिमातो सूरप्पडिहितो बहित्ता अभिणिसिट्ठाहिं लेस्साहिं ताडिज्जमाणीहिं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरणिज्जाओ भूमिभागाओ जावइयं सूरिए उड्ढं उच्चत्तेणं एवइयाए समाए अद्धाए एगेणं छायाणुमाणप्पमाणेणं उमाए तत्थ से सूरिए एगपोरिसीयं छायं णिवत्तेइ) એક પુરૂષપ્રમાણુની છાયાનું કથન કરવાવાળા આ વક્ષ્યમાણ પ્રકારથી પોતાના મતનું કથન કરે છે કે-સૂર્યના સૌથી નીચેના સ્થાનથી સૂર્યના પ્રતિઘાતથી એટલે કે સૂર્યના નિવેશસ્થાનથી

બહાર નીકળેલ જે લેશ્યા એ લેશ્યાથી તાડિત થતી આ રત્નપ્રભા પૃથ્વીના સમતલ ભૂભાગથી જેટલા પ્રમાણવાળા પ્રદેશમાં સૂર્ય ઉપર વ્યવસ્થિત થાય છે, એટલા પ્રમાણથી સરખા માર્ગથી એક સંખ્યાપ્રમાણવાળા છાયાનુમાન પ્રમાણવાળી પ્રકાશ્ય વસ્તુના પ્રમાણનું અનુમાન જે ઉદ્દેશથી કરવામાં આવે છે. તેનાથી (અહીંયાં સૂત્રમાં અદ્ધ શબ્દને સ્ત્રીલિંગથી કહેલ છે, તે પ્રાકૃત હોવાથી આ પ્રમાણે કહ્યું છે) આકાશમાં સૂર્યની સમીપ પ્રકાશ્ય વસ્તુનું પ્રમાણ સાક્ષાત્ કહેવું શક્ય ન હોવાથી અનુમાન પ્રમાણ કહેલ છે, કારણ કે તેજઃપુંજનું અધિકપણું હોવાથી. પરંતુ દેશ વિશેષથી અથવા સ્થાન વિશેષથી અનુમાનથી કહેવું શક્ય થાય છે. તેથી જ છાયાનુમાન પ્રમાણથી તેમ કહેલ છે, (उमाए) અવમિત એટલે કે પરિચ્છિન્ન જે દેશ વિશેષ અથવા પ્રદેશ અથવા જે પ્રદેશમાં આવેલ સૂર્ય એક પુરૂષપ્રમાણવાળી અર્થાત્ બધી પ્રકાશ્ય વસ્તુની પોતપોતાના પ્રમાણવાળી છાયાને ઉત્પન્ન કરે છે, અહીંયાં આવી રીતે ભાવના સમજવી જોઈએ. પહેલાં સૂર્યનો ઉદય થાય ત્યારે જે લેશ્યા નીકળે છે, તે લેશ્યાથી પ્રકાશ પ્રાપ્ત કરીને પ્રકાશ્ય વસ્તુના પ્રદેશમાં ઉપર કરવામાં આવેલ તથા પૂર્વ તરફ કંઈક નમેલ પ્રકાશ્ય વસ્તુ હોય છે, એ પરિચ્છિન્ન આકાશ પ્રદેશગાં આવેલ સૂર્ય પ્રકાશ્ય વસ્તુની સમાન છાયાને બનાવે છે. આજ પ્રમાણે બધે જ ભાવના સમજવી.

(तत्थ जे ते एवमाहंसु--ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए दुपोरिसीयं छायं णिवत्तेइ, ते एवमाहंसु ता सूरियस्स णं सव्वहेट्ठिमाओ सूरियपडिधीओ बहित्ता अभिणिसिट्ठाहिं लेसाहिं ताडिज्जमाणीहिं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जाव इयं उड्ढं उच्चत्तेणं पव्वइयाहिं दोहिं अद्धाहिं दोहिं छायाणुमाणप्पमाणेहिं उमाए एत्थ णं से सूरिए दो पोरिसीयं छायं णिवत्तेइ एगे एवमाहंसु) આ છાયા પ્રમાણ વિષયક વિચારમાં જે મતાન્તરવાદી આ વક્ષ્યમાણ પ્રકારથી કહે છે કે--એવો એક પ્રદેશ છે કે જે પ્રદેશમાં પોતાની કક્ષામાં ભ્રમણ કરતો સૂર્ય જ્યારે આવે છે ત્યારે બે પુરૂષપ્રમાણની છાયાને ઉત્પન્ન કરે છે, તે વાદી પોતાના મતને સ્પષ્ટ કરતાં કહે છે કે-સૌથી નીચેના સ્થાનમાં સૂર્યમાંથી બહાર નીકળેલ જે લેશ્યા હોય છે, એ લેશ્યાથી તાડિત થઈને આ રત્નપ્રભા અર્થાત્ રત્નપુંજવાળી ભૂમિથી એટલે કે બહુસમરમણીય અર્થાત અધિકાધિક સમતલથી શોભાયમાન ભૂમિ ભાગની ઉપર વ્યવસ્થિત બે અદ્ધાથી અને બે પ્રકાશ્ય વસ્તુના પ્રમાણથી

વ્યાપ્ત જે દેશ અર્થાત્ ભૂભાગમાં આવેલ સૂર્ય આ હવે પછી કહેવામાં આવનાર નિયમથી બે પુરૂષપ્રમાણુવાળી એટલે કે બધી જ પ્રકાશ્ય વસ્તુની બમણી છાયાને ઉત્પન્ન કરે છે, (एवं णेयव्वं जाव तत्थ जे ते एवमाहंसु-ता अत्थि णं से देसे जंसि णं देसंसि सूरिए छण्णउतिं पोरिसीयं छायं णिव्वत्तेइ, ते एवमाहंसु-ता सूरियस्स णं सव्वहिट्ठिमाओ सूरप्पडिधीओ बहित्ता अभिणिसिट्ठाहिं लेस्साहिं ताडिज्जमाणाहिं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जावतियं सूरिए उड्ढं उच्चत्तेणं एवतियाहिं छायावत्तीए छायाणुमाणप्पमाणाहिं उमाए एत्थ णं सूरिए छण्णउतिं पोरसीयं छायं णिव्वत्तेइ, एगे एवमाहंसु) આ સંબંધમાં વક્ષ્યમાણ પ્રતિપાદન રૂપમાર્ગથી તમામ વિષય સમજી લેવો, અર્થાત્ એક એક પ્રતિપત્તિયોમાં એક એક છાયાનુમાન પ્રમાણુ વધારીને છન્નુમી પ્રતિપત્તિ પર્યન્ત બધી પ્રતિપત્તિયો ક્રમાનુસાર સમજી લેવી, તે કથનના પ્રમાણે સૂત્રાલાપક પણ પોતે ઉદ્ભાવિત કરીને સમજી લેવો. વિશેષ પિષ્ટપેષણ કરવાથી શું લાભ ?

આ છાયાનુમાન પ્રમાણુના નિરૂપણ વિષયમાં જે મતાન્તરવાદી એમ કહે છે કે-એવો પણ પ્રદેશ છે કે જ્યાં પરિભ્રમણ કરતો સૂર્ય છન્નુ પુરૂષ પ્રમાણ અર્થાત્ કોઈપણ પ્રકાશ્ય વસ્તુની છન્નુ ગણી છાયાને ઉત્પન્ન કરે છે. તે તીર્થાન્તરીય આ પ્રમાણે માને છે. કે-સૂર્યની સૌથી નીચેના સ્થાનથી એટલે કે નિમ્ન કક્ષાથી અર્થાત્ સૂર્યના નિવેશ સ્થાનથી બહારના પ્રદેશમાંથી નીકળેલ લેશ્યા અર્થાત્ કર્મ સંશ્લેશ દ્રવ્ય રૂપ અથવા ભાવ વિશ્લેશ સ્વરૂપવાળી લેશ્યાથી તાડિત થવાવાળી આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિ ભાગથી અર્થાત્ અધિક સમતલથી સુશોભિત ભૂપ્રદેશથી જેટલે દૂર સુધી સૂર્ય ઉપરના ભાગમાં સ્થિત રહીને એટલા અર્થાત્ છન્નુ પુરૂષ પ્રમાણની છાયાનુમાન પ્રમાણથી એટલે કે બધી પ્રકાશ્ય વસ્તુની છન્નુ ગણી છાયા પ્રમાણથી યુક્ત થાય છે. અર્થાત્ એ લેશ્યાઓથી એ પ્રદેશ વ્યાપ્ત થાય છે. એ રીતે એ સૂર્ય છન્નુ છન્નુ પુરૂષ પ્રમાણવાળી અર્થાત્ કોઈપણ પ્રકાશ્ય વસ્તુની છન્નુ ગણી છાયાને ઉત્પન્ન કરે છે. કોઇ એક છન્નુમો પરમત વાદી આ પૂર્વ પ્રતિપાદિત પદ્ધતિથી પોતાના મતનું કથન કરે છે. આ પ્રમાણે પરમત વાદીયોની માન્યતારૂપ પ્રતિપત્તિયોનું સારી રીતે પ્રતિપાદન કર્યું છે.

હવે બધાનો સારાસારના વિચાર પૂર્વક ભગવાન્ પોતાના મતને પ્રદર્શિત કરતાં કહે છે-(वयं पुण एवं वयामो) કેવળજ્ઞાનથી સકલ વસ્તુ તત્વના યથાર્થપણાને જાણવામાં કુશળ એવો હૂં આ સંબંધમાં આ વક્ષ્યમાણ પ્રકારથી મારા મતનું પ્રતિપાદન કરૂં છું-જે આ પ્રમાણે છે-(सातिरेग अउणट्ठिपोरिसीयं छायं णिव्वत्तेइ) ભ્રમણ કરતો સૂર્ય ઉદયકાળમાં અને અસ્તમન કાળમાં કંઈક વધારે ઓગણસાઠ પુરૂષ પ્રમાણ એટલે કોઈપણ પ્રકાશ્ય વસ્તુની કાંઈક વધારે ઓગણસાઠ ગણી છાયાને ઉત્પન્ન કરે છે.

હવે (अवड्ढे) ઈત્યાદિ સૂત્રથી અર્ધ પૌરૂષીનું કથન કરે છે. (ता अवड्ढपोरिसी णं छाया दिवसस्स किं गते वा सेसे वा) શ્રીગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન કરતાં કહે છે કે–અર્ધ પૌરૂષી અથવા અર્થાત્ અર્ધ પુરૂષ પ્રમાણવાળી અર્થાત્ બધી પ્રકાશ્ય વસ્તુના અર્ધા પ્રમાણવાળી છાયા દિવસનો કેટલો ભાગ જાય ત્યારે અર્થાત્ સૂર્યોદયથી કેટલા અંતર કાળમાં અથવા દિવસનો કેટલો ભાગ બાકી રહે ત્યારે અર્ધાપ્રમાણવાળી છાયા થાય છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળી ભગવાન્ મહાવીરસ્વામી તેનો ઉત્તર આપતાં કહે છે કે-(ता तिभागे गते वा सेसे वा) દિવસનો ત્રીજો ભાગ જાય ત્યારે અર્થાત્ સૂર્યોદય પછી ત્રીજા ભાગનો દિવસ પસાર થાય ત્યારે અથવા ત્રીજા ભાગનો દિવસ બાકી રહે ત્યારે અર્ધ પુરૂષ પ્રમાણની છાયા થાય છે, જેમ કે–અહીંયાં દિનમાન ૨૪ ચોવીશ ઘડીની બરોબરનો છે તેનો ત્રીજો ભાગ ૮ આઠ ઘડીનો થાય છે. એટલે સૂર્યોદયની પછી આઠ ઘડિ તુલ્ય તથા સૂર્યાસ્ત કાળથી ૮ આઠ ઘડી બરાબર સમયમાં અર્ધ પુરૂષ પ્રમાણની છાયા હોય છે, પ્રમાણે બધે સમજી લેવું.

શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રશ્ન કરે છે કે–(ता पोरिसी णं छाया दिवसस्स किं गते वा सेसे वा) તે પુરૂષ પ્રમાણની એટલે કે કોઇ પણ પ્રકાશ્ય વસ્તુની પોતાના પ્રમાણ બરાબરની છાયા દિવસનો કેટલો ભાગ જાય ત્યારે અથવા કેટલો ભાગ શેષ રહે ત્યારે પોતપોતાના પ્રમાણ બરાબરની છાયા હોય છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને તેનો ઉત્તર આપતાં ભગવાન મહાવીરસ્વામી કહે છે (ता चउब्भागे गते वा सेसे वा) દિવસનો ચોથો ભાગ એટલે કે ચતુર્થાંશ ભાગ જાય ત્યારે અથવા ચોથો ભાગ બાકી રહે ત્યારે પુરૂષ પ્રમાણની અર્થાત્ બધી પ્રકાશ્ય વસ્તુની તેના બરોબરના પ્રમાણની છાયા હોય છે? આ પ્રમાણે ભગવાનનો ઉત્તર સાંભળીને શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રશ્ન પૂછે છે-(ता दिवड्ढ पोरिसी णं छाया दिवसस्स किं गते वा सेसे वा) દ્વયર્ધ પુરૂષ પ્રમાણ અર્થાત્ બીજાનો અર્ધો ભાગ અર્થાત્ દોઢ ભાગ પ્રમાણની છાયા દિવસનો કેટલો ભાગ ગયા પછી અથવા શેષ રહે ત્યારે થાય છે? આ પ્રમાણેના પ્રશ્નને સાંભળીને તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે. (ता पंच भागे गते वा सेसे वा) દિવસનો પંચમાંશ ભાગ જાય ત્યારે અથવા પંચમાંશ ભાગ બાકી રહે ત્યારે દોઢ પુરૂષ પ્રમાણ વાળી છાયા થાય છે, આ પ્રમાણે આ તમામ વિષય અન્ય ગ્રંથોમાં સર્વાભ્યન્તર મંડળને અધિકૃત કરીને પ્રતિપાદન કરેલ છે. નન્દીસૂત્ર ચૂર્ણિ ગ્રન્થમાં કહ્યું પણ છે–(पुरिसत्तिसंकू पुरिससरीरं वा, ततो पुरिसे णिप्पाणा पोरिसी एवं सव्वस्स वत्थुणो जया सपमाणा छाया भवइ, तया पोरिसी हवइ, एवं पोरिसोप्पमाणं उत्तरायणस्स अंते दक्खिणायणस्स आईए इक्कं दिणं भवत्त, अतो परं अद्ध एगसट्ठिभागा अंगुलस्स दक्खिणायणे वड्ढंति, उत्तरायणे हस्संति एवं मंडले मंडले अण्णा पोरिसीं) ઇતિ આ બધા વિભાગ પ્રમાણનું પ્રતિપાદન સર્વાભ્યંતર મંડળને અધિકૃત કરીને

સર્વ કથન સમજી લેવું.

(एवं अद्ध पोरिसी छोदुं पुच्छा, दिवसस्स भागं छोदुं वा करणं जाव अद्धऊणासट्ठि पोरिसी छाया दिवसस्स किं गते वा सेसे वा) પહેલાં પ્રતિપાદન કરેલ નિયમથી એટલે કે પ્રકારથી અર્ધ પુરૂષપ્રમાણુ અર્થાત્ બધી પ્રકાશ્ય વસ્તુની પોતાનાથી અર્ધા પ્રમાણુની છાયાનું વારંવાર યોજના કરીને પ્રશ્નસૂત્રાનુસાર તેના પ્રતિપાદનની રીતથી દિવસના ભાગની યોજના કરીને ઉત્તરોત્તર સૂત્ર પ્રકાર સમજી લેવો. જે આ પ્રમાણે છે-

(त्ति पोरिसीणं छाया किं गए वा सेसे वा ? ता छब्भागगए वा सेसे वा, ता अट्ठाइज्ज पोरिसी णं छाया किं गए वा सेसे वा, ता सत्तभागगए वा सेसे वा) ઈત્યાદિ આ પ્રમાણે અર્ધા ઓગણસાઠ પુરૂષ પ્રમાણુની છાયાના કથન સુધી આ પ્રમાણે કથન કરી લેવું. આ પ્રમાણેની છાયા દિવસનો કેટલો ભાગ વીતે ત્યારે અથવા કેટલો ભાગ બાકી રહે ત્યારે થાય છે ? તે કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને તેના ઉત્તરનાં પ્રભુશ્રી કહે છે-(ता एगूणवीससयभागगए वा सेसे वा) દિવસનો એકસો ઓગણીસમો ભાગ જાય ત્યારે અથવા બાકી રહે ત્યારે અર્ધ ઓગણસાઠ ભાગની પૌરૂષી છાયા હોય છે. ફરીથી શ્રીગૌતમસ્વામી પ્રશ્ન કરે છે-(ता अऊणसट्ठिपोरिसी णं छाया दिवसस्स किं गते वा सेसे वा) ઓગણસાઠ પુરૂષ પ્રમાણુ વાળી છાયા એટલે કે બધી પ્રકાશ્ય વસ્તુની પોતાનાથી ઓગણસાઠ પ્રમાણુ વાળી છાયા દિવસનો કેટલો ભાગ જાય ત્યારે અથવા શેષ ત્યારે થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે-(ता बावीससहस्सभागे गए वा सेसे वा) દિવસનો બાવીસ હજારમો ભાગ વીતે ત્યારે અથવા શેષ રહે ત્યારે ઓગણસાઠ પુરૂષ પ્રમાણુની છાયા થાય છે. શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રશ્ન કરે છે-(ता सातिरेग अऊणसट्ठि पोरिसी णं छाया दिवसस्स किं गए वा सेसे वा) સાતિરેક અર્થાત્ કંઇક વધારે ઓગણસાઠ પુરૂષ પ્રમાણુની છાયા દિવસનો કેટલો ભાગ જાય ત્યારે અથવા બાકી રહે ત્યારે થાય છે ? આના ઉત્તરમાં પ્રભુશ્રી કહે છે-(ता णत्थि किंचि गए वा सेसे वा) દિવસનો કોઇપણ ભાગ વીતવાથી અથવા બાકી રહેવાથી આ પ્રકારના પ્રમાણુની છાયા થતી નથી, અર્થાત્ કંઇક વધારે ઓગણસાઠ પુરૂષ પ્રમાણુની છાયા દિવસના આરંભ કાળમાં અર્થાત્ સૂર્યોદયના સમ સમયમાં અથવા સૂર્યના અસ્તના સમકાળમાં થાય છે. તે સમયે દિવસનો ગણના પાત્ર કોઇ પણ ભાગ કહેવાનું શકય નથી. અર્થાત્ કંઇપણ કાળનો ભાગ કરીને કહી શકાય તેમ નથી. તેથી. કહે છે કે-(णत्थि किंचि गए वा सेसे वा)

હવે છાયાનો ભેદ કહેવામાં આવે છે-(तत्थ खलु इमा पणवीसनिविट्ठा छाया पण्णत्ता) છાયાની વિચરણામાં નિશ્ચિતપણાથી આ વક્ષ્યમાણ પ્રકારની પચ્ચીસ પ્રકારની છાયા હોય છે, એટલે કે મતાન્તરથી અથવા ગ્રન્થાન્તરમાં પ્રતિપાદન કરેલ છે, જે આ પ્રમાણે છે.

(तं० खंभच्छाया, (१) रज्जुच्छाया (२) पागारच्छाया, (३) पासायच्छाया (४) उवग्गच्छाया (५) उच्चत्तच्छाया (६) अणुलोमच्छाया (७) आरूभित्ता (८) समा (९) पडिहता (१०) खीलच्छाया (११) पक्खच्छाया (१२) पुरतो उदया (१३) पुरिमकंठभा उवगता (१४) पच्छिमकंठभाउवगता छाया णुवाइणी (१५) किट्टाणुग्गइणी छाया (१८) छायच्छाया (१९) गोलच्छाया એ દિવસમાં ખંભચ્છાયા (૧) રજ્જુચ્છાયા (૨) પ્રાકારછાયા (૩) પ્રાસાદચ્છાયા (૪) ઉદ્ગમચ્છાયા (૫) ઉચ્ચત્વછાયા (૬) અનુલોમછાયા (૭) આરંભિતા (૮) સમા (૯) પ્રતિહતા (૧૦) ખીલચ્છાયા (૧૧) પક્ષચ્છાયા (૧૨) પૂર્વતઃ ઉદયથી પૂર્વકંઠભાગોપગત (૧૩) પશ્ચિમભાગોપગત (૧૪) છાયાનુવાદિની (૧૫) કિયત્યનુવાદિની (૧૬) છાયાચ્છાયા (૧૭) ગોલચ્છાયા (૧૮) કિયત્યનુવાદિની અને ગોલચ્છાયાના આઠ ભેદો પ્રત્યેક દિવસમાં અને પ્રત્યેક દેશમાં સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યન્ત સમયભેદથી તથા પ્રકાશ્યવસ્તુના સ્વરૂપ ભેદથી પચીસ પ્રકારની છાયા થાય છે. એજ છાયાના સ્વરૂપભેદથી નામભેદ કહેવામાં આવે છે. જે આ પ્રમાણે છે.–ખંભછાયા–ખંભ સમાન છાયા રજ્જુચ્છાયા દોરી જેવી દુર્બલ આકૃતિની છાયા, પ્રાકાર જેવી છાયા, પ્રાસાદ જેવી છાયા, ઉદ્ગમચ્છાયા પ્રારંભિણી છાયા, ઉચ્ચત્વ છાયા એટલે કે ઉપર મુખવાળી છાયા, પ્રકાશ્ય વસ્તુની છાયા અનુપ્રકાશ્ય વસ્તુની વિરુદ્ધ દિશામાં થાય છે. તેથી આ નિયમથી પ્રકાશના ઉપરના ભાગમાં રહેલ પ્રકાશની છાયા ઉપરની તરફ ફેલાય છે, એજ પ્રમાણે અનુલોમ છાયા અને પ્રતિલોમ છાયા પણ સમજવી. આરંભિકા છાયા, પ્રારંભિકા છાયા, સમાએક રૂપા છાયા. પ્રતિહતા ગતિને રોકવાવાળી છાયા, ખીલચ્છાયા=ખીલરૂપ છાયા, પક્ષછાયા=પાંખ જેવી છાયા, પર્વત=પૂર્વદિશા તરફ ઉદયથી એટલે કે સૂર્યોદયકાળથી પૂર્વકંઠ ભાગમાં રહેલ એટલે કે–પૂર્વદિગ્વિભાગમાં રહેલ છાયા અથવા પશ્ચિમ દિગ્વભાગમાં રહેલ છાયા, એજ પ્રમાણે અનુવાદિની=વારંવાર સમાનરૂપવાળી છાયા આ કિયત્યા એટલે કે કેટલા પ્રમાણવાળી અનુવાદિની છાયાના એટલે કે ગોળ છાયાના અર્થાત્ ગોળરૂપ અર્થાત્ વર્તુલાકારની છાયા હોય છે. હવે તેના ભેદો કહેવામાં આવે છે. (तत्थ णं गोलच्छाया अट्ठविहा पण्णत्ता) છાયાભેદની વિચારણાના વિષયમાં સત્તર પ્રકારની છાયા પ્રતિપાદિત કરેલ છે. તેના બીજા આઠ ભેદો થાય છે. હવે એ ભેદો કહેવામાં આવે છે. (तं० गोलच्छाया, अवड्ढगोलच्छाया, गाढगोलच्छाया, अवड्ढगाढगोलच्छाया, गोलावलिच्छाया, अवड्ढगोलावलिछाया, गोलपुंजच्छाया, अवड्ढगोलपुंजच्छाया) ગોલચ્છાયા, અપાર્ધગોલચ્છાયા ઘનગોલછાયા અપાર્ધ ઘનગોલ છાયા, ગોલપુંજ છાયા અપાર્ધગોલ પુંજ છાયા, આ ગોલ છાયાના ભેદના કથનમાં આ પ્રમાણેના આઠ ભેદો થાય છે, તે ઉપર કહ્યા છે. હવે તેના અર્થની સાથે બતાવવામાં આવે છે. ગોલ છાયા એટલે કે ગોલાકાર માત્ર અર્થાત્ વર્તુલાકાર પદાર્થની છાયાને ગોળ છાયા

કહેવામાં આવે છે. અપાર્ધ ગોળચ્છાયા અર્થાત્ અર્ધાભાગ માત્ર ગોલ છાયાનો અપાર્ધ એટલે કે જેનો અર્ધો ભાગ ન હોય તે અપાર્ધ એટલે કે અર્ધમાત્ર એ અપાર્ધ ગોળ ભાગની છાયા અપાર્ધગોળ છાયા કહેવાય છે. ઘનગોલ છાયા, ઘનફલની ઉત્પાદક ઘનગોલ છાયા કહેવાય છે, તથા અપાર્ધ ઘનગોલ છાયા એટલે કે ગોળ પંક્તિરૂપ છાયા ગોળ જે વર્તુલ પદાર્થ તેની જે આવલિકા એટલે કે પંક્તિ અર્થાત્ પંક્તિ રૂપ જે હોય તે ગોલાવલી તેની જે છાયા તેને ગોળાવલી છાયા કહેવામાં આવે છે, તથા અપાર્ધ ગોલાવલિ છાયા, એટલે કે અર્ધમાત્ર ગોલાવલિ છાયા, ગોલપુંજ છાયા એટલે ગોળ સમૂહ રૂપ છાયા અર્થાત ગોળ વર્તુલાકાર જેવો જે પુંજ એટલે કે સમૂહ ઢગલો તે ગોલપુંજ ગોળ સમૂહ તેની જે છાયા તે ગોલ સમૂહ ગોલપુંજ છાયા કહેવાય છે, અપાર્ધગોલ છાયા અર્થાત્ અર્ધમાત્ર ગોળપુંજ છાયા, અર્થાત્ જેનો અર્ધો ભાગ ન હોય તે અપાર્ધ એ અપાર્ધના માને અર્ધભાગ માત્ર ગોળસમૂહની જે છાયા તે અપાર્ધ ગોલપુંજ છાયા કહેવાય છે. આ પ્રમાણે અહીંયાં ગોળ છાયાના આઠ પ્રકારના ભેદો થાય છે. આ પ્રમાણે આચાર્યોનો અભિપ્રાય છે. ા સૂ૰ ૩૧ ા

શ્રી જૈનાચાર્ય–જૈનધર્મદિવાકર–પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
ા નવમું પ્રાભૃત સમાપ્ત ા ૯ ા

卐

દસમા પ્રાભૃતનો પ્રારંભ

હવે દસમા પ્રાભૃતનો પ્રારંભ કરવામાં આવે છે આ દસમાં પ્રાભૃતમાં વીસ પ્રાભૃત પ્રાભૃત કહેવામાં આવેલ છે. આનું પહેલું સૂત્ર (जोगेत्तिवत्थुस्स) ઈત્યાદિ પ્રકારથી છે. નવમાં પ્રાભૃતમાં સારી રીતે પૌરૂષી છાયાનું નિરૂપણ કરીને હવે (जोगेत्ति किं ते वत्थु आहिए) યોગના સંબંધમાં આપે કેવી રીતે કહેલ છે? તે કહો આ વિષયના સંબંધમાં દસમા પ્રાભૃતના વીસ પ્રાભૃત પ્રાભૃતો કહેવામાં આવેલા છે. તે વિષયનું વિવેચન કરવા માટે સૂત્રપાઠ કહે છે.(ता जोगेत्तिवत्थुस्स) ઈત્યાદિ

ટીકાર્થ-(ता जोगेति वत्थुस्स आवलिया णिवातेति वएज्जा) બીજા ઘણા વિષયો પૂછવાના છે તો પણ હમણા એજ પૂછું છું કે યોગ અર્થાત્ નક્ષત્રની યુતિના સંબંધમાં વસ્તુની એટલે કે નક્ષત્ર સમુદાયની પંક્તિરૂપથી ક્રમ પૂર્વક જે નિપાત તે આવલિકાનિપાત કહેવાય છે. એ આવલિકાનિપાત આપના મતથી કંઈ રીતે થાય છે? તે આપ કહો. આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે કે-ચંદ્ર સૂર્ય વિગેરે ગ્રહોની સાથે નક્ષત્ર સમુદાયનો પંક્તિરૂપે નિપાત થતો મેં કહ્યો છે તેમ પોતાના શિષ્યોને કહેવું. આ રીતે મહાવીર પ્રભુશ્રીના કહેવાથી શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રભુશ્રીને પૂછે છે-(ता कहंते जोगेति वत्थुस्स आवलिया णिपाते आहितेति वएज्जा) હે ભગવન આપે યોગના વિષયમાં નક્ષત્ર સમુદાયનો આવલિકાનિપાત અર્થાત્ પંક્તિરૂપથી સંપાત આપના મતથી કંઈ રીતે કહેલ છે? અર્થાત્ આવલિકાનિપાત કેવી રીતે પ્રતિપાદિત કરેલ છે? તે આપ મને કહો આ પ્રમાણે શ્રીગૌતમ સ્વામીના પૂછવાથી ભગવાન ઉત્તરમાં કહે છે કે-(तत्थ खलु इमाओ पंच पडिवत्तीओ पण्णत्ताओ) નક્ષત્ર સમુદાયની આવલિકા નિપાતના સંબંધમાં એટલે કે નક્ષત્રના ગણના ક્રમથી આ વક્ષ્યમાણ પ્રકારની પાંચ પ્રતિપત્તીયો એટલે કે પરમત પ્રતિપાદક માન્યતાઓ કહેવામાં આવેલા છે, અર્થાત્ અન્ય ગ્રંથોમાં પ્રતિપાદિત કરેલ છે તે આ પ્રમાણે છે (तत्थेगे एवमाहंसु-ता सव्वेवि णं णक्खत्ता कत्तियादिया भरणी पज्जवसाणा पण्णत्ता एगे एवमाहंसु)

એ પાંચ મતાન્તરવાદીયોમાં કોઇ એક પહેલો મતાન્તરવાદી આ હવે પછી કહેવામાં આવનારા પ્રકારથી પોતાનો મત પ્રદર્શિત કરતાં કહે છે કે-કૃત્તિકા નક્ષત્રથી આરંભીને ભરણી નક્ષત્ર સુધીના બધા નક્ષત્રો કહેલા છે અર્થાત્ નક્ષત્રનો ગણુના ક્રમ કૃત્તિકાથી આરંભીને ભરણી સુધીનો હોય છે, આ પ્રમાણે પ્રથમ મતાન્તરવાદીનો અભિપ્રાય છે, અહીં પ્રાકૃત હોવાથી સૂત્રમાં પુલ્લિંગથી નિર્દેશ કરેલ છે, આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે (एगे एवमाहंसु) કોઇ એક પ્રથમ તીર્થાન્તરીય પૂર્વોક્ત પ્રકારથી અર્થાત્ કૃત્તિકાથી લઇને ભરણી સુધીના નક્ષત્ર પંક્તિમાં નક્ષત્રોનો ગ્રણુનાક્રમ છે, એ રીતે પોતાનો અભિપ્રાય કહે છે. (૧)

(एगे पुण एवमाहंसु-ता सव्वे वि णं णक्खत्ता महादीया अस्सेसपज्जवसाणा पण्णत्ता एगे एवमाहंसु) ૨ કોઈ એક બીજો મતાન્તરવાદી અનન્તર કથ્યમાન પ્રકારથી પોતાના મતનું કથન કરતાં કહે છે કે-આવલિકાની સરખા પ્રકાશરૂપ બધા નક્ષત્ર સમૂહ અઠયાવીસ હોય છે. તેનો ગણુના ક્રમ મારા મતથી આ પ્રમાણે છે-મઘા નક્ષત્રથી આરંભ કરીને અશ્લેશા પર્યન્ત હોય છે. એટલે કે મઘા નક્ષત્રથી લઇને અશ્લેષા સુધીના અઠયાવીસ નક્ષત્રો આવલિકા ક્રમથી હોય છે. આ પ્રમાણે કોઈ એક બીજા મતાન્તરવાદીનો અભિપ્રાય છે. (૨) (एगे पुण एवमाहंसु-ता सव्वेवि णं णक्खत्ता धणिट्ठादीया सवणपज्जवसाणा पण्णत्ता, एगे एवमाहंसु) ૩ કોઇ ત્રીજો મતાન્તરવાદી વક્ષ્યમાણુ પ્રકારથી પોતાનો મત પ્રદર્શિત કરતાં કહે છે કે-નક્ષત્રાવલિમાં ધનિષ્ઠા નક્ષત્રથી લઇને શ્રવણ નક્ષત્ર સુધીના બધા નક્ષત્રો કહેલા છે આ પ્રમાણે કોઈ એક ત્રીજા મતાવલમ્બીનું કથન છે. (૩) (एगे पुण एवमाहंसु-ता सव्वे वि णं णक्खत्ता भरणी आदीया रेवइ पज्जवसाणा पण्णत्ता एगे एवमाहंसु) ૪ કોઈ એક ચોથો મતાન્તરવાદી કહે છે કે-અશ્વિની નક્ષત્રથી આરંભીને રેવતી સુધીના બધા નક્ષત્રોના ગણુના ક્રમથી ગણુવામાં આવે છે. કોઈ એક ચોથો મતાવલમ્બી આ પ્રમાણે પોતાનો મત જણાવે છે, (૪) (एगे पुण एवमाहंसु-ता सव्वे वि णं णक्खत्ता भरणी आदिया अस्सिणीपज्जवसाणा पण्णत्ता एगे एवमाहंसु) ૫ કોઈ એક પાંચમો મતાન્તરવાદી પોતાનો અભિપ્રાય આ પ્રમાણે કહે છે કે-નક્ષત્રોનો ગણુના ક્રમ એ રીતે છે કે-બધા નક્ષત્રો ભરણી નક્ષત્રથી આરંભીને અશ્વિની સુધીના ગણુવામાં આવે છે. આનાથી જુદા પ્રકારથી કહેવું તે અયોગ્ય છે. આ પ્રમાણે મારો અભિપ્રાય છે. આ પ્રમાણે કોઈ એક પાંચમા મતાન્તરવાદીનું કથન છે. (૫)

આ પ્રમાણે પાંચે મતાન્તરવાદીયોના જુદા જુદા પ્રકારના અભિપ્રાયનું પ્રતિપાદન કરેલ છે, મતસમૂહનો સંગ્રહ આ પ્રમાણે છે-(૧) પહેલો કૃતિકાથી લઈને ભરણી સુધીના નક્ષત્રો ગણે છે. (૨) બીજો મઘા નક્ષત્રથી લઈને અશ્લેષા સુધીના ગણે છે. (૩) ત્રીજો

ધનિષ્ઠા નક્ષત્રથી લઇને શ્રવણ સુધીના કહે છે. (૪) ચોથા મતાવલમ્બી અશ્વિનીથી લઇને રેવતી સુધીના ગણે છે. (૫) તથા પાંચમા તીર્થાન્તરીય ભરણી નક્ષત્રથી લઇને અશ્વિની નક્ષત્ર સુધીના ગણે છે.

આ પ્રમાણે પરતીર્થિકોની પ્રતિપત્તિયોનું કથન કરીને હવે વાસ્તવિક વસ્તુતત્વ સ્વરૂપથી પોતાના મતનું કથન કરે છે, (वयं पुण एवं वयामो) સકલ વસ્તુતત્વના સ્વરૂપને યથાર્થપણાથી જાણનાર હું આ વિષયમાં વક્ષ્યમાણ પ્રકારથી આ વિષયના વસ્તુતત્વને કહું છું તે આ પ્રમાણે છે. (ता सव्वे वि णं णक्खत्ता अभिई आदिया उत्तरासाढा पज्जवसाणा पण्णत्ता तं जहा–अभिई, सवणो, जाव उत्तरासाढा) નક્ષત્રના ગણના ક્રમમાં વાસ્તવિક રીત આ પ્રમાણે છે–બધા નક્ષત્રો અભિજીતથી લઇને ઉત્તરાષાઢા પર્યન્તના ગણત્રી કરવાનું પ્રતિપાદન કરેલ છે. કારણ કે બધે જ કારણ વિશેષની અપેક્ષા રહે છે, અહીંયાં આ રીતે યુક્તિ કહેલ છે.–અહીંયાં બધા સુષમ સુષમાદિરૂપ કાળ વિશેષ આદિ યુગ છે, આગમ ગ્રન્થમાં કહ્યું પણ છે–(एएउ सुसमसुसमादयो अद्दा विसेसा जुगादिणा सह पवत्तंति जुगंतेण सह समप्पंति) આ સુષમ દુષ્ષમરૂપ અદ્ધા કાળ વિશેષ યુગાદિની સાથે પ્રવર્તિત થાય છે. તથા યુગના અંતમાં સમાપ્ત થાય છે. આ પ્રમાણે શ્રીપાદલિપ્ત સુરિના વચન પ્રામાણ્યથી યુગનો આદિકાળ પ્રવર્તિત થાય છે, એ શ્રાવણ માસના શુકલપક્ષમાં પ્રતિપદાતિથિ તથા બાલવકરણ અને અભિજીત નક્ષત્રમાં ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. જ્યોતિષ્કરંડ નામના ગ્રન્થમાં કહ્યું પણ છે–(सावणबहुलपडिवए बालवकरणे अभिई णक्खत्ते सव्वत्थ पढमसमए जुगस्स आई वियाणाहि) ૧ શ્રાવણમાસના વદીપડવાને દિવસે તથા બાલવકરણ અને અભિજીત્ નક્ષત્રમાં સર્વત્ર પ્રથમ સમયમાં યુગનો આદિકાળ જાણવો (૧) અહીંયાં સર્વત્ર એટલે કે ભરત ઐરવત અને મહાવિદેહમાં આ રીતે આ બધા કાળ વિશેષની આદિમાં ચંદ્રના યોગને અધિકૃત કરીને અભિજીત નક્ષત્ર વર્તમાન હોવાથી અભિજીત નક્ષત્રની આદિમાં કહેલ છે, એજ (तं जहा) પદથી કહે છે. (अभिई सवणो) ઇત્યાદિ હે શ્રમણ ! હે વસ્તુતત્વાવગાહમાં એટલે કે વસ્તુતત્વને જાણવામાં કુશળ શિષ્ય ! આ પૂર્વ પ્રતિપાદિત યુક્તિથી અભિજીત્ નક્ષત્રથી યુગનો આરંભ થાય છે, તેથી અભિજીત્ નક્ષત્રથી લઇને ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રો ગણવામાં આવે છે, તેમ પ્રતિપાદન કરેલ છે, આ પ્રમાણે અહીંયાં નક્ષત્ર ગણના ક્રમમાં વાસ્તવિક માર્ગનું પ્રતિપાદન કરીને કહેલ છે. ।।સૂ૦ ૩૨।।

દસમા પ્રાભૃતનું પહેલું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।। ૧૦–૧ ।।

દસમા પ્રાભૃતનું બીજું પ્રાભૃતપ્રાભૃત

ટીકાર્થ :-દસમા પ્રાભૃતના પહેલા પ્રાભૃતપ્રાભૃતમાં મતાન્તરના વિવેચન પૂર્વક કારણ નિર્દેશપૂર્વક નક્ષત્રોના ગણના ક્રમનું સારી રીતે કથન કરીને હવે નક્ષત્ર સંબંધી મુહૂર્ત પરિમાણનું કથન કરવા માટે તે સંબંધમાં પ્રશ્ન સૂત્ર કહેવામાં આવે છે, (ता कहं ते मुहुत्ताय आहिएति वएज्जा) બીજા ઘણા વિષયો પૂછવાના છે તો પણ હવે એ પૂછું છું કે હે ભગવાન્ આપના મતથી કઈ રીતે પ્રત્યેક નક્ષત્રનું મુહૂર્ત પરિમાણ પ્રતિપાદિત કરેલ છે? તે આપ કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી તેના ઉત્તરમાં ભગવાન્ કહે છે કે-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अत्थि णक्खत्ते जे णं णवमुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभागे मुहुत्तस्स चंदेणं जोयं जोएंति) આ પહેલા પ્રતિપાદન કરેલ અઠયાવીસ નક્ષત્રોમાં એટલે કે પરિગણિત અઠયાવીસ સંખ્યાવાળા નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો હોય છે કે જેઓ નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠિયા સત્યાવીસ ભાગ $\frac{27}{67}$ ૯+$\frac{27}{67}$ પર્યન્ત યાવત્ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે, (अत्थि णं णक्खत्ता जे णं पण्णरसमुहुत्ते चंदेणं सद्धिं जोयं जोएंति) અહીંયાં અસ્તિ શબ્દનો નિપાત કરવાથી અથવા વ્યત્યયથી સન્તી એ પ્રમાણે અર્થ થાય છે, અઠયાવીસ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો હોય છે. જે પોતાના ભોગકાળમાં પંદર મુહૂર્તોને યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે. એટલે કે ચંદ્રની સાથે ઉપભોગ કરે છે. આ પ્રમાણે ભગવાને સામાન્ય પ્રકારથી કહ્યું ત્યારે વિશેષ પ્રકારથી જાણવા માટે શ્રી ગૌતમસ્વામી ફરીથી ભગવાનને પૂછે છે કે-(ता एएसि णं अट्ठावासाए णक्खत्ता णं कयरे णक्खत्ते जे णं णवमुहुत्ते सत्तावीसं च सत्तट्ठिभाए मुहुत्तस्स चंदेणं सद्धिं जोगं जोएंति) આ પરિગણિત અઠયાવીસ નક્ષત્રોમાં કયા નક્ષત્રો એવા હોય

છે કે જેઓ નવ મુહૂર્ત અને એક મુહૂર્તનો સત્યાવીસ સડસઠિયા ભાગ (૯+૨૭/૬૭) યાવત્ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તથા (कयरे णक्खत्ता जे णं पण्णरसमुहुत्ते चंदेणं सद्धिं जोगं जोएंति कयरे णक्खत्ता जे णं तीसं मुहुत्ते चंदेण सद्धिं जोगं जोएंति, कयरे णक्खत्ता जे णं पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोगं जोएंति) અઠયાવીસ નક્ષત્રોમાં કયા નક્ષત્રો એવા છે જે પોતાના ભોગકાળમાં કેવળ (૧૫) મુહૂર્ત યાવત ચંદ્રની સાથે યોગ કરે છે? તથા કયા નક્ષત્રો એવા છે કે જેઓ ત્રીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે? અર્થાત્ યુતિ કરે છે? અને કેટલા નક્ષત્રો એવા હોય છે કે જે નક્ષત્રો પિસ્તાલીસ (૪૫) મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે યુતિ કહે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનો વિશેષ પ્રકારનો પ્રશ્ન સાંભળીને તેના ઉત્તરમાં પ્રભુશ્રી કહે છે (ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं तत्थ जे ते णक्खत्ते जे णं णवमुहुत्ते सत्तावीसं य सत्तट्ठिभाए मुहुत्तस्स चंदेण सद्धिं जोयं जोयंति, से णं एगे अभीयी) આ પરિગણિત અઠયાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્રો સ્વભોગકાળમાં નવ મુહૂર્ત અને એક મુહૂર્તનો સડસઠિયા સત્યાવીસ ભાગ ૯ ૨૭/૬૭ યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે, એવું એક અભિજીત નક્ષત્ર છે, આ પ્રમાણે કેવી રીતે થાય છે? એ સમજાવતાં કહે છે,-અહીં અભિજીત્ નક્ષત્ર સત્યાવીસ ભાગ કરેલ અહોરાત્રના એકવીસ ભાગોથી ચંદ્રની સાથે યોગ કરે છે, એ એકવીસ ૩૫ ભાગોના મુહૂર્તગત ભાગો કરવા માટે અનુપાતમાં કહેવામાં આવેલ યુક્તિથી ત્રીસથી ગુણવામાં આવે છે. ૨૧×૩૦=૬૩૦ આ રીતે છસો ત્રીસ થાય છે. તથા આટલા કાળને અધિકૃત કરીને બીજા નક્ષત્રોની જેમ અભિજીત્ નક્ષત્રનો પણ સીમા વિસ્તાર અન્યત્ર આ પ્રમાણે કહેલ છે. જેમ કે-

छच्चेव सया तीसाभागाण अभिइसीमविक्खंभो ।
दिट्ठी सव्व उ हरओ, सव्वेहिं अणंतनाणीहिं ॥

અભિજીત્ નક્ષત્રનો સીમાવિસ્તાર છસ્સોત્રીસ થાય છે, તેથી એ છસોત્રીસના અંકોને જો સડસઠથી ભાગવામાં આવે તો ૬૩૦।૬૭=૯ ૨૭/૬૭ નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠિયા સત્યાવીસ ભાગો થાય છે. અન્યત્ર કહ્યું પણ છે,-

अभिइस्स चंद जोगो, सत्तट्ठि खंडिओ अहोरत्तो ।
भोगाय एकवीसं ते पुण आहिया णव मुहुत्ता ॥

હવે પંદર મુહૂર્ત ભોગના સંબંધમાં વિચાર પ્રગટ કરવામાં આવે છે. (तत्थ जे ते णक्खत्ता जे णं पण्णरसमुहुत्ते चंदेण सद्धिं जोगं जोएंति, ते णं छ, तं जहा-सतभिसया, भरणी, अद्दा अस्सेसा साती जेट्ठा) એ અઠયાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્રો પંદર મુહૂર્ત

પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે, એવા એ છ નક્ષત્રો હોય છે. તેના નામો આ પ્રમાણે છે.-શતભિષા, ભરણી, આર્દ્રા, અશ્લેષા, સ્વાતી અને જ્યેષ્ઠા પ્રમાણે આ છ નક્ષત્રો ચંદ્રની સાથે પંદર મુહૂર્ત સુધી યાવત્ યોગ કરે છે. આ છએ નક્ષત્રોના દરેકના સડસઠ ખંડરૂપ અહોરાત્ર વૃત્ત સંબંધી સાડા તેત્રીસ ભાગ યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે, તે પછી મુહૂર્તના સડસઠ ભાગ કરવા માટે પહેલા કહ્યા પ્રમાણે અનુપાતથી તેત્રીસથી ગુણવામાં આવે છે, ૩૦×૩૩=૯૯૦ એ રીતે ગુણતાં નવસો નેવું થાય છે. જો કે સાર્ધ ભાગ કહેલ છે તેથી તેને પણ ત્રીસથી ગુણીને બેથી ભાગવામાં આવે તો પંદર મુહૂર્તના સડસઠિયો ભાગ મળી આવે છે. તેને પૂર્વ રાશી જે નવસો નેવું છે તેમાં મેળવવામાં આવે તો ૯૯૦+૧૫=૧૦૦૫ એક હજાર ને પાંચ થાય છે, આ રીતે દરેકને કાળની સાથે અધિકૃત કરીને અર્થાત્ કાળની સાથે મેળવવાથી સીમાવિસ્તાર મુહૂર્તના સડસઠિયા ભાગોના પંચોતેર હજાર થાય છે, બીજે કહ્યું પણ છે, (सयभिसया, भरणी य, अद्दा, अस्सेस साई जिट्ठाए । पंचोत्तरं सहस्सं भागाणं सीमविक्खंभो) આ ૧૦૦૫ એક હજાર પાંચને સડસઠથી ભાગવામાં આવે તો ૧૦૦૫÷૬૭=૧૫ પંદર મુહૂર્ત થાય છે. અન્યત્ર ગ્રન્થાતરમાં કહ્યું પણ છે-(सयभिसया भरणीओ अद्दा, अस्सेस साइ जिट्ठा य । एए छण्णक्खत्ता पण्णरस मुहुत्त-संजोया ॥२॥ તથા આ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પર્યન્ત યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે. એવા નક્ષત્રો પંદર છે. તે આ પ્રમાણે છે. (तत्थ जे ते णक्खत्ता जे णं तीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति ते पण्णरस, तं जहा-सवणे धणिट्ठा पुव्वाभद्दवया, रेवई अस्सिणी कत्तिया, मग्गसिर पुस्सो, महा, पुव्वाफाग्गुणी हत्थो चित्ता अणुराहा मूलो पुव्वा आसाढा) એ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે, એવા પંદર નક્ષત્રો હોય છે તેના નામો જે આ પ્રમાણે છે-શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, રેવતી અશ્વિની, કૃતિકા, મૃગશિરા, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા અનુરાધા, મૂળ, પૂર્વાષાઢા, આ પ્રમાણે પંદર થાય છે. જે પોતાના ભોગકાળમાં ચંદ્રની સાથે ત્રીસ મુહૂર્ત સુધી ઉપભોગ કરે છે. તથા આ પંદર મુહૂર્તના કાળને અધિકૃત કરીને દરેકનો સીમાવિષ્કંભ મુહૂર્તના સડસઠ ભાગોના પૂર્વોક્ત પ્રકારના ક્રમથી જ ગણિત દૃષ્ટિથી ૨૦૧૦ બે હજાર દસ થાય છે. તેને સડસઠથી ભાગવાથી ત્રીસ મુહૂર્ત લબ્ધ થાય છે. ૨૦૧૦÷૬૭=૩૦ મુહૂર્ત અહીંયા ગણિતપ્રક્રિયા પહેલાં કહ્યા પ્રમાણે જ છે. (तत्थ जे ते णक्खत्ता जे णं पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोयं जोएंति, ते णं छ, तं जहा-उत्तरभद्दवया, रोहिणी, पुणव्वसू उत्तराफग्गुणी विसाहा उत्तरासाढा) એ અઠ્યાવીસ નક્ષત્રમાં જે નક્ષત્ર એવા છે કે જે પોતાના ભોગ કાળમાં ચંદ્રની સાથે પિસ્તાલીસ મુહૂર્ત પર્યન્ત યાવત યોગ પ્રાપ્ત કરે છે, એ નક્ષત્રોના નામ નીચે જણાવ્યા પ્રમાણે છ થાય છે.

તેના નામો આ પ્રમાણે છે- ઉત્તરાભાદ્રપદા, રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, અને ઉત્તરાષાઢા આ પ્રમાણે આ છ નક્ષત્રો પિસ્તાલીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. અર્થાત્ ચંદ્રની સાથે યુતિ રૂપે રહે છે. એ છએ નક્ષત્રોના દરેકના કાળને અધિકૃત કરીને સીમા વિષ્કંભ મુહૂર્તના સડસઠ ભાગોમાંથી પહેલાં કહેલ ગણિત પ્રક્રિયાથી આ પ્રમાણે સિદ્ધ થાય છે. ૧૦૦×૩=૩૦૧૫ ત્રણ હજારને પંદર થાય છે. આને સડસઠથી ભાગવામાં આવે તો ૩૦૧૫÷૬૭=૪૫ પિસ્તાલીસ મુહૂર્ત થઇ જાય છે. અન્ય ગ્રન્થોમાં પણ આ પ્રમાણે કહેલ છે.-(तिण्णेव उत्तराइं, पुणव्वसू रोहिणी विसाहाय, एए छ णक्खत्ता पणयालमुहुत्ता संजाया) ત્રણ ઉત્તરા, પુનર્વસુ રોહિણી અને વિશાખા આ છ નક્ષત્રો પિસ્તાલીસ મુહૂર્તથી યુક્ત હોય છે. બીજે પણ આજ પ્રમાણે કહેલ છે.-(अवसेया णक्खत्ता पण्णरसहुंति तीसइ मुहुत्ता, । चंदंमि एए जोगो णक्खत्ताणं समक्खायो । બાકીના નક્ષત્રો પંદર થાય છે, કે :જે ત્રીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. ઈત્યાદિ પ્રમાણ ગ્રન્થાન્તરોમાં કહેલ છે. એ બધા જ પ્રમાણાન્તરો અહીંયા કહેવાથી ગ્રન્થ વિસ્તાર વધારે પડતો થઇ જાય તેવો સંભવ રહે છે તેથી વ્યર્થ અનુચિત પ્રયાસ કરેલ નથી. ।। સૂ૦ ૩૩ ।।

ટીકાર્થ-દસમાં પ્રાભૃતના પહેલા પ્રાભૃત પ્રાભૃતમાં નક્ષત્રોનો ચંદ્રની સાથેના યોગનું સારી રીતે વિવેચન કરવામાં આવેલ છે. હવે સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ બતાવવા માટે કથન કરવામાં આવે છે-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अत्थि णक्खत्ते जे णं चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति) નક્ષત્રોનો સૂર્યની સાથેનો યોગ સાંભળો આ પ્રમાણે ભગવાન્ કહે છે-આ પહેલાં પ્રતિપાદન કરવામાં આવેલ અઠયાવીસ નક્ષત્રો હોય છે કે જે પોતાના ભોગ કાળમાં ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સૂર્યની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તથા (अत्थि णक्खत्ता जे णं छ अहोरत्ते एक्कवीसंच मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति, अत्थि णक्खत्ता जे णं तेरस अहोरत्ते बारसमुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति, अत्थि णक्खत्ता जे णं वीसं अहोरत्ते तिण्णि य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति) અઠયાવીસ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો હોય છે જે પોતાના ભોગ કાળમાં છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તથા એવા પણ નક્ષત્રો હોય છે જે નક્ષત્ર તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. તથા એવા પણ

નક્ષત્ર હોય છે જેઓ પોતાના સંચરણ સમયમાં વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. આ પ્રમાણે ભગવાન મહાવીરસ્વામીએ સામાન્ય રીતે પ્રતિપાદન કરવાથી વિશેષ જાણવાના હેતુથી ફરીથી શ્રીગૌતમસ્વામી પ્રભુશ્રીને પ્રશ્ન પૂછે છે-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं कयरे णक्खत्ते जे णं चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोगं जोएंति, कयरे णक्खत्ते जे णं छ अहोरत्ते एक्कवीसमुहुत्ते सूरेण सद्धिं जोगं जोएंति) હે ભગવન વિશેષ રૂપથી સૂર્યની સાથે યોગ કરતાં આ પહેલા કહેવામાં આવેલ અઠયાવીસ નક્ષત્રોમાં કેટલા નક્ષત્ર એવા હોય છે, કે જેઓ સ્વભોગ કાળમાં સૂર્યની સાથે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત પર્યન્ત યોગ પ્રાપ્ત કરે છે. તથા કેટલા નક્ષત્રો છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ પ્રાપ્ત કરે છે ? તથા (कयरे णक्खत्ता जे णं तेरस अहोरत्ते बारसमुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति, कयरे णक्खत्ता जे णं वीसं अहोरत्ते सूरेण सद्धिं जोयं जोएंति) કેટલી સંખ્યાવાળા અને કયા કયા નામવાળા નક્ષત્રો એવા છે કે જેઓ ક્રાંતિ વૃત્તમાં પોતાના ભોગ કાળમાં ભ્રમણ કરીને સૂર્યની સાથે તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી યોગ કરે છે. તથા કયા નામવાળા નક્ષત્રો એવા છે કે જે ક્રાંતી વૃત્તમાં ભ્રમણ કરીને સૂર્યની સાથે કેવળ વીસ અહોરાત્ર યુતિ કરે છે. આ જુદા જૂદા પ્રકારની વિવેચન કરીને આપ કહો આ પ્રમાણે શ્રીગૌતમ સ્વામીના પ્રશ્નને સાંભળીને સવિશેષ વિવેચન પૂર્વક તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं तत्थ जे से णक्खत्ते जे णं चत्तारि अहोरात्ते छच्च मुहुत्ते सूरिएण सद्धिं जोयं जोएंति से णं अभियी) પહેલાં કહેવામાં આવેલ આ અઠયાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યુતિ કરે છે. એવું એક અભિજીત નક્ષત્ર છે. આ સંબંધમાં પૂર્વાચાર્યોએ સૂર્ય યોગ સંબંધી પ્રકરણમાં અન્ય ગ્રન્થાન્તરમાં કહેલ છે જે આ પ્રમાણે છે -(तं रिक्खं जावइए वच्चइ, चंदेण भाग सत्तट्ठी । तं पणभागे राइंदियस्स सूरेण तावइए ॥१॥ અર્થાત્ જે નક્ષત્ર જેટલા અહોરાત્ર સંબંધી સડસઠ ભાગ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે, એ નક્ષત્ર રાત્રિ દિવસનો પંચમાંશ ભાગ સુધી સૂર્યની સાથે ગમન કરે છે. આ પ્રમાણેનો ગમક સમજવો. આ રીતે અભિજીત નક્ષત્ર સડસઠિયા એકવીસ ભાગ ચંદ્રની સાથે રહે છે, તેથી અહીયાં અહોરાત્રનો પાંચમો ભાગ સૂથાની સાથે રહે તેમ સમજવું. એકવીસના પાંચ ભાગ કરવાથી ૨૧÷૫= ૪$\frac{1}{5}$ ચાર અહોરાત્ર અને એક અહોરાત્રનો પાંચમો ભાગ થઈ જાય છે. તેના મુહૂર્ત બનાવવા માટે ત્રીસથી ગુણવામાં આવે અને પાંચથી ભાગવામાં આવે તો છ મુહૂર્ત મળી

આવે છે. $\frac{1}{5}$+૩૦=$\frac{3}{5}$$\frac{0}{}$=૬ આ પ્રમાણે ક્રમાનુસાર ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત થઈ જાય છે. કહ્યું પણ છે.

अभीई छच्च मुहुत्ते, चत्तारिय केवले अहोरत्ते ।
सूरेण समं वच्चइ, इत्तो सेसाण वुच्छामि ॥

अत्र ग्रन्थाग्रं, ३०००। ઈત્યાદિ (तत्थ जे ते णक्खत्ता जे णं छ अहोरत्ते एक्कवीसं य मुहुत्ते सूरिएण सद्धि जोयं जोएंति, ते णं छ, तं जहा सतभिसया भरणी अद्दा अस्सेसा साती जेट्ठा) એ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્રો એવા હોય છે કે જેની છ સંખ્યા થાય છે તેના નામો આ પ્રમાણે છે–શતતારા ભરણી આર્દ્રા અશ્લેષા સ્વાતી જ્યેષ્ઠા આ રીતે છ થાય છે આ નક્ષત્રો પોતાના ભોગકાળમા સૂર્યની સાથે છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત પર્યન્ત યાવત્ યોગ કરે છે, કહેવાનો ભાવ એ છે કે–આ દરેક નક્ષત્રો ચંદ્રની સાથે સાડી તેત્રીસ અહોરાત્ર અને એક અહોરાત્રના સડસઠિયા ભાગ સુધી ઉપભોગ કરે છે કારણુ કે આ નક્ષત્રો અપાર્ધ નક્ષત્રો હોય છે. તેથી પહેલા પ્રતિપાદન કરેલ પ્રમાણુથી આટલા અહોરાત્રનાં પાંચ ભાગ સૂર્યની સાથે ગમન કરે છે સાડી તેત્રીસનો પાંચમો ભાગ કરવાથી ૩૩$\frac{1}{2}$÷૬=૬ પૂરા છ અહોરાત્ર થાય છે. અને ૩$\frac{1}{2}$ સાડાં ત્રણનો પાંચમો ભાગ શેષ રહે છે. ૩$\frac{1}{2}$ ને$\frac{7}{2}$=$\frac{7}{10}$ આનુ મુહૂર્ત બનાવવાં માટે ત્રીસથી ગુણવામાં આવે તો $\frac{7}{10}$×૩૦= $\frac{210}{10}$ બસો દસનો દસમાંશ ભાગ થાય છે. એને દસથી ભાગવામાં આવે તો એકવીસ મુહૂર્ત મળી આવે છે, ૨૧ મુ. ક્રમાનુસાર ૬ છ અહોરાત્રને ૨૧ એકવીસ મુહૂર્ત થાય છે. તેથી કહ્યું છે કે–છ અહોરાત્ર અને એકવીસ મુહૂર્ત અહીંયાં પ્રતિપાદન કરેલ સતભિષકાદિ છ નક્ષત્રોનો આ જ પ્રમાણે યોગ થાય છે. અન્યત્ર ગ્રન્થાન્તરમાં કહ્યું પણ છે. (सयभिसया भरणीओ, अद्दा अस्सेस साइ जिट्ठाय । वच्चंति मुहुत्ते इक्कवीसे छच्चेव अहोरत्ते ॥१॥ ઇત્યાદિ તથા (तत्थ जे ते तेरस अहोरत्ते दुवालसयमुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंति ते णं पण्णरस तं जहा–सवणो धनिट्ठा पुव्वाभद्दवया रेवइ अस्सिणी कत्तिया मग्गसिर पूसो महा पुव्वफग्गुणी, हत्थो चित्ता अणुराहा मूलो पुव्वासाढा) એ પૂર્વોક્ત અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર પોતાના ભોગકાળમાં સૂર્યની સાથે તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી યોગ કરે છે, એવા પંદર નક્ષત્રો હોય છે. તેમના નામો આ પ્રમાણે છે–શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, રેવતી અશ્વિની કૃત્તિકા, મૃગશિરા પુષ્ય મઘા પૂર્વફાલ્ગુની હસ્ત ચિત્રા અનુરાધા મૂલ અને પૂર્વાષાઢા આ રીતે પંદર નક્ષત્રો છે, આ કથનનો ભાવ આ રીતે છે. આ નક્ષત્રો અહોરાત્રના પૂરેપૂરા સડસઠ ભાગ ચંદ્રની સાથે ગમન કરે છે. તે પછી સૂર્યની સાથે આ પંદર નક્ષત્રો અહોરાત્રના પાંચ ભાગ અને એક અહોરાત્ર નો સડસઠ ભાગ જાય છે. સડસઠને પાંચથી ભાગવામાં આવે તો તેર અહોરાત્ર થાય છે. અને બે શેષ બચે છે.

$૬૭ \div ૫ = ૧૩\frac{૨}{૫}$ આના મુહૂર્ત કરવા માટે ત્રીસથી ગુણવામાં આવે $\frac{૨}{૫} \times ૩૦ = \frac{૬૦}{૫}$ સાઈઠનો પંચમાંશ થાય છે. આને પાંચથી ભાગેનો બાર મુહૂર્ત થાય છે. આનો ક્રમ આ પ્રમાણે છે. ૧૩ તેર અહોરાત્ર ૧૨ બાર મુહૂર્ત તેથી જ કહ્યું છે કે તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત, અન્યત્ર પણ આ જ પ્રમાણે કહેલ છે-(अवसेसा णक्खत्ता पण्णत्ता पण्णरस विसूर सहगया जंति, बारस चेव मुहुत्ते तेरस य समे अहोरत्ते ॥१॥ ઈત્યાદિ આ પ્રમાણે શ્રવણાદિ પંદર નક્ષત્રો સ્વ ભોગકાળમાં સૂર્યની સાથે તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત સુધી યોગ કરે છે. તથા (तत्थ जे ते णक्खत्ता जे णं वीसं अहोरत्ते तिण्णि य मुहुत्ते सूरेण सद्धिं जोयं जोएंत्ति ते णं छ तं जहा-उत्तराभद्दवया रोहिणी पुणव्वसू. उत्तरफग्गुणी विसाहा ऊत्तरसाढा) એ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત યાવત્ પોતાના ભ્રમણ કાળમાં સૂર્યની સાથે યોગ પ્રાપ્ત કરે છે, એવા છ નક્ષત્રો હોય છે. તેના ક્રમાનુસાર નામો આ પ્રમાણે છે. ઉત્તરાભાદ્રપદા, રોહિણી, પુનર્વસુ, ઉત્તરફાલ્ગુની, વિશાખા, ઉત્તરાષાઢા, આ છ નક્ષત્રો એવા હોય છે. અહીંયાં પણ આ પ્રમાણેની ભાવના સમજવી.-આ છ નક્ષત્રો દરેક ચંદ્રની સાથે એકસો સડસઠ તથા સડસઠ ભાગનો અર્ધો ભાગ ગમન કરે છે. તે પછી અહોરાત્રનો પાંચમો ભાગ સૂર્યની સાથે ગમન કરે છે, ડોઢસો ને પાંચથી ભાગવાથી $૧૦૦\frac{૧}{૨} \div ૫ = ૨૦ \times \frac{૧}{૨} = ૨૦ + \frac{૧}{૧૦}$ આ રીતે વીસ અહોરાત્ર થાય છે અને એક દશાંશ શેષ વધે છે. આના મુહૂર્ત કરવા માટે ત્રીસથી ગુણા કરીને દસાથી ભાગે $\frac{૧}{૧૦} \times ૩૦ = \frac{૩૦}{૧૦} = ૩$ તો આ રીતે ત્રણ મુહૂર્ત થાય છે. ક્રમન્યાસ આ પ્રમાણે છે. ૨૦ વીસ અહોરાત્ર અને ૩ ત્રણ મુહૂર્ત અતઃ આ રીતે કહેલ છે કે ઉત્તરભાદ્રપદાદિ છ નક્ષત્રોના વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ રહે છે. ॥સૂ૦ ૩૪॥

દસમા પ્રાભૃતનું બીજું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥૧૦-૨॥

## દસમા પ્રાભૃતનું ત્રીજું પ્રાભૃતપ્રાભૃત

ટીકાર્થ—યોગના વિષયમાં આપના મતથી કેવી રીતે કહેવામાં આવેલ છે? આ વિષય સંબંધી દસમા પ્રાભૃતના પહેલા અને બીજા પ્રાભૃતપ્રાભૃતમાં ચંદ્ર સૂર્યની સાથે નક્ષત્રોના યોગ સંબંધી કથન સમ્યક્ પ્રકારથી કહીને હવે (एवंभागानि नक्षत्राणि वक्तव्यानि) અહો-રાત્રના વિભાગપૂર્વકના નક્ષત્રો કહેવા જોઈએ, આ વિષય સંબંધી આ ત્રીજા પ્રાભૃતપ્રાભૃત સંબંધી પ્રશ્ન સૂત્ર કહેવામાં આવે છે—(ता कहं ते एवंभागा आहियाति वएज्जा) હે ભગવન બીજા ઘણા વિષયોના સંબંધમાં પૂછવાનું છે પરંતુ હમણા એજ પૂછું છું કે—આપના મતથી વક્ષ્યમાણ પ્રકારના અહોરાત્ર ભાગ સંબંધી નક્ષત્રો કહેલા છે? તે કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન કહે છે કે—(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अत्थि णक्खत्ता एवं भागा समक्खेत्ता पण्णत्ता) આ પહેલાં પ્રતિપાદન કરેલ અઠયાવીસ નક્ષત્રોમાં (अत्थि) એવા નક્ષત્રો છે, કે જે દિવસના પૂર્વ ભાગમાં રહેલા ચંદ્ર યોગના આદિને અધિકૃત કરીને જે રહે તે પૂર્વ ભાગવાળા નક્ષત્રો કહેવાય છે. તથા સમ-ક્ષેત્ર અર્થાત્ સમ એટલે પૂર્ણ અહોરાત્ર પ્રમિત ક્ષેત્રને ચંદ્ર યોગને અધિકૃત કરીને રહે તે સમક્ષેત્ર નક્ષત્ર કહેવાય છે. એટલે કે ત્રીસ મુહૂર્ત તુલ્ય અર્થાત્ સંપૂર્ણ અહોરાત્ર રૂપ કહેલા છે. તથા (अत्थि णक्खत्ता पच्छंभागा समक्खेत्ता तीसमुहुत्ता पण्णत्ता) આ નક્ષત્રો પશ્ચાત્ ભાગગત હોય છે, એટલે કે દિવસના પશ્ચિમ ભાગ ગત એટલે કે દિવસનો જે પછીનો ભાગ તેમાં રહેલ ચંદ્ર યોગના આદિને અધિકૃત કરીને રહે તે પશ્ચાત્ ભાગગત કહેવાય છે. તથા સમક્ષેત્ર એટલે કે સંપૂર્ણ અહોરાત્ર વ્યાપ્ત એટલે કે ત્રીસ મુહૂર્ત અર્થાત્ નક્ષત્ર સંબંધી સાઠ ઘડિ બરોબર અહોરાત્ર વ્યાપ્ત નક્ષત્રો કહેલ તથા (अत्थि णक्खत्ता णत्तंभागा अवड्ढखेत्ता पण्णरसमुहुत्ता पण्णत्ता, अत्थि णक्खत्ता उभयं भागा दिवड्ढखेत्ता पणतालीसं मुहुत्ता पण्णत्ता) એવા પણ નક્ષત્રો હોય છે કે જે નક્ષત્ર નક્તંભાગ અર્થાત્ રાત્રિગત અર્થાત્ રાત્રિમાં ચંદ્રયોગને અધિકૃત કરીને જે ભાગ અર્થાત્ અવકાશ જેનો હોય તે નકતં ભાગ નક્ષત્ર કહેવાય છે. એટલે કે રાત્રિના ભાગવાળા એટલા માટે અર્ધમાત્ર ક્ષેત્રવાળા અપાર્ધ ક્ષેત્ર એટલે કે—જેનો અર્ધો ભાગ ન હોય તે અપાર્ધ એવા અપાર્ધ ક્ષેત્રવાળા એટલે કે અહોરાત્રનું અર્ધમાત્ર ક્ષેત્ર ચંદ્ર યોગને આદિ કરીને જે નક્ષત્રનું હોય તે અપાર્ધ ક્ષેત્ર કહેવાય છે. એટલા માટે જ પંદર મુહૂર્ત અહોરાત્રનો ચતુર્થાંશ કાળ વ્યાપિ અહોરાત્ર સાઠ ઘડી તુલ્ય હોય છે તેનો ચતુર્થાંશ એટલે કે પંદર મુહૂર્ત ચંદ્રયોગને અધિકૃત કરીને પ્રતિ-

પાદિત કરેલ છે. તથા એવા પણ નક્ષત્રો છે. કે જે નક્ષત્ર ઉભય ભાગ એટલે કે દિવસ રાત્રિગત ઉભય એટલે દિવસરાત આ દિવસરાત્રિનો જે ભાગ તે ઉભય ભાગ કહેવાય છે. એટલે કે દ્વયર્ધ ક્ષેત્ર અર્થાત્ દોઢ ક્ષેત્ર વ્યાપ્ત એટલે સાર્ધ અહોરાત્ર જેટલું જેનું ક્ષેત્ર હોય તે દ્વયર્ધ ક્ષેત્ર એટલે કે પિસ્તાલીસ મુહૂર્ત કારણ કે એક નક્ષત્ર સંબંધી અહોરાત્રમાં ત્રીસ મુહૂર્ત કલ્પિત કરવામાં આવે છે. તેથી દોઢ અહોરાત્રમાં પિસ્તાલીસ મુહૂર્ત યુક્તિ યુક્ત જ કલ્પિત કરેલ છે. તેથી જ કહ્યું છે કે દ્વયર્ધક્ષેત્ર નક્ષત્રના પિસ્તાલીસ મુહૂર્ત પ્રજ્ઞપ્ત કરેલ છે. તે આ રીતે યથાર્થ જ પ્રતિપાદિત કરેલ છે. આ પ્રમાણે વીતરાગ કેવળજ્ઞાનવાન્ ભગવાન મહાવીરસ્વામીએ સામાન્ય પ્રકારથી કહેવાથી તે વિશેષ પ્રકારથી જાણવા માટે શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं कयरे णक्खत्ता पुव्वभागा समक्खेत्ता तीसइमुहुत्ता पण्णत्ता) શ્રીગૌતમસ્વામી કહે છે કે-હે ભગવન આ પહેલાં પ્રતિપાદન કરેલ અઠયાવીસ નક્ષત્રોમાં કયા નક્ષત્રો એટલે કે કેટલી સંખ્યાવાળા અને કયા નામવાળા નક્ષત્રો પૂર્વભાગવાળા અર્થાત્ દિવસના પૂર્વ ભાગમાં રહેલા ચંદ્રયોગની આદિમાં રહે તેને પૂર્વ ભાગ ગત નક્ષત્રો કહેવામાં આવે છે. તથા સમક્ષેત્ર એટલે કે સંપૂર્ણ અહોરાત્ર વ્યાપ્ત અર્થાત્ સંપૂર્ણ અહોરાત્ર જેટલા ક્ષેત્રમાં ચંદ્રની સાથે યોગ કરીને રહે તે સમક્ષેત્ર નક્ષત્ર કહેવાય છે. અર્થાત્ સંપૂર્ણ અહોરાત્ર ગત એટલે ત્રીસ મુહૂર્ત પ્રમાણવાળા અર્થાત્ નક્ષત્ર સંબંધી સાઠ ઘડીથી યુક્ત કહેલા છે. તથા (कयरे हिंतो कयरेहिंतो कयरे णक्खत्ता उभयंभागा दीवड्ढक्खेत्ता पणतालीसइ मुहुत्ता पण्णत्ता) કેટલી સંખ્યાવાળા નક્ષત્રો એવા છે જે ઉભય ભાગ હોય છે. ? એટલે કે દિવસરાત્રિગત હોય છે ? ઉભય એટલે દિવસરાતના ભાગ કહેવાય છે. દોઢ અહોરાત્ર જેટલું ક્ષેત્ર જેનું હોય તે દ્વયર્ધ ક્ષેત્રવાળા કહેવાય છે. તેથી જ પિસ્તાલીસ મુહૂર્ત તુલ્યક્ષેત્ર વ્યાપ્ત કહેલા છે. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના વિશેષ પ્રકારના પ્રશ્નને સાંભળીને તેનો ઉત્તર આપતા ભગવાન્ કહે છે કે-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं तत्थ जे ते णक्खत्ता पुव्वंभागा समक्खेत्त तीसइ मुहुत्ता पण्णत्ता ते णं छ) પહેલાં પ્રતિપાદન કરવામાં આવેલ અઠયાવીસ નક્ષત્રોમાં રહેલા એવા કેટલા નક્ષત્રો હોય છે કે જે નક્ષત્રો દિવસના પૂર્વ ભાગમાં વ્યાપ્ત રહે છે તથા સમક્ષેત્રવાળા એટલે કે સંપૂર્ણ અહોરાત્ર વ્યાપ્ત અર્થાત્ સંપૂર્ણ અહોરાત્ર જેટલા ક્ષેત્રને ચંદ્રની સાથે યોગ કરીને રહે તે સમક્ષેત્રવાળા નક્ષત્રો કહેવાય છે. આ પ્રમાણે ત્રીસ મુહૂર્તાત્મક અર્થાત્ નક્ષત્ર ઘટિકાતુલ્ય કાળ વ્યાપ્ત જે નક્ષત્રો હોય છે તેવા છ નક્ષત્રો કહ્યા છે. તેના નામો આ પ્રમાણે છે. (तं जहा-पुव्वापोट्ठवया, कत्तिया मघा

पुव्वाफग्गुणी मूलो पुव्वासाढा) પૂર્વાપ્રૌષ્ઠપદા, પૂર્વાભાદ્રપદા, પૂર્વાફાલ્ગુની અને પૂર્વાષાઢા એટલે કે ત્રણ પૂર્વા કૃત્તિકા મઘા અને મૂળ આ પ્રમાણે છ નક્ષત્ર એવા હોય છે, જે ત્રીસ મુહૂર્ત પર્યન્ત સમક્ષેત્ર વ્યાપ્ત થઈને સંપૂર્ણ અહોરાત્ર ગત હોય છે. આ કથનની ગણિત પ્રક્રિયા આ પ્રાભૃતના પહેલા અને બીજા પ્રાભૃતપ્રાભૃતમાં ચંદ્ર સૂર્યના યોગ પ્રક્રિયામાં સૂત્ર ૩૩-૩૪-ની ટીકામાં યથાવત્ પ્રતિપાદનકરીને કહેલ છે. એજ પ્રમાણે અહીંયાં પણ સમજી લેવું. નિષ્પ્રયોજન અધિક પિષ્ટપેષણ અત્રે કરતા નથી. (तत्थ जे ते णक्खत्ता पच्छंभागा समक्खेत्ता तीसइ मुहुत्ता पण्णत्ता ते णं दस, तं जहा- अभिई सवणो धणिट्ठा रेवई अस्सिणी मिगसिरं पूसो हत्थो चित्ताअणुराहा) આ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્ર દિવસના પાછળના ભાગમાં રહેલ હોય તથા સમક્ષેત્ર એટલે કે સંપૂર્ણ અહોરાત્રમાં વ્યાપ્ત એટલા માટે ત્રીસ મુહૂર્ત વ્યાપ્ત અર્થાત્ નક્ષત્ર સંબંધી સાઠ ઘડિ તુલ્ય કાળ વ્યાપ્ત જે નક્ષત્ર હોય છે તેવા દસ નક્ષત્રો કહેલ છે. તેના નામો આ પ્રમાણે છે-અભિજીત્ શ્રવણ ધનિષ્ઠા રેવતી અશ્વિની મૃગશિરા પુષ્ય હસ્ત ચિત્રા અને અનુરાધા આ પ્રમાણેના આ દસ નક્ષત્રો પશ્ચિમ ભાગગત સંપૂર્ણ અહોરાત્ર વ્યાપ્ત ત્રીસ મુહૂર્ત પ્રમાણ કાળગત હોય છે, આ ગણિત પ્રક્રિયાની ભાવના પણ પૂર્વવત્ સમજી લેવી. તથા (तत्थ जे ते णक्खत्ता णत्तंभागा अद्धक्खेत्ता पण्णरसमुहुत्ता पण्णत्ता ते णं छ, तं जहा सयभिसया भरणी अद्दा अस्सेसा सातो जेट्ठा) આ અઠાર નક્ષત્રોમાં જે નક્ષત્ર નક્તંભાગ એટલે કે રાત્રાગત હોય છે, અતએવ પંદર મુહૂર્ત વ્યાપ્ત કાળ ગત અપાર્ધક્ષેત્રમાં વ્યાપ્ત જે નક્ષત્ર પ્રતિપાદિત કરેલ છે. તેવા નક્ષત્રો છ હોય છે. તેના ક્રમશઃ નામો આ પ્રમાણે છે, શતભિષા ભરણી, આર્દ્રા, અશ્લેષા, સ્વાતી તથા જ્યેષ્ઠા તથા (तत्थ जे ते णक्खत्ता उभयंभागा दीवड्ढक्खेत्ता पणतालीसं मुहुत्ता पण्णत्ता ते णं छ, तं जहा-उत्तरापोट्ठवया, रोहिणी पुणव्वसू उत्तराफालगुणी विसाहा उत्तरासाढा) આ પૂર્વોક્ત અઠ્યાવીસ નક્ષત્રોમાં આ રીતે જે નક્ષત્રો પ્રતિપાદિત કરેલ છે, કે જે ઉભયભાગ એટલે કે-દિવસરાત્રિગત હોય છે, અર્થાત્ ઉભયભાગગત ચંદ્ર યોગને અધિકૃત કરીને થાય છે. એવા ઉભયભાગગત દ્વયર્ધક્ષેત્ર એટલે કે દોઢ ક્ષેત્રમાં વ્યાપ્ત રહે છે. એટલે કે સાર્ધ અહોરાત્ર વ્યાપ્ત ક્ષેત્ર એટલા માટે પિસ્તાલીસ મુહૂર્ત તુલ્યકાળ વ્યાપ્ત જે નક્ષત્ર પ્રતિપાદિત કરેલ છે. એવા છ નક્ષત્રો હોય છે, તેના નામો આ પ્રમાણે છે. ઉત્તરાપ્રૌષ્ઠપદા, ઉત્તરાભાદ્રપદા, ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા

આ રીતે ત્રણ પૂર્વા તથા રોહિણી, પુનર્વસુ અને વિશાખા આ ત્રણ નક્ષત્રો મળીને છ નક્ષત્રો ઉભયભાગગત દ્વચર્ધક્ષેત્ર વ્યાપ્ત તથા પંદર મુહૂર્ત તુલ્યકાળ ભોગ્ય હોય છે. આ નક્ષત્રોની પણ ગણિત પ્રક્રિયાની ભાવના પહેલાં પ્રતિપાદન કરેલ જ છે. તથા હવે પછીના પ્રકરણમા કહેવામાં આવનાર છે, તેથી ગ્રન્થવિસ્તાર ભયથી અહીંયાં કહેલ નથી. ।।સૂ. ૩૫।।

(दसमस्स ततियं पाहुडपाहुडं समत्तं ।

દસમા પ્રાભૃતનું ત્રીજું પ્રાભૃત પ્રાભૃત સમાપ્ત ।।

દસમા પ્રાભૃતના (जोगे किं ते आहिए) આપના મતથી યોગના સંબંધમાં કેવી રીતે કહેલ છે ? આ વિષય મૂળ પ્રાભૃતના બાવીસ પ્રાભૃત પ્રાભૃતમાં પહેલા પ્રાભૃત પ્રાભૃતના પાંચ ભેદો છે. તેમાં ત્રીજુ પ્રાભૃત પ્રાભૃત સમાપ્ત ।। ૧૦-૩ ।।

## દસવેં પ્રાભૃત કા ચૌથા પ્રાભૃતપ્રાભૃત

દસમા પ્રાભૃતનું ચોથું પ્રાભૃત પ્રાભૃત

ટીકાર્થ-ચાલુ દસમા પ્રાભૃતના (યોગના વિષયમાં આપના મતથી કેવી રીતે કહેલ છે ?) આ વિષય સંબંધી ત્રીજા પ્રાભૃત પ્રાભૃતમાં એવં ભાગ નક્ષત્રના વિષયમાં નક્ષત્રોના પૂર્વ ભાગ સંબધી કથન કહેવામાં આવેલ છે. એ યોગ આદિ વિષય સંબંધી જ્ઞાન તેના જ્ઞાન વિના જાણી શકાતું નથી, તેથી આ વિષય સંબધી પ્રશ્નસૂત્ર કહેવામાં આવે છે. (ता कहं ते जोगस्स आदी आहियत्ति वएज्जा) હે ભગવન નક્ષત્રોના યોગના સંબંધમાં હું પ્રશ્ન પૂછું છું કે આપના મતથી કેવી રીતે નક્ષત્રોનો ચંદ્રની સાથેના યોગનું આદિ અર્થાત પ્રારંભકાળ પ્રતિપાદત કરેલ છે ? તે કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછેલ છે. કારણ કે અહીંયાં નિશ્ચયનયના મતથી બધા નક્ષત્રોનો અપ્રતિનિયત કાળ પ્રમાણ ચંદ્ર યોગનું આદિ કહેવાય છે. તે આદિ કારણવશાત્ જાણી શકાય છે. તે કારણ 'જ્યોતિષ્કરંડક' નામના ગ્રન્થમાં સવિસ્તર અને સપ્રપંચ તેનું વિવેચન કરેલ છે. તેથી

જીજ્ઞાસુએ તે ત્યાંથી સમજી લેવું. તેનું અહિયાં વર્ણન વિષયથી બહારનું હોવાથી અર્થાત્ વિષયાન્તર હોવાથી બિન જરૂરી છે. અહીયાં વ્યવહાર નયને અધિકૃત કરીને બાહલ્યથી જે નક્ષત્રનો જયારે ચંદ્રયોગ આદિ હોય છે. એજ અહીયાં સારી રીતે વર્ણવવાનું છે. તેથી તેને કહેવા માટે ભગવાન સૂત્ર પાઠ કહે છે.-(ता अभिई समणा खलु दुवे णक्खत्ता पच्छं भागा समक्खित्ता साईरेग ऊतालीसतिमुहुत्ता तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएंति) ભગવાન્ કહે છે કે હે ગૌતમ ! તમારા પ્રશ્નોનું વિશેષ પ્રકારથી વિવેચન સાંભળો અભિજીત્ અને શ્રવણ એ બે નક્ષત્ર એવા છે કે જે નક્ષત્રો દિવસનો પાછળના અર્ધા ભાગ ગયા પછી અર્થાત્ દિવસના અંત ભાગવર્તિ ચંદ્ર યોગના આદિને અધિકૃત કરીને જે રહે તે પશ્ચાત્ ભાગ કહેવાય છે. તથા સમક્ષેત્ર એટલે સમ્પૂર્ણ અહોરાત્ર પ્રમાણવાળા ક્ષેત્રનો ચંદ્રની સાથેના યોગને અધિકૃત કરીને જે રહે તે સમક્ષેત્ર નક્ષત્ર કહેવાય છે. એ સાતિરેક અર્થાત્ કંઇક વધારે ઓગણચાલીસ મુહૂર્ત કાળમાં વ્યાપ્ત થઇને રહે છે. તેથી તત્પ્રથમાદિ હોવાથી સાંજના સમયે ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. પરંતુ અહીંયાં અભિજીત્ નક્ષત્ર સમક્ષેત્રવાળું નથી તથાચ અપાર્ધક્ષેત્રવાળું પણ નથી એવં દ્વયર્ધ ક્ષેત્ર વાળું પણ નથી. કારણ કે તેના સ્વતંત્ર પણાથી અસ્તિત્વનો અભાવ છે. એ નક્ષત્ર કેવળ શ્રવણ નક્ષત્રની સાથે સંબંધ પ્રાપ્ત કરે છે તેથી આ શ્રવણ નક્ષત્રની સાથે અભેદોપચારથી તે અભિજીત્ નક્ષત્રને સમક્ષેત્રની કલ્પના કરીને સમક્ષેત્ર એ પ્રમાણે કહેલ છે. સાંતિરેક ઓગણચાલીસ મુહૂર્ત પ્રમાણમાં સાતિરેક નવમુહૂર્ત અભિજીત નક્ષત્રનો ભોગકાળ તથા ત્રીસ મુહૂર્ત શ્રવણ નક્ષત્રનો ભોગ કાળ એ બેઉને મળવાથી સાતિરેક ઓગણચાલીસ મુહૂર્તનું યથોક્ત પ્રમાણ થઈ જાય છે, તત્પ્રથમ એટલે કે ચંદ્ર યોગનું પ્રથમ તેમ સમજવું. સાયંકાલિન સંધ્યાકાળમાં એટલે કે દિવસના અંતભાગથી આરંભ કરીને રાતનો પણ કેટલોક ભાગ કે જેનું હજી સુધી સ્પષ્ટપણાથી નક્ષત્ર મંડળ થયેલ ન હોય એવો

કાળ વિશેષ સાયંપદથી કહેવાય છે. તથા ગણિત પ્રક્રિયામાં સૂર્યબિંબના ઉદયની પહેલા દોઢ ઘડી પ્રમાણનો કાળ વિશેષ તથા બિંબના અર્ધા ઉદયની પછી પણ એટલો કાળ આ રીતે બન્નેને મેળવવાથી ત્રણ ઘડિ પ્રમાણનો કાળ પ્રભાતકાળની સંધ્યાનો કાળ તથા એ જ રીતે સૂર્યના બિંબાર્ધથી દોઢ ઘડિ પહેલાં આરંભ કરીને નક્ષત્ર દર્શન પર્યન્ત એટલે કે દોઢ ઘડિ સુધી આ રીતે બન્નેને મેળવવાથી ત્રણ ઘડિ જેટલો કાળ વિશેષનું સાયં સંધ્યા આ પ્રમાણે ગણિત દષ્ટિથી નામ કહેલ છે. કહ્યું પણ છે.-(संध्या त्रिनाडी प्रामितार्क बिम्बादर्धोदितास्तादध ऊर्ध्व मत्र) ઈત્યાદિ આ સાયં કાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. અહીંયાં જો કે અભિજીત નક્ષત્ર યુગની આદિમાં પ્રભાતકાળના ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તો પણ શ્રવણની સાથે સંબંધ હોવાથી અહીંયાં આ રીતેવિવક્ષિત કરેલ છે. કારણ કે શ્રવણ નક્ષત્ર મધ્યાહ્નકાળની પછી નીકળે છે. દિવસેમાં ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તેથી તેના સાહચર્યથી અભિજીત નક્ષત્ર પણ સાયંકાળે (साद्धिं जोयं जोएंति) ચંદ્રની સાથે યોગને પ્રાપ્ત કરે છે. અથવા યુગની આદિને છોડીને અન્ય પ્રકારથી બાહલ્યને અધિકૃત કરીને કહી લેવું. આ રીતે કહેવું પણ નિર્દોષ જ છે. કારણ કે ગણિતથી તથાવેધાદિથી ઉત્તરાષાઢા નક્ષત્રનો અંતિમ ચતુર્થાંશ ભાગ તથા શ્રવણ નક્ષત્રના આદિનો ચાર ઘડિ પરિમિત કાળ એ બન્નેને મેળવવાથી જે થાય છે એજ અભિજીત નક્ષત્રનું ભોગ પરિમાણ થાય છે. (वैश्वदेवान्त्यपादः स्याच्छ्रुते राद्यब्धि नाडिका अभिजितूभ) ઈત્યાદિ કહેલ છે. (ततो पच्छा अवरं सातिरेयं दिवसं, एवं खलु अभियी सवणा दुवे णक्खता एगं राइं एगं च सातिरेगं दिवसं चंदेण सद्धिं जोयं जोएंति) તે પછી બીજો કંઈક અધિક દોઢ દિવસ યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે, એજ વાત ઉપસંહારના બહાનાથી સ્પષ્ટ કરે છે- આ કહેલ પ્રકારથી અભિજીત નક્ષત્ર અને શ્રવણ નક્ષત્ર એ બન્ને (सायं) એટલે સાંજના સમયથી આરંભીને એકરાત અને સાતિરેક બીજો દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે. કંઈક અધિક ઓગણચાલીસ મુહૂર્ત પ્રમાણ ભોગ કાળ હોવાથી તથા તીસ મુહૂર્ત પ્રમાણવાળા કાળની અહોરાત્ર સંજ્ઞા હોવાથી (जोयं जोएत्ता जोयं अणुपरियट्टंति, जोयं अणुपरियट्टित्ता सायं चंदं धणिट्ठाणं समप्पेंति) આટલો કાળ અર્થાત્ દોઢ દિવસ પ્રમાણ સમય ચંદ્રની સાથે યોગ કરીને તે પછી અનુપરિવર્તન કરે છે. એટલે કે-વિનિમય કરે છે. યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે દિવસના કેટલાક પછીના ભાગમાં એટલે કે સૂર્યાસ્તની નજીકના ત્રણ ઘડિ યુક્ત કાળમાં ચંદ્ર ધનિષ્ઠા નક્ષત્રમાં સાંજના સમયે ચંદ્રની સાથે પ્રથમ યોગ કરે છે. તેથી આ ત્રણ નક્ષત્ર 'પશ્ચાત્ ભાગઃ કહેવાય છે. (ता धनिट्ठा खलु णक्खत्ते

पच्छंभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ) તે પછી આત્મ સમર્પણ કર્યા પછી ધનિષ્ઠા નક્ષત્ર પશ્ચાત્ ભાગ એટલે કે અહોરાત્રના પશ્ચિમ ભાગમાં એટલે કે સાંજના સમયે ધનિષ્ઠા નક્ષત્ર પ્રથમ ચંદ્રની સાથે યોગ કરવાથી પશ્ચાત્ ભાગ નક્ષત્ર કહેવાય છે. સમક્ષેત્ર એટલે કે અહોરાત્ર પરિમિત કાલ વ્યાપ્ત ત્રીસ મુહૂર્ત અર્થાત્ નક્ષત્રની સાઠ ઘડિ બરોબર સમય, તત્પ્રથમતઃ અર્થાત્ તેનાથી આરંભ કરાતો હોવાથી તત્પ્રથમ સાંજ એટલે કે દિવસના કેટલાક પછીના ભાગમાં અર્થાત્ સાયંકાળના સમયે ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. (जोयं जोएत्ता चंदेण सद्धिं जोयं जोएत्ता ततो पच्छा राइं अवरं च दिवसं) ચંદ્રની સાથે યોગ કરીને તે પછી એકરાત અને એક દિવસ યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે. કારણ કે-ત્રીસ મુહૂર્ત હોવાથી પૂર્વ સાંજના સમયથી આરંભ કરીને બીજા દિવસની સાંજના સમય પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે તેથી આ રીતે કહેલ છે, કે-એક રાત અને બીજો દિવસ યુક્ત રહે છે. એજ વાત ઉપસંહાર રૂપે કહે છે (एवं खलु धणिट्ठा णक्खत्ते एगं च राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं सतभिसयाणं समप्पेइ) આ પૂર્વોક્ત પ્રકારથી ધનિષ્ઠા નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પ્રમાણવાળું હોવાથી તથા સાંજના સમયથી પ્રવૃત્ત થતું હોવાથી એક અહોરાત અર્થાત્ એક રાત અને એક દિવસ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. અને યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે દિવસના કેટલાક પાછળના ભાગમાં અર્થાત્ સૂર્યના અસ્તમનની સમીપવર્તી ત્રણ નાડી પરિમિતકાળમાં ચંદ્ર શત ભિષક્ નક્ષત્રને પ્રાપ્ત કરે છે. સ્પષ્ટરૂપથી નક્ષત્રના અવલોકન સમયમાં પ્રાયઃ શતભિષક્ નક્ષત્રને સમર્પિત કરે છે- તેથી આ નક્ષત્ર નક્તંભાગમાં અવલોકનીય હોય છે. કહ્યું પણ છે.-(ता सयभिसया खलु णक्खत्ते णत्तंभागे अवड्ढक्खेत्ते पण्णरसमुहुत्ते पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, णो लभइ अवरं दिवसं) ચંદ્રનો યોગ પ્રાપ્ત થવાથી શતભિષક્ નક્ષત્ર કેવળ રાતના ભાગવર્તિ અહોરાત્રનો કેવળ અર્ધાભાગ ક્ષેત્રને પંદર મુહૂર્ત પરિમિત સમય પ્રથમતઃ અર્થાત્ તેમાંથી આરંભ કરીને ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. અર્થાત્ આટલા કાળ પર્યન્ત ચંદ્રની સાથે નિવાસ કરે છે. આ પ્રકારથી યોગ હોવાથી બીજો દિવસે ચંદ્રની સાથે યોગ માટે પ્રાપ્ત થતો નથી. કારણ કે પંદર મુહૂર્ત પર્યન્ત જ ભોગકાળ હોય છે. તથા સાંજના સમયથી પ્રારંભ થાય છે. તેથી રાત્રિ વ્યાપી રહીને યોગની સમાપ્તિ થાય છે. બીજું પણ કહે છે-(एवं खलु सयभिसया णक्खत्ते एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं जोयं अणुपरियट्टइ अणुपरियट्टित्ता तओ चंदं पुव्वाणं पोट्ठवयाणं समप्पेइ) આ પૂર્વોક્ત પ્રકારથી ધનિષ્ઠા નક્ષત્ર કેવળ એક રાત્રી ચંદ્રની સાથે યોગ કરે છે.

ચંદ્રની સાથે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. યોગનું અનુપરિવર્તન એટલે કે યોગનો વિનિમય કરે છે. અર્થાત્ બદલે છે. આ રીતે યોગનું અનુપરિવર્તન કરીને એટલે કે યોગનો વિનિમય કરીને પ્રભાતકાળે ચંદ્રને પ્રૌષ્ઠપદા એટલે કે પૂર્વાભાદ્રપદા નક્ષત્રને સમર્પિત કરે છે. એટલે કે આપે છે. અહીંયાં પૂર્વાભાદ્રપદા નક્ષત્રનો પ્રાતઃકાળમાં ચંદ્રની સાથે પ્રથમ યોગ પ્રવૃત્ત થાય છે. તેથી અહીંયાં પૂર્વભાગ કહેલ છે. આ સંબંધમાં કહ્યું પણ છે.-(ता पुव्वापोट्ठवया खलु णक्खत्ते पुव्वंभागे समक्खेत्ते त्तीसइमुहुत्ते तप्पमढयाए पातो चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छा अवरराइं)શતભિષક્ નક્ષત્રને ચન્દ્રને સમર્પિત કર્યા પછી પૂર્વભાદ્રપદા નક્ષત્ર પોતાના પ્રવૃત્ત સમયથી આરંભીને પ્રાતઃકાળમાં જ ચંદ્રની સાથે પ્રથમ યોગ હોવાથી અહોરાત્રનો પ્રથમ ભાગ અતએવ સમક્ષેત્ર અર્થાત્ સંપૂર્ણ અહોરાત ત્રીસ મુહૂર્ત પ્રમાણુકાળ વ્યાપ્ત ત્યાંથી પ્રથમ આરંભ થવાથી પ્રાતઃકાળમાં અર્થાત્ નક્ષત્ર સંબંધી સાઠ ઘડિના સમાપ્તિકાળમાં એટલે કે બીજા દિવસના સૂર્યોદય કાળ પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. તે પછી અર્થાત્ ચંદ્રની :સાથે નિવાસ થયા પછી બીજી રાત પણ ચંદ્રની સાથે રહે છે, કારણ કે ત્રીસ મુહૂર્ત કાળ અહોરાત્રનો થાય છે. અને આ પ્રાતઃ કાળથી પ્રવૃત્ત થાય છે તેથી એ પૂરો એક દિવસ અને બીજી રાત્રી ચંદ્રની સાથે નિવાસ કરે છે. આજ વાત ઉપસંહાર રૂપે કહે છે. (एवं खलु पुव्वापोट्ठवया णक्खत्ते एगं च दिवसं एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ) આ પૂર્વોક્ત પ્રકારથી પૂર્વાભાદ્રપદા નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પ્રમાણવાળું હોવાથી તથા પ્રાતઃકાળે પ્રવૃત્ત થતું હોવાથી એક દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે. અર્થાત્ આટલા કાળ પર્યન્ત એટલે કે એ અહોરાત્ર પરિમિત કાળ પર્યન્ત નિવાસ કરે છે. તેથી પૂર્વાભાદ્રપદા નક્ષત્રનો સ્વતંત્ર એક અહોરાત્ર કાળ પર્યન્ત ભોગ કાળ રહે છે. (जोगं जोएत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पातो चंदं उत्तरापोट्ठवयाणं समप्पेइ) પૂર્વાભાદ્રપદા નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ કરીને એ યોગને પરિવર્તિત કરે છે અને એ યોગનું અનુપરિવર્તન કરીને અર્થાત્ વિનિમયન કરીને સવારના સમયે અર્થાત્ બીજા દિવસના સૂર્યોદય સમયે ચંદ્રને ઉત્તરાભાદ્રપદા નક્ષત્રને સમર્પિત કરે છે. અર્થાત્ ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો યોગ કરાવે છે. આ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પૂર્વોક્ત પ્રકારથી પ્રાતઃકાળના સમયે ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરીને ચંદ્ર ત્યાં ગમન કરે છે. કારણ કે કેવળ પહેલાના પંદર મુહૂર્ત જે અધિક છે. તેને હટાવીને સમક્ષેત્રની કલ્પના કરીને જ્યારે યોગનો વિચાર કરવામાં આવે તો રાત્રિમાં પણ યોગ રહે છે. આ રીતે ઉભય એટલે કે બેઉ ભાગ ભોગવે છે. કહ્યું પણ છે. (ता उत्तरापोट्ठवया खलु णक्खत्ते उभयंभागे दिवड्ढक्खेत्ते पणतालीसमुहुत्ते तप्पढमताए पातो चंदेण सद्धिं जोयं जोएइ, अवरं च राइं तओ

पच्छा अवरं दिवसं) ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો યોગ થવાથી તેના પ્રારંભ કાળથી ઉત્તરા પ્રૌષ્ઠપદા નક્ષત્ર ઉભયભાગ એટલે અહોરાત પ્રમાણુ કાળ વ્યાપ્ત દોઢ અહોરાત્ર તુલ્યક્ષેત્ર ગત થઈને રહે છે. કારણ કે પિસ્તાલીસ મુહૂર્ત તુલ્ય કાલ પર્યન્ત સ્થિત રહેવાથી એ યોગના પ્રારંભના સમયથી આરંભીને એ સમયરૂપ પ્રાતઃ સૂર્યોદય કાળમાં નક્ષત્રની સાઠઘડિ તુલ્ય પહેલી અહોરાત્ર સમાપ્ત થયા પછી બીજા અહોરાત્રના આરંભ કાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. એટલે કે ચંદ્રની સાથે મળે છે. તેવી રીતે થઈને એ સંપૂર્ણ દિવસ તથા બીજી એક રાત તથા તે પછીનો દિવસના અંત પર્યન્તમાં પિસ્તાલીસ મુહૂર્ત સમાપ્ત થાય છે. ત્યાં સુધી ચંદ્રની સાથે રહે છે. હવે આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે-(एवं खलु उत्तरापोट्ठवया णक्खत्ते दो दिवसे एवं च राई चंदेण सद्धिं जोयं जोएइ, अवरं च राइं) આ પૂર્વોક્ત પ્રકારથી ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પિસ્તાલીસ મુહૂર્ત વ્યાપ્ત હોવાથી બે દિવસ અને એક રાત સુધી ચંદ્રની સાથે વ્યાપ્ત રહે છે.-(तओ पच्छा अवरं दिवसं) તે પછી બીજો દિવસ એટલે કે- આરંભ અને અંતના બે દિવસ હોય છે. તથા મધ્યમાં રાત્રી રહે છે. આ પ્રમાણે દોઢ અહોરાત્ર પ્રમાણ કાળ પિસ્તાલીસ મુહૂર્તાત્મક થઈ જાય છે. (एवं खलु उत्तरापोट्ठवया णक्खत्ते दो दिवसे एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं रेवइणं समप्पेइ) આ પૂર્વોક્ત પ્રકારથી ઉત્તરાપ્રૌષ્ઠપદા એટલે કે ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર બે દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે, આ રીતે યોગ કરીને યોગનું અનુપરિવર્તન એટલે કે-એ યોગનો વિનિમય કરે છે. યોગનું અનુપરિવર્તન કરીને સાયં કાળે દિવસના કંઈક પશ્ચાત્ ભાગમાં અર્થાત્ સૂર્યાસ્તથી બન્ને બાજુએ રહેલ ત્રણ નાડી જેટલા કાળમાં ચંદ્રને રેવતી નક્ષત્રને સમર્પિત કરે છે, એટલે કે રેવતી નક્ષત્રને આપે છે.

(ता रेवइ खलु णक्खत्ते पच्छा भागे समक्खेत्ते तीसई मुहुत्ते तप्पढमताए सायं चंदेण सद्धिं जोयं जोएति, तओ पच्छा अवरं दिवसं) ઉત્તરાભાદ્રપદા નક્ષત્રની પછી રેવતી નક્ષત્ર અહોરાત્રના પાછળના ભાગના સમક્ષેત્ર એટલે કે દિવસરાત્રિ વ્યાપ્ત ત્રીસ મુહૂર્ત પરિમિત કાળ વ્યાપ્ત એ યોગના પ્રારંભ કાળ રૂપ સાયંકાળમાં એટલે કે સૂર્યાસ્તના સમયે દિવસના કંઈક પાછળના ભાગમાં ચંદ્રની સાથે યોગ કરે છે. એટલે કે ચંદ્રની સાથે નિવાસ કરે છે. (एवं खलु रेवती णक्खत्ते एगं राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ जोयं जाइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं अस्सिणीणं समप्पेइ) આ પૂર્વોક્ત પ્રકારથી રેવતી

નક્ષત્ર ચંદ્રની સાથે યુક્ત થઇને સાયંકાળની પછી એ એક પૂરી રાત્રી તથા બીજો દિવસ યાવત્ ચંદ્રની સાથે યોગ કરે છે. કારણ કે રેવતી નક્ષત્ર સમક્ષેત્ર વ્યાપી છે. તેથી એક રાત દિવસ રહે છે. એજ વાત ઉપસંહાર રૂપે કહે છે, યોગ કરીને એટલે કે ચંદ્રની સાથે રહીને યોગનુ અનુપરિવર્તન કરે છે. એટલે કે યોગનો વિનિમય કરે છે. યોગનો વિનિમય કરીને બીજા દિવસના સાંજના સમયે એટલે કે દિવસના કેટલાક પછીના ભાગમા ચંદ્રને અશ્વિની નક્ષત્રને સમર્પિત કરે છે. એટલે કે અશ્વિની નક્ષત્રથી યુક્ત કરે છે. (ता अस्सिणी खलु णक्खत्ते पच्छिमभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमताए सायं चंदेण सद्धिं जोयं जोएइ) આ અશ્વિની નક્ષત્ર પણ સાયંકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી અહોરાત્રના ભાગ વર્તિ સમક્ષેત્ર એટલે કે-અહોરાત્ર વ્યાપ્ત ક્ષેત્રને કારણ કે ત્રીસ મુહૂર્ત પરિમિત કાળ વ્યાપી હોવાથી સમક્ષેત્ર કહેલ છે. એ નક્ષત્રના યોગના આરંભ કાળથી સાંજના સમયમાં અર્થાત્ દિવસના કેટલાક પછીના ભાગમાં એટલે કે સૂર્યાસ્ત પછી ત્રણ નાડી તુલ્ય પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. એટલે કે એટલા કાળ પર્યન્ત ચંદ્રની સાથે રહે છે,-(तओ पच्छा अवरं दिवसं) રાત્રી સમાપ્ત થયા પછી બીજો એક દિવસ ચંદ્રની સાથે રહે છે. એજ વાત ઉપસંહાર રૂપે કહે છે.-(एवं खलु अस्सिणीणक्खत्ते एगं च राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता, जोयं अणुपरियट्टइ जोयं अणुपरियट्टित्ता सायं चंदं भरणीणं समप्पेइ) આ પૂર્વોક્ત પ્રકારથી અશ્વિની નક્ષત્ર પણ સાંજના સમયે ચંદ્રની સાથે લાગતું હોવાથી એ એક રાત અને ત્રીસ મુહૂર્ત વ્યાપી હોવાથી તે પછીનો દિવસ એ રીતે એક અહોરાત્ર ચંદ્રની સાથે યોગ કરે છે. સમક્ષેત્ર વ્યાપી હોવાથી તથા સાયં કાળ યોગ કરતા હોવાથી સાયંકાળથી આરંભ કરીને એ રાત્રી પુરી તથા બીજો પુરો દિવસ ચંદ્રની સાથે રહે છે. આ પ્રમાણે યુક્ત થઇને અર્થાત્ એટલો કાળ ચંદ્રની સાથે રહીને યોગનું અનુપરીવર્તન કરે છે, એટલે કે યોગનો વિનિમયકરે છે. આ રીતે યોગનો વિનિમય કરીને સાંજના સમયે એટલે કે બીજા દિવસની સાંજે અર્થાત્ દિવસના કેટલાક પશ્ચાત્ ભાગમાં અર્થાત્ સૂર્યાસ્તના સમીપસ્થ બન્ને બાજુની મળેલ ત્રિનાડી પ્રમાણવાળા કાળમાં પોતાની સાથે નિવાસ કરતાં એ ચંદ્રને ભરણી નક્ષત્રને સમર્પિત કરે છે. અર્થાત્ અશ્વિની નક્ષત્ર ભરણી નક્ષત્રને ચંદ્ર સમર્પિત કરે છે, સાયં શબ્દનું તાત્પર્ય એ છે કે-સ્પષ્ટપણાથી નક્ષત્રમંડળના અવલોકનનો સમય તેથી આ ભરણી નક્ષત્ર ઉક્ત કથન પ્રમાણે રાત્રે ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે તેથી નક્તંભાગ સમજવું બીજું પણ કહે છે-(ता भरणी खलु णक्खत्ते णत्तंभागे अवड्ढक्खेत्ते पण्णरसमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएंति, णो लभइ अवरं दिवसं) ભરણી નક્ષત્રને સમર્પણ કર્યા પછી ભરણી

નક્ષત્ર નક્તંભાગ અર્થાત્ કેવળ એક રાત્રી રહેવાવાળું અપાર્ધક્ષેત્ર એટલે કે પુરા અહો-રાત્રનો અર્ધો ભાગ અર્થાત્ પંદર મુહૂર્ત પ્રમાણુ કાળ વ્યાપી હોવાથી અપાર્ધ એ પ્રમાણે કહેલ છે. તદ્યોગ પ્રથમ અર્થાત્ ચંદ્રની સાથે યોગ કાળનો આરંભ હોવાથી કારણ કે સાંજરે અર્થાત્ દિવસના કેટલાક પાછળના ભાગના સમયમાં ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી એવું કહ્યું છે કે-નક્તંભાગ, અપાર્ધક્ષેત્ર અર્થાત્ આ નક્ષત્ર અપાર્ધક્ષેત્ર વાળું તથા પંદર મુહૂર્ત પ્રમાણુવાળું હોવાથી તથા સાંજરે ચંદ્રની સાથે યોગ કરતું હોવાથી રાત્રે જ ચંદ્રનો યોગ સમાપ્ત કરે છે તેથી બીજે દિવસે ચંદ્રની સાથે યોગ કરતું નથી. તેથી ઉપસંહાર રૂપે સ્પષ્ટ કરે છે કે-(एवं खलु भरणी णक्खत्ते एगं राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता, जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पातो चंदं कत्तिकाणं समप्पेइ) આ પૂર્વોક્ત પ્રકારથી ભરણી નક્ષત્ર કેવળ એક જ રાત ચંદ્રની સાથે યોગ કરે છે. આ નક્ષત્ર અપાર્ધક્ષેત્રવાળું નક્તંભોગી તથા પંદર મુહૂર્તકાળ વ્યાપી હોવાથી કેવળ એક રાત જ ફક્ત ચંદ્રનો યોગ કરીને યોગનું પરિવર્તન એટલે કે વિનિમય કરે છે. યોગનું પરિ-વર્તન કરીને પ્રાતઃકાળ એટલે કે સૂર્યોદયની નજીકના સમયે પોતાની સાથે નિવાસ કરતા એ ચંદ્રને કૃત્તિકા નક્ષત્રને ભોગને માટે આપી દે છે. આ રીતે આ કૃત્તિકા નક્ષત્ર પહેલાં કહેવામાં આવેલ યુક્તિ અનુસાર પ્રાતઃકાળમાં જ ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી આ નક્ષત્રને પૂર્વભાગ સમજવામાં આવે છે. એજ વાત સ્પષ્ટ કરતાં કહે છે-(ता कत्तिका खलु णक्खत्ते पुव्वंभागे समक्खित्ते तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेणं सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता, जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पातो चन्दं रोहिणीणं समप्पेइ) કૃત્તિકા નક્ષત્રને સમર્પિત કરીને પછી કૃત્તિકા નક્ષત્ર પૂર્વભાગ એટલે કે પૂર્વાહ્નથી પ્રારંભ થતું હોવાથી અહોરાત્રિના પૂર્વ ભાગગત તથા સંપૂર્ણ અહોરાત્ર કાળ વ્યાપી અતએવ ત્રીસ મુહૂર્ત પ્રમાણુ કાળ વ્યાપી તથા ચંદ્ર યોગનો આરંભ કાળ હોવાથી સાંજના સમયે ચંદ્રની સાથે યોગ કરે છે. અર્થાત્ ચંદ્રની સાથે નિવાસ કરે છે. એ રીતે ચંદ્રનો યોગ પ્રાપ્ત કરીને એ યોગનો વિનિમય કરે છે. એ યોગનું અનુપરિવર્તન અર્થાત્ વિનિમય કરીને ફરીથી પ્રભાત કાળમાં અર્થાત્ સૂર્યોદયની નજીકના સમયમાં પોતાની સાથે નિવાસ કરતાં ચંદ્રને રોહિણી નક્ષત્રને સમર્પિત કરે છે. એટલે કે રોહિણી નક્ષત્રને આપી દે છે. અર્થાત્ તે ચંદ્ર કૃત્તિકા નક્ષત્રને છોડીને રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે છે. આ રીતે આ કૃત્તિકા નક્ષત્ર દ્વયર્ધક્ષેત્ર એટલે કે દોઢ અહોરાત્ર પ્રમાણુના ક્ષેત્ર પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. પૂર્વકથિત યુક્તિ અનુસાર આ નક્ષત્ર ઉભય ભાગ સમજવું.

(रोहिणी जहा उत्तराभद्दवया) આ રીતે રોહિણી નક્ષત્રના વિષયમાં પહેલાં જે રીતે ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રના સંબંધમાં કથન કરેલ છે, એજ પ્રમાણે સમજવું. (ता रोहिणी खलु णक्खत्ते उभयभागे दिवड्ढक्खेत्ते पणतालीसइमुहुत्ते तप्पढमयाए पायो चंदेण सद्धिं जोयं जोएइ अवरं च राइं तओ पच्छा अवरं दिवसं एवं खलु रोहिणी णक्खत्त दो दिवसे एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता, जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं मिगसिरस्स समप्पेइ) રોહિણી નક્ષત્ર ઉભયભાગ દ્વયર્ધક્ષેત્ર અને પિસ્તાલીસ મુહૂર્ત પ્રમાણવાળું હોવાથી તત્પ્રથમ અર્થાત્ એ સમયે પ્રથમ ચંદ્રની સાથે યોગ કાળનો આરંભ થવાથી પ્રભાતકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. તથા તે પછીની એક રાત અને બીજા દિવસ પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. આ પ્રમાણે રોહિણી નક્ષત્ર બે દિવસ તથા એક રાત પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. આ રીતે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, અનુપરિવર્તન કરીને સાંજના સમયે ચંદ્રને મૃગશીર્ષનક્ષત્રને સમર્પિત કરે છે, આ બધું જ પહેલાં વ્યાખ્યાત થઈ ગયેલ છે, તેથી અધિક લેખ વધારીને પિષ્ટપેષણ કરતાં નથી. (मिगसिरं जहा धणिट्ठा) મૃગશીર્ષ નક્ષત્રના સંબંધમાં પહેલાં જે પ્રમાણે ધનિષ્ઠા નક્ષત્રના વિષયમાં કથન કર્યું છે એજ પ્રમાણે કહી લેવું. જે આ પ્રમાણે છે,–(ता मिगसिरे णक्खत्ते पच्छंभागे तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता तओ पच्छा अवरं दिवसं, एवं खलु मिगसिरे णक्खत्ते एगं राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं अद्दाए समप्पेइ) મૃગશિર નક્ષત્ર પશ્ચાદ્‌ભાગ ત્રીસ મુહૂર્તપ્રમાણવાળું અને સાંજના સમયે પ્રારંભ થઈને ચંદ્રની સાથે યોગ કરે છે, સાંજે ચંદ્રની સાથે યોગ કરીને તે પછી બીજે દિવસે રહે છે. આ રીતે મૃગશિરા નક્ષત્ર એક રાત અને એક દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે. એ રીતે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. અનુપરિવર્તન કરીને સાંજે ચંદ્રને આર્દ્રા નક્ષત્રને સમર્પિત કરે છે, અહીં કહેલા બધા પદોની વ્યાખ્યા પહેલાં કહે-

વાઈ ગઈ છે. તેથી ફરીથી અહીંયાં વ્યાખ્યાત કરતા નથી, અહીંયાં સાંજ કહેવાથી પ્રાયઃ સ્પષ્ટપણાથી નક્ષત્રમંડળના અવલોકન સમયમાં તેમ સમજવું. (अद्दा जहा सयभिसया) આર્દ્રા નક્ષત્રનું કથન જે પ્રમાણે પહેલાં શતભિષક્ નક્ષત્રનું કથન કરેલ છે. એજ પ્રમાણે સમજવું. જે આ પ્રમાણે છે.-(ता अद्दा खलु णक्खत्ते णत्तंभागे अद्धक्खेत्ते पण्णरसमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ णो लभेइ अवरं दिवसं एवं खलु अद्दाणक्खत्ते एगं राइं चंदेण सद्धिं जोयं जोएइ जोयं जोएत्ता, जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पाओ चंदं पुणव्वसूणं समप्पेइ) આર્દ્રા નક્ષત્ર નક્તંભાગ અપાર્ધક્ષેત્ર પંદર મુહૂર્તપ્રમાણ યુક્ત સાંજના સમયે પ્રથમ યોગનો આરંભ કરીને ચંદ્રની સાથે યોગ કરે છે, એને બીજા દિવસનો યોગ થતો નથી. આ પ્રમાણે આર્દ્રા નક્ષત્ર એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે. આ રીતે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. યોગનું અનુપરિવર્તન કરીને પ્રભાતકાળમાં ચંદ્રને પુનર્વસુ નક્ષત્રને સમર્પિત કરે છે. અહીંયાં કહેવામાં આવેલ સૂત્રસ્થ તમામ પદોની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી ગયેલ છે. આ પુનર્વસુ નક્ષત્ર દ્વયર્ધ ક્ષેત્ર વ્યાપી હોવાથી પહેલાં કહેલા પ્રકારથી ઉભય ભાગવાળા એટલે કે રાતદિવસનો ઉપભોગ કરવાવાળા સમજવા. એજ કહે છે. (पुणव्वसु जहा उत्तराभद्दवया) પુનર્વસુ નક્ષત્ર જે પ્રમાણે પહેલાં ઉત્તર ભાદ્રપદા નક્ષત્રનું કથન કરેલ છે, એજ પ્રમાણે સમજી લેવું. જે આ પ્રમાણે છે.- (ता पुणव्वसु णक्खत्ते खलु उभयभागे दिवड्ढक्खेत्ते पणतालीसइ मुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ अवरं च राइं तओ पच्छा अवरं दिवसं एवं खलु पुणव्वसु णक्खत्ते दो दिवसे एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता जोयं अणुपरियट्टइ जोयं अणुपरियट्टित्ता सायं चंदं पुस्सस्स समप्पेइ) આ પુનર્વસુ નક્ષત્ર ઉભયભાગ દ્વયર્ધ ક્ષેત્ર વ્યાપી અને પિસ્તાલીસ મુહૂર્ત પર્યન્ત રહેવાવાળું તથા પ્રાતઃકાળથી ચંદ્રની સાથે યોગ કરે છે.

તે પછી એક રાત અને બીજો એક દિવસ આ રીતે પુનર્વસુ નક્ષત્ર બે દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે ચંદ્રને પુષ્પ નક્ષત્રને સમર્પિત કરે છે. અહીંયાં સૂત્રમાં કહેલ બધા પદોની વ્યાખ્યા પહેલાં કહી જ દીધેલ છે. આ પુષ્પ નક્ષત્ર દિવસના અન્તમાં એટલે કે સાંજના સમયે ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તેથી આ નક્ષત્ર પશ્ચાત્ભાગ કહેલ છે. તથા કહ્યું પણ છે, (पुस्सो जहा धणिट्ठा) પુષ્પ નક્ષત્ર જે રીતે ધનિષ્ઠા નક્ષત્રનું કથન કરેલ છે, તેજ પ્રમાણે આ સમજી લેવું જે આ પ્રમાણે છે,-(पुस्से खलु णक्खत्ते पच्छंभागे समक्खेत्ते तीसइंमुहुत्ते तप्पढमयाए सायं चंदेग सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता तओ पच्छा अवरं दिवसं, एवं खलु पुस्से णक्खत्ते एगं राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं असिलेसाए समप्पेइ) પુષ્ય નક્ષત્ર પશ્ચાદ્ભાગ સમક્ષેત્ર ત્રીસ મુહૂર્તપ્રમાણકાળ વ્યાપી સાંજના સમયે પ્રથમ ચંદ્રની સાથે યોગ કરે છે. એ પ્રમાણે યોગ કરીને પછીથી બીજે દિવસે રહે છે, આ રીતે પુષ્ય નક્ષત્ર એક રાત અને એક દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે ચંદ્રને અશ્લેષા નક્ષત્રને સમર્પિત કરે છે. અહીંયાં પણ સૂત્રમાં કહેલ બધા જ પદોની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી ગયેલ છે તેથી તેને ફરીથી વ્યાખ્યાત કરેલ નથી, આ અશ્લેષા નક્ષત્ર સ્પષ્ટ રૂપે નક્ષત્રોના અવલોકન રૂપ સાંજના સમયે પ્રાયઃ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તેથી આ નક્ષત્ર નક્તંભાગ સમજવું. તથા અપાર્ધ ક્ષેત્ર વ્યાપિ હોવાથી એજ રાત્રે ચંદ્રની સાથેના યોગ સમાપ્ત કરે છે તેમ સમજવું, તથા કહ્યું પણ છે,-(अस्सेसा जहा सयभिसया) પહેલાં શતભિષક્ નક્ષત્રનું જે રીતે કથન કરેલ છે, એજ પ્રમાણે અશ્લેષા નક્ષત્રનું કથન સમજવું તે ભાવના આ પ્રમાણે છે.-(ता अस्सेसा खलु णक्खत्त णत्तंभागे अवड्ढक्खेत्ते पण्णरसमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता

जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पाओ चंदं मघाणं समप्पेइ) અશ્લેષા નક્ષત્ર નક્ત ભાગ અપાર્ધ ક્ષેત્રવાળું પંદર મુહૂર્તપ્રમાણકાળ વ્યાપી તથા સાંજના સમયે પ્રથમ ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને તેને બીજે દિવસ મળતો નથી, આ રીતે અશ્લેષા નક્ષત્ર એક રાત્રિ પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. યોગનું અનુપરિવર્તન કરીને પ્રાતઃકાળમાં મઘાનક્ષત્રને ચંદ્ર સમર્પિત કરે છે. સાંજરે ચંદ્રની સાથે યોગ થવાથી તથા અર્ધક્ષેત્ર વ્યાપી હોવાથી કેવળ પંદર મુહૂર્ત પર્યન્ત રહેવાથી આ અશ્લેષા નક્ષત્ર કેવળ એક રાત્રી ચંદ્રની સાથે નિવાસ કરે છે, જેનો અર્ધ ભાગ ન હોય તે અપાર્ધ કહેવાય છે, અર્થાત્ અર્ધમાત્ર એટલે કે પૂરેપૂરી રાત્રીકાળ વ્યાપી યાવત્ પોતાની સાથે રહેલા ચંદ્રને પ્રભાતકાળમાં જ મઘા નક્ષત્રને ઉપભોગ માટે સમર્પિત કરે છે. આ મઘાનક્ષત્ર પૂર્વોક્ત યુક્તિથી પ્રાતઃકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી મઘાનક્ષત્ર પૂર્વભાગવાળું છે. તેમ સમજવું સૂત્રકારે કહ્યું પણ છે,–(महा जहा पुव्वा फग्गुणी) જે પ્રમાણે પહેલાં પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું કથન કરેલ છે. એજ પ્રમાણે મઘા નક્ષત્રને સમજી લેવું. જે આ પ્રમાણે છે. (ता मघा खलु णक्खत्ते पुव्वंभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छा अवरं राइं एवं खलु मघाणक्खत्ते एगं दिवसं एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, अणुपरियट्टित्ता पाओ चंदं पुव्वाफग्गुणीणं समप्पेइ) મઘા નક્ષત્ર પૂર્વભાગ સમક્ષેત્ર ત્રીસ મુહૂર્તકાળ વ્યાપી પ્રથમ પ્રાતઃકાળથી ચંદ્રની સાથે યોગ કરે છે. તે પછી બીજી રાત્રી એ રીતે મઘાનક્ષત્ર એક દિવસ અને એક રાત્રી ચંદ્રની સાથે યોગ કરે છે. આ પ્રમાણે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. યોગનું અનુપરિવર્તન કરીને પ્રભાતકાળના સમયે ચંદ્રને પૂર્વાફાલ્ગુની નક્ષત્રને સમર્પિત કરે છે. આ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પૂર્વભાગ-વાળું તથા સમક્ષેત્રવાળું અને ત્રીસ મુહૂર્તકાળ વ્યાપ્ત તથા પ્રભાતકાળમાં જ ચંદ્રની સાથે યોગ કરવાવાળું હોવાથી તે આખો દિવસ અને બીજી રાત એટલે કે સંપૂર્ણ અહોરાત્ર કાલવ્યાપી હોવાથી ચંદ્રની સાથેનો ભોગકાળ સમાપ્ત કરીને પ્રાતઃકાળમાં પૂર્વાફાલ્ગુની નક્ષત્રને ચંદ્રને ઉપભોગને માટે સમર્પિત કરે છે, આ પુર્વાફાલ્ગુની નક્ષત્ર પણ ચંદ્રની સાથે પ્રાતઃકાળમાં જ યોગ કરે છે. તેથી ઉપરોક્ત યુક્તિથી પૂર્વભાગવાળું કહેલ છે, તથા કહ્યું પણ છે–(पुव्वा फग्गुणी जहा पुव्वाभद्दवया) પહેલાં જે પ્રમાણે પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું કથન કરવામાં આવેલ છે. એજ પ્રમાણે પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું કથન સમજી લેવું. જે આ પ્રમાણે છે,–(ता पुव्वाफग्गुणी खलु णक्खत्ते पुव्वभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ, तओपच्छा अवरं राइं एवं खलु पुव्वाफग्गुणी णक्खत्ते एगं च दिवसं एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं

अणुपरियट्टित्ता पाओ चंदं उत्तराणं फग्गुणीणं समप्पेइ) પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પૂર્વભાગ સમક્ષેત્ર ત્રીસ મુહૂર્તપ્રમાણવાળું તથા પ્રથમ પ્રભાતકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે, તે પછી બીજી રાતે રહે છે, આ રીતે પૂર્વાફાલ્ગુની નક્ષત્ર એક દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે, આ રીતે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુ પરિવર્તન કરીને પ્રાતઃકાળમાં ચંદ્રને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને સમર્પિત કરે છે, આ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પૂર્વભાગ એટલે કે પ્રાતઃકાળથી પ્રારંભ થવાવાળું તથા સમક્ષેત્ર અને ત્રીસ મુહૂર્તમાત્ર ભોગકાળ હોવાથી આ નક્ષત્ર એક દિવસ અને એક રાત્રી એ રીતે સંપૂર્ણ અહોરાત ચંદ્રની સાથે રહીને બીજે દિવસે પ્રાતઃકાળમાં જ પોતાની સાથે રહેલ ચંદ્રને ફરીથી ભોગને માટે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને સમર્પિત કરે છે. આ ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર દ્વયર્ધ ક્ષેત્રવાળું હોવાથી પહેલાં કહેલ પ્રકારથી ઉભયભાગી સમજવું એજ મૂળ સૂત્રપાઠથી સૂત્રકારે કહેલ છે. (उत्तराफग्गुणी जहा उत्तराभद्दवया) જે પ્રમાણે ઉત્તરાભદ્રપદા નક્ષત્રનું કથન કરેલ છે, એજ પ્રમાણે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું કથન કરી લેવું. તે આ પ્રમાણે છે– (ता उत्तराफग्गुणी खलु णक्खत्ते पणयालीसइमुहुत्ते तप्पढमयाए पादो चंदेण सद्धिं जोयं जोएइ, अवरं च राइं तओ पच्छा अपरं च दिवसं, एवं खलु उत्तराफग्गुणी णक्खत्ते दो दिवसे एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोएत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणु-परियट्टित्ता सायं चंदं हत्थस्स समप्पेइ) ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પિસ્તાલીસ મુહૂર્તપ્રમાણવાળું પ્રથમ ચંદ્રની સાથે યોગનો પ્રારંભ કરનાર હોવાથી પ્રભાતકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે, તથા બીજી રાત્રી અને તે પછી બીજો દિવસ આ પ્રમાણે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર બે દિવસ અને એક રાત સુધી ચંદ્રની સાથે યોગ કરે છે. આ પ્રમાણે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે ચંદ્રને હસ્ત નક્ષત્રને સમર્પિત કરે છે, પ્રભાતકાળમાં ચંદ્રની સાથે યોગ કરવાવાળા હોવાથી તથા પિસ્તાલીસ મુહૂર્તપર્યન્ત ભોગવાળા તથા દ્વયર્ધક્ષેત્ર પરિમિત હોવાથી આ ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર બે દિવસ અને એક રાત એ રીતે દોઢ અહોરાત્ર પ્રમાણકાળ પર્યન્ત ચંદ્રની સાથે ભોગ કરીને બીજે દિવસે સાંજના સમયે ભોગને માટે નિવાસ કરતા ચંદ્રને હસ્તનક્ષત્રને સમર્પિત કરે છે આ હસ્તનક્ષત્ર દિવસના અંતમાં ચંદ્રની સાથે યોગનો પ્રારંભ કરે છે, તેથી આ નક્ષત્ર પશ્ચાત્ ભાગવાળું સમજવું. ચિત્રાનક્ષત્ર કંઇક સમધિક દિવસના અંતમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે. તેથી એ ચિત્રાનક્ષત્ર પણ પશ્ચાત્ ભાગવાળું સમજવું, એજ વાત સૂત્રકાર સૂત્રપાઠ દ્વારા કરે છે,–(हत्थो चित्ता य जहा धनिट्ठा) પહેલાં જે પ્રમાણે ધનિષ્ઠા નક્ષત્રનું કથન કરેલ છે, એજ પ્રમાણે અહીંયાં હસ્ત અને ચિત્રા નક્ષત્રના સંબંધમાં સમજી લેવું જોઇએ જે આ પ્રમાણે છે–(ता हत्थे खलु णक्खत्ते पच्छ भागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ. तओ पच्छा अवरं दिवसं एवं खलु हत्थ णक्खत्ते एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं

अणुपरिट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं चित्ताए समप्पेइ, ता चित्ता खलु णक्खत्ते पच्छंभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ तओ पच्छा अवरं दिवसं एवं खलु चित्ताणक्खत्ते एगं राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं साइए समप्पेइ) હસ્ત નક્ષત્ર પશ્ચાત્ભાગ સમક્ષેત્ર ત્રીસ મુહૂર્તપ્રમાણયુક્ત તત્પ્રથમ સાંજના સમયે ચંદ્રની સાથે યોગ કરે છે. તે પછી બીજો દિવસ આ પ્રમાણે હસ્તનક્ષત્ર એક રાત અને એક દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે, એ રીતે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. અનુપરિવર્તન કરીને સાંજરે ચંદ્રને ચિત્રા નક્ષત્રને સમર્પિત કરે છે, ચિત્રા નક્ષત્ર પશ્ચાત્ભાગ સમક્ષેત્ર ત્રીસમુહૂર્તકાળ વ્યાપી પ્રથમ સાયંકાળ ચંદ્રની સાથે યોગ કરે છે. તે પછી બીજો દિવસ આ રીતે ચિત્રાનક્ષત્ર એક રાત અને એક દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે, યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે ચન્દ્રને સ્વાતિનક્ષત્રને સમર્પિત કરે છે, અહીંયાં સૂત્રોક્ત બધા પદોની વ્યાખ્યા પહેલાં કહેવામાં આવી ગઈ છે, તેથી અહીંયાં છાયામાત્રથી નિર્દેશ કરેલ છે, સ્વાતીનક્ષત્ર પ્રાયઃ સાંજના સમયે સ્પષ્ટપણાથી દૃશ્યમાન નક્ષત્રમંડળવાળું હોય છે, તેથી તે એ સમયે ચંદ્રની સાથે યોગ કરે છે, તેથી આ સ્વાતીનક્ષત્ર નક્તંભાગ સમજવું, મૂળ સૂત્રપાઠમાં એજ કહેલ છે, જે આ પ્રમાણે છે.-(साई जहा सयभिसया) જે પ્રમાણે શતભિષા નક્ષત્રનું કથન કરેલ છે. એજ પ્રમાણે સ્વાતીનક્ષત્રનું કથન સમજી લેવું, તે ભાવના આ પ્રમાણે છે, (साई खलु णक्खत्ते णत्तंभागे अवड्ढक्खेत्ते पण्णरसमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, णो लभेइ अवरं दिवसं, एवं खलु साई णक्खत्ते एगं राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पाओ चंदं विसाहाणं समप्पेइ) સ્વાતીનક્ષત્ર નક્તંભાગ અપાર્ધક્ષેત્ર પંદર મુહૂર્ત ભોગકાળવાળું પ્રથમ સાંજના સમયે ચંદ્રની સાથે યોગ કરે છે, બીજો દિવસ તેને ભોગને માટે પ્રાપ્ત થતો નથી. એ રીતે સ્વાતી નક્ષત્ર એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે, આ પ્રમાણે યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને પ્રાતઃકાળ ચંદ્રને વિશાખા નક્ષત્રને સમર્પિત કરે છે, આ નક્ષત્ર કેવળ પંદર મુહૂર્તમાત્ર ભોગવાળું હોવાથી તથા અર્ધક્ષેત્રવાળું હોવાથી તથા સાંજના સમયે ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરવાવાળું હોવાથી તથા નક્તંભાગ હોવાથી કેવળ એક રાત્રીમાત્ર જ ચંદ્રની સાથે રહીને પ્રભાતકાળમાં જ પોતાની સાથે રહેલા ચંદ્રને યોગને માટે વિશાખા નક્ષત્રને સમર્પિત કરે છે, આ વિશાખા નક્ષત્ર દ્વયર્ધક્ષેત્ર વ્યાપી હોવાથી પ્રાકકથિત યુક્તિ અનુસાર ઉભયભાગ હોય છે, સૂત્રકાર એજ વાત આ પ્રમાણે કહે છે-(विसाहा जहा उत्तरभद्दवया) જે પ્રમાણે પહેલાં ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું કથન કરેલ છે, એજ પ્રમાણે વિશાખા નક્ષત્રને પણ સમજી લેવું, તે આ પ્રમાણે છે-(ता विसाहा खलु णक्खत्ते उभयंभागे दिवड्ढक्खेत्ते पणतालीसइ

मुहुत्ते तप्पढमयाए पातो चंदेण सद्धिं जोयं जोएइ, अवरं च राइं, तओ पच्छा अवरं च दिवसं, एवं खलु विसाहाणक्खत्ते दो दिवसे एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता, सायं चंदं अणुराहाए समप्पेइ) વિશાખા નક્ષત્ર ઉભય ભાગ દ્વયર્ધક્ષેત્ર પિસ્તાલીસ મુહૂર્તપર્યન્ત રહેવાવાળું પ્રથમ પ્રાતઃકાળ ચંદ્રની સાથે યોગ કરે છે. એ દિવસ તથા બીજી રાત્રી તે પછી એક દિવસ આ રીતે વિશાખા નક્ષત્ર બે દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે, યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને સાંજના સમયે ચંદ્રને અનુરાધા નક્ષત્રને સમર્પિત કરે છે. ઉભયભાગવાળું દોઢ અહોરાત્રપ્રમાણક્ષેત્ર વ્યાપી અને પિસ્તાલીસ મુહૂર્તપ્રમાણવાળું હોવાથી વિશાખા નક્ષત્ર સંપૂર્ણ એક અહોરાત્ર તથા બીજે દિવસ એ રીતે બે દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરીને બીજા દિવસના સાંજના સમયે ચંદ્રને ભોગને માટે અનુરાધા નક્ષત્રને આપે છે, આ અનુરાધા નક્ષત્ર સાંજના સમયે અર્થાત્ દિવસના અવસાનરૂપ સમયમાં ચંદ્રની સાથે યોગ કરે છે, તેથી આ પશ્ચાત્ભાગી હોય છે. સૂત્રકારે કહ્યું પણ છે, (अणुराहा जहा धणिट्ठा) પહેલાં જે પ્રમાણે ધનિષ્ઠા નક્ષત્રનું કથન કરેલ છે. એજ પ્રમાણે આ અનુરાધા નક્ષત્રનું કથન કરી લેવું. જે આ પ્રમાણે છે,–(अणुराहा खलु णक्खत्ते पच्छंभागे समक्खेत्ते तीसइ-मुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, तओ पच्छा अवरं दिवसं, एवं खलु अणुराहा णक्खत्ते एगं राइं एगं च दिवसं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता सायं चंदं जिट्ठाए समप्पेइ) અનુરાધા નક્ષત્ર પશ્ચાત્ભાગી સમક્ષેત્ર ત્રીસ મુહૂર્તપ્રમાણકાળ વ્યાપી પ્રથમ સાંજના સમયમાં ચંદ્રની સાથે યોગ કરે છે. તે પછી બીજે દિવસ આ રીતે અનુરાધા નક્ષત્ર એક રાત અને એક દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને

સાંજના સમયે ચંદ્રને જ્યેષ્ઠા નક્ષત્રને સમર્પિત કરે છે. દિવસના અંતભાગમાં ચંદ્રનો યોગ હોવાથી સમક્ષેત્ર હોવાથી ત્રીસ મુહૂર્તાત્મક કાળ વ્યાપી હોવાથી તથા પશ્ચાત્‌ભાગી હોવાથી આ અનુરાધા નક્ષત્ર એ સંપૂર્ણ રાત તથા બીજો દિવસ ચંદ્રની સાથે રહીને પછીથી એ ભુક્ત ચંદ્રને ફરીથી ભોગને માટે જ્યેષ્ઠા નક્ષત્રને આપે છે. અહીંયાં સાંજના સમયે જ્યેષ્ઠા નક્ષત્રને સમર્પિત કરે છે. આ રીતે કહેલ છે. તેથી પ્રાયઃ સ્પષ્ટ રૂપથી દૃશ્યમાન નક્ષત્રમંડળના સમયમાં જ્યેષ્ઠા નક્ષત્રને સમર્પિત કરે છે. એ રીતે ધ્વનિત થાય છે, તેથી આ જ્યેષ્ઠા નક્ષત્ર નક્તંભાગી સમજવું. એજ સૂત્રકાર કહે છે,-(जिट्ठा जहा सयभिसया) પહેલાં જે પ્રમાણે શતભિષક્‌ નક્ષત્રના સંબંધમાં કથન કરેલ છે. એજ પ્રમાણે આ જ્યેષ્ઠા નક્ષત્રના વિષયમાં કથન કરી લેવું જે આ પ્રમાણે છે-(ता जिट्ठा खलु णक्खत्ते णत्तंभागे अवड्ढक्खेत्ते पण्णरसमुहुत्ते तप्पढमयाए सायं चंदेण सद्धिं जोयं जोएइ, णो लभइ अवरं दिवसं, एवं खलु जिट्ठा णक्खत्ते एगं राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पाओ चंदं मूलस्स समप्पेइ) જ્યેષ્ઠા નક્ષત્ર નક્તંભાગી અપાર્ધક્ષેત્ર પંદર મુહૂર્તપ્રમાણ તત્પ્રથમ ચંદ્રની સાથે યોગ કરે છે. તેને બીજો દિવસ મળતો નથી. આ પ્રમાણે જ્યેષ્ઠા નક્ષત્ર એક રાત્રીમાત્ર ચંદ્રની સાથે યોગ કરે છે, યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને પ્રભાતકાળે મૂલનક્ષત્રને સમર્પિત કરે છે. કેવળ અર્ધભાગ ક્ષેત્ર હોવાથી પંદર મુહૂર્તકાળ વ્યાપી તથા સાંજના સમયે ચંદ્રનો યોગ પ્રાપ્ત કરવાવાળું હોવાથી જ્યેષ્ઠાનક્ષત્ર કેવળ એક જ રાત ચંદ્રની સાથે રહીને એ ચંદ્રને મૂળ નક્ષત્રને ભોગને માટે સમર્પિત કરે છે. આ કહેલ પ્રકારથી મૂળનક્ષત્ર પ્રાતઃકાળમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે, તેથી આ પૂર્વભાગી સમજવું સૂત્રકારે કહ્યું પણ છે-(मूलो जहा पुव्वभद्दवया) પહેલાં જે પ્રમાણે પૂર્વભાદ્રપદા નક્ષત્રનું કથન કરેલ છે. એજ પ્રમાણે મૂળનક્ષત્રને પણ કહી લેવું. જે આ પ્રમાણે છે,-(ता मूले खलु णक्खत्ते पुव्वंभागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ.

तओ पच्छा अवरं च राइं, एवं खलु मूलणक्खत्तं एगं च दिवसं एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पादो चंदं पुव्वासाढाणं समप्पेइ) મૂળનક્ષત્ર પૂર્વભાગી સમક્ષેત્ર ત્રીસમુહૂર્તપ્રમાણકાળ વ્યાપી તત્પ્રથમ પ્રાતઃ કાળ ચંદ્રની સાથે યોગ કરે છે, તે પછી એક રાત આ રીતે મૂળનક્ષત્ર એક દિવસ અને એક રાત્રી ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે, યોગનું પરિવર્તન કરીને પ્રભાતકાળમાં ચંદ્રને પૂર્વાષાઢા નક્ષત્રને સમર્પિત કરે છે. પ્રાતઃકાળમાં જ ચંદ્રની સાથે યોગ હોવાથી ત્રીસ મુહૂર્તપરિમિતકાળ ભોગવનાર હોવાથી તથા સમક્ષેત્ર હોવાથી આ મૂલનક્ષત્ર સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય પર્યન્ત એટલે કે સંપૂર્ણ અહો રાત્ર ચંદ્રની સાથે વાસ કરીને બીજા દિવસના પ્રાતઃકાળમાં જ પોતાની સાથે વાસ કર નારા ચંદ્રને પૂર્વાષાઢા નક્ષત્રને સમર્પિત કરે છે, આ પૂર્વાષાઢા નક્ષત્ર પણ પૂર્વોક્ત કથન પ્રમાણે પ્રાતઃકાળમાં જ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે કરે છે, તેથી તેને પૂર્વ ભાગ કહેલ છે. એ જ વાત સૂત્રકાર કહે છે. (पुव्वासाढा जहा पुव्वाभद्दवया) જે પ્રમાણે પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું કથન કરેલ છે એ જ પ્રમાણે પૂર્વાષાઢા નક્ષત્રનું કથન કરી લેવું. તે કથન આ પ્રમાણે છે. (पुव्वासाढा खलु णक्खते पुव्वं भागे समक्खेत्ते तीसइमुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ, अवरं च राइं, एवं खलु पुव्वासाढा णक्खत्ते एगं च दिवसं एगंच राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोइत्ता जोयं अणुपरियट्टइ, जोयं अणुपरियट्टित्ता पाओ चंदं उत्तरासाढाणं समप्पेइ) પૂર્વાષાઢા નક્ષત્ર સમક્ષેત્ર ત્રીસ મુહૂર્ત પ્રમાણવાળું તત્પ્રથમ પ્રાતઃ કાળ ચંદ્રની સાથે યોગ કરે છે. તથા બીજી રાત્રી આ રીતે પૂર્વાષાઢા નક્ષત્ર એક દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. અનુપરિવર્તન કરીને પ્રાતઃકાળ ચંદ્રને ઉત્તરાષાઢા નક્ષત્રને સમર્પિત કરે છે. પૂર્વ ભાગવાળું હોવાથી સમક્ષેત્ર અને ત્રીસ મુહૂર્ત પ્રમાણ કાળવ્યાપી તથા પ્રાતઃકાળમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત કરનાર હોવાથી પૂર્વાષાઢા નક્ષત્ર મૂળ નક્ષત્રની જેમ એ પૂરેપુરા રાત દિવસ ચંદ્રની સાથે નિવાસ કરીને બીજા દિવસના પ્રભાતકાળમાં પોતાની સાથે નિવાસ કરતા ચંદ્રને ઉત્તરાષાઢા નક્ષત્રને સમર્પિત કરે છે. આ ઉત્તરાષાઢા નક્ષત્ર દોઢ ક્ષેત્ર વ્યાપી હોવાથી ઉભયભાગી કહેલ છે. તથાચ સૂત્રકારે કહ્યું છે. (उत्तरासाढा जहा उत्तराभद्दवया જે પ્રમાણે પહેલાં ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના સંબંધમાં ભાવના કરેલ છે. એજ પ્રમાણે અહીંયાં ઉત્તરાષાઢા નક્ષત્રનું કથન કરી લેવું. જે આ પ્રમાણે છે. (ता उत्तरासाढा खलु णक्खत्ते उभयंभागे दिवड्ढखेत्ते पणयालीसइ मुहुत्ते तप्पढमयाए पाओ चंदेण सद्धिं जोयं जोएइ, अपरं च राइं तओ पच्छा अवरं च दिवसं एवं खलु उत्तरासाढा णक्खत्ते दो दिवसे एगं च राइं चंदेण सद्धिं जोयं जोएइ, जोयं जोइत्ता जोयं अणुपरियट्टइ जोयं अणुपरियट्टिता सायं चंदं अभीईसवणाणं समप्पेइ) ઉત્તરાષાઢા

નક્ષત્ર ઉભયભાગ દ્વયર્ધક્ષેત્ર અને પિસ્તાલીસ મુહૂર્ત પ્રમાણ કાળવ્યાપી તત્પ્રથમ પ્રાતઃકાળમાં ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે. તથા બીજી રાત રહીને તે પછીના બીજે દિવસ આ રીતે ઉત્તરાષાઢા નક્ષત્ર બે દિવસ અને એક રાત ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને યોગનું અનુપરિવર્તન કરે છે. યોગનું અનુપરિવવર્તન કરીને સાંજના સમયે ચંદ્રને અભિજીત અને શ્રવણ નક્ષત્રને સમર્પિત કરે છે. આ રીતે ઉત્તરાષાઢા નક્ષત્ર ઉભયભાગ એટલે કે રાતદિવસ રહેવાવાળું દ્વયર્ધક્ષેત્ર એટલેકે દોઢ અહોરાત્ર પ્રમાણક્ષેત્ર વ્યાપી બીજાનું જે અર્ધું તે દ્વયર્ધ કહેવાય છે, અર્થાત્ એક અહોરાત્રી પુરૂં તથા બીજાનું અર્ધું મળીને દોઢ અર્ધરાત્ર પ્રમાણ કાળવ્યાપી થાય છે. તથા પિસ્તાલીસ મુહૂર્ત કાળ પર્યન્ત રહેવાવાળું તત્પ્રથમ એટલે કે એ ચંદ્ર યોગ પ્રથમ હોવાથી પ્રભાતના સૂર્યોદયના નજીકના સમયમાં અર્થાત્ પ્રાતઃકાળમાં ચંદ્રની સાથે યોગ કરે છે. એટલે કે ચંદ્રની સાથેના નિવાસનો આરંભ કરે છે, તે પૂરેપુરો દિવસ તથા તે પછીની રાત્રી અને તે પછીના દિવસના અંત સુધી ચંદ્રની સાથે નિવાસ કરે છે. આ રીતે નિવાસ કરીને એ યોગનું અનુપરિવર્તન કરે છે. એટલે કે વિનિમય કરે છે. અનુપરિવર્તન કરીને અર્થાત્ વિનિમય કરીને બે દિવસ અને એક રાત આ રીતે દોઢ અહોરાત્ર કાળ પર્યન્ત ચંદ્રની સાથે યોગ કરીને એ યોગનો વિનિમય કરીને પોતાની સાથે રહેલ ચંદ્રને અભિજીત અને શ્રવણ નક્ષત્રને ભોગને માટે સમર્પિત કરે છે.

આ રીતે બાહલ્યને અધિકૃત કરીને પૂર્વોક્ત સવિસ્તર પ્રકારથી યથોક્ત સમયમાં અભિજીત વિગેરે બધા નક્ષત્ર ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે, તેમાં કોઈ પૂર્વભાગવાળા હોય છે અને કોઈ પશ્ચાત્ ભાગવાળા હોય છે. તેમજ કોઇ નક્તંભાગ હોય છે. અને કેટલાક ઉભય ભાગવાળા હોય છે. ॥ સૂ. ૩૬ ॥

દસમા પ્રાભૃતનું ચોથું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૦–૪ ॥

## પાંચમા પ્રાભૃત પ્રાભૃતનો પ્રારંભ-

ટીકાર્થ:-ચાલુ દસમા પ્રાભૃતના ચોથા પ્રાભૃતપ્રાભૃતમાં નક્ષત્રોનો પ્રારંભ અને સમાપ્તિ સંબંધી વિચાર સવિસ્તર અને સવિશેષ પ્રકારથી સારી રીતે વિવેચન કરીને હવે આ પાંચમા પ્રાભૃતપ્રાભૃતમાં કુલોપકુલાદિ સંજ્ઞાના સંબંધમાં પ્રશ્ન સૂત્ર કહે છે-(ता कहं ते कुला आहिएति वएज्जा) નક્ષત્રોના આરંભ અને સમાપ્તિના સંબંધમાં કરેલ કથન સારી રીતે જાણવામાં આવેલ છે. હવે સંજ્ઞા વિશેષને જાણવા માટે ભગવાનને પ્રશ્ન કરતાં કહે છે-કે હે ભગવાન્ આપના મતથી કેવી રીતે કુલસંજ્ઞક નક્ષત્રો કહેલા છે? આ વિષયમાં વિસ્તાર પૂર્વક આપ કહી સમજાવો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછવાથી આના ઉત્તરમાં ભગવાન્ કહે છે-(तत्थ इमे बारस कुला) આ નક્ષત્રોમાં બાર નક્ષત્રકુલ સંજ્ઞક છે, આ કથનથી અહીંયાં ભગવાને કેવળ કુલસંજ્ઞક નક્ષત્રોનું જ કથન કરેલ નથી, પરંતુ કુલસંજ્ઞક ઉપકુલસંજ્ઞક અને કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોની પ્રતિપત્તિ તથા નિર્ધાણાર્થનું પણ કથન કરેલ છે, જેમ કે-એ કુલાદિ સવિશેષ સંજ્ઞા વિશેષવાળા નક્ષત્રોમાં અહીંયાં સૂત્રમાં પ્રાકૃત હોવાથી પુલ્લિંગથી નિર્દેશ કરેલ છે, હવે પછી કહેવામાં આવનારા બાર સંખ્યાત્મક નક્ષત્રો કુલસંજ્ઞક કહેલા છે, (इमे) આ પદ દરેક પદની સાથે સંબંધવાળું છે. (इमे बारस उवकुला, इमे चत्तारि कुलोवकुला) આ બાર નક્ષત્રો કુલસંજ્ઞાવાળા કહેલા છે. તથા ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞાવાળા કહ્યા છે, અર્થાત્ આ વક્ષ્યમાણ પ્રકારના બાર નક્ષત્ર ઉપકુલ સંજ્ઞક તથા બધાની અંતમાં કહેવામાં આવનાર ચાર નક્ષત્રો ઉપકુલ સંજ્ઞક કહ્યા છે.

હવે અહીંયાં પ્રતિપાદન કરેલ સંજ્ઞા વિશેષવાળા નક્ષત્રોમાં કુલાદિ સંજ્ઞાવાળા નક્ષત્રોનું શું લક્ષણ છે? એ પ્રતિપાદન કરવામાં આવે છે, અહીંયાં જે નક્ષત્રોના પૂર્ણિમા સાથેના સંયોગથી પૂર્ણિમાથી માસોની સમાપ્તિ થાય છે. પ્રાયઃ એજ નક્ષત્રોના નામ અને સંજ્ઞાથી માસોના નામો થાય છે. માસના સમાન નામવાળા નક્ષત્રોની કુલસંજ્ઞા થાય છે, એ પ્રસિદ્ધ જ છે. તથા કહ્યું છે કે-(बारसकुला, तं जहा धणिट्ठा कुलं, उत्तराभद्दवया कुलं अस्सिणी कुलं, कत्तिया कुलं, संठाणाकुलं पुस्साकुलं, महाकुलं उत्तराफग्गुणी कुलं, चित्ताकुलं विसाहा कुलं मूलो कुलं, उत्तरासाढाकुलं) આ નીચે જણાવેલ બાર નક્ષત્ર

કુલસંજ્ઞક હોય છે, જે આ પ્રમાણે છે-ધનિષ્ઠાકુલ, ઉત્તરાભાદ્રપદાકુલ, અશ્વિનીકુલ, કૃત્તિકા, કુલ, સંસ્થાનકુલ પુષ્યકુલ, મઘાકુલ, ઉત્તરાફાલ્ગુની કુલ, ચિત્રાકુલ, વિશાખાકુલ, મૂલકુલ, ઉત્તરાષાઢાકુલ, ધનિષ્ઠા અપર નામવાળા નક્ષત્રોથી જે પૌર્ણાન્તમાસની સમાપ્તિ હોય તે પ્રાયઃ શ્રાવિષ્ઠ માસ કહેવાય છે-ઉત્તરાભાદ્રપદથી પરિસમાપક ભાદરવો માસ હોય છે. એ જ પ્રમાણે અશ્વિની નક્ષત્ર યુક્ત પૂર્ણિમાથી સમાપ્ત થવાવાળો આસોમાસ સમજવો, કૃત્તિકા નક્ષત્રથી યુક્ત પૌર્ણમાસી પરિસમાપક કાર્તિકમાસ કહ્યો છે. એજ પ્રમાણે મૃગશીર નક્ષત્રથી યુક્ત પૌર્ણમાસીથી પરિસમાપક માર્ગશીર્ષ માસ સમજવો પરંતુ મૂલસૂત્રમાં (સંઠાણા) આ રીતે બહુવચનથી નિર્દેશ કરેલ હોવાથી તથા ઉપકુલસંજ્ઞક નક્ષત્રોમાં કેવળ અગ્યાર નક્ષત્ર જ હોવાથી તથા ત્રણ નક્ષત્ર સંજ્ઞાવાચક તથા અઠયાવીસ નક્ષત્રોમાં રોહિણી અને મૃગશીર નક્ષત્ર કહેલ હોવાથી (સંઠાણા) સંસ્થાન એટલે કે સ્થિરના બોધક ચાર કે પાંચ નક્ષત્રોમાં આ રોહિણી અને મૃગશિર નક્ષત્ર ગ્રાહ્ય હોય છે, તેથી રોહિણી અને મૃગશીર નક્ષત્રથી માર્ગશીર્ષમાસ થાય છે. પુષ્યનક્ષત્ર યુક્ત પૂર્ણિમાથી પરિસમાપક પોષમાસ કહેવાય છે. મઘાનક્ષત્રથી યુક્ત પૌર્ણમાસીથી પરિસમાપક માસ માઘમાસ કહેવાય છે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર યુક્ત પૌર્ણમાસીથી પરિસમાપક ફાગણમાસ કહેવાય છે. ચિત્રા નક્ષત્રથી યુક્ત પૌણમાસીથી પરિસમાપક માસ ચૈત્રમાસ કહેવાય છે. વિશાખા નક્ષત્રથી વર્તમાન પુનમથી પરિસમાપક માસ વૈશાખ માસ કહેવાય છે. મૂલ સૂત્રમાં મૂળનક્ષત્રથી સમાપ્ત થવાવાળો જેઠ માસ કહેલ છે. પરંતુ એ બરોબર નથી કારણ કે જ્યેષ્ઠા નક્ષત્રથી વર્તમાન પૌર્ણમાસીથી પરિસમાપક જેઠમાસ કહેલ છે. એ જ્યેષ્ઠા નક્ષત્ર ઉપકુલ સંજ્ઞકમાં ગણેલ છે. તેથી પાઠનો ફેરફાર જણાય છે, ઉત્તરાષાઢા નક્ષત્રથી વર્તમાન પૌર્ણમાસી પરિસમાપક અષાઢમાસ કહેવાય છે. આ રીતે પ્રાયઃ માસ સંજ્ઞાબોધક માસ સમાન નામવાળા ધનિષ્ઠાદિ બાર નક્ષત્રો કુલસંજ્ઞક કહેલા છે. પરંતુ અહીંયાં તેર નક્ષત્રો થાય છે, તેમ સમજવું.

હવે ઉપકુલસંજ્ઞક નક્ષત્રોનું કથન કરવામાં આવે છે, (इमे बारस उवकुला तं जहा-सवणो उवकुलं पुव्वापोट्ठवया उवकुलं रेवती उवकुलं, भरणीउवकुलं पुणव्वसू उवकुलं अस्सेसा उवकुलं पुव्वाफग्गुणी उवकुलं हत्थो उवकुलं साती उवकुलं जेट्ठा उवकुलं पुव्वासाढा उवकुलं य) આ બાર નક્ષત્રો ઉપકુલ સંજ્ઞક હોય છે, જે આ પ્રમાણે છે. શ્રવણ ઉપકુલ પૂર્વા પ્રૌષ્ઠપદા ઉપકુલ, રેવતી ઉપકુલ ભરણી ઉપકુલ, પુનર્વસૂ ઉપકુલ અશ્લેષા ઉપકુલ, પૂર્વાફાલ્ગુની ઉપકુલ હસ્ત ઉપકુલ સ્વાતી ઉપકુલ જ્યેષ્ઠા ઉપકુલ પૂર્વાષાઢા ઉપકુલ આ વક્ષ્યમાણ નિમ્ન નિર્દિષ્ટ બાર પરંતુ વાસ્તવિક અગીયાર નક્ષત્ર ઉપકુલ સંજ્ઞક કહેલા છે. પૂર્વોક્ત માસ બોધક કુલ નક્ષત્રની ઉપ એટલે કે સમીપ જે હોય તે ઉપકુલ સંજ્ઞક કહેવાય છે, તે આ પ્રમાણે- શ્રવણ પૂર્વાભાદ્રપદા, રેવતી, ભરણી પુનર્વસૂ. અશ્લેષા પૂર્વાફાલ્ગુની હસ્ત સ્વાતી જયેષ્ઠા પૂર્વાષાઢા આ અગીયાર નક્ષત્રો કુલ સંજ્ઞક માસ બોધક નક્ષત્રોની સમીપ વર્તિ હોવાથી ઉપકુલ સંજ્ઞક કહેવાય છે, આ કથનથી આવી રીતે ભાવના સમજવી જેમ

કે-શ્રવણ ધનિષ્ઠા નક્ષત્રથી શ્રાવણમાસ, પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા નક્ષત્રથી ભાદરવો માસ, રેવતી અને અશ્વિની નક્ષત્રથી આસો માસ, ભરણી કૃત્તિકા નક્ષત્રથી કાર્તિક માસ, રોહિણી અને મૃગશીર્ષ નક્ષત્રથી માગશર માસ પુનર્વસુ અને પુષ્ય નક્ષત્રથી પોષમાસ, અશ્લેષા અને મઘા નક્ષત્રથી માઘમાસ પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રથી ફાગણમાસ, હસ્ત અને ચિત્રા નક્ષત્રથી ચૈત્રમાસ સ્વાતી અને વિશાખા નક્ષત્રથી વૈશાખ માસ. મૂલ અને જ્યેષ્ઠા નક્ષત્રથી જ્યેષ્ઠમાસ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રથી અષાઢ-માસ, આ રીતે બાર મહિના થાય છે.

હવે કુલોપકુલસંજ્ઞક નક્ષત્રોનું કથન કરવામાં આવે છે:—(इमे चत्तारि कुलोवकुला तं जहा- जभीयी कुलोवकुलं, सतभिसया कुलोवकुलं अद्दाकुलोवकुल, अणुराहा कुलोवकुलं) આ ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞક હોય છે, જેમકે-અભિજીત્ કુલોપકુલ, શતભિષા કુલોપકુલ આર્દ્રા કુલોપકુલ, અનુરાધા કુલોપકુલ આ વક્ષ્યમાણ નીચે જણાવેલ ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞક કહ્યા છે. કુલ સંજ્ઞક અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્રોમાં ક્યાંક ક્યાંક મધ્યમાં જે રહે તે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રો કહેવાય છે. જે આ પ્રમાણે છે- અભિજીત્, શતભિષા, આર્દ્રા અનુરાધા, આ રીતે આ ચાર નક્ષત્રો કુલોપકુલ સંજ્ઞક કહેલા છે. અહીંયાં આવી રીતે ભાવના સમજવી જોઈએ- અભિજીત્ શ્રવણ ધનિષ્ઠા આ નક્ષત્રથી યુક્ત પુનમવાળો શ્રાવિષ્ઠ એટલે કે શ્રાવણમાસ સમજવો જોઈએ. શતભિષા, પૂર્વભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા એ નક્ષત્રોથી વર્તમાન પુનમવાળો ભાદરવોમાસ સમજવો રોહિણી ભરણી કૃત્તિકા નક્ષત્રની સાથે અન્ય નક્ષત્રયુક્ત પુનમવાળો કાર્તિકમાસ કહેલ છે, અનુરાધા, જ્યેષ્ઠા મૂલ નક્ષત્રની સાથે અન્ય નક્ષત્રથી યુક્ત પુનમવાળો જેઠમાસ કહેલ છે. આર્દ્ર, પુનર્વસૂ પુષ્ય અન્ય નક્ષત્રની સાથે પૂર્ણિમાસીથી યુક્ત પોષમાસ કહ્યો છે, અન્ય ગ્રન્થોમાં કહ્યું પણ છે-(मासानां परिणामा हुंति कुला, उवकुला उ हिट्ठिमगा । हुंति पुण कुलोवकुला अभीई सय-अद्द, अणुराहा ।।१।। માસોના પરિણામ કુલસંજ્ઞક ઉપકુલસંજ્ઞક, વિગેરે નક્ષત્રો હોય છે, કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર અભિજીત્ શતભિષા આર્દ્રા અને અનુરાધા હોય છે, ।।૧।। અહીયાં (मासानां परिणामा) આ પ્રમાણે કહેવાથી પ્રાયઃ માસોની સમાપ્તિ બોધક નક્ષત્રો કુલ સંજ્ઞક હોય છે. અને તેમના સમીપ રહેનારા ઉપકુલ સંજ્ઞક થાય છે, એ બન્નેના સહચારી નક્ષત્રને કુલોપકુલ કહેલા છે. ક્યાંક (मासाणं सरिसनामा) આ રીતનો પાઠ જણાય છે. ત્યાં માસના સરખા નામવાળા આ રીતે વ્યાખ્યા કરી લેવી, આ રીતે કુલસંજ્ઞક ઉપકુલસંજ્ઞક, અને કુલોપકુલસંજ્ઞક નક્ષત્રોના નામો અને નામની સમાન અર્થબોધનું પ્રતિપાદન કરવામાં આવેલ છે. ।। સૂ. ૩૭ ।।

દસમા પ્રાભૃતનું પાંચમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।। ૧૦-૫ ।।

છટ્ઠા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ-

ટીકાર્થ :-પાંચમા પ્રાભૃતપ્રાભૃતમાં કુલોપકુલ સંજ્ઞા વિષયક નક્ષત્ર સંજ્ઞાનો વિચાર કરીને હવે આ છટ્ઠા પ્રાભૃતપ્રાભૃતમાં પૂર્ણિમાઓની સંજ્ઞાના સંબંધમાં પ્રશ્નસૂત્ર કહે છે-(ता कहं ते पुण्णिमासीणी आहितेति वएज्जा) પૂર્ણિમાઓની સંજ્ઞાના સંબંધમાં મારો પ્રશ્ન છે કે-કેવી રીતે એટલે કે-પૂર્ણિમા કયા નક્ષત્રોથી સમાપ્ત થતી આપે કહેલ છે? અહીંયાં પૂર્ણિમા એ પદ ઉપલક્ષણ છે, તેથી અમાવસ્યા પણ ગૃહણ થઈ જાય છે, તેથી પૂર્ણિમા અને અમાસ કયા કયા નક્ષત્રોથી સમાપ્ત થતી આપે કહી છે? ચંદ્રમાસ બે પ્રકારનો થાય છે. અમાસથી અમાસ સુધીનો ચંદ્રમાસ તથા પૂર્ણિમામાં પૂર્ણચંદ્ર દેખાય છે અને પૂર્ણચંદ્રથી જ માસની પૂર્તિ થાય છે. આ યુક્તિ પ્રમાણે પૂર્ણિમા પણ ચાંદ્રમાસ થાય છે, શાસ્ત્રોમાં પણ કાર્યવિશેષથી બે ભેદ યુક્ત ચાંદ્રમાસનો ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે. તેમાં નક્ષત્રના યોગથી સમાપ્ત થવાવાળી પૂર્ણિમાની યથાર્થ સંજ્ઞા દેખાય છે. એ રીતે અમાસની કોઈ સંજ્ઞા જણાતી નથી. તો પણ બન્નેની સંજ્ઞાના વિષયમાં હું પ્રશ્ન કરૂં છું, આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી તેના ઉત્તરમાં ભગવાન્ કહે છે-(तत्थ इमाओ बारस पुण्णिमासिणीओ बारस अमावासाओ पण्णत्ताओ) આ પૂર્ણિમાઓ અને અમાસોમાં જાતિભેદને લઈને વક્ષ્યમાણ પ્રકારની બાર પૂર્ણિમાઓ યથાર્થ સંજ્ઞાનું બોધ કરાવનાર પ્રતિપાદિત કરેલ છે. તેમજ જાતિભેદ પ્રતિપાદક બાર પ્રકારની ચંદ્ર સૂર્યના સંયોગ રૂપ અમાવાસ્યાઓ કહી છે, કહ્યું પણ છે-(दर्शः सूर्येन्दुसंगमः) તે પૂર્ણિમાઓ આ પ્રમાણે જાણવી. (तं जहा साविट्ठी, पोट्ठवती, आसोया, कत्तिया, मग्गसिरी पोसो माही फग्गुणी चेती विसाही जेट्ठामूली आसाढी) પૂર્ણિમાના યથાર્થ નામ આ પ્રમાણે છે,-ધનિષ્ઠા, અપર પર્યાયવાળી શ્રાવિષ્ઠા અર્થાત્ શ્રાવણમાસમાં થવાવાળી શ્રાવિષ્ઠી પૂર્ણિમા, ઉત્તરાભાદ્રપદાનું બીજા પર્યાયને બતાવનાર પ્રૌષ્ઠપદામાં થવાવાળી પ્રૌષ્ઠપદી એટલે કે, ભાદરવા માસમાં થનાર પૂર્ણિમા આશ્વિની નક્ષત્રના સંબંધવાળી અશ્વયુજી એટલે કે અશ્વિની અર્થાત્ આસો માસમાં થવાવાળી પૂર્ણિમા, કૃતિકા નક્ષત્રથી સમ્બદ્ધ પૂર્ણિમા કાર્તિકી અર્થાત્ કાર્તિક માસ ભાવી પૂર્ણિમા, મૃગશીર્ષ નક્ષત્રમાં થવાવાળી માર્ગી અર્થાત્ માર્ગશીર્ષમાસ

ભાવિની, પૂર્ણિમા થાય છે, પુષ્ય નક્ષત્રમાં થવાવાળી પોષમાસ સંબંધી પોષીપૂર્ણિમા મઘા નક્ષત્રમાં થવાવાળી માઘમાસમાં થવાવાળી પૂર્ણિમા, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થવાવાળી ફાગણ માસ ભાવિની પુનમ, ચિત્રા નક્ષત્રમાં થનારી ચૈત્રી પુનમ, વિશાખા નક્ષત્રમાં થવાવાળી વૈશાખ માસ બોધિકા પૂર્ણિમા, જ્યેષ્ઠા નક્ષત્રમાં થનારી જ્યેષ્ઠમાસ પ્રતિપાદિકા પુનમ, ઉત્તરાષાઢા નક્ષત્રમાં થનારી અષાઢ માસનો બોધ કરાવનારી પુનમ આ પ્રમાણે માસોના ક્રમથી તે તે નામાનુરૂપ નક્ષત્રોના યોગથી યથાર્થ સંજ્ઞાવાળી પૂર્ણિમાઓનું પ્રતિપાદન કરેલ છે.

હવે જે જે નક્ષત્રથી એક એક પૂર્ણિમા સમાપ્ત થાય તેના વિશે પ્રશ્ન કરતાં શ્રી ગૌતમસ્વામી કહે છે,-(ता सावट्ठि णं पुण्णमासिं कतिकति णक्खत्ता जोएंति) શ્રાવિષ્ઠી એટલે કે શ્રાવણમાસ ભાવીની પૂર્ણિમા કેટલી સંખ્યાવાળા અને કયા કયા નામોવાળા નક્ષત્રોનો યોગ કરે છે? અર્થાત્ ચંદ્રની સાથે યોગ કરીને પૂર્ણિમાને સમાપ્ત કરે છે? તે મને કહો શ્રી ગૌતમસ્વામીના આ પ્રશ્નને સાંભળીને ભગવાન્ કહે છે. (ता तिण्णि णक्खत्ता जोएंति तं; जहा अभीई सवणो धणिट्ठा) તમારા આ પ્રશ્નનો ઉત્તર સાંભળો યદ્યપિ પાંત્રીસમા સૂત્રમાં કુલ ઉપકુલ અને કુલોપકુલ સંજ્ઞાવાચકથી પૂર્ણિમાઓની સામાન્ય રીતે સંજ્ઞાઓનું પ્રતિપાદન કર્યું છે, તો પણ સ્પષ્ટ બોધ થવા માટે અહીંયાં ફરી કહેવામાં આવે છે. શ્રાવિષ્ઠિ પૂર્ણિમાને ત્રણ નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. એ ત્રણ નક્ષત્રો ના નામો આ પ્રમાણે છે.-અભિજીત્, શ્રવણ અને ધનિષ્ઠા આ ત્રણ નક્ષત્રો શ્રાવિષ્ઠિ પુનમને સમાપ્ત કરે છે, અહીંયાં શ્રવણ અને ધનિષ્ઠા એ બે નક્ષત્રો જ શ્રાવિષ્ઠિ પુનમને સમાપ્ત કરે છે. કારણ કે અભિજીત નક્ષત્ર ઉત્તરાષાઢા અને શ્રવણ નક્ષત્રથી સંબંધિત હોવાથી એ નક્ષત્ર પણ પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તેમ કહેવામાં આવેલ છે, આ કેવી રીતે થાય છે? તે બતાવે છે-

અહીંયાં પ્રવચન પ્રસિદ્ધ અમાસ અને પુનમના સંબંધના ચંદ્ર યોગના જ્ઞાન માટે આ પ્રમાણે વિચારવું જોઈએ આ યુગમાં અમાસને જાણવા ઈચ્છો તો કયા નક્ષત્રમાં રહેલ અમાસ સમાપ્ત થાય છે આ પ્રકારની જીજ્ઞાસામાં એ પ્રકારની જેટલી અમાસ વીતી ગઈ

હોય તેની સંખ્યા પહેલા સ્થાપિત કરવી આ રીતે અવધારિત ધ્રુવ રાશી થાય છે. એ અવધારિત ધ્રુવ રાશીને કોઈ પાટી કે કાગળ ઉપર સ્થાપિત કરીને એકસો ચોવીસ પર્વથી તેનો ગુણાકાર કરવો.

અહીંયાં તે અવધાર્ય રાશી કેવી રીતના પ્રમાણની હોય છે, તે જીજ્ઞાસા નિવૃત્તિ માટે કહે છે (છાવટ્ઠી) ઈત્યાદિ છાસઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના પુરા બાસઠિયા પાંચ ભાગ આટલા પ્રમાણની અવધાર્ય રાશી હોય છે. આટલા પ્રમાણની કઈ રીતે થાય છે. તે માટેનું સમાધાન આ રીતે છે. જે એકસો ચોવીસ પર્વ સંખ્યાથી પાંચ સૂર્યનક્ષત્ર પર્યાયનો લાભ થાય તો બે પર્વથી કેટલા પર્વ થાય તે જાણવા માટે ત્રણ રાશીની સ્થાપના કરવી જોઈએ. જેમકે-૧૨૪/૫-૨ આ ત્રણ રાશીમાં છેલ્લી રાશી જે બે છે તેનાથી વચલી રાશી પાંચને ગુણે તો ૫+૨=૧૦ દસ આવે છે. આ દસથી ૧૨૪ એકસો ચોવીસને જો ભાગ કરવામાં આવે તો ભાજ્ય અને હારક બેમાંથી અપવર્તના કરવાથી હરસ્થાનમાં બાસઠ તથા ભાજ્ય સ્થાનમાં પાંચ આવે છે, ૧૦/૧૨૪ = ૫/૬૨ આ પ્રમાણે બાસઠિયા પાંચ ભાગ લબ્ધ થાય છે. આ અંકના નક્ષત્ર કરવા માટે અઢારસો ત્રીસથી સડસઠિયા ભાગનો ગુણાકાર કરે તો ૯૧૫૦- નવ હજાર એકસો પચાસ આવે છે. તથા છેદરાશી બાસઠ પ્રમાણની છે, તેને બાસઠથી ગુણે તો ચાર હજાર એકસો ચોપન થાય છે. ૪૧૫૪- અહીંયાં ઉપરની રાશી જે ૯૧૫૦- છે તેના મુહૂર્ત કરવા માટે ત્રીસથી ગુણે તો ૯૧૫૦+૩૦=૨૭૪૫૦૦- આ રીતે બેલાખ ચુંમોતેર હજાર અને પાંચસો થાય છે તેને હર સ્થાનના ચાર હજાર એકસો ચોપનથી જો ભાગવામાં આવે તો ૨૭૪૫૦૦÷૪૧૫૪=૬૬ ૩૩૬/૪૧૫૪ છયાસઠ મુહૂર્ત અને શેષ ૩૩૬/૪૧૫૪ રહે છે, તેમાં ઉપરના અંશ સ્થાનવાળા જે ત્રણસો છત્રીસ છે તેને બાસઠથી ભાગવા માટે પહેલાં બાસઠથી ગુણવા ૩૩૬+૬૨=૨૦૮૩૨ આ રીતે વીસહજાર આઠસો બત્રીસ થાય છે. ૨૦૮૩૨-આ સંખ્યાને હવે પછી કહેવામાં આવનાર છેદ રાશી જે ૪૧૫૪ ચારહજાર એકસો ચોપન છે, તેનાથી ભાગે તો ૨૦૮૩૨÷૪૧૫૪=૫ ૬૨/૪૧૫૪ આ રીતે પૂર્ણાંક પાંચ લબ્ધ થાય છે. તથા બાસઠ શેષ રહે છે. એ બાસઠની સંખ્યાનું અપવર્તન કરે અર્થાત્ હરાંશને બાસઠથી અપવર્તિત કરે જેમકે ૬૨/૪૧૫૪ અહીંયાં હરાંશના અપવર્તન એકને બાસઠથી ભાગે તો હરાંશની ઉપર એક આવે છે. તથા હર સ્થાન ૪૧૫૪ના સ્થાનમાં સડસઠ આવે છે. ૧/૬૭ આથી કહ્યું છેકે છાસઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પાંચ ભાગ તથા એક બાસઠિયા ભાગનો એક સડસઠિયો ભાગ ૬૬-૫ ૧/૬૭ આ રીતે યથાર્થ થઈ જાય છે, આ રીતે આ અવધાર્ય રાશીનું પ્રમાણ કહેલ છે. હવે બાકીની વિધિ બતાવે છે=(एय मववहारे) ઇત્યાદિ આ પૂર્વોક્ત રાશીરૂપ અવધાર્ય રાશીનો જે અમાસને જાણવી હોય એટલી સંખ્યાથી ગુણાકાર કરવો એટલે કે તેનાથી પહેલાં વીતેલી જેટલી અમાસ હોય એ સંખ્યાથી ગુણાકાર કરવો, હવે નક્ષત્રોના શોધનક પ્રકારનું કથન કરૂં છું તે સાંભળો-નક્ષત્રોના

શોધનક પ્રકારમાં પહેલાં પુનર્વસુ નક્ષત્રનો શોધનક પ્રકાર બતાવે છે. (बावीसं मुहुत्ता) ઇત્યાદિ બાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના છેંતાલીસ બાસઠિયા ભાગ $૨૨\frac{૪૬}{૬૨}$ આટલું પ્રમાણ પુનર્વસુ નક્ષત્રનું પરિપૂર્ણ ગુણુન પ્રક્રિયાનું માન થાય છે. તેને શોધન કરવું, આ રીતના પ્રમાણુની શોધનક રાશીની ઉત્પત્તી કેવી રીતે થાય તે માટે કહે છે. જો અહીંયાં એકસો ચોવીસ પર્વથી પાંચ સૂર્ય નક્ષત્રના પર્યાય પ્રાપ્ત થાય તો એક પર્વનું અતિક્રમણ કરવાથી કેટલા અતિક્રમણ પર્યાય પ્રાપ્ત થઈ શકે? તે માટે ત્રણ રાશીની સ્થાપના કરવામાં આવે છે, જેમકે=૧૨૪=૫-૧ અહીંયાં છેલ્લી રાશી જે એક સંખ્યાવાળી છે તેમાથી વચલીરાશી પાંચની સંખ્યાનો ગુણાકાર કરતો એકથી ગુણવાથી એજ પ્રમાણે પાંચજ થશે કારણ કે એકથી ગુણવાથી એજ રીતે થાય છે. તેનો એકસો ચોવીસથી ભાગ કરે તો ૫÷૧૨૪= $\frac{૫}{૧૨૪}$ એકસો ચોવીસ અને પાંચ આવે છે, તેને નક્ષત્ર લાવવા માટે સડસઠિયા અઢારસો ત્રીસથી ગુણવા $\frac{૫}{૧૨૪}+\frac{૧૮૩૦}{૬૭}$ હરાંશને બેથી અપવર્તિત કરે $\frac{૫}{૬૭}+\frac{૯૧૫}{૬૧}=\frac{૪૫૭૫}{૪૧૫૪}$ અંશસ્થાનમાં ચાર હજાર પાંચસો પંચોતેર તથા હરસ્થાનમાં ચાર હજાર એકસો ચોપન આવે છે, આનો ભાગ કરવાથી એક પૂર્ણ તથા શેષસ્થાનમાં ચારસો એકવીસ નીચે ચાર હજાર એકસો ચોપન $\frac{૪૫૭૫}{૪૧૫૪}=૧\frac{૪૨૧}{૪૧૫૩}$ તથા પુષ્ય નક્ષત્રના જે અડસઠીયા તેવીસ ભાગ પૂર્વ યુગના છેલ્લા પર્વમાં સૂર્યની સાથે યોગમાં આવે છે. તેને બાસઠથી ગુણવા $\frac{૨૩}{૬૭}\times૬૨$ $\frac{૨૪૨૧}{૬૭}$ આ રીતે અંશસ્થાનમાં એક હજાર ચારસો છવ્વીસ તથા હરસ્થાનમાં સડસઠ આવે છે. આ પૂર્વોક્ત $\frac{૪૫૭૫}{૬૭}$ સડસઠીયા ચાર હજાર પાંચસો પંચોતેર છે તેને $\frac{૪૫૭૫}{૬૭}-\frac{૧૪૨૬}{૬૭}=\frac{૩૧૨૯}{૬૭}$ આ રીતે અંશસ્થાનમાં ત્રણ હજાર એકસો ઓગણ પચાસ તથા હરસ્થાનમાં સડસઠ આવે છે, તેને મુહૂર્ત બનાવવા માટે ત્રીસથી ગુણવામાં આવે તો $\frac{૩૧૪૯}{૬૭}+\frac{૩૦}{૬૨}=\frac{૯૪૪૭૦}{૪૧૫૪}$ આ રીતે અંશસ્થાનમાં ચોરાણુ હજાર ચારસો સત્તર તથા હરસ્થાનમાં ચાર હજાર એકસો ચોપન થાય છે. તે પછી અંશ સ્થાનના એકથી છેદસ્થાનના એકનો બીજો ભાગ કરે તો $\frac{૯૪૪૭૦}{૪૧૫૪}=૨૨\frac{૩૦૮૨}{૪૧૫૪}$ બાવીસ મુહૂર્ત પૂરા લબ્ધ થાય છે. તથા શેષસ્થાનમાં ત્રણહજાર બાશી અને ચારહજાર એકસો ચોપન રહે છે, આનો બાસઠિયા ભાગ કરવા માટે બાસઠથી ગુણવામાં આવે $\frac{૩૦૮૨}{૪૧૫૪}+૬૨$ $=\frac{૩૦૮૨}{૬૭}$ હરાંશમાં બાસઠથી ઉપરોક્ત તરીકે અપવર્તન કરવાથી અંશસ્થાનમાં ત્રણહજાર બાશી તથા હરસ્થાનમાં સડસઠ થાય છે. તે પછી હરાંશનો ભાગ કરવામાં આવે તો છેંતાલીસ મુહૂર્ત પુરા આવે છે. અહીંયા જો અપવર્તન કર્યા સિવાય ગુણાકાર કરે તો $\frac{૩૦૮૨}{૪૧૫૬}\cdot૬૨=\frac{૧૯૧૦૮૪}{૪૧૫૪}$ અંશસ્થાનમાં એક લાખ એકાણું હજાર ચોરાશી અને હરસ્થાનમાં એજ ચાર હજાર એકસો ચોપન થાય છે, તેના પરસ્પર ભાગ કરે તો $\frac{૧૯૧૦૮૪}{૪૧૫૪}=૪૬$ આ પ્રમાણે છેંતાલીસ મુહૂર્ત પુનર્વસુ નક્ષત્રની શોધનક ફલશ્રુતી આવે છે, હવે બાકીના નક્ષત્રોનો શોધનક પ્રકાર કહેવામાં આવે છે, (बावत्तरं सयं फग्गुणीणं) ઇત્યાદિ એકસો

ઓંતેર ઉત્તરાફાલ્ગુની નક્ષત્રની શોધનક રાશી થાય છે. અહીંયાં આવી રીતે સમજવું જોઇએ એકસો ઓંતેરની સંખ્યાથી પુનર્વસુ વિગેરે ઉત્તરાફાલ્ગુની પર્યન્તના નક્ષત્રોની શુદ્ધિ થાય છે, એ રીતે બીજા નક્ષત્રોનો ભાવાર્થ પણ સમજી લેવો. તથા વિશાખા સુધીના નક્ષત્રોનું શોધનક બસો બાણુ ૨૯૨ થાય છે, હવે ઉત્તરાષાઢા પર્યન્તના નક્ષત્રોને લઇને શોધન કરવાથી ચારસો બેંતાલીસ ૪૪૨ આવે છે, (एवं पुणव्वसुस्स) આજ પ્રમાણે સંપૂર્ણશોધનક પ્રકાર પુનર્વસુ નક્ષત્ર સંબંધી બાસઠીયા ભાગ યુક્ત સમજી લેવું. અહીંયાં આ રીતે સમજવું જોઇએ જે પુનર્વસુ નક્ષત્ર સંબંધી બાવીસ મુહૂર્ત થાય છે તે બધા પાછળથી શોધનકમાં પ્રવર્તે છે, બાસઠીયા ભાગ હોતા નથી પછીથી જે શોધનકને શોધિત કરે ત્યાં ત્યાં પુનર્વસુ સંબંધી બાસઠીયા છેંતાલીસ ભાગ ઉપરનો શોધિત કરી લેવો. આ પુનર્વસુ વિગેરે ઉત્તરાષાઢા પર્યન્તના પ્રથમ શોધનક પ્રકાર છે, હવે અભિજીત્ નક્ષત્રને આદિ કરીને બીજો શોધનક પ્રકાર કહું છું (अभीईस्स) ઈત્યાદિ અભિજીત્ નક્ષત્રના શોધનક નવ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ભાગના સડસઠ છેદ કરવાથી પૂરા છાસઠ ભાગ થાય છે, તથા એકસો ઓગણસાઇઠ ૧૫૯ પ્રોષ્ઠપદા એટલે કે ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું શોધનક થાય છે. તે આ રીતે સમજવું. એકસો ઓગણસાઇઠથી અભિજીત વિગેરે ઉત્તરાભાદ્રપદા સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે, એજ પ્રમાણે રોહિણી પર્યન્તના નક્ષત્રો શુદ્ધ થાય છે. તથા ત્રણસો નવ્વાણુથી પુનર્વસુ પર્યન્તનો નક્ષત્રસમૂહ શુદ્ધ થાય છે. પાંચસો ઓગણપચાસથી ઉત્તરાફાલ્ગુની પર્યન્તના નક્ષત્રો શુદ્ધ થાય છે, તથા વિશાખા સુધીના નક્ષત્રો છસો ઓગણસિત્તેર ૬૬૯ થી શુદ્ધ થાય છે. તથા મૂળ નક્ષત્રે સુધીના નક્ષત્રો આઠસો ઓગણીસ ૮૧૯-થી શુદ્ધ થાય છે. બધા શોધનક અભિજીત્ નક્ષત્ર સંબંધી મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગના સડસઠિયા ભાગને શોધિત કરવો (एयाई सोहइत्ता) પૂર્વકથિત શોધનક નક્ષત્રોનું યથાયોગ શોધન કરીને જે શેષ રહે છે. એજ નક્ષત્ર હોય છે. આ નક્ષત્રોમાં સૂર્યની સાથે અમાસની ઉપપત્તિ કરે છે. એ રીતે અમાસ સંબંધી ચંદ્રના યોગનું જ્ઞાન થવા માટે ક્રિયા કરણનું કથન કર્યું હવે પુનમના સંબંધમાં ચંદ્રના યોગના જ્ઞાન માટેના કરણનું કથન કરે છે-(इच्छा पुन्निमगुणिओ) ઇત્યાદિ પહેલાં જે અમાવાસ્યામાં ચંદ્રનક્ષત્રને જાણવા માટે નિશ્ચિત્ ગણિત પ્રકાર કહ્યો એજ અહીંયાં પૂર્ણિમામાં નક્ષત્ર અને ચંદ્રયોગના નક્ષત્રોને જાણવા માટે ઇચ્છિત પૂર્ણિમાનો ગુણાકાર કરવો અર્થાત્ જે પૂર્ણિમાને જાણવી હોય એટલી સંખ્યાથી ગુણન પ્રક્રિયા કરવી ગુણાકાર કરવાથી જે ફળ આવે એજ પૂર્વોક્ત અભિજીત વિગેરેનું શોધનક જાણવું. પુનર્વસુ વિગેરે નક્ષત્રોનું

નહીં. શોધનક શુદ્ધ થાય ત્યારે જે શેષ રહે તે નક્ષત્ર પૂર્ણિમા યુક્ત થાય છે. એ નક્ષત્રમાં ચંદ્રમા નિર્મળ પૂર્ણિમાને પરિપૂર્ણ કરે છે, આ પૂર્ણિમા સંબંધી ચંદ્ર યોગના જ્ઞાન સંબંધની બે કરણ ગાથાનો સ્પષ્ટાર્થ છે, અર્થાત્ બારમી અને તેરમી ગાથાનો અર્થ કહ્યો છે. ॥૧૨-૧૩॥

હવે આની ભાવના બતાવવામાં આવે છે.-કોઈ પૂછે છેકે યુગની આદિમાં પહેલી જે શ્રાવિષ્ઠી પૂર્ણિમા છે એ કયા ચંદ્ર નક્ષત્રમાં સમાપ્ત થાય છે. ઉત્તરમાં કહે છે કે- છાસઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પાંચ ભાગ અને બાસઠિયા એક ભાગનો સડસઠિયા એક ભાગ આ રીતે અવધાર્ય રાશી કરવી પહેલી પુનમના સંબંધમાં પ્રશ્ન કરવાથી એકથી ગુણાકાર કરવો એકથી ગુણવાથી એજ રહે છે. તે પછી અભિજીત્ નક્ષત્ર ના નવ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા છાસઠ ભાગ રૂપ અવધારિત રાશી થાય છે. તેનું પરિમાણ શોધનીય પ્રકારથી શોધિત કરવું તેથી છાસઠના નવ મુહૂર્ત શુદ્ધ રહે છે, અને સતાવન શેષ રહે તેમાંથી એક મુહૂર્તને લઈને તેના બાસઠ ભાગ કરવા એ બાસઠ પણ ભાગરાશિમાં પાંચ રૂપે પ્રક્ષિપ્ત કરવા એટલે કે ઉમેરવા જે સડસઠિયા બાસઠ ભાગ થાય છે. તેમાં ચોવીસ શુદ્ધ હોય છે. અને તેંતાલીસ વધે છે, તેમાંથી એક લઈને સડસઠ ભાગ કરવા તો તે સડસઠ ભાગ પણ સડસઠિયા એક ભાગમાં ઉમેરવા તો અડસઠ થાય છે. તેમાં છાસઠ શુદ્ધ હોય છે અને સડસઠિયા બે ભાગ રહે છે. ત્રીસ મુહૂર્તથી શ્રવણનક્ષત્ર શુદ્ધ થાય છે. તથા છવ્વીસ મુહૂર્ત રહી જાય છે, આ રીતે ધનિષ્ઠા નક્ષત્રના ત્રીસ મુહૂર્તના એક મુહૂર્તના બાસઠિયા ઓગણીસ ભાગોમાં તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા પાંચ ભાગ શેષ રહેવાથી પહેલી શ્રાવિષ્ઠી પૂર્ણિમા સમાપ્ત થાય છે.

જ્યારે બીજી શ્રાવિષ્ઠિ પૂર્ણિમાનો વિચાર કરવામાં આવે તો જ્યારે તે યુગની આદિથી આરંભ કરીને તેરમી ધ્રુવરાશી થાય છે. ૬૬/$\frac{૫}{૬૨}$/$\frac{૧}{૬૭}$ તેરથી ગુણાકાર કરે તો

આઠસો અઠાવન ૮૫૮ મુહૂર્ત થાય છે, તથા એક મુહૂર્તના બાસઠિયા પાંસઠ ભાગ તથા એક બાસઠ ભાગ સંબધી સડસઠિયા તેર ભાગ ૮૫૮/$\frac{૬૫}{૬૨}$/$\frac{૧૩}{૬૭}$ આમાં આઠસો ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગોથી તથા બાસઠિયા એક ભાગ સંબંધી સડસઠિયા છાસઠ ભાગોથી એક નક્ષત્ર પર્યાય શુદ્ધ થાય છે. પછીથી ઓગણચાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ઓગણ ચાલીસ ભાગ તથા બાંસઠિયા એક ભાગના સડસઠિયા ચૌદ ભાગ રહે છે.-૩૯/$\frac{૩૯}{૬૨}$/$\frac{૧૪}{૬૭}$ તે પછી નવ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગોથી તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચૌદ ભાગ શેષ રહે છે. ૩૯/$\frac{૩૫}{૬૨}$/$\frac{૧૪}{૬૭}$ તે પછી નવ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગોથી તથા બાસઠિયા એક ભાગના છાસઠિયા સડસઠ ભાગોથી અભિજીત નક્ષત્ર શુદ્ધ થાય છે. તે પછી ત્રીસ મુહૂર્ત રહે છે. તથા પંદર મુહૂર્તના બાસઠિયા ભાગ અને એક બાસઠિયા ભાગના સડસઠિયા પંદર ભાગ ૩૦ $\frac{૧૫}{૬૨}$ $\frac{૧૫}{૬૭}$ ત્રીસ મુહૂર્તથી શ્રવણ નક્ષત્ર શુદ્ધ થાય છે આ રીતે ઓગણત્રીસ મુહૂર્તોમાં એક મુહૂર્તના બાસઠિયા છેતાળીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બાવન ભાગ શેષ રહે એ રીતે ધનિષ્ઠા નક્ષત્રમાં બીજી શ્રાવિષ્ઠિ પૂર્ણિમા સમાપ્ત થાય છે, જ્યારે ત્રીજી શ્રાવિષ્ઠિ પુનમનો વિચાર કરવામાં આવે તો તે યુગની આદિથી પૂર્વોક્ત પચીસમી ધ્રુવરાશી થાય છે. જે ૬૬/$\frac{૫}{૬૨}$/$\frac{૧}{૬૭}$ આનો પચીસથી ગુણાકાર કરે તો સોળસો પચાસ આવે છે. ૧૬૫૦ એક મુહૂર્તના બાસઠિયા ભાગના એકસો પચીસ ૧૨૫ થાય છે તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા પચીસ ભાગ ૨૫ એ રીતે સોળસો આડત્રીસ ૧૬૩૮ મુહૂર્ત થાય છે. તથા એક મુહૂર્તના બાસઠિયા અડતાળીસ ભાગ ૪૮ તથા બાસઠિયા ૪૮ ભાગના એકસો બત્રીસ ભાગથી ૧૩૨ થી બે નક્ષત્ર પર્યાય શુદ્ધ થાય છે. તે પછી ૧૨ બાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પંચોતેર ભાગ તથા એક બાસઠિયા ભાગના સત્યાવીસ સડસઠિયા ભાગ અને નવ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના છાસઠ ભાગથી અભિજીત નક્ષત્ર શોધિત થાય છે, તે

પછી તેર મુહૂર્ત રહે છે. તથા એક મુહૂર્તના બાસઠિયા પચાસ ભાગ $\frac{50}{62}$ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા અઠયાવીસ ભાગ $\frac{28}{67}$ પર આવેલ શ્રવણ નક્ષત્ર છવ્વીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા અગ્યાર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણચાલીસ ભાગ શેષ રહે ત્યારે ત્રીજી શ્રાવિષ્ઠિ પુનમ સમાપ્ત થાય છે. એજ પ્રમાણે ચોથી શ્રાવિષ્ઠિ પુનમ ધનિષ્ઠા નક્ષત્રના સોળ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પચીસ ભાગ શેષ રહે ત્યારે સમાપ્ત થાય છે. પાંચમી શ્રાવિષ્ઠિ પુનમ શ્રવણ નક્ષત્ર બાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સાઠ ભાગ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા બાવીસ ભાગ શેષ રહે ત્યારે સમાપ્ત થાય છે. એજ પ્રમાણે જે નક્ષત્ર શ્રાવિષ્ઠિ પુનમને સમાપ્ત કરે છે તેનું કથન કર્યું, હવે જે નક્ષત્ર પ્રૌષ્ઠપદી પુનમને સમાપ્ત કરે છે તેનું કથન કરવામાં આવે છે. (ता पोट्ठवइण्णं पुण्णिमासिं कति णक्खत्ता जोएंति) અન્વર્થ સંજ્ઞાવાળી પૂર્ણિમાઓમાં જે રીતે શ્રાવિષ્ઠી કહે: અર્થાત્ પૂર્ણિમાનું સવિસ્તર કથન કર્યું એજ પ્રમાણે પ્રૌષ્ઠપદી પૂર્ણિમાનો પણ યથાર્થ અર્થ મને પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદાથી યુક્ત પ્રૌષ્ઠપદી એટલે કે ભાદરવા માસની પુનમ કેટલા નક્ષત્રોનો યોગ કરે છે એટલે કે કેટલા નક્ષત્ર યથા યોગ ચંદ્રની સાથે નિવાસ કરીને ભાદરવા માસની પુનમને સમાપ્ત કરે છે ? હે ભગવન્ તે મને કહો.આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનો પ્રશ્ન સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता तिण्णि णक्खत्ता जोएंति तं जहा सतभिसया पुव्वासाढवती उत्तरापोट्ठवया) ત્રણ નક્ષત્રો ચંદ્રની સાથે યોગ કરીને ભાદરવા માસની પુનમને સમાપ્ત કરે છે. તેના નામો આ પ્રમાણે છે. શતભિષા, પૂર્વાપ્રૌષ્ઠપદા અને ઉત્તરા-પ્રૌષ્ઠપદા તેમાં પહેલી પ્રૌષ્ઠપદી પુનમને ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર સત્યાવીસ મુહૂર્ત અને એકર

મુહૂર્તના બાસઠિયા ચૌદ ભાગ થાય છે અને સડસઠિયા છાસઠ ભાગ શેષ રહે છે. આ રીતે પહેલી પ્રૌષ્ઠપદી પુનમ સમાપ્ત થાય છે. બીજી પ્રૌષ્ઠપદી પુનમને પૂર્વાભાદ્રપદા નક્ષત્ર આઠ મુહૂર્ત શેષ રહે ત્યારે તથા એક મુહૂર્તના બાસઠિયા એકતાળીસ ભાગ અને એક બાસઠિયા ભાગના સડસઠિયા અઠ્યાવીસ ભાગ રહે ત્યારે સમાપ્ત કરે છે, ત્રીજી પ્રૌષ્ઠપદી પુનમને શતભિષા નક્ષત્ર પાંચ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ભાગ અને એક બાસઠિયા ભાગના સડસઠિયા અઠયાવીસ ભાગ રહે ત્યારે સમાપ્ત કરે છે. ચોથી પ્રૌષ્ઠપદી પુનમને ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર ચાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા એકતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચોવીસ ભાગો શેષ રહે ત્યારે ચોથી પ્રૌષ્ઠપદી પુનમ સમાપ્ત થાય છે, પાંચમી પ્રૌષ્ઠપદી પુનમ પૂર્વાભાદ્રપદા નક્ષત્રના એકવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા પંચાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા અગીયાર

ભાગ શેષ રહેવાથી પાંચમી પ્રૌષ્ઠપદી પૂર્ણિમા સમાપ્ત થાય છે.

આ રીતે પ્રૌષ્ઠપદી પુનમના સંબંધમાં સવિસ્તર કથન સાંભળીને શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે કે (ता आसोदिण्णं पुण्णिमं कति णक्खत्ता जोएंति) આસો માસ ભાવિની પુનમ કેટલા નક્ષત્રનો કાળ સમાપ્ત થતાં સુધી ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત થાય છે ? ઉત્તરમાં ભગવાન્ કહે છે (ता दोण्णि णक्खत्ता जोएंति तं जहा रेवती य अस्सिणी य) આસોની પુનમ રેવતી અને અશ્વિની એ બે નક્ષત્રનો યથાયોગ્ય કાળ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત થાય છે. પરંતુ અહીંયાં ઉત્તરાભાપદ્રપદા નક્ષત્ર પણ કોઈ આસો માસની પુનમને સમાપ્ત કરે છે. આ રીતે ઉપપત્તિથી દેખાય છે, તો પણ એજ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પ્રૌષ્ઠપદી ભાદરવા માસની પૂનમને સમાપ્ત કરે છે. તેમ એજ ઉપપત્તિથી સિદ્ધ છે, તથા અહીંયાં લોકમાં એજ નક્ષત્રોનું પ્રાધાન્ય દેખાય છે, કારણ કે એ નક્ષત્રના નામથી એ પુનમનું નામ પણ કહેવામાં આવે છે. તેથી અહીંયાં તેની વિવક્ષા કરેલ નથી, તેથી તે નિર્દોષ છે. જેમકે પહેલી આસોની પુનમને આશ્વિની નક્ષત્ર એકવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ત્રેસઠ ભાગ અને સડસઠ ભાગ શેષ રહે, ત્યારે સમાપ્ત થાય છે. આસો માસની બીજી પુનમને રેવતી નક્ષત્ર સત્તર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પચાસ ભાગ શેષ રહે ત્યારે સમાપ્ત થાય છે. આસો માસની આ પુનમને ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર ચૌદ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એક ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સાડત્રીસ ભાગ શેષ રહે ત્યારે ત્રીજી આસોની પુનમ સમાપ્ત થાય છે. આસોમાસની ચોથી પુનમને રેવતી નક્ષત્ર ચાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેત્રીસ ભાગ અને બાસઠિયા એક ભાગના સડસઠિયા તેત્રીસ ભાગ શેષ રહે ત્યારે ચોથી આસો માસની પુનમ સમાપ્ત થાય છે. પાંચમી આસો માસની પુનમને ઉત્તર ભાદ્રપદા નક્ષત્ર એક મુહૂર્તના બાસઠિયા પચાસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા દસ ભાગ શેષ રહે સમાપ્ત કરે છે.

આ રીતે સ્પષ્ટ રીતે વ્યાખ્યા સાંભળીને શ્રી ગૌત્તમસ્વામી ફરીથી ભગવાનને પૂછે છે. (ता कत्तियण्णं पुण्णिमं कति णक्खत्ता जोएंति) કેટલા નક્ષત્રો કાર્તિક માસની પુનમને ચંદ્રની સાથે યોગ કરીને એ પુનમ તે સમાપ્ત કરે છે, ઉત્તરમાં ભગવાન્ કહે છે. (ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा भरणो कत्तिया य) બે નક્ષત્રોજ કાર્તિક માસની પુનમને ચંદ્રની સાથે યોગ્ય રીતે સંયોગ કરીને સમાપ્ત કરે છે. અહીંયાં પણ કયારેક આશ્વિની નક્ષત્ર પણ કાર્તિકી પુનમને સમાપ્ત કરતા દેખાય છે. પ્રમાણથી પણ એજ સિદ્ધ થાય છે. અહીંયા એવી રીતે સમજવું કે જ્યારે આસો માસની પુનમમાં અશ્વિની

નક્ષત્રનુ પ્રાધાન્ય આપેલ છે, તો અહીંયાં તેનું કથન વ્યર્થજ છે, તેથી તે અહીં કહેલ નથી, કાર્તિક માસની પહેલી પુનમને કૃત્તિકા નક્ષત્ર એક મુહૂર્તના બાસઠિયા ચાર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બાસઠ ભાગ શેષ રહે ત્યારે પહેલી કાર્તિકી પુનમ ચંદ્રની સાથે યોગ કરીને કૃત્તિકા નક્ષત્ર સમાપ્ત કરે છે. બીજી કાર્તિકી પુનમને કૃત્તિકા નક્ષત્ર છવ્વીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણપચાસ ભાગ શેષ રહે ત્યારે બીજી પુનમને એજ કૃત્તિકાનક્ષત્ર સમાપ્ત કરે છે, ત્રીજી કાર્તિકી પુનમ ને અશ્વિની નક્ષત્ર સાત મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા અઠાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છવીસ ભાગ શેષ રહે ત્યારે એ ત્રીજી કાર્તિકી પુનમને અશ્વિની નક્ષત્રજ ચંદ્રની સાથે યથાયોગ્ય સંયોગ કરીને સમાપ્ત કરે છે. ચોથી કાર્તિકી પુનમને પુનઃકૃત્તિકા નક્ષત્ર સોળ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા અઠાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બાવીસ ભાગ શેષ રહે ત્યારે ચોથી કાર્તિકી પુનમને કૃત્તિકા નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી પાંચમી કાર્તિકી પુનમને ભરણી નક્ષત્ર નવ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા પિસ્તાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા નવભાગ શેષ રહે ત્યારે પાંચમી કાર્તિકી પુનમને ભરણી નક્ષત્ર સમાપ્ત કરે છે.

શ્રીગૌતમસ્વામી ફરી પૂછે છે-(ता मग्गसिरीणं पुण्णिमं कत्ति णक्खत्ता जोएंति) કેટલા નક્ષત્ર માર્ગશીર્ષમાસની પુનમને ચંદ્રની સાથે યથાયોગ્ય યોગ કરીને સમાપ્ત કરે છે, આ પ્રમાણે, શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ભગવાન્ કહે છે (ता दोण्णि णक्खत्ता जोएंति तं जहा रोहिणी मग्गसिरो य) માર્ગશીર્ષ માસની પૂર્ણિમાને રોહિણી અને મૃગશર એ બે નક્ષત્ર યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, તેમાં પહેલી માગશર પુનમને મૃગશિર નક્ષત્ર આઠ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગમાંથી સડસઠિયા એકસઠ ભાગ શેષ રહે ત્યારે એ પહેલી માર્ગશીર્ષી પુનમને મૃગશિર નક્ષત્ર ચંદ્રની સાથે યથાયોગ્ય યોગ કરીને સમાપ્ત કરે છે, બીજી માગશીર્ષી પુનમને રોહિણી નક્ષત્ર પાંચ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છવ્વીસ ભાગ તથા બાસઠિયા એક ભાગનાં સડસઠિયા અડતાલીસ ભાગ શેષ રહે ત્યારે એ બીજી માગશર માસથી પુનમને યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. માગશીર્ષ માસની ત્રીજી પુનમને રોહિણી નક્ષત્ર એકવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ત્રેપન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પિસ્તાલીસ ભાગ શેષ રહે ત્યારે એ માર્ગશીર્ષ માસની ત્રીજી પુનમને યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, ચોથી માગશીર્ષ માસની પુનમને પુનઃમૃગશર નક્ષત્ર બાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેર ભાગ તથા બાસઠિયા એક ભાગના

સડસઠિયા એકવીસ ભાગ શેષ રહે ત્યારે એ ચોથી માગશર માસની પુનમને યથાયોગ ચન્દ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, પાંચમી માર્ગશીર્ષ માસની પુનમને ત્રીજીવાર રોહિણી નક્ષત્ર અઢાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા આઠ ભાગ શેષ રહે ત્યારે એ પાંચમી માર્ગશીર્ષ માસની પુનમને યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે (ता पोसिण्णं पुण्णिमं कति णक्खत्ता जोएंति) કેટલા નક્ષત્રો પોષમાસની પુનમને યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે? તે સ્પષ્ટ રીતે આપ કહો? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાન્ કહે છે? (ता तिण्णि णक्खत्ता जोएंति, तं जहा अद्दा पुणव्वसू पुस्सो) આર્દ્રા, પુનર્વસુ, અને પુષ્ય આ ત્રણ નક્ષત્રો પોષ માસની પુનમનો ચંદ્રની સાથે યથાયોગ સંયોગ કરીને સમાપ્ત કરે છે, તેમાં પહેલી પોષમાસની પુનમને પુનર્વસુ નક્ષત્રના બે મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છપ્પન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સાઠ ભાગ શેષ રહે ત્યારે પહેલી પોષમાસની પુનમનો યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને પુનર્વસુ નક્ષત્ર સમાપ્ત કરે છે, બીજી પોષ માસની પુનમને એજ પુનર્વસુ નક્ષત્ર ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકવીસ ભાગ તથા બાસઠિયા એકવીસ ભાગના સડસઠિયા સુડતાલીસ શેષ રહે ત્યારે બીજી પૌષી પુનમને પુનર્વસુ નક્ષત્ર યથાયોગ ચંદ્રની સાથે સંયોગ કરીને સમાપ્ત કરે છે. ત્રીજી પોષી પુનમને અધિક માસની પહેલાની પુનમને આર્દ્રા નક્ષત્ર દશ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા અડતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચોત્રીસ ભાગ શેષ રહે ત્યારે સમાપ્ત કરે છે, અધિક માસની એજ ત્રીજી પોષી પુનમને પુષ્ય નક્ષત્ર ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેંતાલીસ ભાગ તથા બાસઠિયા

એક ભાગ શેષ રહે ત્યારે પુષ્ય નક્ષત્રને યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને ત્રીજી પોષી પુનમને સમાપ્ત કરે છે. ચોથી પોષ માસની પુનમને પુનર્વસુ નક્ષત્ર સોળ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા આઠ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા વીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને ચોથી પોષમાસની પુનમને સમાપ્ત કરે છે, તે પછી પોષમાસની પાંચમી પુનમને ફરીથી પુનર્વસુ નક્ષત્ર બેંતાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પાંત્રીસ ભાગ અને બાસઠિયા એક ભાગના સડસઠિયા સાત ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે.

આ પ્રમાણે પોષમાસની પુનમનું સવિસ્તર વર્ણન સાંભળીને શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता माहिण्णं पुण्णिमं कति णक्खत्ता जोएंति। માઘમાસની પુનમ કેટલા નક્ષત્રોના ચંદ્રની સાથે યોગ કરીને માઘી પુનમ સમાપ્ત થાય છે? આ રીતે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્ન સાંભળીને ભગવાન્ કહે છે- (ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा अस्सेसा महा य) પૂર્વવત્ અશ્લેષા અને મઘા એ બે નક્ષત્ર માઘી પુનમને યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ પુનમને સમાપ્ત કરે છે. તેમાં પહેલી માઘી પુનમને (च) પદથી કવચિત્ કવચિત્ પુષ્ય નક્ષત્ર પણ સમાપ્ત કરે છે, એમ ધ્વનિત થાય છે. આ પ્રમાણે માઘમાસની પહેલી પુનમને મઘા નક્ષત્ર અગીયાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા એકાવન ભાગ અને બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણસાઈઠ ભાગ શેષ રહે ત્યારે માઘમાસની પહેલી પુનમને યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, બીજી માઘી પુનમ અશ્લેષા નક્ષત્રના આઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સોળ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છેંતાળીસ ભાગ શેષ રહે ત્યારે ચંદ્રની સાથે યથાયોગ્ય યોગ કરીને એ માઘી બીજી પુનમને અશ્લેષા નક્ષત્ર જ સમાપ્ત કરે

છે. તે પછી ત્રીજી માઘી પુનમને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર અઠયાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા આડત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બત્રીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ ત્રીજી માઘમાસની પુનમને પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર સમાપ્ત કરે છે, તે પછી ચોથી માઘી પુનમને મઘા નક્ષત્રજ પચીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ત્રણ ભાગ તથા બાસઠિયા ઓગણીસ ભાગ શેષ રહે ત્યારે ચંદ્રની સાથે યથાયોગ યોગ કરીને સમાપ્ત કરે છે, તે પછી પાંચમી માઘી પુનમને પુષ્ય નક્ષત્ર છ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે સંયોગ કરીને પુષ્ય નક્ષત્ર જ પાંચમી માઘી પુનમને સમાપ્ત કરે છે. આ પ્રમાણે મઘ્યની પુનમનું સવિસ્તર કથન સાંભળીને શ્રીગૌતમસ્વામી ફરીથી ભગવાનને પૂછે છે-(ता फग्गुणीणं पुण्णिमं कति णक्खत्ता जोएंति) કેટલા નક્ષત્ર ફાગણમાસની પુનમનો યોગ કરે છે? અર્થાત્ ચંદ્રની સાથે યથાયોગ સંયોગ કરીને સમાપ્ત કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છે-(ता दोण्णि णक्खत्ता जोएंति तं जहा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी य) પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની એ બે નક્ષત્ર યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને ફાગણમાસની પુનમને સમાપ્ત કરે છે, તેમાં પહેલી ફાગણમાસની પુનમને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર વીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ત્રીસ ભાગ અને બાસઠિયા એક ભાગના સડસઠિયા અઠાવન ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ પહેલી ફાગણમાસની પુનમને સમાપ્ત કરે છે, પછીથી બીજી ફાગણમાસની પુનમને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર બે મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા અગ્યાર ભાગ અને બાસઠિયા એક ભાગના સઠસઠિયા પિસ્તાલીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે સંયોગ કરીને એ બીજી ફાગણ માસની પુનમને

સમાપ્ત કરે છે, તે પછી ત્રીજી ફાગણમાસની પુનમને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાત મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા તેત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા એકત્રીસ ભાગ શેષ રહે ત્યારે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ ત્રીજી ફાગણ માસની પુનમને સમાપ્ત કરે છે, તે પછી ચોથી ફાગણમાસની પુનમને ફરીથી એજ ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર તેત્રીસ મુહૂર્ત અને અને એક મુહૂર્તના બાસઠિયા છ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા અઢાર ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ ચોથી ફાગણમાસની પુનમને સમાપ્ત કરે છે, તે પછી પાંચમી ફાગણમાસની પુનમને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પંદર મુહૂર્ત અને એક બાસઠિયા ભાગના સડસઠિયા પાંચમો ભાગ શેષ રહે ત્યારે યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને એ પાંચમી પુનમને સમાપ્ત કરે છે.

આ પ્રમાણે ફાગણમાસની પુનમના સંબંધમાં સવિસ્તર વર્ણન સાંભળીને શ્રીગૌતમસ્વામી ચૈત્રી પુનમના સંબંધમાં પ્રશ્ન કરે છે, (ता कति णक्खत्ता चित्तिण्णं पुण्णिमं जोएंति) ચૈત્ર માસ ભાવિની પુનમને કેટલા નક્ષત્રો ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છે-(ता दुण्णि णक्खत्ता जोएंति, तं जहा-हत्थो चित्ता य) હસ્ત નક્ષત્ર અને ચિત્રા નક્ષત્ર એ બે નક્ષત્રો ચૈત્ર માસની પુનમને સમાપ્ત કરે છે, તેમાં પહેલી ચૈત્રી પુનમને ચિત્રા નક્ષત્ર ચૌદ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્તાવનભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચિત્રા નક્ષત્ર ચંદ્રની સાથે સંયોગ કરીને પહેલી ચૈત્રી પુનમને સમાપ્ત કરે છે, તે પછી બીજી ચૈત્રી પુનમને હસ્તનક્ષત્ર અગીયાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્તાવન ભાગ શેષ રહે ત્યારે હસ્ત નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરીને બીજી ચૈત્રી પુનમને સમાપ્ત કરે છે, તે પછી ત્રીજી ચૈત્રી પુનમને ચિત્રા

નક્ષત્ર એક મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા અઠયાવીસ ભાગ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા ચાલીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને ચિત્રા નક્ષત્ર એ ત્રીજી ચૈત્રી પુનમને સમાપ્ત કરે છે, તે પછી ચોથી ચૈત્રી પુનમને ફરીથી ચિત્રા નક્ષત્ર જ સત્યાવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા પંચાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્તર ભાગ શેષ રહે ત્યારે ચંદ્રની સાથે યથાયોગ યોગ કરીને એ ચૈત્રી ચોથી પુનમને સમાપ્ત કરે છે, તે પછી પાંચમી ચૈત્રી પુનમને પુનઃ હસ્તનક્ષત્ર ચોવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા વીસ ભાગ અને બાસઠિયા એક ભાગના સડસઠિયા ચાર ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે હસ્ત નક્ષત્ર યોગ કરીને એ પાંચમી ચૈત્રી પુનમને સમાપ્ત કરે છે.

આ રીતે ચૈત્રી પુનમનું વર્ણન વિસ્તારપૂર્વક સાંભળીને શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રશ્ન કરે છે (ता विसाहिण्णं पुण्णिमं कति णक्खत्ता जोएंति) કેટલા નક્ષત્રો વૈશાખમાસ ભાવિની પુનમને યથાયોગ ચંદ્રની સાથે સંયોગ કરીને વૈશાખ માસની પુનમને સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને તેના ઉત્તરમાં ભગવાન્ કહે છે (ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा साती विसाहा य) સ્વાતી અને વિશાખાએ બે નક્ષત્રો ચંદ્રની સાથે યથાયોગ યોગ કરીને વૈશાખમાસ ભાવિની પુનમને સમાપ્ત કરે છે, અહીંયાં (च) શબ્દના પ્રયોગથી કોઇ વૈશાખી પુનમનો અનુરાધા નક્ષત્ર પણ યોગ કરે છે. આ અનુરાધા નક્ષત્ર વિશાખા નક્ષત્રની પર એટલે કે પાછળ રહે છે. જે પુનમમાં વિશાખા નક્ષત્રનું પ્રાધાન્ય રહે તે પછીની પૂર્ણિમામાં તે નક્ષત્ર સાક્ષાત્ આવે છે. અહીંયાં નહીં કારણકે તે આનુષાંગિક રહે છે. તેમાં પહેલી વૈશાખમાસની પુનમને વિશાખા નક્ષત્ર આઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છવ્વીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છપ્પન ભાગ શેષ રહે ત્યારે ચંદ્રની સાથે યથાયોગ સંયોગ કરીને સમાપ્ત કરે છે. તે પછી બીજી વૈશાખમાસની પુનમને એજ વિશાખા નક્ષત્ર પચીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એક ભાગ અને બાસઠિયા એક ભાગના સડસઠિયા તેંતાલીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને બીજી વૈશાખમાસની પુનમને વિશાખા નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી ત્રીજી વૈશાખમાસની પુનમને અનુરાધા નક્ષત્ર પચીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણત્રીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એજ અનુરાધા નક્ષત્ર વૈશાખમાસની ત્રીજી પુનમને સમાપ્ત કરે છે. તે પછી ચોથી વૈશાખમાસની પુનમને ફરીથી વિશાખા નક્ષત્રજ એકવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા પચાસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સોળ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ

ચોથી વૈશાખમાસની પુનમને સમાપ્ત કરે છે, તે પછી પાંચમી વૈશાખમાસની પુનમને સ્વાતી નક્ષત્ર ચંદ્રની સાથે સંયોગ કરીને એ પાંચમી વૈશાખી પુનમને સમાપ્ત કરે છે, શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે (ता जेट्ठामुलिण्णं पुण्णिमासिण्णं कति णक्खत्ता जोएंति) જેઠમાસ ભાવિની જ્યેષ્ઠા મૂલી એટલેકે જ્યેષ્ઠા અને મૂળ નક્ષત્રથી સમાપ્ત થવાવાળી પુનમને કેટલા નક્ષત્ર યથાયોગ ચન્દ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે ?

આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પૂછવાથી તેનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે- (ता तिण्णि णक्खत्ता जोएंतिं तं जहा-अणुराहा जेट्ठा मूलो) જ્યેષ્ઠામૂલી પૂર્ણિમાને અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલ એ ત્રણ નક્ષત્ર યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને જ્યેષ્ઠમાસ ભાવિની પુનમને સમાપ્ત કરે છે. તેમાં પહેલી જ્યેષ્ઠામૂલી પુનમને મૂલ નક્ષત્ર સત્તર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા એકત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પંચાવન ભાગ બાકી રહે ત્યારે યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને મૂલ નક્ષત્ર એ પહેલી જેઠ માસની પુનમને સમાપ્ત કરે છે. તે પછી બીજી જ્યેષ્ઠા મૂલી પુનમને જ્યેષ્ઠા નક્ષત્ર તેર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા અઠાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બેંતાલીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને જ્યેષ્ઠા નક્ષત્ર યોગ્ય નામવાળી એ બીજી જેઠમાસની પુનમને સમાપ્ત કરે છે. તે પછી ત્રીજી જેઠમાસની પુનમને ફરીથી મૂલનક્ષત્ર ચાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા અઢાર ભાગો તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા અઠયાવીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને મુલનક્ષત્ર એ ત્રીજી જેઠમાસની પુનમને સમાપ્ત કરે છે. તે પછી ચોથી જ્યેષ્ઠમાસ ભાવિની પુનમને જ્યેષ્ઠા નક્ષત્ર એક મુહૂર્તના બાસઠિયા એક ભાગના સડસઠિયા પાંચ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને જ્યેષ્ઠા નક્ષત્ર સ્વનામવાળી એ ચોથી જ્યેષ્ઠી પુનમને સમાપ્ત કરે છે. તે પછી બાકીની પાંચમી જ્યેષ્ઠા મૂલી પુનમને અનુરાધા નક્ષત્ર બાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા દસ ભાગ અને બાસઠિયા એક ભાગના સડસઠિયા બે ભાગ બાકી રહે ત્યારે ચંદ્રની સાથે યથાયોગ્ય યોગ કરીને અનુરાધા નક્ષત્ર એ પાંચમી જેઠમાસની પુનમને સમાપ્ત કરે છે.

આ પ્રમાણે જ્યેષ્ઠામૂલિ પુનમનું સવિસ્તર વ્યાખ્યાન સાંભળીને શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રશ્ન પૂછે છે-(ता आसाढिण्णं पुण्णिमं कति णक्खत्ता जोएंति) કેટલા નક્ષત્રો અષાઢમાસ ભાવિની પુનમને યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને તેનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે-(ता दोण्णि णक्खत्ता जोएंति तं जहा-पुव्वासाढा उत्तरासाढा य) પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ બે નક્ષત્ર અષાઢમાસ ભાવિની પુનમને ચંદ્રની સાથે યથાયોગ્ય યોગ કરીને એ

પૂર્ણિમાને સમાપ્ત કરે છે. તેમાં પહેલી અષાઢી પુનમને ઉત્તરાષાઢા નક્ષત્ર છવ્વીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છવ્વીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચોપન ભાગ શેષ રહે ત્યારે યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને એ પહેલી અષાઢમાસની પુનમને ઉત્તરાષાઢા નક્ષત્ર સમાપ્ત કરે છે, તે પછી બીજી અષાઢમાસની પુનમને પૂર્વાષાઢા નક્ષત્ર સાત મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ત્રેપન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચુંમાળીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને બીજી અષાઢી પુનમને સમાપ્ત કરે છે. તે પછી ત્રીજી અષાઢી પૂર્ણિમાને ફરીથી ઉત્તરાષાઢા નક્ષત્ર તેર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા તેર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્યાવીસ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને એ ત્રીજી અષાઢમાસની પુનમને ઉત્તરાષાઢા નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી ચોથી અષાઢી પુનમને ફરીથી ઉત્તરાષાઢા નક્ષત્ર ઓગણચાળીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચૌદ ભાગ શેષ રહે ત્યારે યથાયોગ્ય ચંદ્રની સાથે યોગ કરીને એ ચોથી અષાઢી પુનમને ઉત્તરાષાઢા નક્ષત્ર સમાપ્ત કરે છે, તે પછી બાકીની પાંચમી અષાઢી પુનમને ફરીથી ઉત્તરાષાઢા નક્ષત્ર જ પોતે સમાપ્ત થઈને સમાપ્ત કરે છે, અર્થાત્ એક તરફ પાંચમી અષાઢી પુનમ સમાપ્ત થાય છે અને બીજી તરફ ચંદ્રનો યોગ કરીને ઉત્તરાષાઢા નક્ષત્ર સમાપ્ત થાય છે, આ સૂત્રકારની જ શૈલી છે કે-જે જે નક્ષત્ર જે જે પુનમને અથવા જે જે અમાસને સમાપ્ત કરે છે, તે તે નક્ષત્ર જેટલું પ્રમાણ શેષ રહે ત્યારે સમાપ્ત થાય છે, એટલું તેમનું શેષ કહેવાય છે. એજ શેષ અહીંયા સર્વત્ર કહેલ છે, તેમ સમજવું. તેથી સૂત્રકારની શૈલી અનુસાર અમે પણ અહીંયાં કહેલ છે તેથી અહીંયાં આગમ પ્રામાણ્યનેજ પ્રમાણરૂપ સમજવું. તથા જેટલો જેટલો કાળ વીતિ ગયા પછી જે જે નક્ષત્રમાં જે જે પુનમ સમાપ્ત થાય છે. એજ પૂર્વોક્ત તેર કરણવશાત્ ભાવના ભાવિત કરી લેવી ચંદ્રપ્રજ્ઞપ્તિ વિગેરે અન્યત્ર પણ આજ પ્રમાણે કહેલ છે. તે પછી અમાસ સંબંધી અધિકાર કથન પણ એજ પ્રમાણે કહેલ છે. તેથી જે જે નક્ષત્ર જે જે પૂર્ણિમાનો યોગ પ્રાપ્ત કરે છે. તે તે નક્ષત્રોના સાર્થક નામ અન્યત્ર કહ્યા છે. ॥ સૂ. ૩૮ ॥

ટીકાર્થ– આ ચાલુ દસમા પ્રાભૃતનાં (योगे किं ते वस्तु आख्याता) આ વિષય સંબંધી પાંચમા પ્રાભૃતપ્રાભૃતમાં કુલોપકુલ વિગેરે નક્ષત્રોની સંજ્ઞાના સંબંધમાં પ્રતિપાદન કરીને આ છટ્ઠા પ્રાભૃતપ્રાભૃતમાં બે અંશ કહેવામાં આવે છે. તેમાં પહેલા અંશમાં એટલેકે પ્રકરણમાં ૩૮ આડત્રીસમાં સૂત્રમાં નક્ષત્રોના યોગવશાત્ પુનમોની સંજ્ઞાઓનું પ્રતિપાદન કરીને હવે જ્ઞાતાર્થ હોવા છતાં પણ મન્દબુદ્ધિવાળા શિષ્યોને સ્પષ્ટ બોધ થવા માટે (ता साविट्ठिण्णं) ઈત્યાદિ સૂત્રથી કુલાદિ સંજ્ઞાની યોજના પ્રકાર બતાવે છે. (ता साविट्ठिण्णं पुण्णिमासिणं किं कुलं जोएइ उवकुलं जोएइ कुलोवकुल जोएइ) શ્રીગૌતમસ્વામી પૂછે છે કે યદ્યપિ નક્ષત્રોના યોગથી પૂર્ણિમાઓની સંજ્ઞાનું પ્રતિપાદન આપે કર્યું. તો પણ વિશેષ બોધ પ્રાપ્તિ માટે બીજુ પણ કંઈક પૂછું છું, કે–હે ભગવાન્ શ્રાવણમાસ ભાવિની શ્રાવિષ્ઠી પૂર્ણિમાનો શું કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? અથવા ઉપકુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? કે કુલોપકુલ સંજ્ઞકનક્ષત્ર યોગ કરે છે? આ વિષયમાં આપ સવિસ્તર કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રીભગવાન્ મહાવીરસ્વામી કહે છે– (ता कुलं वा जोएइ उवकुलं वा जोएइ कुलोवकुलं वा जोएइ) શ્રાવિષ્ઠી એટલે કે શ્રાવણ માસની પૂર્ણિમા કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે. તથા ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે, તેમજ કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોનો પણ યોગ કરે છે. યથાયોગ ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોનો ચંદ્રની સાથે યોગ કરીને શ્રાવિષ્ઠી પૂર્ણિમા સમાપ્ત થાય છે. અહીંયાં સૂત્રમાં वा શબ્દ સમુચ્ચયાર્થક છે તેથી કુલવાળાનો પણ યોગ કરે છે. ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોનો પણ યોગ કરે છે. તેમજ કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોનો પણ યોગ કરે છે. આ રીતે અર્થ બોધ થાય છે. (ता कुलं जोएमाणे धणिट्ठा णक्खते जोएइ, उवकुलं जोएमाणे सवणे णक्खत्ते जोएइ, कुलोवकुलं जोएमाणे अभिई णक्खत्ते जोएइ) ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોના યોગના વિષય સંબંધી વિચારમાં દરેક પૂર્ણિમાઓમાં યથાસંભવ ચંદ્રની સાથે કુલસંજ્ઞક નક્ષત્રયોગ કરે તો ધનિષ્ઠા નક્ષત્ર યોગ કરે છે. કારણકે પૂર્વોક્ત ૩૭ સાડત્રીસમાં સૂત્રમાં ધનિષ્ઠા નક્ષત્રને

કુલ સંજ્ઞાવાળા નક્ષત્રોમાં સિદ્ધ કરેલ છે, તથા શ્રાવિષ્ઠી પૂર્ણિમામાં ધનિષ્ઠા નક્ષત્રનો સદ્ભાવ રહે છે. આ પ્રમાણે બધેજ નક્ષત્રોની સંજ્ઞા સમજી લેવી, તથા જ્યારે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ હોય છે ત્યારે શ્રવણ નક્ષત્ર શ્રાવિષ્ઠી પૂર્ણિમાનો યોગ કરે છે. તથાચ જ્યારે કુલોપકુલ સંજ્ઞકનક્ષત્રનો યોગ હોય છે ત્યારે અભિજીત નક્ષત્રનો યોગ રહે છે. એ અભિજીત્ નક્ષત્ર ત્રીજી શ્રાવિષ્ઠી પુનમ બાર મુહૂર્તથી કંઈક વધારે બાકી રહે ત્યારે ચંદ્રની સાથે યોગ કરે છે. અભિજીત નક્ષત્રનું શ્રવણનક્ષત્રની સાથે સહચારીપણું રહે છે. તેથી અને પોતે પણ તે પૂર્ણિમાની સમીપસ્થ હોવાથી એ નક્ષત્ર પણ એ પૂર્ણિમાને સમાપ્ત કરે છે. એ વિવક્ષાથી (युनक्ति) એ રીતે કહેલ છે. બધે ઠેકાણે (युनक्ति) અર્થાત્ યોગ કરે છે. એ રીતે સમજવું હવે ઉપસંહાર કરતાં કહે છે (ता साविट्ठिं पुण्णिमं कुलं वा जोएइ, उपकुलं वा जोएइ कुलोवकुलं वा जोएइ) નક્ષત્રોના યોગ સંબંધી વિચારમાં પ્રતિપાદન કરેલ ક્રમથી કુલાદિ ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોનો શ્રાવિષ્ઠી પૂર્ણિમા સાથે યોગ રહે છે. તેથી શ્રાવિષ્ઠિ પૂર્ણિમા કુલસંજ્ઞક ઉપકુલસંજ્ઞક અને કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોનો યોગ કરે છે. તે પ્રમાણે સ્વશિષ્યોને કહેવું કુલ સંજ્ઞાવાળા નક્ષત્રના યોગવાળી પણ શ્રાવિષ્ઠી પુનમ હોય છે. ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રના યોગવાળી પણ શ્રાવિષ્ઠી પુનમ હોય છે, તથા કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રથી પણ શ્રાવિષ્ઠી પુનમ યુક્ત હોય છે. આ રીતે બધે 'યુક્તા' એ પ્રમાણે નામથી સ્વશિષ્યોને કહેવું. સૂત્રમાં કહ્યું પણ છે.-'कुलेण वा उवकुलेण वा कुलोवकुलेण वा जुत्ता पुण्णिमा जुत्तत्ति वत्तव्वंसिया) કુલ સંજ્ઞક ઉપકુલસંજ્ઞક અને કુલોપકુલસંજ્ઞક એ રીતે ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોમાં કોઈપણ નક્ષત્રની સાથે રહેલ શ્રાવિષ્ઠી પૂર્ણિમા 'યુક્તા' એ નામવાળી થાય છે, તેમ સ્વ શિષ્યોને પ્રતિપાદન કરીને કહેવું. આ પ્રમાણે બધેજ અર્થની યોજના કરી લેવી. ફરીથી શ્રીગૌતમસ્વામી પૂછે છે કે=(ता पोट्ठवइण्णं पुण्णिमं किं कुलं जोएइं किं उवकुलं जोएइ किं कुलोवकुलं जोएइ) પ્રૌષ્ઠપદી એટલેકે ભાદરવામાસની પુનમ કુલસંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ કરે છે? અથવા ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ કરે છે? કે કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ કરે છે? એટલેકે યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને કયા નામવાળા નક્ષત્ર એ ભાદરવામાસની પુનમને સમાપ્ત કરે છે? તે હે ભગવન્ મને કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પૂછવાથી ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता कुलं वा जोएइ, उवकुलं वा जोएइ, कुलोवकुलं वा जोएइ) કુલસંજ્ઞક ઉપકુલસંજ્ઞક અને કુલોપકુલસંજ્ઞક એ પ્રમાણે ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોનો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને એ ભાદરવામાસની પુનમને સમાપ્ત કરે છે. અર્થાત્ પ્રૌષ્ઠપદી પુનમનો યોગ કરે છે. (ता कुलं जोएमाणे उत्तरापोट्ठवया णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे पुव्वापोट्ठवया णक्खते जोएइ कुलोवकुलं जोएमाणे सतभिसया णक्खते जोएइ) કુલસંજ્ઞાવાળા નક્ષત્રનો

યોગ કરે તો ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્રનો યોગ કરે છે. ઉપકુલ નક્ષત્રનોયોગ કરે તો પૂર્વાપ્રૌષ્ઠપદા નક્ષત્રનો યોગ કરે છે. કુલોપકુલ નક્ષત્રનો યોગ કરે તો શતભિષા નક્ષત્રનો યોગ કરે છે. આ પ્રમાણે કુલ સંજ્ઞાવાળું ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર છે અને ઉપકુલ સંજ્ઞાવાળું પૂર્વાભાદ્રપદા નક્ષત્ર છે તથા કુલોપકુલ સંજ્ઞાવાળું શતભિષા નક્ષત્ર છે. ભાદરવા માસની પૂર્ણિમામાં એ ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રને ચંદ્રના યોગનો સંભવ હોવાથી કુલાદિ સંજ્ઞાના ક્રમથી અહીંયાં નક્ષત્રોના નામ પ્રતિપાદિત કરેલ છે. તેમ સમજવું (पोट्ठवइण्णं पुण्णिमासिं णं कुलं वा जोएइ उवकुलं वा जोएइ कुलोवकुलं वा जोएइ) પ્રૌષ્ઠપદી પુનમનો કુલ સંજ્ઞાવાળા નક્ષત્ર પણ યોગ કરે છે. ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર પણ યોગ કરે છે, અને કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર પણ યોગ કરે છે. આ સૂત્રાંશની વિશેષ વ્યાખ્યા પહેલા કહેવામાં આવી ગયેલ છે. આ સૂત્રાંશ પુનરુક્ત જેવું છે જેથી વિશેષ વિવેચન કરેલ નથી. (कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता कुलोवकुलेण वा जुत्ता पुट्ठवता पुण्णिमा जुत्तात्ति वत्तव्वं सिया) કુલ ઉપકુલ અને કુલોપકુલ આ ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોમાં કોઈ પણ એક નક્ષત્રથી અથવા બે નક્ષત્રોથી યુક્ત પ્રૌષ્ઠપદી અર્થાત્ ભાદરવા માસની પૂર્ણિમા (युक्ता) એ નામવાળી પૂર્ણિમા હોય છે તેમ સ્વશિષ્યોને કહેવું, (ता आसोइण्णं पुण्णिमं किं कुलं जोएइ, उवकुलं जोएइ, कुलोवकुलं वा जोएइ) આસો માસની પૂર્ણિમાનો શું કુલ સંજ્ઞાવાળા કે ઉપકુલ સંજ્ઞાવાળા અથવા કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર યોગ કરે છે? એટલે કે ચંદ્રની સાથે યથા યોગ યોગ કરીને આશ્વિની પૂર્ણિમાને સમાપ્ત કરે છે. તે હે ભગવન્ મને આપ કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પૂછવાથી ઉત્તરમાં ભગવાન્ કહે છે (ता कुलं वा जोएइ, उवकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं) આશ્વિની પૂર્ણિમાનો કુલ સંજ્ઞક અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. તેને કુલોપકુલવાળા નક્ષત્રનો યોગ હોતો નથી. આ રીતે કહીને તેને જ સ્પષ્ટ કરે છે. (ता कुलं जोएमाणे अस्सिणी णक्खत्ते

जाएइ, उवकुलं जोएमाणे रेवती णक्खत्ते जोएइ) જ્યારે આશ્વિની પૂર્ણિમાનો કુલ સંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે ત્યારે તેને અશ્વિની નક્ષત્રનો યોગ થાય છે. અને જ્યારે અશ્વિની પૂર્ણિમાનો ઉપકુલ નક્ષત્ર યોગ કરે છે ત્યારે ત્યાં રેવતી નક્ષત્રનો યોગ હોય છે. તેને કુલોપકુલ નક્ષત્રના યોગનો સંભવ રહેતો નથી, તેથી જ કહે છે કે-(कुलं वा जोएइ उवकुलं वा जोएइ) કુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો પણ યોગ હોય છે અને ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો પણ યોગ હોય છે, (ता कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता अस्सादिण्णं पुण्णिमा जुत्तत्ति वत्तव्वं सिया) કુલ સંજ્ઞાવાળા અને ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રથી યુક્ત અશ્વિની પૂર્ણિમા (युक्ता) એ નામથી કહેવાય છે. કુલ ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોમાં જે કોઇ નક્ષત્રની સાથે રહેલી અશ્વિની પૂર્ણિમા યુક્તા એ નામવાળી કહેવાય છે. તેમ સ્વશિષ્યોને સમજાવવું (एवं णेतव्वा उ)આ પૂર્વોક્ત પ્રકારથી બાકીની બધી જ પૂર્ણિમાઓના સંબંધમાં પાઠક્રમથી કહી લેવું.(पोसं पुण्णिमं जेट्ठा मूलं पुण्णिमं च कुलोवकुलं पि जोएइ) પોષ માસની પુનમનો કુલ સંજ્ઞક ઉપકુલ સંજ્ઞક અને કુલોપકુલ સંજ્ઞક આ ત્રણે સંજ્ઞા વિશિષ્ટ નક્ષત્રોમાં એક, બે અથવા ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોથી યુક્ત હોય છે, એજ પ્રમાણે જ્યેષ્ઠા મૂલી એટલે કે જેઠ માસની પુનમ પણ કુલવાળા ઉપકુલવાળા નક્ષત્રોનો યોગ કરે છે. તથા કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. આ પૂર્ણિમા પણ ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોથી યુક્ત હોય છે. એજ પ્રમાણે અહીયા શ્રાવણી, ભાદ્રપદી, અશ્વિની પોષી, જ્યેષ્ઠા મૂલી આ પાંચે પૂર્ણિમાઓ ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોની સાથે સંબંધવાળી હોવાથી યુક્તા એ નામવાળી કહેવામાં આવેલ છે. તેમ સ્વશિષ્યોને કહેવું. (अवसेसासु नत्थि कुलोवकुलं) આનાથી અતિરિક્ત નહીં કહેલ કાર્તિકી, માર્ગશીર્ષી માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, અષાઢી આ સાતે પૂર્ણિમાઓમાં કુલોપકુલ નક્ષત્રનો યોગ નથી હોતો. તેમ સમજીને કહી લેવું તે આ પ્રમાણે છે-(ता कत्तिइण्णं पुण्णमासिण्णं किं कुलं जोएइ वा, उवकुलं वा जोएइ, ता कुलं पि जोएइ उवकुलं पि जोएइ, णो लभेइ कुलोवकुलं, कुलं जोएमाणे कत्तिया णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे भरणी णक्खत्ते जोएइ, ता कत्तियण्णं पुण्णमासीणं कुलं वा जोएइ, उवकुलं वा जोएइ, कुलेन वा जुत्ता उवकुलेन वा जुत्ता कत्तियपुण्णिमा जुत्तात्ति वत्तव्वं सिया) કાર્તિક માસની પુનમ શું કુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? અથવા ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? કાર્તિકી પુનમ કુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. પણ કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોનો યોગ કરતી નથી. કુલવાળા નક્ષત્રોનો યોગ કરે તો કૃત્તિકા નક્ષત્રનો યોગ કરે છે. ઉપકુલવાળા નક્ષત્રનો યોગ કરે તો ભરણી નક્ષત્રનો યોગ કરે છે. આ પ્રમાણે કાર્તિકી પુનમ કુલ સંજ્ઞાવાળા અને ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોનો યોગ કરે છે. કુલવાળા અને ઉપકુલવાળા નક્ષત્રોથી

યુક્તા કાર્તિકી પુનમને 'યુક્તા' એ નામવાળી કહેવી તેમ સ્વશિષ્યોને કહેવું, અહીં છાયા માત્રથી જ અર્થ સ્પષ્ટ કરેલ છે. આજ ક્રમથી ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી આષાઢી પૂર્ણિમાનું કથન ન આવે. (जाव आसाढी पुण्णिमा जुत्तत्ति वत्तव्वं सिया) યાવત્ અષાઢી પૂર્ણિમા 'યુક્તા' એ નામથી સ્વશિષ્યોને કહેવું. વધારે વિસ્તારથી શું પ્રયોજન ? કારણ કે અલગ અલગ દરેક પૂર્ણિમા સંબંધી સૂત્ર અને છાયાના કથનથી કેવળ ગ્રન્થ વિસ્તાર જ થશે. તેથી વિશેષ કંઈક લાભ દેખાતો નથી. તેથી આટલા કથનથી જ સમજી લેવું. આ રીતે અહિયાં પૂર્ણિમા સંબંધી કથન કહ્યું છે.

હવે અમાવાસ્યાના વિષયમાં કથન કરવામાં આવે છે-(ता साविट्ठिण्णं अमावासं कति णक्खत्ता जोएंति) શ્રીગૌતમસ્વામી કહે છે કે હવે અમાવાસ્યાના સંબંધમાં પ્રશ્ન પૂછું છું કે શ્રાવણ માસની શ્રાવિષ્ઠી અમાવાસ્યા કેટલા નક્ષત્રો યોગ કરે છે? અર્થાત્ યથા સંભવ ચંદ્રની સાથે યોગ કરીને શ્રાવિષ્ઠિ અમાવાસ્યાને સમાપ્ત કરે છે? તે કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રીભગવાન્ કહે છે (दोण्णि णक्खत्ता जोएंति, तं जहा अस्सेसा य महा य) અશ્લેષા અને મઘા એ બે નક્ષત્રો શ્રાવિષ્ઠી અમાવાસ્યાનો યથા સંભવ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. અહીંયાં વ્યવહાર નયથી આ નક્ષત્રમાં પૂર્ણિમા હોય છે. અને તેનાથી આરંભ કરીને નજીકના પંદરમા નક્ષત્રમાં અમાવાસ્યા હોય છે. અને જે નક્ષત્રમાં અમાસ હોય છે, ત્યાંથી લઈને તેનાથી પંદરમાં નક્ષત્રમાં પુનમ હોય છે, શ્રાવિષ્ઠી પૂર્ણિમા શ્રવણ અને ધનિષ્ઠા નક્ષત્રમાં પ્રતિપાદિત કરેલ છે. તેથી આ શ્રાવિષ્ઠી અમાવાસ્યામાં અશ્લેષા અને મઘા નક્ષત્ર કહ્યા છે. લોકમાં પણ તિથિ ગણનાનુસાર ગતઅમાસથી વર્તમાન પ્રતિપદ પર્યન્તના અહોરાત્રમાં પહેલાં અમાવાસ્યા હોય છે. આ સંપૂર્ણ અહોરાત્ર અમાસથી કહેવાય છે. એજ પ્રમાણે મઘાનક્ષત્ર પણ આ રીત પ્રમાણે વ્યવહારથી અમાવાસ્યામાં આવે છે. તેથી કોઈ દોષ નથી, વાસ્તવિક રીતે તો આ શ્રાવિષ્ઠી અમાવાસ્યાને પુનર્વસુ પુષ્ય અને અશ્લેષા આ ત્રણ નક્ષત્રો સમાપ્ત કરે છે.

અમાવસ્વાના ચંદ્રયોગના જ્ઞાન માટે પૂર્વસૂત્રની ટીકામાં કરણનું કથન કરેલ છે, ત્યાં તેની ભાવના આ પ્રમાણે કહેલ છે, કોઈ પૂછે છે કે-યુગની આદિમાં પહેલી શ્રાવિષ્ઠી અમાસ કયા નક્ષત્રના ચંદ્ર યોગવાળી થઇને સમાપ્ત થાય છે? તો ત્યાં પહેલા કહેલ સ્વરૂપવાળી અવધાર્ય રાશી ૬૬ છાસઠ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા પાંચ ભાગ $\frac{૫}{૬૨}$ તથા બાસઠિયા એક ભાગનો સડસઠિયો એક ભાગ $\frac{૧}{૬૭}$ આટલું પ્રમાણ થાય છે. આ પ્રમાણને એકથી ગુણવામાં આવે તો પહેલી અમાસના સંબંધી પ્રશ્ન હોવાથી એકથી ગુણેલ એજ સંખ્યા રહે છે. કારણકે એકથી ગુણવાથી એટલીજ સંખ્યા થાય છે. તેથી બાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છેંતાલીસ ભાગ $\frac{૪૬}{૬૨}$ આટલું પ્રમાણ પુનર્વસુ

નક્ષત્રના શોધનકથી શુદ્ધ થાય છે. તેમાં છાસઠ મુહૂર્તથી બાવીસ મુહૂર્ત શુદ્ધ છે. તે પછી ચુંમાલીસ રહે છે, ૬૬-૨૨=૪૪ તેમાંથી એક મુહૂર્તને લઇને તેના બાસઠ ભાગ કરવા તેમાં પાંચ ભાગ ઉમેરવાથી સડસઠ થાય છે, તેમાં છેંતાલીસ શુદ્ધ હોય છે. અને એકવીસ શેષ રહે છે. તેંતાલીસ મુહૂર્તમાં માસ મુહૂર્તથી પુષ્ય નક્ષત્ર શુદ્ધ થાય છે. અને પાછળ તેર શેષ વધે છે. અશ્લેષા નક્ષત્ર બે ક્ષેત્રવાળું હોવાથી પંદર મુહૂર્ત પ્રમાણનું હોય છે. આથી એ નિષ્કર્ષાર્થ થાય છે કે- અશ્લેષાનક્ષત્ર એક મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચુંમાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છેંતાલીસ ભાગ શેષ રહે ત્યારે પહેલી શ્રાવિષ્ઠી અમાવાસ્યા સમાપ્ત થાય છે. હવે અન્ય ગ્રન્થની વિવક્ષા બતાવે છે.=(ता एएसिं पचण्हं संवच्छराणं पढमं अमाबासं चंदे केणं णक्खत्तेणं जोएइ) આ પહેલાં પ્રતિપાદન કરેલ પાંચ સંવત્સરોમાં પ્રથમાં અર્થાત્ યુગની અદિમાસની અમાવાસ્યાને ચંદ્ર કયા નક્ષત્રથી યુક્ત થઇને સમાપ્ત કરે છે? (ता असिलेसाहिं असिलेसाणं एक्को मुहुत्तो चतालीसं बावट्ठिभागा मुहुत्तस्स बावट्ठिभागं च सतट्ठिहा छेत्ता छावट्ठिचुण्णियाभागा सेसा) અશ્લેષાજ અશ્લેષા નક્ષત્રના એક મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચુંમાળીસ ભાગ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા બાસઠિયા ભાગથી છેદ કરવાથી છાસઠ ચૂર્ણિકા ભાગ શેષ રહે છે.

જ્યારે બીજી અમાસનો વિચાર કરવામાં આવે તો તે યુગની આદિની લઈને તેર સંખ્યાની ધ્રુવરાશી થાય છે. ૬૬/$\frac{૫}{૬૨}$/$\frac{૧}{૬૭}$ આને તેરથી ગુણવામાં આવે (૬૬/$\frac{૫}{૬૨}$/$\frac{૧}{૬૭}$/+ ૧૩=૮૫૮/$\frac{૬૫}{૬૨}$/$\frac{૧૩}{૬૭}$ આ રીતે આઠસો અઠાવન મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પાંસઠ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેર ભાગ થાય છે. તેમાં (चत्तारिय बायाला अह सोमा उत्तरासाढा) આ પ્રમાણથી ચારસો બેતાલીસ તથા એક મુહૂર્તના બાસઠિયા છેંતાલીસ ભાગથી ઉત્તરાષાઢા પર્યન્તના નક્ષત્ર શુદ્ધ થાય છે. પછીથી ચારસો સોળ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેર ભાગ રહે છે. ૪૨૬/$\frac{૧૯}{૬૨}$/$\frac{૧૩}{૬૭}$/ આમાંથી ત્રણસો નવ્વાણુ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છાસઠ ભાગ ૩૯૯$\frac{૨૪}{૬૨}$/$\frac{૬૬}{૬૭}$ આ પ્રમાણે શોધનીય થાય છે. તેમાં ચારસો સોળથી ત્રણસો નવ્વાણુને જો શોધિત કરે તો ૪૧૬-૩૯૯=૧૭ આ રીતે સત્તર મુહૂર્ત થાય છે, તેમાંથી એક મુહૂર્તને લઈને તેના બાસઠ ભાગ કરે અને તેને બાસઠના ભાગ રાશીમાં ઉમેરે તો એકાશી થાય છે તેમાં ચોવીસ શુદ્ધ હોય છે. પાછળ ૫૭ સતાવન બચે છે. તેમાંથી એકજ લઇને સડસઠ ભાગ કરે તો તેમાં છાસઠ શુદ્ધ હોય છે, અને એક શેષ રહે છે, તેને સડસઠની ભાગ રાશીમાં ઉમેરેતો સડસઠિયા ચૌદ થાય છે. આ રીતે આવેલ પુષ્યનક્ષત્ર સોળ મુહૂર્ત તથા એક

મુહૂર્તના બાસઠિયા ચૌદ ભાગ વીત્યા પછી બીજી શ્રાવિષ્ઠી અમાસ સમાપ્ત થાય છે.

હવે ત્રીજી શ્રાવિષ્ઠી અમાસનો વિચાર કરવામાં આવે તો તે યુગની આદિથી આરમ્ભ કરીને પચીસની ગણત્રીથી થાય છે, તે પૂર્વોક્ત ધ્રુવરાશી ૬૬।૫/૬૨।૧/૬૭ છે તેને પચીસથી ગુણવામાં આવે તો ૧૬૫૦।૧૨૫/૬૨।૨૫/૬૭ સોળસો પચાશ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા એકસો પચાસ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પચીસ ભાગ થાય છે આને ચારસો બેંતાલીસ ૪૪૨ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છેંતાલીસ ભાગ (૪૪૨૪૬/૬૨) થી પહેલા ઉત્તરાષાઢા સુધીના શોધનક નક્ષત્રો શુદ્ધ થાય છે. તથા પછીથી ૧૨૦૮ બારસો આઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણ્યાશી ભાગ ૭૯/૬૨ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પચીસ ભાગ રહે છે. આઠસો ઓગણીસ ૮૧૯ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગ ૨૪/૬૨ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા છાસઠ ભાગથી એક નક્ષત્ર પર્યાય શુદ્ધ થાય છે. પછીથી ત્રણસો નેવાસી મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોપન ભાગ ૫૪/૬૨ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ૨૬/૬૭ છવ્વીસ ભાગ રહે છે, તે પછી ફરીથી ત્રણસોનવ ૩૦૯ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છાસઠ ભાગથી અભિજીત્ નક્ષત્રથી લઈને રોહિણી પર્યન્તના નક્ષત્ર શુદ્ધ થાય છે. તે પછી એંસી ૮૦ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણત્રીસ ભાગ ૨૯/૬૨ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્યાવીસ ભાગ ૨૭/૬૭ રહી જાય છે. તેમાંથી ત્રીસ મુહૂર્તથી મૃગશીર નક્ષત્ર શુદ્ધ થાય છે, પછીથી પચાસ ૫૦ મુહૂર્ત રહે છે. તેમાંથી પંદર મુહૂર્તથી આર્દ્રાનક્ષત્ર શુદ્ધ થાય છે, તે પછી ૫૦-૧૫=૩૫ પાંત્રીસ મુહૂર્ત રહે છે. હવે પુનર્વસુ નક્ષત્ર આવે છે. તે પચ્ચીસ મુહૂર્તના બાસઠિયા ઓગણ ત્રીસ ભાગ ૨૯/૬૨ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્યાવીસ ભાગ ૨૭/૬૭ વીતે ત્યારે ત્રીજી શ્રાવિષ્ઠી અમાવાસ્યાને સમાપ્ત કરે છે.

ચોથી શ્રાવિષ્ઠી અમાવાસ્યાને અશ્લેષા નક્ષત્ર પહેલા મુહૂર્તના બાસઠિયા સાત ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા એકતાલીસ ભાગ ૭/૬૨।૪૧/૬૭ થી સમાપ્ત કરે છે. પાંચમીં શ્રાવિષ્ઠી અમાસને પુષ્ય નક્ષત્ર ત્રણ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બેંતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચોપન ભાગ ૩।૪૨/૬૨।૫૪/૬૭ આટલા પ્રમાણથી યથા યોગ્ય ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરીને સમાપ્ત કરે છે. આ રીતે અમાસ સંબંધી સ્પષ્ટ રીતે ગણિત ભાવના બતાવીને ફરીથી ભગવાન્ શ્રી કહે છે-(एवं एएणं अभिलावेणं णेतव्वं) આ રીતે પૂર્વોક્ત નિયમાનુસાર આ પૂર્વકથિત આલાપકોથી અમાવાસ્યાના સંબંધી બાકીનું સઘળું કથન વાકયક્રમથી યોજી લેવું. વિશેષ કથન સૂત્રકાર કહે છે-(पोट्ठवया दो णक्खत्ता जोएंति) પ્રૌષ્ટપદી અર્થાત્ ભાદરવા માસની અમાસ બે નક્ષત્રથી ચંદ્રની સાથે યથાયોગ યોગ

કરીને તેને સમાપ્ત કરે છે. (तं जहा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी) એ બે નક્ષત્ર આ પ્રમાણે છે પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની આ બે નક્ષત્ર પ્રૌષ્ઠપદી અમાસને સમાપ્ત કરે છે. અહીંયાં સૂત્રપાઠનો ક્રમ આ પ્રમાણે છે.-(ता पोट्ठवइण्णं अमावासं कइ णक्खत्ता जोएंति, ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा-पुव्वाफग्गुणी उत्तराफग्गुणी य)શ્રીગૌતમસ્વામી પૂછે છે કે-પ્રૌષ્ઠપદી અમાવાસ્યા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે. કે-પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની એ બે નક્ષત્રોનો યોગ કરે છે. અહીંયાં પણ બે નક્ષત્રોના યોગનું કથન વ્યવહાર દૃષ્ટિથી જ પ્રતિપાદિત કરેલ છે, વાસ્તવિક દૃષ્ટિથી તો ત્રણ નક્ષત્રો પ્રૌષ્ટપદી અમાવાસ્યાને સમાપ્ત કરે છે. એ ત્રણ નક્ષત્રો આ પ્રમાણે છે. મઘા, પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની આ ત્રણ નક્ષત્રો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને ભાદરવા માસની અમાસને સમાપ્ત કરે છે. તેમાં પહેલી શ્રાવિષ્ઠી અમાસને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ૪। $\frac{26}{62}$/$\frac{2}{67}$ ચાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છવ્વીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બે ભાગ વીતે ત્યારે પહેલી પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને સમાપ્ત કરે છે, તે પછી બીજી પ્રૌષ્ઠપદી અમાસને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર સાત મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા એકસઠ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પંદર ભાગ ૭ $\frac{61}{62}$।$\frac{15}{67}$। આટલું પ્રમાણ વીતે ત્યારે બીજી પ્રૌષ્ઠપદી અમાવાસ્યા સમાપ્ત થાય છે. તે પછી ત્રીજી પ્રૌષ્ઠપદી અમાસ મઘા નક્ષત્ર અગીયાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા અઠ્યાવીસ ભાગ ૧૧।$\frac{34}{62}$।$\frac{28}{67}$ આટલું પ્રમાણ વીતે ત્યારે સમાપ્ત થાય છે. તે પછી ચોથી પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને ફરીથી પૂર્વાફાલ્ગુની નક્ષત્ર એકવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બાર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બેંતાલીસ ભાગ ૨૧।$\frac{12}{62}$।$\frac{42}{67}$ આટલું પ્રમાણ વીતતાં પૂર્વાફાલ્ગુની નક્ષત્ર એ ચોથી પ્રૌષ્ઠપદી અમાસને સમાપ્ત કરે છે, તે પછી પાંચમી પ્રૌષ્ઠપદી અમાસને ફરીથી મઘા નક્ષત્ર ચોવીસ મુહૂર્તના બાસઠિયા સુડતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પંચાવન ભાગ આટલું પ્રમાણ વીતે ત્યારે એ પાંચમી પ્રૌષ્ઠપદી અમાસને મઘા નક્ષત્ર સમાપ્ત કરે છે. આ રીતે સ્પષ્ટાર્થ બોધક ભાવના કહી છે.

હવે અશ્વિની વિગેરે અમાવાસ્યાના સૂત્રપાઠના ક્રમ પૂર્વક કથન કરવામાં આવે છે-(ता आसोइण्णं अमावासं कइ णक्खत्ता जोएंति ता दोण्णि णक्खत्ता जोएंति तं जहा हत्थो चित्ता य) આસો માસની અમાસનો કેટલા નક્ષત્ર યોગ કરે છે? હસ્ત અને ચિત્રા એ બે નક્ષત્ર આસો માસની અમાસનો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે, આ ક્રમ અહીંયાં વ્યવહાર દૃષ્ટિથી સમજવો. વાસ્તવિક રીતે તો આસો માસની અમાસનો ઉત્તરાફાલ્ગુની અને હસ્ત તથા ચિત્રા એ ત્રણ નક્ષત્ર યોગ કરે છે. તેમાં પહેલી આશ્વિની

અમાસને હસ્ત નક્ષત્ર પચીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ત્રણ ભાગ વીતે ત્યારે ૨૫$\frac{૩૧}{૬૨}$|$\frac{૩}{૬૭}$| સમાપ્ત થાય છે. તે પછી બીજી આસો માસની અમાસને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ચુંમાલીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચાર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સોળ ભાગ ૪૪। $\frac{૪}{૬૨}$|$\frac{૧૬}{૬૭}$ વીતે ત્યારે બીજી આસો માસની અમાસને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી ત્રીજી આસોની અમાવાસ્યાને ફરીથી ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર જ સત્તર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણચાળીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણત્રીસ ભાગ ૧૭$\frac{૩૯}{૬૨}$|$\frac{૨૯}{૬૭}$| વીતે ત્યારે સમાપ્ત થાય છે. તે પછી ચોથી આશ્વિની અમાવાસ્યાને ફરીથી હસ્ત નક્ષત્ર બાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્તર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેંતાલીસ ભાગ વીતે ત્યારે ૧૨|$\frac{૧૭}{૬૨}$|$\frac{૪૩}{૬૭}$ આટલું પ્રમાણ વીતે ત્યારે સમાપ્ત થાય છે. તે પછી પાંચમી આસો માસની અમાસને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા બાવન ભાગ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા ચોપન ભાગ ૩૦|$\frac{૫૨}{૬૨}$|$\frac{૫૪}{૬૭}$| વીતે ત્યારે સમાપ્ત થાય છે. **कत्तियण्णं साई विसाहाय)** કાર્તિકી અમાસનો સ્વાતી અને વિશાખા નક્ષત્ર યોગ કરે છે, અહીંયાં સૂત્રપાઠનો ક્રમ આ પ્રમાણે છે– **ता कत्तियण्णं अमावासं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति तं जहा–साई विसाहा य)** કાર્તિકી અમાસનો કેટલા નક્ષત્ર યોગ કરે છે બે નક્ષત્રો યોગ કરે છે તે બે નક્ષત્રના નામ સ્વાતી અને વિશાખા છે. અર્થાત્ સ્વાતી અને વિશાખા નક્ષત્ર કાર્તિકી અમાસનો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. આ કથન પણ વ્યવહાર દૃષ્ટિથી જ સમજવું. વાસ્તવિક રીતે તો ત્રણ નક્ષત્ર કાર્તિકી અમાસનો યોગ કરે છે, જે આ પ્રમાણે છે. સ્વાતી, વિશાખા અને ચિત્રા આ ત્રણ નક્ષત્રનો યોગ કરે છે. તેમાં પહેલી કાર્તિકી અમાસને વિશાખા નક્ષત્ર સોળ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચાર ભાગ ૧૬|$\frac{૩૬}{૬૨}$|$\frac{૪}{૬૭}$ જેટલો કાળ વ્યતીત થાય ત્યારે પહેલી કાર્તિકી અમાસને વિશાખા નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી બીજી કાર્તિકી અમાસને સ્વાતી નક્ષત્ર પાંચ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બાવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્તર ભાગ ૫|$\frac{૨૨}{૬૨}$|$\frac{૧૭}{૬૭}$| આટલા ભાગ માત્ર વીતે ત્યારે સમાપ્ત કરે છે. તે પછી ત્રીજી કાર્તિકી અમાસને ચિત્રા નક્ષત્ર આઠ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચુંમાળીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ત્રીસ ભાગ ૮|$\frac{૪૪}{૬૨}$ $\frac{૩૦}{૬૭}$| આટલું પ્રમાણ વીતી ગયા પછી સમાપ્ત થાય છે. તે પછી ચોથી કાર્તિકી અમાસને વિશાખા નક્ષત્ર તેર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા બાવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના

સડસઠિયા ચુંમાળીસ ભાગ ૧૩।$\frac{૨૨}{૬૨}$ $\frac{૪૪}{૬૭}$ આટલું પ્રમાણ વીત્યા પછી સમાપ્ત થાય છે. તે પછી પાંચમી કાર્તિકી અમાસને ચિત્રા નક્ષત્ર એકવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્તાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સત્તાવન ભાગ ૨૧।$\frac{૫૭}{૬૨}$ $\frac{૫૭}{૬૭}$। આટલા પ્રમાણ તુલ્ય કાળ વીત્યા પછી સમાપ્ત થાય છે.

(ता मग्गसिरं अमावासं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंत्ति तं जहा अणुराहा जेट्ठा मूलो) માગશર માસની અમાસનો કેટલા નક્ષત્રો યોગ કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીનો પ્રશ્ન સાંભળીને ભગવાન્ શ્રી ઉત્તરમાં કહે છે કે–અનુરાધા, જ્યેષ્ઠા, અને મૂળ આ ત્રણ નક્ષત્રો માગશર માસની અમાસનો યોગ કરે છે. અર્થાત્ યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને તેને સમાપ્ત કરે છે. આ ત્રણ નક્ષત્રો માગશર માસની અમાસને સમાપ્ત કરે છે તેનો ક્રમ આ પ્રમાણે છે–પહેલી માગશર માસની અમાસને જ્યેષ્ઠા નક્ષત્ર સાત મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકતાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પાંચ ભાગ ૭।$\frac{૪૧}{૬૨}$।$\frac{૫}{૬૭}$। આટલું પ્રમાણ વીતે ત્યારે પહેલી માગશર માસની અમાસને જ્યેષ્ઠા નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી બીજી માગશર માસની અમાસને અનુરાધા નક્ષત્ર અગ્યાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચૌદ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા અઢાર ભાગ ૧૧।$\frac{૧૪}{૬૨}$।$\frac{૧૮}{૬૭}$ આટલું પ્રમાણ વીત્યા પછી સમાપ્ત થાય છે. તે પછી ત્રીજી માગશર માસની અમાસને વિશાખા નક્ષત્ર ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ઓગણપચાસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા એકત્રીસ ભાગ ૨૯।$\frac{૪૯}{૬૨}$।$\frac{૩૧}{૬૭}$ આટલું પ્રમાણ વીતતાં સમાપ્ત થાય છે. તે પછી ચોથી માગશર માસની અમાસને અનુરાધા નક્ષત્ર ચોવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્યાવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પિસ્તાલીસ ભાગ ૨૪।$\frac{૨૭}{૬૨}$।$\frac{૪૫}{૬૭}$। આટલું પ્રમાણ વીત્યા પછી સમાપ્ત થાય છે તે પછી પાંચમી માગશર માસની અમાસને વિશાખા નક્ષત્ર તેંતા-

લીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ભાગ તથા સડસઠિયા અટ્ઠાવન ભાગ ૪૩।$\frac{૦૦}{૬૨}$। $\frac{૫૮}{૬૭}$ આટલું પ્રમાણ વીત્યા પછી માગશર માસની પાંચમી અમાસને અનુરાધા નક્ષત્ર સમાપ્ત કરે છે, **पोसिं पुव्वासाढा उत्तरासाढा)** પોષ માસની અમાસને પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્ર સમાપ્ત કરે છે. અહીંયાં પણ સૂત્રપાઠનો ક્રમ આ પ્રમાણે છે–(**ता पोसिं अमावासं कइ णक्खत्ता जोएंति ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा–पुव्वासाढा य उत्तरासाढा य)** શ્રી ગૌતમસ્વામી પૂછે છે કે પોષમાસની અમાસને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે? ઉત્તરમાં ભગવાન શ્રી કહે છે કે–પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા આ બે નક્ષત્રો પોષમાસની અમાસને યથાયોગ્ય ચંદ્રની સાથે સંયોગ કરીને સમાપ્ત કરે છે. જેમ કે–પહેલી પોષ માસની અમાસ પૂર્વાષાઢા નક્ષત્ર અઢાર મુહૂર્ત તથા એક મુહૂર્તના છવ્વીસ બાસઠિયા ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છ ભાગ ૨૮।$\frac{૨૬}{૬૨}$।$\frac{૬}{૬૭}$। આટલું પ્રમાણ વીત્યા પછી સમાપ્ત થાય છે. તે પછી બીજી પોષમાસની અમાસને ફરીથી પૂર્વાષાઢા નક્ષત્ર જ બે મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણીસ ભાગ ૨।$\frac{૧૯}{૬૨}$।$\frac{૧૯}{૬૭}$। આટલું પ્રમાણ વીતતાં સમાપ્ત થાય છે તે પછી ત્રીજી પોષમાસની અમાસ કે જે અધિકમાસ સંબંધી છે તેને ઉત્તરાષાઢા નક્ષત્ર અગીયાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણસાઠ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેત્રીસભાગ ૧૧।$\frac{૫૯}{૬૨}$।$\frac{૩૩}{૬૭}$। આટલું પ્રમાણ વીત્યા પછી સમાપ્ત થાય છે. તે પછી ચોથી પોષમાસની અમાસને પૂર્વાષાઢા નક્ષત્ર પાંચ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છપ્પનભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છેતાલીસભાગ ૧૫।$\frac{૫૬}{૬૨}$।$\frac{૪૬}{૬૭}$ આટલું પ્રમાણ વીતતાં સમાપ્ત થાય છે. તે પછી પાંચમી પોષમાસની અમાસ મૂલ નક્ષત્ર ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા પાંચ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણસાઈઠ ભાગ ૧૯$\frac{૫}{૬૨}$।$\frac{૫૯}{૬૭}$ આટલું પ્રમાણ વીત્યા પછી સમાપ્ત થાય છે.

(**माहिं तिन्नि अभिई सवणो धणिट्ठा)** માઘમાસની અમાસને અભિજીત શ્રવણ અને ધનિષ્ઠા એ ત્રણ નક્ષત્રો સમાપ્ત કરે છે. અહીંયાં પણ સૂત્રપાઠનો ક્રમ આ પ્રમાણે છે. (**ता माहिण्णं अमावासं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंति, तं जहा–अभिई, सवणो, धणिट्ठा य)** માઘમાસની અમાસનો કેટલા નક્ષત્ર યોગ કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીની જીજ્ઞાસાને જાણીને ઉત્તરમાં ભગવાન્શ્રી કહે છે. માઘમાસની અમાસને અભિજીત્ શ્રવણ અને ધનિષ્ઠા આ ત્રણ નક્ષત્રો ચંદ્રની સાથે યથાસંભવ યોગ કરીને એ માઘમાસની અમાસને સમાપ્ત કરે છે. અહીંયાં આ કથન વ્યવહાર દૃષ્ટિથી જાણવું વાસ્તવિક રીતે તો આ પ્રમાણે સમજવું–જેમકે–પહેલી માઘમાસની અમાસને શ્રવણ નક્ષત્ર દસમુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છવ્વીસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા આઠભાગ

૧૦।૨૬/૬૨।૯/૬૭। આટલું પ્રમાણુ વીતી ગયા પછી સમાપ્ત થાય છે. બીજી માઘમાસની અમાસને અભિજીતનક્ષત્ર ત્રણુ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા છવ્વીસભાગ તથા એક બાસઠિયા ભાગના સડસઠિયા વીસભાગ ૩।૨૬/૬૨ ૨૦/૬૭ આટલું પ્રમાણુ વીત્યા પછી માઘમાસની બીજી અમાસને અભિજીત્ નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી માઘમાસની ત્રીજી અમાસને શ્રવણુ નક્ષત્ર તેર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણુચાલીસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પાંત્રીસ ભાગ ૨૩।૩૯/૬૨।૩૫/૬૭। આટલુ પ્રમાણુ વીત્યા પછી સમાપ્ત થાય છે. તે પછી ચોથી માઘમાસની અમાસને અભિજીત્ નક્ષત્ર છ મુહૂર્ત અને એક મુહૂર્તનાં બાસઠિયા સડત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સુડતાલીસભાગ ૬।૩૭/૬૨।૪૭/૬૭ આટલું પ્રમાણુ પુરૂં થતાં સમાપ્ત થાય છે, તે પછી પાંચમી માઘમાસની અમાસને ઉત્તરાષાઢા નક્ષત્ર પચીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા દસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સાઈઠ ભાગ ૨૫।૧૦/૬૨।૬૦/૬૭ આટલું પ્રમાણુ પુરૂં થતાં સમાપ્ત થાય છે.

(फग्गुणीणं समभिसया पुव्वपोट्ठवया उत्तगपोट्ठवया) ફાગણુમાસની અમાસને પૂર્વાપ્રોષ્ઠપદા અને ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્ર સમાપ્ત કરે છે. તેનો સૂત્રપાઠક્રમ આ પ્રમાણે છે. (ता फग्गुणीणं अमावासं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंति तं जहा सतभिसया पुव्वपोट्ठवया, उत्तरपोट्ठवया य) શ્રીગૌતમસ્વામી પૂછે છે કે ફાગણુમાસની અમાસનો કેટલા નક્ષત્રો યોગ કરે છે? ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે શતભિષક્ પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા આ ત્રણુ નક્ષત્રો ફાગણુમાસની અમાસનો યથાયોગ ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે. અહીંયાં પણુ ગણિત પ્રક્રિયાથી ભાવના કહેવામાં આવે છે. પહેલી ફાગણુમાસની અમાસને પૂર્વાભાદ્રપદા નક્ષત્ર છ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકત્રીસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા નવભાગ ૬।૩૧/૬૨ ૯/૬૭। આટલું પ્રમાણુ પુરૂ થતાં પહેલી ફાગણુમાસની અમાસને પૂર્વાભાદ્રપદા નક્ષત્ર સમાપ્ત કરે છે. તે પછી ફાગણુમાસની બીજી અમાસને ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર વીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચારભાગ તગા બાસઠિયા એક ભાગના સડસઠિયા બાવીસભાગ ૨૦ ૪/૬૨।૨૨/૬૭। આટલું પ્રમાણુ પુરૂં થતાં સમાપ્ત થાય છે. તે પછી ફાગણુમાસની ત્રીજી અમાસને ફરીથી પૂર્વાષાઢા નક્ષત્ર ચૌદ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસડિયા ચુંમાળીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છત્રીસ ભાગ ૧૪।૪૪/૬૨।૩૬/૬૭ આટલું પ્રમાણુપુરૂં થતાં સમાપ્ત થાય છે. તે પછી ચોથી ફાગણુમાસની અમાસને શતભિષાનક્ષત્ર ત્રણુ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્તર ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણુ પચાસ ભાગ ૩।૧૭/૬૨।૪૯/૬૭। આટલું પ્રમાણુ પુરૂં થતાં સમાપ્ત થાય છે. તે પછી પાંચમી ફાગણુ માસની અમાસને ઉત્તરા

ભાદ્રપદા નક્ષત્ર ૭ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બાસઠભાગ ૬।$\frac{૫૨}{૬૨}$।$\frac{૬૨}{૬૭}$ આટલું પ્રમાણ પુરૂં થતાં સમાપ્ત થાય છે.

(चेतिं रेवई अस्सिणी) ચૈત્રી અમાસને રેવતી અને અશ્વિની નક્ષત્ર સમાપ્ત કરે છે. અહીંયાં પણ વાસ્તવિક દૃષ્ટિથી સૂત્રાલાપકનો ક્રમ આ પ્રમાણે છે-(ता चित्तिण्णं अमावासं कइ णक्खत्ता जोएंति ? ता तिण्णि णक्खत्ता जोएंति तं जहा उत्तराभद्दवया, रेवइ अस्सिणी य) ચૈત્ર માસની અમાસને કેટલાનક્ષત્ર અને કયા નામવાળા નક્ષત્રોયોગ કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાનશ્રી કહે છે કે-ઉત્તરા ભાદ્રપદા રેવતી અને અશ્વિની એ ત્રણ નક્ષત્રો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને ચૈત્રમાસની અમાસને સમાપ્ત કરે છે. તેમાં પહેલી ચૈત્રમાસની અમાસને ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર સાડત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છત્રીસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા દશભાગ ૩૭।$\frac{૩૬}{૬૨}$।$\frac{૧૦}{૬૭}$ આટલુ પ્રમાણ પુરૂં થતાં પહેલી ચૈત્રી અમાસને સમાપ્ત કરે છે. તે પછી બીજી ચૈત્રી અમાસને ઉત્તરાભાદ્રાપદા નક્ષત્ર અગીયાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા નવભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેવીસભાગ ૧૧।$\frac{૯}{૬૨}$।$\frac{૨૩}{૬૭}$ આટલું પ્રમાણ પુરૂં થતાં સમાપ્ત કરે છે. તે પછી ત્રીજી ચૈત્રી અમાસને રેવતી નક્ષત્ર પાંચ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણપચાસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા સાડત્રીસભાગ ૫।$\frac{૪૯}{૬૨}$।$\frac{૩૭}{૬૭}$। આટલું પ્રમાણ પુરૂં થતાં ત્રીજી ચૈત્ર માસની અમાસને સમાપ્ત કરે છે તે પછી ચોથી ચૈત્રમાસની અમાસને ઉત્તરાભાદ્રપદાનક્ષત્ર ત્રેવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બાવી ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પચાસ ભાગ ૨૩।$\frac{૨૨}{૬૨}$।$\frac{૫૦}{૬૭}$ આટલું પ્રમાણ પુરૂં થતા સમાપ્ત કરે છે. તે પછી પાંચમી ચૈત્રી અમાસને પૂર્વાભાદ્રપદા નક્ષત્ર સત્યાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્તાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડ-સઠિયા ત્રેસઠ ભાગ ૨૭।$\frac{૫૭}{૬૨}$।$\frac{૬૩}{૬૭}$। આટલું પ્રમાણ પુરૂં તથા પાંચમી ચૈત્રી અમાસને પૂર્વા ભાદ્રપદા નક્ષત્ર સમાપ્ત કરે છે. (विसाहिं भरणी कत्तिया य) અહીયાં પણ સૂત્રપાઠનો ક્રમ આ પ્રમાણે છે. (ता वइसाहिंण्णं अमावासं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति तं जहा-भरणी कत्तिया य) વૈશાખ માસની અમાસનો કેટલા નક્ષત્ર અને કયા નામવાળા નક્ષત્રો યોગ કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીની જીજ્ઞાસા જાણીને ઉત્તર-માં ભગવાન્ શ્રી કહે છે. ભરણી અને કૃત્તિકાનક્ષત્ર યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને વૈશાખમાસની અમાસને સમાપ્ત કરે છે. અહીંયાં આ કથન વ્યવહાર નય ને લઇને કહેલ છે. નિશ્ચયનયનામતથી તો ત્રણ નક્ષત્ર વૈશાખ માસની અમાસને સમાપ્ત કરે છે. તેના

નામ આ પ્રમાણે છે. રેવતી અશ્વિની અને ભરણી તેમાં પહેલી વૈશાખ માસની અમાસને અશ્વિનીનક્ષત્ર અઠયાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠીયા એકતાલીસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા અગ્યાર ભાગ ૨૮।$\frac{૪૧}{૬૨}$।$\frac{૧૧}{૬૭}$ આટલું પ્રમાણ પુરૂં થતાં સમાપ્ત થાય છે. તે પછી બીજી વૈશાખ માસની અમાસને અશ્વિની નક્ષત્ર બે મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણચાલીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ત્રેવીસ ભાગ ૨।$\frac{૩૯}{૬૨}$ $\frac{૨૩}{૬૭}$ આટલું પ્રમાણ વીતતાં સમાપ્ત થાય છે. તે પછી ત્રીજી વૈશાખ માસની અમાસને ભરણી નક્ષત્ર અગ્યાર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ચોપન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા આડત્રીસ ભાગ ૧૧।$\frac{૫૪}{૬૨}$।$\frac{૩૮}{૬૭}$ આટલું પ્રમાણ વીતતાં સમાપ્ત કરે છે. તે પછી ચોથી વૈશાખ માસની અમાસને ફરીથી અશ્વિની નક્ષત્ર પંદર મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા સત્યાવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા એકાવન ભાગ ૧૫।$\frac{૨૭}{૬૨}$।$\frac{૫૧}{૬૭}$ આટલું પ્રમાણ વીત્યા પછી સમાપ્ત કરે છે, તે પછી પાંચમી વૈશાખમાસની અમાસને રેવતી નક્ષત્ર ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચોસઠ ભાગ ૧૯।$\frac{૦}{૬૨}$/$\frac{૬૪}{૬૭}$ આટલું પ્રમાણ વીતતા સમાપ્ત કરે છે, આ પ્રમાણે વૈશાખમાસની અમાવાસ્યા વિષે સવિસ્તર કથન કહેલ છે, (जिट्ठा मूलं रोहिणी मग्गसिरं च) જ્યેષ્ઠા મૂલી અમાસને રોહિણી અને મૃગશીર્ષનક્ષત્ર સમાપ્ત કરે છે. અહીંયાં પણ સૂત્રાલાપક આ પ્રમાણે છે-(ता जिट्ठामूलिण्णं अमावासं कइ णक्खत्ता जोएंति ? ता दोण्णि णक्खत्ता जोएंति, तं जहा रोहिणी मग्गसिरो य) જ્યેષ્ઠા અને મૂળ નક્ષત્રથી સંબદ્ધ જ્યેષ્ઠમાસની અમાસને કેટલા નક્ષત્રો ચંદ્રની સાથે યથાસંભવ યોગ કરીને સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાનશ્રી કહે છે કે-કેવળ રોહિણી અને મૃગશિરા એ બે નક્ષત્ર જ્યેષ્ઠમાસની અમાસને સમાપ્ત કરે છે. વ્યવહાર દૃષ્ટિથી રોહિણી અને મૃગશિર નક્ષત્રના નામ કહ્યા છે. પરંતુ નિશ્ચયનયનામતથી તો રોહિણી અને કૃત્તિકાએ બે નક્ષત્રો જ્યેષ્ઠામૂલી અમાસને સમાપ્ત કરે છે. જે આ પ્રમાણે છે.-પહેલી જ્યેષ્ઠામૂલી અમાસને રોહિણી નક્ષત્ર ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા છેંતાલીસભાગ તથા બાસઠિયા એક ભાગમા સડસઠિયા બારભાગ ૧૯।$\frac{૪૬}{૬૨}$।$\frac{૧૨}{૬૭}$ આટલું પ્રમાણ પુરૂં થતાં સમાપ્ત કરે છે. બીજી જ્યેષ્ઠા મૂલી અમાસને કૃત્તિકા નક્ષત્ર તેવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણીસ ભાગ તયા બાસઠિયા એક ભાગના સડસઠિયા પચ્ચીસભાગ ૨૩।$\frac{૧૯}{૬૨}$।$\frac{૨૫}{૬૭}$ આટલું પ્રમાણ પુરૂં થતાં સમાપ્ત કરે છે. તે પછી ત્રીજી જેઠમાસની અમાસને રોહિણી નક્ષત્ર બાવીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા ઓગણસાઠભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ઓગણચાલીસ ભાગ ૨૨।$\frac{૫૯}{૬૨}$।$\frac{૩૯}{૬૭}$। આટલું પ્રમાણ પુરૂં થતાં સમાપ્ત કરે છે. તે પછી ચોથી

જેઠમાસની અમાસને ફરીથી એજ રોહિણી નક્ષત્ર છ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા બત્રીસભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા બાવનભાગ ૬ ૩૨/૬૨ | ૫૨/૬૭ આટલુ પ્રમાણુ પુરૂં થતાં સમાપ્ત કરે છે, તે પછી પાંચમી જેઠમાસની અમાસને કૃત્તિકાનક્ષત્ર દસમુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા પાંચભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા પાંસઠ ભાગ ૧૦| ૫/૬૨ | ૬૫/૬૭| આટલું પ્રમાણુ પુરૂં થતાં સમાપ્ત કહે છે. (ता आसाढिं णं अमावासं कइ णक्खत्ता जोएंति ता तिण्णि णक्खत्ता जोएंति तं जहा अद्दा पुणव्वसू पुस्सो) અષાઢ માસની અમાસને કેટલા નક્ષત્ર યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને એ અમાસને સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે કે- આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય એ ત્રણુ નક્ષત્રો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરીને એ અષાઢી અમાસને સમાપ્ત કરે છે, એ પ્રમાણે સ્વશિષ્યોને કહેવું અહીં કહેવામાં આવેલા નક્ષત્રો વ્યવહારની દૃષ્ટિથી કહ્યા છે વાસ્તવિક રીતે મૃગશિરા આર્દ્રા અને પુનર્વસુ એ ત્રણુ નક્ષત્રો અષાઢી અમાસને સમાપ્ત કરે છે, તેમાં પહેલી આષાઢી અમાસને આર્દ્રા નક્ષત્ર બાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા એકાવન ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા તેર ભાગ ૧૨| ૫૧/૬૨ | ૧૩/૬૭ આટલું પ્રમાણુ પુરૂં થતા એ અષાઢ માસની અમાસને આર્દ્રા નક્ષત્ર સમાપ્ત કરે છે, બીજી આષાઢી અમાસને મૃગશિર નક્ષત્ર ચૌદ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ચોવીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા છવ્વીસ ભાગ ૧૪| ૨૪/૬૨ | ૨૬/૬૭| આટલું પ્રમાણુ વીતી ગયા પછી બીજી અષાઢી અમાસને સમાપ્ત કરે છે, તે પછી ત્રીજી અષાઢ માસની અમાસને પુનર્વસુ નક્ષત્ર નવ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બે ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ચાલીસ ભાગ ૯| ૨/૬૨ | ૪૦/૬૭ આટલું પ્રમાણુ વીતી ગયા પછી સમાપ્ત થાય છે, તે પછી ચોથી અષાઢી અમાસને મૃગશિરા નક્ષત્ર સત્યાવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા ત્રીસ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ત્રેપન ભાગ ૨૭| ૩૦/૬૨ | ૫૩/૬૭| આટલું પ્રમાણુ પુરૂં થતાં સમાપ્ત થાય છે. તે પછી પાંચમી અષાઢી અમાસને પુનર્વસુ નક્ષત્ર બાવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા સોળ ભાગ તથા બાસઠિયા એક ભાગના સડસઠિયા ભાગ ૨૨| ૧૬/૬૨ | ૦૦/૬૭ આટલું પ્રમાણુ પુરૂં થતાં પાંચમી અષાઢી અમાસને પુનર્વસુ નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરીને સમાપ્ત કરે છે.

આ પ્રમાણે બાર અમાવાસ્યાની સાથે ચંદ્રયોગ પ્રાપ્ત કરતા નક્ષત્રોના અલગ અલગ વિવેચન પૂર્વક વિધિ કહી છે. હવે આજ અમાવાસ્યાઓના કુલાદિ નક્ષત્રોની યોજના કહે છે-(ता सावट्ठिण्णं अमावासं किं कुलं जोएइ वा उवकुलं जोएइ वा कुलोवकुलं जोएइ) શ્રાવણમાસની અમાવાસ્યાનો કુલસંજ્ઞક નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરે છે? અથવા ઉપકુલ

સંજ્ઞક નક્ષત્ર ચંદ્રનો યોગ કરે છે? અથવા કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરે છે? અહીંયાં વા શબ્દ અપિના અર્થમાં પ્રયુક્ત થયેલ છે. શ્રી ગૌતમ-સ્વામીના આ પ્રમાણે પૂછવાથી ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે કે-(ता कुलं जोएइ, उवकुलं वा जोएइ णो लभेइ कुलोवकुलं) અહીંયાં પણ વા શબ્દ અપિના અર્થમાં છે, શ્રાવિષ્ઠિ અમાવાસ્યાનો કુલ સંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે, પરંતુ કુલોપકુલ સંજ્ઞકનક્ષત્રનો યોગ હોતો નથી, કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય ત્યારે શ્રાવિષ્ઠિ અમાસનો મઘા નક્ષત્ર યોગ કરે છે. આ કથન વ્યવહાર દષ્ટિથી કહેલ છે, વ્યવહારથી જ ગત અમાવાસ્યામાં વર્તમાન પ્રતિપદ હોવા છતાં પણ જે અમાસને મૂલમાં અમાસનો સંબંધ હોય છે, એ સંપૂર્ણ અહોરાત્રનો અમાવાસ્યા એ રીતે વ્યવહાર થાય છે, તેથી આ પ્રકારના વ્યવહારથી શ્રાવિષ્ઠિ અમાવાસ્યામાં મઘા નક્ષત્રનો સંભવ હોવાથી પૂર્વોક્ત મઘા નક્ષત્ર કહેલ છે, કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે તો મઘા નક્ષત્રનો યોગ કરે છે, વાસ્તવિક દષ્ટિથી કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે તો પુષ્ય નક્ષત્રનો યોગ કરે છે, આ પ્રમાણે પ્રતિપત્તિ સમજવી. કારણ કે એજ પુષ્ય નક્ષત્રની કુલસંજ્ઞક નક્ષત્રોમાં પ્રસિદ્ધિ છે, પ્રસિદ્ધ નક્ષત્રનો શ્રાવિષ્ઠી અમાવાસ્યામાં સંભવ રહે છે, આ તમામ પહેલાં અહીંયાજ કહેવાઇ ગયેલ છે, ઉત્તરસૂત્ર પણ વ્યવહાર નયને જ અધિકૃત કરીને યથાયોગ્ય રીતે ભાવિત કરી લેવું. ઉપકુલનો યોગ કરે તો અશ્લેષા નક્ષત્રનો યોગ કરે છે. હવે ઉપ-સંહાર કરતાં કહે છે-(ता साविट्ठिण्णं) ઈત્યાદિ કારણ કે-પૂર્વોક્ત કુલોપકુલ બે નક્ષત્રોથી શ્રાવિષ્ઠી અમાસમાં ચંદ્રનો યોગ સમ રહે છે, કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રની સાથે નથી હોતો તેથી જ શ્રાવિષ્ઠી અમાવાસ્યાનો કુલ નક્ષત્ર યોગ કરે છે. અહીંયાં વા શબ્દ અપિના અર્થમાં પ્રયુક્ત થયેલ છે. ઉપકુલનો પણ શ્રાવિષ્ઠી અમાસ યોગ કરે છે, તેમ પણ કહેવું પરંતુ કુલોપકુલનો યોગ કરતી નથી તેમ સમજવું.

હવે અમાવાસ્યાના યોગવાળા નક્ષત્રોના નામો કહે છે-(कुलं वा जोएमाणे महाणक्खत्ते जोएइ उवकुलं वा जोएमाणे असिलेसा जोएइ) જ્યારે કુલ સંજ્ઞક નક્ષનો યોગ કરે છે, ત્યારે તે મઘા નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે, અને જ્યારે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ત્યારે અશ્લેષા નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ કરે છે

હવે અમાવાસ્યાઓના નામ કહે છે-(ता कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता साविट्ठी अमावासा जुत्तात्ति वत्तव्वंसिया) હે શ્રમણ! કુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત અને ઉપકુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત અર્થાત્ ચંદ્રયોગ પ્રાપ્ત કરવાવાળી શ્રાવિષ્ઠી અમાસ (યુક્તા) એ નામવાળી કહેવાય છે. તેમ સ્વશિષ્યોને કહેવું. (एवं णेतव्वं णवरं मग्गसिराए माहीए आसाढीए य अमावासाए कुलोवकुलं पि जोएइ सेसेसु नत्थि कुलोवकुलं) એ રીતે સમજવું કે-માર્ગશીર્ષી, માઘી,

અષાઢી અમાસનો યોગ કુલસંજ્ઞક અને ઉપકુલસંજ્ઞાવાળા નક્ષત્રો અને કુલોપકુલવાળા નક્ષત્રો પણ યોગ કરે છે, તે શિવાયની અમાસોમાં કુલોપકુલ નક્ષત્રનો યોગ હોતો નથી, આ પૂર્વોક્ત પ્રકારથી બાકીની અમાસ સબંધી કથન સમજી લેવું. બધે કેવળ કુલસંજ્ઞક અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્રોના યોગ કથન પૂર્વક વાક્ય યોજના કરી લેવી. વિશેષ એ છે કે-માર્ગશીર્ષ માસની અમાસમાં માઘી અમાસમાં ફાલ્ગુની અમાસમાં અને અષાઢી અમાસ એ ચાર અમાસમાં કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રો પણ ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે, તેમ શિષ્યોને કહેવું, તેનાથી ભિન્ન અમાવાસ્યાઓમાં કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રોનો યોગ હોતો નથી.

હવે બાળશિષ્યોના બોધ માટે તથા પાઠકના અનુગ્રહ માટે સૂત્રાલાપક બતાવવામાં આવે છે-(ता पुट्ठवइण्णं अमावासं किं कुलं जोएइ उवकुलं जोएइ कुलोवकुलं वा जोएइ ता कुलं वा जोएइ, उपकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं, कुलं वा जोएमाणे उत्तराफग्गुणी उवकुलं वा जोएमाणे पुव्वाफग्गुणी जोएइ, ता पुट्ठवइण्णं अमावासं कुलं वा जोएइ उवकुलं वा जोएइ, कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता पोट्ठवया अमावासा जुत्तत्ति वत्तव्वं सिया) પ્રૌષ્ઠપદી અમાવાસ્યાનો શું કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? અથવા ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર યોગ કરે છે? કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી તેનો ઉત્તર આપતાં ભગવાન્શ્રી કહે છે કે-કુલનક્ષત્ર પણ યોગ કરે છે ઉપકુલ નક્ષત્ર પણ યોગ કરે છે, પણ કુલોપકુલ નક્ષત્ર પૌષ્ઠપદી અમાસનો યોગ કરતા નથી, કુલનક્ષત્રથી યુક્ત પૌષ્ઠપદી અમાસ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ કરે છે, અને ઉપકુલ નક્ષત્રથી જ્યારે યુક્ત હોય છે ત્યારે પૂર્વાફાલ્ગુની નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે, તેથી પ્રૌષ્ઠપદી અમાસનો કુલસંજ્ઞક અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે તેમ કહેલ છે. તેને કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ પ્રાપ્ત થતો નથી, તેમ કહેલ છે, કુલથી યુક્ત અને ઉપકુલથી યુક્ત પ્રૌષ્ઠપદી અમાસ 'યુક્તા' એ સંજ્ઞા પ્રાપ્ત કરે છે, તેમ સમજવું. આટલું જ કથન પર્યાપ્ત છે, વિશેષ પહેલાં કહેલ છે, (ता आसोइण्णं अमावासं किं कुलं जोएइ उवकुलं जोएइ कुलोवकुलं जोएइ ?

ता कुलं वा जोएइ उवकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं, कुलं जोएमाणे चित्ता णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे हत्थ णक्खत्ते जोएइ, ता आसोइण्णं अमावासं कुलं जोएइ उवकुलं जोएइ, कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता आसादिण्णी अमावासा जुत्तात्ति वत्तव्वं सिया) આસોમાસની અમાસ શું કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? અથવા ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? આ પ્રમાણેના શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે કે-કુલસંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે, તથા ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. પરંતુ તેને કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ હોતો નથી. કુલ નક્ષત્રથી યુક્ત આસોમાસની અમાસને ચિત્રા નક્ષત્રનો યોગ થાય છે, તથા ઉપકુલ નક્ષત્રનો યોગ થાય તો હસ્તનક્ષત્રનો યોગ થાય છે, એટલા માટે કહ્યું છે કે આસોમાસની અમાસ કુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. કુલસંજ્ઞક અને ઉપકુલસંજ્ઞક નક્ષત્રનાયોગથી યુક્તા આસોમાસની અમાસ 'યુક્તા' આ સંજ્ઞાને પ્રાપ્ત કરે છે.

(ता कत्तिइण्णं अमावासं किं कुलं जोएइ, उवकुलं वा जोएइ, कुलोवकुलं वा जोइए ? ता कुलं वा जोएइ उवकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं, कुलं वा जोएमाणे विसाहा णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे साई णक्खत्ते जोएइ कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता कत्तिई अमावासा जुत्तत्ति वत्तव्वं सिया) કાર્તિકમાસની અમાસનો શું કુલ સંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? અથવા ઉપકુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે કે-કુલસંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે, ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે, પરંતુ કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કાર્તિક માસની અમાસમાં હોતો નથી, તેમાં જ્યારે કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે, ત્યારે વિશાખા નક્ષત્રનો યોગ થાય છે, તથા જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ થાય છે ત્યારે સ્વાતી નક્ષત્રનો યોગ થાય છે. કુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત અને ઉપકુલસંજ્ઞક નક્ષત્રથી

યુક્ત કાર્તિકમાસની અમાસ 'યુક્તા' એ નામવાળી કહેવાય છે, તેમ સ્વશિષ્યોને કહેવું.

(ता मग्गसिरिण्णं अमावासं किं कुलं जोएइ, वा उवकुलं जोएइ वा कुलोवकुलं जोएइ वा? ता कुलं वा जोएइ, उवकुलं वा जोएइ, कुलोवकुलं वा जोएइ, कुलं जोएमाणे मूल णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे जेट्ठा णक्खत्ते जोएइ, कुलोवकुलं जोएमाणे अणुराहा णक्खत्ते जोएइ, कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता कुलोवकुलेण वा जुत्ता मग्गसिरिण्णं अमावासा जुत्तत्ति वत्तव्वं सिया) માર્ગશીર્ષ માસની અમાસ શું કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? કે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? અથવા કુલોપકુલ સંજ્ઞકનક્ષત્રનો યોગ કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાન્શ્રી કહે છે- માર્ગશીર્ષમાસની અમાવાસ્યા કુલસંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. તથા કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. અર્થાત્ ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોનો માર્ગશીર્ષમાસની અમાસનો યથાસંભવ ચંદ્રની સાથે યોગ કરે છે. તેમાં જ્યારે કુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત હોય છે ત્યારે મૂળ નક્ષત્રની સાથે યુક્ત હોય છે. અને જ્યારે ઉપકુલ નક્ષત્રથી યુક્ત હોય છે ત્યારે જ્યેષ્ઠા નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે. તથા જ્યારે કુલોપકુલવાળા નક્ષત્રથી યુક્ત હોય છે, ત્યારે અનુરાધા નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે. પરંતુ કુલનક્ષત્ર ઉપકુલ નક્ષત્ર અથવા કુલોપકુલ નક્ષત્ર એ કોઈપણ નક્ષત્રનોયોગ કરતી આ અમાસ 'યુક્તા' આ પદવાળી થાય છે. તેમ સ્વશિષ્યોને કહેવું.

(ता पोसिण्णं अमावासं किं कुलं वा जोएइ, उवकुलं वा जोएइ कुलोवकुलं वा जोएइ? ता कुलं वा जोएइ उवकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं, कुलं जोएमाणे पुव्वासाढा णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे उत्तरासाढा णक्खत्ते जोएइ, ता कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता पोसीणं अमावासा जुत्तत्ति वत्तव्वं सिया) પોષ માસની અમાવાસ્યા શું કુલ-

સંજ્ઞક નક્ષત્રની સાથે યોગ કરે છે? અથવા ઉપકુલ સંજ્ઞક નક્ષત્રની સાથે યોગ કરે છે? કે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રની સાથે યોગ કરે છે? શ્રીગૌતમસ્વામીના આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્શ્રી કહે છે કે-પોષમાસની અમાસને કુલસંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે. ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે. પરંતુ કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર યોગ કરતા નથી. તેમાં જ્યારે કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે ત્યારે પૂર્વાષાઢા નક્ષત્રનો યોગ થાય છે અને જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ત્યારે ઉત્તરાષાઢા નક્ષત્રનો યોગ થાય છે. આ કુલ અને ઉપકુલ સંજ્ઞક નક્ષત્રથી યુક્ત પોષમાસની અમાસ 'યુક્તા'એ નામવાળી કહેવામાં આવે છે. (ता माहिण्णं अमावासं किं कुलं जोएइ वा, उवकुलं जोएइ वा कुलोवकुलं जोएइ? ता कुलं जोएइ उवकुलं जोएइ, कुलोवकुलं जोएइ, कुलं जोएमाणे धणिट्ठा णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे सवणे णक्खत्ते जोएइ, कुलोवकुलं जोएमाणे अभिई णक्खत्ते जोएइ, ता कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता कुलोवकुलेण वा जुत्ता माहीणं अमावासा जुत्तत्ति वत्तव्वं सिया) માઘમાસની અમાસ શું કુલસંજ્ઞક નક્ષ નો યોગ કરે છે? અથવા ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે કે કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનો યથાસંભવ ચંદ્રનો યોગ પ્રાપ્ત કરીને માઘી અમાસને સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને તેના ઉત્તરમાં પ્રભુશ્રી કહે છે કે-માઘીઅમાસ કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે કુલોપકુલસંજ્ઞક નક્ષત્રનો પણ યોગ કરે છે. આ પ્રમાણે ત્રણે પ્રકારની સંજ્ઞાવાળા નક્ષત્રનો યથાસંભવ ચંદ્ર યોગને પ્રાપ્ત કરીને માઘી અમાવાસ્યાને સમાપ્ત કરે છે. તેમાં જ્યારે માઘીઅમાસ કુલસંજ્ઞક નક્ષત્રનોયોગ કરે છે ત્યારે ધનિષ્ઠા નક્ષત્રનોયોગ કરે છે. અને જ્યારે ઉપકુલ સંજ્ઞક નક્ષત્રનોયોગ કરે છે. ત્યારે શ્રવણ નક્ષત્રનો યોગ પ્રાપ્ત કરે છે. તથા જ્યારે કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રનોયોગ પ્રાપ્ત કરે છે. ત્યારે અભિજીત્ નક્ષત્રનો યોગ કરે છે. આ પ્રમાણે ત્રણે સંજ્ઞાવાળા નક્ષત્રોનો યોગ પ્રાપ્ત કરે છે. આ રીતે કુલ ઉપકુલ અને કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રથી યુક્ત માઘમાસની અમાસ 'યુક્તા' એ નામથી

કહેવાય છે. આ પ્રમાણે સ્વશિષ્યોએ કહેવું.

(ता फग्गुणीणं अमावासं किं कुलं जोएइ, किंवा उवकुलं जोएइ वा कुलोवकुलं जोएइ ? ता कुलं वा जोएइ उवकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं, ता कुलं जोएमाणे उत्तराभद्दवया णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे पुव्वाभद्दवया णक्खत्ते जोएइ, कुलेण जुत्ता वा उवकुलेण जुत्ता वा फग्गुणीणं अमावासं जुत्तत्ति वत्तव्वं सिया) ફાગણમાસની અમાસ કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? કે ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે? અથવા કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાન્શ્રી કહે છે કે-ફાગણમાસની અમાસ કુલસંજ્ઞાવાળા નક્ષત્રનો પણ યોગ કરે છે ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો પણ યોગ કરે છે પરંતુ કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ કરતી નથી. જ્યારે ફાગણમાસની અમાસનો કુલસંજ્ઞક નક્ષત્રયોગ કરે છે ત્યારે ઉત્તરાભાદ્રાપદા નક્ષત્રનો યોગ કરે છે. તથા જ્યારે ઉપકુલ નક્ષત્રનો યોગ કરે છે ત્યારે પૂર્વાભાદ્રપદા નક્ષત્રનો યોગ કરે છે આ પ્રમાણે કુલસંજ્ઞક અને ઉપકુલસંજ્ઞક નક્ષત્રથી યુક્ત ફાગણમાસની અમાસ 'યુક્તા' એ નામવાળી કહેવામાં આવે છે.

(ता चेतिण्णं अमावासं किं कुलं जोएइ वा उवकुलं जोएइ वा कुलोवकुलं जोएइ ? ता कुलं वा जोएइ उवकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं, कुलं जोएमाणे अस्सिणी णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे रेवइ णक्खत्ते जोएइ, ता कुलेण वा जुत्ता उवकुलेण वा जुत्ता चेत्तिण्णं अमावासा जुत्तत्ति वत्तव्वं सिया) ચૈત્ર માસની અમાસનો શું કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે, કે ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર યોગ કરે છે કે કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર યોગ કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાન્શ્રી કહે છે કે-ચૈત્રી અમાસનો કુલસંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે, ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે, પરંતુ કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર યોગ કરતાં નથી અર્થાત્ કુલસંજ્ઞક અને ઉપ-

કુલસંજ્ઞક આ બે સંજ્ઞાવળા નક્ષત્રો ચૈત્રી અમાસનો યથાસંભવ ચંદ્રનો યોગ પ્રાપ્ત કરીને ચૈત્રી અમાસને સમાપ્ત કરે છે તેમાં જ્યારે ચૈત્રી અમાસ કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ કરે છે ત્યારે અશ્વિની નક્ષત્રન યોગવાળી હોય છે અને ઉપકુલવાળા નક્ષત્રનો યોગ કરે છે ત્યારે રેવતી નક્ષત્રનો યોગ કરે છે, આ પ્રમાણે કુલ અને ઉપકુલ નક્ષત્રથી યુક્ત ચૈત્રી અમાસ 'યુક્તા' એ નામવાળી કહેવાય છે તેમ સ્વશિષ્યોને કહેવું.

(ता विसाहिण्णं अमावासं किं कुलं जोएइ वा, उवकुलं जोएइ वा, कुलोवकुलं जोएइ ? ता कुलं जाएइ उवकुलं वा जोएइ णो लब्भइ कुलोवकुलं, ता कुलं जोएमाणे कत्तिया णक्खत्ते जोएइ, उवकुलं जोएमाणे भरणी णक्खत्ते जोएइ, कुलेण जुत्ता वा उवकुलेण जुत्ता वा विसाहिण्णं अमावासा जुत्तत्ति वत्तव्वं सिया) વૈશાખમાસની અમાસનો શું કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે? અથવા ઉપકુલવાળા નક્ષત્ર યોગ કરે છે? કે કુલોપકુલવાળા નક્ષત્રો યોગ કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનો પ્રશ્ન સાંભળીને શ્રી ભગવાન્ કહે છે—વૈશાખમાસની અમાસનો કુલસંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે ઉપકુલસંજ્ઞક નક્ષત્ર પણ યોગ કરે છે, પરંતુ કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર કદાપિ વૈશાખ માસની અમાસમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત કરતા નથી, તેમાં જ્યારે વૈશાખી અમાસનો કુલસંજ્ઞક નક્ષત્ર યોગ કરે છે ત્યારે કૃત્તિકા નક્ષત્રનો યોગ કરે છે તથા જ્યારે ઉપકુલ સંજ્ઞાવાળા નક્ષત્ર યોગ કરે છે ત્યારે ભરણી નક્ષત્ર યથાસંભવ ચંદ્રનો યોગ પ્રાપ્ત કરે છે. આ રીતે કુલસંજ્ઞાવાળા અને ઉપકુલસંજ્ઞાવાળા નક્ષત્રના યોગથી યુક્ત વૈશાખી અમાસ 'યુક્તા' આ પદથી યુક્ત કહેવાય છે તેમ સ્વશિષ્યોને કહેવું.

(ता जिट्ठामूलिण्णं अमावासं किं कुलं जोएइ वा उवकुलं जोएइ वा कुलोवकुलं जोएइ ? ता कुलं जोएइ उवकुलं वा जोएइ, णो लब्भइ कुलोवकुलं, ता कुलं जोएमाणे मगसिरं णक्खत्तें जोएइ, उवकुलं जोएमाणे रोहिणी णक्खत्ते जोएइ, ता कुलेण वा जुत्ता उवकुलेण

जुंत्ता वा जेट्ठा मूलिण्णं अमावासं जुत्तत्ति वत्तव्वं सिया) જેઠ માસની અમાસનો કુલસંજ્ઞક ઉપસંજ્ઞક, અથવા કુલોપકુલ સંજ્ઞકનક્ષત્રો યોગ કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે કે-જેઠમાસની અમાસનો કુલસંજ્ઞક ઉપકુલ સંજ્ઞકનક્ષત્ર યોગ કરે છે. કુલોપકુલ સંજ્ઞાવાળા નક્ષત્રનો યોગ તેને હોતો નથી. જ્યારે કુલસંજ્ઞક નક્ષત્રનો યોગ હોય છે ત્યારે મૃગશિરા નક્ષત્રનો યોગ રહે છે. અને જ્યારે ઉપકુલસંજ્ઞક નક્ષત્રનો યોગ હોય છે ત્યારે રોહિણી નક્ષત્રનો યોગ રહે છે. આ રીતે કુલ સંજ્ઞક નક્ષત્રથી યુક્ત જ્યેષ્ઠ માસની અમાસ 'યુક્તા' એ નામવાળી કહેવાય છે.

આ પ્રમાણે અહીંયા બારે સંખ્યાવાળી અમાવાસ્યાઓની અલગ અલગ ભાવના સમજવી અષાઢ માસની અમાસનું કથન તો મૂલોક્ત પ્રકારથી પહેલાં કહેલ જ છે. ।।સૂ૦ ૩૯।।

દસમા પ્રાભૃતનું છટ્ઠું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।। ૧૦-૬ ।।

## દસવેં પ્રાભૃત કા સાંતવાં પ્રાભૃતપ્રાભૃત

સાતમા પ્રાભૃત પ્રાભૃતનો પ્રારંભ-

ટીકાર્થ-(योगे किंते वत्थु आख्याता) યોગના સંબંધમાં આપના મતથી કેવી રીતે કહેલ છે. આ વિષય સંબંધી દસમા પ્રાભૃતના છઠ્ઠા પ્રાભૃત પ્રાભૃતમાં દરેક પૂર્ણિમામાં કુલાદિસંજ્ઞાના સંબંધમાં નક્ષત્રની સાથે ચંદ્રના યોગને અધિકૃત કરીને નક્ષત્રોના સંનિપાત સંબંધી પ્રશ્ન સૂત્ર લઈને શ્રીગૌતમસ્વામી પ્રશ્ન કરે છે-(ता कहं ते सण्णिवाए आहिएति वएज्जा) હે ભગવાન્ પૂર્ણિમા અને અમાવાસ્યાનો સંનિપાત એટલે કે નક્ષત્રનો યોગ આપના મતથી કેવી રીતે કહેલ છે તે આપ મને કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પૂછવાથી દરેક પૂર્ણિમાઓ અને દરેક અમાસોનો નક્ષત્ર સન્નિપાત એટલે કે નક્ષત્રના યોગની ઉત્પત્તિનું વર્ણન કરતાં શ્રીભગવાન્ કહે છે-(ता जया णं साविट्ठि पुण्णिमा भवइ तया णं माही अमावासा भवइ, जया णं माही पुण्णिमा भवइ तया णं सविट्ठि अमावासा भवइ)

શ્રીભગવાન્ કહે છે. કે તમારા પ્રશ્નનો ઉત્તર સાંભળો જ્યારે ધનિષ્ઠા અપર નામવાળી શ્રાવિષ્ઠી પૂર્ણિમા હોય છે, અર્થાત્ શ્રાવિષ્ઠા નક્ષત્ર યુક્ત પૂર્ણિમા એટલે કે શ્રાવણમાસની પૂર્ણિમા હોય છે, ત્યારે એ પૂર્ણિમાની પછીની અમાસ મઘા નક્ષત્રયુક્ત હોય છે. આ કથનથી કૃષ્ણ પક્ષથી માસનો ગણનાક્રમ પ્રતિપાદિત કરેલ છે. કૃષ્ણપક્ષથી ગણનાથી દરેક પુનમમાં માસની પૂર્તિ થાય છે. પૂર્ણિમાની સંજ્ઞા પણ નક્ષત્રના સંબંધથી ચંદ્રયોગને અધિકૃત કરીનેજ માસની પૂર્તિ કરવાવાળી પ્રતિપાદિત કરેલ છે. જેમકે-શ્રાવિષ્ઠી, પ્રૌષ્ઠ-પદી, આશ્વિની, કાર્તિકી, માર્ગશીર્ષી પોષી માઘી, ફાલ્ગુની ચૌથી, વૈશાખી જ્યેષ્ઠી અષાઢી આ પૂર્ણિમાઓની પછીના મહીનાઓના પંદર દિવસના અંતરમાં અમાસ આવે છે. તિથિના યોગથીજ ચંદ્રમાસ પ્રતિપાદિત કરવાથી તથા તિથિયો પંદર હોવાથી તિથિ-યોનાક્ષય વૃદ્ધિ શિવાય પંદર કહેલ છે. આનાથીએ સમજાય છે કે જે નક્ષત્રમાં પૂર્ણિમા હોય છે તે નક્ષત્રની પછીના ચૌદમા નક્ષત્રમાં અગર પંદરમા નક્ષત્રમાં અથવા સોળમા નક્ષત્રમાં એજ માસની અમાવાસ્યા થાય છે. આથી જ્યારે શ્રાવણી પુનમ ધનિષ્ઠા નક્ષત્ર યુક્ત હોય છે. ત્યારે ધનિષ્ઠા નક્ષત્રની પછીથી પંદરમા મઘાનક્ષત્રમાં શ્રાવણમાસનીજ અમાસનો સંભવ રહે છે. ત્રણ નક્ષત્રના યોગથી અથવા બે નક્ષત્રના યોગથી શ્રાવિષ્ઠા વિગેરે બાર પૂર્ણિમાઓના તથા માઘાદિ અમાવાસ્યાઓના નામો ૩૭ સાડત્રીસમા સૂત્રથી ૩૯ ઓગણચાલીસમાં સૂત્રોમાં પ્રતિપાદિત કરેલ છે. અને વ્યાખ્યાન પણ કરેલ છે. તેથી બધે પૂર્ણિમાઓ અને અમાવાસ્યાઓમાં નક્ષત્રના યોગથી ચંદ્રયોગ એક શ્રાવણાદિ-માસોમાંજ થાય છે. શ્રાવણાદિના સમીપસ્થ સાતમા માઘાદિ માસમાં થતા નથી. જે રીતે પૂર્ણિમાઓની પછી ચૌદ, પંદર કે સોળમા નક્ષત્રમાં અમાસની સંભાવના થાય છે. એજ રીતે અમાવાસ્યા પછીના ચૌદ, પંદર અગર સોળમાનક્ષત્રમાં એજમાસની પૂર્ણિમાની સંભાવનાં રહે છે. નક્ષત્રોની સંખ્યા અઠયાવીસ હોવાથી તથા મહિના અને

રાશી બાર હોવાથી આ પ્રમાણે થાય છે. દરેક રાશિ અને દરેક મહીનાથી સાતમી રાશી સાતમો મહીનો થાય છે. કારણકે નક્ષત્રો અને રાશિયોનો પરસ્પર સંબંધ રહે છે. દરેક સાતમામાસમાં પહેલામાસની અમા એવી સંજ્ઞા હોવાથી સાતમામાસમાં પૂર્ણિમાસંજ્ઞા થાય છે. પહેલાની પૂર્ણિમાં સંજ્ઞા તેનાથી સાતમામાસમાં અમાસંજ્ઞા થઈ જાય છે. આજ ઉપપત્તિ શ્રાવણાદિ છમાસમાં તથા માઘાદિ છમાસમાં યથાક્રમથી સમજી લેવી, તેથી જ્યારે માઘમાસની પુનમ હોય છે ત્યારે શ્રાવિષ્ઠા નક્ષત્રયુક્ત શ્રાવિષ્ઠી અમાસ એજ માઘમાસની હોય છે. જે પ્રમાણે મઘાનક્ષત્ર અર્વાકૃતન એટલે કે પછી ધનિષ્ઠા નક્ષત્ર હોય છે, એજ પ્રમાણે ધનિષ્ઠા નક્ષત્રની પછી મઘાનક્ષત્ર હોય જ છે. પ્રારંભથી બન્ને બાજુથી ગણનાનો સંભવ હોવાથી આ પ્રમાણે થાય છે.

(जया णं पुट्ठवइ पुण्णिमा भवइ, तया णं फग्गुणी अमावासा भवइ, जया णं फग्गुणी पुण्णिमा भवइ तया णं पुट्ठवइ अमावासा भवइ) જ્યારે પ્રૌષ્ઠપદા એટલે કે ઉત્તરાભાદ્રપદા નક્ષત્રથી યુક્ત પુનમ અર્થાત્ પ્રૌષ્ઠપદી પુનમ ભાદરવામાસ સંબંધીની હોય છે. ત્યારે એજ માસની પછીની અમાસ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રયુક્ત અમાવાસ્યા—ફાલ્ગુની નામવાળી અમાસ હોય છે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્રથી આરંભ કરીને વિપરીત ગણનાથી અર્થાત્ પૂર્વ પૂર્વની ગણત્રીથી ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સોળમું હોવાથી તેમ થાય છે. અહીંયાં અપાન્તરાળમાં એટલે કે વચમાં અભિજીત્ નક્ષત્ર થોડો સમય વ્યાપ્ત રહેવાથી જો તેની ગણત્રી ન કરે તો પંદર જ સંખ્યા થાય છે, પરંતુ અહીંયા યુગની આદિમાં અભિજીત્ નક્ષત્રનું સત્વ હોવાથી તેનું વિશેષ મહત્વ રહે છે. વ્યવહારમાં તો કાર્ય વિશેષને લીધે કયાંક છોડી પણ દે છે. અહીંયાં ગણના ક્રમમાં અભિ-જીત્ નક્ષત્રનું ગ્રાહ્યત્વમાં અગ્રાહ્યપણું નિર્દોષ જ છે, કારણ કે—ચાર પુનમોમાં અને ચાર

અમાવાસ્યાઓમાં ત્રણે નક્ષત્રોના યોગનો સંભવ રહે છે. આઠ પુનમોમાં અને આઠ અમાસોમાં બે નક્ષત્રોના યોગનો સંભવ હોવાથી ચૌદ, પંદર, અને સોળ સંખ્યામાં અન્ય સંખ્યાક્રમનું થવું સંભવિત હોય છે. જ્યારે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર યુક્ત પુનમ અર્થાત્ ફાગણમાસ ભાવિની પૂર્ણિમા થાય છે. ત્યારે પ્રૌષ્ઠપદી અર્થાત્ ઉત્તરાભાદ્રપદા નક્ષત્રવાળી અમાસ એજ ફાગણ માસની પૂનમ પછીની અમાસ પ્રૌષ્ઠપદી નામની અમાસ કહેવાય છે. ઉત્તરાફાલ્ગુનીથી ઉત્ક્રમની ગણત્રીથી ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર ચૌદમું થાય છે, તેથી સર્વત્ર પુનમની પહેલાં અમાસ હોય છે. તેથી બધે પુનમ યુક્ત નક્ષત્રથી વિપરીત ક્રમથી જ ગણત્રી કરવી જોઈએ. પ્રારંભના નક્ષત્રની બન્ને તરફથી ગણત્રીથી બન્ને સંખ્યાનો યોગ બરોબર થાય છે, નક્ષત્રની સંખ્યા અઠયાવીસ હોવાથી આ પ્રમાણે બધે જ સમજી લેવું.

(जया णं आसोइ पुण्णिमा भवइ तया णं चेती अमावासा भवइ, जया णं चेती पुण्णिमा भवइ, तया णं आसोई अमावासा भवइ) જ્યારે આશ્વિની એટલે કે અશ્વિની નક્ષત્ર યુક્ત અર્થાત્ આસોમાસની પુનમ થાય છે, ત્યારે એટલે કે એજ માસમાં ચૈત્રી અર્થાત્ ચિત્રા નક્ષત્ર યુક્ત (ચૈત્ર માસ સંબંધી નહીં) ચૈત્રી નામની અમાસ થાય છે. બધે જ પૂર્ણિમા પદથી માસ જ સંજ્ઞાબોધક થાય છે, શુકલપક્ષથી ચાન્દ્રમાસ ગણના પક્ષમાં માસની અંતમાં અમાસ આવે છે. એ રીતે સર્વત્ર સમજી લેવું. આજ નિયમથી બધે પૂર્ણિમા નક્ષત્ર યુક્ત નક્ષત્રથી અમાસ યુક્ત નક્ષત્રની સંખ્યા વિપરીત ગણના ક્રમથી ગણત્રી કરવી, જ્યારે ચૈત્રી અર્થાત્ ચિત્રા નક્ષત્ર યુક્ત ચૈત્રમાસ બોધિકા પુનમ હોય છે. એજ માસમાં પછીની અમાસ અશ્વયુજી અર્થાત્ અશ્વિની નક્ષત્ર યુક્ત અશ્વિની નામવાળી અમાસ એજ માસમાં હોય છે, અશ્વિનીથી આરંભ કરીને પહેલાં ચિત્રા નક્ષત્ર સોળમું હોવાથી, તથા ચિત્રા નક્ષત્રથી આરંભ કરીને અશ્વિની નક્ષત્ર ચૌદમું હોવાથી આ તમામ કથન વ્યવહાર નયનો આશ્રય કરીને કહેલ છે. કારણ કે એક પણ અમાસમાં કે પુનમમાં બે નત્રક્ષનો કે ત્રણ નક્ષત્રનો સંભવ હોવાથી પરંતુ એક પ્રધાન નક્ષત્રના નામથી માસના નામનો બોધ થવામાં સરળતા હોવાથી આ કથન નિર્દોષ છે. આ સૂત્ર આશ્વિન અને ચૈત્રમાસને અધિકૃત કરીને પ્રવૃત્ત થયેલ સમજવું.

(जया णं कत्तिइ पुण्णिमा भवइ, तया णं वेसाही अमावासा भवइ, जया णं वेसाही, पुण्णिमा भवइ, तया णं कत्तिई अमावासा भवइ) જ્યારે કાર્તિકી એટલે કે કૃત્તિકા નક્ષત્રથી યુક્ત કાર્તિક માસની પુનમ હોય છે એજ સમયે પછીની અમાસ વૈશાખી અર્થાત્ વિશાખા નક્ષત્રવાળી વૈશાખી નામની અમાસ હોય છે, તથા જ્યારે વૈશાખી વિશાખા નક્ષત્રવાળી વૈશાખ માસ બોધિકા પુનમ હોય છે, ત્યારે એટલે કે એજ માસમાં પછીની કૃત્તિકા નક્ષત્રથી યુક્ત કાર્તિકી નામવાળી અમાસ હોય છે. કૃત્તિકાથી પહેલાં વિપરીત ગણત્રીથી વિશાખા

નક્ષત્ર સોળમું થાય છે. તથા વિશાખા નક્ષત્રથી વિપરીત ક્રમ ગણુનાથી પહેલા કૃત્તિકા નક્ષત્ર ચૌદમું થાય છે. આ સૂત્ર કાર્તિક માસ અને વૈશાખ માસને અધિકૃત કરીને પ્રવૃત્ત થયેલ છે. (जया णं मग्गसिरी पुण्णिमा भवइ तया णं जिट्ठामूले अमावासा भवइ, जया णं जिट्ठामूले पुण्णिमा भवइ तया णं मग्गसिरी अमावासा भवइ) જ્યારે મૃગશિર નક્ષત્ર યુક્ત માર્ગશીર્ષમાસ બોધિકા પુનમ હોય છે, એ જ માસમાં પછીથી જ્યેષ્ઠામૂલી જ્યેષ્ઠા અને મૂળ એ બેમાંથી એકથી અથવા બન્નેથી યુક્ત જ્યેષ્ઠામૂલી નામની અમાસ એ જ માસમાં થાય છે, મૃગશિરા નક્ષત્રથી આરંભ કરીને પહેલાં વિપરીત ગણુત્રીથી જ્યેષ્ઠા નક્ષત્ર સોળમું હોવાથી તથા મૂળ નક્ષત્ર પંદરમું હોવાથી આ પ્રમાણે થાય છે. જ્યારે જ્યેષ્ઠા અને મૂલ નક્ષત્રમાંથી એક અથવા બેઉ નક્ષત્રોથી યુકત જ્યેષ્ઠમાસ બોધિકા પુનમ હોય છે. ત્યારે એજમાસમાં પાછળથી મૃગશિરા નક્ષત્રથી યુક્ત માર્ગશીર્ષી નામની અમાસ થાય છે. જ્યેષ્ઠાનક્ષત્રથી આરંભ કરીને પહેલાં વિપરીત ગણુનાથી મૃગશિરા નક્ષત્ર ચૌદમું થાય છે. જો મૂળનક્ષત્રથી આરંભ કરીને વિપરીત ગણુત્રીથી ગણુવામાં આવે ત્યારે તો મૃગશિરા નક્ષત્ર પંદરનું થાય છે. આ સૂત્ર માર્ગશીર્ષમાસ અને જેઠમાસને અધિકૃત કરીને કહેલ છે.

(जया णं आसाढो पुण्णिमा भवइ, तया णं आसाढी अमावासा भवइ, जया णं आसाढी पुण्णिमा भवइ तया णं पोसी अमावासा भवइ) જ્યારે પુષ્ય નક્ષત્રથીયુક્ત પોષમાસ બોધિકા પુનમ હોય છે, ત્યારે એટલેકે એજમાસમાં પછિની અષાઢી અર્થાત્ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢામાંથી એક અથવા બન્ને નક્ષત્રોથી યુક્ત અષાઢી નામવાળી અમાસ એજ માસમાં થાય છે. પુષ્ય નક્ષત્રથી આરમ્ભ કરીને વિપરીત ગણુત્રીથી ઉત્તરાષાઢા નક્ષત્ર સોળમું થાય છે. અને પૂર્વાષાઢા નક્ષત્રની સંખ્યા સત્તર થાય છે. જ્યારે અષાઢી અર્થાત્ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રમાંથી એક અથવા બન્નેથી યુક્ત અષાઢી અર્થાત્ અષાઢમાસ બોધિકા પુનમ થાય છે. એજમાસમાં પછિથી પંદર દિવસ પછી પોષિ પુષ્ય નક્ષત્રયુક્ત પોષીનામવાળી અમાસ થાય છે. ઉત્તરાષાઢાનક્ષત્રથી આરંભ કરીને વિપરીત ક્રમ ક્રમથી ગણુત્રી કરે તો પુષ્યનક્ષત્ર ચૌદમું થાય છે, તથા જો પૂર્વાષાઢાનક્ષત્રથી આરંભ કરીને વિપરીત ક્રમથી પુષ્ય નક્ષત્રને ગણુવામાં આવે ત્યારે તે તેરમું થાય છે. આપણુ સંભાવના થાય છે. કારણુ કે નક્ષત્રોની સંખ્યા નિશ્ચયનયનામતથી સત્યાવીસજ હોય છે. અને રાશિયોની સંખ્યા બાર હોય છે. સવાબે નક્ષત્રથી એક રાશી થાય છે. સૂર્ય અને ચંદ્રની ગત્યન્તર વશાત તિથિની ઉત્પત્તિ થાય છે. ગતિની ઉચ્ચતાથી અલ્પત્વ અને નિચી ગતિથી અધિકત્વ થાય

છે. આ પ્રત્યક્ષથીજ જણાય છે. ઉચ્ચ એટલે મંદોચ્ચ થાય છે. ઉચ્ચ રાશીથી સાતમી રાશીમાં પોતાની કક્ષામાંજ નિમ્ન થાય છે. ચંદ્રનું ઉચ્ચત્વ અને નિમ્નત્વ તાત્કાલિક થાય છે. હમણા સૂર્યનું મંદોચ્ચપણું મિથુન રાશિમાં અઢારમાં અંશમાં છે, તેથી સાતમી ધન રાશિમાં અઢારમા અંશમાં નીચ પણ છે. તેથી તેરમા દિવસથી લઇને સત્તરમા દિવસ પર્યન્તમાં એક સૌર નક્ષત્રના ભોગ કાળની સંભાવના થાય છે. ચંદ્રની ગતિવશાત્ દૈનિક નક્ષત્રોમાં હ્રાસ અને વૃદ્ધિ થાય છે. સર્વત્ર ગણુના ક્રમમાં વિપરીત ગણુનાથી અભિજીત્ નક્ષત્રને ગણુવાથી પંદરમું કે ચૌદમું થાય છે. નક્ષત્રોની સંખ્યા સત્યાવીસ હોવાથી આ પ્રમાણે થાય છે. અભિજીત્ નક્ષત્ર પ્રાયઃ વ્યવહારમાં આવતું નથી. અહીંયા વ્યવહાર સૂત્ર આ પ્રમાણે છે.

(जंबुद्दीवे दीवे अभीईवज्जेहिं सत्तावीसाए णक्खत्तेहिं संववहारो) આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં અભિજીત્‌ને છોડીને સત્યાવીસ નક્ષત્ર વ્યવહારમાં આવે છે. પરંતુ હળચક્રમાં, કૂપચંદ્રમાં, વત્સચક્રમાં અષ્ટોત્તરી દશાના ક્રમમાં ઈત્યાદિ કાર્ય વિશેષમાં ક્યાંક ગણવામાં આવે પણ છે. ॥ સૂ. ૪૦ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
દસમા પ્રાભૃતનું સાતમું પ્રાભૃત
પ્રાભૃત સમાપ્ત ॥ ૧૦-૭ ॥

卐

આઠમા પ્રાભૃત પ્રાભૃતનો પ્રારંભ

**ટીકાર્થ**—સાતમા પ્રાભૃતપ્રાભૃતમાં અમાસ અને પુનમોના સંબંધનું કથન કરીને હવે આઠમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ કરવામાં આવે છે-(ता कहं ते) ઈત્યાદિ

શ્રીગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે કે-(ता कहं ते णक्खत्तसंठिई आहितातिं वएज्जा) હે ભગવાન્ આપના મતથી અથવા આપે પહેલાં પ્રતિપાદિત કરેલ અઠયાવીસ નક્ષત્રોની સંસ્થિતિ અર્થાત્ સંસ્થાન આકાર કેવા પ્રકારનો કહેલ છે? તે આપ કહો આ પ્રમાણે કહીને શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રત્યેક પ્રશ્ન અલગ અલગ પૂછે છે-( (ता एएसिणं अट्ठावीसाए णक्खत्ताणं अभीयी णं णक्खत्ते किं संठिए पण्णत्ते) નક્ષત્રોના સંસ્થાન સંબંધમાં આ પહેલા પ્રતિપાદન કરેલ અઠયાવીસ નક્ષત્રોમાં યુગનાઆદિ બોધક સર્વ પ્રથમ જે અભિજીત્ નક્ષત્ર છે તે કેવા સંસ્થાનવાળું એટલેકે અભિજીત્ નક્ષત્રનું સ્વરૂપ આપે કેવા પ્રકારનું કહેલ છે. તે આપ કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રીભગવાન્ ઉત્તરમાં કહે છે-(गोयमा ! गोसीसावलिसंठिए पण्णत्ते) હે ગૌતમ ! અભિજીત્ નક્ષત્રનું સ્વરૂપ આ પછીથી કહેવામાં આવનાર અઠયાવીસ નક્ષત્રોમાં અભિજીત્ નક્ષત્રનો આકાર ગોશીર્ષની પંક્તિ જેવો કહેલ છે. અર્થાત્ પુદ્‌ગલોની દીર્ઘાકાર જે શ્રેણી-પંક્તિ તેના જેવું જે સંસ્થાન તેના જેવા સ્વરૂપવાળો અભિજીત્ નક્ષત્રનો આકાર કહેલ છે.

શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે- (ता सवणे णक्खत्ते किं संठिए पण्णत्ते) શ્રવણ નક્ષત્ર કેવા આકારવાળું કહેલ છે ? એટલે કે આ અઠયાવીસ નક્ષત્રમાં બીજુ જે શ્રવણ નક્ષત્ર છે. તેનો આકાર કેવો કહેલ છે ? ઉત્તરમાં ભગવાન્ કહે છે-(ता काहारसंठिए पण्णत्ते) શ્રવણ નક્ષત્ર કાહલના જેવા આકારવાળું કહેલ છે. કાહલ ત્રણ પગવાળી વસ્તુ વિશેષને કહે છે. જેને ભાષામાં તિપાઈ કહે છે. આવા પ્રકારના આકારવાળું શ્રવણનક્ષત્રનું સ્વરૂપ કહેલ છે.

શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રભુશ્રીને પૂછે છે- (ता धणिट्ठा णक्खत्ते किं संठिए पण्णते)

આ અઠ્યાવીસ નક્ષત્રોમાં ત્રીજું ધનિષ્ઠા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે- (ता सउणिपल्लीणसंठिए पण्णत्ते) ત્રીજું ધનિષ્ઠા નક્ષત્ર શકુની પલીનકના જેવા આકારવાળું કહેલ છે. શકુની પલીનક શ્રેણીરૂપ લાંબા આકારના વાદ્ય વિશેષને કહે છે જેને ભાષામાં મૃદંગ કહે છે. તેના જેવા આકારવાળું ધનિષ્ઠા નક્ષત્ર કહેલ છે. શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે.- (ता सयभिसया णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં શતભિષા નામનું નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે- (ता पुप्फोवयारसंठिए पण्णत्ते) ચોથું શતભિષાનક્ષત્ર પુષ્પો-પચાર અર્થાત્ પાત્રમાંસજ્જ કરેલ પુષ્પના આકારના સમાન આકારવાળું છે. અર્થાત્ ગોળ આકારના ઉપહાર પાત્રમાં ફેલાયેલ ધોળા પુષ્પોના સમાન હોય છે. સો સંખ્યાવાળા તારાઓથી યુક્ત શતતારા એટલેકે શતભિષા નક્ષત્ર આકાશમાં વિકસિત હોય છે. શ્રી-ગૌતમસ્વામી ફરીથી પૂછે છે- (ता पुव्वापोट्ठवया णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં પાંચમું પૂર્વાપ્રોષ્ઠપદા નક્ષત્ર અર્થાત્ પૂર્વાભાદ્રપદા નક્ષત્ર કેવા પ્રકારના આકાર વાળું કહેલ છે? શ્રીભગવાન્ કહે છે- (ता अवड्ढवावीसंठिए पण्णत्ते) પાંચમું પૂર્વાભાદ્ર પદા નક્ષત્ર અપાર્ધવાવના જેવા આકારનું કહેલ છે. ચતુરસ્રાકાર વાવ હોય છે. તેના અર્ધા ભાગ જેવું એટલે કે અર્ધાકાર વાવના જેવો જેનો આકાર હોય છે, તે અર્ધવાવ સંસ્થિત પૂર્વાભાદ્રપદા નક્ષત્ર રાત્રે આકાશમાં દેખાય છે, (एवं उत्तरा वि) પૂર્વોક્ત ભાદ્રપદા નક્ષત્રના સંસ્થાન જેવા સંસ્થાનવાળું છઠું ઉત્તરાભાદ્રપદા નક્ષત્રને પણ સમજવું. અર્થાત્ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પણ અર્ધવાવના આકાર જેવા આકારવાળું કહેલ છે. શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता रेवइ णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં રેવતી નક્ષત્રનો આકાર કેવો કહેલ છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે (ता णावा संठिए पण्णत्ते) સાતમું રેવતી નક્ષત્ર નૌકાના આકાર જેવું કહેલ છે. નૌકાના આકારથી રહેલ અનેક તારાઓથી યુક્ત રેવતી નક્ષત્ર તારાના જેવા આકારથી આકાશમાં દેખાય છે. તેથીજ રેવતી નક્ષત્ર નૌકાકાર કહેલ છે.

શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता अस्सिणी णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં આઠમું અશ્વિની નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? અર્થાત્ કોના સંસ્થાન જેવું પ્રતિપાદિત કરેલ છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળી ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે-(ता आसक्खंधसंठिए पण्णत्ते) આઠમું અશ્વિની નક્ષત્ર ઘોડાના ગળાના જેવા આકારવાળું કહેલ છે, આકાશમાં રહેલ ઘોડાના ગળા જેવા ત્રણ વળવાળું અશ્વિની નક્ષત્રનું સ્વરૂપ સમજવું.

શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता भरणी णक्खत्ते किं संठिए पण्णत्ते) નવમું

ભરણી નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું પ્રતિપાદિત કરેલ છે. ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે-(ता भरणी णक्खत्ते भगसंठिए पण्णत्ते) નવમું ભરણીનક્ષત્ર ભગસંસ્થિત અર્થાત્ પંક્તિ બદ્ધ ત્રણ તારાઓથી યુક્ત ભગાકાર સંસ્થાનવાળું કહેલ છે. શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता कत्तिया णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં દસમું કૃત્તિકા નક્ષત્ર કેવા પ્રકારના આકારથી આકાશમાં રહેલ કહ્યું છે, ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે-(ता कत्तिया णक्खत्ते छुरघरसंठिए पण्णत्ते) દસમું કૃત્તિકા નક્ષત્ર આકાશમાં અસ્તરાના ઘરના જેવું. અર્થાત્ હજામના બન્ને બાજુ બે અસ્તરાના જેવા આકારથી ત્રણ ત્રણ તારાઓથી વ્યાપ્ત થયેલ એટલે કે પર્ણકુટિ સરખુ બન્ને બાજું લાંબુ છ તારાઓવાળું કૃતિકા નક્ષત્રનું સ્વરૂપ જાણવું. ફરીથી શ્રી ગૌતમસ્વામી પૂછે છે-(ता रोहिणी णक्खत्ते किं संठिए पण्णत्ते) અગી-યારમું રોહિણી નક્ષત્ર કેવા પ્રકારના આકારથી આકાશમાં રહેલ છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રી ભગવાન્ કહે છે,-(ता रोहिणी णक्खत्ते सगडुद्धिसंठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં અગ્યારમું રોહિણી નક્ષત્ર ગાડાની ઉધ એટલે કે ગાડીના મૂળ ભાગના જેવા આકારથી આકાશમાં રહેલ કહ્યું છે. ફરીથી શ્રી ગૌતમસ્વામી પૂછે છે-(ता मग्गसिरणक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં બારમુ મૃગશિરા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું આકાશમાં દૃશ્યમાન કહેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે. (ता मगसीसावलि संठिए पण्णत्ते) બારમું મૃગશિરા નક્ષત્ર મૃગશીર્ષાવલીના સંસ્થાન જેવું અર્થાત્ મૃગોના જે મસ્તક તેની જે પંક્તિ તેના જેવા આકારવાળું એટલે કે પંક્તિ બદ્ધ મૃગોના મસ્તકોના સમૂહના આકાર જેવું કહેલ છે, શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता अद्दा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં તેરમું આર્દ્રા નક્ષત્ર કેવા પ્રકારના સંસ્થાનવાળું કહેલ છે? ઉત્તરમાં ભગવાનશ્રી કહે છે-(ता अद्दा णक्खत्ते रुहिर-बिंदुसंठिए पण्णत्ते) તેરમું આર્દ્રા નક્ષત્ર આકાશમાં લોહીના ટીપાના જેવું હોવાનું ધ્વનિત થાય છે. તેથી છ તારાઓથી વીંટળાયેલ અર્થાત્ પદ્મરાગના જેવું ઉજ્જવલ કાંતિવાળું છ તારાઓથી પ્રકાશમાન આકાશમાં આર્દ્રા નક્ષત્ર પ્રતિભાસિત થાય છે. શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता पुणव्वसु णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં ચૌદમું પુનર્વસુ નક્ષત્ર કેવા પ્રકારના સંસ્થાનવાળું પ્રતિપાદિત કરેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે-(ता पुणव्वसु णक्खत्ते तुला संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં ચૌદમું પુનર્વસુ નક્ષત્ર ત્રાજવાના આકારના જેવું અર્થાત શેર બશેર ઈત્યાદિ વજન માપક જે

હોય છે. તેને તુલા અર્થાત્ ત્રાજુ કહે છે. તેના આકારના સરખા સંસ્થાનવાળું પુનર્વસુ નક્ષત્રનું સ્વરૂપ ચાર તારાઓથી દશ્યમાન થાય છે, શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता पुण्फे नक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં પંદરમું પુષ્યનક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે. (ता पुष्फे णक्खत्ते वद्धमाण संठिए पण्णत्ते) પંદરમું પુષ્ય નક્ષત્ર વર્ધમાન અર્થાત્ સ્વસ્તિક-સાથિયાના આકારના જેવા આકારવાળું કહેલ છે, એટલે કે નીચેના ભાગમાં સાંકડું ઉપરની તરફ પહોળું શરાવના પાત્રના જેવા સંસ્થાનથી સંસ્થિત પુષ્ય નક્ષત્રનું સ્વરૂપ પ્રતિપાદિત કરેલ છે, શ્રી ગૌતમ સ્વાણી પૂછે છે-(अस्सेसा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સોળમું અશ્લેષા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું પ્રતિપાદિત કરેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે-(ता अस्सेसा णक्खत्ते पडागा संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સોળમું અશ્લેષા નક્ષત્ર પતાકા એટલેકે ધજાની સમાન રહેલ અશ્લેષા નક્ષત્ર આકાશમાં દેખાય છે. શ્રી-ગૌતમસ્વામી પૂછે છે (ता महा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સત્તરમું મઘાનક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું પ્રતિપાદત કરેલ છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે (ता महा णक्खत्ते पागारसंठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સત્તરમું મઘાનક્ષત્ર પ્રાકારના જેવા સંસ્થાનવાળું કહેલ-છે, પ્રાકાર રાજાઓના કોટના જેવી સંરક્ષણાત્મક ભીતને કહે છે. તેના જેવા આકારવાળું મઘાનક્ષત્ર કહેલ છે. શ્રીગૌતમસ્વામી પૂછે છે- (ता पुव्वाफग्गुणी णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં અઢારમું પૂર્વાફાલ્ગુની નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે. (ता पुव्वा फग्गुणी णक्खत्ते अद्धपलियंकसंठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં અઢારમું પૂર્વાફાલ્ગુની નક્ષત્ર અર્ધા પલંગના જેવા અથવા બે તારાઓથી યુક્ત અર્ધા ખાટલાના જેવું જેનું સંસ્થાન હોય તેવા પ્રકારના આકારવાળું કહેલ છે. (एवं उत्तरापि) પહેલા પ્રતિપાદિત કરેલ પૂર્વાફાલ્ગુની નક્ષત્રના સંસ્થાનના જેવું ઓગણીસમું ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું સ્વરૂપ જાણવું, શ્રીગૌતમસ્વામી પૂછે છે-(ता हत्थे णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં વીસમું હસ્ત નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता हत्थे णक्खत्ते हत्थसंठिए पण्णत्ते) વીસમું હસ્ત નક્ષત્ર હાથના આકારના જેવા આકારવાળું અર્થાત્ પાંચ તારાઓથી યુક્ત પાંચ આંગળીયો વાળાં હાથના જેવું એટલે કે હાથના અગ્રભાગ અર્થાત્ પંજાના જેવા આકારવાળું હસ્ત નક્ષત્રનું સ્વરૂપ જાણવું. શ્રીગૌતમસ્વામી પૂછે છે-(ता चित्ता णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં એકવીસમું ચિત્રા નક્ષત્ર કેવા આકારનું કહેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્

કહે છે.-(ता चित्ता णक्खत्ते मुहफुल्लसंठिए पण्णत्ते) ચિત્રા નક્ષત્ર મુખ ફુલ્લ અર્થાત્ પ્રસન્ન મુખના સરખું અર્થાત્ એકજ તારાથી જણાતું ગોળ આકારના મોતીના જેવું ઉજ્જવલ હસતા મુખના જેવા આકારવાળું હોય છે. શ્રી ગૌતમસ્વામી પૂછે છે (ता साई णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં બાવીસમું સ્વાતી નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? ઉત્તરમાં ભગવાન્શ્રી કહે છે. (ता साई णक्खत्ते खीलगसंठिए पण्णत्ते) બાવીસમું સ્વાતી નક્ષત્ર ખીલાના આકાર જેવું અર્થાત્ એકજ વિદ્રુમના જેવા આકારવાળું જાજ્વલ્યમાન તારાથી જણાતું ખીલાના આકાર જેવા સંસ્થાન યુક્ત ખીલો પશુને બાંધવાનો સ્તંભ જેને ખૂંટો કહે છે. તેના જેવો સ્વાતી નક્ષત્રો આકાર હોય છે, શ્રીગૌતમસ્વામી પૂછે છે (ता विसाहा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં તેવીસમું વિશાખા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે (ता विसाहा णक्खत्ते दामणिसंठिए पण्णत्ते) તેવીસમું વિશાખા નક્ષત્ર દામનીના જેવા આકારવાળું કહેલ છે, દામની પશુબંધન અથવા વિજળીની રેખાને કહે છે, આ દામનીના જેવું ચાર તારાઓથી યુક્ત તોરણના આકાર જેવું દોરી સરખું સંસ્થાન વિશાખા નક્ષત્રનું આકાશ દેખાય છે, તેમ સમજવું. શ્રી ગૌતમસ્વામી ફરી પૂછે છે (ता अणुराहा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં ચોવીસમું અનુરાધા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું આકાશમાં દેખાય છે? ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે. (ता अणुराहा णक्खत्ते एगावलिसंठिए पण्णत्ते) ચોવીસમું અનુરાધા નક્ષત્ર એકાવલી હારના આકાર જેવા આકારવાળું કહેલ છે. અર્થાત્ ચાર ઉજળા આકારવાળા અને લાલ રંગના ત્રિકોણના આકારની જેમ રહેલ તારાઓથી દેખાતી પદ્મરાગ મણીની માળાના જેવા આકારવાળો અનુરાધા નક્ષત્રનો આકાર પ્રતિપાદિત કરેલ છે. શ્રી ગૌતમસ્વામી ફરીથી પૂછે છે (ता जिट्ठा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં પચીસમું જ્યેષ્ઠા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું પ્રજ્ઞપ્ત કરેલ છે? ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે (ता जिट्ठा णक्खत्ते गयदंतसंठिए पण्णत्ते) પચીસમાં જ્યેષ્ઠા નક્ષત્રનો આકાર હાથીના દાંત જેવો પ્રતિપાદિત કરેલ છે. અર્થાત્ ઉજ્જવલાકાર ચાર તારાઓથી જણાતા હાથીના દાંતના જેવું આકાશમાં જ્યેષ્ઠા નક્ષત્ર દૃષ્ટિગોચર થાય છે. શ્રીગૌતમસ્વામી પૂછે છે (ता मूले णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં છવ્વીસમું મૂળ નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેલ છે. ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે (ता मूले णक्खत्ते विच्छुयलंगोलसंठिए पण्णत्ते) છવ્વીસમું મૂળ નક્ષત્ર વીંછીના પુંછના જેવા આકારવાળું

અર્થાત્ વક્રાકાર ઉજ્જવલ બાર તારાઓથી યુક્ત મૂલ નક્ષત્ર આકાશમાં દષ્ટિગોચર થાય છે. શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે (ता पुव्वासाढा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સત્યાવીસમું પૂર્વાષાઢા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું પ્રતિપાદિત કરેલ છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે (ता पुव्वासाढा णक्खत्ते गयविक्कमसंठिए पण्णत्ते) સત્યાવીસમું પૂર્વાષાઢા નક્ષત્ર હાથીના કુંભના જેવું અર્થાત્ ગજ વિષ્કંભના જેવું એટલે કે બે તારાઓથી યુક્ત અને ત્રીજા મોટા દેદીપ્યમાન તારાથી હાથીના કુંભસ્થળના જેવું આકાશમાં રહેલ દષ્ટિગોચર થાય છે. તેના સરખું જેનું સંસ્થાન હોય તેને ગજવિષ્કંભ સંસ્થિત કહેવામાં આવે છે. આવા પ્રકારના સંસ્થાનવાળું પૂર્વાષાઢા નક્ષત્ર પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી પૂછે છે (ता उत्तरासाढा णक्खत्ते किं संठिए पण्णत्ते) અઠયાવીસમાં નક્ષત્રોમાં અઠયાવીસમું ઉત્તરાષાઢા નક્ષત્ર કેવા પ્રકારના આકારવાળું કહેવામાં આવેલ છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता उत्तरासाढा णक्खत्ते साइ संठिए पण्णत्ते) છેલ્લું અઠયાવીસમું ઉત્તરાષાઢા નક્ષત્ર સાદિ સંસ્થાનના જેવું અર્થાત્ શાલ્મલી વૃક્ષના થડના સરખું કે જે શાખા પ્રશાખા વિનાનું થોડી શાખાવાળું લાંબા આકારવાળું શાલ્મલી વૃક્ષનું સ્કંધ હોય છે તેવા પ્રકારના આકારવાળું ઉત્તરાષાઢા નક્ષત્ર ત્રણ તારાઓથી યુક્ત લાંબા આકારવાળું અર્થાત્ માંચડાના જેવા આકારવાળું આકાશમાં દષ્ટિગોચર થાય છે.

આ રીતે અઠયાવીસ નક્ષત્રોના સંસ્થાન અલગ અલગ પ્રશ્નોત્તર રૂપે વિસ્તારપૂર્વક પ્રતિપાદિત કરેલ છે. આ વિષયના સંબંધમાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં સંસ્થાન સંગ્રાહિકા ત્રણ ગાથાઓ કહેલ છે. એ ત્રણ ગાથાઓ સંસ્કૃત ટીકાની અંતમાં મૂલ માત્રરૂપે (गोसीसावलि) ઈત્યાદિ પ્રકારથી આપેલ છે. તો જીજ્ઞાસુઓએ તે ત્યાં જોઈને જાણી લેવી ॥ સૂ૦ ૪૧ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
દસમા પ્રાભૃતનુ આઠમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૨-૮ ॥

卐

## નવમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ :- પ્રચલિત આ દસમા પ્રાભૃતના (योगे किं ते वस्तु आख्यातम्) આપના મતથી યોગના વિષયમાં કેવી રીતે કહેલ છે? આ વિષયમાં આઠમા પ્રાભૃતપ્રાભૃતમાં નક્ષત્રોના સંસ્થાનના સ્વરૂપ વિષે પ્રશ્નોત્તરરૂપથી એકતાળીસમું સૂત્ર વિસ્તારપૂર્વક વ્યાખ્યાત કરીને હવે આ નવમા પ્રાભૃતપ્રાભૃતમાં અર્થાધિકારસૂત્રમાં દરેક નક્ષત્રોના તારાનું પ્રમાણ કહેવાની ઈચ્છાથી એ વિષયના સંબંધમાં પ્રશ્નોત્તર રૂપથી કથન કરવામાં આવે છે. આમાં શ્રીગૌતમસ્વામી પૂછે છે (ता कहं ते तारग्गे अहिते ति वएज्जा) હે ભગવાન્ અન્ય વિષયમાં પૂછવાનું છે પરંતુ અત્યારે પહેલાં આપે નક્ષત્રોના સ્વરૂપનું પ્રતિપાદન કરેલ છે. તેમાં તારાઓનું પ્રમાણ આપે કહેલ નથી. તેથી તેના સંબંધમાં પૂછું છું કે આપે કેવી રીતે અથવા કઈ યુક્તિથી અથવા કયા આધારથી અથવા આપની પ્રજ્ઞાથી પ્રત્યક્ષ કરેલ વસ્તુના આધારથી અભિજીત વિગેરે પહેલાં કહેલ અઠ્યાવીસ નક્ષત્રોના તારાગ્ર એટલે કે તારાઓનું પ્રમાણ આપે કહેલ છે? તે આપ કૃપા કરીને કહો આ રીતે સામાન્યથી પ્રશ્ન કરીને હવે દરેક નક્ષત્રોને લઈને પ્રશ્ન કરે છે. (ता एएसिणं अट्ठावीसाए णक्खत्ताणं अभीई णक्खत्ते कइ तारे पण्णत्ते) પહેલા પ્રતિપાદિત અઠ્યાવીસ નક્ષત્રોમાં યુગના આદિ બોધક પહેલું અભિજીત નક્ષત્રનું પ્રતિપાદન કરેલ છે તે અભિજીત નક્ષત્ર કેટલા તારાવાળું કહેલ છે? તે આપ મને કહો આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રીભગવાન્ કહે છે (ता अभिई णक्खत्ते तितारे पण्णत्ते) અભિજીત નક્ષત્ર ત્રણ તારાઓવાળું કહેલ છે. અર્થાત્ અભિજીત નક્ષત્રમાં ત્રણ તારાઓ હોય છે. શ્રીગૌતમસ્વામી પૂછે છે કે (ता सवणे णक्खत्ते कइ तारे पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં બીજું શ્રવણ નક્ષત્ર કેટલા તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીભગવાન્ કહે છે-(ता सवणे णक्खत्ते, ति तारे पण्णत्ते) બીજું શ્રવણ નક્ષત્ર ત્રણ તારાઓથી

યુક્ત પ્રતિપાદિત કરેલ છે. અર્થાત્ શ્રવણ નક્ષત્રમાં ત્રણ તારાઓ હોય છે. શ્રીગૌતમસ્વામી પૂછે છે. (ता धणिट्ठा णक्खत्ते कइतारे पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં ત્રીજું ધનિષ્ઠા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? ઉત્તરમાં ભગવાન્‌શ્રી કહે છે (ता धणिट्ठ णक्खत्ते पणतारे पण्णत्ते) ત્રીજું ધનિષ્ઠા નક્ષત્ર પાંચ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી પૂછે છે (ता सयभिसया णक्खत्ते कइतारे पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં ચોથું શતભિષા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે(ता सयभिसया णक्खत्ते सयतारे पण्णत्ते) ચોથું શતભિષા નક્ષત્ર સો તારાઓ વાળું પ્રતિપાદિત કરેલ છે, શ્રી ગૌતમસ્વામી પૂછે છે (ता पुव्वापोट्ठवया णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયવીસ નક્ષત્રોમાં પાંચમું પૂર્વાપ્રૌષ્ઠપદા અર્થાત્ પૂર્વાભાદ્રપદા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? ઉત્તરમાં ભગવાન્‌શ્રી કહે છે (ता पुव्वापोट्ठवया णक्खत्ते दुतारे पण्णत्ते) પાંચમું પૂર્વાભાદ્રાપદા નક્ષત્ર બે તારાઓથી યુક્ત પ્રતિપાદિત કરેલ છે. (एवं उत्तरा वि) પૂર્વાભાદ્રપદા નક્ષત્રના કથનાનુસાર છઠ્ઠું ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પણ બે તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે, શ્રી ગૌતમસ્વામી-(ता रेवई णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સાતમું રેવતી નક્ષત્ર કેટલા તારાઓવાળું પ્રજ્ઞપ્ત કરેલ છે? શ્રી ભગવાન (ता रेवइ णक्खत्ते बत्तीसतितारे पण्णत्ते) સાતમું રેવતી નક્ષત્ર બત્રીસ તારાઓથી યુક્ત પ્રતિપાદિત કરેલ છે. અર્થાત્ રેવતી નક્ષત્રમાં બત્રીસ તારાઓ હોય છે. શ્રી ગૌતમસ્વામી-(ता अस्सिणी णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં આઠમું અશ્વિની નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રી ભગવાન્-(ता अस्सिणी णक्खत्ते तितारे पण्णत्ते) આઠમું અશ્વિની નક્ષત્ર ત્રણ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે, તમે પણ એ પ્રમાણે પોતાના શિષ્યોને પ્રતિપાદિત કરીને કહો. (एवं सव्वे वि पुच्छिज्जंति) આ પૂર્વોક્ત કથન પ્રમાણે બધા નક્ષત્રોના તારાઓની સંખ્યના જ્ઞાન સંબંધમાં પ્રશ્ન કરાય છે, અને દરેક નક્ષત્રના તારા જ્ઞાન વિષયક ઉત્તર વાકયની યોજના કરીને કહી લેવું, જેમ કે- શ્રી ગૌતમસ્વામી પૂછે છે. (ता भरणी णक्खत्ते कइतारे पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં નવમું ભરણી નક્ષત્ર કેટલા તારાઓથી યુક્ત પ્રતિપાદિત કરેલ છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે-(ता भरणी णक्खत्ते तितारे पण्णत्ते) નવમું ભરણી નક્ષત્ર ત્રણ તારાઓવાળું કહેલ છે. શ્રીગૌતમસ્વામી- (ता कत्तिया णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં દસમું કૃત્તિકા નક્ષત્ર કેટલા તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે? શ્રીભગવાન-(ता कत्तिया णक्खत्ते छतारे

पण्णत्ते) દસમું કૃત્તિકા નક્ષત્ર છ તારાઓવાળું કહેલ છે. શ્રીગૌતમસ્વામી– (ता रोहिणी णक्खत्ते कतितारे पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં અગીયારમું રોહિણી નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રીભગવાન્ (ता रोहिणी णक्खत्ते पंच तारे पण्णत्ते) અગીયારમું રોહિણી નક્ષત્ર પાંચ તારાઓવાળું કહેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता मग्गसिरा णक्खत्ते कइतारे पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં બારમું મૃગશિરા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રીભગવાન્ (ता मग्गसिरा णक्खत्ते तितारे पण्णत्ते) બારમું મૃગશિરા નક્ષત્ર ત્રણ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता अद्दा णक्खत्ते कइतारे पण्णत्ते) તેરમું આર્દ્રા નક્ષત્ર કેટલા તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીભગવાન્ (ता अद्दा णक्खत्ते एगतारे पण्णत्ते) તેરમું આર્દ્રા નક્ષત્ર એક તારાવાળું કહેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता पुणव्वसू णक्खत्ते कइतारे पण्णत्ते) અઠ્યાવીસ નક્ષત્રોમાં ચૌદમું પુનર્વસૂ નક્ષત્ર કેટલા તારાવાળું કહેલ છે? શ્રીભગવાન્–(ता पुणव्वसु णक्खत्ते पंचतारे पण्णत्ते) ચૌદમું પુનર્વસુ નક્ષત્ર પાંચ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે.

શ્રીગૌતમસ્વામી–(ता पुस्से णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયવીસ નક્ષત્રોમાં પંદરમું પુષ્ય નક્ષત્ર કેટલા તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે? શ્રીભગવાન્–(ता पुस्से णक्खत्ते तितारे पण्णत्ते) પંદરમું પુષ્ય નક્ષત્ર ત્રણ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી (ता अस्सेसा णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સોળમું અશ્લેષા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રીભગવાન (ता अस्सेसा णक्खत्ते छ तारे पण्णत्ते) સોળમું અશ્લેષા નક્ષત્ર છ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता महा णक्खत्ते कइ तारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં મઘા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રીભગવાન–(ता महा णक्खत्ते सत्त तारे पण्णत्ते) સત્તરમું મઘા નક્ષત્ર સાત તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता पुव्वाफग्गुणी णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં અઢારમું પૂર્વાફાલ્ગુની નક્ષત્ર કેટલા તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે? શ્રીભગવાન્–(ता पुव्वाफग्गुणा णक्खत्ते दुतारे पण्णत्ते) અઢારમું પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર બે તારાવાળું કહેલ છે, (एवं उत्तरा वि) પૂર્વા ફાલ્ગુની નક્ષત્રના કથન પ્રમાણે ઓગણીસમા ઉત્તર ફાલ્ગુની નક્ષત્રનું કથન, સમજી લેવું. અર્થાત્ ઓગણીસમું ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પણ બે તારાવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता हत्थे, णक्खत्ते कइतारे

पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં વીસમું હસ્તનક્ષત્ર કેટલા તારાવાળું કહેલ છે? શ્રીભગવાન–(ता हत्थे णक्खत्ते पंचतारे पण्णत्ते) વીસમું હસ્તનક્ષત્ર પાંચ તારાવાળું કહેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता चित्ता णक्खत्ते कइ तारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં એકવીસમું ચિત્રાનક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રી ભગવાન્–(ता चित्ता णक्खत्ते एगतारे पण्णत्ते) એકવીસમું ચિત્રા નક્ષત્ર એક તારાવાળું કહેલ છે. એકજ તારાથી દેખાતું આકાશમાં સ્વતંત્રપણાથી પ્રતિભાસિત રહે છે. શ્રીગૌતમસ્વામી-(ता साई णक्खत्ते कइतारे पण्णत्ते) બાવીસમું સ્વાતીનક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રી ભગવાન્-(ता साई णक्खत्ते एगतारे पण्णत्ते) બાવીસમું સ્વાતી નક્ષત્ર એક તારાવાળું અર્થાત્ પ્રકાશમાન એકજ તારાથી સ્વતંત્રરૂપે વર્તમાન આકાશમાં દૃષ્ટિગોચર થાય છે. શ્રીગૌતમસ્વામી–(ता विसाहा णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં તેવીસમું વિશાખા નક્ષત્ર કેટલા તારાવાળું પ્રતિપાદિત કરેલ છે? શ્રીભગવાન્–(ता विसाहा णक्खत्ते पंचतारे पण्णत्त) ત્રેવીશમું વિશાખા નક્ષત્ર પાંચ તારાઓથી ઉપલક્ષિત કહેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता अणुराहा णक्खत्ते कइ तारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં ચોવીસમું અનુરાધા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રીભગવાન્–(ता अणुराहा णक्खत्ते पंचतारे पण्णत्ते) ચોવીસમું અનુરાધાનક્ષત્ર પાંચ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता जिट्ठा णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં પચીસમું જ્યેષ્ઠા નક્ષત્ર કેટલા તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે? શ્રીભગવાન્–(ता जिट्ठा णक्खत्ते तितारे पण्णत्ते) પચીસમું જયેષ્ઠા નક્ષત્ર ત્રણ તારાઓવાળું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી– ता मूले णक्खत्ते कइ कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં છવ્વીસમું મૂલ નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રીભગવાન્–(ता मूले णक्खत्ते एकतारे पण्णत्ते) છવ્વીસ નક્ષત્રોમાં મૂલ નક્ષત્ર જાજવલ્યમાન એકજ તારાથી સ્વતંત્ર રૂપથી આકાશમાં દૃષ્ટિગોચર થાય છે. શ્રીગૌતમસ્વામી–(ता पुव्वासाढा णक्खत्ते कइतारे पण्णत्ते) અઠયાવીસ નક્ષત્રોમાં સત્યાવીસમું પૂર્વાષાઢા નક્ષત્ર કેટલા તારાઓવાળું કહેલ છે? શ્રીભગવાન્–(ता पुव्वासाढा णक्खत्ते चउ तारे पण्णत्ते) સત્યાવીસમું પૂર્વાષાઢા નક્ષત્ર ચાર તારાવાળું કહેલ છે. શ્રીગૌતમસ્વામી–(ता उत्तरासाढा णक्खत्ते कइतारे पण्णत्ते) છેલ્લું અઠયાવીસમું ઉત્તરાષાઢા નક્ષત્ર કેટલા તારાવાળું પ્રતિપાદિત કરેલ છે? શ્રીભગવાન્–(ता उत्तरासाढा णक्खत्ते चउतारे पण्णत्ते) અઠયાવીસમું ઉત્તરાષાઢા નક્ષત્ર ચાર તારા-

એવાળું પ્રતિપાદિત કરેલ છે.

આ રીતે અહીંયાં દરેક નક્ષત્રોના તારાઓના જ્ઞાન માટે પ્રશ્નોત્તર રૂપથી સંવાદાત્મક વિસ્તારપૂર્વક વ્યાખ્યા કહી છે. આ વિષયમાં જંબૂદ્વીપ, પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તારાઓનું પ્રમાણ બતાવવાવાળી (तिगतिग पंचग) ઇત્યાદિ બે ગાથાઓ કહેલ છે. જે આજ સૂત્રમાં સંસ્કૃત ટીકામાં સંપૂર્ણ બતાવેલી છે તેથી જીજ્ઞાસુ પાઠક ગણે.તેને ત્યાં જોઈ લેવી ॥ સૂ. ૪૨ ॥

દસમા પ્રાભૃતનું નવમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ॥ ૧૦-૯ ॥

## દસવેં પ્રાભૃત કા દસવાં પ્રાભૃતપ્રાભૃત

દસમા પ્રાભૃત પ્રાભૃતનો પ્રારંભ-

ટીકાર્થ-(योगे किं ते आख्याता) પ્રવર્તમાન આ વિષય સંબંધમાં દસમા પ્રાભૃત પ્રાભૃતમાં દરેક નક્ષત્રોના તારાઓના પ્રમાણનું વિવેચન કરીને હવે આ દસમા પ્રાભૃત પ્રાભૃતમાં અર્થાધિકાર સૂત્રમાં કેટલા નક્ષત્રો સ્વયં અસ્ત થઇને અહોરાત્રીને સમાપ્ત કરતા કયા માસને સમાપ્ત કરે છે? આ વિષયના સંબંધમાં (ता कहं ते णेता आहिए त्ति वएज्जा) શ્રીગૌતમસ્વામી કહે છે કે-અન્ય પણ પૂછવાનું છે તો પણ હમણાં એ પૂછુ છું, કે કેવી યુક્તિથી અથવા કયા પ્રમાણથી સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરતા નક્ષત્ર રૂપ નેતા આપના મતથી કહેલ છે? તે આપ કહો આ પ્રમાણે સામાન્ય પ્રકારથી પ્રશ્ન કરીને વિશેષ રૂપથી આજ વિષયને પ્રતિમાસને લઈને પ્રશ્ન કરતાં કહે છે. (ता वासाणं पढमं मासं कइ णक्खत्ता णेंति) વર્ષા કાલ એટલે કે ચાર માસ પ્રમાણના વર્ષા કાળના પહેલા શ્રાવણ માસને કેટલા નક્ષત્ર સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને આ માસને પૂર્ણ કરે છે? તે કહો આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીભગવાન કહે છે.-(ता चत्तारि णक्खत्ता णेंति तं जहा उत्तरासाढा अभीई सवणो धणिट्ठा) એ વર્ષાકાળના પહેલા શ્રાવણમાસને ઉત્તરાષાઢા અભિજીત્ શ્રવણ અને ધનિષ્ઠા એ ચાર નક્ષત્રો પોતે અસ્ત થઇને અહોરાત્રીને સમાપ્ત કરીને એ શ્રાવણમાસને પૂર્ણ કરે છે. આ કથનનેજ ફરીથી સવિસ્તર રૂપે કહે છે.-(उत्तरासाढा चोद्दस अहोरत्ते णेइ, अभीई सत्त अहोरत्ते णेइ, सवणे अट्ठअहोरत्ते णेइ, धणिट्ठा एगं अहोरत्तं णेइ) આનો ભોગકાળ આ રીતે છે. ઉત્તરાષાઢા નક્ષત્ર શ્રાવણમાસના પહેલાના ચૌદ અહોરાત્રીને પોતે અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને પૂર્ણ કરે છે. તે પછી અભિજીત્ નક્ષત્ર સાત અહોરાત્રને પોતે અસ્ત થઇને અહોરાત્રીને

સમાપ્ત કરીને પૂર્ણ કરે છે. તે પછી શ્રવણ નક્ષત્ર આઠ અહોરાત્રીને પોતે અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરતા કરતાં પૂર્ણ કરે છે. આ રીતે આ બધાને મેળવવાથી શ્રાવણમાસના ઓગણત્રીસ દિવસ સમાપ્ત થાય છે તે પછી શ્રાવણમાસ સંબંધી બાકીના અન્તિમ એક દિવસને ધનિષ્ઠા નક્ષત્ર સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરે છે.

હવે છાયાનુવર્તન કહેવામાં આવે છે- (तंसि च णं मासंसि च उरंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) આ વિચાર્યમાન શ્રાવણમાસમાં ચાર આંગળ પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પાછો વળે છે. અહીંયાં આ પ્રમાણે કહેવામાં આવે છે. શ્રાવણમાસના પહેલા અહોરાત્રથી આરંભ કરીને દરરોજ અન્ય અન્ય મંડળની સંક્રાન્તીથી જેમતેમ કોઈપણ પ્રકારે પરાવર્તિત થાય છે જે પ્રમાણે એ શ્રાવણમાસના અંતમાં ચાર આંગળ અધિક દ્વિપદા પૌરૂષી થાય છે. આનેજ વિસ્તાર પૂર્વક કહે છે-(तस्स णं मासस्स चरिमे दिवसे दो पादाइं चत्तारि य अंगुलाणि पोरिसा भवइ) વિચાર્યમાન શ્રાવણમાસના છેલ્લા દિવસમાં બે પાદ અને ચાર આંગળની પૌરૂષી થાય છે. અર્થાત્ આટલું પુરૂષ પ્રમાણ હોય છે. શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता वासाणं दोच्चं मासं कइ णक्खत्ता णेंति) ચાર માસ પ્રમાણવાળા વર્ષા કાળના બીજા ભાદરવા માસને કેટલા અને કયા નામવાળા નક્ષત્રો સમાપ્ત કરે છે? શ્રીગૌતમસ્વામીના આ પ્રશ્ન ને સાંભળીને શ્રીભગવાન કહે છે-(ता चत्तारि णक्खत्ता णेंति तं जहा-धणिट्ठा सयभिसया, पुव्वपुट्ठवया, उत्तरपुट्ठवया) ધનિષ્ઠા શતભિષા પૂર્વા પ્રૌષ્ઠપદા અર્થાત્ પૂર્વાભાદ્રપદા તથા ઉત્તરાપ્રૌષ્ઠપદા અર્થાત્ ઉત્તરાભાદ્રપદા આ ચાર નક્ષત્રો સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરતા માસને પૂર્ણ કરે છે, ફરીથી આને વિસ્તાર પૂર્વક કહે છે-(ता धणिट्ठा चोद्दस अहोरत्ते णेइं सयभिसया सत्त अहोरत्ते णेइ, पुव्वाभद्दवया अट्ठ अहोरत्ते णेइ उत्तरापोट्ठवया एगं अहोरत्ते णेइ) આ ચાર નક્ષત્રોમાં પહેલું ધનિષ્ઠા નક્ષત્ર ભાદરવા માસના પહેલાના ચૌદ અહોરાત્રને સ્વયં અસ્તગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. તે પછી બીજું શતભિષાનક્ષત્ર બીજા વિભાગના સાત અહોરાત્રને પોતે અસ્તગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે, તે પછી ત્રીજા વિભાગના આઠ અહોરાત્રને ત્રીજું પૂર્વાભાદ્રપદા નક્ષત્ર પોતાના અસ્તગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. આ રીતે અહીંયાં બધી સંખ્યાને મેળવવાથી ઓગણત્રીસ અહોરાત્ર ગત થાય છે. તે પછી બાકીના એક અહોરાત્રને ઉત્તરાપ્રૌષ્ઠપદા અર્થાત્ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર સમાપ્ત કરે છે. આ રીતે ભાદરવા માસને ધનિષ્ઠાદિ ચાર નક્ષત્ર ક્રમથી સ્વયં અસ્ત થઈ ને અહોરાત્રને સમાપ્ત કરતા કરતા પૂર્ણ કરે છે. હવે પૌરૂષીનું પ્રમાણ બતાવે છે-

(तंसि च णं मासंसि अट्ठगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) વિચાર્યમાન વર્ષા કાળના બીજા ભાદરવામાસમાં આઠ આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય પ્રતિદિવસ પ્રતિનિવૃત્ત એટલે કે પરાવર્તિત થાય છે. કહેવાનો ભાવ એ છે કે-ભાદરવામાસમાં પહેલી અહોરાત્રીથી આરંભીને દરરોજ અન્ય અન્ય મંડળનું સંક્રમણ કરીને જેમ તેમ પરાવર્તિત થાય છે. ભાદરવામાસના અંતમાં આઠ આંગળની પૌરૂષી છાયા હોય છે. તેમ કહેલ છે એને વિસ્તાર પૂર્વક સમજાવે છે.-(तस्स णं मासस्स चरिमे दिवसे दो पादाइं अट्ठ अंगुलाइं पोरिसी भवइ) ભાદરવા માસના છેલ્લા દિવસમાં આઠ આંગળ અધિક બે પાદ પ્રમાણની પૌરૂષી થાય છે. (ता वासाणं ततियं मासं कइ णक्खत्ताणेंति) વર્ષાકાળના ત્રીજા આસો માસમાં કેટલા અને કયા નામના નક્ષત્રો આસોમાસને સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રી ભગવાન્ કહે છે.-(ता तिण्णि णक्खत्ता णेंति तं जहा उत्तरापोट्ठवया रेवइ अस्सिणी) ત્રીજા આસોમાસને ઉત્તરાભાદ્રપદા રેવતી અને અશ્વિની એ ત્રણ નક્ષત્રો સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને એ આશ્વિનમાસને સમાપ્ત કરે છે. આ નક્ષત્રોના અહોરાત્રના પરિમાણને બતાવે છે.-(ता उत्तरापोट्ठवया चोद्दस अहोरत्ते णेइ, रेवइ पण्णरस अहोरत्ते णेइ, अस्सिणी एगं अहोरत्तं णेइ) એ પ્રતિપાદિત ત્રણ નક્ષત્રોમાં ઉત્તરપ્રૌષ્ઠપદા અર્થાત્ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર એ પ્રતિપાદ્યમાન આશ્વિનમાસના પહેલાના ચૌદ અહોરાત્રને સ્વયં અસ્તગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. તે પછી બીજા વિભાગના પંદર અહોરાત્રને રેવતી નક્ષત્ર પોતાના અસ્તગમન પૂર્વક પૂરિત કરે છે. આ બન્ને સંખ્યાને મેળવવાથી ઓગણત્રીસ અહોરાત્ર સમાપ્ત થાય છે, બાકીના એક અહોરાત્રને અશ્વિની નક્ષત્ર પોતાના અસ્તગમન પૂર્વક અહોરાત્રીને સમાપ્ત કરીને પૂરિત કરે છે, (तंसि च णं मासंसि दुवालसअंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) આ વિચાર્યમાન આસો માસમાં બાર આંગળથી કંઈક વધારે છાયાથી એટલે કે પૌરુષી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે, એટલે કે આસોમાસમાં પહેલા અહોરાત્રથી આરંભ કરીને દરરોજ અન્ય અન્ય મંડળના સંક્રમણ પૂર્વક જેમતેમ કરીને પરાવર્તિત થાય છે. આસોમાસમાં બાર આંગળ વધારે ત્રિપદા પૌરુષી હોય છે. એનેજ સવિસ્તર રીતે કહે છે.-(तस्स णं मासस्स चरमदिवसे लेहट्ठाइं तिण्णि पदाइं पोरिसी भवइ) પ્રતિપાદ્યમાન આસોમાસના અન્તિમ દિવસમાં રેખાસ્થ એટલે કે પાદાનુવર્તિની સીમાને રેખા કહે છે. તેનાથી આરમ્ભ કરીને ત્રણ પાદ એટલેકે

પાદત્રય અર્થાત્ ત્રણપગલા પ્રમાણની પૌરુષી હોય છે, અર્થાત્ પૂરેપૂરા ત્રણ ડગલાની પૌરુષી છાયા થાય છે. શ્રીગૌતમસ્વામી ફરીથી પૂછે છે-(ता वासाणं चउत्थं मासं कइ णक्खत्ता णेंति) વર્ષાકાળના સર્વાન્તિમ ચોથા કાર્તિક માસને કેટલી સંખ્યાવાળા અને કયા નામવાળા નક્ષત્રો સ્વયં અસ્ત થઇને અહોરાત્રીને સમાપ્ત કરીને માસને પૂરિત કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે. (ता तिण्णि णक्खता णेंति तं जहा अस्सिणी भरणी कत्तिया) અશ્વિની ભરણી અને કૃત્તિકા એ ત્રણ નક્ષત્ર કાર્તિક માસને પોતાના અસ્તગમન પૂર્વક અહોરાત્રિને સમાપ્ત કરીને પૂરિત કરે છે. આ કથનને વિસ્તાર પૂર્વક કહે છે. (अस्सिणी चउद्दस अहोरत्ते णेंति, भरणी पण्णरस अहोरत्ते णेइ, कत्तिया एगं अहोरत्तं णेइ) આ કહેલ નક્ષત્રોમાં પહેલું અશ્વિની નક્ષત્ર વર્ષા કાળના ચોથા કાર્તિક માસના પ્રથમ વિભાગના ચૌદ અહોરાત્રને સમાપ્ત કરે છે અર્થાત્ સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરે છે. એટલે કે સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. તે પછી બીજા વિભાગના પંદર અહોરાત્રને બીજું ભરણી નક્ષત્ર સ્વયં અસ્તગમન પૂર્વક પૂર્ણ કહે છે. આ રીતે બેઉ સંખ્યાને મેળવવાથી ઓગણત્રીસ અહોરાત્ર થઈ જાય છે. તે પછી બાકીના એક અહોરાત્રને ત્રીજું કૃત્તિકા નક્ષત્ર સ્વયં અસ્ત થઈને પૂરિત કરે છે. આ રીત અહીંયાં અશ્વિની ભરણી અને કૃતિકા એ ત્રણનક્ષત્ર કાર્તિક માસને સમાપ્ત કરે છે.

હવે પૌરુષી છાયાનું પ્રમાણ બતાવે છે-(तंसि च णं मासंसि सोलस अंगुला पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) વિચાર્યમાન વર્ષાકાળના છેલ્લા કાર્તિકમાસમાં સોળ આંગળની પૌરુષીછાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. અર્થાત્ કાર્તિકમાસમાં પહેલી અહોરાત્રીથી આરંભીને દરરોજ અન્ય અન્ય મંડળના સંક્રમણથી જેમતેમ પરાવર્તિત થાય છે, કે જે પ્રમાણે એ કાર્તિક માસના છેલ્લા દિવસમાં ચાર આંગળ અધિક ત્રિપદા પૌરુષી થાય છે. આકથનને વિસ્તારરૂપથી કહે છે-(तस्स णं मासस्स चरिमे दिवसे तिण्णि-पयाइं चत्तारि अंगुलाइं पोरिमी भवइ) આ પ્રતિપાદ્યમાન કાર્તિકમાસના છેલ્લા દિવસમાં ત્રણપાદ અર્થાત્ પાદત્રય પરિમિત અને ચાર આંગળ અર્થાત્ ચાર આંગળ અધિક ત્રણ પાદ પ્રમાણની પૌરૂષી હોય છે અર્થાત્ એટલું પુરૂષ પ્રમાણ હોય છે. આ રીતે અહીંયાં ચારમાસ લક્ષણવાળા વર્ષાકાળની સમાપ્તિ થાય છે.

હવે હેમન્તકાળ સંબંધી પ્રશ્નોને શ્રીગૌતમસ્વામી પૂછે છે. (ता हेमंताणं पढमं मासं कइ णक्खत्ता णेंति) હે ભગવન! હેમન્ત કાળનો પ્રથમ માસ જે માર્ગશીર્ષમાસ છે તેને કયા નામવાળા અને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે? તે કહો અર્થાત્ સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને એ માર્ગશીર્ષમાસને પૂરિત કરે છે? તે કહો આ પ્રમાણે

શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता तिण्णि णक्खत्ता णेंति तं जहा कत्तिया रोहिणी मग्गसिरा) કૃત્તિકા રોહિણી અને મૃગશિરા એ ત્રણ નક્ષત્રો ક્રમથી સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને હેમન્તકાળના પહેલા માર્ગશીર્ષ માસને સમાપ્ત કરે છે. હવે તેના ભોગ કાળનું કથન કરે છે.-(ता कत्तिया णक्खत्ते चोद्दस अहोरत्ते णेइ रोहिणी पण्णरस अहोरत्ते णेइ, मग्गसिरा एगं अहोरत्तं णेइ) અહીંયાં કહેવામાં આવેલ ત્રણ નક્ષત્રોમાં પહેલું કૃતિકા નક્ષત્ર માગશર માસના પ્રથમ વિભાગના ચૌદ અહોરાત્રને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને એ માસને પૂરિત કરે છે. તે પછી બીજા વિભાગના પંદર અહોરાત્રને બીજું રોહિણી નક્ષત્ર સ્વયં અસ્ત થઈએ અહોરાત્રને સમાપ્ત કરીને તેને સમપ્તિ તરફ લઈ જાય છે. આ રીતે અહીંયાં આ બન્ને સંખ્યાને મેળવવાથી ઓગણત્રીસ અહોરાત્ર માર્ગશીર્ષ માસના થાય છે. બાકીના છેલ્લા એક દિવસને મૃગશિરા નક્ષત્ર સ્વયં અસ્ત થઈને અહોરાત્રીને સમાપ્ત કરીને તેને પૂરિત કરે છે. હવે અહીંયાં સૂર્યની છાયાનુવર્તનનું પ્રમાણ કહે છે-(ता तंसि च णं मासंसि वीसंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ એ માર્ગશીર્ષમાસને વીસ આંગળથી કંઈક વધારે પૌરૂષીછાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. અહીંયાં આવી રીતે થાય છે. માગશર માસમાં પ્રથમ અહોરાત્રીથી આરંભીને દરરોજ અન્ય અન્ય મંડળમ ગમન કરીને કથંચિત પ્રકારથી પરાવર્તિત થાય છે, એ માર્ગશીર્ષમાસમાં આઠ આંગળ અધિક ત્રિપદા પૌરુષી છાયા થાય છે, આ કથનનેજ સ્પષ્ટ કરતાં ભગવાન્ શ્રી કહે છે (तस्स णं मासस्स चरिमे दिवसे तिण्णि पयाइं अट्ठ अंगुलाइं पोरिसी भवइ) આ કથ્યમાન માગશર માસના છેલ્લા દિવસમાં આઠ આંગળથી વધારે ત્રિપદા પ્રમાણની પૌરૂષી થાય છે. આ પ્રમાણે માર્ગશીર્ષમાસની વ્યવસ્થા કહેવામાં આવેલ છે.-(ता हेमंताणं दोच्चं मासं कइ णक्खत्ता णेंति) હે ભગવાન્ ચાતુર્માસ વિશિષ્ટ હેમંતકાળના બીજા પોષમાસને કેટલા અને કયા નામના નક્ષત્રો સમાપ્ત કરે છે? તે આપ કહો આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે કે (ता चत्तारि णक्खत्ता णेंति तं जहा-मग्गसिरा अद्दा पुणव्वसू पूसो) મૃગશિરા, આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય આ ચાર નક્ષત્રો હેમંતકાળના બીજા પોષમાસને સ્વયં અસ્ત થઈને અહોરાત્રીને સમાપ્ત કરીને માસને સમાપ્તિ તરફ લઈ જાય છે, હવે આ નક્ષત્રોના ભોગકાળના ક્રમનું કથન કરે છે.-(ता मग्गसिरा चोद्दस अहोरत्ते णेइ अद्दा सत्त अहोरत्ते णेइ, पुणव्वसू अट्ठअहोरत्ते णेइ पूसो एगं अहोरत्तं णेइ) અહીંયાં કહેવામાં આવેલ ચાર નક્ષત્રોમાં પહેલું મૃગશિરા નક્ષત્ર પોષમાસના પ્રથમ વિભાગના ચૌદ અહોરાત્રીને

પોતે અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને સમાપ્તિ તરફ લઈ જાય છે. તે પછી બીજું આર્દ્રા નક્ષત્ર પોષમાસના બીજા વિભાગના સાત અહોરાત્રને સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને સમાપ્તિ તરફ લઈ જાય છે. તે પછી ત્રીજું પુનર્વસુ નક્ષત્ર ત્રીજા વિભાગના આઠ અહોરાત્રને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને તેને સમાપ્તિની તરફ સર્વ જાય છે, આ રીતે આ ત્રણે નક્ષત્રોના ભોગ કાળના દિવસની સંખ્યાને મેળવવાથી પોષમાસના ઓગણત્રીસ અહોરાત્ર સમાપ્ત થાય છે. બાકીના એક દિવસને ચોથું પુષ્ય નક્ષત્ર સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. આ રીતે આ ચાર નક્ષત્ર પોષમાસને પૂર્ણ કરે છે. હવે સૂર્યની છાયાનુવર્તનનું પ્રમાણ બતાવે છે.-(तंसि च मासंसि चउवालीस अंगुल पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) વિચાર્યમાન આ પોષમાસમાં ચોવીસ આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. અર્થાત્ પોષમાસના પ્રથમ અહોરાત્રથી આરંભ કરીને દરરોજ અન્ય અન્ય મંડળના સંક્રમણથી જે કોઈ પ્રકારથી પરાવર્તિત થાય છે, એ પોષમાસના અંતના દિવસમાં વીસ આંગળ અધિક રેખાસ્થ ચાર પાદની પૌરૂષી થાય છે. હવે આને વિસ્તારપૂર્વક કહે છે,-(तस्स णं मासस्स चरिमे दिवसे लेहट्ठाणि चत्तारी पयाइं पोरिसो भवइ) વિચાર્યમાન પોષમાસના અન્તના દિવસમાં રેખાસ્થ અર્થાત્ પદના અંદરની સીમા ત્યાંથી આરંભ કરીને ચાર પગ તુલ્ય પૌરુષી થાય છે. આ પ્રકારના ક્રમથી પોષમાસ સમાપ્ત થાય છે. હવે માઘમાસ સંબંધી કથન કરવામાં આવે છે. (ता हेमंताणं ततियं मासं कइ णक्खत्ता णेंति) હેમન્ત કાળના ચાર મહીનાઓમાંથી ત્રીજા માઘ માસને કેટલી સંખ્યાવાળા અને કયા નામના નક્ષત્રો સમાપ્ત કરે છે? ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે. (ता तिण्णि णक्खत्ता णेंति तं जहा पुस्से अस्सेसा महा) પુષ્ય અશ્લેષા અને મઘા એ ત્રણ નક્ષત્ર ત્રીજા માઘમાસને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને સમાપ્તિ તરફ લઈ જાય છે. આ નક્ષત્રોનો ભોગ કાળ આ પ્રમાણે છે. (पुसो चोद्दस अहोरत्ते णेइ अस्सेस्सा पंचदस अहोरत्ते णेइ, महा एगं अहोरत्ते णेइ) આ પહેલાં કહેવામાં આવેલ ત્રણ નક્ષત્રોમા પહેલું પુષ્ય નક્ષત્ર માઘમાસના પહેલા વિભાગના ચૌદ અહોરાત્રને પોતે સ્વયં અસ્ત થઇને અહોરાત્રીને સમાપ્ત કરીને માસને સમાપ્તિ તરફ લઈ જાય છે. તે પછી બીજું અશ્લેષા નક્ષત્ર બીજા વિભાગના પંદર અહોરાત્રને સમાપ્ત કરીને માસને સમાપ્તિ તરફ લઈ જાય છે, આ રીતે આ બન્ને સંખ્યાને મેળવવાથી ઓગણત્રીસ દિવસ સમાપ્ત થાય છે, છેલ્લા એક દિવસને ત્રીજુ મઘા નક્ષત્ર પોતે અસ્ત થઇને છેલ્લા એક અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. આ રીતે માઘમાસને ત્રણ નક્ષત્રો સમાપ્ત કરે છે. હવે સૂર્યની છાયાનુવર્તનનું કથન કરવામાં આવે છે. (तंसि च णं मासंसि बोसंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) આ પ્રતિપાદ્યમાન

માઘમાસમાં વીસ આંગળથી કંઈ વધારે પૌરુષી છાયાથી સૂર્ય પ્રતિદિન પરાવતર્તિત થાય છે, અહીંયાં આ પ્રમાણે કહેવાય છે-માઘમાસમાં પહેલી અહોરાત્રીથી આરંભ કરીને દરરોજ અન્ય અન્ય મંડળનું સંક્રમણ કરીને કોઈપણ પ્રકારથી પરાવર્તિત થાય છે. માઘ માસના છેલ્લા દિવસમાં આઠ આંગળ અધિક ત્રિપદા પૌરૂષી હોય છે, એજ બતાવે છે-(तस्स णं मासस्स चरिमें दिवसे तिण्णि पयाइं अट्ठंगुलाइं पोरिसी भवइ) પ્રતિપાદ્યમાના એ માઘમાસના છેલ્લા દિવસમાં ત્રણ પાદ અને આઠ આંગળની પૌરુષી હોય છે. આ રીતે અહીંયાં માઘમાસ સંબંધી વિચાર પ્રગટ કરવામાં આવેલ છે. હવે ફાગણમાસ સંબંધી વિચાર કહેવામાં આવે છે, (ता हेमंताणं चउत्थं मासं कइ णक्खत्ता णेंति) હેમંત કાળના ચાર માસ સંબંધી ચોથા અન્તિમ ફાગણમાસને કેટલા અને કયા નામવાળા નક્ષત્રો સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં ભગવાન્ શ્રી કહે છે (ता तिन्नि णक्खत्ता णेंति, तं जहा मद्दा पुव्वाफग्गुणी उत्तराफग्गुणी) મઘા પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાગુની એ ત્રણ નક્ષત્રો હેમંત કાળના અન્તિમ ફાગણમાસને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને પૂર્ણ કરે છે, હવે આ નક્ષત્રોના ભોગ કાળ મોક્ષને બતાવે છે. (मघा णक्खत्ते चाद्दसअहोरत्ते णेइ, पुव्वाफग्गुणी पण्णरस अहोरत्ते णेइ उत्तराफग्गुणी एगं अहोरत्तं णेइ) અહીંયાં કહેલા ત્રણ નક્ષત્રોમાં પહેલું મઘા નક્ષત્ર ફાગણમાસના પ્રથમ વિભાગના ચૌદ અહોરાત્રને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને સમાપ્ત કરીને માસને સમાપ્તિ તરફ લઇ જાય છે, તે પછી બીજું પૂર્વાફાલ્ગુની નક્ષત્ર બીજા વિભાગના પંદર અહોરાત્રને પોતાના અસ્તગમન પૂર્વક અહોરાત્રને સમાપ્તિ તરફ લઈ જાય છે. આ પ્રમાણે બેઉ સંખ્યાને મેળવવાથી ફાગણમાસના ઓગણત્રીસ અહોરાત્ર સમાપ્ત થાય છે. બાકીની છેલ્લી એક અહોરાત્રીને ત્રીજું ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સમાપ્ત કરે છે. આ રીતે ત્રણ નક્ષત્રો ફાગણમાસને સમાપ્ત કરે છે, હવે છાયા પ્રમાણ બતાવે છે, (तंसि च णं मासंसि सोलस अंगुलाइं पोरिसीए छायाए अणुपरियट्टइ) આ વિચાર્યમાન હેમન્તકાળના છેલ્લા ફાગણ માસમાં સોળ આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરિવર્તિત થાય છે. કહેવાનો ભાવ એ છેકે-ફાગણ માસની પહેલી અહોરાત્રીથી આરંભ કરીને દરરોજ બીજા બીજા મંડળનું સંક્રમણ કરીને કોઇ પણ રીતે પરાવર્તિત થાય છે. જે પ્રમાણે ફાગણ માસના અન્તમાં ચાર આંગળ અધિક ત્રિપદા પૌરૂષી થાય છે. તે અહીંયાં બતાવવામાં આવે છે-(तस्स णं मासस्स चरिमे दिवसे तिण्णिपयाइं चत्तारि अंगुलाइं पोरिसी भवइ) એ પ્રતિપાદ્યમાન ફાગણમાસના અન્તિમ દિવસમાં ચાર આંગળ અધિક ત્રણપાદની પૌરૂષી હોય છે,

અર્થાત્ તેના બરોબર પૌરૂષી છાયા હોય છે. આ રીતે ફાગણુ માસની સમાપ્તિ પૂર્વક હેમન્તકાળ પણુ સમાપ્ત થાય છે. હવે ગ્રીષ્મ કાળની વ્યવસ્થાનું કથન કરે છે. (ता गिह्माणं पढमं मासं कइ णक्खत्ता णेंति) ગ્રીષ્મકાળના પહેલા ચૈત્રમાસને કેટલી સંખ્યાવાળા અને કયા નામના નક્ષત્રો સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભ- ળીને શ્રીભગવાન્ ઉત્તર આપે છે, (ता तिण्णि णक्खत्ता णेंति तं जहा उत्तराफग्गुणी हत्थो चित्ता) ઉત્તરાફાલ્ગુની હસ્ત અને ચિત્રા એ ત્રણ નક્ષત્રો ગ્રીષ્મ કાળના પહેલા ચૈત્રમાસને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને પરિ સમાપ્ત કરીને એ ચૈત્ર માસને સમાપ્તિ તરફ લઈ જાય છે. તેનો સમય વિભાગ આ પ્રમાણે છે.-(ता उत्तराफग्गुणी चोद्दस अहोरत्ते णेइ, हत्थो पण्णरस अहोरात्ते णेइ, चित्ता एगं अहोरत्तं णेइ) આ પૂર્વોક્ત ત્રણુ નક્ષત્રોમાં પહેલું ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ગ્રીષ્મકાળના પહેલા વિભાગના ચૌદ અહોરાત્રને સ્વયં અસ્ત ગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને સમાપ્તિની તરફ લઈ જાય છે. તે પછી બીજું હસ્ત નક્ષત્ર બીજા વિભાગના પંદર અહોરાત્રને સ્વયં અસ્ત થઈને અહોરાત્રીને સમાપ્ત કરીને માસને સમાપ્તિની તરફ લઈ જાય છે. આ બન્ને સંખ્યાને મેળવવાથી ચૈત્ર માસના ઓગણુ- ત્રીસ દિવસો સમાપ્ત થાય છે. બાકીના છેલ્લા એક અહોરાત્રને ચિત્રા નક્ષત્ર સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્તિ તરફ લઈ જાય છે. આ પ્રમાણે અહોરાત્રની વ્યવસ્થા કહીને હવે સૂર્યની છાયાનુવર્તન કહે છે-(तंसि च णं मासंसि दुवालसअंगुलपारिसीए छायाए सूरिए अणुपरियट्टइ) વિચાર્યમાન ગ્રીષ્યકાળના પહેલા ચૈત્ર માસમાં બાર આંગળથી કંઈક વધારે પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. અહીંયાં આ પ્રમાણે કહેવામાં આવે છે. એ ચૈત્ર માસમાં પહેલી અહોરાત્રીથી આરંભ કરીને દરરોજ બીજા બીજા મંડળના સંક્રમણુથી જે કોઇ પ્રકારથી પરાવર્તિત થાય છે, જેમ ચૈત્રમાસના છેલ્લા દિવસમાં સંપૂર્ણ ત્રિપદા પૌરૂષી હોય છે. તેજ બતાવે છે. (तस्स णं मासस्स चरिमे दिवसे लेहट्ठाइं तिण्णि पयाइं पोरिसी भवई) વિચાર્યમાન ચૈત્રમાસના છેલ્લા દિવસમાં રેખાસ્થ-પાદ સમીપસ્થ સીમાને રેખા કહે છે. ત્યાંથી આરંભ કરીને પ્રવૃત્ત ત્રણુ પાદ પ્રમાણુ પૌરૂષી થાય છે. અર્થાત્ તેના સમાન પૌરૂષી છાયાનું પ્રમાણુ થાય છે. આ પ્રમાણે ચૈત્રમાસની વ્યવસ્થાને સાંભળીને વૈશાખ માસની વ્યવસ્થાના સંબંધમાં પૂછવામાં આવે છે. (ता गिम्हाणं बितियं मासं कइ णक्खत्ता णेंत्तिं) ગ્રીષ્મકાળના બીજા વૈશાખમાસને કેટલી સંખ્યાવાળા અને કયા નામના નક્ષત્રો સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता तिण्णि णक्खत्ता णेंति तंजहा चित्ता साई विसाहा) ચિત્રા સ્વાતી

અને વિશાખા આ ત્રણ નક્ષત્રો વૈશાખ માસને પોતાના અસ્તગમનથી અહોરાત્રને સમાપ્ત કરીને વૈશાખ માસને પૂર્ણ કરે છે, હવે તેમની પરિપૂર્તિ કાળનો ભોગક્રમ કહે છે–(ता चित्ता चोद्दस अहोरत्ते णेइ, साइ पण्णरस अहोरत्ते णेइ, विसाहा एगं अहोरत्तं णेइ) આ કહેલા ત્રણ નક્ષત્રોમાં પહેલું ચિત્રા નક્ષત્ર વૈશાખ માસના પહેલા વિભાગના ચૌદ અહોરાત્રને સ્વયં અસ્ત ગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને એ અહોરાત્રને પૂરિત કરે છે. સ્વાતી નક્ષત્ર વૈશાખમાસના બીજા વિભાગના પંદર અહોરાત્રને સમાપ્ત કરીને પોતાના અસ્ત ગમન પૂર્વક પૂરિત કરે છે. આ પ્રમાણે આ બન્ને સંખ્યાને મેળવવાથી વૈશાખ માસના ઓગણત્રીસ અહોરાત્ર સમાપ્ત થાય છે. બાકીના છેલ્લા એક અહોરાત્રને ત્રીજા વિભાગનું ત્રીજું વિશાખા નક્ષત્ર સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. આ રીતે અહીંયા વૈશાખ માસને ત્રણ નક્ષત્રો સમાપ્ત કરે છે.

હવે સૂર્યનાં છાયાનુંવર્તનનું પ્રમાણ બતાવે છે.–(तंसि च णं मासंसि अट्ठंगुलाए पोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) એમાસની આઠ આંગળની પૌરૂષી છાયા હોય છે, અર્થાત્ વિચાર્યમાન ગ્રીષ્મકાળના બીજા વૈશાખમાસમાં આઠ આંગળની પૌરૂષી છાયામાં સૂર્ય દરરોજ બીજા બીજા મંડળના સંક્રમણથી કોઈ પણ પ્રકારથી પરાવર્તિત થાય છે. એ વૈશાખ માસના અંતમાં આઠ આંગળ અધિક દ્વિપદા પૌરૂષી હોય છે, તેને સ્પષ્ટ કરતો કહે છે–(तस्स णं मासस्स चरिमे दिवसे दो पयाइं अट्ठगुलाइं पोरिसी भवइ) વિચાર્યમાન વૈશાખ માસના અંતના દિવસમાં બેપાદ અને આઠ આંગળ અર્થાત્ આઠ આંગળ અધિક બે પાદની પૌરૂષી થાય છે. આ રીતે અહીંયાં વૈશાખમાસ સંબંધી કથન સમાપ્ત થાય છે. હવે જેઠ માસના સંબંધમાં કથન કરવામાં આવે છે. (ता गिम्हाणं ततियं मासं कइ णक्खत्ता णेंति) ગ્રીષ્મ કાળના ચાર માસના સમયમાં ત્રીજા જ્યેષ્ઠ માસને કયા નામવાળા અને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે.–(ता तिण्णि णक्खत्ता णेंति तं जहा–विसाहा अणुराहा जेट्ठा मूलो) વિશાખા અનુરાધા અને જ્યેષ્ઠા મૂળ આ ત્રણ નક્ષત્રો એ જેઠ માસને પોતાના અસ્ત ગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને પૂરિત કરે છે. હવે આના ભોગ કાળના ક્રમનું પરિમાણ બતાવે છે. (ता विसाहा चोद्दस अहोरत्ते णेइ, अणुराहा पण्णरस अहोरत्ते णेइ जेट्ठा मूलं एगं अहोरत्तं णेइ) આ ત્રણ નક્ષત્રોમાં પહેલું વિશાખા નક્ષત્ર જેઠ માસના પહેલા વિભાગના ચૌદ અહોરાત્રને પોતાના અસ્ત ગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરીને માસને સમાપ્ત કરે છે. તે પછી બીજા વિભાગના પંદર

અહોરાત્રને બીજું અનુરાધા નક્ષત્ર સ્વયં અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને સમાપ્ત કરે છે. આ રીતે જેઠમાસની આ બન્ને સંખ્યાને મેળવવાથી ઓગણત્રીસ અહોરાત્ર સમાપ્ત થાય છે. તથા બાકીના છેલ્લા એક અહોરાત્રને ત્રીજું જ્યેષ્ઠા મૂલ નક્ષત્ર પોતે અસ્ત થઇને અહોરાત્રને સમાપ્ત કરીને એ એક અહોરાત્રને સમાપ્ત કરે છે. આ રીતે જેઠ માસને ત્રણ નક્ષત્ર સ્વયં અસ્ત થઇને અહોરાત્રને પરિસમાપ્ત કરે છે. હવે સૂર્યની છાયાનુવર્તનનું પ્રમાણુ બતાવે છે, (तंसि च णं मासंसि चउरंगुलपोरिसीए छायाए सूरिए अणुपरियट्टइ) વિચાર્યમાન જેઠ માસમાં ચાર આંગળ અધિક પૌરૂષી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. અર્થાત્ જેઠ માસમાં પહેલા અહોરાત્રથી આરંભ કરીને દરરોજ બીજા બીજા મંડળના સંક્રમણથી કોઈ પણ પ્રકારથી સૂર્ય પરાવર્તિત થાય છે. જેમ એ જેઠ માસના અંતમાં ચાર આંગળ અધિક દ્વિપદા પૌરૂષી હોય છે. તેનેજ હવે વિસ્તાર પૂર્વક બતાવે છે. (तस्स णं मासस्स चरिमे दिवसे दो पयाणि य चत्तारि अंगुलाइं पोरिसी भवइ) વિચાર્યમાન જેઠ માસના છેલ્લા દિવસમાં બે પાદ અને ચાર આંગળ અર્થાત્ ચાર આંગળ અધિક બે પાદ પ્રમાણુની પૌરૂષી હોય છે. અર્થાત્ એટલા પ્રમાણુની પૌરૂષી હોય છે. આ પ્રમાણે ગ્રીષ્મકાળનો ત્રીજો જે જેઠમાસ છે તેના સંબંધનું કથન અહીંયાં સમાપ્ત થયું.

હવે ચોથા અષાઢ માસના સંબંધમાં પ્રશ્ન પૂછે છે-(ता गिम्हाणं चउत्थं मासं कइ णक्खत्ता णेंति) ગ્રીષ્મ કાળના ચોથા અષાઢ માસને કયા નામવાળા અને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે? તે શ્રીભગવાન્ આપ કૃપા કરીને કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता तिण्णि णक्खत्ता णेंति तं जहा मूलो पुव्वासाढा उत्तरासाढा) મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ ત્રણ નક્ષત્રો ગ્રીષ્મ કાળના છેલ્લા અષાઢ માસને સમાપ્ત કરે છે, હવે તેમના ભોગ કાળનો ક્રમ બતાવે છે.- (ता मूलो चाद्दस अहोरत्ते णेइ, पुव्वासाढा पण्णरस अहोरत्ते णेइ, उत्तरासाढा एगं अहोरत्तं णेइ) આ પૂર્વોક્ત ત્રણ નક્ષત્રોમાં પહેલું મૂલ નક્ષત્ર એ ચોથા અષાઢ માસના પહેલા વિભાગના ચૌદ દિવસોને સ્વયં અસ્ત ગમન પૂર્વક અહોરાત્રને સમાપ્ત કરે છે. તે પછી બીજા વિભાગના પંદર અહોરાત્રીને બીજું પૂર્વાષાઢા નક્ષત્ર સ્વયં અસ્ત થઈને અહોરાત્રીને સમાપ્ત કરીને પૂર્ણ કરે છે. એ રીતે બેઉ સંખ્યાને જોડવાથી અષાઢ માસના ઓગણત્રીસ દિવસો સમાપ્ત થાય છે. શેષ અન્તના એક દિવસને ત્રીજું ઉત્તરાષાઢા નક્ષત્ર સ્વયં અસ્ત થઇને અહોરાત્રીને પૂર્ણ કરીને માસને પરિસમાપ્તિ પૂર્વક પૂરિત કરે છે. સૂર્યની છાયાનુંવર્તન બતાવે છે. (ता तंसि च णं मासंसि वट्टाए समचउरंससंठियाए

णग्गोधपरिमंडलाए सकायमणुरंगिणीए छायाए सूरिए अणुपरियट्टइ) આ વિચાર્યમાન અષાઢ માસમાં વૃત્તાકાર સમચતુરસ ન્યગ્રોધ પરિમંડળ અર્થાત્ વટવૃક્ષની ઘનાકાર છાયાની સરખી મંડલાકાર રહેલ વસ્તુ પ્રકાશિકા છાયાથી સૂર્ય પ્રતિ દિવસ પરાવર્તિત થાય છે. કહેવાનો હેતુ એ છે કે અષાઢમાસમાં પહેલી અહોરાત્રીથી આરંભ કરીને દરરોજ બીજા બીજા મંડળની સંક્રાન્તિથી ગમે તે પ્રકારથી સૂર્ય, પાછો વળે છે. એ અષાઢમાસના અન્તિમ દિવસમાં દ્વિપાદથી અધિક પૌરૂષી હોય છે. આનેજ સ્પષ્ટ કરતાં કહે છે. (तस्स णं मासस्स चरिमे दिवसे लेहट्ठाइं दो पयाइं पोरिसी भवइ) વિચાર્યમાન અષાઢમાસના અન્તિમ દિવસમાં રેખાસ્થ એટલે કે પાદપ્રમાણની સીમાને રેખા કહે છે. ત્યાંથી આરંભ કરીને બેપાદ પ્રમાણની પૌરૂષી થાય છે. એટલે કે અષાઢ માસના છેલ્લા દિવસમાં બેપાદ પ્રમાણની પૌરૂષી છાયા થાય છે. કહેવાનો ભાવ એ છે કે- આ છાયા દર મહિને ચાર આંગળ વધે છે. અને એ રીતે પોષ માસ પર્યન્ત વધતી રહે છે. તે પછી પ્રતિમાસ ચાર આંગળ ઘટે છે. આ હાની અર્થાત્ ઘટ અષાઢ માસ પર્યન્ત થાય છે. તેથી અષાઢ માસના અંતમાં દ્વિપદા પૌરૂષી થાય છે. આ પૌરૂષીનું પ્રમાણ સ્થૂળ દૃષ્ટિથી વ્યવહારથી કહેલ છે. નિશ્ચયથીતો સાડીત્રીસ અહોરાત્રીમા ચાર આંગળની વૃદ્ધિ અને હાની થાય છે. તેમ સમજવું. તથા નિશ્ચયનયનામત પ્રમાણે પૌરૂષીના પ્રમાણનું પ્રતિપાદન કરવા માટે પૂર્વાચાર્યોએ (पव्वपण्णरसगुणे तिहि सहिए) વિગેરે પ્રકારથી આઠ ગાથાઓ કહેલ છે. જે સંસ્કૃત ટીકામાં સંપૂર્ણ પણાથી ઉદ્ધૃત કરેલ છે. તેનો ભાવાર્થ અહીંયાં કહેવામાં આવે છે જે આ પ્રમાણે છે. યુગમાં જે પર્વનું જે તિથિમાં પૌરૂષીનું પરિમાણ જાણવું હોય તો પહેલાં યુગના આદિથી આરંભ કરીને જેટલા પર્વ વીતી ગયા હોય તેને લઈને પંદરથી ગુણવા એ રીતે ગુણીને વિવક્ષિત તિથિની પહેલાં જેટલી તિથીયો વીતેલ હોય એ તિથિયોને ઉમેરવી એ રીતે જોડીને એકસો છયાસીથી ભાગાકાર કરવો તો આ રીતે એક અયનમાં એકસો છયાશી મંડળ પરિમાણમાં ચંદ્ર નિષ્પાદિત તિથિયો એકસો છયાસી થાય છે. તેનો ભાગાકાર કરવાથી જે ભાગ આવે તે પૌરૂષી પ્રમાણ સમજવું. તેમાં લબ્ધ જો વિષમ અંકમાં હોય જેમકે-એક, ત્રણ, પાંચ, સાત, નવ, તો તેની સમીપસ્થ દક્ષિણાય ના સમજવું જો લબ્ધ સમ અંકમાં હોય જેમકે-બે ચાર છ આઠ દસ તો તેના અંતમાં ઉત્તરાયણ સમજવું. આ પ્રમાણે દક્ષિણાયન અને ઉત્તરાયણ જાણવાનો ઉપાય કહેલ છે.

હવે એકસો છાસીથી ભાગ કરવાથી જે શેષ વધે છે અથવા ભાગ ન ચાલવાથી જે શેષ રહે તેની વિધિ બતાવવામાં આવે છે. (अयण गए) ઇત્યાદિ જે ભાગ કરવાથી અથવા

ભાગ ન ચાલવાથી શેષ રૂપ અયન ગત તિથિનો સમૂહ હોય છે. તેને ચારથી ગુણવા અને એ રીતે ગુણીને પર્વપાદથી યુગમાં જેટલી પર્વસંખ્યાથી (ગ્રન્થાગ્ર. ૪૦૦૦। પર્વ એકસો ચોવીસ થાય છે. તેના પાદથી અર્થાત્ ચતુર્થાંશથી એટલે કે એકત્રીસથી ભાગ કરવાથી જે ભાગ ફળ આવે એટલા આંગળ અને (च) પદથી આંગળના અંશ પૌરૂષીના ક્ષયવૃદ્ધિ ના સમજવા. દક્ષિણાયનમાં પાદ ધ્રુવ રાશીના ઉપર વૃદ્ધિરૂપે સમજવા અને ઉત્તરાયણમાં પાદ ધ્રુવરાશીના ક્ષયરૂપે સમજવા. આ પ્રમાણે ગુણાકારની કે ભાગાકારની ઉત્પત્તિ કેવી રીતે થાય છે? તે બતાવે છે. જો એકસો છયાસી તિથીથી ચોવીસ આંગળો ના ક્ષય અથવા વૃદ્ધિમાં પ્રાપ્ત થાય તો એક તિથીમાં કેટલી વૃદ્ધિ કે ક્ષય થાય છે? તેને જાણવા માટે ત્રણ રાશીની સ્થાપના કરવામાં આવે છે. જેમકે—$\frac{૨૪}{૧૮૬}+૧$ અહીયાં છેલ્લી રાશી જે એક છે તેનાથી મધ્યની રાશી ચોવીસ રૂપ છે. તેનો ગુણાકાર કરે તો ચોવીસજ રહે છે. કારણકે—એકથી ગુણેલ બધી રાશિયો એજ પ્રકારે રહે છે. આ પ્રમાણેના નિયમથી ચોવીસજ રહે છે. તે પછી પહેલી રાશી જે એકસો છયાશીં રૂપ છે તેનાથી ભાગાકાર કરવો તો ઉપરની રાશી અલ્પ હોવાથી ભાગ ચાલતો નથી તેથી ભાગફળ શૂન્ય રહે છે, તે પછી છેદ્યછેદક રાશિની છ થી અપવર્તના કરવી $\frac{૨૪}{૧૮૬}=\frac{૪}{૩૧}$ એ રીતે ઉપરની રાશી ચાર અને નીચેની રાશી એકત્રીસ થાય છે. આ રીતે એક તિથીમાં એકત્રીસિયા ચાર ભાગ ક્ષય અથવા વૃદ્ધિમાં જ્ઞાત થાય છે. આ રીતે ચારનો ગુણાકાર એકત્રીસ ભાગહાર કહેલ છે. અહીંયાં જે લબ્ધ ફળ છે એટલા આંગળ ક્ષય વૃદ્ધિના જાણવા! તેમાં કયા અયનમાં કેટલું પ્રમાણ ધ્રુવરાશીની વૃદ્ધિમાં તથા કયા નક્ષત્રમાં કેટલું પ્રમાણ ધ્રુવરાશીના ક્ષયમાં થાય છે. તે બતાવવાના હેતુથી કહે છે. (दक्खिणवुड्ढी इत्यादि) દક્ષિણાયનમાં બેપાદ ઉપર આંગળોની વૃદ્ધિ થાય છે. તથા ઉત્તરાયણમાં ચારપાદથી આંગળોની હાની એટલે કે ક્ષય થાય છે. યુગના પહેલા સંવત્સરના દક્ષિણાયનમાં જેટલા દિવસથી આરંભ કરીને વૃદ્ધિ

થાય છે તેનું નિરૂપણ કરવામાં આવે છે. (सावणे) ઇત્યાદિ બે ગાથા દ્વારા એમ કહ્યું છે કે–યુગના પહેલા સંવત્સરમાં શ્રાવણમાસના કૃષ્ણ પક્ષની એકમે બેપાદ પ્રમાણવાળી પૌરુષી નિશ્ચિત હોય છે. તેને એકમથી આરંભ કરીને દરેક તિથિના ક્રમથી એટલા સુધી વધે છે કે જ્યાં સુધી સૌરમાસના સાડીત્રીસ અહોરાત્ર પ્રમાણથી ચન્દ્રમાસની અપેક્ષાથી એકત્રીસ તિથિમાં ચાર આંગળની વૃદ્ધિ થાય છે. આ કેવી રીતે થાય છે? તેના સંબંધમાં કહે છે. જે પ્રમાણે સૂર્યમાસથી સાડાત્રીસ અહોરાત્ર પ્રમાણથી એકત્રીસ તિથી એ રીતે કહી શકાય તેથીજ (एक्कतीसे) ઈત્યાદિ કહેલ છે. જેમ એક તિથિમાં એકત્રીસિયા ચાર ભાગ વધે છે એ પહેલા સવિસ્તર રીતે કહી બતાવેલ છે. દક્ષિણાયન પુરૂં થાય ત્યારે પુરેપૂરા ચાર પાદની વૃદ્ધિ થાય છે. તો સાડાત્રીશ અહોરાત્ર પ્રમાણવાળા અથવા એકત્રીસ તિથિના કથનથી સમજી લેવું આ પ્રમાણે આ વૃદ્ધિ વિષે કથન કરેલ છે. હવે હાનીના સંબંધમાં કહેવામાં આવે છે. (उत्तरे) ઈત્યાદિ યુગના પહેલા સંવત્સરમાં માઘ માસના કૃષ્ણ પક્ષમાં સાતમ તિથિથી આરંભ કરીને ચારપાદથી દરેક તિથી એકત્રીસ ભાગ અને ચાર પટ્ટ એટલા સુધી જાણવું કે ઉત્તરાષાઢા પર્યન્તમાં બે પાદની પૌરૂષી થાય આ પ્રમાણે અષાઢ માસમાં થાય છે.એ મૂળ સૂત્રમાં પણ કહેલ છે. અહીં પ્રથમ સંવત્સર સંબંધી વિધી કહી છે.

બીજા સંવત્સરમાં શ્રાવણમાસના કૃષ્ણ પક્ષની તેરસ તિથિથી આરંભીને વૃદ્ધિ થાય છે. તથા માઘમાસના શુકલ પક્ષની તિથી વૃદ્ધિમાં અધિક કહેલ છે. માઘમાસના કૃષ્ણ પક્ષમાં પ્રતિપદા તિથી ક્ષયમાં પ્રથમ છે. આ કથન કરણ ગાથાને લઇને કહેલ છે, તથા પૂર્વાચાર્યોએ પ્રદર્શિત વ્યાખ્યાનોથી પણ જણાય છે.

હવે આ વિષયનો ઉપસંહાર કરતાં કહે છે (एवं तु) ઇત્યાદિ આ પૂર્વોક્ત પ્રકારથી પૌરૂષીના વિષયમાં વૃદ્ધિ અને ક્ષય ક્રમાનુસાર દક્ષિણાયનમાં અને ઉત્તરાયણમાં સમજી લેવું, આ રીતે અક્ષરાર્થને લઇને કરણગાથા વ્યાખ્યાત કરેલ છે.

હવે આ કરણની ભાવના કરવામાં આવે છે. કોઈ પ્રશ્ન કરે કે યુગના આરંભના પંચાસીમાં પર્વની પાંચમી તિથિમાં કેટલા પાદના પૌરૂષી થાય છે. તો એક તરફ ચોર્યાશી રાખે અને તેની નીચે પાંચમની તિથિ વિષે પ્રશ્ન હોવાથી પાંચ રાખે તથા ચોર્યાશીનો પંદરથી ગુણાકાર કરે તો બારસો સાઈઠ ૧૨૬૦ થાય છે. તેમાં મધ્યના પાંચ ઉમેરે તો ૧૨૬૦+૫=૧૨૬૫ બારસો પાંસઠ થાય છે, આને એકસો છયાસીથી ભાગ કરે તો ૧૨૬૫ ÷૧૮૬=૬ $\frac{૧૪૯}{૧૮૬}$ છ પૂર્ણ લબ્ધ થાય છે. આનાથી છ અયન પૂરા થઈને સાતમું અયન પ્રવર્તિત થાય છે તેમ જ્ઞાત થાય છે. શેષ એકસો ઓગણપચાસ વધે છે $\frac{૧૪૯}{૧૮૬}$ આ સંખ્યાને ચારથી ગુણે તો ૧૪૯+૪=૫૯૬ પાંચસો છન્નુ થાય છે. તેનો એકત્રીસથી ભાગ કરે ૫૯૬÷૩૧=૧૯ $\frac{૭}{૩૧}$ ઓગણીસ પુરા અને સાત શેષ રહે છે. તેથી બાર આંગળનો એક પાદ થાય છે. તેથી ઓગણીસિયા બારથી પદ લબ્ધ થાય છે. અને સાત આગળ શેષ વધે છે. આ રીતે છઠું ઉત્તરાયણ સમાપ્ત થઈને સાતમું દક્ષિણાયન પ્રવર્તિત થાય છે. તે પછી એક પદને બેપદ વાળી ધ્રુવરાશીમાં પ્રક્ષિપ્ત કરેતો ત્રણ પાદ અને સાત આંગળ થાય છે. અને એકત્રીસા સાતભાગ શેષ રહે છે, તેના યવ બનાવે તો એક આંગળના આઠ યવ થાય છે. તેથી સાતને આઠથી ગુણવામાં આવે તો ૭+૮=૫૬ છપ્પન થાય છે. તેને એકત્રીસથી ભાગવામા આવે તો ૫૬÷૩૧=૧+$\frac{૨૫}{૩૧}$ આ રીતે એક યવ પુરો અને એકત્રીસિયા પચીસ ભાગ શેષ કહે છે આટલા પ્રમાણવાળી પૌરૂષી સિદ્ધ થાય છે. બીજો કોઈ પૂછે સત્તાણુમાં પર્વમાં પાંચમી તિથિમાં કેટલા પાદની પૌરૂષી થાય છે? તો એક તરફ છન્નુની સંખ્યાને રાખવી તેની નીચે પાંચ આ સંખ્યા રાખે અને છન્નુને પંદરથી ગુણવામા આવે તો ૯૬+૧૫=૧૪૪૦ આ રીતે ચૌદસો ચાળીસ થાય છે. તેમાં નીચેની પાંચની સંખ્યાને જોડવામાં આવે તો ૧૪૪૦+૫=૧૪૪૫ ચૌદસો પીસ્તાલીસ થાય છે. આ

સંખ્યાને ૧૮૬ એકસો છાશીથી ભાગવમાં આવે તો ૧૪૪૦÷૧૮૬=૭ $\frac{૪}{૧}\frac{૩}{૮}_{૬}$ આ રીતે સાતઅયન લબ્ધ થાય છે. તથા એકસો તેંતાલીસ શેષ વધે છે, તેને ચારથી ગુણવામાં આવે ૧૪૩+૪=૫૭૨ તો પાંચસો બોંતેર થાય છે. ૫૭૨ આ પાંચસો બોતેરને એકત્રીસથી ભાગવામાં આવે ૫૭૨ ÷ ૩૧=૧૮$\frac{૧}{૩}\frac{૪}{૧}$ અઢાર આંગળ લબ્ધ થાય છે. બાર આંગળનો એક પદ થાય છે. એ નિયમથી એક પદ અને છ આંગળ થાય છે. ઉપરના ચૌદ અંશ લાવે અને એ ચૌદ અંશના યવ કરવા માટે આઠથી ગુણવા ૧૪+૮=૧૧૨ એકસો બાર થાય છે. આ એકસો બારને એકત્રીસથી ભાગ કરે ૧૧૨÷૩૧=૩$\frac{૧}{૩}\frac{૯}{૧}$ ત્રણ યવ લબ્ધ થાય છે. તથા એક યવના એકત્રીસ ઓગણીસ ભાગ શેષ રહે છે. આ રીતે અહીંયાં સાત અયન સમાપ્ત થયા અને આઠમું ઉત્તરાયણ પ્રવર્તિત છે. એ પ્રમાણે જણાઇ આવે છે. ચાર પદ રૂપ ઉત્તરાયણમાં ધ્રુવરાશીમાં હાની અર્થાત્ ઘટ થાય છે. તેથી એક પદ સાત આંગળ અને ત્રણ યવ તથા એક યવના એકત્રીસા ઓગણીસ ભાગ આટલા ચારપદમાંથી ઓછા થાય છે તથા બેપાદ પાંચ આંગળ ચાર યવ તથા એક યવના એકત્રીસા બાર ભાગ શેષ રહે છે. આ યુગમાં આદિથી આરંભ કરીને સત્તાણુ પર્વમાં પાંચમી તિથીમાં આટલા પ્રમાણની પૌરુષી થાય છે. આ રીતે બધે જ સમજી લેવું. હવે પૌરૂષીના પ્રમાણથી અયનના પ્રમાણને જાણવા માટે આ કરણગાથા કહેલ છે. (વુદ્ગીવે) ત્યાદિ પૌરૂષીમાં જેટલી વૃદ્ધિ અથવા હાની જોવામાં આવે છે. તેમા નજીકના ગયેલ દિવસોથી અથવા ચાલુ દિવસથી ક્રમાનુસાર જે લબ્ધ થાય તે અયન કહેવાય છે. અર્થાત આટલું પ્રમાણ અયનનું વીતીગયેલ છે તેમ સમજવું. આજ કરણ ગાથાનોં અર્થ કહેલ છે, આની ભાવના આ પ્રમાણે છે. એ દક્ષિણાયનમાં બે પદ અને ચાર આંગળ વૃદ્ધિ થાય છે. કોઈ પ્રશ્ન કરેક દક્ષિણાયન કેટલું વીતી ગયેલ છે, તો તે જાણવા અહીં ત્રૈરાશિ કરવી જોઇએ જેમકે જો ચાર આંગળના એકત્રીસ ભાગથી એક તિથી થાય તો ચાર આંગળથી કેટલી તિથી થાય? તો તે જાણવા ત્રણ

રાશિની સ્થાપના આ પ્રમાણે થાય છે. ૪,૧,૪, અહીંયાં છેલ્લી રાશી જે ચાર છે તે આંગળ રૂપ છે. તેને એકત્રીસથી ભાગ કરવા માટે એકત્રીસથી ગુણવા તો ૪+૩૧=૧૨૪ આ રીતે એકસો ચોવીસ થાય છે. આ સંખ્યાથી મધ્યની જે એક સંખ્યા છે તેને ગુણવા ૧×૧૨૪=આ રીતે એકસો ચોવીસ થાય છે. કારણુ કે એકથી ગુણવામાં આવેલ બધા અંકો એજ પ્રમાણેનાં રહે છે. આ એકસો ચોવીસની સંખ્યાને ચાર સંખ્યાવાળી રાશીથી જો ભાગ કરે જેમકે ૧૨૪÷૪=૩૧ આ રીતે એકત્રીસ તિથિ લબ્ધ થાય છે. આ રીતે દક્ષિણાયનમાં એકત્રીસમી તિથિમાં ચાર આંગળ પૌરૂષીમાં વૃદ્ધિ આવે છે. તથા ઉત્તરાયણુમાં ચારપદથી આઠ આંગળ ન્યૂનતાવાળી પૌરૂષીને જાણીને કોઇ પ્રશ્ન કરેકે શું ઉત્તરાયણુ સમાપ્ત થયું ! તો અહીંયાં પણુ ત્રૈરાશિક પ્રવૃત્તિ કરવી જોઇએ જેમકે ચાર આંગળના એકત્રીસમા ભાગથી એક તિથી લબ્ધ થાય તો આંઠ આંગળ હીનતાથી કેટલી તિથી લબ્ધ થઈ શકે? તો અહીંયાં ત્રૈરાશિકની સ્થાપના આ પ્રમાણે છે. ૪–૧–૮ અહીં અંત્ય રાશિના એકત્રીસ ભાગ કરવા માટે એકત્રીસથી ગુણવામાં આવે તો ૮×૩૧=૨૪૮ બસો અડતાલીસ થાય છે. તેનાથી મધ્યની રાશીનો ગુણાકાર કરવામાં આવે તો એજ સંખ્યા રહે છે. જેમકે ૨૪૮+૧=૨૪૮ બસો અઠતાલીસ જ થાય છે. એ સંખ્યાને પહેલી રાશી જે ચાર સંખ્યાવાળી છે તેનાથી ભાગ કરે ૨૪૮÷૪= ૬૨ આ રીતે પૂરા બાસઠ લબ્ધ થાય છે. આ રીતે ઉત્તરાયણમાં બાસઠમી તિથીમાં આઠ આંગળની હીનતા આવે છે. આ રીતે અહીંયા ત્રૈરાશિક પ્રવૃત્તિથી ગણિત ભાવના સમજવી.

(तंसि च मासंसि वट्टाए) ઇત્યાદિએ અષાઢ માસમાં પ્રકાશ્ય વસ્તુ વર્તુળને વર્તુળપણાથી સમચતુરસ્ર સંસ્થાસંસ્થિત સંસ્થાનનું સમચતુરસ્રસંસ્થાન પણાથી ન્યગ્રોધપરિમંડળ સંસ્થાનમાનું ન્યગ્રોધપરિમંડળ પણાથી આ વાકય ઉપલક્ષણ રૂપ હોવાથી બાકિના સંસ્થાન સ્થિત વસ્તુના શેષ સંસ્થાન સંસ્થિત પણાથી અષાઢ માસમાં પ્રાયઃ બધીજ પ્રકાશ્ય વસ્તુના દિવસના ચાર ભાગ વીતિ ગયા પછી શેષકાળમાં સ્વ પ્રમાણુવાળી છાયા હોય છે. આ કથન વ્યવહારિક નયના અભિપ્રાયને લઈ કરેલ છે. વાસ્તવિક રીતે તો

અષાઢમાસના છેલ્લા દિવસમાં આ રીતે થાય છે. અહીંયાં સર્વાભ્યન્તર મંડળમાં સૂર્ય પ્રવર્તમાન થાય ત્યારે એવી રીતે થાય છે કે=જે પ્રકાશ્ય વસ્તુનું જે સંસ્થાન જેવી રીતનું હોય તેની વ્યવસ્થા પણ એ સંસ્થાન રૂપ હોય છે. અર્થાત્ તેની છાયા તેનીજ સરખી રૂપવાળી હોય છે. આ નિશ્ચય નયનો અભિપ્રાય છે. તેથીજ કરણગાથામાં કહ્યું છે ((वत्तस्स वत्तयाए) ઇત્યાદિ આનેજ સ્પષ્ટ રીતે કહે છે. (स्वकायमणुरंगिण्या) સ્વકીય છાયાનિબંધ વસ્તુનું જે શરીર તે સ્વકાય તેનું જે અનુકરણ કરે તે સ્વકાય અનુરાગિણી કહેવાય છે અહીંયાં અનુરાગિણી પદમાં આ દ્વિષદ્ ગૃહે ઇત્યાદિ સૂત્રથી ધીનજ પ્રત્યય થયેલ છે. એ અનુરાગિણી છાયાથી સૂર્ય દરરોજ પરાવર્તિત થાય છે. અહીં એમ કહેવામાં આવે છે કે-અષાઢમાસની પ્રથમ અહોરાત્રિથી આરંભ કરીને દરરોજ બીજા બીજા મંડળના સંક્રમણથી જે કોઈ પ્રકારથી સૂર્ય પરાવર્તિત થાય છે. જેમ કોઈ પણ પ્રકાશ્ય વસ્તુનું દિવસના ચોથા ભાગ ગત થાય ત્યારે અગર બાકી રહે ત્યારે પોતાના પ્રમાણ વાળા કેટલી છાયા થાય છે. આ પ્રમાણે કરણ ગાથાઓનો અને મૂળ સૂત્રનો વિસ્તારપૂર્વક અર્થ કહેલ છે. ॥ સૂ. ૪૩ ॥

દસમા પ્રાભૃતનું દસમું પ્રાભૃત પ્રાભૃત સમાપ્ત ॥ ૧૦-૧૦ ॥

## દસવેં પ્રાભૃત કા ગ્યારહવાં પ્રાભૃતપ્રાભૃત

અગીયારમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ- ચાલુ દસમા પ્રાભૃતપ્રાભૃતમાં કેટલા નક્ષત્રો સ્વયં અસ્ત થઇને અહોરાત્રીને સમાપ્ત કરીને કયા માસને પૂર્ણ કરે છે? આ વિષયના સંબંધમાં વિચાર પ્રદર્શિત કરીને હવે આ અગ્યારમા પ્રાભૃતપ્રાભૃતમાં અર્થાધિકાર સૂત્રમાં નક્ષત્રોને અધિકૃત કરીને ચંદ્રમાર્ગના વિષયમાં વિચાર જાણવાની ઇચ્છાથી (ता कहं ते चंदमग्गा) ઇત્યાદિ સૂત્ર કહે છે.

(ता कहं ते चंदमग्गा अहिएति वएज्जा) હે ભગવાન્! ચંદ્રના માર્ગના સંબંધમાં કંઈક પૂછવાની ઈચ્છા છે, કે કયા પ્રકારથી અથવા કઈ યુક્તિથી નક્ષત્રોના દક્ષિણથિ અથવા ઉત્તરથી ગમન કરવાથી જો સૂર્ય નક્ષત્રો વિનાનો થઈને અથવા અવિરહિત એટલેકે નક્ષત્રો સહિત થઈને મંડલગતિથી પરિભ્રમણરૂપ ચંદ્રનો ગમનમાર્ગ આપના મતથી કહેલ છે? તે આપ કહો, આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના. પ્રશ્નને સાંભળીને શ્રી ભગવાન્ ઉત્તરમાં કહે છે કે (ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अत्थि णक्खत्ता जे णं सया चंदस्स दाहिणेणं जोयं जोएंति) હે ગૌતમ! આ પહેલાં પ્રતિપાદિત અભિજીત્ વિગેરે અઠયાવીસ નક્ષત્રોમાં (સૂત્રમાં સન્તિ પદ નિપાદનથી અથવા આર્ષ હોવાથી કહેલ છે) એવા નક્ષત્રો છે કે જે સર્વદા ચંદ્રની દક્ષિણ દિશામાં વ્યવસ્થિત થઈને યોગ કરે છે, અર્થાત્ ચંદ્રની દક્ષિણ દિશામાં વ્યવસ્થિત થઈને ચંદ્રનો યોગ કરે છે, અર્થાત્ જે નક્ષત્રોની સદા દક્ષિણ શિરાઓ હોય છે, એવા નક્ષત્રો હોય છે, તથા (अत्थि णक्खत्ता जे णं चंदस्स उत्तरेणं जोयं जोएंति) એવા પણ નક્ષત્રો હોય છે? કે જેઓ સદા ચંદ્રની ઉત્તર દિશામાં વર્તમાન રહે છે, આ પ્રમાણે ઉત્તર દિશામાં રહેનારા હોવાથી સદા ઉત્તરભાગમાંજ ચંદ્રનો યોગ કરે છે. તથા (अत्थि णक्खत्ता जे णं चंदस्स दाहिणेण वि उत्तरेण वि पमद्दं वि जोयं जोएंति) અઠયાવીસ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો હોય છે કે જે ચંદ્રની દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં વ્યવસ્થિત થઈને યોગ કરે છે, તથા પ્રમર્દરૂપ યોગ પણ કરે છે. કિરણોના વિમર્દ રૂપ યોગને પ્રમર્દયોગ કહે છે. અર્થાત્ દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં બેઉ તરફ યોગ કરે છે. (अत्थि णक्खत्ता जे णं चंदस्स दाहिणेण वि पमद्दं वि जोयं जोएंति, अत्थि णक्खत्ता जे णं चंदस्स सया पमद्दं जोयं जोएंति) અઠયાવીસ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો હોય છે કે જે સદા ચંદ્રની દક્ષિણમાં પણ વ્યવસ્થિત થઈને યોગ કરે છે. તથા પ્રમર્દ રૂપ એટલેકે શરાભાવરૂપ અંશુવિમર્દ રૂપથી યોગ કરે છે. એજ પ્રમાણે કોઈ એક નક્ષત્ર એવું પણ હોય છે કે જે સદા ચંદ્રની સાથે પ્રમર્દરૂપજ યોગ કરે છે. આ પ્રમાણે શ્રી ભગવાને સામાન્ય રૂપે કહેવાથી શ્રી ગૌતમસ્વામી વિશેષ પ્રકારથી જાણવા માટે ફરીથી પ્રશ્ન કરે છે. (ता एएसि णं अट्ठावीसाए णक्खत्ता णं कयरे णक्खत्ता जे णं सया चंदस्स दाहिणेणं जोयं जोएंति) આ પહેલા પ્રતિપાદિત કરેલ અઠયાવીસ સંખ્યાવાળા નક્ષત્રોમાં કયા નામવાળા અને કેટલા નક્ષત્રો એવા છે કે જેઓ ચંદ્રની દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે? તથા (तहेव जाव कयरे णक्खत्ता जे णं सया चंदस्स उत्तरेण जोयं जोएंति, कयरे णक्खत्ता जे णं चंदस्स

सया पमद्दं जोयं जोएंति) કેટલા નક્ષત્રો અને કયા નામવાળા નક્ષત્રો એવા હોય છે કે જેઓ સદા ચંદ્રની ઉત્તર દિશામાં રહીને યોગ કરે છે? તથા કયા નામવાળા અને કેટલા નક્ષત્રો એવા હોય છે કે જેઓ ચંદ્રનો પ્રમર્દ યોગ કરે છે? આ રીતે જુદી જુદી રીતે ત્રણ પ્રકારના યોગનું સ્વરૂપ આપ કૃપા કરીને કહો. આ રીતે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે- (ता एएसि णं अट्ठावीसाए णक्खत्ता णं जे णं णक्खत्ता सया चंदस्स दाहिणेण जोयं जोएंति ते णं छ तं जहा संठाणा अद्दा पुस्सो अस्सेसा हत्थो मूलो) પહેલા પ્રતિપાદિત આ અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણ દિશામાં વ્યવસ્થિત થઈને યોગ કરે છે તે નક્ષત્રો મૃગશિરા આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, હસ્ત અને મૂળ એ છ નક્ષત્રો છે, કારણકે આ બધા નક્ષત્રો ચંદ્રના પંદરમાં મંડળની બહારજ ગતિ કરે છે, આ પ્રમાણે સિદ્ધાંતમાં પ્રતિપાદિત કરેલ છે. (तत्थ जे ते णक्खत्ता जे णं सया चंदस्स उत्तरेणं जोयं जोएंति, ते णं बारस तं जहा-अभीई सवणो, धणिट्ठा, सयभिसिया, पुव्वाभद्दवया उत्तरापाट्ठवया रेवई अस्सिणी, भरणी, पुव्वाफग्गुणी उत्तरा फग्गुणी, साई) અઠ્યાવીસ નક્ષત્રોમાં જે નક્ષત્રો સદા ચંદ્રની ઉત્તર દિશામાં યોગ કરે છે તેવા નક્ષત્રો નિચે પ્રમાણે છે, અભિજીત્ શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરા-ભાદ્રપદા રેવતી અશ્વિની, ભરણી પૂર્વાફાલ્ગુની ઉત્તરા ફાલ્ગુની અને સ્વાતી આ પ્રમાણે બાર હોય છે. હવે વિશેષ પ્રકારથી કહેવામાં આવે છે. (तत्थ जे ते णक्खत्ता जे णं चंदस्स दाहिणेण वि उत्तरेण वि पमद्दं पि जोयं जोएंति ते णं सत्त, तं जहा- कत्तिया रोहिणी, पुणव्वसू महा चित्ता विसाहा अणुराहा) અઠ્યાવીસ નક્ષત્રોમાં એવા નક્ષત્રો હોય છે, જે ચંદ્રની દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં પ્રમર્દ રૂપ અર્થાત્ કિરણ વિમર્દનરૂપ યોગ પણ કરે છે. એવા નક્ષત્રો સાત છે, જેમનું નામ આ પ્રમાણે છે-કૃત્તિકા, રોહિણી પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા અને અનુરાધા કારણ કે આ બધા નક્ષત્રો પંદરમા ચંદ્રમંડળની ઉત્તર દિશાથી, દક્ષિણ દિશામાં અને મંડળની મધ્યમાં પણ ગમન કરે છે. બીજું પણ કહે છે. (तत्थ जे ते णक्खत्ता जे णं चंदस्स दाहिणेण वि पमद्दं पि जोयं जोएंति, ताओ णं दो आसाढाओ, सव्वबाहिरे मंडले जोयं जोएंसु णो जाएंति वा जोइस्संति वा तत्थ तत्थ जे ते णक्खत्ते जे णं सया चंदस्स पमद्दं जोयं जोएइ साणं एगा जेट्ठा) અઠ્યાવીસ નક્ષત્રો પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા આ બે નક્ષત્રો ચંદ્રની દક્ષિણ દિશામાં પણ યોગ કરે છે. અને પ્રમર્દરૂપ પણ યોગ કરે છે. એ એનો યોગ સર્વબાહ્ય મંડળમાં ભૂતકાળમાં થયો છે. વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં પણ એજ પ્રમાણે થશે અર્થાત્ સર્વ બાહ્ય મંડળમાં નથી થતો તેમ નથી. તથા

જે નક્ષત્રો સદા ચંદ્રનો પ્રમર્દરૂપજ યોગ કરે છે, એવું નક્ષત્ર કેવળ એક જ્યેષ્ઠાજ છે, એ યોગ સર્વ બાહ્ય મંડળથી બીજા મંડળમાં પણ થઈ શકે છે. હવે વિશેષમાં કહે છે કે-પહેલા છ નક્ષત્રો ચંદ્રની દક્ષિણ દિશામાં યોગ કરે છે તેમ કહ્યું છે તે બધા પંદરમા ચંદ્ર મંડળની બહાર ગતિ કરે છે. કારણ કે વિભાવનામાં કહ્યું છે કે- (पण्णरसस्स चंदमंडलस्स बाहिरओ मिग्गसिर अद्दा, पुस्सो, असिलेहा हत्थ मूलोय) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં પણ કહ્યું છે. મૃગશિરા, આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, હસ્ત, અને મૂળ આ બાહ્ય મંડળના છ નક્ષત્રો છે. ( (संठाण अद्द पुस्सोऽसिलेस हत्थो तहेव मूलो य, बाहिरओ बाहिरमंडलस्स छप्पेय णक्खता) તથા જે બાર નક્ષત્રો ઉત્તર દિશામાં યોગ કરે છે, તે સર્વાભ્યન્તર મંડળમાં ગતિ કરે છે. કરણ વિભાવનિકામાં કહ્યું છે કે- (ता पढमे सव्वब्भंतरे चंदमंडले णक्खत्ता इमे, तं जहा-अभीई सवणो, धनिट्ठा सयभिसया, पुव्वभद्दवया उत्तरभद्दवया, रेवई अस्सिणी भरणी पुव्वफग्गुणी उत्तरफग्गुणी, साई) તથા જે સાત નક્ષત્રો ત્રણે પ્રકારથી યોગ કરે છે આમાં કોઈ આઠ નક્ષત્રો કહે છે. લોક નિશ્રામાં કહ્યું પણ છે (पुणव्वसु रोहिणी चित्ता महा जेट्ठाणुराह कत्तिय विसाहा चंदस्स उभययोगीत्ति) પરંતુ આ કથન વક્ષ્યમાણ જ્યેષ્ઠા નક્ષત્રના સૂત્રની સાથે વિરૂદ્ધ છે. તેથી આ કથન યુક્તિ સંગત જણાતું નથી. આ તમામ વિષય વિચારણીય છે. આ પ્રમાણે આ મંડળ ગતિથી પરિભ્રમણ રૂપ ચંદ્રમાર્ગનું પ્રતિપાદનકરેલ છે. ॥સૂ. ૪૪॥

ટીકાર્થ – દસમા પ્રાભૃતના અગીયારમા પ્રાભૃતપ્રાભૃતમાં બે સૂત્રો કહેલ છે. તેમાં પહેલાં ૪૪ ચુંમાળીસમા સૂત્રમાં નક્ષત્રોને અધિકૃત કરીને ચન્દ્રમાર્ગના વિચારનું વર્ણન કરીને હવે આ પિસ્તાલીસમા સૂત્રમાં અર્થાધિકાર સૂત્રથી મંડળ રૂપ ચંદ્રમાર્ગનું કથન કરવાની ઈચ્છાથી પ્રશ્ન સૂત્ર કહેવામાં આવે છે. (ता कहं ते चंदमंडला पण्णत्ता) શ્રીગૌતમસ્વામી કહે છે કે ચંદ્રમાર્ગના મંડળના સંબંધમાં જાણવાની ઈચ્છા થાય છે. આપના મતથી હે ભગવન્ ચંદ્રમંડળ કેટલા કહેલ છે? અર્થાત્ આપે કેટલા ચંદ્રમંડળો પ્રતિપાદિત કરેલ છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે-(ता पण्णरस चंदमंडला पण्णत्ता) હે ગૌતમ શાસ્ત્રમાં ચંદ્રમંડળો પંદર પ્રતિપાદિત કરેલ છે. તેમાં પાંચ ચંદ્ર મંડળો જંબૂદ્વીપમાં કહેલા છે. બાકીના દસ ચંદ્ર મંડળો લવણ સમુદ્રમાં હોય છે. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં કહ્યું પણ છે.-(जंबुद्दीवे णं भंते ! दीवे केवइयं ओगाहित्ता केवइया चंदमंडला पण्णत्ता, गोयमा ! जंबुद्दीवे दीवे

असीयं जोयणसयं ओगाहित्ता, एत्थ णं पंच चंद्मंडला पण्णत्ता, लवणे णं भंते समुद्दे केवइयं ओगाहित्ता केवईया चंदमंडला पण्णत्ता गोयमा ! लवणेणं समुद्दे तिण्णि तीसाइं जोयणसयाइं ओगाहित्ता एत्थ णं दस चंदमंडला पण्णत्ता एवामेव सपुव्वावरेणं जंबुदीवे लवणेय पण्णरस चंदमंडला भवंती ति मक्खायं) શ્રી ગૌતમસ્વામી શ્રીભગવાનને પૂછે છે કે હે ભગવાન્ જંબૂદ્વીપ નામના દ્વીપમાં કેટલે દૂર જવાથી કેટલા ચંદ્રમંડળો કહેલા છે? ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે હે ગૌતમ ! જંબૂદ્વીપમાં આઠ હજાર યોજન ગયા પછી ત્યાં પાંચ ચંદ્રમંડળો કહેલા છે? શ્રીગૌતમસ્વામી–હે ભગવાન્! લવણસમુદ્રમાં કેટલે દૂર ગયા પછી કેટલા ચંદ્રમંડળો કહેલા છે? શ્રીભગવાન્–હે ગૌતમ ! લવણ સમુદ્રમાં ત્રણ હજાર અને તેત્રીસ યોજન ગયા પછી દસ ચંદ્રમંડળો કહેલા છે. એજ પ્રમાણે સપૂર્વાપર જંબૂદ્વીપમાં અને લવણસમુદ્રમાં પંદર ચંદ્રમંડળો હોય છે. તેમ કહેલ છે. શ્રીભગવાન્ ફરીથી આજ કથનને સ્પષ્ટ કરતાં કહે છે.–(ता एएसि णं पण्णरसण्हं चंदमंडलाणं अत्थि चंदमंडला जे णं सया णक्खत्तेहिं विरहिया) આ પૂર્વોક્ત પંદર ચંદ્ર મંડળોમાં એવા મંડળો હોય છે, કે જે મંડળ સદા નક્ષત્રો વિનાના હોય, અર્થાત્ ક્યારેય પણ તે નક્ષત્રોનો યોગ પ્રાપ્ત કરતા ન હોય મંડળોના આભ્યંતર અને બાહ્ય આ પ્રકારના ભેદથી રહેલ હોવાથી તે નક્ષત્રો પરિત્યક્ત હોય છે તથા (अत्थि चंदमंडला जेणं सया आदिच्चेहिं विरहिया) પૂર્વપ્રતિપાદિત પંદર ચંદ્રમંડળોમાં એવા પ્રકારના મંડળો હોય છે, કે જે સૂર્ય ચંદ્રના નક્ષત્રોમાં સાધારણ પ્રકારના હોય? અર્થાત્ સૂર્યના નક્ષત્રો પણ આ મંડળોમાં જાય, અને ચંદ્રના નક્ષત્રો પણ ત્યાં જતા હોય, તથા પંદર મંડળોમાં એવા પણ મંડળો હોય છે, કે જે બે સૂર્યોથી રહિત હોય છે. પ્રાકૃત હોવાથી સૂત્રમાં દ્વિવચનના સ્થાનમાં બહુવચન કહેલા છે. (आदित्याभ्यां बिरहितानि) અર્થાત્ એ મંડળોમાં ક્યારેય પણ બે સૂર્યો પૈકી એકપણ સૂર્ય પ્રવેશતા નથી. આ પ્રમાણે શ્રી ભગવાને સામાન્ય રીતે પ્રતિપાદિત કરવા છતાં પણ વસ્તુતત્વને વિશેષ રીતે જાણવા માટે શ્રીગૌતમસ્વામી ફરીથી પ્રશ્ન કરે છે. (ता एएसिण्हं पण्हसरण्हं चंदमंडलाणं कयरे चंद मंडला जेणं सया णक्खत्तेहिं अविरहिया जाव कमरे चंदमंडला जे णं सया अदिच्चविरहिया) પૂર્વપ્રતિપાદિત પંદર મંડળોમાં કેટલા ચંદ્ર મંડળો એવા છે કે જે સદા અભિજીત્ વિગેરે નક્ષત્રોથી વિરહ વિનાના રહે છે? અર્થાત્ સદા નક્ષત્રો યુક્ત રહે છે? યાવત્ કેટલા ચંદ્ર મંડળો એવી રીતે પ્રતિપાદિત કર્યા છે કે જે સદા સૂર્યથી વિરહિત એટલે કે સૂર્યના યોગ વિનાના હોય છે? તે સ્પષ્ટ રીતે કહો. આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના

પ્રશ્નને સાંભળીને શ્રીભગવાન્ કહે છે.-(ता एएसिणं पण्णरसण्हं चंदमंडलाणं तत्थ जे ते चंदमंडला णं जे ते चंदमंडला जे णं सया णक्खत्तेहिं अविरहिया, ते णं अट्ठ, तं जहा पढमे चंदमंडले तइए चंदमंडले छट्ठे चंदमंडले सत्तमे चंदमंडले, अट्ठमे चंदमंडले, दसमे चंदमंडले एक्कारसमे चंदमंडले पण्णरसमे चंदमंडले, હે ગૌતમા! આ પૂર્વપ્રતિપાદિત પંદર ચંદ્રમંડળોમાં એવા પણ મંડળો હોય છે કે જે સદા અભિજીદાદિ નક્ષત્રોથી અવિરહિત એટલે કે સદા યુકત રહે છે, એવા નક્ષત્રો આઠ કહ્યા છે, જે આ પ્રમાણે છે. પહેલા ચંદ્રમંડળમાં અભિજીત વિગેરે બાર નક્ષત્રો હોય છે. બીજે કહ્યું પણ છે. (अभीइ सवणधणिट्ठा, सयभिसया दोय होंति भद्दत्रया। रेवई अस्सिणी दो फग्गुणी साइ पढमंमि ॥१॥ અભિજીત્, શ્રવણ ધનિષ્ઠા પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી પૂર્વાફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની અને સ્વાતી, આ પ્રમાણે આ બાર નક્ષત્રો પહેલા ચંદ્ર મંડળમાં રહે છે. ત્રીજા ચંદ્ર મંડળમાં પુનર્વસુ અને મઘા આ બે નક્ષત્રો હોય છે. છઠ્ઠા ચંદ્ર મંડળમાં કૃત્તિકા આ એકજ નક્ષત્ર હોય છે. સાતમા ચંદ્ર મંડળમાં રોહિણી અને ચિત્રા એ બે નક્ષત્રો રહે છે. આઠમા ચંદ્ર મંડળમાં એક વિશાખા નક્ષત્રજ હોય છે. દસમા ચંદ્ર મંડળમાં એક અનુરાધા નક્ષત્ર હોય છે. અગીયારમા ચંદ્ર મંડળમાં એક જ્યેષ્ઠા નક્ષત્ર તથા પંદરમાં ચંદ્ર મંડળમાં મૃગશિરા, આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, હસ્ત, મૂળ, પૂર્વાષાઢા તથા ઉત્તરાષાઢા આ રીતે આ આઠ નક્ષત્રો રહે છે. તેમાં પહેલા છ નક્ષત્રો જો કે પંદરમા ચંદ્ર મંડળની બહાર ગતિ કરે છે. તો પણ તે એ પંદર ચંદ્ર મંડળોની સમીપમાં હોવાથી તેમાંજ ગણવામાં આવે છે. તેથી તેમાં કોઈ દોષ નથી. તથા (तत्थ जे ते चंदमंडला जे णं सया णक्खत्तेहिं विरहिया ते णं सत्त तं जहा बितिए चंदमंडले, चउत्थे चंदमंडले, पंचमे चंदमंडले णवमे चंदमंडले, बारसमे चंदमंडले, तेरसमे चंदमंडले, चउद्दसमे चंदमंडले !) પૂર્વપ્રતિપાદિત પંદર ચંદ્રમંડળોમાં કેટલાક ચંદ્રમંડળો એવા હોય છે, કે જે મંડળો સદા નક્ષત્ર યોગથી રહિત હોય છે. એવા મંડળો સાત છે. જેમકે–બીજું. ચંદ્રમંડળ, ચોથું ચંદ્રમંડળ, પાંચમું ચંદ્રમંડળ, નવમું ચંદ્રમંડળ, બારમું ચંદ્ર મંડળ, તેરમું ચંદ્રમંડળ, અને ચૌદમું ચંદ્રમંડળ, આ સાત ચંદ્ર મંડળો સદા નક્ષત્ર યોગ વિનાના પ્રતિપાદિત કરેલ છે. તથા (तत्थ जे ते चंदमंडले जे णं ससिरविणक्खत्ताणं समाणा भवंति, ते णं चत्तारि तं जहा–पढमे चंदमंडले बीए चंदमंडले, इक्कारसमे चंदमंडले, पण्णरसमे चंदमंडले) પૂર્વપ્રતિપાદિત પંદર ચંદ્રમંડળોમાં કેટલાક ચંદ્રમંડળો એવા હોય છે કે જે ચંદ્ર સૂર્ય નક્ષત્રોમાં સાધારણ હોય છે. અર્થાત્ એ

મંડળોમાં ચંદ્ર નક્ષત્રો પણ હોય છે. અને સૂર્ય નક્ષત્રો પણ હોય છે. જે આ પ્રમાણે છે-ચંદ્ર પણ એ મંડળોમાં ભ્રમણ કરે છે, અને સૂર્ય પણ ત્યાં ભ્રમણ કરે છે. એવા એ ચાર મંડળોના નામ આ પ્રમાણે છે. પહેલું ચંદ્રમંડળ, બીજું ચંદ્રમંડળ, અગીયારમું ચંદ્રમંડળ, અને પંદરમું ચંદ્રમંડળ, આ ચાર ચંદ્રમંડળોમાં ચન્દ્ર સૂર્યના સામાન્ય રીતે નક્ષત્રો હોય છે. તથા (तत्थ जे ते चंदमंडला जे णं सया आदिच्चविरहिया ते णं पंच तं जहा–छट्ठे चंदमंडले, सत्तमे चंदमंडले, अट्ठमे चंदमंडले, नवमे चंदमंडले दसमे चंदमंडले) આ પૂર્વોક્ત પંદર મંડળોમાં કેટલાક મંડળો એવા હોય છે કે જે સદા બેઉ સૂર્યોથી રહિત હોય અર્થાત્ જે મંડળોમાં ક્યારેય બન્ને સૂર્યો પૈકી એકપણ સૂર્ય ગમન કરતા નથી. આવા પાંચ મંડળો કહેલા છે. જેમકે છઠ્ઠું ચંદ્રમંડળ સાતમું ચંદ્રમંડળ, આઠમું ચંદ્રમંડળ, નવમું ચંદ્રમંડળ, અને દસમું ચંદ્રમંડળ આ મધ્યના ચંદ્રમંડળમાં કદાપિ સૂર્ય ગમન કરતા નથી, આ કથનથી એ પ્રતીતિ થાય છે કે–જે પાંચ આભ્યંતર ચંદ્ર. મંડળો છે, તે આ પ્રમાણે છે, પહેલું બીજું ત્રીજું ચોથું અને પાંચમું આ પાંચ સર્વાભ્યન્તરમંડળ કહેવાય છે. તથા જે સર્વબાહ્ય ચંદ્રમંડળ હોય છે તે આ પ્રમાણે છે. અગીયારમું, બારમું, તેરમું, ચૌદમું અને પંદરમું, આ પાંચ ચંદ્રમંડળો સર્વબાહ્ય કહેલા છે, આ રીતે દસ મંડળો સર્વાભ્યંતર અને સર્વબાહ્ય પણાથી સૂર્યને પણ સાધારણ છે, તેમ ધ્વનિત થાય છે. ગ્રન્થાન્તરમાં અન્યત્ર કહ્યું પણ છે.

(दस चेव मंडलाइं अब्भिंतर बाहिरा रविससीणं । सामण्णावि उ नियमा पंत्तेया होंति सेसाणि ॥१॥ આ ગાથાનો અક્ષાર્થ આ પ્રમાણે છે. જેમકે–પાંચ અભ્યંતર મંડળ અને પાંચ બાહ્યમંડળ બન્નેને મેળવવાથી દસ થાય છે. એ સર્વાભ્યંતર અને સર્વબાહ્ય રૂપ દસ મંડળો નિયમથી સૂર્યચંદ્રને સાધારણ અર્થાત્ આ દસ મંડળોમાં ચંદ્રપણ ગમન કરે છે અને સૂર્યપણ ગમન કરે છે. આ પ્રમાણે આ સર્વસામાન્ય દસમંડળો હોય છે. બાકીના મધ્યના છથી દસ સુધીના પાંચ ચંદ્રમંડળો છે, તે કેવળ ચંદ્રને માટે અસાધારણ છે, અર્થાત્ એ વચલા છથી લઈને દસ સુધીના પાંચ ચંદ્રમંડળમાં ચંદ્રજ ગમન કરે છે, ત્યાં કોઈપણ વખત બન્ને સૂર્યો પૈકી કોઈપણ સૂર્ય ત્યાં જતા નથી, હવે અહીંયાં બીજી ગણિત પ્રક્રિયા પ્રતિપાદિત કરવામાં આવે છે.–જેમ અહીંયાં કયું ચંદ્રમંડળ કેટલા ભાગ સૂર્યમંડળથી સ્પૃષ્ટ થતા નથી? અથવા ચંદ્રમંડળના અપાન્તરાલમાં કેટલા સૂર્યમંડળો છે? અથવા છથી લઈને દસ સુધીના પાંચ ચંદ્રમંડળોને સૂર્ય કેમ સ્પર્શ કરતા નથી? આ રીતે વિચાર્યમાન વિભાવનાને જાણવા માટે પૂર્વાચાર્યોએ માર્ગ બતાવેલ છે. તેથી શિષ્યજનોના અનુગ્રહ માટે તે માર્ગ અહીં બતાવવામાં આવે છે. પ્રથમ આ જાણવા

માટે અહીંયાં વિકમ્પ ક્ષેત્રની કાષ્ઠાનું નિરૂપણ કરવામાં આવે છે. અહીંયાં સૂર્યના વિકમ્પ ક્ષેત્રની કાષ્ઠા પાંચસો દસ યોજનની છે. અહીંયાં ગણિત પ્રક્રિયાથી ત્રૈરાશિક ગણિત પ્રવૃત્તિ કરવામાં આવે છે. જો એક અહોરાત્રીથી સૂર્યનો વિકમ્પ બે યોજન તથા એક યોજનનો એકસઠિયા અડતાલીસ ભાગ થાય તો એકસો વ્યાશી અહોરાત્રીથી કેટલો થાય? આ જાણવા માટે અહીં ત્રણ રાશીની સ્થાપના કરવામાં આવે છે. જેમકે-$૨\frac{૪૮}{૬૧}=૧૮૩=૧૨૨+\frac{૪૮}{૬૧}=૧૮૩=\frac{૧૭૦}{૬૧}+૧૮૩=\frac{૩૧૧૧૦}{૬૧}$ અહીં બે યોજનને એકસાઇઠથી ગુણવામાં આવે છે. ગુણાકાર કરીને ઉપરના એકસઠિયા અડતાલીસ ભાગને તેમાં મેળવવા તો ઉપર એકસો સિત્તેર અને નીચે છેદ રૂપ એકસઠ આવે છે. $\frac{૧૭૦}{૬૧}$ આને એકસો વ્યાશીથી જો ગુણવામાં આવે તો એકત્રીસ હજાર એકસોદસ $\frac{૩૧૧૧૦}{૬૧}$ થાય છે. આ રાશિના યોજન બનાવવા માટે એકસાઈઠથી ભાગ કરવા તો પાંચસો દસ ૫૧૦ યોજન આવે છે.=૩૧૧૧૦=૫૧૦ આટલા પ્રમાણની સૂર્યના વિકમ્પ નક્ષેત્રની કાષ્ઠા હોય છે. ચંદ્રમાના વિકમ્પ ક્ષેત્રની કાષ્ઠા તો પાંચસો નવ યોજન અને એક યોજનના એકસઠિયા ત્રેપન ભાગ $૫૦૯+\frac{૫૩}{૬૧}$ થાય છે. અહીંયાં પણ ગણિત પ્રક્રિયા આ પ્રમાણે છે. જો ચંદ્રનો એક અહોરાત્રીનો વિકમ્પ છત્રીસ યોજન અને એક યોજનના એકસઠિયા પચીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ચારભાગ થાય તો ચૌદ અહોરાત્રીથી કેટલું પ્રમાણ લબ્ધ થાય, આ જાણવા માટે ત્રણ રાશીની સ્થાપના કરવામાં આવે છે. જેમકે-$૩૬+\frac{૨૫}{૬૧}\times\frac{૪}{૭}+૧૪$ અહીંયાં પહેલાં છત્રીસને એકસઠથી ગુણવામાં આવે ગુણાકાર કરીને ઉપરના એકસઠિયા પચીસ ભાગમાં તેને મેળવે તો $\frac{૨૨૨૧}{૬૧}+૧૪$ બે હજારને એકવીસ તથા નીચે એકસઠ આવે છે આને સાતથી ગુણવામાં આવે અને ગુણીને ઉપરના સાતિયા ચાર ભાગ તેમાં મેળવે તથા છેદ રાશી જે એકસઠ છે તેને પણ સાતથી ગુણે તો $\frac{૧૫૫૫૧}{૪૨૭}+૧૪$ અંશસ્થાનમાં પંદર હજાર પાંચસો એકાવન તથા હર સ્થાનમાં ચારસો સત્યાવીસ થાય છે. તે પછી ઉપરના એકને છેલ્લી રાશી જે ચૌદ છે તેનાથી ગુણવામાં આવે તો $\frac{૨૧૭૭૧૪}{૪૨૭}$ બે લાખ સત્તર હજાર સાતસો ચૌદ તથા છેદ સ્થાનમાં એનાએજ ચારસો સત્યાવીસ આવે છે. આજ યોજન બનાવવા માટે છે અથવા છેદકનો પરસ્પર ભાગ કરવા માટે બન્નેને સાતથી અપવર્તના કરવામાં આવે તો $\frac{૨૧૭૭૧૪}{૪૨૭}$ $\frac{૩૧૧૦૨}{૬૧}$ આ રીતે ઉપરની રાશી એકત્રીસ હજાર એકસોબે તથા છેદરાશી એકસઠ થાય છે. આ અંશ રાશી અને છેદરાશીનો પરસ્પર ભાગ કરવાથી $\frac{૩૧૧૦૨}{૬૧}=૫૦૯\div\frac{૫૩}{૬૧}$ પાંચસો નવ યોજન તથા એક યોજનના એકસઠિયા ત્રેપન ભાગ લબ્ધ થાય છે. આટલી ચંદ્રમાની વિકમ્પન કાષ્ઠા હોય છે. સૂર્યમંડળ અને સૂર્યમંડળનું અંતર પરસ્પરમાં બબ્બે યોજનનું છે. તથા ચંદ્રમંડળ ચંદ્રમંડળનું પરસ્પરમાં અંતર પાંત્રીસ યોજન અને એક યોજનનું એકસઠિયા ભાગના સાતિયા ચારભાગ $૩૫+\frac{૩૦}{૬૧}=\frac{૪}{૭}$ આ રીતે થાય છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહ્યું પણ છે. (**सूरमंडलस्स णं भंते ! सूरमंडलस्स केवइयं अबाहाए अंतरे पण्णत्ते ? गोयमा !**

दो जोयणाइं सूरमंडलस्स सूरमंडलस्स अबाहाए अंतरे पण्णत्ते ? तथा चंदमंडलस्स णं भंते ! चंदमंडलस्स एस णं केवइए अबाहाए अंत्तरे पण्णत्ते ? गोयमा पणतीसं जोयणाइं तीसं च एगट्ठिभागा जोयणस्स एगं च एगट्ठिभायं सत्तहा छित्ता चत्तारिय चुण्णिया भागा सेसा चंदमंडलस्स अबाहाए अंतरे पण्णत्ते) એ સૂત્રાંશનું કથન પહેલાં કરેલ છે. તોપણુ થોડો સારાંશ કહેવામાં આવે છે. શ્રીગૌતસ્વામી–હે ભગવન્! એક સૂર્યમંડળથી બીજા સૂર્યમંડળનું અબાધાથી એટલેકે વ્યવધાનવિનાનું કેટલું અંતર હોય છે? શ્રીભગવાન્–હે ગૌતમ! એક સૂર્યમંડળથી બીજા સૂર્યમંડળનું અંતર અબાધાથી બે યોજનનું પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી ચંદ્રમંડળના વિશેષ જ્ઞાન માટે ફરીથી પૂછે છે, હે ભગવન્! એક ચંદ્રમંડળથી બીજા ચન્દ્રમંડળનું અંતર અબાધાથી કેટલું કહેલ છે? શ્રીભગવાન્-હે ગૌતમ! પાંત્રીસ યોજન તથા એક યોજનના એકસાઠિયા ત્રીસભાગ એકસઠના એક ભાગના સાતભાગ કરીને ચાર ચૂર્ણિકાભાગ શેષ રહે એટલું અંતર એક ચંદ્રમંડળથી બીજા ચંદ્રમંડળનું અબાધાથી પ્રતિપાદિત કરેલ છે, આ સામાન્ય રીતે અર્થ કહેલ છે, સ્પષ્ટ પણુાથીતો પહેલાં કહીજ દીધેલ છે. આજ સૂર્યમંડળનું અને ચંદ્રમંડળનું પોત પોતાના વિષ્કંભ પરિમાણુ યુક્ત સૂર્ય અને ચંદ્રના વિષ્કંભનું પ્રમાણુ સમજી લેવું એજ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યું પણુ છે.–(सूरविकंपो एक्को समंडला होइ मंडलंतरिया चंदविकम्पो य तहा समंडला मंडलंतरिया ॥१॥ આ ગાથાનો અક્ષરાર્થ આ પ્રમાણે છે–એકજ સૂર્ય વિકંપ થાય છે. (मंडलंतरिया) અંતરનેજ આંતર્ય કહે છે. અહીંયાં (भेषज्जादित्वात्) એ સૂત્રથી સ્વાર્થમાં યણુ પ્રત્યય થયેલ છે. તે પછી સ્ત્રીલિંગની વિવક્ષાથી ङ्री પ્રત્યય કરવાથી આંતરી એ પ્રમાણે થાય છે. અને આંતરી એજ આંતરિકા, મંડળ મંડળની જે આંતરિકા તે મંડલાન્તરિકા કહેવાય છે. (समंडलत्ति) અહીંયાં મંડળ શબ્દથી મંડળવિષ્કંભ કહેલ છે. પરિમાણુમાં પરિમાણુવાળાનો ઉપચાર થાય છે. તેથી મંડળની સાથે મંડળવિષ્કંભના પરિમાણુથી

પરિમાણ રહે તે સમંડળ કહેવાય છે. અહીંયા આ રીતે કહેલ છે–એક સૂર્યમંડળના અંતરથી જો પરિમાણ બે યોજનનું હોય તેને એક સૂર્યમંડળના વિષ્કંભનું પરિમાણ રૂપ જાણવું તથા મંડલાન્તરિકા એટલે કે ચંદ્રમંડળનું પરિમાણ પાંત્રીસ યોજન તથા એક યોજનના એકસઠિયા ત્રીસભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ચારભાગ આ રીતે (समंडलत्ति) મંડળવિષ્કંભ પરિમાણ સહિત એક ચંદ્રવિકંપ થાય છે. જે વિકંપ નક્ષત્રના કાષ્ઠા દર્શનથી વિકંપનું પરિણામ જાણવું હોય તો તે માટે આ પૂર્વાચાર્યોએ કરણ ગાથા કહેલ છે.

(सगमंडलेहिं लद्धं सगकट्ठाओ हवंति सविकंपा ।
जे सगविक्खंभजुया, हवंति सग मंडलंतरिया ॥१॥

આ ગાથાનો અક્ષરાર્થ આ પ્રમાણે છે–જે ચંદ્રનો અને સૂર્યનો વિકંપ થાય છે, તે કેવી રીતે થાય છે? તે બતાવે છે. સ્વવિષ્કંભયુક્ત એટલેકે પોત પોતાના મંડળ વિષ્કંભ પરિમાણ સહિત હોય છે. પોતાની કાષ્ઠાથી અર્થાત્ પોત પોતાના વિકંપ યોગ્ય ક્ષેત્ર પરિમાણનો પોત પોતાના મંડળની સંખ્યાથી ભાગ કરવાથી જે લબ્ધ થાય છે, એટલા પ્રમાણનો તે સ્વવિષ્કંભ થાય છે. જેમકે–સૂર્યના વિકંપક્ષેત્રની કાષ્ઠા પાંચસો દસ યોજનની હોય છે. આની નિષ્પત્તિ આજ સૂત્રમાં પહેલાં બતાવવામાં આવી ગયેલ છે. તેના એકસઠ ભાગ કરવા માટે એકસઠને ગુણવાથી ૫૧૦+૬૧=૩૧૧૧૦ એકત્રીસ હજાર એકસો દસ થાય છે. વિકંપક્ષેત્રમાં સૂર્યનામંડળ ૧૮૩ એકસો ત્યાશી હોય છે. તેના યોજન બનાવવા માટે એકસોત્યાશી મંડળને એકસઠથી ગુણવા ૧૮૩+૬૧=૧૧૧૬૩ અગ્યાર હજાર એકસો ત્રેસઠ થાય છે આસંખ્યા થી પહેલાંની સંખ્યા કે જે ૩૧૧૧૦ એકત્રીસહજાર એક સોદસની છે તેના ભાગ કરવા જેમકે–૩૧૧૧૦÷૧૧૧૬૩=૨ $\frac{૮૭૮૪}{૧૧૧૬૩}$ બે યોજન અને શેષ

ઉપરમાં ૮૭૮૪ આઠહજાર સાતસો ચોર્યાંથી અને એકસઠિયા ભાગ કરવા માટે શેષરાશી જે ૨ $\frac{૮૭૮૪}{૧૧૧૬૩}$ છે તેમાં હરાંશ જે ૧૮૩ એકસો ત્યાસી છે. તેની અપવર્તના કરવી $\frac{૮૭૮૪}{૧૧૬૩}\div\frac{૬૮૩}{૧૦૨}=\frac{૪૮}{૬૧}$ આ રીતે એકસાઠિયા અડતાલીસભાગ લબ્ધ થાય છે. $\frac{૪૮}{૬૧}$ આટલુંજ પરિમાણુ એક સૂર્યના વિકંપનું હોય છે.

ચંદ્રના વિકમ્પન ક્ષેત્રની કાષ્ઠા પાંચસો નવ ૫૦૯ યોજનની તથા એક યોજનના એકસઠિયા ત્રેપન ભાગનું છે, ૫૦૯+$\frac{૫૩}{૬૧}$ અહીંયાં ગણિત પ્રક્રિયાથી યોજનના એકસઠિયા ભાગ કરવા માટે એકસાઈઠથી ગુણવા ૫૦૯×૬૧=૩૧૦૪૯ એકત્રીસ હજાર અને ઓગણુ-પચાસ થાય છે, ૩૧૦$\frac{૪૯}{૬૧}$+૫૩=$\frac{૩૧૧૦૨}{૬૧}$ ઉપર રહેલા એકસઠિયા ત્રેપન ભાગ તેમાં મેળવો તો અંશ સ્થાનમાં એકત્રીસ હજાર એકસો બે ૩૧૧૦૨ તથા હરસ્થાનમાં એકસઠ રહે છે. $\frac{૩૧૧૦૨}{૬૧}$ ચંદ્રના વિષ્કંભ ક્ષેત્રમાં ચૌદમંડળો હોય છે, તેના યોજન બનાવવા માટે ચૌદને એકસસઠથી ગુણવા તો ૧૪×૬૧=૮૫૪ આઠસો ચોપન થાય છે. આજ વાસ્તવિક છેદરાશી છે તેથી પહેલાંની રાશી જે ૩૧૧૦૨ એકત્રીસ હજાર એકસો બે તેનાથી વાસ્ત-વિક છેદ રાશિનો ભાગ કરવો ૩૧૧૦૨÷૮૫૪=૩૬ $\frac{૩૫૮}{૮૫૪}$ આ રીતે છત્રીસ યોજન પુરા તથા ત્રણુસો અટ્ઠાવન અંશ સ્થાનમાં શેષ રહે છે. તથા હર સ્થાનમાં પહેલાની રાશી જે ૮૫૪ આઠસો ચોપનની છે એજ શેષ રહે છે. હવે એકસઠ ભાગ લાવવા હરાંશમાં $\frac{૩૫૮}{૮૫૪}$ આઠસો અઠાવનને ચૌદથી અપરિવર્તિત કરવા, પરંતુ અંશ સ્થાનમાં અપવર્તન ક્રિયાથી પરિવર્તિત નથી થતા શેષ આઠ વધે છે. જેમ કે−$\frac{૩૫૮}{૮૫૪}\div\frac{૧૪}{૧૪}=૨૫\times\frac{૮}{\frac{૧૪}{૬૧}}=\frac{૨૫}{૬૧}\times\frac{૮}{\frac{૧૪}{૬૧}}$ આ રીતે એકસઠિયા પચીસ ભાગ રહે છે. હવે સાત ભાગ કરવા માટે સાતથી ગુણવા. $\frac{૮\times૭}{\frac{૧૪}{૬૧}}=\frac{૫૬}{\frac{૧૪}{૬૧}}=\frac{૪}{૬૧}$ આ રીતે છપ્પન આવે છે, આને ચૌદથી ભાગ કરવામાં આવે છે. તો એકસઠિયા ચાર આવે છે. $\frac{૪}{૬૧}$ આટલું પરિમાણુ એક એક ચંદ્રવિકંપનું હોય છે, આ રીતે ચંદ્ર અને સૂર્યના વિકંપ ક્ષેત્રની કાષ્ઠા તથા ચંદ્રમંડળ અને સૂર્યમંડળનું પરસ્પર અંતર કહેલ છે. હવે પ્રસ્તુત વિષય કહેવામાં આવે છે. એ સર્વાભ્યંતર ચંદ્રમંડળમાં સર્વાભ્યંતર સૂર્ય-

મંડળ સર્વ રીતે આભ્યંતર પ્રવિષ્ટ થયેલ છે. કેવળ એકસઠિયા આઠ ભાગ ચંદ્રમંડળના બહાર શેષ હોય છે. ચંદ્રમંડળથી સૂર્યમંડળ એકસઠિયા આઠ ભાગ હીન હોવાથી તે પછી બીજા ચંદ્રમંડળ પછી અપાન્તરાળમાં બાર સૂર્યના માર્ગ હોય છે, જેમ કે—ચંદ્રમંડળનું અંતર પાંત્રીસ યોજન અને એક યોજનના એકસઠિયા ત્રીસ ભાગ તથા એકસઠિયા ચાર ભાગના સાત ભાગ થાય છે. તેમાં એક યોજનના એકસઠ ભાગ કરવા માટે એકસઠથી ગુણવા એ રીતે ગુણાકાર કરીને ઉપરના એકસઠિયા ત્રીસભાગને મેળવે તો એકવીસસો ૨૧૬૫/૬૧ પાંસઠ થાય છે. સૂર્યનો વિકંપ બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ ૨ ૪૮/૬૧ થાય છે, બે યોજનને એકસઠથી ગુણવા ૨+૬૧=૧૨૨ તો એકસોબાવીસ થાય છે. અહીં ઉપરના એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગને મેળવે તો ૧૨૨+૪૮ =૧૭૦/૬૧ એકસોસિત્તેર અંશસ્થાનમાં તથા હરસ્થાનમાં એજ પહેલાની એકસઠની રાશી રહે આ સંખ્યાથી પહેલાની રાશીનો ભાગ કરવો જેમકે ૨૧૬૫/૬૧ ÷ ૧૭૦/૬૧ = ૨૧૬૫/૬૧ × ૬૧/૧૭૦ = ૨૧૬૫/૧૭૦ =૧૨ ૧૨૫/૧૭૦ આરીતે પૂરા બાર થાય છે, આટલા પ્રમાણ અપાન્તરાલમાં સૂર્યના માર્ગ હોય છે. તથા ૧૨૫ એકસોપચીસ શેષ રહે છે. અહીંયાં એકસો બત્રીસથી બાર સૂર્ય માર્ગની ઉપર બે યોજન લબ્ધ થાય છે. તથા એકસઠિયા ત્રણ ભાગ શેષ રહે છે. ૨ ૩/૬૧ જે પહેલા ચંદ્રમંડળમાં સૂર્યમંડળથી શેષ એકસઠિયા આઠ ભાગ છે તેને અહીં મેળવવાથી એકસઠિયા અગ્યાર થાય છે. ૩/૬૧ + ૮/૬૧ = ૧૧/૬૧ આથી એમ સમજાય છે કે—જે બાર સૂર્યમાર્ગની ઉપર તથા બીજા ચંદ્રમંડળની પછી બે યોજન અને એકસઠિયા એક યોજનના અગ્યાર ભાગ તથા એક એકસઠિયા ચાર ભાગના સાતભાગ થાય છે. ત્યાં બે યોજન પછી સૂર્યમંડળ હોય છે. તેથી બીજા મંડળ પછી અભ્યંતરમાં પ્રવિષ્ટ થયેલ સૂર્યમંડળને એકસઠિયા અગ્યાર ભાગના સાતિયા ચાર ભાગ રહે છે. તે પછી એકસઠિયા છત્રીસભાગ તથા એકસઠિયા એક ભાગ સહિત સાત ભાગ આટલું પ્રમાણ સૂર્યમંડળ અને ચંદ્રમંડળમાં મળેલ હોય છે. તે પછી ચંદ્રમંડળ સૂર્યમંડળથી બહાર નીકળે છે. તે એકસઠિયા ઓગણીસભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ચારભાગ થાય છે. તે પછી ફરી ત્રીજામંડળ પછી યથોક્ત પરિમાણનું અંતર થાય છે, જે આ પ્રમાણે છે. પાંત્રીસ યોજન અને એક યોજનના એકસઠિયા ત્રીસ ભાગ તથા એકસઠિયા એકભાગના સાતિયા ચારભાગ થાય છે, આટલા અંતરમાં બાર સૂર્ય માર્ગ હોય છે. તથા ઉપર બે યોજન અને એક યોજનના એકસઠિયા ત્રણ ભાગ તથા એકસઠિયા એકભાગના સાતિયા ચારભાગ રહે છે. અહિંયાં પૂર્વોક્ત બીજા ચંદ્રમંડળ સંબંધી સૂર્યમંડળની બહારના એકસઠિયા ઓગણીસ ભાગ થાય છે, તેમાં એકસઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગ મેળવે તો એકસઠિયા તેવીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા એક ભાગ થાય છે. આથી એ ફલિત

થાય છે કે બીજા ચંદ્રમંડળની ઉપર બાર સૂર્યમાર્ગ હોય છે. બાર સૂર્યમાર્ગ પર બે યોજન જવાથી સૂર્યમંડળ હોય છે. એ મંડળ ત્રીજા ચંદ્રમંડળની પછી આભ્યંતરમાં પ્રવિષ્ટ થયેલ એકસઠિયા તેવીસ ભાગ તથ એકસઠિયા એક ભાગના સાતમા ભાગ ૩૫ હોય છે, તથા એકસઠિયા ચોવીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા છ ભાગ શેષ રહે છે,આટલો સૂર્યમંડળનો ભાગ ત્રીજા ચંદ્રમંડળમાં મળેલ રહે છે. તે પછી ત્રીજું ચંદ્રમંડળ સૂર્યમંડની બહાર નીકળેલ એકસઠિયા એકત્રીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા એક ભાગ $\frac{૩૧}{૬૧}+\frac{૧}{૭}$ આટલો ભાગ ચંદ્રમંડળની બહાર રહે છે. આ રીતે ફરી ચંદ્રમંડળનું યથોક્ત અંતર કહ્યું તેમાં બાર સૂર્યમાર્ગ હોય છે. બાર સૂર્યમાર્ગની ઉપર બે યોજન અને એક યોજનના એકસઠિયા ત્રણ ભાગ અને એક યોજનના એકસઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગ પર અહીં ત્રીજા ચંદ્રનો સૂર્યમંડળથી બહાર રહેલ એકસઠિયા એક-ત્રીસમો ભાગ તથા એક યોજનનો એકસઠિયા ભાગનો સાતિયા એક ભાગને તેમાં જોડે તો એકસઠિયા ચોત્રીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગ થાય છે. આથી એમ જણાય છે કે ત્રીજા ચંદ્રમંડળની ઉપર બાર સૂર્યમાર્ગ હોય છે, તથા બાર સૂર્યમાર્ગની પછી બે યોજન જવાથી સૂર્યમંડળ હોય છે, તે ચોથા ચંદ્રમંડળની પછી અભ્યંતરમાં પ્રવિષ્ટ થયેલ એકસઠિયા ચોત્રીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગ હોય છે. અને સૂર્યમંડળના એકસઠિયા તેર ભાગ તથા એકસઠિયા એક ભાગના બે ભાગ શેષ રહે છે, આટલું પ્રમાણુ ચોથા મંડળમાં મળેલ ચોથાચંદ્રમંળનું સૂર્ય-મંડળથી બહાર નીકળેલ એકસઠિયા બેંતાલીસ ભાગ, તથા એકસઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગ હોય છે, તે પછી ફરીથી ચંદ્રમંડળનું યથોક્ત પરિમાણુ કહ્યું, ત્યાં બાર સૂર્ય-માર્ગ હોય છે, બાર સૂર્યમાર્ગની ઉપર બે યોજન તથા એકસઠિયા ત્રણ ભાગ અને એક યોજનના એકસઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગ થાય છે. તેમાં પહેલાના ચોથા ચંદ્રમંડળના સૂર્યમંડળથી બહાર નીકળેલ એકસઠિયા બેંતાલીસ ભાગ તથા એકસઠિયા

એક ભાગના સાતિયા પાંચ ભાગ થાય છે, તેને અહીંની રાશીમાં મેળવવામાં આવે તો એકસઠિયા છેંતાલીસ ભાગ તથા એકસઠિયા બે ભાગનો સાતમો ભાગ થાય છે. આથી અહીંયાં એમ સમજવું કે-ચોથા ચંદ્રમંડળની ઉપર બાર સૂર્ય માર્ગો હોય છે. અને બાર સૂર્યમાર્ગ પર બે યોજન જેટલું જવાથી સૂર્યમંડળ હોય છે. એ સૂર્યમંડળ પાંચમા ચંદ્રમંડળની પછી આભ્યંતરમાં પ્રવિષ્ટ થાય છે, તે એકસઠિયા છેંતાલીસ ભાગ તથા એક-સઠિયા એક ભાગના સાતિયા બે ભાગ હોય છે. તથા સૂર્યમંડળનો એકસઠિયા ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગ શેષ રહે છે. આટલું પ્રમાણ પાંચમાં ચંદ્ર-મંડળમાં મળેલ હોય છે. એ પાંચમા ચંદ્રમંડળનો સૂર્યમંડળથી બહાર નીકળેલ એકસઠિયા ચોપન ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા બે ભાગ થાય છે, આ રીતે પાંચ સર્વાભ્યંતર ચંદ્રમંડળ સૂર્યમંડળથી મળેલ હોય છે. ચાર ચંદ્રમંડળોમાં બાર બાર સૂર્ય માર્ગો હોય છે. આ સારાંશ છે.

હવે છથી લઇને દસમા સુધીના પાંચ ચંદ્રમંડળો કે જે સૂર્યમંડળને સ્પર્શ કરતા નથી તેનું કથન કરવામાં આવે છે. તેમાં પાંચમા ચંદ્રમંડળની પછી છટ્ઠા ચંદ્રમંડળને અધિકૃત કરીને કહેવાય છે કે તેનું અંતર પાંત્રીસ યોજન અને એક યોજનના એકસઠિયા ત્રીસ ભાગ અને એકસઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગ હોય છે, તેમાં પાંત્રીસ યોજનના એકસઠ ભાગ કરવા માટે ગણિત ક્રિયાથી એકસઠથી ગુણવા. એવી રીતે ગુણીને ઉપરનો એકસઠિયા એકત્રીસમો ભાગ તેમાં મેળવવો તો બે હજાર એકસો પાંસઠ ૨૧૬૫ થાય છે. તથા પાંચમા ચંદ્રમંડળનો સૂર્યમંડળથી બહાર નીકળેલ જે એકસઠિયા ચોપનમો ભાગ તથા એકસઠિયા બે ભાગના સાત ભાગો છે. તેને એમાં મેળવો તો બાવીસસો ઓગણીસ ૨૨૧૯ થાય છે. સૂર્યનો વિકંપ બે યોજન અને એક યોજનના એકસઠિયા અડતાલીસ ભાગ અધિક છે, તેમાં બે યોજનને એકસઠથી ગુણવાથી એકસઠિયા એકસો

બાવીસ થાય છે. તે પછી ઉપરના એનસઠિયા અડતાલીસ ભાગને તેમાં મેળવો તો એકસો સિત્તેર ૧૭૦ થાય છે, આનાથી પૂર્વરાશીનો ભાગ કરવો તો તેર આવે છે. અને શેષ નવ વધે છે. તથા એકસઠિયા એક ભાગના સાતિયા છ ભાગ રહે છે. આ રીતે અહિયાં એ ફલિત થાય છે કે-પાંચમા ચંદ્રમંડળની ઉપર તેર સૂર્યમાર્ગો હોય છે, તથા તેર માર્ગની ઉપર છટ્ટા ચંદ્રમંડળની પછી એક યોજનના એકસઠિયા નવ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા છ ભાગની પછી છટ્ઠું, ચંદ્ર મંડળ આવે છે, તે એક સઠિયા છપ્પન ભાગ રૂપ હોય છે, તેની ઉપરના સૂર્યમંડળની પછી એકસઠિયા છપ્પન ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા એક ભાગની પછી સૂર્યમંડળ આવે છે તે એક-સઠિયા ભાગના એકસો ચાર ભાગ તથા એક ભાગના સાતિયા એક ભાગથી ન્યૂન હોય છે. આ રીતે ચંદ્રમંડળની પછીનું યથોક્ત પ્રમાણ થઈ જાય છે, એ સૂર્યમંડળની પછી બીજા બાર સૂર્યમાર્ગ થઇ જાય છે, એ બધાને મેળવવાથી એ અંતરમાં તેર સૂર્યમાર્ગ થઈ જાય છે. એ તેર સૂર્યમાર્ગની ઉપરના સાતમા ચંદ્રમંડળની પછી એકસઠિયા એકવીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ત્રણ ભાગનું અંતર રહે છે, તે પછી સાતમું ચંદ્રમંડળ આવે છે. એ સાતમા ચંદ્રમંડળની પછી એકસઠિયા ચુંમાળીસ ભાગ તથા એક-સઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગમાં સૂર્યમંડળ હોય છે, તે પછી એકસઠિયા બાણુ એક એકસઠિયા ભાગના સાતિયા ચાર ભાગ ન્યૂન ચંદ્રમંડળના અંતરનું યથોક્ત પ્રમાણ થઈ જાય છે. અર્થાત્ તેની ઉપર બીજા બાર સૂર્યમાર્ગો લભ્ય થાય છે. તે પછી એ અંત-રમાં પણ સર્વસંકલન કરવાથી તેર સૂર્યમાર્ગો થઈ જાય છે, તેર સૂર્યમાર્ગની બહાર આઠમા ચંદ્રની પછીનું અંતર એકસઠિયા તેત્રીસ ભાગનું થાય છે. તે પછી આઠમું ચંદ્રમંડળ આવે છે. આઠમા ચંદ્રમંડળથી પર એકસઠિયા તેત્રીસ ભાગમાં સૂર્યમંડળ હોય છે. એકસઠિયા એકાશી ભાગથી ન્યૂન ચંદ્રમંડળનું અંતર યથોક્ત પ્રકારથી થાય છે, તેની

આગળ બીજા બાર સૂર્યમાર્ગો હોય છે, એ અંતરમાં બધાને મેળવવાથી તેર સૂર્યમાર્ગો થઇ જાય છે, તેર સૂર્યમાર્ગની આગળ અને નવમા ચંદ્રમંડળની પછી એકસઠિયા ચુંમાળીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગની પછી નવમું ચંદ્રમંડળ આવે છે એ નવમા ચંદ્રમંડળની પછી એકસઠિયા એકવીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ત્રણ ભાગથી સૂર્યમંડળ દષ્ટિગોચર થાય છે, તે પછી એકસઠિયા અઠયોતેર ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ત્રણ ભાગથી ન્યૂન યથોક્ત પ્રમાણના અંતરમાં ચંદ્રમંડળ હોય છે, અહીંયાં બીજા બાર સૂર્યમાર્ગો હોય છે. આ અંતરમાં બધાને મેળવવાથી તેર સૂર્યમાર્ગો થઈ જાય છે, આ તેર સૂર્યમાર્ગની ઉપર દસમા ચંદ્રમંડળની પછીનું અંતર એકસઠિયા છપ્પન ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા એક ભાગ હોય છે. તે પછી દસમું ચંદ્રમંડળ આવે છે. એ દસમા ચંદ્રમંડળની પછી એકસઠિયા નવ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા સાત ભાગમાં સૂર્યમંડળ હોય છે, તે પછી એકસઠિયા સત્તાવન ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા છ ભાગ ન્યૂન પૂર્વોક્ત પરિમાણ ચંદ્રમંડળના અંતરનું હોય છે. તે પછી ફરીથી બાર સૂર્યમાર્ગો હોય છે આ અંતરમાં બધાનું સંકલન કરવાથી તેર સૂર્યમાર્ગ થાય છે. એ તેર સૂર્યમાર્ગની ઉપર અને અગ્યારમા ચંદ્રમંડળની પછીનું અંતર એકસઠિયા સડસઠ ભાગ તથા સાઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગનું હોય છે, આ રીતે છથી લઈને દસમા સુધીના પાંચ ચંદ્રમંડળો સૂર્યથી મળ્યા વગરના હોય છે, છ ચંદ્રમંડળના અંતરોમાં તેર સૂર્યમાર્ગો સિદ્ધ થાય છે. હવે તેના અંતરનું કથન કરવામાં આવે છે. અગીયારમા ચંદ્રમંડળમાં એકસઠિયા ચોપન ભાગના સાતિયા બે ભાગ આટલું પ્રમાણ સૂર્યમંડળના અભ્યંતરમાં પ્રવેશેલ હોય છે. તથા એકસઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગ આટલું પ્રમાણ સૂર્યમંડળમાં મળેલ રહે છે. અગીયારમા ચંદ્રમંડળથી બહાર નીકળેલ સૂર્યમંડળ એકસઠિયા છેંતાલીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા બે ભાગ થાય છે, આગળના ચંદ્રમંડળના અંતરથી આટલું હીન પરિમાણ હોય છે. અહીંયાં બાર સૂર્યમાર્ગો હોય છે. તેની ઉપર એકસઠિયા ઓગણ્યાસી ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા બે ભાગ પર બારમું ચંદ્રમંડળ આવે છે, એ બારમું ચંદ્રમંડળ સૂર્યમંડળની અંદર પ્રવિષ્ટ એકસઠિયા બેંતાલીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગ હોય છે. તથા એક યોજનના એકસઠિયા તેર ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા બે ભાગ શેષ રહે છે. આટલું પરિમાણ સૂર્યમંડળમાં મળેલ હોય છે એ બારમાં ચંદ્રમંડળની બહાર નીકળેલ સૂર્યમંડળ એક યોજનના એકસઠિયા ચોત્રીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા પાંચ ભાગ હોય છે, આટલું પરિમાણ ન્યૂન પછીના ચંદ્રમંડળનું હોય છે, ત્યાં બાર સૂર્યમાર્ગો હોય છે. બાર સૂર્યમાર્ગની ઉપર એકસઠિયા નેવુંમા ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા

છ ભાગથી તેરમું ચંદ્રમંડળ હોય છે. એ તેરમું ચંદ્રમંડળ સૂર્યમંડળની અંદર પ્રવેશેલ દેખાય છે. કેટલું પ્રવિષ્ટ હોય છે તે બતાવે છે.—એક યોજનના એકસઠિયા એકત્રીસ તથા એકસઠિયા એક ભાગના સાતિયા એક ભાગ પ્રવિષ્ટ રહે છે. તથા એકસઠિયા ચોવીસ ભાગ અને એકસઠિયા એક ભાગના સાતિયા છ ભાગ શેષ રહે છે. આટલું પ્રમાણ સૂર્યમંડળથી મળેલ હોય છે, એ તેરમા ચંદ્રમંડળની બહાર નીકળેલ સૂર્યમંડળ એકસઠિયા તેવીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા એક ભાગ પરિમાણહીન પછીનું ચંદ્રમંડળ હોય છે. ત્યાં બાર સૂર્યમાર્ગ હોય છે બાર સૂર્યમાર્ગની પછી એકસઠિયા ભાગના એકસો બે ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ત્રણ ભાગ પછી ચૌદમું ચંદ્રમંડળ હોય છે, તે ચૌદમું ચંદ્રમંડળ સૂર્યમંડળની અભ્યંતરમાં પ્રવિષ્ટ એકસઠિયા ઓગણીસ ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગ હોય છે, તથા એકસઠિયા તીસ ભાગ અને એકસઠિયા એક ભાગના સાતિયા ત્રણ ભાગ શેષ રહે છે. આટલું પરિમાણ સૂર્યમંડળમાં મળેલ હોય છે, એ ચૌદમા ચંદ્રમંડળથી બહાર નીકળેલ સૂર્યમંડળ એકસઠિયા અગ્યાર ભાગ તથા એકસઠિયા એક ભાગના સાતિયા ચાર ભાગ આટલું પરિમાણહીન ચંદ્રમંડળના અંતરનું યથોક્ત રૂપથી થઇ જાય છે. ત્યાં બાર સૂર્યમાર્ગ હોય છે. બાર સૂર્યમાર્ગની ઉપર એક સઠિયા ભાગના એકસો ચૌદ ભાગ પર પંદરમું ચંદ્રમંડળ હોય છે, તે પંદરમું ચંદ્રમંડળ સર્વાન્તિમ સૂર્યમંડળની પછી અભ્યંતરમંડળમાં એકસઠિયા ભાગ પ્રવિષ્ઠ હોય છે, તથા શેષ એકસઠિયા અડતાલીસ ભાગ સૂર્યમંડળને મળેલ હોય છે, આ રીતે અગ્યારમા ચંદ્ર મંડળથી લઇને પંદર સુધીના પાંચ ચંદ્રમંડળો સૂર્યમંડળમાં મળેલ હોય છે, તથા છેલ્લા ચાર ચંદ્રમંડળના અંતરમાં બાર બાર સૂર્યમાર્ગો હોય છે, આ રીતે જે અન્યત્ર ચંદ્ર-મંડલાન્તરમાં સૂર્યમાર્ગનું પ્રતિપાદન કરેલ છે. ત્યાં તેર સૂર્યમાર્ગો થાય છે એ પ્રમાણે

અન્ય આચાર્યોનો મત છે. કહ્યું પણ છે—

चंदंतरेसु अट्ठसु अब्भिंतर बाहिरेसु सूरस्स ।
बारस बारस मग्गा, छसु तेरस तेरस भवंति ॥१॥

પરંતુ આ કથન પણ વિસંવાદી છે, યથાર્થ વસ્તુતત્વ તો દરેકમંડળના નિર્ણયમાં શ્રી ભગવાન્ મહાવીરસ્વામીએ જે પ્રતિપાદન કરેલ છે તે જ યથાર્થ છે, અધિક વિસ્તારથી કંઈ પ્રયોજન નથી. ॥ સૂ૦ ૪૫ ॥

શ્રી જૈનાચાર્ય—જૈનધર્મદિવાકર—પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ
સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં
દસમા પ્રાભૃતનું અગીયારમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૦–૧૧ ॥

## સવેં પ્રાભૃત કા બારહવાં પ્રાભૃતપ્રાભૃત

બારમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ :—(योगे किं ते खलु आख्याता) યોગના વિષય સંબંધી સૂત્ર દ્વયાત્મક દશમા પ્રાભૃતના અગીયારમા પ્રાભૃતપ્રાભૃતમાં સામાન્ય રીતે મંડળરૂપ ચંદ્રમાર્ગનું અને સૂર્યમાર્ગનું સારી રીતે કથન કરીને હવે આ બારમા પ્રાભૃતપ્રાભૃતમાં અર્થાધિકાર સૂત્રથી નક્ષત્રોના દેવતાઓના વિષયમાં અધ્યયન કરવાની ઇચ્છાથી એ વિષયના સંબંધમાં પ્રશ્નસૂત્ર કહે છે-(ता कहं ते णक्खत्ता णं देवयाणं अज्झयणा आहिएत्ति वएज्जा) શ્રી ગૌતમસ્વામી પૂછે છે—કે હે ભગવાન્ બીજું પણ પૂછવાનું છે કે કયા આધારથી અને કઈ રીતે આપે અભિજીત્ વિગેરે અઠ્યાવીસ નક્ષત્રોના અધિપતિ દેવોના અધ્યયનો એટલે કે જેનાથી જાણી શકાય તે અધ્યયન અર્થાત્ નામ અર્થાત્ નક્ષત્રોના અધિપતિ દેવોના નામ વિશિષ્ટ નક્ષત્રોના નામોનું પ્રતિપાદન

કર્યું છે ? તે આપ કહો. આ રીતે શ્રી ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછીને ફરીથી પૂછે છે કે-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अभिई णक्खत्ते किं देवयाए पण्णत्ते) આ પૂર્વોક્ત અઠયાવીસ નક્ષત્રોમાં સર્વ પ્રથમ યુગના આદિ પ્રવર્તક અભિજીત્ નામનું નક્ષત્ર છે, તેના અધિપતિ દેવનું નામ શું છે? અર્થાત્ અભિજીત્ નક્ષત્રના સ્વામી કયા દેવ પ્રતિપાદિત કરેલ છે? તે આપ કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રી ભગવાન્ કહે છે-(ता बंभदेवयाए पण्णत्ते) અભિજીત્ નક્ષત્ર બ્રહ્મા નામના દેવતાવાળું કહેલ છે, અર્થાત્ અભિજીત નક્ષત્રના સ્વામી બ્રહ્માદેવ છે, શ્રી ગૌતમસ્વામી- ता सवणे णक्खत्ते किं देवयाए पण्णत्ते) શ્રવણ નક્ષત્રના સ્વામી કયા દેવ છે? શ્રી ભગવાન્-(ता विण्हुदेवयाए पण्णत्ते) શ્રવણ નક્ષત્રના સ્વામી વિષ્ણુદેવ છે, એમ પ્રતિપાદિત કરેલ છે, શ્રી ગૌતમસ્વામી-(ता धणिट्ठा णक्खत्ते किं देवयाए पण्णत्ते) ધનિષ્ઠા નક્ષત્રના અધિપતિ કયા દેવ છે? શ્રી ભગવાન્-(ता वसुदेवयाए पण्णत्ते) ધનિષ્ઠા નક્ષત્રના અધિપતિ વસુદેવ છે, શ્રી ગૌતમસ્વામી-(ता सयभिसया णक्खत्ते किं देवयाए पण्णत्ते) શતભિષા નક્ષત્રના સ્વામી કયા દેવ કહેલ છે? શ્રી ભગવાન્-(ता वरुणदेवयाए पण्णत्ते) શતભિષા નક્ષત્રના અધિપતિ વરૂણદેવ કહેલ છે. શ્રી ગૌતમસ્વામી-(ता पुव्वापोट्ठवया णक्खत्ते किं देवयाए पण्णत्ते) પૂર્વાપ્રૌષ્ઠપદા અર્થાત્ પૂર્વાભાદ્રપદા નક્ષત્રના અધિપતિ કયા દેવ પ્રતિપાદિત કરેલ છે? શ્રી ભગવાન્-(ता अजदेवयाए पण्णत्ते) પૂર્વાભાદ્રપદા નક્ષત્રના સ્વામી અજ એટલે કે બ્રહ્માદેવ કહેલ છે, શ્રી ગૌતમસ્વામી-(ता उत्तरापोट्ठवया णक्खते किं देवयाए पण्णत्ते) ઉત્તરાપ્રૌષ્ઠપદા એટલે કે ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રી ભગવાન્-(ता अहिवड्ढि देवयाए पण्णत्ते) અહિર્બુધ્ન અર્થાત્ સૂર્ય ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના સ્વામી કહેલ છે, અહિર્બુધ્ન એ સૂર્યનું જ બીજું નામ છે, (एवं सव्वे वि पुच्छिज्जंति) આ પૂર્વોક્ત કથનાનુસાર બધા જ નક્ષત્રોના નામ લઈને દેવતા સંબંધી પ્રશ્નોત્તર રૂપે કહી લેવું, જેમ કે-શ્રી ગૌતમસ્વામી પૂછે છે (ता रेवइ णक्खत्ते किं देवयाए पण्णत्ते) રેવતી નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રી ભગવાન્-(ता रेवइ णक्खत्ते पुस्सदेवयाए पण्णत्ते) રેવતી નક્ષત્રના સ્વામી પૂષા નામના દેવ છે અર્થાત્ પૂષા એ નામ સૂર્યનું જ છે, તેથી રેવતી નક્ષત્રના સ્વામી સૂર્ય જ હોય છે. શ્રી ગૌતમસ્વામી-(ता अस्सिणी णक्खत्ते किं देवयाए पण्णत्ते) અશ્વિની નક્ષત્રના અધિપતિકયા દેવ કહેલછે? શ્રી ભગવાન્-(ता अस्सिणी णक्खत्ते अस्स देवयाए पण्णत्ते) અશ્વિની નક્ષત્રનાસ્વામી અશ્વિનીકુમાર નામના દેવ કહેલ છે, શ્રીગૌતમસ્વામી-(ता भरणी णक्खत्ते किं देवयाए पण्णत्ते)ભરણી નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રી ભગવાન્-(ता भरणी णक्खत्ते

जमदेवयाए पण्णत्ते) ભરણી નક્ષત્રના અધિપતિ યમ નામના દેવ છે. શ્રી ગૌતમસ્વામી-(ता कत्तियाणक्खत्ते किं देवयाए पण्णत्ते) કૃતિકા નક્ષત્રના સ્વામી કયા દેવ વિશેષ કહેલ છે? શ્રી ભગવાન્-(ता कत्तिया णक्खत्ते अग्गि देवयाए पण्णत्ते) કૃત્તિકા નક્ષત્રના અધિપતિદેવ અગ્નિદેવ કહેલ છે. શ્રી ગૌતમસ્વામી-(ता रोहिणी णक्खत्ते किं देवयाए पण्णत्ते) રોહિણી નક્ષત્રના અધિપતિ દેવ કયા દેવ વિશેષ કહેલ છે? શ્રી ભગવાન્-(ता रोहिणी णक्खत्ते पयावइ देवयाए पण्णत्ते) રોહિણી નક્ષત્રના અધિપતિ પ્રજાપતિ નામના દેવ વિશેષ કહેલા છે. શ્રી ગૌતમસ્વામી-(ता मग्गसिरा णक्खत्ते किं देवयाए पण्णत्ते) મૃગશિરા નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રી ભગવાન્-(ता मग्गसिरा णक्खत्ते सोमदेवयाए पण्णत्ते) સોમ નામના દેવ મૃગશિરા નક્ષત્રના અધિપતિ કહેલ છે, સોમદેવતા ચંદ્રને કહે છે. શ્રી ગૌતમસ્વામી-(ता अद्दा णक्खत्ते किं देवयाए पण्णत्ते) આર્દ્રા નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રી ભગવાન્-(ता अद्दा णक्खत्ते रुद्ददेवयाए पण्णत्ते) આર્દ્રા નક્ષત્રના અધિપતિ રૂદ્રદેવ કહેલ છે, રૂદ્ર નામ શંકરનું છે. શ્રી ગૌતમસ્વામી- (ता पुणव्वसू णक्खत्ते किं देवयाए पण्णत्ते) પુનર્વસુ નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રી ભગવાન્-(ता पुणव्वसू णक्खत्ते अदिइ देवयाए पण्णत्ते) પુનર્વસુ નક્ષત્રની અધિષ્ઠાત્રી અદિતિ નામની દેવી કહેલ છે. શ્રી ગૌતમસ્વામી- (ता पुस्सो णक्खत्ते किं देवयाए पण्णत्ते) પુષ્ય નક્ષત્રના અધિપતિ દેવનું નામ શું છે? શ્રી ભગવાન્ (ता पुस्सो णक्खत्ते बहस्सइ देवयाए पण्णत्ते) પુષ્ય નક્ષત્રના અધિપતિ દેવનું નામ બૃહસ્પતિ છે, શ્રી ગૌતમસ્વામી-(ता अस्सेसा णक्खत्ते किं देवयाए पण्णत्ते) અશ્લેષા નક્ષત્રના અધિપતિ કયા દેવ પ્રતિપાદિત કરેલ છે? શ્રી ભગવાન્-(ता अस्सेसा णक्खत्ते सप्प देवयाए पण्णत्ते) અશ્લેષા નક્ષત્રના અધિપતિ સર્પદેવતા પ્રતિપાદિત કરેલ છે. શ્રી ગૌતમસ્વામી-(ता महा णक्खत्ते किं देवयाए पण्णत्ते) મઘા નક્ષત્રના સ્વામી કયા દેવ કહેલ છે? ભગવાન્-(ता महा णक्खत्ते पितिदेवयाए पण्णत्ते) મઘાનક્ષત્રના સ્વામી ચંદ્રની ઉપર રહેનારા પિતૃદેવ કહેલ છે. શ્રી ગૌતમસ્વામી-(ता पुव्वा फग्गुणी णक्खत्ते किं देवयाए पण्णत्ते) પૂર્વાફાલ્ગુની નક્ષત્રના અધિપતિ કયા દેવ હોય છે? શ્રી ભગવાન્-(ता पुव्वाफग्गुणी णक्खत्ते भगदेवयाए पण्णत्ते) પૂર્વાફાલ્ગુની નક્ષત્રના અધિપતિ ભગ નામના દેવ છે. ભગ એ સૂર્યનું જ નામ છે, શ્રી ગૌતમસ્વામી--(ता उत्तराफग्गुणी णक्खत्ते किं देवयाए पण्णत्ते) ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના અધિપતિ કયા દેવ હોય છે? શ્રી ભગવાન-(ता उत्तराफग्गुणी णक्खत्ते अज्जम देवयाए पण्णत्ते) ઉત્તરાફાલ્ગુની

નક્ષત્રના અધિપતિ અર્યમા નામના દેવ પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી-(ता हत्थे णक्खत्ते किं देवयाए पण्णत्ते) હસ્ત નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રીભગવાન્-(ता हत्थे णक्खत्ते सविया देवयाए पण्णत्ते) હસ્ત નક્ષત્રના અધિપતિ સવિતા-સૂર્યદેવ પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી-(ता चित्ता णक्खत्ते किं देवयाए पण्णत्ते) ચિત્રાનક્ષત્રનાસ્વામી કયા દેવ કહેલ છે? શ્રીભગવાન્-(ता चित्ता णक्खत्ते तट्ठदेवयाए पण्णत्ते) ચિત્રા નક્ષત્રના અધિપતિદેવ તક્ષનામનો સર્પ વિશેષ કહેલ છે. શ્રીગૌતમસ્વામી-(ता साई णक्खत्ते किं देवयाए पण्णत्ते) સ્વાતી નક્ષત્રના અધિપતિ કયા દેવ પ્રતિપાદિત કરેલ છે? શ્રીભગવાન્-(ता साई णक्खत्ते वायुदेवयाए पण्णत्ते) સ્વાતીનક્ષત્રના સ્વામી વાયુદેવ કહેલ છે. શ્રીગૌતમસ્વામી-(विसाहा णक्खत्ते किं देवयाए पण्णत्ते) વિશાખા નક્ષત્રના સ્વામી કયા દેવ હોય છે? શ્રીભગવાન્-(ता विसाहा णक्खत्ते इंदग्गी देवयाए पण्णत्ते) વિશાખા નક્ષત્રના અધિપતિ ઈન્દ્ર અને અગ્નિ બે સ્વામીવાળુ પ્રતિપાદિત કરેલ છે. શ્રીગૌતમસ્વામી-(ता अणुराहा णक्खत्ते किं देवयाए पण्णत्ते) અનુરાધા નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રીભગવાન્-(ता अणुराहा णक्खत्ते मित्त देवयाए पण्णत्ते) અનુરાધા નક્ષત્રના અધિપતિ મિત્રનામના દેવ કહેલ છે. મિત્ર એ નામ સૂર્યનું જ છે. જેથી મિત્ર નામનો સૂર્ય અનુરાધા નક્ષત્રો સ્વામી હોય છે. શ્રીગૌતમસ્વામી-(ता जिट्ठा णक्खत्ते किं देवयाए पण्णत्ते) જયેષ્ઠા નક્ષત્રના અધિપતિ દેવનું નામ શું છે? શ્રીભગવાન્-(ता जिट्ठा णक्खत्ते इंद देवयाए पण्णत्ते) જયેષ્ઠા નક્ષત્રના અધિપતિ ઈંદ્રદેવ કહેલ છે. શ્રીગૌતમસ્વામી-(ता मूले णक्खत्ते किं देवयाए पण्णत्ते) મૂલ નક્ષત્રના અધિપતિ કયા દેવ પ્રતિપાદિત કરેલ છે? શ્રી ભગવાન્-(ता मूले णक्खत्ते णिरिति देवयाए पण्णत्ते) મૂલ નક્ષત્રના અધિપતિ નિઋંતિ નામના દેવ કહેલ છે? શ્રીગૌતમસ્વામી-(ता पुव्वासाढा णक्खत्ते किं देवयाए पण्णत्ते) પૂર્વાષાઢા નક્ષત્રના અધિપતિ કયા દેવ કહેલ છે? શ્રીભગવાન્-(ता पुव्वासाढा णक्खत्ते आउ देवयाए पण्णत्ते) પૂર્વાષાઢા નક્ષત્રના અધિપતિ અપ્નામના દેવ કહેલ છે, અપ્શબ્દ જળવાચક છે. તેથી પૂર્વાષાઢા નક્ષત્રના અધિપતિ દેવ જળ છે. અર્થાત્ જલસ્વામીવાળું પૂર્વાષાઢા નક્ષત્ર કહ્યું છે. શ્રીગૌતમસ્વામી-(ता उत्तरासाढा णक्खत्ते किं देवयाए पण्णत्ते) ઉત્તરાષાઢા નક્ષત્રના સ્વામી કયા દેવ કહેલ છે? શ્રીભગવાન્-(ता उत्तरासाढा णक्खत्ते विस्स देवयाए पण्णत्ते) ઉત્તરાષાઢા નક્ષત્રના સ્વામી વિશ્વદેવા નામના દેવ પ્રતિપાદિત કરેલ છે. આ રીતે અઠયાવીસ નક્ષત્રોના પ્રશ્નોત્તર રૂપથી અલગ અલગ દેવતાઓનું પ્રતિપાદન કરેલ છે. આ વિષયમાં દેવોના નામો બતાવનારી પ્રવચન પ્રસિદ્ધ ત્રણ ગાથાઓ કહેવામાં આવેલ

છે તે ગાથાઓ સંસ્કૃત ટીકાના આ બારમા પ્રાભૃતના અંતમાં બતાવેલ છે. તે જીજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવી આ ગાથાઓનો અર્થ વ્યાખ્યામાં આવીજ ગયેલ છે. ॥ સૂ. ૪૬ ॥

દસમા પ્રાભૃતનું બારમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥૧૦-૧૨॥

## દસવેં પ્રાભૃત કા તેરહવાં પ્રાભૃતપ્રાભૃત

### તેરમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ-(योगे किं ते वत्थु आख्यातः) યોગના વિષયમાં આપના મતથી કેવી રીતે કહેલ છે? આ વિષયના સંબંધમાં દસમા પ્રાભૃતના બારમા પ્રાભૃતપ્રાભૃતમાં નક્ષત્રોના સ્વામીના સંબંધમાં વિચાર પ્રગટ કરીને હવે આ તેરમાં પ્રાભૃતપ્રાભૃના અર્થાધિકાર સૂત્રમાં મુહૂર્તોના નામોનું કથન કરવા માટે પ્રશ્ન સૂત્ર કહે છે-(ता कहं ते मुहुत्ताणं) ઈત્યાદિ શ્રીગૌતમસ્વામી પૂછે છે-(ता कहं ते मुहूत्ताणं नामधेज्जा आहिएत्ति वएज्जा) હે ભગવાન્ આપે નક્ષત્રોના સંબંધમાં સારી રીતે વિચારોનું પ્રતિપાદન કરેલ છે. હવે મુહૂર્તોના સંબંધમાં પ્રશ્ન પૂછવા ઈચ્છું છુ. કે કયા આધારથી કે કયા પ્રમાણથી આપે મુહૂર્તોનું એટલેકે અહોરાત્રમાં બે ઘડિરૂપ મુહૂર્ત પદનું નામ નામધેય એટલેકે નામનેજ નામધેય કહે છે. અહીંયાં (नामरुपभागाद्धेय) એ સૂત્રથી સ્વાર્થમાં ધેય પ્રત્યય થયેલ છે. અર્થાત્ મુહૂર્ત સંજ્ઞાવાળાનું નામ કેવી રીતે પ્રતિપાદિત કરેલ છે? આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને ઉત્તરમાં શ્રીભગવાન્ કહે છે કે-(ता एगमेगस्स णं अहोरत्तस्स तीसं मुहुत्ता पण्णत्ता) એક એક અહોરાત્રના ત્રીસ મુહૂર્તો વક્ષ્યમાણ પ્રકારથી પ્રતિપાદિત કરેલ છે. તેના નામો આ પ્રમાણે છે. (तं जहा-रोद्दे सेते मित्ते वायु सुग्गीएवि तह अभिचंदे । माहिंद बलवं बंभो बहुसच्चे चेव ईसाणे ॥१॥ तट्ठेव भावियप्पा वेसमणे वरुणेय आणंदे । विजए य वीससेणे पयावई चेव उवसमे य ॥२॥ गंधव्व अग्गिसेवे सयरिसहे आयवं च अममेय ।॥२॥ अणवंच भोगरिसहे सव्वट्ठे रक्खसे चेव ॥ ३ ॥

ત્રીસ મુહૂર્તોના નામો ક્રમથી આ પ્રમાણે છે-પહેલા મુહૂર્તનું નામ રૂદ્ર છે બીજાનું 'શ્રેયાન્' ત્રીજાનું 'મિત્રા' ચોથાનું નામ 'વાયુ' પાંચમાનું નામ 'સુગ્રીવ' છઠ્ઠાનું 'અભિચંદ્ર' સાતમું 'માહેન્દ્ર' આઠમું 'બલવાન્' નવમાનું નામ 'બ્રહ્મા' દસમું 'બહુસત્ય' અગ્યારમું

'ઇશાન' બારમું 'ત્વષ્ટા' તેરમું, 'ભાવિતાત્મા' ચૌદમું 'વૈશ્રવણ પંદરમું 'વરૂણ સોળમું 'આનંદ' સત્તરમું 'વિજયા' અઢારમું 'વિશ્વસેન' ઓગણીસમું 'પ્રજાપતિ' વીસમું 'ઉપશમ' એકવીસમું ગંધર્વ બાવીસમું 'અગ્નિવેશ્ય' તેવીસમું 'શતવૃષભ' ચોવીસમું 'આતપવાન્'પચ્ચીસમું 'અમમ'છવ્વીસમું 'ઋણવાન્' સત્યાવીસમું 'ભૌમ' અઠયાવીસમું 'વૃષભ' ઓગણત્રીસમું 'સર્વાર્થ' ત્રીસમું 'રાક્ષસ' આ રીતે ત્રણ ગાથાઓથી ત્રીસ મુહૂર્તોના નામો પ્રતિપાદિત કરેલ છે. નામના અનુરૂપ કાર્યોથી મુહૂર્તોમાં કરવાના કાર્યો મુહૂર્તોમાં કરવા જોઈએ આ કહ્યા વિના પણ સમજી લેવું. ॥ સૂ. ૪૭ ॥

દસમા પ્રાભૃતનું તેરમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૦–૧૩ ॥

## દસવેં પ્રાભૃત કા ચૌદહવાં પ્રાભૃતપ્રાભૃત

ચૌદમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ–

ટીકાર્થ–દસમા પ્રાભૃતના તેરમા પ્રાભૃતપ્રાભૃતમાં મુહૂર્તોના નામો પ્રતિપાદિત કરવામાં આવેલ છે. હવે આ ચૌદમા અર્થાધિકાર સૂત્રાત્મક પ્રાભૃતપ્રાભૃતમાં દિવસરાત્રીનું નિરૂપણ કરવામાં આવે છે. તેથી એ વિષયના સંબંધમાં પ્રશ્ન સૂત્ર કહે છે–(ता कहं ते दिवसा) ઈત્યાદિ શ્રી ગૌતમસ્વામી પ્રભુશ્રીને પૂછે છે કે-(ता कहं ते दिवसा आहिएति वएज्जा) હે ભગવાન્ દિવસ રાત્રિના વિષયમાં પ્રશ્ન કરવા ઈચ્છું છું કે કેવા પ્રકારથી એટલે કે કયા ક્રમથી આપના મતથી દિવસનો ક્રમ પ્રતિપાદિત કરેલ છે? તે આપ કહો. શ્રી ભગવાન્–(ता एगमेगस्स णं पक्खस्स पण्णरस पण्णरस दिवसा पण्णत्ता) શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ એ રીતે પ્રત્યેક પક્ષના પંદર પંદર દિવસો પ્રતિપાદિત કરેલ છે, તેના નામો આ પ્રમાણે છે–(तं जहा–पडिवा दिवसे, बित्तिया दिवसे, जाव पण्णरसे दिवसे) પ્રતિપદા દિવસ પહેલો દિવસ દ્વિતીયા દિવસ બીજો દિવસ તૃતીયા ત્રીજો દિવસ ચતુર્થી ચોથો દિવસ આ રીતે ક્રમાનુસાર પંદરમાં દિવસ પર્યન્ત કહી લેવું. આ રીતે પંદર દિવસનો વ્યવહાર પ્રતિપાદિત

કરી લેવો. (ता एएसि णं पण्णरसण्हं दिवसाणं पण्णरस नामधेज्जा पण्णत्ता तं जहा-
पुव्वंगे सिद्धमणोरमे य तत्तो मणोरहो चेव । जसभद्दे य जसोधर सव्वकामसमिद्धेत्ति य ॥१॥
इंदमुद्धाभिसित्ते य सोमणस धणंजए य बोद्धव्वे । अत्थसिद्धे अभिजाते, अच्चासणे य सतंजए ॥२॥
अग्गिवेस्से उवसमे दिवसाणं णामधिज्जाइं ।

આ પંદર દિવસના પંદર નામો પ્રજ્ઞપ્ત કરેલ છે, જે આ પ્રમાણે છે પૂર્વાંગ ૧ સિદ્ધ મનોરમ ૨ તે પછી મનોહર ૩ યશોભદ્ર ૪ યશોધર ૫ સર્વકામ સમૃદ્ધ ૬ ઇંદ્રમૂદ્ધાભિષિક્ત ૭ સૌમનસ ૮ ધનંજય ૯ અર્થસિદ્ધ ૧૦ અભિજાત ૧૧ અત્યાશન ૧૨ શતંજય ૧૩ અગ્નવેશ્મ અથવા અગ્નિવેશ્ય ૧૪ ઉપશમ ૧૫ આ રીતે દિવસોના નામો પ્રતિપાદિત કરેલ છે. (नामधेयानि) એ વાકયમાં (नामरूपभागाद्धेय) એ સૂત્રથી સ્વાર્થમાં ધેય પ્રત્યય થયેલ છે. ક્રમાનુસાર આ દિવસાના નામો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧ પહેલો દિવસ=પૂર્વાંગ | ૯ નવમો દિવસ=ધનંજય |
| ૨ બીજો દિવસ=સિદ્ધમનોરમ | ૧૦ દસમો દિવસ=અર્થસિદ્ધ |
| ૩ ત્રીજો દિવસ=મનોહર | ૧૧ અગીયારમો દિવસ=અભિજાત |
| ૪ ચોથો દિવસ=યશોભદ્ર | ૧૨ બારમો=અત્યશન |
| ૫ પાંચમો દિવસ=યશોધર | ૧૩ તેરમો=શતંજય |
| ૬ છઠ્ઠો દિવસ=સર્વકામસમૃદ્ધ | ૧૪ ચૌદમો=અગ્નિવેશ્મા કે અગ્નિવેશ્ય |
| ૭ સાતમો=ઇંદ્રમૂર્દ્ધાભિષિક્ત | ૧૫ પંદરમો=ઉપશન |
| ૮ આઠમો=સૌમનસ | |

પહેલા પ્રતિપદા દિવસનું નામ પૂર્વાંગ છે. ૧ બીજા બીજનું નામ સિદ્ધમનોરમ છે. ૨ ત્રીજનું નામ મનોહર છે. અથવા મનોરમ પણ કહે છે. ૩ ચોથા દિવસનું નામ

યશોભદ્ર છે. ૪ પાંચમા દિવસનું નામ યશોધર છે, ૫ છઠ્ઠા દિવસનું નામ સર્વકામ સમૃદ્ધ છે, ૬ સાતમા દિવસનું નામ ઇંદ્રમૂર્દ્ધાભિષિક્ત છે, ૭ આઠમા દિવસનું નામ સૌમનસ છે, ૮ નવમા દિવસનું નામ ધનંજય છે, ૯ દસમાં દિવસનું નામ અર્થસિદ્ધ છે, ૧૦ અગ્યારમા દિવસનું નામ અભિજાત કહેલ છે, ૧૧ બારમા દિવસનું નામ અત્યશન છે, ૧૨ તેરમા દિવસનું નામ શતંજય કહેલ છે, ૧૩ ચૌદમા દિવસનું નામ અગ્નિવેશ્મ અથવા અગ્નિ-વેશ્ય કહેલ છે, ૧૪ પંદરમા દિવસનું નામ ઉપશમ કહેલ છે, ૧૫ આ રીતે પંદર દિવસોના ક્રમાનુસાર નામો કહ્યા છે.

હવે રાત્રિના સંબંધમાં પ્રશ્ન કરવામાં આવે છે-(ता कहं ते राईओ अहियत्ति वएज्जा) હે ભગવાન્! આપના મતથી રાત્રિયોનો ક્રમ કેવી રીતે પ્રતિપાદિત કરેલ છે? તે આપ કહો. શ્રી ભગવાન્-(ता एगमेगस्स णं पक्खस्स पण्णरस राईओ पण्णत्ताओ तं जहा-पडि वा राई बित्तिया राई जाव पण्णरसा राई) શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ આ રીતે દરેક પક્ષમાં પંદર પંદર રાત્રિયો કહેલ છે, જે આ પ્રમાણે છે-પ્રતિપદા સંબંધી રાત્રી પ્રતિપદારાત્રી કહેવાય છે. આ પહેલી રાત્રી છે. ૨ બીજસંબંધીની બીજી રાત છે. ૨ ત્રીજ સંબંધી ત્રીજી રાત્રી થાય છે. ૩ આ રીતે ક્રમથી ચોથી પાંચમી વિગેરે છઠથી લઇને પંદરમા દિવસ સંબંધી પંદરમી રાત્રી સુધી સમજી લેવું આ કથન કર્મમાસની અપેક્ષાથી કહેલ છે, કારણ કે તેમાં જ દરેક પક્ષમાં પૂરેપૂરા પંદર અહોરાત્રીનો સંભવ છે, હવે ક્રમથી તેના નામો કહેવામાં આવે છે. (ता एएसि णं पण्हरसण्हं राई णं पण्णरस णामधेज्जा पण्णत्ता तं जहा-
उत्तमा य सुणक्खत्ता, एलावच्चा जसोधरा । सोमणसा चेव तहा, सिरिसंभूता य बोद्धव्वा ॥१॥
विजया य विजयंता, जयंति अपराजिया य गच्छाय ।
समाहारा चेव तहा, तेया य तहा य अतितेया ॥२॥

देवानंदा निरती रयणीयं णामधेज्जाइं ।

આ રીતે પંદર રાત્રિયોના પંદર નામો કહેલા છે. જે આ પ્રમાણે છે-

| | |
|---|---|
| ૧. પ્રતિપદા રાત્રિનું નામ=ઉત્તમા | ૯. નોમની રાત્રીનું નામ=જયન્તી |
| ૨. બીજની રાત્રીનું નામ= સુનક્ષત્રા | ૧૦. દશમની ,, ,, =અપરાજીતા |
| ૩. ત્રીજ ,, ,, = એલાપત્યા | ૧૧, અગીયારશની,, ,, =ઇચ્છિા |
| ૪. ચોથની ,, ,, = યશોધરા | ૧૨, બારશની ,, ,, સમાહારા |
| ૫. પાંચમી ,, ,, = સૌમનસી | ૧૩, તેરશની ,, ,, તેજા |
| ૬. છઠની ,, ,, = શ્રીસંભૂતા | ૧૪ ચૌદશની ,, ,, અતિતેજા |
| ૭. સાતમની ,, ,, = વિજયા | ૧૫. પંદરમી ,, ,, દેવાનંદા |
| ૮. આઠમની ,, ,, = વૈજયન્તી | |

આ રીતે રાત્રીયોના નામો કહ્યા છે

આ પૂર્વોક્ત પંદર રાત્રીયોના ક્રમાનુસાર નામ પ્રરૂપિત કરેલ છે. જે આ પ્રમાણે છે—એકમની રાત્રીનું નામ ઉત્તમા છે. ૧ બીજની રાત્રીનું નામ સુનક્ષત્રા છે. ૨ ત્રીજની રાત્રીનું નામ એલાપત્યા છે. ૩ ચોથની રાત્રીનું નામ યશોધરા છે. ૪ પાંચમની રાત્રીનું નામ સૌમસા છે. ૫ છઠની રાત્રીનું નામ શ્રીસંભૂતા છે. ૬ સાતમની રાત્રીનું નામ વિજયા છે. ૭ આઠમની રાત્રીનું નામ વૈજયંતી છે. ૮ નોમની રાત્રીનું નામ જયન્તી છે. ૯ દશમની રાત્રીનું નામ અપરાજીતા છે. ૧૦ અગિયારશની રાત્રીનું નામ ઇચ્છિા છે. ૧૧ બારશની રાત્રીનું નામ સમાહારા છે. ૧૨ તેરસમી રાત્રીનું નામ તેજા છે. ૧૩ ચૌદશની રાત્રીનું નામ અતિતેજા છે. પંદરમી રાત્રીનું નામ દેવાનંદા છે. ૧૫ આ નામો બન્ને પખવાડીયામાં સરખા જ છે. આ રીતે ક્રમ પ્રમાણે પંદર રાત્રિયોમાં પંદર નામો પ્રતિપાદિત કરેલ છે. ॥ સૂ૦ ૪૮ ॥

દસમા પ્રાભૃતનું ચૌદમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૦-૧૪ ॥

પંદરમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ-

ટીકાર્થ-દસમા પ્રાભૃતના ચૌદમા પ્રાભૃતપ્રાભૃતમાં દિવસ અને રાત્રિયોનું પ્રરૂપણ કરીને હવે આ પંદરમા પ્રાભૃતપ્રાભૃતના અર્થાધિકારથી તિથિયોની પ્રરૂપણા કરવા માટે એ વિષય સંબંધી પ્રશ્નસૂત્ર કહેવામાં આવે છે-(ता कहं ते) ઇત્યાદિ.

શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે-(ता कहं ते तिही आहिएत्ति वएज्जा) હે ભગવાન્! હવે તિથિયોના સંબંધમાં પ્રશ્ન પૂછું છું કે-કઈ રીતે અને કયા ક્રમથી દરેક પક્ષની પંદર પંદર તિથિયો કહેલ છે? તે આપ કૃપા કરીને મને કહો.

શંકા-દિવસ અને તિથિયોનો શું વિશેષ સંબંધ છે? કે જેથી તે અલગ અલગ કહેવાય છે?

ઉત્તર-અહોરાત્ર સૂર્યથી નિષ્પાદિત હોય છે અને તિથિયો ચંદ્ર નિષ્પાદિત હોય છે. તિથિયોમાં હાનિ અને વૃદ્ધિથી વિભિન્નતા હોય છે, તેથી આ જુદાપણાથી આ પ્રશ્નનો સંભવ રહે છે. અન્યત્ર કહ્યું પણ છે-

तं रयय मुकुय सिरिसप्पभस्स चंदस्स राई सुरूगस्स ।
लोए तिहित्ति निययं भणइवुड्ढिएं हाणीएं ॥ १ ॥

કુમુદિનીનાથ રાત્રપ્રકાશ એટલે કે રાત્રિનો નાથ જે ચંદ્ર છે તેનું સન્માન કરો જે ચંદ્રની કળાની વૃદ્ધિથી અને કળાની હાનીથી લોકના વ્યવહાર કાર્યમાં નિશ્ચિત પ્રકારથી પ્રતિપદાદિ તિથિયો કહેવાય છે. વાસ્તવિક રીતે અહીંયાં ચંદ્રમંડળની વૃદ્ધિ અને હાની થાય છે. સ્વરૂપતઃ ચંદ્રની વૃદ્ધિ અને હાની થતી નથી, તે ચંદ્ર તો સદા એક રૂપે જ રહે છે. કેવળ રાહુના વિમાનના આવરણથી લોકદૃષ્ટિમાં આ રીતે દેખાય છે, રાહુ બે પ્રકારના છે તે આ પ્રમાણે-પર્વ રાહુ અને ધ્રુવ રાહુ, તેમાં પર્વ રાહુ છે તેના સંબંધમાં વિશેષ વિચાર અહીંયાં આ સમયે નિરૂપયોગી હોવાથી તથા અપ્રાસંગિક હોવાથી કહેલ નથી, તે આગળ કહેવામાં આવશે અથવા ક્ષેત્રસમાસ ટીકાત્રાં તેનું વિસ્તાર પૂર્વક વર્ણન કરેલ છે. ત્યાંથી તે વિષય સમજી લેવો. જે ધ્રુવરાહુ છે, તેનું વિમાન કૃષ્ણવર્ણનું છે, તે કૃષ્ણવર્ણનું વિમાન ચંદ્રમંડળની નીચે ચાર આંગળ પર ગમન કરે છે. ત્યાં સંયોગવશતઃ

આવેલ ચંદ્રમંડળને આવેલ જાણીને બાસઠિયા ભાગથી કલ્પિત કરીને એ ભાગોને પંદરથી ભાગ કરે. ૬૨÷૧૫=૪+$\frac{૨}{૧૫}$ આ રીતે બાસઠિયા ચાર ભાગ લબ્ધ થાય છે. અને બે ભાગ શેષ રહે છે, તે સદા આવૃત્ત થયા વિના જ રહે છે. આ ચંદ્રની સોળમી કળા છે, એમ પ્રસિદ્ધિ છે, અહીંયાં કૃષ્ણ પક્ષની પ્રતિપદામાં ધ્રુવરાહુનું વિમાન કૃષ્ણવર્ણનું હોય છે, એ કૃષ્ણવર્ણવાળું વિમાન ચંદ્રમંડળની નીચે ચાર આંગળ સુધી પુરા થયા વિના એટલે કે ચાર આંગળ જેટલો ભાગ પુરો થતા પહેલાં જ ગમન કરીને પોતાના પંદરમા ભાગથી બાસઠિયા બે ભાગ અનાવસ્તિ કરીને સ્વભાવથી જ છોડીને ચાર ભાગ જેટલા પંદરમા ભાગને ઢાંકી દે છે. તે પછી બીજા પોતાના આત્મીય પંદરમા બે ભાગથી બે પંદરમો ભાગ થાય છે. ત્રીજા અમાત્મીય પંદરમા ત્રણ ભાગથી પંદરમા ત્રણ ભાગોને આ રીતે અમાવાસ્યા પર્યન્ત પંદર ભાગોને ઢાંકે છે, તે પછી શુક્લપક્ષની પ્રતિપદા એ પંદરમાં એક ભાગને પ્રગટ કરે છે. દ્વિતીયામાં બે પંદર ભાગને તૃતીયામાં ત્રણ પંદર ભાગોને એ રીતે યાવત્ પંદરમી તિથિએ પંદર ભાગોને પ્રગટ કરે છે, ત્યારે સર્વાત્મના પરિપૂર્ણ ચંદ્રમંડળ લોકમાં પ્રગટ થાય છે. આગળ પણ સૂત્રકાર આજ ભાવ બતાવે છે. (तत्थ णं जे से धुव· राहु से णं बहुलपक्खस्स पडिवए पण्णरस भागे णं) ઇત્યાદિ સૂત્રથી કહે છે, જેટલા કાળથી કૃષ્ણપક્ષમાં બાસઠિયા ચાર ભાગ સંબંધી હાનીને પ્રાપ્ત થાય છે, એટલા કાળ વિશેષને તિથિ કહે છે, તથા જેટલાકાળથી શુક્લ પક્ષમાં બાસઠિયા સોળ ભાગ સંબંધી ચાર ભાગ પ્રમાણ વધે છે એટલા પ્રમાણવાળો કાળવિશેષ તિથિ કહેવાય છે, કહ્યું પણ છે–

सोलस भागा काऊण उडुवई, हायए तत्थ पण्णरस ।
तित्तियमित्ते भागे पुण्णोऽपि परिवड्ढए जोण्हे ॥ १ ॥

कालेण जेण हायइ, सोलस भागे उ सा तिही होई ।
तह चेव य वुड्ढिए एवं तिहीणो समुप्पत्ती ॥ २ ॥

અહીંયાં (जोण्हे) એટલે તે જ્યોત્સ્ના અર્થાત્ શુકલપક્ષ સમજવો. અન્ય વિવરણ પહેલાં કહી જ દીધેલ છે, આ પૂર્વાચાર્ય પરંપરાથી ઉપદેશ છે. બાસઠિયા ભાગથી વહેંચાયેલ અહોરાત્રના જે એકસઠિયા ભાગ છે, એટલા પ્રમાણની તિથિ થાય છે, અહોરાત્ર ત્રીસ મુહૂર્તપ્રમાણના હોય છે, એ સૂત્રકારે પહેલાં જ પ્રતિપાદિત કરી દીધેલ છે. એટલા પ્રમાણવાળી તિથિ હોવાથી તિથિ કેટલા મુહૂર્તપ્રમાણની હોય છે? એ પ્રમાણેની જીજ્ઞાસા માટે કહે છે કે પૂરેપૂરા ઓગણત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠિયા બત્રીસ ભાગ થાય છે, અન્યત્ર કહ્યું પણ છે,–

अउणतीसं पुन्नाउ मुहुत्ता सोमओ तिही होई ।
भागाविय बत्तीसं वाव (छट्टुट्ठि कायण छेएणं ॥ १ ॥

આ કેવી રીતે થાય છે? તે બતાવે છે? બાસઠ ભાગ કૃત અહોરાત્રીના જે એકસઠિયા ભાગ છે એટલા પ્રમાણને તિથિ કહે છે, તેથી એકસઠને ત્રીસથી ગુણવાથી ૬૧×૩૦ =૧૮૩૦ અઢારસો ત્રીસ થાય છે, આ બાસઠ ભાગગત. સકળ તિથિગત મુહૂર્તના અંશ થાય છે, તે પછી મુહૂર્ત કરવા માટે તેને બાસઠથી ભાગવામાં આવે ૧૮૩૦ ÷ ૬૨=૨૯ $\frac{૩૨}{૬૨}$ ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠિયા બત્રીસ ભાગ આટલા મુહૂર્ત-પ્રમાણની તિથી થાય છે, આટલા કાળથી ચંદ્રમંડળમાં રહેલ પૂર્વોક્ત પ્રમાણના સોળમા ભાગની હાની કે વૃદ્ધિ થાય છે, એટલો જ તિથિના પરિમાણનો કાળ થાય છે, આજ અહોરાત્રી કરતાં તિથિમાં વિશેષતા છે, એ કારણથી તિથીના વિષયમાં અલગ પ્રશ્ન કરેલ છે. આ પ્રમાણે શ્રીગૌતમસ્વામીના કહેવાથી શ્રી ભગવાન્ કહે છે–(तत्थ खलु इमा दुविहा तिही पण्णत्ता तं जहा दिवसतिही राईतिही य) તિથિયોના વિચાર વિષયમાં આ વક્ષ્યમાણ પ્રકારના બે ભેદવાળી તિથિયો કહેલ છે, તે ભેદો આ પ્રમાણેના છે. દિવસ સંબંધી તિથિ અને રાત્રીસંબંધી તિથી અહીંયાં આ પ્રમાણે કહેવામાં આવે છે, તિથીનો જે પૂર્વાર્ધ

ભાગ તે દિવસ તિથી છે. તથા બીજો જે અર્ધ ભાગ છે તે રાત્રીતિથી કહેવાય છે.

શ્રી ગૌતમસ્વામી-(ता कहं ते दिवसतिही आहिएति वएज्जा) હે ભગવાન્ કંઈ યુક્તિથી અથવા કઈ પરિપાટી કે પદ્ધતિથી આપે દિવસ તિથિયો કહેલ છે? શ્રી ભગવાન્-(ता एगमेगरस णं पक्खस्स पण्णरस पण्णरस दिवसतिही पण्णत्ता, तं जहा-णंदे, भद्दे, जए, तुच्छे, पुण्णे पक्खस्स पंचमी, पुणरवि णंदे, भद्दे, जए, तुच्छे पुण्णे पक्खस्स दसमी, पुणरवि णंदे भद्दे, जए, तुच्छे, पुण्णे पक्खस्स पंचदसी पण्णरस) આ કૃષ્ણપક્ષ અને શુકલપક્ષાત્મક એક એક પક્ષમાં એટલે કે દરેક પક્ષમાં પંદર પંદર દિવસના પૂર્વાર્ધ રૂપ તિથિયો કહેવામાં આવેલ છે, તેનો નિવેશ ક્રમ આ પ્રમાણે છે-પહેલી તિથીનું નામ નંદા છે, બીજી તિથીનું નામ ભદ્રા છે, ત્રીજી તિથીનું નામ જયા છે, ચોથી તિથિનું નામ તુચ્છા છે પાંચમી તિથીનું નામ પૂર્ણા કહેવાય છે, ફરીથી છટ્ઠી તિથિનું નામ નંદા સાતમી તિથિનું નામ ભદ્રા આઠમી તિથિનું નામ જયા નવમી તિથિનું નામ તુચ્છા (રિક્તા) દશમી તિથિ એટલે કે પક્ષના બીજા ત્રિભાગના અંતમાં રહેલ દસમી તિથિનું નામ પૂર્ણા કહેવાય છે, ફરીથી પક્ષની અગ્યારમી તિથિ નંદા, બારમી તિથિ ભદ્રા, તેરમી તિથિ જયા ચૌદમી તિથિ તુચ્છા પક્ષની છેલ્લી પંદરમી તિથિ પૂર્ણા કહેવાય છે. આ સંજ્ઞાઓનો મેળ આ રીતે થાય છે. ૧-૬-૧૧ પ્રતિપત્ છઠ અને અગ્યારશ નન્દાતિથિ ૨-૭-૧૨ બીજ સાતમ અને બારશ ભદ્રા તિથિ ૩-૮-૧૩ ત્રીજ આઠમ અને તેરસ જયા તિથિ ૪-૯-૧૪ ચોથ નોમ ને ચૌદશ તુચ્છા (રિક્તા) તિથિ ૫-૧૦-૧૫ પાંચમ, દશમ ને પંદરમી પૂર્ણાતિથિ કહેવાય છે, કહ્યું પણ છે-(एवं ते तिगुणा तिहीओ सव्वेसिं दिवसाणं) આ પૂર્વોક્ત પ્રકારથી આ પૂર્વપ્રતિપાદિત નંદાદિ તિથિ-

યોને ત્રણ ગણી કરવાથી પક્ષના અંદરની બધી દિવસ તિથિયો આવી જાય છે, આ પૂર્વોક્ત પ્રકારથી પૂર્વપ્રતિપાદિત આ નંદાદિ તિથિયો સંપન્ન થાય છે.

શ્રી ગૌતમસ્વામી-(ता कहं ते राई तिहि आहिएति वएज्जा) હે ભગવાન્ કયા આધારથી કે કઈ પદ્ધતિથી આપે રાત્રિ તિથિયો એટલે કે-તિથિના બીજા ભાગરૂપ તિથિયો પ્રતિપાદિત કરેલ છે? શ્રી ભગવાન્-(ता एगमेगस्स णं पक्खस्स पण्णरस पण्णरस राईतिही पण्णत्ता, तं जहा-उग्गवई, भोगवई, जसवई, सव्वसिद्धा, सुहणामा पुणरवि उग्गवई, भोगवई, जसवई सव्वसिद्धा, सुहणामा पुणरवि-उग्गवई, भोगवई, जसवई, सव्वसिद्धा सुहणामा एते तिगुणा तिहीओ सव्वेसिं राईणं) કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ આ રીતે દરેક પક્ષની પંદર પંદર રાત્રિ તિથિયો અર્થાત્ તિથિના બીજા ભાગ રૂપ રાત્રિ તિથિયો પ્રતિપાદિત કરેલ છે, તેની યથાક્રમ સંજ્ઞા આ પ્રમાણે છે-દરેક પક્ષની પહેલી રાત્રિ તિથિ ઉગ્રવતી, બીજી રાત્રિતિથિ ભોગવતી ત્રીજી રાત્રિતિથિ યશોવતી ચોથી રાત્રિતિથિ સર્વસિદ્ધા, પાંચમી રાત્રિતિથિ શુભનામા, છટ્ઠી રાત્રિતિથિ ઉગ્રવતી સાતમી રાત્રીતિથી ભોગવતી, આઠમી રાત્રિતિથિ યશોવતી નવમી રાત્રિતિથિ સર્વસિદ્ધા પક્ષના બીજા રાત્રિભાગના અંતની (મધ્ય) દસમી રાત્રિતિથિ શુભનામા, ફરીથી ત્રીજા ત્રીભાગથી અગ્યારમી રાત્રિતિથિ ઉગ્રવતી, બારમી રાત્રિતિથિ ભોગવતી, તેરમી રાત્રિતિથિ યશોવતી, ચૌદમી રાત્રિતિથિનું નામ શુભનામા કહેવાય છે, આ પ્રમાણે ત્રણ ગણી તિથિયોના નામો એટલે કે બધી રાત્રી તિથિયોના નામો કહેવામાં આવેલ છે, આ રાત્રિયોનું સંયુક્ત કથન આ પ્રમાણે છે, ૧-૬-૧૧ ઉગ્રવતી ૨-૭-૧૨ ભોગવતી, ૩-૮-૧૩ યશોવતી ૪-૯-૧૪ સર્વસિદ્ધા ૫-૧૦-૧૩ શુભનામા. આ પ્રમાણે આ તિથિયોના નામો પ્રતિપાદિત કરેલા છે. ॥ સૂ૦ ૪૯ ॥

દસમા પ્રાભૃતનુ પંદરમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૦-૧૫ ॥

સોળમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ-(ता कहं ते णक्खत्ताणं गोत्ता आहिएत्ति वएज्जा) શ્રીગૌતમસ્વામી કહે છે કે હે ભગવન્ હવે નક્ષત્રોના ગોત્રના વિષયમાં પૂછું છું કે આ અભિજીત વિગેરે અઠયાવીસ નક્ષત્રોના ગોત્ર એટલે કે વંશસૂત્ર કેવી રીતે કે કયા આધારથી આપે કહેલ છે? તે કહો આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીનો પ્રશ્ન છે. પરંતુ અહીંયાં વાસ્તવિક રીતે પ્રકાશ્ય માન અને ગગનમાં રહેલા પદાર્થરૂપ નક્ષત્રોના ગોત્રનો ખરી રીતે તો સંભવ નથી, કારણકે આ ગોત્ર તો લોક પ્રસિદ્ધિ માટેની વસ્તુ છે, જે વંશપ્રવર્તક આદ્ય પુરૂષના નામથી તેમના અપત્ય એટલેકે સંતાન ગોત્ર કહેવાય છે. જેમકે ગૌતમના જે અપત્યો એટલેકે સંતાનો પોતાને ગૌતમ નામના ગોત્રથી ઓળખાવે છે. આ રીતે સ્વરૂપથી આકાશમાં રહેલા પ્રકાશ્ય વસ્તુ રૂપ નક્ષત્રોના ગોત્ર સંભવિત નથી એતો ઔપપાતિક જન્મવાળા હોય છે. તેથી અહીંયાં નક્ષત્રોના ગોત્રનો સંભવ એવી રીતે સમજવો કે જે નક્ષત્રમાં શુભ અથવા અશુભ ગ્રહોનો યોગ યોગદૃષ્ટિ વિગેરે અધિકાર સરખાજ હોય છે. જે નક્ષત્ર અને ગોત્રના ક્રમાનુસાર શુભ કે અશુભ સરખા હોય તે એના તારતમતાથી શુભાશુભત્વ લૌકિક કાર્યમાં થાય છે. આ તાત્પર્યથી નક્ષત્રોના ગોત્રની સંભાવના રહે છે. શ્રી ગૌતમ સ્વામીએ સામાન્ય રીતે પ્રશ્ન કરવા છતાંપણ વિશેષ પ્રકારથી દરેક નક્ષત્રોના વિષે ક્રમથી પ્રશ્ન કરે છે.-(ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अभीई णक्खत्ते किं गोत्ते पण्णत्ते हे ભગવન્ પૂર્વપ્રતિપાદિત આ અઠયાવીસ નક્ષત્રોમાં યુગના આદિ બોધક પહેલું જે અભિજીત નક્ષત્ર છે તેનું ગોત્ર કયું છે? અર્થાત્ કયા વિશેષ પુરૂષ તેને પ્રવર્તિત કરે છે? તે કહો શ્રીભગવાન્ (ता एएसि णं अट्ठावीसाए णक्खत्ताणं अभीई णक्खत्ते मोग्गलायणस गोत्ते पण्णत्ते) હે ગૌતમ આ પ્રહેલા પ્રતિપાદિત અઠયાવીસ નક્ષત્રોમાં પહેલા અભિજીત નક્ષત્રનું ગોત્ર મુદ્‌ગલાયનસ છે, એટલેકે મૌદ્‌ગલ નામવાળાની સાથે જે પ્રવર્તિત થાય તે મૌદ્‌ગલાયનસ ગૌત્રવાળા કહેવાય છે. શ્રીગૌતમસ્વામી-(ता सवणे णक्खत्ते किं गोत्ते पण्णत्ते) હે ભગવન્ શ્રવણનક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે? શ્રીભગવાન્-(ता सवणे णक्खत्ते संखायणसगोत्ते पण्णत्ते) હે ગૌતમ શંખ માટે સંશોધિત હોવાથી શ્રવણનક્ષત્રનું ગોત્ર શંખાયનસ કહ્યું છે. એજ પ્રમાણે બાકીના અન્ય તમામ નક્ષત્રોના વિષયમાં યથાક્રમ પ્રશ્નોત્તર સૂત્ર ઉપસ્થિત કરીને ભાવિત કરી લેવા. છાયામાં અલગ અલગ પ્રશ્નોત્તરના ક્રમથી પ્રતિપાદિત કરેલજ છે. એટલે વધારે પિષ્ટપેષણ કરી લેખ વધારવાનું પ્રયોજન ન હોવાથી વૃથા વિસ્તાર કરતા નથી. નક્ષત્રોના ગોત્ર સંગ્રાહિકા ચાર ગાથા જે જંબૂદ્વીપ-

પ્રજ્ઞપ્તિમાં કહેલ છે તે આ પ્રમાણે છે-(मोग्गलायण१ संखायणे२, तह अग्गभाव३, कण्णल्ले४ तत्तो य जोईकण्णे ५, धणंजए ६, चेव बोद्धव्वे । पुस्सायण ७, अस्सायण ८ भग्गवेसेय, य अग्गिवेसे १० य। गोयम ११, भारद्दाए १२, लोहिच्चे १३, चेव वासिट्ठे १४ ॥२॥ उज्जायण १५, मद्दवायणे १६ य पिंगलायणे १७, य गोवल्ले १८ कासव १९, कासिय २० दम्भीय भागरच्छाय २२, सुंगाए २३, ॥३॥ गोलवायण ३४ तिगिंछायणे ३५, सच्चायणे २६, हवइ मूले ततो य वज्जियायण २७, वग्घावच्चे २८ य सुत्ताइ ॥४॥ આ ગોત્રપ્રવર્તકના નામો આ ગાથાઓમાં જે કહ્યા છે પ્રાયઃ એજ પ્રકારે મૂલ સૂત્રની છાયામાં કહ્યા જ છે, તેથી આ વિષે અહિંયાં વિશેષ ઉલ્લેખ કરતા નથી. કેવળ અહીંયાં સૂચિક્રમથી નક્ષત્રોના નામો અને ગોત્ર બતાવીએ છીએ જેથી સરલતાથી બધાને બોધ થઈ શકે.

| નક્ષત્રોના નામો | ગોત્ર | નક્ષત્રોના નામ | ગોત્ર |
|---|---|---|---|
| ૧ અભિજીત્-મૌદ્‌ગલાયનસગોત્ર | | ૧૧ રોહિણીનું-ગૌતમસ | ,, |
| ૨ શ્રવણનું-શંખાયનસ | ,, | ૧૨ મૃગશિરાનું-ભારદ્વાજ | ,, |
| ૩ ધનિષ્ઠાનું-અગ્રતાપસગોત્ર | | ૧૩ આર્દ્રાનું-લૌહિત્યાયન | ,, |
| ૪ શતભિષાનું-કર્ણલોચનસ | ,, | ૧૪ પુનર્વસુનું-વાસિષ્ઠ | ,, |
| ૫ પૂર્વાભાદ્રપદાનું-જાતુકર્ણ | ,, | ૧૫ પુષ્યનું-કૃષ્યાયનસ | ,, |
| ૬ ઉત્તરાભાદ્રપદા-ધનંજય | ,, | ૧૬ આશ્લેષાનું-માંડવ્યાયનસગોત્ર | |
| ૭ રેવતીનું-પૌષ્યાયનસ | ,, | ૧૭ મઘાનક્ષત્રનું-પિંગલાયનસ | ,, |
| ૮ અશ્વિનીનું-આશ્વાયનસ | ,, | ૧૮ પૂર્વાફાલ્ગુનીનું-ગોભિલ્લાયણ | ,, |
| ૯ ભરણીનું-ભાર્ગવેશ | ,, | ૧૯ ઉત્તરા ફાલ્ગુનીનું-કાત્યાયનસ | ,, |
| ૧૦ કૃત્તિકાનું-અગ્નિવેશ | ,, | ૨૦ હસ્તનક્ષત્રનું-કૌશિક | ગોત્ર |
| ૨૧ ચિત્રાનક્ષત્રનું-દાર્ભિકસ | ,, | ૨૫ જ્યેષ્ઠા નક્ષત્રનું-તિષ્યાયન | ,, |
| ૨૨ સ્વાતિ નક્ષત્રનું-ભાગરક્ષ | ,, | ૨૬ મૂલનક્ષત્રનું-કાત્યાયન | ,, |
| ૨૩ વિશાખાનક્ષત્રનું-સુંગગોત્ર | ,, | ૨૭ પૂર્વાષાઢાનું-વાત્સ્યાયન | ,, |
| ૨૪ અનુરાધાનક્ષત્રનું-કોષ્યાયનસ | ,, | ૨૮ ઉત્તરાષાઢાનું-વ્યાઘ્રાયન | ,, |

॥ સૂ. ૫૦ ॥

॥ દસમા પ્રાભૃતનું સોળમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૦-૧૬ ॥

સત્તરમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ-

ટીકાર્થ-શ્રી ગૌતમસ્વામી પૂછે છે કે-નક્ષત્રોનું ભોજન કેવા પ્રકારનું કહેલ છે? આ પ્રશ્ન સાંભળીને શ્રી ભગવાન્ કહે છે-હે ગૌતમ! આ અઠયાવીસ નક્ષત્રોમાં કૃત્તિકા નક્ષત્ર દહીં અને ભાત ખાઇને તેનાથી પ્રેરણા મેળવી લોકનું કાર્ય સાધે છે. રોહિણી-નક્ષત્ર વૃષભનું માંસ ખાઇને કાર્ય સિદ્ધ કરે છે, અહીંયાં વૃષભમાંસ એ પ્રમાણે કહેવાથી (नामैकदेशग्रहणेन नामग्रहणं भवति) એટલે કે નામનો એક ભાગ કહેવાથી સમગ્ર નામ ગ્રહણ કરાય છે, આ નિયમથી વૃષભ કહેવાથી વૃષભવાહન વલ્લભ-શિવને પ્રિય વસ્તુ ધત્તુરા નામની વનસ્પતિનું માંસ એટલે કે અંદરનો સારભાગ અથવા ધતુરાના ફળનું ચૂર્ણ નિઘંટુમાં કહ્યું પણ છે, 'मसितं मर्दितं चूर्णीकृतं वस्तु मांसमित्युच्यते) આજ કથનને આગળ પણ આજ પ્રમાણે સમજી લેવું. ૨ મૃગશિરા નક્ષત્ર મૃગનું માંસ ઇન્દ્રાવરૂણી ચૂર્ણનું ભક્ષણ કરીને કાર્ય કરે છે, મૃગમાંસ એટલે કે મૃગને ખાવાની વસ્તુ ઇંદ્રિાવરુણી નામની વન-સ્પતિ વિશેષનું ચૂર્ણ ખાઇને કાર્યસિદ્ધ કરેલ છે. ૩ આર્દ્રા નક્ષત્ર માખણ ખાઇને કાર્ય સાધે છે. ૪ પુનર્વસુ નક્ષત્ર ઘી ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. ૫ પુષ્ય નક્ષત્ર ખીર ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. ૬ અશ્લેષા નક્ષત્ર દીપકમાંસ એટલે કે-યવાની (અજમો)નું ચૂર્ણ ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. જઠરાગ્નિને જે પ્રદીપ્ત કરે તે દીપક કહેવાય છે, અથવા દીપની પણ કહે છે, નિઘંટુમાં કહ્યું પણ છે, (यावनी पाचनी रुच्या तीक्ष्णोष्णा कटुलघुः दीपनी दीपिका-तिक्ता पित्तहा शुक्रशूलहृत् )૭ મઘાનક્ષત્ર કસ્તુરી ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. ૮ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર મંડૂકમાંસ એટલે કે મંડૂકપર્ણી વનસ્પતિનું ચૂર્ણ ખાઇને કાર્ય કરે છે. ૯ ઉત્તરા-ફાલ્ગુની નક્ષત્ર નખી માંસ અર્થાત્ વાઘનખી નામની વનસ્પતિનું ચૂર્ણ ખાઇને કાર્ય કરે છે, ૧૦ હસ્તનક્ષત્ર વત્સાનીક અર્થાત્ રાંધેલ ચોખાનું પાણી કાંજી (ઓસામણ) ખાઇને કાર્ય કરે છે. ૧૧ ચિત્રા નક્ષત્ર મગની દાળ ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. ૧૨ સ્વાતી નક્ષત્ર ફળ

ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. ૧૩ વિશાખા નક્ષત્ર આસિક્ત વસ્તુ એટલે કે વાસી વાસ્તુ ખાઈને કાર્ય કરે છે, ૧૪ અનુરાધા નક્ષત્ર મિશ્રીકૃત કૃચ્છ્ર અન્ન એટલે કે ખીચડી ખાઈને કાર્ય કરે છે, ૧૫, જ્યેષ્ઠા નક્ષત્ર કોલષ્ટિક એટલેકે બોરનું ચૂર્ણ ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. ૧૬ મૂલનક્ષત્ર શાક ખાઇને કાર્ય કરે છે ૧૭, પૂર્વાષાઢા નક્ષત્ર અમ્લકશરીર એટલે કે આમળાના ફળ ખાઇને કાર્ય કરે છે. ૧૮, ઉત્તરાષાઢા નક્ષત્ર બેલ-બીલાના ફળ ખાઈને કાર્ય કરે છે. ૧૯ અભિજીત્ નક્ષત્ર પુષ્પ મેળવેલ વસ્તુ ખાઈને કાર્ય કરે છે. ૨૦, શ્રવણુનક્ષત્ર ખીર ખાઈને કાર્ય કરે છે, ૨૧, ધનિષ્ઠાનક્ષત્ર ફળ ખાઈને કાર્ય કરે છે. ૨૨ શતભિષાનક્ષત્ર તુવરની દાળ ખાઇને કાર્ય કરે છે. ૨૩, પૂર્વાપ્રૌષ્ઠપદાનક્ષત્ર કારેલા ખાઈને કાર્ય કરે છે. ૨૪ ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્ર વરાહમાંસ એટલેકે-વરાહકંદ વનસ્પતિનું ચૂર્ણ અર્થાત્ વરાહીકંદનું ચૂર્ણ ખાઇને કાર્ય કરે છે. ૨૫ રેવતિનક્ષત્ર જલચર માંસ અર્થાત્ જલચર કુંભિકા નામની વનસ્પતિ વિશેષનું ચૂર્ણ ખાઇને કાર્ય સિદ્ધ કરે છે. જલમાં જે રહે અને વધે તે જલચરી અર્થાત્ જલકુંભિકા તેનું ચૂર્ણ ૨૬ અશ્વિનીનક્ષત્ર તિન્તિણીકમાંસ તિંતિણી એટલે આમલી તેનું ચૂર્ણ અથવા સારભાગ ખાઈને કાર્ય કરે છે. ૨૭ ભરણીનક્ષત્ર તલમિશ્રિત ચોખા ખાઈને કાર્ય કરે છે. ૨૮ આ રીતે દરેક નક્ષત્રોના ભોજનનું પ્રતિપાદન કરેલ છે. ॥ સૂ. ૫૧ ॥

નક્ષત્રોના નામો અને તેમના આહાર દર્શક કોઠો

| નક્ષત્રોનું નામ | આહાર | નક્ષત્રનું | આહાર |
|---|---|---|---|
| ૧ કૃત્તિકા-દહીં | | ૫ પુનર્વસુ-ઘી | |
| ૨ રોહિણી-વૃષભ માંસ-ધંતુરાનું ચૂર્ણ | | ૬ પુષ્ય-ખીર | |
| ૩ મૃગશિરા-મૃગમાંસ-ઇંદ્રવારૂણી ચૂર્ણ | | ૭ અશ્લેષા-દીપક (વાઘ) માંસ-અજમા ચૂર્ણ | |
| ૪ આર્દ્રા-માખણુ | | ૮ મઘા-કસ્તુરી | |
| ૯ પૂર્વાફાલ્ગુની-મંડૂક માંસ-મંડુકપર્ણી વનસ્પતિનું ચૂર્ણ | | ૧૭ મૂળ-વાઘનખી વનસ્પતિનું ચૂર્ણ | |
| | | ૧૮ પૂર્વાષાઢા-આંબળા | |
| ૧૦ ઉત્તરાફાલ્ગુની-નખવાળા પ્રાણીનું માંસ -વાઘનખી વનસ્પતિનું ચૂર્ણ | | ૧૯ ઉત્તરાષાઢા-બેલ-બીલીના ફળ બીલા | |
| | | ૨૦ અભિજીત્-પુષ્પ | |
| ૧૧ હસ્ત-રાંધેલ ચોખાનું ઓસામણ | | ૨૧ શ્રવણુ-ખીર | |
| ૧૨ ચિત્રા-મગની દાળ | | ૨૨ ધનિષ્ઠા-ફળ | |
| ૧૩ સ્વાતી-ફળો | | ૨૩ શતભિષા-તુવેરની દાળ | |
| ૧૪ વિશાખા-વાસીઅન્ન | | ૨૪ પૂર્વાભાદ્રપદા-કારેલા | |
| ૧૫ અનુરાધા-કૃચ્છ્રાન્ન (ખીચડી) | | ૨૫ ઉત્તરાભાદ્રપદા-વરાહમાંસ-વરાહીકંદનું ચૂર્ણ | |
| ૧૬ જ્યેષ્ઠા-બોરનું ચૂર્ણ | | | |

૨૬ રેવતી-જલચરમાંસ-જલકુમ્ભિક નામની વનસ્પતિનું ચૂર્ણ ૨૭ અશ્વિની-તિન્તીણિકા માંસ-આમલીનું ચૂર્ણ ૨૮ ભરણી-તલ મેળવેલ ભાત ॥ સૂ ૫૧ ॥

દસમા પ્રાભૃતનું સત્તરમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ॥ ૧૦-૧૭ ॥

## દસવેં પ્રાભૃત કા અઠારહવાં પ્રાભૃતપ્રાભૃત

અઢારમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ

ટીકાર્થ-(ता कहं ते चारा आहिएत्ति वएज्जा) નક્ષત્રોના ભોજન વિષયનું કથન સાંભળીને હવે શ્રી ગૌતમસ્વામી ચંદ્રસૂર્યાદિ નક્ષત્રોની ગતિ સંબંધી પ્રશ્ન પૂછે છે કે-હે ભગવન્ કેવી રીતે અથવા કયા ક્રમથી અગર કેવા પ્રકારની યુક્તિથી આપે ચંદ્ર સૂર્યના ચાર એટલે કે ગતિભેદ પ્રતિપાદિત કરેલ છે? તે આપ કૃપા કરીને કહો. આ રીતે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નને સાંભળીને શ્રી ભગવાન્ ઉત્તરમાં કહે છે કે-(तत्थ खलु इमा दुविहा चारा पण्णत्ता तं जहा-आदिच्चचारा य चंदचारा य) ચંદ્ર સૂર્યની ગતિ સંબંધી વિચારણામાં વક્ષ્યમાણ રીતે બે પ્રકારના ગતિભેદ પ્રતિપાદિત કરેલ છે, જે આ પ્રમાણે છે, આદિત્યચાર એટલે કે સૂર્યની ગતિનો ભેદ અને ચંદ્રચાર એટલે કે ચંદ્રની ગતિનો ભેદ તેમાં પહેલાં ચંદ્રની ગતિ જાણવા માટે તેના સંબંધમાં શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે, (ता कहं ते चंदचारा आहिएति वएज्जा) હે ભગવાન્ આપના મતથી કયા આધારથી અગર કયા પ્રમાણથી ચંદ્રની ગતિનો પ્રકાર અર્થાત્ ચંદ્રની ગતિનો ભેદ પ્રતિપાદિત કરેલ છે? તે આપ કહો. શ્રી ભગવાન્-(ता पंच संवच्छरिए णं जुगे अभीई णक्खत्ते सत्तट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ) હે ગૌતમ! પાંચ સંવત્સરાત્મક અર્થાત્ ચંદ્ર ચંદ્રાભિવર્ધિત ચંદ્રાભિર્ધિતરૂપ પાંચ સંવત્સર પ્રમાણવાળા યુગ નામના કાળમાં અભિજીત્ નામનું નક્ષત્ર સડસઠ પ્રકારની ગતિભેદથી યાવત્ ચંદ્રની સાથે યોગ પ્રાપ્ત કરે છે, કહેવાનો ભાવ એ છે કે-અભિજીત્ નક્ષત્રને મળેલ ચંદ્ર પાંચ વર્ષાત્મક યુગમાં સડસઠ સંખ્યાત્મક ગતિ કરે છે, આ કઈ રીતે થાય? તે જાણવા માટે ગણિત પ્રક્રિયા કરવાથી તે સ્પષ્ટ થાય છે. અહીંયાં વ્યવહાર કાર્યમાં સૌર-ચાન્દ્ર-સાવન અને નાક્ષત્ર આ રીતે ચાર પ્રકારનો કાળ-

માન લોકમાં મુખ્યતયા ગ્રહણ કરવામાં આવે છે. તેમાં યોગને લઈને સમગ્ર નક્ષત્રમંડળની સમાપ્તિ એક નક્ષત્ર માસથી થાય છે, નક્ષત્રના ઉદય પર્યન્ત નક્ષત્ર દિવસ ચંદ્રનો અઠયાવીસ નક્ષત્રના ભોગકાળ પર્યન્ત અર્થાત્ ભગણ પૂર્તિ પર્યન્ત એક નક્ષત્રમાસ થાય છે, આ નાક્ષત્રમાસ પાંચ વર્ષાત્મક યુગમાં સડસઠ ૬૭ થાય છે, આ કઈ રીતે થાય છે? તે આગળ બતાવવામાં આવશે. પ્રકૃતમાં પ્રત્યેક નક્ષત્ર પર્યાયમાં એક એક ચાર અભિજીત્ નક્ષત્રની સાથે ચંદ્રના યોગથી થાય છે, ચંદ્ર અભિજીત્ નક્ષત્રની સાથે સંયુક્ત થઈને એક યુગમાં સડસઠ ચાર કરે છે, આરીતે દરેક નક્ષત્રના સંબંધમાં સમજી લેવું જેમ કે– (सवणे णं णक्खत्ते सत्तट्ठिंचारे चंदेण सद्धिं जोयं जोएइ) પાંચ સંવત્સરાત્મક યુગમાં શ્રવણ નક્ષત્ર સડસઠ સખ્યાત્મક ચાર કરે છે. અર્થાત્ શ્રવણ નક્ષત્રની સાથે મળેલ ચંદ્ર પાંચ સંવત્સરવાળા યુગમાં સડસઠ સંખ્યાથી ગતિ કરે છે. (एवं जाव उत्तरासाढा णक्खत्ते सत्तट्ठिचारे चंदेण सद्धिं जोएइ) પૂર્વપ્રતિપાદિત ક્રમથી ઉત્તરાષાઢા નક્ષત્ર યાવત્ બધા નક્ષત્રોની સડસઠ સંખ્યાવાળી ગતિનું પ્રતિપાદન કરેલ છે, જે રીતે અભિજીત્ અને શ્રવણ નક્ષત્રની ચંદ્રના ચાર સંબંધમાં ભાવના પ્રદર્શિત કરેલ છે, એજપ્રમાણે ધનિષ્ઠા નક્ષત્રથી લઈને ઉત્તરાષાઢા નક્ષત્ર પર્યન્ત યાવત્ અઠયાવીસે નક્ષત્રો એટલે કે દરેક નક્ષત્ર સડસઠ પ્રકારથી ગતિ કરે છે, આ રીતે ભાવના કરી લેવી. જેમ કે– (धणिट्ठा णक्खत्ते सत्तसट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ) ધનિષ્ઠા નક્ષત્ર સડસઠ પ્રકારના ચારથી ચંદ્રની સાથે યોગ કરે છે. (सयभिसया णक्खत्ते सत्तट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ) શતભિષા નક્ષત્ર સડસઠ પ્રકારના ચારથી ચંદ્રની સાથે યોગ કરે છે. (पुव्वाभद्दवया णक्खत्ते सत्तट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ) પૂર્વાભાદ્રપદા નક્ષત્ર સડસઠ પ્રકારથી ચંદ્રની સાથે યોગ કરે છે, (उत्तराभद्दवया णक्खत्ते सत्तट्ठिचारे चंदेण सद्धिं जोयं जोएइ) ઉત્તરાષાઢા નક્ષત્ર સડસઠ પ્રકારથી ચંદ્રથી સાથે યોગ કરે છે. બાકીના નક્ષત્રોના સંબંધમાં પણ

આજ પ્રમાણે ભાવિત કરી લેવું.

હવે સૂર્યના ચાર સંબંધમાં શ્રી ગૌતમસ્વામી પૂછે છે-(ता कहं ते आइच्चचारा आहिएति वएज्जा) હે ભગવાન્ કઈ યુક્તિથી અથવા કયા આધારથી કે કયા પ્રમાણથી આપે આદિત્ય ચાર એટલે કે સૂર્યની ગતિનો પ્રકાર પ્રતિપાદિત કરેલ છે? તે આપ કહો. આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી તેના ઉત્તરમાં શ્રી ભગવાન્ કહે છે (ता पंच संवच्छरिए णं जुगे अभिई णक्खत्ते णं पंचचारे सूरेण सद्धिं जोयं जोएइ) હે ગૌતમ! સૂર્યના સંચરણ વિષયની વિચારણામાં જે વિશેષતા છે, તે સાંભળો ચંદ્રાદિ પાંચ સંવત્સર પ્રમાણવાળા યુગમાં અભિજીત્ નક્ષત્ર પાંચ પ્રકારથી સૂર્યની સાથે યોગ કરે છે, અર્થાત્ અભિજીત્ નક્ષત્રથી યુક્ત સૂર્ય યુગમાં પાંચ પ્રકારથી યોગ કરે છે, આ કઈ રીતે થાય છે? તે કહે છે. અહીંયાં યોગને લઈને સૂર્યના સમગ્ર નક્ષત્રમંડળના ભ્રમણની સમાપ્તિ એક સૂર્ય સંવત્સરથી થાય છે, સૂર્યના ભગણ પૂર્તિનો કાળ જ સૌરસંવત્સર પદથી અથવા આદિત્ય-સંવત્સર પદથી કહેવાય છે. ભગણપૂર્તિમાં એક જ વાર અભિજીત્ નક્ષત્ર આવે છે, એક યુગમાં એવા સંવત્સર પાંચ હોય છે. આ કારણથી દરેક નક્ષત્ર પર્યાયનો એક એક વાર અભિજીત્ નક્ષત્રની સાથે યોગનો સંભવ હોવાથી અભિજીત્ નક્ષત્રની સાથે રહેલ સૂર્ય એક યુગમાં પાંચવાર યોગ કરે છે. એ ઘટિત થાય છે, (एवं जाव उत्तरासाढा णक्खत्ते पंचचारे सूरेण सद्धिं जोयं जोएइ) આ પૂર્વપ્રતિપાદિત ક્રમથી ઉત્તરાષાઢા નક્ષત્ર યાવત્ દરેક નક્ષત્ર પાંચ પ્રકારથી સૂર્યની સાથે યોગ કરે છે, અર્થાત્ પૂર્વોક્ત યુક્તિથી જ શ્રવણાદિ દરેક નક્ષત્રની સાથે મળેલ સૂર્ય એક યુગમાં પાંચ પ્રકારથી ચાર કહે છે. આજ તાત્પર્યાર્થ છે. ।। સૂ૦ ૫૨ ।।

દસમા પ્રાભૃતનું અઢારમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।। ૧૦-૧૮ ।।

ઓગણીસમા પ્રાભૃતપ્રાભૃતનો પ્રારંભ–

ટીકાર્થ–પ્રવર્તમાન દસમા પ્રાભૃતના (योगे किं ते वस्तु आख्यातम्) આ વિષયના સંબંધમાં અઢારમા પ્રાભૃતપ્રાભૃતમાં ચંદ્ર સૂર્યના ચાર–ગતિનું નિરૂપણ કરીને હવે આ ઓગણીસમા પ્રાભૃતપ્રાભૃતના અધિકાર સૂત્રમાં મહિનાઓના નામ પ્રકારનું કથન કરે છે. (ता कहं ते मासा) ઈત્યાદિ શ્રી ગૌતમસ્વામી પૂછે છે. (ता कहं ते मासाणं नामधेज्जा आहित्ते ति वएज्जा) હે ભગવન્! ચંદ્ર સૂર્યના ચારનો પ્રકાર જાણીને હવે માસોના નામોના વિષયમાં પ્રશ્ન પૂછું છું–કે કઈ રીતે અગર કયા આધારથી અથવા કેવા પ્રકારની પરિપાટીથી આપે મહિનાઓના નામો પ્રતિપાદિત કરેલ છે? તે આપ કહો આ પ્રમાણે શ્રીગૌતમ-સ્વામીની જીજ્ઞાસા જોઈને શ્રીભગવાન્ કહે છે–(ता एगमेगस्स णं संवच्छरस्स बारस मासा पण्णत्ता) હે ગૌતમ! એકએક અર્થાત્ દરેક વર્ષના બારબાર માસ કહેલ છે, હવે તેના ભેદો બતાવે છે. (तेसिं च दुविहा णामधेज्जा पण्णत्ता तं जहा लोइया लोउत्तरिया य) પૂર્વ પ્રતિપાદિત બાર સંખ્યાવાળા માસોના બે પ્રકારના નામો પ્રતિપાદિત કરેલ છે. જેમકે લોકોના વ્યવહારમાં આવનાર લૌકિકમાસ તથા વ્યવહારમાં અપ્રસિદ્ધ લોકોત્તરમાસ અર્થાત્ જે માસના નામો લોકવ્યવહારમાં પ્રસિદ્ધ ન હોય પરંતુ મહાનુભાવોના પ્રવચનમાં જ વ્યવહૃત હોય તે લોકોત્તર માસ કહેવાય છે.

હવે તેના અલગ અલગ નામો કહે છે–(तत्थ लोइया णामा सावणे भद्दवए आसोए य जाव आसाढे) આ રીતે લૌકિક અને લોકોત્તર રૂપથી બે ભેદોમાં લૌકિક નામો આ પ્રમાણે છે. શ્રાવણ, ભાદ્રપદ, આસો, કાર્તિક, માર્ગશીર્ષ, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ આ પ્રમાણે બાર માસ લોકવ્યવહારમાં પ્રસિદ્ધ છે.

હવે લોકોત્તર માસોના નામો પ્રતિપાદિત કરે છે. (लोकोत्तरिया णामा अभिणंदे, सुपइट्ठेय विजए पीतित्रड्ढणे सेज्जंसेय सिवेयायि सिसिरेवि य हेमवं ॥१॥ णवमे वसंतमासे दसमे कुसुमसंभवे। एकादसमे णिदाहो वणविरोही य बारसमे ॥२॥ લોકોત્તર જે લોકમાં અપ્રસિદ્ધ હોય અને કેવળ પ્રવચનમાંજ વ્યવહાર હોય એ માસોના ક્રમાનુસાર નામો આ

પ્રમાણે છે. પ્રથમ શ્રાવણમાસ રૂપ માસ અભિનંદ નામનો છે. બીજો ભાદરવાના સ્થાનમાં સુપ્રતિષ્ઠિત નામનો ચોથો માસ છે, આસોમાસના સ્થાને વિજય નામનો ત્રીજો માસ છે. કાર્તિક માસના સ્થાનેપ્રીતિવર્ધન નામનો ચોથો માસ છે. માગશર માસનાસ્થાનમાં પાંચમો માસ શ્રેયાન્ નામનો માસ છે, પોષમાસરૂપ છઠ્ઠોમાસ શિવ નામનો છે. માઘમાસના સ્થાનમાં સાતમો માસ શિશિર નામનો છે, આઠમા ફાગણ માસના સ્થાનમાં આઠમા માસનું નામ હૈમવાન્ પ્રતિપાદિત કરેલ છે, નવમા ચૈત્રમાસ રૂપ વસન્તમાસ પ્રજ્ઞપ્ત કરેલ છે. વૈશાખમાસના સ્થાનમાં દસમા માસનું નામ કુસુમસંભવ પ્રતિપાદિત કરેલ છે અગ્યારમા જેઠમાસરૂપ નિદાઘ નામનો માસ છે, બારમા અષાડ માસરૂપ વન-વિરોધિ નામનો માસ પ્રતિપાદિત કરેલ છે.

હવે આ લૌકિક અને લોકોત્તર બાર માસના નામો સૌને સરળતાથી સમજવામાં આવે એ રીતે કોઠારૂપે બતાવવામાં આવે છે.

| લૌકિક નામ | લોકોત્તર નામ | લૌકિક નામ | લોકોત્તર નામ |
|---|---|---|---|
| (૧) શ્રાવણમાસ | અભિનંદન | (૭) માઘ | શિશિર |
| (૨) ભાદરવા | સુપ્રતિષ્ઠ | (૮) ફાગણ | હૈમવાન્ |
| (૩) આસો | વિજય | (૯) ચૈત્ર | વસન્ત |
| (૪) કાર્તિક | પ્રીતિવર્ધન | (૧૦) વૈશાખ | કુસુમસંભવ |
| (૫) માગશર | શ્રેયાન્ | (૧૧) જેઠ | નિદાઘ |
| (૬) પોષ | શિવ | (૧૨) અષાઢ | વનવિરોધી ॥ સૂ. ૫૩ ॥ |

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજે રચેલ સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રની સૂર્યજ્ઞપ્તિપ્રકાશિકા ટીકામાં દસમા પ્રાભૃતનું ઓગણીસમું પ્રાભૃતપ્રાભૃત સમાપ્ત ।।૧૦-૧૯।।